ગોસ્વામી શ્રીવિટ્ઠલનાથ પ્રભુચરણ વિરચિત

વિદ્વન્મણ્ડન



પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

ગોસ્વામી શ્રીવિટ્ઠલનાથ પ્રભુચરણ વિરચિત

વિદ્વન્મણ્ડન

प्रकाशक : श्रीवल्लभाचार्य ट्रस्ट, માંડવી-કચ્છ

ગ્રન્થાનુક્રમણિકા

ગોસ્વામી શ્રીવિટ્ઠલનાથ પ્રભુચરણ વિરચિત વિદ્વન્મણ્ડન ગ્રન્થનો ગુજરાતી અનુવાદ

Contents

॥ પ્રકાશકીય ॥

વિદ્વન્મંડન:પ્રસ્તુત ગ્રન્થ

॥ પ્રસ્તાવના: ॥

॥ ઉપોદ્ઘાત ॥

મંગલાચરણ:

1. બ્રહ્મસ્વરૂપ વિષયમાં વિષયવાક્યોનું નિરૂપણ:

2. બ્રહ્મનું નિર્વિશેષત્વ પ્રતિપાદક વાક્યોનો વિચાર:

2. બ્રહ્મનું નિર્વિશેષત્વ પ્રતિપાદક વાક્યોનો વિચાર

3.બ્રહ્મના ઉપહિતકર્તૃત્વનું નિરાકરણ:

4.અધ્યારોપ-અપવાદનો વિચાર:

5.બધું અવિદ્યાકૃત છે તેનો વિમર્શ:

6.જીવસ્વરૂપના વિચારનો ઉપક્રમ; બિમ્બ-પ્રતિબિમ્બભાવનું ખંડન:

7.માયિક સિદ્ધાન્તની રીતે વૈધ પ્રવૃત્તિ સમ્ભવ નથી:

8.અન્ય પ્રકારે બિમ્બ-પ્રતિબિમ્બભાવનું ખંડન:

9.જીવની બ્રહ્માભાસતાનું ખંડન:

10.આવિર્ભાવ-તિરોભાવનું ખંડન :

11.આવિર્ભાવ-તિરોભાવનું લક્ષણ અને તેનું મંડન

12.'ભાવી' કંઈ રહેશે નહીં તેવી શંકાનો પરિહાર અને આવિર્ભાવ-તિરોભાવનું નિષ્કૃષ્ટ લક્ષણ :

13.સર્વ કંઈ સર્વકાલમાં ઉપલબ્ધ રહેશે તેવી આશંકાનો પરિહાર :

14.મહાવાક્યાર્થનું નિરૂપણ :

15.જગત્ આવિદ્યક નથી. બ્રહ્મ અકર્તા નથી.

16.જીવ-બ્રહ્મનો અભેદ નથી. બ્રહ્મનું કર્તૃત્વ ઉપાધિપ્રયુક્ત નથી.

17.જીવ બ્રહ્મનો અંશ: સિદ્ધાન્ત:અહીં કહીએ છીએ :

18.તાદાત્મ્ય સંબંધથી જીવ-બ્રહ્મનો અભેદ :

19.શ્રુતિ-સૂત્રો દ્વારા જીવ-બ્રહ્મના અભેદનું મંડન:

20.ભગવદિચ્છા હોવાથી એક કારણથી અનેક કાર્યો સમ્ભવ:
21.પરમાત્મામાં કૃતહાનિ અને અકૃતાભ્યાગમ પ્રયુક્ત દૂષણનો વિચાર :
22.પ્રવૃત્તિ તથા નિવૃત્તિ જીવના અદૃષ્ટસાપેક્ષ નહીં પરન્તુ ભગવાનની તેવી ક્રીડા કરવાની ઇચ્છાને કારણે જ :
23.ઔપચારિક-અંશત્વ અને તેનો નિરાસ:
24.વ્યુચ્ચરણને ઉત્પત્તિ ન જાણવી :
25.જીવના પ્રવેશ સંબંધે વિચાર:
26.જીવ અણુ નથી તેવો પૂર્વપક્ષ :
27.જીવ અણુ જ છે :
28. જીવના વ્યાપકત્વનું ખંડન, વિસર્પિ ગુણ હોવાથી જીવ અણુ જ.
29. 'ઉત્ક્રાન્તિ...' સૂત્ર વિષયક શાંકર મતનું ખંડન.
30. બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મોનો આશ્રય : શંકા-સામાધાન.
31. બ્રહ્મ નિર્વિશેષ હોવાથી તેનું વિરુદ્ધધર્માશ્રય હોવું અસમ્ભવ:
32.તદુભયલિઙ્ગાધિકરણ દ્વારા પૂર્વપક્ષનું નિરાકરણ :
33.બ્રહ્મનું સવિશેષત્વ જીવની અવિદ્યાકલ્પિત નહીં :
34.પરમતાભિમત ઉપાસના દોષયુક્ત:
35.બ્રહ્મ વિરુદ્ધધર્માશ્રય હોવા છતાં તેનું એકરસત્વ સમ્ભવ :
36.સવિશેષ શ્રુતિઓ ની બ્રહ્મપરતા કેવળ ઉપાસનાર્થ જ, તેનું ખંડન :
37. બ્રહ્મના ધર્મો અપ્રાકૃત :
38. બ્રહ્મના દર્શનાદિ સ્વેચ્છાથી જ, અન્યથા નહીં :
39.શ્રુતિપ્રમાણથી બ્રહ્મ વિરુદ્ધધર્માધાર, તેમાં લોકરીતિથી વિચારેલા દોષોનું નિરાકરણ :
40.વિશ્વરૂપાદિનું દર્શન માયિક નહીં :
41.બ્રહ્મ રસરૂપ હોવાથી કામાદિલીલા અનુકરણમાત્ર નથી :
41.બ્રહ્મ રસરૂપ હોવાથી કામાદિલીલા અનુકરણમાત્ર નથી
42. ઈશ્વરનું શરીર સ્વાભાવિક નથી એવા ન્યાયમતનું નિરાકરણ :
43. બ્રહ્મના ધર્મો બ્રહ્મથી ભિન્નાભિન્ન :
44. લીલાવિશિષ્ટ ભગવાનની નિત્યતા :
45. ભગવાનના નામો પણ નિત્ય અને લોકવિલક્ષણ :
46. લીલાની નિત્યતા પ્રતિપાદક પ્રમાણો :
47. ભગવાનના કર્મો પણ નિત્ય, તેમજ ભૂતકાળવાચી પદપ્રયોગનો ખુલાસો :
48. નિત્યલીલાધામો પણ નિત્ય :
49.લીલાઓ બધી નિત્ય પણ એનો આવિર્ભાવ ક્રમિક. નિત્યલીલાવાદનો ઉપસંહાર :
50. આધુનિક ભક્તોનું લીલાન્ત:પાતિત્વ :

51. યુક્તિઓ વડે લીલાની નિત્યતાનું પ્રતિપાદન :
52. સર્વને દૃશ્ય ગોકુલ-મથુરાદિ સ્થાનોનો લીલાસમ્બન્ધ :
53. પ્રભાસીય લીલા માયિકી, તેનું પ્રમાણબલથી નિરૂપણ :
54. પ્રભાસીય લીલા માયિકી તેનું યુક્તિબલથી નિરૂપણ :
55. પ્રભાસીયપ્રસંગમાં પ્રયોજાયેલા સન્દિગ્ધ વાક્યોનો તાત્પર્યાર્થ :
56. પ્રભાસીયલીલા સંબંધી યાદવો અને નિત્યલીલામધ્યપાતિ યાદવો ભિન્ન :
57. પ્રપઞ્ચાતીત લીલાની જેમ પ્રપઞ્ચ પણ સર્ગલીલામધ્યપાતિ હોવાથી નિત્ય જ:
58. ઉપસંહાર

ગોસ્વામી શ્રીપુરુષોત્તમચરણ વિરચિત ‘સુવર્ણસૂત્ર’
તથા
ગોસ્વામી શ્રીગિરિધરજી વિરચિત ‘હરિતોષિણી’
ટીકાઓના ભાવાર્થ સહિત.

અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી
પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,
કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત.
સમ્પાદક : શ્રીશરદ્ ગોસ્વામી, માંડવી-હાલોલ
વિક્રમ સંવત: 2077 ઇસ્વીસન: 2021

॥ પ્રકાશકીય ॥

ભગવત્કૃપાબળનો વિચાર ન કરીએ તો, એક વ્યક્તિ જો ધારીલે તો, વકીલ અને તે પછી ન્યાયાધીશ ની જવાબદારીભરી એકથી વધુ એક માનસિક તાણ અને વ્યસ્તતા વાળી વ્યાવૃત્તિ હોવા છતાં, સમ્પ્રદાયનું કેટલું કાર્ય કરી શકે તેનું જ્વલંત ઉદાહરણ છે: આ ગ્રન્થના અનુવાદક ગો.વા.શ્રીનાનુભાઈ.

એક દૃષ્ટિ તો કરો એમના અનુવાદ કાર્ય પર!

શ્રીભાગવત સુબોધિની અનુવાદ:

પ્રથમ સ્કધધ

દ્વિતીય સ્કધધ

તૃતીય સ્કધધ

જન્મપ્રકરણ

તામસ પ્રમાણ પ્રકરણ

તામસ પ્રમેય પ્રકરણ

યુગલગીત

સાત્વિક પ્રમેય પ્રકરણ

સાત્વિક સાધન પ્રકરણ

સાત્વિક ફલ પ્રકરણ

ગુણપ્રકરણ

એકાદશ સ્કધધ

શ્રીસુબોધરત્નાકર: શ્રસિુબોધિનીમાંની સૂક્તિઓનું સંકલન.

શ્રીભાગવતાર્થપ્રકરણ

શ્રીકૃષ્ણચરિત્ર : સમ્પૂર્ણ દશમસ્કધધનું રસાળ શૈલીમાં આલેખન.

ભગવદ્ગીતા : શ્રીવલ્લભજી વિરચિત 'બાલબોધિની' વિવૃતિના આશય વાળો અનુવાદ.

શ્રીગોકુલેશવાક્સુધા: ષોડશગ્રન્થ પરની શ્રીગોકુલનાથપ્રભુચરણ લિખિત વિવૃતિઓનો અનુવાદ.

ભક્તિપ્રકરણ: તત્ત્વદીપનિબન્ધના સર્વનિર્ણય પ્રકરણાના અવાન્તર પ્રકરણ: સાધન-ભક્તિ પ્રકરણનો અનુવાદ.

વિદ્વન્મંડન:પ્રસ્તુત ગ્રન્થ.

આ જોઈ મહાપ્રભુની "શ્રીકૃષ્ણાનુગ્રહરૂપા હિ પુષ્ટિ: કાલાદિબાધિકા" ઉક્તિનું અનાયાસ સ્મરણ થઈ જાય છે.

પાંત્રીસેક વર્ષ પહેલાં વિદ્વન્મંડન ગ્રન્થના અનુવાદની જુની-પુરાણી થોડી ફાટેલી પણ અક્ષરશ: વંચાયેલી પુસ્તક મારી નજરે પડી હતી. મેં એને ત્યાંથી લઈને, ક્યારેક છાપીશું એવું વિચારીને મારા સંગ્રહમાં લઈ તેને ટાઈપ પણ કરી રાખી હતી. પરન્તુ, હવેલી પંથના ખાડામાં સરી પડેલા પુષ્ટિમાર્ગમાં આ ગ્રન્થને નિજી સંગ્રહ કે પુસ્તકાલય માં સ્થાન કોણ આપશે? આ પ્રશ્નનો ઉત્તર મળતો ન હતો, તેથી આજ દિન સુધી તેને છાપવાનું સાહસ કર્યં ન હતું.

છેલ્લા કેટલાક વર્ષોથી શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, હાલોલ ના માધ્યમથી સ્વમાર્ગીય મૂળ ગ્રન્થોના તલસ્પર્શી અધ્યયન-અધ્યાપનની પ્રવૃત્તિને સારો એવો વેગ મળ્યો છે. આ જ કારણે ષોડશગ્રન્થ, નિબન્ધ, સુબોધિની, અણુભાષ્ય આદિ મૂળ ગ્રન્થો તેમજ તેમના અનુવાદ ની માંગ પણ ખુબ વધી છે. આ જોતાં, આ દુર્બોધ ગ્રન્થનું પુન: પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. મને વિશ્વાસ છે કે જિજ્ઞાસુ પાઠકો આનો લાભ અવશ્ય લેશે.

આ ગ્રન્થનું પ્રથમ સંસ્કરણ આજથી 108 વર્ષ પહેલાં, એટલેકે વિ.સં.1969 માં, ઓચ્છવલાલ ગોપાલદાસની કું., મુંબઈ ના સહયોગથી, અનુવાદકની દેખરેખ હેઠળ, 'શ્રીગોકુલેશગ્રન્થમાલા'ના ગ્રન્થાંક-1 તરીકે પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

આ ગ્રન્થમાં અનુવાદની સાથે મૂળ સંસ્કૃત ગ્રન્થને પણ છાપવાનો વિચાર પહેલાં તો આવ્યો હતો. પરન્તુ, પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-પાર્લા) એ થોડા સમય પહેલાં જ સંસ્કૃત ભાષામાં મૂળ વિદ્વન્મંડનનું પુન: પ્રકાશન કર્યું છે. તેમાં પૂર્વસમ્પાદકે વિષયાનુસાર પેરેગ્રાફના શીર્ષક અને તેના ક્રમાંક આપેલા છે. તેથી, આ અનુવાદમાં મૂળ સંસ્કૃતગ્રન્થ ન છાપી, મૂળ ગ્રન્થમાં આપેલ શીર્ષક અને તેના ક્રમાંક જે-તે સ્થળે આપી દીધા છે. વિશેષમાં, શ્રીનાનુભાઈએ ગ્રન્થમાં ઉદ્ધૃત શાસ્ત્રવચનોના આકરસ્થળો આપ્યા ન હતા તે નવેસરથી શોધીને જ-તે સ્થળે ઉમેર્યા છે. તે સિવાય ગ્રન્થને યથાવત્ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

ગ્રન્થના સમ્બન્ધમાં તો શ્રીનાનુભાઈએ સ્વયં આની પ્રસ્તાવનામાં અને ભૂમિકામાં ઘણું બધું લખ્યું છે, તેથી એ બાબત વિશેષ કંઈ કથ્ય રહેતું નથી. અન્તે, શ્રીનાનુભાઈ લિખિત પુષ્ટિમાર્ગીય સાહિત્યને પુન: પ્રકાશિત કરવાનો અવસર શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી ને પ્રાપ્ત થયો એને પણ આ સંસ્થા પર પ્રભુની કૃપા જ હું માનું છું.

એકલે હાથે કોઈ કાર્ય સમ્પન્ન થતું નથી. આ ગ્રન્થને પ્રેસમાં મોકલવા લાયક તૈયાર કરવાનું તેમજ છપાવવાનું કાર્ય શ્રીપીયૂષ ગોંધીયા તથા શ્રીપ્રવીણભાઈ એ કર્યું છે જે આ પ્રસંગે અવિસ્મરણીય છે.

વસન્ત પંચમી શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ દ્વારા

શ્રીવલ્લભાબ્દ 542;વિક્રમસંવત 2077 શરદ્ ગોસ્વામી

॥ પ્રસ્તાવના: ॥

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી (અનુવાદક)

ભગવત્પ્રિય વૈષ્ણવો!

શ્રીમત્પ્રભુચરણ વિરચિત વિદ્વન્મણ્ડન ગ્રન્થનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનો મેં આ પ્રથમ પ્રયાસ કરેલો છે. વિદ્વન્મણ્ડન શ્રીમત્પ્રભુચરણ વિરચિત ઉત્તમ તત્ત્વવિદ્યાનો વાદગ્રન્થ છે, અતિકઠિન છે. તેથી જે કાંઈ દોષ જોવામાં આવે તેને માટે ક્ષમા કરી લખી જણાવશો તો કૃપા થશે.

વિદ્વન્મણ્ડન ગ્રન્થ સંસ્કૃતમાં પ્રસિદ્ધ થઈ ચુક્યો છે. સુવર્ણસૂત્ર સહિત બનારસ સંસ્કૃત સીરીઝમાં પ્રસિદ્ધ થઈ ચુક્યો છે. તથાપિ આપણા ગુર્જર બન્ધુઓ સંસ્કૃત જાણતા ન હોય તેઓને માટે આ ગુજરાતી ભાષાન્તર કરેલું છે. ગ્રન્થ કઠિન હોવાથી કેવલ ભાષાન્તરથી સમજ ન પડે તે માટે વિવેચન પણ નીચે કરેલું છે. માત્ર વિવેચન વાંચવાથી પણ સર્વ ગ્રન્થનું જ્ઞાન થઈ શકે એવા હેતુથી વિવેચનમાં સર્વ ગ્રન્થનો પ્રાયશ: સમાવેશ કરેલો છે.

1907 માર્ચ, માસમાં પ્રથમ મારા મિત્ર ભગવચ્છાસ્ત્રનિષ્ણાત મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી, એમ.એ. એ મને વિદ્વન્મણ્ડન ગ્રન્થની હરિતોષિણી ટીકાવાળી હસ્તલિખિત પ્રત આપેલી, તે વાંચવાથી અતિશય આનન્દ ઉત્પન્ન થવાથી આ ગ્રન્થનો લાભ સર્વ વૈષ્ણવવર્ગ લઈ શકે એવા હેતુથી ભાષાન્તર કરવાનો વિચાર થએલો. કેવલ ભાષાન્તરથી હેતુ સિદ્ધ થશે નહિ એમ લાગવાથી વિવેચન કર્યું. આ ભાષાન્તર તથા વિવેચન અથવા કેવલ વિવેચન ખન્તથી વાંચવાથી વૈષ્ણવો સર્વ ગ્રન્થ સમજી શકશે એવી માન્યતા છે. ગ્રન્થ કઠિન હોવાથી તેનું અધ્યયન કરવામાં ધૈર્યની આવશ્યક્તા રહેશે.

વિવેચન લખવામાં દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજીમહારાજ વિરચિત 'સુવર્ણસૂત્ર' તથા શ્રીગિરિધરજીમહારાજ વિરચિત 'હરિતોષિણી' ટીકાઓનો આશય લીધેલો છે. હરિતોષિણી ટીકા સહિત વિદ્વન્મણ્ડનની હસ્તલિખિત શુદ્ધ પ્રત આપવા માટે ઉપર કહેલા મારા મિત્ર મગનલાલનો અન્ત:કરણપૂર્વક આભાર માનું છું. તેમણે મને ભાષાન્તર તથા વિવેચન સાથે મૂલ સંસ્કૃત પ્રસિદ્ધ કરવાની સૂચના કરી, પરન્તુ સુવર્ણસૂત્ર સહિત મૂલ ગ્રન્થ પ્રસિદ્ધ થએલો હોવાથી મૂલ ગ્રન્થનો સમાવેશ અહીં કરેલો નથી. પરન્તુ મારા તે મિત્ર પોતે જ મૂલ ગ્રન્થ ત્રણ સંસ્કૃત ટીકાઓ સહિત અલ્પ સમયમાં છપાવનાર છે અને તેનો કેટલોક ભાગ છપાઈ પણ ગયો છે તેથી અહીં સંસ્કૃત મૂલ ગ્રન્થનો સમાવેશ કર્યો નથી.

આ ભાષાન્તર વિવેચન સહિત 1911 ના નવેમ્બર માસમાં સમ્પૂર્ણ કરેલું અને 'પુષ્ટિભક્તિસુધા'માં ક્રમશ: છપાવવા માંડેલું, પરન્તુ તેમાં ભાષાન્તર અને તેની સાથે જ તેની નીચે તેનું વિવેચન છપાઈ શકાતું નહિ તેથી વાચકને વિશેષ શ્રમ પડે અને વિશેષ ધૈર્યની આવશ્યક્તા રહે તેમ હોવાથી સ્વતન્ત્રતાથી પ્રસિદ્ધ કરવાનો વિચાર થયો. મારા મિત્ર

રા.રા.ઉત્સવલાલ સાંકળચન્દ પરીખે ઉપોદ્ઘાતમાટે શ્રીમત્પ્રભુચરણના જીવનવૃતાન્તની હકીકત 'કલ્લોલ'માંથી ઉતારી મને પુરી પાડી છે તેને માટે તેમનો પણ આભાર માનું છું. તેમણે મધુપુરીનિવાસી ગોસ્વામિ શ્રીમદ્રમણલાલજી મહારજની આ અનુવાદ પ્રસિદ્ધ કરવા આજ્ઞા મગાવી આપી તથા પોતાની પેઢી તરફથી દ્રવ્યનું સહાય આપવાનું પોતાને શિરે રાખ્યું; તેથી આ ગ્રન્થ હવે પ્રસિદ્ધ થઈ આપ વિદ્વાન્ વૈષ્ણવવર્ગની સમક્ષ પોતાના ગુણદોષનો નિર્ણય થવા તથા આપ અન્ય ભાવિક વૈષ્ણવર્ગ સમક્ષ તેમને શ્રીમત્પ્રભુચરણે પ્રતિપાદન કરેલા સિદ્ધાન્તો સમજાવવા અથવા તેમનું સ્મરણ કરાવવા બહાર પડે છે. તેથી:

વરીવર્તિ શ્રદ્ધા શ્રુતિષુ યદિ વા વ્યાસવચને।
તથા વિદ્વાંસોઽસ્મદ્ વિરચિતમ્ ઇદં મણ્ડનવરમ્॥
યથોક્તં કણ્ઠે વા શુકવદ્ અથવાર્થં ચ હૃદયે।
મુદા કૃત્વાયત્તં ધુનુત રિપુપક્ષાભિધતમ:॥

હે વિદ્વાનો! શ્રુતિમાં અથવા વ્યાસવચનમાં જો શ્રદ્ધા સારી હોય તો મારું રચેલું આ સુન્દર મણ્ડન જેમ કહ્યું છે તેમે શુક પેઠે કણ્ઠમાં અથવા અર્થને હૃદયમાં આનન્દથી ધારણ કરી રિપુપક્ષ નામનું ગાઢ તમ: દૂર કરો.

મોરબી, અનુવાદક :
શ્રીકૃષ્ણ જયન્તી. સંવત્ 1969. નાનુલાલ ગાંધી

॥ ઉપોદ્ઘાત ॥

શ્રીમત્પ્રભુચરણ વિરચિત ગ્રન્થો.

શ્રીમત્પ્રભુચરણે અનેક ગ્રન્થો રચી વૈષ્ણવોપર અતિશય કૃપા કરી છે, તેમાં શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક, સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતસ્તોત્ર, યમુનાષ્ટપદી, ભુજંગપ્રયાતાષ્ટક, શ્રીગોકુલેશાષ્ટક, લલિતત્રિભંગસ્તોત્ર, શ્રીસ્વામિનીસ્તોત્ર, શ્રીસ્વામિન્યષ્ટક વિગેરે સ્તોત્ર છે. પર્યંક, રાજભોગાર્તિકાર્યા, સન્ધ્યાર્તિકાર્યા, શયનાર્તિકાર્યા વિગેરે સેવોપયોગી ગ્રન્થો છે.

અષ્ટાક્ષરનિરૂપણ એ અષ્ટાક્ષર મન્ત્રનું પદમાં વ્યાખ્યાન કરેલું છે. તે સિવાય સિદ્ધાન્તરહસ્ય, સિદ્ધાન્તમુક્તાવલી, શ્રીયમુનાષ્ટક વિગેરે શ્રીમદાચાર્યચરણના ગ્રન્થરત્નોપર વિવૃત્તિઓ કરેલી છે. રસસર્વસ્વ, શૃંગારરસમણ્ડન, વ્રતચર્યા, સ્વપ્નદર્શન, પ્રબોધ, ગુપ્તરસ, વિજ્ઞપ્તિઓ વિગેરે અનેક ગ્રન્થો રચેલા છે. ભક્તિહંસ, ભક્તિહેતુ અને ભક્તિનું પ્રતિપાદન કરનાર ગ્રન્થો રચેલા છે. વિદ્વન્મણ્ડન ઉત્તમ સ્વતન્ત્ર વાદગ્રન્થ રચેલો છે. શ્રીમદણુભાષ્યનો પણ પાછળનો કેટલોક ભાગ શ્રીમત્પ્રભુચરણે લખેલો છે. શ્રીસુબોધિનીજીનો ભાવાર્થ દર્શાવવા સ્થળે-સ્થળે ટિપ્પણીજી લખેલાં છે. આવાં અનેક ઉત્તમ ગ્રન્થો લખી, વૈષ્ણવસમૂહને અમૂલ્ય લાભ શ્રીમત્પ્રભુચરણે આપેલો છે અને તેઓના પર નિરતિશય કૃપા કરેલી છે. શ્રીમદાચાર્યચરણે પ્રકટ કરેલા પુષ્ટિમાર્ગને આ પ્રમાણે શ્રીમત્પ્રભુચરણે દૃઢ કર્યો.

વિદ્વન્મણ્ડન:

શ્રીમત્પ્રભુચરણ વિરચિત ગ્રન્થોમાં વિદ્વન્મણ્ડન ગ્રન્થ અતિકઠિન છે. વિદ્વન્મણ્ડનમાં શ્રીમત્પ્રભુચરણનું સર્વ પ્રકારનું કૌશલ્ય પદે-પદે દૃશ્યમાન થાય છે. એ સ્વતન્ત્ર ઉત્તમ વાદગ્રન્થ છે. શંકરાચાર્યના કેવલાદ્વૈત સિદ્ધાન્તનું તથા નૈયાયિકોના અભાવ પદાર્થનું અને ઘટકર્તા કુલાલ પેઠે ઈશ્વર જગતનું માત્ર નિમિત્તકારણ છે એ સિદ્ધાન્તનું એમાં ચૂર્ણશ: ખંડન કરી શુદ્ધાદ્વૈતના ઉત્તમ સરલ સિદ્ધાન્તોનું પ્રતિપાદન ઘણી જ નિપુણતાથી કરેલું છે. ગ્રન્થનો પ્રારમ્ભ કરવાની રીતિ પણ ઘણી ઉત્તમ અને ચમત્કારિક છે. સર્વ વાદીઓના વાદનું મુખ્ય કારણ બ્રહ્મનું સ્વરૂપ છે એ પોતાની અગાધ બુદ્ધિથી જાણી, બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ ઉત્તમ પ્રકારે કરેલું છે. આ ગ્રન્થમાં શ્રુતિઓ, બ્રહ્મસૂત્ર, શ્રીમદ્ભગવદ્ગીતા તથા શ્રીમદ્ભાગવત ના પ્રમાણો સ્થળે-સ્થળે આપેલા છે, અને ખરે! પ્રારમ્ભમાં "શ્રુતિ સૂત્ર વિગેરે રૂપી મણિઓથી જડેલું, યુક્તિરૂપી મોતીઓથી ગ્રથેલું વિદ્વન્મણ્ડન" રચવાની જેવી શ્રીમત્પ્રભુચરણે પ્રતિજ્ઞા કરી છે તે જ પ્રમાણે આ વિદ્વન્મણ્ડન શ્રુતિ સૂત્રરૂપી મણિઓથી જડેલું અને યુક્તિરૂપી મોતીઓથી ગ્રથેલું વિદ્વાનોનું ભૂષણ જ છે. તેમાં સ્થળે-સ્થળે આ મણિઓ અને મોતીઓ ઝળકી રહેલાં છે. જેમ ઉત્તમ નગરશેઠના અમૂલ્ય ભૂષણ અન્ય ધનવાનોના ભૂષણોથી અધિક-અધિક પ્રકાશી તેમને ઝાંખા પાડે છે તેમ આ ઉત્તમ તત્ત્વજ્ઞ શ્રીમત્પ્રભુચરણનું અમૂલ્ય વિદ્વન્મણ્ડન આ મણિઓ તથા મોતીઓ થી પ્રકાશી વાદીઓને નિસ્તેજ કરે છે. જેમ ઉત્તમ નગરશેઠ પોતાના અમૂલ્ય ભૂષણોથી સભામાં તરત જ ઓળખાય છે. તેમ વિદ્વન્મણ્ડન

ધારણ કરનાર ઉત્તમ વિદ્વાન્ આ અમૂલ્ય ભૂષણથી પણ્ડિતોની સભામાં તરત જ પ્રકાશી રહે છે.

લેખનપદ્ધતિ:

વિદ્વન્મણ્ડન ગ્રન્થનો વિષય જેવો ઉત્તમ છે તેવી જ શ્રીમત્પ્રભુચરણની લેખનપદ્ધતિ પણ ઘણી ઉત્તમ છે. આ વાદગ્રન્થ છે એમ પ્રથમ કહી ચુક્યા છીએ. વાદીઓની સભામાં એકસરખી રીતે વાદ થતો નથી, પરન્તુ કોઈ વાર પ્રતિપક્ષીને પ્રશ્ન પૂછવામાં આવે છે, કોઈ વાર તેનો પ્રશ્ન સારો હોય તો ગમ્ભીરતાથી તેનો ઉત્તર આપવામાં આવે છે, કોઈ વાર તેનો પ્રશ્ન મૂર્ખાઈ ભરેલો હોય તો તેની હાંસી કરવામાં આવે છે, તેને અનુકૂલ જ ભાષા પણ આ ગ્રન્થમાં છે. કોઈવાર ગમ્ભીરતાથી ઉત્તર આપવાનો હોય તો ગમ્ભીર એકસરખાં વાક્યો યોજેલાં છે, કોઈ વાર પ્રતિપક્ષીની મૂર્ખતા દૃશ્યમાન થતી હોય ત્યાં નાનાં-નાનાં વાક્યોથી તેની મૂર્ખાઈ દર્શાવી તેનો પ્રશ્ન ઉત્તરને યોગ્ય નથી એમ કહેલું અથવા સૂચવેલું છે. કોઈ-કોઈ સ્થળે વાક્યો એવાં સારાં અને મધુર યોજેલાં છે કે એ વાક્યોનું પુન:-પુન: પઠન કરવાની ઇચ્છા થાય છે, અને વારંવાર તેનું સ્મરણ કરી આનન્દ પ્રાપ્ત કરવાની અભિલાષા થાય છે.

"ચિરકાલોપ્ત-સમુદિત-પ્રાચીનનિરતિશય-કૃપાફલસારનિરુપધિ-નિજચરણ-કમલાનુરાગ-વિલાસાભિલાષબીજાસુ તતો નિજપરિજન-નિરોધત: પ્રિયાવલોકન-નિમિત્તં કૃતપ્રતિક્ષણવિવિધ-વ્યાજજનિત-ગતાગત-કર્ષિતાસુ, તતો દિવા પ્રિયવનગમન-જનિત-વિરહ-તરણિ-તાપ-તપ્યમાનાન્ત:કરણ-કેદારાસુ, તતો નિશામુખે પ્રિયાગમન-સમ્પન્નેષ્ટાવલોકન-સેચન-જનિત-હસિતવલિત-વિવશતરલ-રુચિર-વિલોચન-યુગલ-વિહિત-વિવિધ-નિરવધિરસ-ભાવાંકુરાસુ, તતો અતિવિપુલ-કલિન્દજાપુલિન-નભોવલયગત-નિજમુરલિકા-કલનિનદ-ગર્જિતાનન્દિતાસ્વેવ કાસુચિદ્ભૂમિષુ શ્રીમન્નન્દકુમારો નવજલદો નિજાનન્દસુધાં વવર્ષ ઇત તથૈવ સર્વત્ર વર્ષિષ્યતિ ઇતિ ન જ્ઞાતું શક્યતે." (પૃ. 106-107)

આ વાક્યમાં ગોપિકાઓને ભૂમિ સાથે સરખાવી કેવું ઉત્તમ મનોહર વર્ણન કરેલું છે! કેવા યોગ્ય સુન્દર શબ્દો પસન્દ કરેલા છે. આ વાક્યનો પાઠ વારંવાર કરવાનું કોને મન નહિ થાય? અહીં પણ રૂપક અલંકાર છે. "વત્સ! ન વેત્સિ કિં યુક્તિ-કનકપંકસંઘટ્ટિત-વિવિધનિગમ-મહામણિ-વિરચિત-બ્રહ્મવાદ-ભવનં મમ" વાક્યમાં બ્રહ્મવાદનું ઉત્તમ ભવન સાથે કેવી સુન્દર રીતિથી સામ્ય દર્શાવેલું છે! પ્રતિપક્ષી સર્વ મતને જીર્ણ તૃણથી છવાઈ રહેલા ઝુંપડાઓ સાથે સરખાવી બ્રહ્મવાદરૂપી ભવન પણ એવા પ્રકારનું હોવાથી તેને પણ દહનની ભીતિ છે એમ સૂચના કરે છે, તેના ઉત્તરમાં બ્રહ્મવાદ એવું તૃણથી છવાઈ રહેલું ઝુપડું નથી, પરન્તુ યુક્તિરૂપા કનકપંકથી જોડેલા નિગમરૂપી મહામણિઓથી ચણેલું ઉત્તમ ભવન છે તેથી તેને દહનની અલ્પ પણ ભીતિ નથી એમ કહે છે. આ સ્થળે કેવા સુન્દર યોગ્ય શબ્દોથી બ્રહ્મવાદનું અગ્નિથી બળે નહિ તેવા સુન્દર ભવન સાથે સામ્ય દર્શાવેલું છે! અહીં પણ રૂપક અલંકાર છે. અનેક સ્થળે આ પ્રમાણે સુન્દર યોગ્ય શબ્દોથી રમણીય મધુર વાક્યો યોજેલાં

છે. મધુર ભાષાથી સર્વ ગ્રન્થ છવાઈ રહેલો છે. આ ગ્રન્થનો વિષય કઠિન છે તો પણ પોતાની રમણીય મનોહર ભાષાથી શ્રીમત્પ્રભુચરણે તેના વિષયને વિશેષ દીપાવ્યો છે.

બુદ્ધિ:

આ ગ્રન્થ વાંચવાથી શ્રીમત્પ્રભુચરણની અપરિમિત બુદ્ધિનો પણ વિચાર વાચકને તરત જ આવે છે. સ્થળે-સ્થળે ચમત્કારિક બુદ્ધિનું ભાન કરાવનાર ઉત્તમ હેતુઓ શ્રીમત્પ્રભુચરણે યોજેલાં છે. એટલું જ નહિ પરન્તુ ઋગ્વેદના થોડા મન્ત્રનું શ્રીમત્પ્રભુચરણે વ્યાખ્યાન કર્યું છે તેથી પણ તેઓશ્રીની બુદ્ધિનું આપણને ભાન થાય છે. એ પ્રમાણે આ ગ્રન્થમાં વાદી તરીકે તેમજ વ્યાખ્યાન કર્તા તરીકે શ્રીમત્પ્રભુચરણે પોતાનું અપરિમિત કૌશલ્ય તથા દિવ્ય બુદ્ધિ પ્રદર્શિત કરેલાં છે. "બ્રહ્મરૂપરહિત હોવાથી અને પ્રતિબિમ્બનો આશ્રય અજ્ઞાન અસ્વચ્છ હોવાથી ક્યાં કોનો પ્રતિબિમ્બ પડે? નહિ તો વાયુ અને કાષ્ઠ(અનુક્રમે) બિમ્બ અને પ્રતિબિમ્બાશ્રય થાય" અત્ર પ્રતિબિમ્બવાદના ખણ્ડનમાટે કેવી સુન્દર યુક્તિ દર્શાવેલી છે! પ્રતિબિમ્બનો સમ્ભવ જ નથી એમ પોતાની અગાધ બુદ્ધિથી કેવી સુન્દર યુક્તિ શોધી દર્શાવેલું છે! વસ્તુત: પ્રતિબિમ્બવાદી અહીં જ નિરુત્તર થાય છે, પરન્તુ "ડૂબતો માણસ તણખલાને બાજે" તેમ નજીવી તકરાર પોતાનો મત સમર્થન કરવા આગળ કરે છે, તેનું પણ પછી ખણ્ડન કરેલું છે. એ પ્રમાણે સ્થળે-સ્થળે સુન્દર યુક્તિઓથી પ્રતિપક્ષીઓના મતનું ખણ્ડન કરેલું છે, અને આ વિદ્વન્મણ્ડનને સર્વત: યુક્તિરૂપી મોતીઓથી ગ્રથેલું છે.

ઋગ્વેદના મન્ત્રના વ્યાખ્યાનમાં પણ શ્રીમત્પ્રભુચરણે પોતાની અગાધ દિવ્ય બુદ્ધિનું આપણને દર્શન કરાવેલું છે. વિષ્ણુસૂક્તના "તા વાં વાસ્તૂન્યુષ્મસિ" (પૃ. 192) મન્ત્રનું કેવું સુન્દર વ્યાખ્યાન કરેલું છે! શ્રીગોકુલનું આ મન્ત્રથી કેવી સુન્દર રીતે પ્રતિપાદન કરેલું છે. નિરૂક્તમાં યાસ્કાચાર્યે આ મન્ત્રનું સૂર્યપરત્વે વ્યાખ્યાન કરેલું છે અને અહીં શ્રીગોકુલ પરત્વે વ્યાખ્યાન કેમ કર્યું? તેનો પણ ઉત્તર શ્રીમત્પ્રભુચરણે આપેલો છે. અગાધ દિવ્ય બુદ્ધિ વિના કોઈ આ મન્ત્રનું આવું વ્યાખ્યાન કરી શકે નહિ. તેજ પ્રમાણે "વિષ્ણો: કર્માણિ પશ્યત..." મન્ત્રનું પણ કેવું સુન્દર વ્યાખ્યાન કરેલું છે! "દિવીવ ચક્ષુરાતતમ્" નું વ્યાખ્યાન કેટલી રીતે કરેલું છે! શ્રીગોકુલનું અલૌકિકત્વ કેવી સુન્દરતાથી ચમત્કારિક રીતે સિદ્ધ કર્યું છે! તેવી જ રીતે "જજ્ઞાન એવ વ્યબાધત..." મન્ત્રનું વ્યાખ્યાન કરી શ્રીકૃષ્ણે જે લીલાઓ કરી તે દર્શાવી છે. આ મન્ત્રનું વ્યાખ્યાન પણ પોતાની અપરિમિત દિવ્ય બુદ્ધિથી સુન્દર કરેલું છે. શ્રીમત્પ્રભુચરણે આ ગ્રન્થમાં સુન્દર યુક્તિઓથી વાદમાં પોતાનું કૌશલ્ય દર્શાવ્યું છે તેવું જ મન્ત્રના વ્યાખ્યાનોમાં પણ દર્શાવેલું છે. ભગવાન્ની નિત્ય લીલા સિદ્ધ કરવામાં પણ પોતાની દિવ્ય અગાધ બુદ્ધિનું આપણને દર્શન કરાવ્યું છે. ઋગ્વેદના મન્ત્ર, શ્રીમદ્ભાગવતના વાક્યો વગેરેથી ભગવાન્ની સર્વ લીલા નિત્ય છે તેમ દર્શાવ્યું છે. ભગવાન્ની આસુરવ્યામોહ લીલા માયિક અસત્ય છે તેમ પણ સિદ્ધ કરેલું છે. આ ગ્રન્થ વાંચનાર વૈષ્ણવોને તો શું પરન્તુ અન્ય ધર્મના કોઈ પણ નિષ્પક્ષપાતી પુરુષને શ્રીમત્પ્રભુચરણની અગાધ દિવ્ય બુદ્ધિ વિષે કાંઈ પણ સન્દેહ રહેશે નહિ.

દૃષ્ટાન્ત:

આ ગ્રન્થ કઠિન છે એમ પ્રથમ કહેલું છે. પરન્તુ આ ગ્રન્થમાં સ્થળે-સ્થળે યોગ્ય દૃષ્ટાન્તો આપી શ્રીમત્પ્રભુચરણે તેને રસિક કરેલો છે. ઉત્તમ યોગ્ય સચોટ દૃષ્ટાન્તથી ગ્રન્થ કઠિન હોવા છતાં તેનું અધ્યયન કરવામાં આનન્દ થાય છે. કાર્ય તુચ્છ હોવા છતાં તેનું કારણ સત્ય હોઈ શકે છે એમ દર્શાવવા માયાવી નટનું સુન્દર દૃષ્ટાન્ત આપેલું છે. માયાવી નટ પોતાના મન્ત્રના સામર્થ્યથી કદમ્બ વિગેરે દર્શાવે છે. અહીં કદમ્બ વિગેરે અસત્ છે, પરન્તુ મન્ત્ર અને મન્ત્રસામર્થ્ય અસત્ નથી. તેથી પ્રપઞ્ચ મિથ્યા હોય તો પણ તેને દર્શાવનારી માયા અસત્ હોઈ શકે નહિ. આ માયાવી નટના સુન્દર દૃષ્ટાન્તથી પ્રતિપક્ષીનો મત અયોગ્ય છે એમ આપણને સત્વરે જણાઈ આવે છે.

વેદ પ્રપઞ્ચમધ્યપાતી હોવાથી પ્રપઞ્ચ પેઠે અસત્ય હોય તો કોઈ વૈદિક વિધિથી પ્રવૃત્તિ કરે નહિ એમ દર્શાવવા પ્રતિબિમ્બિત આમ્રતરુના ફલ લેવા કોઈની પ્રવૃત્તિ થતી નથી એવું દૃષ્ટાન્ત આપેલું છે. આ સુન્દર દૃષ્ટાન્તથી વેદ સત્ય છે મિથ્યા નથી, એવું સર્વને સહેલાઈથી ભાન થાય છે. કઠિન વિષયનું પણ જ્ઞાન સહેલાઈથી વાચકને થાય એવા હેતુથી સ્થળે-સ્થળે આવા સુન્દર દૃષ્ટાન્તો શ્રીમત્પ્રભુચરણે આપેલાં છે.

રસિકતા:

શ્રીમત્પ્રભુચરણ બહુ રસિક હતા. આ ગ્રન્થને પણ તેઓશ્રીએ રસિક કરેલો છે. સ્થળે-સ્થળે રસિકતા જોવામાં આવે છે. "એમ કરવાથી શૂન્યવાદ થાય, એમ વૃશ્ચિકની ભીતિથી પલાયન કરતાં ઝેરી સર્પના મુખમાં પાત થશે" "ખરે તારી વાણી સારી છે કે તારી (લીલાની) નિત્યતાનું શ્રવણ કરવાની ઇચ્છા પણ દર્શાવે છે" સ્થળે રસિકતા દેખાય છે. કોઈ-કોઈ સ્થળે ઘણી જ રસિકતા દેખાઈ આવે છે. "ગંગાતરંગના સંગવાળા કમલના પરાગથી ધૂસરિત અનિલના સુખની ભીતિથી જનતા સમક્ષ સ્વકીય વૈરાગ્ય દર્શાવવા પલાયન કરનાર માયાવાદીના કુહકથી ખિન્ન થયેલાનો શુકરગર્તમાં નિપાત થાય છે." આ વાક્ય કેવું રસિક છે! અત્ર માયાવાદીની ગૌરવભીતિને કેવી સુન્દરતાથી હાસ્યાસ્પદ ગણી કાઢી છે! "અહો સ્વપ્નપ્રતીત સૂર્યકિરણના તાપથી તપી ગએલા અને પછી ઉઠી જાગરિતદશા દૃષ્ટ મરૂમરીચિજલધિના વીચિવિભ્રમવડે તેના ઉપશમના અભિમાનથી સુખિતાનું અભિમાન કરનાર મિથ્યાવાદીની મૂઢતા!" અત્ર 'અસતી' 'અવિદ્યા' અસત્ પદાર્થોનો પ્રત્યય કરાવે છે એ માયાવાદીના સિદ્ધાન્તનો અસમ્ભવ રસિકતાથી દર્શાવેલો છે. "અહો બહુબોલાની ગૌરવભીતિ" વિગેરે સ્થળે શ્રીમત્પ્રભુચરણે રસિકતા દર્શાવેલી છે. "હન્ત એમ શશનો પણ નિજ શૃંગના ભંગની ભીતિથી તનૂદર ક્ધદરામાં પ્રવેશ થશે નહિ" વિગેરે સ્થળે શ્રીમત્પ્રભુચરણે પ્રતિપક્ષીની મૂર્ખતા અથવા ચુક દર્શાવતા સુન્દર મનોહર વાક્યોથી આ ગ્રન્થને રસીક કરેલો છે.

વિષય:

આ જગત્માં વિવિધ પ્રકારના દુ:ખથી પીડાતા જનસમૂહના મોક્ષમાટે શ્રુતિ-સ્મૃતિ વિગેરેમાં બ્રહ્મના શ્રવણ મનન નિદિધ્યાસનનું પ્રતિપાદન કરેલું છે. પરન્તુ બ્રહ્મનું સવિશેષ અને નિર્વિશેષ તરીકે ઉભય રીતે વર્ણન કરેલું હોવાથી તે સવિશેષ છે કે નિર્વિશેષ એવો સંશય રહે છે. અત્ર માયાવાદીઓ બ્રહ્મ નિર્વિશેષ છે એમ માને છે. નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનું નિર્વાહક છે, કારણ કે બ્રહ્મસ્વરૂપ ન હોય તો વિશેષો ક્યાં રહે? તેથી સવિશેષ બ્રહ્મ હોઈ જ શકે નહિ. વળી બ્રહ્મમાં ધર્મનું નિરૂપણ કર્યું છે તે માત્ર સોપાધિ બ્રહ્મનું જ્ઞાન થાય ત્યારે ચિત્ત-શુદ્ધિ થવાથી ભવિષ્યમાં નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થાય એ હેતુથી જ કરેલું છે, પરન્તુ વસ્તુત: બ્રહ્મ નિર્વિશેષ નથી. તેથી સવિશેષશ્રુતિઓ સોપાધિબ્રહ્મ પરત્વે છે. વળી નિર્વિશેષ બ્રહ્મ સવિશેષનું અન્તરંગ હોવાથી મુખ્ય છે. તેથી બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ માયાવાદીઓ પૂર્વપક્ષ કરે છે.

અત્ર શ્રીમત્પ્રભુચરણ ઉત્તર આપે છે કે સવિશેષ અને નિર્વિશેષ એવાં બે બ્રહ્મ નથી. સુવિશેષ અને નિર્વિશેષ ઉભય એક જ છે. જો તેઓમાં ભેદ હોય તો તાત્ત્વિક અર્થાત્ સત્યભેદ હોઈ શકે નહિ, કારણ કે જો તેવો એ બેમાં ભેદ હોય તો "સર્વત્ર પ્રસિદ્ધોપદેશાત્" અર્થાત્ વેદાન્તમાં સર્વત્ર પ્રસિદ્ધ એક જ બ્રહ્મનો ઉપાસ્ય તરીકે ઉપદેશ કરેલો છે એ અધિકરણનો વિરોધ થાય. વળી નિર્વિશેષ અને સવિશેષ બ્રહ્મમાં જો તાત્ત્વિક ભેદ હોય તો નિર્વિશેષ બ્રહ્મ અને જીવ અત્યન્ત ભિન્ન હોવા જોઈએ; પરન્તુ તેમ તમે- માયાવાદી જ માનતા નથી. તેથી તાત્ત્વિકભેદ નથી. અતાત્ત્વિક અર્થાત્ ઉપાધિથી થએલો ભેદ પણ સમ્ભવતો નથી, કારણ કે ઉપાધિ જ સમ્ભવતી નથી. અવિદ્યા ઉપાધિ છે ને તે અનાદિ છે એમ કહેવાય નહિ કારણ કે એમ હોય તો સોપાધિ બ્રહ્મ નિરન્તર ઉપાધિવાળું હોવાથી અને જગત્કર્તૃ હોવાથી નિરન્તર જગત્ કર્યા જ કરે, પરન્તુ તેનો લય સમ્ભવે નહિ. સાઙ્ખ્ય મત પ્રમાણે ગુણને પણ ઉપાધિ કહેવાય નહિ, કારણ કે સત્વ, રજ: અને તમ: એ ત્રણ ગુણમાંથી પ્રથમ સત્ત્વ, પછી રજ:, પછી તમ: ગુણનું આધિક્ય થવાનું કારણ પણ ઈશ્વરેચ્છા વિના અન્ય કહી શકાય નહિ. જ્યારે આ પ્રમાણે ઈશ્વરેચ્છાની જરૂર પડે છે જ તો પછી ઉપાધિ માનવાનું કાંઈ કારણ રહેતું નથી. વળી ઈશ્વર જગત્કર્તા નથી, અને ગુણો જ જગત્ કરે છે એમ માનવાથી અનીશ્વરવાદ થઈ જાય. તેથી બ્રહ્મને ઉપાધિ સમ્ભવતી નથી. તેથી સવિશેષ બ્રહ્મ અને નિર્વિશેષ બ્રહ્મમાં અતાત્ત્વિક અર્થાત્ ઉપાધિથી થતો ભેદ પણ નથી. વસ્તુત: એ ઉભય એક જ છે. નિર્વિશેષ શ્રુતિઓ બ્રહ્મમાં જડ અને જીવ ના ધર્મોનો નિષેધ કરે છે અને સવિશેષ શ્રુતિઓ તેમાં જગત્કર્તૃત્વ વિગેરે અલૌકિક ધર્મોનું નિરૂપણ કરનાર વેદાન્ત વાક્યો સવિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનાર હોવાથી નિર્વિશેષ અથવા સત્ય બ્રહ્મનું નિરૂપણ કરતા નથી, તેથી સર્વ વેદાન્ત બ્રહ્મનું નિરૂપણ કરે છે એ સિદ્ધાન્તનો ભંગ થાય. આ પ્રમાણે સવિશેષ વાક્યોની સનતિ થઈ શકે નહિ.

અત્ર માયાવાદી 'અધ્યારોપાપવાદ' વાદથી સૃષ્ટિનું નિરૂપણ કરનાર વાક્યોની સંગતિ દર્શાવવા યત્ન કરે છે. નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થવું અતિશય કઠિન હોવાથી પ્રથમ બ્રહ્મમાં

જગત્કર્તૃત્વ વિગેરે ગુણોનો આધ્યારોપ કર્યો. પછી આવા સોપાધિ બ્રહ્મની ઉપાસનાથી ચિત્તશુદ્ધિ થાવાથી 'શાખારુન્ધતી' ન્યાયથી પૂર્વે કહેલા ગુણોનો અપવાદ અથવા નિરાસ કરી નિર્ગુણ બ્રહ્મનું પ્રતિપાદન કરેલું છે. તેથી નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન થવા માટે સવિશેષ બ્રહ્મ અને સૃષ્ટિ નિરૂપક વાક્યો હોવાથી તેમની સંગતિ થાય છે.

આનો ઉત્તર શ્રીમત્પ્રભુચરણ આપે છે કે જગત્પ્રતીતિ વેદથી થતી નથી, પરન્તુ લોકથી થાય છે. તેથી લોકથી સિદ્ધ થતાં પ્રપઞ્ચનો કર્તા કહી પછી શ્રુતિ તેનો નિરાસ કરે એ સમ્ભવે નહિ. વળી એમ હોય તો પ્રપઞ્ચ સત્ય નહિ, પરન્તુ પ્રાતીતિક હોવાથી, અને તેનો કર્તા કોઈ નહિ હોવાથી જગત્ સમ્ભવે જ નહિ. જગત્ની પ્રતીતિ થાય જ નહિ. વાસનાથી જગત્ની પ્રતીતિ થાય છે એમ ન કહેવાય, કારણ કે પ્રથમ અનુભવ અથવા પ્રતીતિ થયા પછી વાસના થાય છે. તેથી તમારા મત પ્રમાણે જગત્ની પ્રતીતિ સિદ્ધ થતી નથી, અર્થાત્ તમે કહો છો તેમ હોય તો જગત્ની પ્રતીતિ થવી ન જોઈએ.

મયાવાદી: જગત્ની પ્રતીતિ અવિદ્યાથી અથવા જીવના અજ્ઞાનથી જ થાય છે. વિચિત્ર પરિણામ ઉત્પન્ન કરવાના સ્વભાવવાળી દોષરૂપ અવિદ્યાથી જ આ વિચિત્ર જગત્ દેખાય છે.

પ્રતિબિમ્બવાદ નિરાસ:

સિદ્ધાન્તી: જીવની અવિદ્યા કહો છો તો પ્રથમ જીવના સ્વરૂપનો વિચાર કરો. જીવના સ્વરૂપનો વિચાર કર્યા વિના અવિદ્યા તેની શક્તિ હોઈ શકે કે નહિ તે કહેવાય નહિ, તેથી જીવના સ્વરૂપનો પ્રથમ વિચાર કરીએ. જીવ બ્રહ્મનો અવિદ્યા અથવા અજ્ઞાન માં પડેલો પ્રતિબિમ્બ નથી, કારણ કે બ્રહ્મ જેવા રૂપરહિત પદાર્થનો પ્રતિબિમ્બ પડે નહિ. અજ્ઞાન જેવા અસ્વચ્છ પદાર્થમાં પ્રતિબિમ્બ કદાપિ પડે નહિ. રૂપરહિત પદાર્થનો અસ્વચ્છ પદાર્થમાં પ્રતિબિમ્બ પડતો હોય તો વાયુનો કાષ્ઠમાં પ્રતિબિમ્બ પડવો જોઈએ. વળી જીવ બ્રહ્મનો પ્રતિબિમ્બ હોય તો "દ્વા સુપર્ણૌ સયુજૌ" શ્રુતિ ઉભયની એક સ્થળે સ્થિતિ કહે છે તે સમ્ભવે નહિ, કારણ કે બિમ્બ અને પ્રતિબિમ્બ કદાપિ એક સ્થળે હોઈ શકે નહિ. વળી અવિદ્યાનો નાશ થાય ત્યારે તેમાં પડેલા પ્રતિબિમ્બ જીવનો પણ નાશ અવશ્ય થાય. અવિદ્યાનાશથી મોક્ષ થાય એમ માનો છો, તેથી જીવનો નાશ થાય ત્યારે મોક્ષ થાય, અથવા જીવનો નાશ એ જ મોક્ષ એવો તમારો મત થાય છે. પ્રતિબિમ્બ હોવાથી જીવ પણ મિથ્યા થશે. જીવનો નાશ જ મોક્ષ હોવાથી કોઈ મોક્ષમાટે પ્રયત્ન પણ નહિ કરે અને વિધિ-નિષેધ નિરર્થક થવાથી અધર્મ વધી જશે. વળી જીવનમુક્તિ પણ સમ્ભવશે નહિ, કારણ કે અન્ત:કરણ અથવા અવિદ્યા માં પડેલો પ્રતિબિમ્બ જીવ છે એમ તમારે કહેવું પડે. જીવન્મુક્તને અન્ત:કરણ હોય તો તે સંસારી જ કહેવાય, જીવન્મુક્ત કહેવાય જ નહિ. અન્ત:કરણ ન હોય તો મુક્ત જ ગણાય, જીવન્મુક્ત ન રહે. અજ્ઞાન અથવા અવિદ્યા માં પડેલો પ્રતિબિમ્બ જીવ છે એમ કહો તો જીવન્મુક્તને બ્રહ્મનું અપરોક્ષ જ્ઞાન હોવાથી તેનું અજ્ઞાન નાશ પામેલું છે. તેથી અજ્ઞાનમાં પડેલા પ્રતિબિમ્બ જીવનો પણ નાશ થએલો હોવાથી જીવન્મુક્તનો દેહ હાલી પણ શકે નહિ. તેથી જીવ પ્રતિબિમ્બ હોય તો જીવન્મુક્તિ પણ સમ્ભવે નહિ. તેથી જીવ પ્રતિબિમ્બ નથી.

આભાસવાદ નિરાસ:

જેમ અંગુલિના સમ્પર્કથી ચન્દ્ર એક હોવા છતાં બે હોય તેવો આભાસ થાય છે તેમ અવિદ્યાથી બ્રહ્મ પણ આભાસથી બે, ત્રણ એમ અનેક હોય તેમ જણાય છે અને તે જીવ કહેવાય છે એમ કહી શકાય નહિ; કારણ કે બ્રહ્મ બે ત્રણ અથવા અનેક છે એવો આભાસ કોને થાય છે? બ્રહ્મને થતો નથી, કારણ કે બ્રહ્મને ભ્રમ હોય જ નહિ. જીવને પણ થતો નથી, કારણ કે જીવ આભાસનો વિષય છે. ચન્દ્રના દૃષ્ટાન્તમાં સત્ય એક ચન્દ્ર બ્રહ્મસ્થાને છે, અને બે ત્રણ વિગેરે અધિક દેખાતા મિથ્યા ચન્દ્રો જીવસ્થાને છે. ત્યાં સત્ય ચન્દ્રને બે ત્રણ ચન્દ્ર હોવાનો ખોટો આભાસ થતો નથી, તેમજ મિથ્યા ચન્દ્રોને પણ એવો આભાસ થતો નથી. તેવી જ રીતે અહીં પણ બ્રહ્મને અથવા જીવને આભાસ થતો નથી. વળી શ્રુતિ : "ય આત્માનમ્ અન્તરો યમયતિ" જીવને નિયમમાં બ્રહ્મ રાખે છે એમ કહે છે, તે પણ જીવ માત્ર આભાસ જ હોય તો સમ્ભવે નહિ. વળી અવિદ્યા અને બ્રહ્મ ને સંયોગ, અધ્યાસ અથવા સ્વરૂપ ગમે તે પ્રકારનો સમ્બન્ધ હોય તો પણ તે અનાદિ છે એમ તમારે કહેવું જોઈએ. બ્રહ્મ, અવિદ્યા અને તેમનો સમ્બન્ધ ત્રણે અનાદિ હોવાથી જીવવિભાગ પણ અનાદિ જ સિદ્ધ થાય છે. તેથી જીવવિભાગ બ્રહ્મ અને અવિદ્યા ના સમ્બન્ધનું કાર્ય છે, અથવા બ્રહ્મ અને અવિદ્યા નો સમ્બન્ધ થવાથી થાય છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે કાર્ય અનાદિ હોઈ શકે નહિ. વળી બ્રહ્મને અવિદ્યાનો સમ્બન્ધ થવાથી જીવ થાય છે એમ તમે કહો છો. શુદ્ધ બ્રહ્મ અવયવરહિત છે અને તેને જ અવિદ્યાનો સમ્બન્ધ છે તો તે જીવ થવું જ જોઈએ. અવયવરહિત હોવાથી સર્વ બ્રહ્મ જીવ થવું જોઈએ, અને તેથી સર્વજ્ઞ વિગેરે ગુણોવાળો પરમાત્મા રહેશે નહિ, અને સર્વ શ્રુતિઓનો ઉપપ્લવ થશે. વળી જીવ અને બ્રહ્મ નો અનાદિસિદ્ધ ભેદ કહો છો ત્યારે પારમાર્થિક જ કહો.

માયાવાદી: "તત્ત્વમસિ" શ્રુતિ બ્રહ્મના અને જીવના અભેદનો બોધ કરે છે. ભેદ વાસ્તવિક હોય તો અભેદ સમ્ભવે નહિ, તેથી ભેદને અવાસ્તવિક કહું છું. "તત્ત્વમસિ" મહાવાક્યમાં પણ એ જ કારણથી ભાગત્યાગલક્ષણા છે એમ કહું છું.

સિદ્ધાન્તી: "તત્ત્વમસિ" એટલું જ મહાવાક્ય નથી, પરન્તુ સમ્પૂર્ણ પ્રપાઠક મહાવાક્ય છે. આ પ્રપાઠકમાં આરમ્ભમાં એક વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય એ પ્રતિજ્ઞા કરી છે. પછી જેમ સુવર્ણના જ્ઞાનથી સર્વ સુવર્ણના કાર્યનું જ્ઞાન થાય છે તેમ બ્રહ્મજ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે, એમ દર્શાવવા સર્વ બ્રહ્મ છે એમ કહેલું છે. "ઐતદાત્મ્યમિદં સર્વમ્" થી જડ સર્વ બ્રહ્મ છે એમ કહ્યું. જડ વિનાશી હોવાથી અબ્રહ્મ છે એવી શંકા થાય તે દૂર કરવા "તત્ સત્યમ્" કહ્યું. તેથી જડનો નાશ થતો નથી, પરન્તુ આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે એવો શ્રુતિનો અભિપ્રાય છે.

(અહીં પૃ. ?? થી અભાવને પદાર્થ માનનાર નૈયાયિક આવિર્ભાવ-તિરોભાવનું ખંડન કરવા પૂર્વપક્ષ કરે છે, તેનું શ્રીમત્પ્રભુચરણ ખંડન કરે છે, અને મહાભારતમાં આશ્રમવાસિક પર્વમાં ગાન્ધારી પ્રતિ બાદરાયણના વચન છે તેથી આવિર્ભાવ-તિરોભાવવાદનું સમર્થન કરે છે.

આ ભાગ (પૃ. ?? થી પૃ. ?? સુધી) ગ્રન્થમાં સર્વથી કઠિન છે, અને સાધારણ બુદ્ધિવાળા વાચકોને પ્રથમ અધ્યયન કરતાં એને મૂકી દેવો વધારે અનુકૂલ થશે.)

પછી શ્રુતિ જીવ બ્રહ્મ છે એમ 'તત્ત્વમસિ' કહે છે. તેથી જેમ 'ઐતદાત્મ્યમ્ ઇદં સર્વમ્" માં ભાગત્યાગલક્ષણા નથી તેમ 'તત્ત્વમસિ' માં પણ નથી.

વળી તમારા મતમાં જીવ આભાસ હોવાથી મિથ્યા છે. એમ હોય તો શ્રુતિ 'ન ત્વમસિ' એમ કહેત પરન્તુ 'તત્ત્વમસિ' એમ ન કહેત. વળી છીપમાં રજતની પેઠે બ્રહ્મમાં અવિદ્યાથી આરોપેલું જ્ઞાન આરોપનું કારણ છે. અહીં અધિષ્ઠાન બ્રહ્મનું જ્ઞાન થઈ શકે તેમ નથી તેથી આરોપ સમ્ભવે નહિ. વળી અવિદ્યાને અસત્ માનો છો તો તેનો નાશ ક્યાંથી થાય? અસત્નો નાશ કેવો? તે જ કારણથી બ્રહ્મ અને અવિદ્યા નો સમ્બન્ધ પણ સમ્ભવતો નથી કારણ કે અહીં બ્રહ્મ એક જ પદાર્થ છે. અવિદ્યા અસત્ હોવાથી કાંઈ નથી, બે પદાર્થ હોય તો જ સમ્બન્ધ સમ્ભવે, એક જ પદાર્થમાં સમ્બન્ધ ન હોય. તેથી તમારી માનેલી અવિદ્યાથી જગત્ની પ્રતીતિ અને જીવ નો વિભાગ સમ્ભવતા નથી. તેથી એ અવિદ્યા ઉપાધિથી નિર્વિશેષ અને સવિશેષ બ્રહ્મમાં અતાત્ત્વિક ભેદ છે એમ કહેવાય નહિ. ઉભયમાં અભેદ છે. તેથી શુદ્ધ બ્રહ્મ જ જગત્કર્તૃ છે.

જીવ અને બ્રહ્મ ના સમ્બન્ધનો વિચાર:

પૂર્વપક્ષી: શુદ્ધ બ્રહ્મ ભલે જગત્કર્તૃ હોય પરન્તુ તેનો જીવ સાથે અભેદ કેમ સમ્ભવે? જીવ અને બ્રહ્મ ઉભય પરસ્પર વિરુદ્ધ ધર્મવાળા છે, પરમાર્થતા ભિન્ન છે, તેથી તેમનો અભેદ સમ્ભવે નહિ. ભેદ ઔપાધિક છે અને ઉપાધિ દૂર થવાથી અભેદ થાય છે એમ કહી શકાય નહિ, કારણ કે ઉપાધિ હોઈ શકે જ નહિ એમ તમે સિદ્ધ કર્યું છે. વળી જીવ અને બ્રહ્મ નો કેવો સમ્બન્ધ છે? ઉભય વિભુ હોવાથી સંયોગ સમ્બન્ધ નથી. તેઓમાંથી એક-બીજાનો આશ્રય કરીને રહેલ નથી, તેથી સમવાય સમ્બન્ધ નથી. સ્વરૂપ સમ્બન્ધ પણ નથી, કારણ કે તે નિત્ય હોવાથી જીવની ઉપલબ્ધિ થાય નહિ. જ્ઞાતૃ-જ્ઞેયભાવ સમ્બન્ધ પણ નથી, કારણ કે એ સમ્બન્ધથી પારમાર્થિક ભેદ દૂર થાય નહિ અને તેઓનો અભેદ સમ્ભવે નહિ. તાદાત્મ્ય સમ્બન્ધ પણ નથી, કારણ કે ધર્મધર્મિભાવ હોય તો જ એ સમ્ભવે, પરન્તુ અહીં તો ભાવ નથી. જીવ બ્રહ્મનો અંશ પણ નથી, અર્થાત્ અંશાંશિભાવ સમ્બન્ધ પણ નથી, કારણ કે બ્રહ્મ અવયવરહિત છે. આ પ્રમાણે જીવ અને બ્રહ્મ ને કોઈ અન્ય સમ્બન્ધ સમ્ભવતો નથી, તેથી ઉપાધિ સમ્ભવતી ન હોય તો પણ અભેદનો બોધ કરનાર શ્રુતિની અન્યથાનુપપત્તિ હોવાથી અર્થાત્ અભેદ અન્યથા ઘટતો નથી તેથી જીવ બ્રહ્મની ઉપાધિ જ છે એમ અવશ્ય માનવું જોઈએ. શ્રુતિ અવિદ્યાવાળી અવસ્થામાં દ્વૈતદર્શન કહે છે અને તે દૂર થાય ત્યારે તેનો નિષેધ કરે છે, તેથી પ્રપઞ્ચ અથવા જગત્ પણ આવિદ્યક છે. છતાં "યતો વા ઇમાનિ" શ્રુતિ બ્રહ્મને જગત્કર્તૃ કહે છે. તેથી અવિદ્યા ઉપાધિવાળું બ્રહ્મ જ જગત્નું કર્તૃ છે એમ સર્વ શ્રુતિની ઉપપત્તિમાટે માનવું જોઈએ.

જીવ બ્રહ્મનો અંશ છે:

સિદ્ધાન્તી:જીવ આવિદ્યક હોય તો એમ થાય, પરન્તુ જીવ પારમાર્થિક છે. અંશાંશિભાવ સમ્બન્ધ હોવાથી અભેદશ્રુતિની પણ ઉપપત્તિ થાય છે. બ્રહ્મ નિરવય હોવા છતાં અંશાંશિભાવ સમ્ભવે છે, કારણ કે શ્રુતિઓ જ એવો બોધ કરે છે. બ્રહ્મનું સ્વરૂપ લૌકિક પ્રમાણથી જણાય નહિ, કારણ કે અલૌકિક છે. માત્ર શ્રુતિથી જ તેનું જ્ઞાન થાય છે. અલૌકિક હોવાથી લૌકિક રીતિથી તેનો નિર્ણય થાય નહિ, પરન્તુ વેદોનો વ્યાસ કરી બ્રહ્મવિચારની પ્રતિજ્ઞા કરી બ્રહ્મમીમાંસા રચનાર વ્યાસજીના સૂત્રથી જ થાય. વ્યાસજી "અંશો નાનાવ્યપદેશાત્" સૂત્ર યોજે છે. બ્રહ્મ, ઉત્પત્તિવાળો, અજ્ઞ, ચિદ્રૂપ, ઈશિતવ્ય, અણુ, વ્યાપક એમ ભિન્ન-ભિન્ન રીતે જીવને સ્થળે-સ્થળે વર્ણવેલો હોવાથી જીવ બ્રહ્મનો અંશ છે કારણ કે બ્રહ્મ વિના અન્ય કોઈ એક જ પદાર્થ વિરુદ્ધ ધર્મોનો આશ્રય હોઈ શકે નહિ એવો આ સૂત્રનો અર્થ છે. લોકમાં લોહચુમ્બક તરફ લોઢું ખેંચાય છે વિગેરે સ્થળે જ્યાં વસ્તુનો સ્વભાવ જ કાર્યહેતુ છે ત્યાં યુક્તિની સમ્ભાવના થતી નથી, તેમજ અહીં પણ બ્રહ્મ નિરવયવ હોવા છતાં જીવ તેનો અંશ છે એમ શ્રુતિ કહે છે ત્યાં માનવું જોઈએ. અહીં પણ યુક્તિની અપેક્ષા નથી. "નિષ્કલં નિષ્ક્રિયમ્" ઇત્યાદિથી શ્રુતિ બ્રહ્મ નિરવયવ છે એમ કહે છે અને "યથા અગ્ને: ક્ષુદ્રા:" વિગેરેથી જીવ બ્રહ્મનો અંશ છે એમ કહે છે. તેથી બ્રહ્મ નિરવય છે અને જીવ તેનો અંશ છે એમ જ માનવું જોઈએ. જીવ બ્રહ્મનો અંશ હોવા છતાં તે અસર્વજ્ઞ છે અને તેને ભ્રમ થાય છે કારણ કે સર્વજ્ઞત્વ વિગેરે ભગવાન્ના ધર્મોનો ભગવાન્ની ઇચ્છાથી તેમાંથી તિરોભાવ થએલો છે. સૂત્રકાર પણ "પરાભિધ્યાનાત્ તુ તિરોહિતં તતો હ્યસ્ય બન્ધ-વિપર્યયૌ" સૂત્ર આ જ અર્થમાં યોજે છે.

ઉપસ્થિતહાનિ અકૃતાભ્યાગમ દોષ નથી:

ભગવાન્ આ પ્રમાણે જીવોના સર્વજ્ઞત્વ વિગેરે સહજ ગુણોનો તિરોભાવ કરી તેઓમાં મિથ્યાજ્ઞાન વિગેરે દોષો મૂકે છે, તો પણ ઉપસ્થિતહાનિ અથવા કરેલા કર્મની હાનિ, અને અકૃતાભ્યાગમ અથવા નહિ કરેલા કર્મની પ્રાપ્તિ એ દોષ થતા નથી, કારણ કે જીવની કૃતિમાં જ એ દોષ સમ્ભવે, ઈશ્વરકૃતિમાં એ દોષ નથી. લોકમાં પણ સ્વતન્ત્ર રાજાઓ કોઈની સત્તા લઈ લે, કોઈને સત્તા આપે, પ્રાસાદનો ભંગ કરી વન કરે, વનમાં ઉદ્યાન તથા પ્રાસાદ કરે, તેમાં ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ થાય તે દોષ નથી, તો સકલ લોકના નિયામક ભગવાન્માં એ દોષ કેમ જ હોઈ શકે? "એષ હ્યેવ સાધુ કર્મ કારયતિ તં યમેભ્યો લોકેભ્ય ઉન્નિનીષતિ" વિગેરે શ્રુતિ પણ એ જ કહે છે. તેથી જીવ પરતન્ત્ર હોવાથી તેમને ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ થાય તે દોષ નથી. ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ ગણી તે દૂર કરવા જીવોના કર્મની અપેક્ષાથી જ ઈશ્વર તેઓની પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવે છે એમ જે કહે છે તેઓને અનીશ્વરવાદ જ પ્રાપ્ત થાય છે, કારણ કે એવા કર્મને આધીન રહી ફલદાન કરનાર ઈશ્વરની આવશ્યક્તા નથી. અન્યથાનુપપત્તિથી કર્મની કલ્પના કરે તે કર્મ જ ફલદાન કરવા સમર્થ કલ્પવું જોઈએ, ઈશ્વરની જરૂર નથી. "કૃતપ્રયત્નાપેક્ષસ્તુ વિહિત-પ્રતિષિદ્ધાવૈયર્થ્યાદિભ્ય:" સૂત્રનો અર્થ ઈશ્વર જીવના કર્મને અધીન રહી જીવની પ્રવૃત્તિ તથા

નિવૃત્તિ કરાવે છે એવો નથી. પ્રપઞ્ચમાં રમણની ઇચ્છાથી ભગવાને ક્રીડામાટે પ્રયત્ન કરેલો છે, તેની અપેક્ષાથી ભગવાને વિચિત્ર રસનો અનુભવ કરવા "જે આ કામ કરશે તેને આવું ફલ આપીશ" વિગેરે મર્યાદા કરી છે, અને લોકોને તે જણાવવા વેદ કર્યા છે. આ પ્રમાણે ભગવાને કીડામાટે પ્રયત્ન કર્યો છે તેની અપેક્ષાથી અથવા તેને અધીન રહી ભગવાન્ જીવ પાસે કર્મ કરાવે છે. એમ ન હોય તો વિહિત યાગ વિગેરે અને નિષિદ્ધ વિપ્રહનન વિગેરે વ્યર્થ થઈ જાય. એ પ્રમાણે આ સૂત્રનો અર્થ છે.

જીવ નિત્ય છે:

જીવ ભગવાન્નો અંશ છે અને અગ્નિમાંથી વિસ્ફુલિંગ નીકળે તેમ બ્રહ્મમાંથી વ્યુચ્ચરે છે એમ કહેવાથી જીવ અનિત્ય થતો નથી, કારણ કે જીવ બ્રહ્મનો વિસ્ફુલિંગ ન્યાયે અંશ છે એમ કહી, સૂત્રકાર તેની ઉત્પત્તિનો "નાત્માડશ્રુતેર્નિત્યત્વાચ્ચ તાભ્ય:" સૂત્રથી નિષેધ કરે છે. તેથી વ્યુચ્ચરણ ઉત્પત્તિ નથી એવો સૂત્રકારનો આશય છે. જીવનો બ્રહ્મમાંથી વિભાગ થાય છે, અને જીવ બ્રહ્મનો અંશ છે એવો બોધ થવો કઠિન હોવાથી, અંશપણું, અંશીમાંથી વિભાગ થવાપણું, અણુપણું, અંશીનું અંશથી મહત્વ, અંશની અંશીમાં પુન: પ્રવેશ કરવા યોગ્યતા, પ્રવેશ થયા પછી અભેદપ્રતીતિનું વિષયપણું, અને પુન: નિર્ગમનની યોગ્યતા એ સર્વ અગ્નિવિસ્ફુલિંગમાં પ્રસિદ્ધ હોવાથી, સર્વ ધર્મનો સહેલાઈથી બોધ કરાવવા શ્રુતિએ એ દૃષ્ટાન્ત કહ્યું. તેથી જીવની ઉત્પત્તિ થતી નથી, જીવનું માત્ર બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ થાય છે. વ્યુચ્ચરણ ઉત્પત્તિ નથી.

માયાવાદી: જીવનોબ્રહ્મમાં પ્રવેશ થાય છે એમ કહો છો તે સમ્ભવતું નથી, કારણ કે જીવ વ્યાપક છે. સર્વવ્યાપિ પદાર્થનો અન્યમાં પ્રવેશ સમ્ભવે નહિ. "સ વા એષ મહાન્ અજ આત્મા" "આકાશવત્ સર્વગતશ્ચ નિત્ય:" "નિત્ય: સર્વગત: સ્થાણુ" વિગેરે શ્રુતિ-સ્મૃતિ પણ જીવને વ્યાપક કહે છે. 'તત્ત્વમસિ' વિગેરે શ્રુતિ બ્રહ્મથી જીવ અભિન્ન છે એમ ઉપદેશ કરે છે, તે પણ જીવ વ્યાપક ન હોય તો સમ્ભવે નહિ. વળી જીવ વ્યાપક ન હોય અને અણુ હોય તો સર્વ શરીરમાં ચૈતન્યની ઉપલબ્ધિ થાય નહિ. કોઈ સ્થળે શ્રુતિમાં જીવને અણુ કહેલો છે તે જીવ દુર્જ્ઞેય છે એવા અભિપ્રાયથી કહેલું છે. તેથી જીવ અણુ નથી પણ વ્યાપક છે. વ્યાપક હોવાથી બ્રહ્મમાં તેનો પ્રવેશ સમ્ભવતો નથી.

જીવ અણુ છે:

સિદ્ધાન્તી: જીવ વ્યાપક નથી, પણ અણુ છે. "સ વા એષ મહાન્ અજ આત્મા" વિગેરે શ્રુતિઓ, બ્રહ્મપ્રકરણમાં આવેલી છે, તેથી તે જીવનું નિરૂપણ કરતી નથી પણ બ્રહ્મનું નિરૂપણ કરે છે. જેમ ચમ્પક દૂર હોવા છતાં તેની ગન્ધનો તે ન હોય ત્યાં પણ અનુભવ થાય છે તેમ જીવ અણુ હોવા છતાં સર્વ શરીરમાં તેના ચૈતન્યની ઉપલબ્ધિ થાય છે. તેથી જ "વ્યતિરેકો ગન્ધવત્" સૂત્ર સૂત્રકારે યોજેલું છે. વળી "હૃદિ હ્યેષ આત્મા" વિગેરે શ્રુતિ જીવ હૃદયમાં રહે છે એમ કહે છે, તે જીવ અણુ હોય તો જ સમ્ભવે. જીવને કોઈ સ્થળે શ્રુતિમાં બ્રહ્મ કહેલો છે તેથી તે વ્યાપક છે એમ કહેવાય નહિ કારણ કે જીવને ઉપચારથી જ બ્રહ્મ

કહેલો છે. જીવ ભગવાન્ના જ ગુણોથી ઉત્તમ હોવાથી અને ભગવાન્નો અંશ હોવાથી ઉપચારથી જ તેને બ્રહ્મ કહેલો છે. આ જ સૂત્રકાર પણ "તદ્ગુણાસારત્વાત્તુ તદવ્યપદેશ: પ્રાજ્ઞવત્" સૂત્રથી કહે છે. તેથી જીવ અણુ છે, બ્રહ્મનો અંશ છે અને બ્રહ્મનો અંશાંશિભાવથી અભેદ છે. તેથી અભેદની ઉત્પત્તિ થતી નથી એવી ભીતિથી શુદ્ધ બ્રહ્મ જગત્કર્તૃ નથી એમ કહેવાય નહિ.

બ્રહ્મ જગતનું સમવાયિકારણ પણ છે:

શુદ્ધ બ્રહ્મ કુલાલ પેઠે નિમિત્ત કારણ ભલે હો, પરન્તુ સમવાયિકારણ હોઈ શકે નહિ, કારણ કે તે સમવાયિકારણ હોય તો મૃત્પિણ્ડ પેઠે વિકારિ થઈ જાય, સાવયવ થઈ જાય અને કાર્ય અનર્થરૂપ હોવાથી તેવું થઈ જાય એમ પણ કહેવાય નહિ; કારણ કે બ્રહ્મનું કર્તૃત્વ આપણી બુદ્ધિથી કલ્પેલું નથી પરન્તુ શ્રુતિસિદ્ધ છે. સ્વત:સિદ્ધ પ્રામાણ્યવાળી શ્રુતિ જેવું બ્રહ્મ છે તેવું વર્ણવે છે. લોકમાં સમવાયિકારણ વિકારિ જ હોય છે, પરન્તુ બ્રહ્મ અવિકૃત અને સમવાયિકારણ છે એમ શ્રુતિ કહે છે. સૂત્રકાર પણ આજ ઉપદેશ કરવા "શ્રુતેસ્તુ શબ્દમૂલત્વાત્" સૂત્ર યોજે છે. આ પણ ગુડજિહ્વિકાજ છે. વસ્તુત: બ્રહ્મ સર્વવિરુદ્ધધર્મનો આશ્રય છે. "અપાણિપાદો જવનો ગ્રહીતા" વિગેરે શ્રુતિઓ પણ એ જ ઉપદેશ કરે છે.

માયાવાદી: એક જ બ્રહ્મ સવિશેષ અને નિર્વિશેષ વિરોધને લીધે હોઈ શકે નહિ. ઉપાધિને લીધે એમ છે એમ પણ કહેવાય નહિ કારણ કે ઉપાધિથી વસ્તુનો સ્વભાવ થતો નથી. તેથી ઉપાધિ આવિદ્યક હોવાથી સમસ્ત વિશેષ રહિત અથવા નિર્વિશેષ જ બ્રહ્મ છે એમ માનવું. સવિશેષ શ્રુતિ નિર્વિશેષનો બોધ કરે છે એમ ન કહેવાય, કારણ કે સવિશેષ પરિચ્છિન્ન અને પ્રત્યેક ભિન્ન હોવાથી અનેક બ્રહ્મ થાય, અને "એકમેવાદ્વિતીયમ્" શ્રુતિનો વિરોધ થાય. વળી કર, ચરણ વિગેરે વિશેષો લૌકિક છે અને બ્રહ્મ અલૌકિક છે, તેથી તેમનો બ્રહ્મમાં નિષેધ જ યોગ્ય છે. કર, ચરણ વિગેરેને પણ અલૌકિક કલ્પવાથી બ્રહ્મમાં સર્વભવન સામર્થ્ય અને સર્વાધારત્વ વિગેરે શક્તિઓ કલ્પવાથી ગૌરવ થાય. વળી સવિશેષ શ્રુતિઓ બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરતી નથી, પરન્તુ પ્રત્યગ્બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર સિદ્ધ કરાવવા ઉપાસનાનો ઉપદેશ કરવા ભાવના સુગમ થાય તે માટે લૌકિક પ્રસિદ્ધ કર, ચરણ વિગેરેનો જ અનુવાદ કરે છે. તેથી આ શ્રુતિઓ નિષેધ્યનું જ નિરૂપણ કરે છે. વિશેષો આવિદ્યક હોય તો જ તેઓનો નિષેધ પણ કરાય, કારણ કે સત્ પદાર્થનો નિષેધ થાય નહિ. તેથી વિશેષો આવિદ્યક જ છે અને બ્રહ્મ નિર્વિશેષ જ છે. વળી "ન તત્ર સૂર્યો ભાતિ" "ન ચક્ષુષા ગૃહ્યતે" "નિષ્કલં નિષ્ક્રિયમ્" વિગેરે શ્રુતિઓ બ્રહ્મને સૂર્ય વગેરેથી અપ્રકાશ્ય, અવ્યવહાર્ય, અચાક્ષુષ અને ક્રિયારહિત કહે છે, અને સવિશેષ આથી ઉલટું અર્થાત્ સૂર્યાદિથી પ્રકાશ્ય, વ્યવહાર્ય, ચાક્ષુષ અને ક્રિયામત્ છે, તેથી તે બ્રહ્મ હોઈ શકે નહિ. તેથી જ સૂત્રકાર પણ "પ્રકૃતૈતાવત્વં હિ પ્રતિષેધતિ તતો બ્રવીતિ ચ ભૂય:" સૂત્રથી બ્રહ્મમાં મૂર્ત-અમૂર્ત રૂપનો પ્રતિષેધ કરી માત્ર ધર્મિ(બ્રહ્મની) સત્તાનું જ નિરૂપણ કરે છે. તેથી બ્રહ્મ વિના સર્વ આવિદ્યક છે, અને બ્રહ્મ નિર્વિશેષ જ છે.

બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે:

સિદ્ધાન્તી: જે અવિદ્યાથી વિશેષો કલ્પવામાં આવે છે તે અવિદ્યા બ્રહ્મની છે કે જીવની? બ્રહ્મની હોઈ શકે નહિ, કારણ કે બ્રહ્મમાં અવિદ્યા સમ્ભવતી નથી. જીવની પણ નથી, કારણ કે મન અને વાણી થી અગોચર શુદ્ધ બ્રહ્મમાં વિશેષો કલ્પવાની જીવની અવિદ્યામાં શક્તિ નથી. અવિદ્યાવાળા જીવને બ્રહ્મનું દર્શન જ થતું નથી, પરન્તુ જ્ઞાનથી અવિદ્યા દૂર થાય ત્યારે જ જીવ બ્રહ્મને જુએ છે. "જ્ઞાનપ્રસાદેન વિશુદ્ધસત્ત્વસ્તતસ્તુ તં પશ્યતે નિષ્કલં ધ્યાયમાન:" અવિદ્યાવાળા જીવને બ્રહ્મનું દર્શન જ થતું નથી, તો તેમાં વિશેષો કેમ કલ્પી શકે? ઉપર કહી તે શ્રુતિમાં ભેદનું નિરૂપણ હોવાથી વિષય આવિદ્યક જ છે અને 'નિષ્કલમ્' પદ બ્રહ્મનું વાસ્તવરૂપ વર્ણવે છે એમ પણ ન કહેવાય; કારણ કે એમ હોય તો નિર્વિશેષ બ્રહ્મનું દર્શન સમ્ભવે જ નહિ, અને તેથી તેના દર્શનનો બોધ કરનાર "બ્રહ્મ વેદ બ્રહ્મૈવ ભવતિ" "તસ્મિન્ દૃષ્ટે પરાવરે" વિગેરે સર્વ શ્રુતિઓ તથા સ્મૃતિઓ નો ઉપપ્લવ થાય. વળી 'નિષ્કલમ્' વાસ્તવરૂપ છે એમ કહો છો ત્યારે વાસ્તવ એટલે શું? અને અવાસ્તવ એટલે શું? વસ્તુનો સ્વાભાવિક ધર્મ વાસ્તવ અને આગન્તુક અવાસ્તવ એમ ન કહેવાય કારણ કે એમ હોય તો ઘટનો આકાર પણ અવાસ્તવ થઈ જાય, અને કુલાલે દંડ વગેરેથી ઉત્પન્ન કરેલો ગણાય નહિ. વસ્તુત: બ્રહ્મના સર્વ ધર્મ વાસ્તવ છે. "પરા અસ્ય શક્તિર્વિવિધૈવ શ્રૂયતે સ્વાભાવિકી જ્ઞાન-ક્રિયા-બલં ચ" શ્રુતિ પણ બ્રહ્મની સર્વ શક્તિઓ સ્વાભાવિક છે એમ કહે છે. આ શ્રુતિમાં વિવિધ અનેક પ્રકારની શક્તિઓ વર્ણવેલી છે, તો પણ શક્તિના સ્વરૂપનો વિચાર કરતાં તે બ્રહ્મના સ્વરૂપથી ભિન્ન નથી એમ જણાવવા 'શક્તિ:' એમ એકવચનનો પ્રયોગ કરેલો છે. તેથી જેમ શ્રુતિના બલથી 'અસ્ય' એમ ષષ્ઠી વિભક્તિથી ભેદનો નિર્દેશ કરેલો હોવાથી ધર્મરૂપ, જ્ઞાન વિગેરે સ્વાભાવિક સ્વરૂપભૂત શક્તિઓનો અંગીકાર થાય છે, તેમજ "સર્વત: પાણિપાદાન્તં" વિગેરે શ્રુતિ-સ્મૃતિઓના બલથી સ્વરૂપભૂત આનન્દમાત્ર કર, પાદ, મુખ, ઉદર વિગેરેનો પણ અંગીકાર કરવો જોઈએ. આ સર્વ આવિદ્યક હોય તો બ્રહ્મના પ્રસાદથી તેમનું દર્શન વિગેરે થાય છે એમ ન કહેવાય અને એના દર્શનમાટે તપસ્યા વિગેરે સાધનો કોઈ કરે નહિ. વળી વિશેષો સર્વ કલ્પેલા હોય તો વ્યાસજી સમન્વયપ્રતિજ્ઞા કરી આદિત્યની અંદરના હિરણ્યમય પુરુષ, આકાશ, પ્રાણ, જ્યોતિ વિગેરે બ્રહ્મ છે એમ કહે નહિ કારણ કે આ સર્વ સવિશેષ હોવાથી અબ્રહ્મ જ ગણાય. વિશેષો કલ્પિત હોય તો વ્યાસજી આ સર્વ બ્રહ્મ નથી એમ કહેત, અને સમન્વય પ્રતિજ્ઞા જ ન કરત. વળી વ્યાસજીએ બ્રહ્મ જિજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી, જે સવિશેષોનું નિરૂપણ કર્યું છે તે બ્રહ્મ નથી પરન્તુ કલ્પિત છે એમ કહીએ, તો વ્યાસજીની પ્રતિજ્ઞાની હાનિ થઈ જાય. બ્રહ્મ એકરસ છે, પરન્તુ સવિશેષ અનેકરસ છે તેથી બ્રહ્મ સવિશેષ હોઈ શકે નહિ એમ ન કહેવાય, કારણ કે ધર્મિ બ્રહ્મનું જ્ઞાન કરાવનાર પ્રમાણ વેદ જ "સર્વકામ: સર્વગન્ધ: સર્વરસ:" એમ કહે છે. "સર્વત: પાણિપાદાન્તં સર્વતો અક્ષિ-શિરો-મુખમ્" વિગેરેથી ભગવાન્ જ પોતાનું સ્વરૂપ કહે છે. અહીં 'અન્ત' પદથી કર, ચરણ વિગેરેના અવચ્છેદ કહેલા છે. તેથી સર્વ સ્થળે ભગવાન્ના કર, ચરણ વિગેરેના

અવચ્છેદ છે. તેથી જ પૌગણ્ડલીલાસમયે જેટલું સ્વરૂપ હતું તેટલું જ તેજ સ્વરૂપ બાલ્યાવસ્થામાં પૂતનાને મુક્તિનું દાન કર્યું ત્યારે પણ હતું કારણ કે ભગવાન્ના સર્વરૂપ નિત્ય છે. માત્ર ક્રમથી ભિન્ન-ભિન્ન રૂપનો આવિર્ભાવ થાય છે. તેથી જ ભક્તો બાલ્યાવસ્થામાં કર વિગેરે થોડા પ્રદેશમાં અર્થાત્ નાના જુએ છે અને પૌગણ્ડાવસ્થામાં અધિક અથવા મોટા જૂએ છે. આ પણ શુદ્ધ બ્રહ્મ જ છે એમ "તોકેન જીવહરણમ્" વિગેરેથી બ્રહ્માએ જ શ્રીમદ્ભાભાગવત દ્વિતીય સ્કધધમાં કહેલું છે દશમસ્કધધમાં દામોદરલીલાના પ્રસ્તાવમાં પણ "ન ચાન્તર્ન બહિ:" વિગેરેથી શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે એમ નિરૂપણ કરેલું છે. તેથી બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે એવો જ શ્રુતિનો અભિપ્રાય છે.

વિશેષોનું નિરૂપણ માત્ર ઉપાસનામાટે કરેલું છે એમ તમે કહ્યું તે પણ યોગ્ય નથી, કારણ કે એમ હોય તો બ્રહ્મની માત્ર એવી ભાવના કરવામાં આવે છે, પરન્તુ વસ્તુત: બ્રહ્મ એવું નથી એમ કહેવું જોઈએ. પરન્તુ બ્રહ્મ વસ્તુત: જેવું હોય તેવાની જ ઉપાસના કરવી જોઈએ. અન્ય પ્રકારની ઉપાસના કરવાથી "યો અન્યથા સન્તમ્ આત્માનમ્ અન્યથા પ્રતિપદ્યતે. કિં તેન ન કૃતં પાપં ચૌરેણ આત્માપહારિણા" શ્રુતિથી દોષ જ પ્રાપ્ત થાય. તેથી સવિશેષ જ બ્રહ્મ છે એમ માનવું જોઈએ. તેથી કર, ચરણ વિગેરે વિશેષો કલ્પિત નથી પરન્તુ અલૌકિક જ છે, અને બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે. આમ માનવામાં ગૌરવ નથી, કારણ કે શ્રુતિ જ એવો ઉપદેશ કરે છે. આપણી બુદ્ધિથી આ પ્રમાણે કલ્પ્યું હોય તો ગૌરવ થાય, પરન્તુ શ્રુતિ કહે તે પ્રમાણે માનવામાં ગૌરવ દોષ નથી. શ્રુતિના બોધમાં પણ એ દોષ આવે તો બ્રહ્મ માનવાથી પણ ગૌરવ દોષ થાય, તેથી તે પણ ન માનો અને શૂન્યવાદનો અંગીકાર કરો.

શ્રુતિ ધર્મોનો નિષેધ પણ કરે છે, તેથી બ્રહ્મ નિર્ધર્મક જ છે એમ પણ કહેવાય નહિ, કારણ કે શ્રુતિ પોતે જે ધર્મોનું નિરૂપણ કર્યું છે તેનો નિષેધ કરતી નથી. પરન્તુ બ્રહ્મધર્મો પ્રાકૃત છે એવી શંકા થાય તે દૂર કરવા પ્રપઞ્ચના ધર્મોનો બ્રહ્મમાં નિષેધ કરે છે. જો બ્રહ્મમાં ન હોય તેવા જ ધર્મોનું તેમાં શ્રુતિ પ્રતિપાદન કરતી હોય તો તે પ્રતારક ગણાય, અને અપ્રમાણ થઈ જાય. શ્રુતિએ બ્રહ્મમાં નિરૂપણ કરેલા ધર્મો પણ લૌકિક જ છે એમ ન કહેવાય, કારણ કે એક જ પદાર્થમાં સર્વત: પાણિપાદાન્તત્વ, સર્વેશિતૃત્વ વિગેરે ધર્મો કદાપિ લોકમાં દેખાતા નથી. વળી વિશેષો કલ્પિત હોય અને સવિશેષ બ્રહ્મ ન હોય તો સૂત્રમાં વ્યાસજીએ વિશેષોનો પરસ્પર અવિરોધ સિદ્ધ કરેલો છે તે સર્વ નિરર્થક થાય, કારણ કે જેનો નિષેધ કરવાનો છે તેમાં વિરોધ હોય કે અવિરોધ હોય તેનું કાંઈ પ્રયોજન નથી. "અરૂપવદેવ હિ તત્પ્રધાનત્વાત્" સૂત્ર બ્રહ્મ નિર્વિશેષ છે એવો ઉપદેશ કરતું નથી, પરન્તુ સાકાર શ્રુતિઓ પણ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે એમ કહે છે. 'રૂપ' અર્થાત્ નિરૂપણ અથવા વ્યવહાર જેનો છે તે 'રૂપ' એટલે સર્વ વ્યવહારના વિષયપણું. તે જેમાં છે તે રૂપવત્ અર્થાત્ વિશ્વ. બ્રહ્મ અરૂપવત્ છે અર્થાત્ રૂપવત્ વિશ્વથી વિલક્ષણ છે. અથવા રૂપ, અથવા વ્યવહાર જેનાથી થાય છે તે 'રૂપ' અર્થાત્ કર, ચરણ વિગેરે. જેમ લોકમાં કર-ચરણ તેમના અભિમાની ધર્મીથી ભિન્ન છે તેમ બ્રહ્મમાં નથી,

પરન્તુ ભેદ નહિ હોવાથી કર-ચરણ વિગેરે પણ બ્રહ્મ જ છે. તેથી લૌકિક પેઠે રૂપવત્ અર્થાત્ કર-ચરણ વિગેરેથી ભિન્ન તેઓના અભિમાની તરીકે બ્રહ્મનું નિરૂપણ કરેલું નથી, પરન્તુ કર-ચરણ વિગેરેથી પણ બ્રહ્મના રૂપનું જ નિરૂપણ કરેલું છે, કર-ચરણ વિગેરે બ્રહ્મથી ભિન્ન નથી પણ બ્રહ્મરૂપ જ છે. એમ કેમ જણાય તે દર્શાવવા 'તત્પ્રધાનત્વાત્' હેતુ યોજેલો છે. સર્વ વેદાન્તો પ્રધાનતાથી બ્રહ્મનું જ નિરૂપણ કરે છે. તેથી કર-ચરણ વિગેરે બ્રહ્મસ્વરૂપથી ભિન્ન નથી. "પ્રકૃતૈવાવત્ત્વં હિ પ્રતિષેધતિ" સૂત્ર પણ બ્રહ્મ નિર્વિશેષ છે એવો ઉપદેશ કરતું નથી, પરન્તુ પ્રકૃત અથવા લૌકિક એતાવત્ત્વ અર્થાત્ આટલાપણું અથવા ગુણો તેનો જ નિષેધ કરે છે. પોતે કહેલા સર્વેશિતૃત્વ વિગેરે ગુણોનો શ્રુતિ નિષેધ કરતી નથી. બ્રહ્મમાં શ્રુતિએ કહેલાં મૂર્ત અને અમૂર્ત રૂપો સર્વત: પાણિપાદાન્તત્વ વિગેરે છે, પરન્તુ તે બ્રહ્મના રૂપ છે એમ જાણવા નહિ, પણ બ્રહ્મ જ છે એમ જાણવા. "ततो ब्रवीति च भूय:" બ્રહ્મમાં શ્રુતિએ કહેલાં રૂપો છે એવો નિર્ણય છે એમ કહેવા યોજેલું છે. શ્રુતિ બ્રહ્મમાં ધર્મનો નિષેધ કરી પછી તરત જ તેનું નિરૂપણ કરે છે, તેથી શ્રુતિએ કહેલા ધર્મો બ્રહ્મમાં છે. તેથી નિર્વિશેષ અને સવિશેષ શ્રુતિઓમાં વિરોધ નથી, અને બ્રહ્મ પ્રાપઞ્ચિક ધર્મરહિત સહજ અનન્ત ધર્મવાળું છે એમ સિદ્ધ થાય છે. "न तत्र सूर्यो भाति" વિગેરે શ્રુતિથી બ્રહ્મ દૃશ્ય નથી તેથી સવિશેષ બ્રહ્મ હોઈ શકે નહિ, એમ કહ્યું તે પણ યોગ્ય નથી, કારણ કે "कश्चिद् धीर: प्रत्यगात्मानम् ऐक्षत" વિગેરે શ્રુતિઓ બ્રહ્મને દૃશ્ય પણ કહે છે. તેથી ઉભય પ્રકારની શ્રુતિના અવિરોધમાટે ઇન્દ્રિયોના સામર્થ્યથી બ્રહ્મ દૃશ્ય નથી, પરન્તુ ભગવાન્ના અનુગ્રહથી દૃશ્ય છે એમ માનવું. "अपि संराधने प्रत्यक्षानुमानाभ्याम्" સૂત્ર સૂત્રકારે પણ આજ અર્થમાં યોજેલું છે. તેથી અવતારદશામાં પણ સર્વનું ભગવદ્દર્શન કરવાનું સામર્થ્ય નથી, પરન્તુ "સર્વ મારા દર્શન કરો" એવી ભગવાન્ની સાધારણ ઇચ્છાથી સર્વ તેમના દર્શન કરે છે, પરન્તુ ભક્તોમાટે ભગવાન્નો પ્રાદુર્ભાવ હોવાથી તેઓ ભક્તિથી જ દર્શન કરે છે. લીલામાટે ભગવાન્ પણ અલૌકિક તેજ દર્શાવતા નથી અને લૌકિકનું અનુકરણ કરે છે.

બ્રહ્મ રૂપરહિત હોવાથી બ્રહ્મનું દર્શન ચાક્ષુષ નથી પરન્તુ દર્શનનો અર્થ જ્ઞાન જ છે, એમ પણ કહેવાય નહિ, કારણ કે "ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप" સ્મૃતિથી જ્ઞાન, દર્શન અને પ્રવેશ ભિન્ન-ભિન્ન જ છે. રાસ વિગેરે વ્યવહાર પ્રમાણસિદ્ધ છે, તેથી ત્યાં પ્રસિદ્ધ કામ, રમણની ઇચ્છા, રમણ વિગેરે સર્વ શુદ્ધ બ્રહ્મના જ ધર્મ છે એમ જાણવું. બ્રહ્મમાં સહજ અનન્ત શક્તિઓ હોવાથી આ સર્વ યોગ્ય જ છે. તેથી કામ સમયે અકામ પણ છે. પ્રિયાના વિપ્રયોગથી ખિન્ન થવાં છતાં પરમાનન્દરૂપ છે. શ્રુતિ જ આવા વિરુદ્ધ ધર્મોનું પ્રતિપાદન કરે છે, તેથી તેમાં શંકા કરવી ઉચિત નથી. એક જ પદાર્થ વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય લોકમાં નથી તેથી બ્રહ્મ તેવું હોઈ શકે નહિ એમ ન કહેવાય, કારણ કે લોકમાં નિર્ધર્મક પણ કોઈ પદાર્થ નથી તેથી બ્રહ્મને તમે નિર્વિશેષ પણ કહી શકો નહિ. વળી ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રમાં વિરુદ્ધ ધર્મનું નિરૂપણ મૃત્સ્નાભક્ષણ પ્રસંગે તથા દામોદરલીલાના પ્રસ્તાવમાં કહેલું છે.

માયાથી ભગવાન્ વિરુદ્ધ ધર્મો દર્શાવે છે એમ કહો તો માયા કેવી છે? માયા એટલે ભગવાન્નું સામર્થ્ય કહેતા હો તો ઇષ્ટ જ છે, પરન્તુ પોતાના સામર્થ્યથી ભગવાન્ ન હોય તે દર્શાવે છે એમ કહેવાય નહિ. માત્ર અસુરોને જ ભગવાન્ તેવું દર્શાવે છે કારણ કે તેઓનો જ તેમને મોહ કરવો છે. માયા બ્રહ્મથી ભિન્ન અસદ્રૂપ અસત્કાર્ય કરનારી છે એમ ન કહેવાય, કારણ કે એમ હોય તો તે સ્વતન્ત્રતાથી કાર્ય કરે કે બ્રહ્મને અધીન રહીને? જડ હોવાથી સ્વતન્ત્રતાથી કાર્ય કરે નહિ. બ્રહ્મને અધીન રહી કાર્ય કરતી હોય તો સુતારના વાંસલા પેઠે કરણ ગણાય. સહજ અનન્ત શક્તિવાળા ભગવાન્ને એવા કરણની અપેક્ષા નથી.

કામ વિગેરે લીલામાત્ર અનુકરણ હોવાથી પ્રિયાવિપ્રયોગ, તેથી થતો ક્લેશ વિગેરે ભગવાન્માં આવવાથી ભગવાન્ના પૂર્ણત્વનો ભંગ થાય એમ પણ કહેવાય નહિ, કારણ કે તેથી પૂર્ણત્વનો ભંગ થતો નથી એમ પ્રાદેશમાત્ર ભગવાન્નું અભિવિમાનિત્વ નિરૂપણ કરી શ્રુતિ કહે છે. વસ્તુત: લીલા માત્ર અનુકરણ નથી. "સર્વકામ: સર્વરસ:" શ્રુતિથી ભગવાન્ સર્વરસરૂપ અને સર્વરસભોક્તા છે. રસમાં શૃંગારરસ મુખ્ય છે, અને તે 'રતિ' નામના સ્થાયિભાવરૂપ છે. તેથી ભગવાન્ શૃંગારરસાત્મક અને શૃંગારરસભોક્તા છે. તેથી રસની જેટલી મર્યાદા છે તે સર્વ ભગવાન્માં છે. એમ ન હોય તો ભગવાન્ના રસરૂપત્વની હાનિ થાય. જો લીલામાત્ર અનુકરણ હોય તો તેથી ભગવાન્ને તેમજ ગોપિકાઓને રસ પ્રાપ્ત થાય નહિ. અન્યોન્ય રસનો આવિર્ભાવ થાય નહિ તો ત્યાં રસ જ નથી એવી રસશાસ્ત્રની મર્યાદા છે. તેથી ભગવાન્ શૃંગારરસસ્વરૂપ હોવાથી પ્રિયાવિપ્રયોગ અને તેના સર્વ કાર્ય ત્યાં છે, માત્ર અનુકરણ નથી. આથી બ્રહ્મત્વની ક્ષતિ થતી નથી, પરન્તુ વિરુદ્ધ સર્વ ધર્મ ઠરવાથી બ્રહ્મત્વ સિદ્ધ થાય છે. બ્રહ્મધર્મોમાં વિરોધ પણ નથી, કારણ કે શ્રુતિ અને ભક્તો ના અનુભવથી તે સિદ્ધ થાય છે. આત્મારામત્વ વિગેરે ગુણો જ બ્રહ્મમાં છે અન્ય નથી એમ હઠથી માનો તો પણ ભક્તોપર અતિશય અનુગ્રહ હોવાથી સ્વરૂપમર્યાદાનો ત્યાગ કરી, ભક્તોને અધીન થઈ તેઓની ઇચ્છા પ્રમાણે લીલા કરતાં ભગવાન્ સર્વભાવ ધારણ કરે છે. આજ ભગવાન્નું પુષ્ટિરૂપ છે, તે ભગવાને પોતે દુર્વાસાને કહેલું છે.

અત્ર ભગવાન્ને શરીર છે એ સિદ્ધાન્ત સહન ન થવાથી નૈયાયિક પૂર્વપક્ષ કરે છે. ભગવાન્ને જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન વિના કોઈ પણ ધર્મ નહિ હોવાથી શરીર નથી, પરન્તુ કાર્ય કરવા જીવના અદૃષ્ટથી પ્રાપ્ત થએલા શરીરમાં ભગવાન્ ભૂતાવેશન્યાયથી પ્રવેશ કરે છે, તે શરીરમાં કાર્ય કરે છે, અને પછી તે શરીરનો ત્યાગ કરે છે.

આ નૈયાયિકનો મત પણ યોગ્ય નથી, કારણ કે જગત્કર્તા ઈશ્વર છે તેથી તેને જગતના ઉપાદાનનું ગોચર અને અપરોક્ષ જ્ઞાન છે એમ તેઓ માને છે. જેમ લોકમાં કર્તાનો કાર્યના ઉપાદાનનું ગોચર અને અપરોક્ષ જ્ઞાન હોવાથી ઈશ્વરમાં એવું જ્ઞાન તેઓ માને છે, તેજ પ્રમાણે લોકમાં શરીરી જ કર્તા હોવાથી ઈશ્વરને પણ શરીર છે એમ તેમણે સ્વીકારવું જ જોઈએ. જ્ઞાન પેઠે શરીર પણ અન્વય-વ્યતિરેકથી સિદ્ધ થાય છે. કુલાલ વિગેરે જેઓ કર્તા છે તેમને શરીર છે. મુક્ત જીવો વિગેરે જેઓને શરીર નથી તેઓ કર્તા નથી. એ પ્રમાણે અન્વય અને

વ્યતિરેક થી સિદ્ધ થતું શરીર અવશ્ય માનવું જોઈએ. નહિ તો ઇચ્છા, જ્ઞાન વિગેરે પણ સિદ્ધ થાય નહિ. શરીર પરિચ્છિન્ન હોવાથી એક સાથે સર્વ દેશમાં કાર્ય કરી શકે નહિ એમ પણ કહેવાય નહિ, કારણ કે અન્યથાનુપપત્તિથી સિદ્ધ થતું શરીર એ દોષ દૂર થાય તેવું જ સિદ્ધ થાય.

શરીર મહત્ અને ઉદ્ભૂત રૂપવાળું હોવાથી ચાક્ષુષ થવું જોઈએ એ દોષ પણ નથી, કારણ કે ઇન્દ્ર વિગેરે દેવોના શરીર પણ અચાક્ષુષ છે તો ભગવાન્નું શરીર તેવું હોય તેમાં આશ્ચર્ય શું?

બ્રહ્મના ધર્મો 'એકમેવાદ્વિતીયમ્' શ્રુતિને લીધે બ્રહ્મથી ભિન્ન નથી. તેમજ અભિન્ન પણ નથી. કારણ કે અભિન્ન હોય તો તે બ્રહ્મ જ ગણાય, ધર્મ ગણાય જ નહિ. તેથી એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન થાય એ પ્રતિજ્ઞાની ઉપપત્તિમાટે બ્રહ્મધર્મો બ્રહ્મના કાર્યો જ છે, અને બ્રહ્મ સર્વ કલ્પના રહિત નિર્વિશેષ છે એવી શંકા કરવી નહિ. સૂર્યનો પ્રકાશ સૂર્યથી વિચ્છેદ વિના દેખાય છે તેથી સૂર્ય નથી એમ કહેવાય નહિ. વળી તે સૂર્યનો જ છે અને તેથી ભિન્ન છે એમ દેખાય છે તેથી તે તેનો ધર્મ પણ છે. તે જ પ્રમાણે બ્રહ્મના ધર્મો પણ ઉભય પ્રકારની શ્રુતિના બલથી બ્રહ્મથી ભિન્ન અને અભિન્ન પણ છે એમ માનવું જોઈએ. તેથી જ સૂત્રકાર પણ "પ્રકાશાશ્રયવદ્ વા તેજસ્ત્વાત્" સૂત્ર યોજે છે. "અણિમાદ્યૈ: મહિમભિ:..." વિગેરે વાક્યોથી બ્રહ્મધર્મો સચ્ચિદાનન્દરૂપ છે. લીલા પણ એવો બ્રહ્મનો ધર્મ હોવાથી નિત્ય જ માનવી.

લીલાનું નિત્યત્વ:

લીલાને ગિરિ, કાનન, યમુનાપુલિન, પશુ, પક્ષી વગેરે અનિત્ય પદાર્થોનો સમ્બન્ધ હોવાથી તે નિત્ય હોઈ શકે નહિ એવી શંકા કરવી નહિ, કારણ કે લીલાનું નિત્યત્વ પણ પ્રમાણથી જ સિદ્ધ થાય છે.

1."જયતિ જનનિવાસો દેવકીજન્મવાદ:" પૃ.213 આ શ્લોકમાં 'અસ્યન્' 'વર્ધયન્' વિગેરે ચાલુ વર્તમાનકાળના રૂપનો પ્રયોગ કરી આ વાક્ય લખાયું ત્યારે પણ લીલા હતી એમ દર્શાવેલું છે. આ વાક્ય લખાયું ત્યારે લીલા થઈ ચુકી એવી સર્વની પ્રતીતિ હતી, છતાં તે સમયે લીલા હતી એમ આ વાક્યથી સિદ્ધ થાય છે. લીલા નિત્ય હોય તો જ આ ઘટે.

2.શ્રીમદ્ભાગતના દશમસ્કધધમાં નામકરણના પ્રસ્તાવમાં સર્વજ્ઞ ગર્ગાચાર્યજી "બહૂનિ સન્તિ નામાનિ" (પૃ. 216) કહે છે. અહીં પણ બહુ નામો અને રૂપો 'સન્તિ' છે એમ કહેલું છે. તે પણ ગુણ અને કર્મ ને અનુરૂપ અથવા તે સમયને યોગ્ય આકાર તથા ક્રિયાવાળા છે. ગુણ અને કર્મ ન હોય ત્યારે પણ ઉપચારથી નામ કહેવાય એમ નથી, કારણ કે નામ ઉપચારથી પડે નહિ. મુખ્યવૃત્તિથી જ હોય. "તારા સુતના બહુ નામ અને રૂપો છે" એમ કહેલું હોવાથી 'નન્દસુત' એ નામ પણ અનાદિ છે. ગર્ગાચાર્યનો પણ નામકરણ લીલામાં સમાવેશ થએલો હોવાથી તે પણ અનાદિ છે. લીલા નિત્ય હોવાથી પૂર્વસિદ્ધ જ લીલાનો ક્રમે-ક્રમે ભગવાન્ની ઇચ્છાથી આવિર્ભાવ થાય છે એમ માનવાથી કાંઈ અનુપપત્તિ રહેતી નથી. સર્વ લીલા નિત્ય

હોવાથી સર્વ કાલે છે. પરન્તુ ભગવાન્ની ઇચ્છા જે લીલાનો જે સમયે આવિર્ભાવ કરવાની હોય તે સમયે તે લીલાનો આવિર્ભાવ હોય છે અન્ય સર્વ લીલાનો તિરોભાવ રહે છે.
3.ઋગ્વેદમાં પણ "તા વાં વાસ્તૂન્યુષ્મસિ ..." પૃ.222 મન્ત્ર છે.
4.તૈત્તિરીયકમાં પણ "તે તે ધામન્યુષ્મસિ" પૃ.223 મન્ત્ર છે. આ મન્ત્રોમાં ભગવાન્નું સ્થાન શ્રીગોકુલ 'અવભાતિ' 'પ્રકાશે છે' એમ નિત્ય વેદ કહે છે. નિત્ય વેદ આ પ્રમાણે વર્તમાનકાળમાં પ્રયોગ કરે છે તેથી ભગવાન્ની લીલાનું સ્થાન શ્રીગોકુલ પણ નિત્ય છે એમ સિદ્ધ થાય છે.
5."વિષ્ણો: કર્માણિ પશ્યત..." 6."તદ્ વિષ્ણો: પરમં પદમ્..." પૃ.224 મન્ત્રો છે. આ પ્રથમ મન્ત્રમાં જે વિષ્ણુના પદનું નિરૂપણ કર્યું તેનો "તદ્ વિષ્ણો: પરમં પદમ્" એમ અનુવાદ કરી, તે નિત્ય છે એમ "સદા પશ્યન્તિ સૂરય:" થી કહેલું છે. 'સૂરિ' એટલે વિદ્વાન્, શબ્દબ્રહ્મ તથા પરબ્રહ્મ જાણનાર. આવું જ્ઞાન ભક્તિથી જ થાય છે, તેથી સૂરિનો અર્થ ભક્તો છે. તેથી કાલિન્દી, ગિરિ વિગેરેવાળું હોવાથી મહત્ અને ઉદ્ભૂતરૂપવાળું હોવા છતાં ભગવાન્નું રૂપ માત્ર ભક્તો જ જુએ છે. "દિવીવ ચક્ષુરાતતમ્" દૃષ્ટાન્તથી અન્ય કેમ જોઈ શક્તા નથી એવી શંકાનો નિરાસ કરે છે. સ્વર્ગમાં માત્ર સુખ જ છે. તે સ્વર્ગમાં રહેનાર જ જોઈ શકે છે અન્ય કોઈ જોઈ શક્તા નથી, તે પ્રમાણે આ પણ માત્ર ભક્તો જ જોઈ શકે છે.
7."તદ્વિપ્રાસો વિપણ્યવ:..." પૃ.233 8."અથ યદિદમસ્મિન્બ્રહ્મપુરે દહર" પૃ.234 અહીં 'પુર' શબ્દથી ભગવાન્નું લીલાસ્થાન શ્રીગોકુલ, મથુરા વિગેરે કહેલું છે. વસ્તુત: તેને જરા અથવા નાશ નથી, પરન્તુ તેની જરા અથવા નાશ થી તેના આશ્રિતનો નાશ થાય એવો પૂર્વપક્ષ કરી, તેને જરા વિગેરેની સમ્ભાવના જ નથી એવો ઉપદેશ કરવા "યત્ એતત્સત્યં બ્રહ્મપુરમ્" કહેલું છે.
8.બૃહદ્વામનપુરાણમાં ભૃગુ વિગેરે પ્રતિ બ્રહ્માના વાક્યો છે. તેમાં પણ વ્યાપિવૈકુણ્ઠ નામનો બ્રહ્માનન્દમય લોક નિર્ગુણ, અનાદિ અને અનન્ત છે એમ કહેલું છે. શ્રુતિઓએ પોતે જેને બ્રહ્મ કહે છે તે પર, વાણી અને મન થી અગોચર, નિર્ગુણ, આનન્દમાત્ર રૂપ દર્શાવવા પ્રાર્થના કરી, ત્યારે કાલિન્દી, વૃન્દાવન, ગોવર્ધન સહિત ભગવાને પોતાનું સ્વરૂપ દર્શાવ્યું. તેથી ભગવાન્નું સર્વવેદાન્તપ્રત્યય રૂપ આ જ છે અને તે નિત્ય જ છે એમ કાંઈ પણ સંશય વિના સિદ્ધ થાય છે.
9."જજ્ઞાન એવ વ્યબાધત" પૃ.239 ઋગ્વેદમન્ત્ર પણ ભગવાન્ની લીલાનું નિરૂપણ કરે છે.
10.વળી દશમસ્કધધમાં કાત્યાયનીના અર્ચન પછી, ભગવાન્ વ્રજકુમારીઓનો "મયેમા રંસ્યથ ક્ષપા:" એમ વરદાન કરે છે. અહીં પણ "આ રાત્રિઓ" શબ્દ હોવાથી ભગવાન્ રમણની સર્વ રાત્રિઓ પોતાની સમીપ રાખી ગોપિકાઓને દર્શાવે છે. તેથી આ રમણની રાત્રિઓ પણ ભગવાને પ્રાત:કાલે વરદાન કર્યું તે સમયે હતી. લીલા નિત્ય હોય તો જ આ સમ્ભવે. ભગવાન્ની સર્વ લીલા નિત્ય છે. પૂર્વસિદ્ધ નિત્ય લીલાનો ક્રમથી ભગવાન્ની ઇચ્છા પ્રમાણે આવિર્ભાવ થાય છે. આ પ્રમાણે માનવાથી કાંઈ પણ અનુપપત્તિ રહેતી નથી.

આધુનિક ભક્તનો નિત્ય લીલા પ્રવેશ:

સુકૃત કરનાર ભગવાન્ના અનુગ્રહવાળી આધુનિક ભક્તનો નિત્ય લીલામાં સમાવેશ થાય કે ન થાય? તેની સાથે ભગવાન્ જે લીલા કરે તે હવેથી કરવાની અથવા 'જન્ય' એટલે ઉત્પત્તિવાળી હોવાથી નિત્ય હોઈ શકે નહિ તેથી નિત્ય લીલામાં તેનો સમાવેશ થાય જ નહિ, એમ ન કહેવાય. ન્યાયશાસ્ત્રમાં ઈશ્વરનું સર્વ જ્ઞાન નિત્ય છે. તેથી ભાવી જન્ય પદાર્થનું ઈશ્વરનું જ્ઞાન પણ નિત્ય છે. તે પ્રમાણે અહીં પણ આધુનિક ભક્ત સાથે ભગવાન્ લીલા કરે તે ભગવાન્ની લીલા પણ નિત્ય જ છે. તેથી આધુનિક ભક્તનો પણ નિત્ય લીલામાં સમાવેશ થાય છે. ધર્મિનું ગ્રહણ કરાવનાર પ્રમાણે વેદથી જ એમ સિદ્ધ થાય છે. બૃહદ્વામન કથામાં પણ "સ્ત્રીઓ તથા પુરુષો ભક્તિભાવથી કેશવને હૃદયમાં ધારણ કરી શ્રુતિની ગતિ પામે છે" એમ છે. તેથી પણ આધુનિક સ્ત્રી અથવા પુરુષ ભોક્તોનો ભગવાન્ની નિત્ય લીલામાં સમાવેશ થાય છે. "મારા અનુમોદનથી સત્ય થવાનો યોગ્ય છે" એમ શ્રુતિઓને ભગવાને કહેલું હોવાથી ભગવાન્ અંગીકાર કરે ત્યારે નિત્ય લીલામાં સમાવેશ થાય છે. સર્વાત્મભાવથી ભજન કરે તેનો ભગવાન્ પણ અંગીકાર કરે છે જ. "વિચક્રમે પૃથિવીમેષ એતામ્" પૃ.250 ઋગ્વેદ મન્ત્રમાં ભગવાન્ના ભક્તો 'ધ્રુવાસ:' અથવા નિત્ય કહેલા છે. જીવ સ્વત: નિત્ય હોવાથી ભગવાન્ના ભક્તો નિત્ય છે એમ કહેવાનું અન્ય પ્રયોજન ન હતું, પરન્તુ નિત્યલીલામાં તેઓનો સમાવેશ હોવાથી જ તેમને નિત્ય કહેલા છે.

પ્રભાસીય લીલા માયિક છે:

પ્રભાસીય લીલા અથવા પ્રભાસમાં ભગવાને આસુરવ્યામોહ લીલા કરી તેની સંગતિ થતી નથી એવી શંકા કરવી નહિ. ભગવાન્ સર્વ લીલા સહિત સદા પ્રકટ છે. જેમ ધર્મરક્ષા, સત્પુરુષોની રક્ષા, ભૂભારહરણ વિગેરે ભગવાન્ની લીલા છે, તેમ આસુરવ્યામોહ પણ લીલા છે. મોહ માયાથી થાય છે. તેથી આસુરવ્યામોહ લીલા માયિક છે. તેથી અસુરો આ લીલાને પણ લૌકિક માને છે, અને ભગવાન્ને પણ લૌકિક માને છે, અને ભગવાન્ને પણ લૌકિક પુરુષ માને છે; પરન્તુ દૈવી પુરુષો તેમ માનતા નથી. અસુરોને જ એ પ્રમાણે મોહ ઉત્પન્ન કરવા ભગવાન્ આસુરવ્યામોહ લીલા કરે છે, તેથી તેઓને જ એવું જ્ઞાન થાય છે. શ્રીકૃષ્ણ લૌકિક પુરુષ નથી, પરન્તુ પરબ્રહ્મ છે એ મૃત્સ્નાભક્ષણ જૃમ્ભ વિગેરે લીલાઓમાં નિરૂપણ કરેલું છે. આ પ્રમાણે ધર્મિનું ગ્રહણ કરાવનાર પ્રમાણોથી શ્રીકૃષ્ણ વિગ્રહ(શરીર) જ બ્રહ્મ સિદ્ધ થાય છે. તેથી વિરુદ્ધ લૌકિકત્વ વિગેરે અસત્ ધર્મોનું અસુરોને મોહ કરવા જ ભગવાન્ પ્રદર્શન કરાવે છે. આ બ્રહ્માણ્ડપુરાણમાં પણ છે. પદ્મપુરાણમાં પણ ભગવાન્ શંકરને પાષણ્ડ મત પ્રવર્તાવવા આજ્ઞા કરે છે ત્યાં પણ ભગવાન્ "હું તારું આરાધન કરીશ" એમ શંકરને કહે છે, તે પણ અસુરોને મોહ કરવાજ; કારણ કે અન્યનું આરાધન કરવું એ જીવનો ધર્મ છે, ભગવાન્નો ધર્મ નથી. જેમ ઇન્દ્રજાલવિદ્યામાં નટ સ્વર્ગમાં જાય છે, ત્યાં યુદ્ધમાં મૃત્યુ પામે છે, નીચે પડે છે, તેની સ્ત્રી તેની સાથે સતી થઈ બળી મરે છે એ સર્વ અનુભવ થાય છે, પરન્તુ પછી નટ જીવતો આવે છે તેથી તેનો બાધ થાય છે, તેમ અહીં પણ "જયતિ જનનિવાસ:"

વિગેરે પ્રમાણોથી ભગવાન્ની પૂર્વની લીલા નિત્ય સિદ્ધ થાય છે, તેથી આસુરવ્યામોહ લીલામાત્ર અસુરોને દર્શાવવા જ છે એમ સિદ્ધ થાય છે. શ્રીશુકદેવજી પણ "ભૂભારરાજપૃતના" થી આરમ્ભી "સઞ્જહ્રે સ્વકુલં વિભુ:" પર્યન્ત આસુરવ્યામોહ લીલાનું નિરૂપણ કરે છે. અહીં 'અસ્વકુલમ્' એવો ગૂઢ પદચ્છેદ છે. તેથી જે યાદવકુલનો સંહાર થયો તે માયિક હતું એવો નિશ્ચય થાય છે.

તેથી ભગવાન્ની સર્વ લીલા નિત્ય છે. ભગવાન્ વિરુદ્ધ સર્વ ધર્મના આશ્રય છે. તેથી ભગવાન્ સર્વ પ્રાકૃત દોષ રહિત છે, તથાપિ શ્રુતિસિદ્ધ જગત્કર્તૃત્વ વિગેરે સર્વ ધર્મ ભગવાન્માં છે. તેથી પ્રાકૃત ધર્મરહિત સકલ અલૌકિક ધર્મયુક્ત ભગવાન્ના શ્રવણ મનન નિદિધ્યાસન કરવાથી જીવ દુ:ખથી મુક્ત થાય છે.

આ પ્રમાણે બ્રહ્મ નિર્વિશેષ છે કે સવિશેષ એ સંશયનો નિર્ણય કરવા ગ્રન્થનો પ્રારમ્ભ કરી, મધ્યમાં જીવ બ્રહ્મનો અંશ છે, ભગવાન્નો દાસ છે, ભક્તિથી મોક્ષ પ્રાપ્ત થાય છે, પ્રપઞ્ચ સત્ય છે, અભાવ કોઈ પદાર્થ નથી પણ વસ્તુના આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે વિગેરે સર્વ સિદ્ધાન્તોનું દિગ્દર્શન કરાવી ભગવાન્નું સત્ય સ્વરૂપ શ્રીમત્પ્રભુચરણે દર્શાવેલું છે. પઞ્ચતન્ત્રમાં જેમ એક મુખ્ય વાર્તામાંથી અન્ય વાર્તાઓ સ્વાભાવિક રીતે નીકળે છે, તેવી રીતે એક સિદ્ધાન્તનું નિરૂપણ કરતાં અન્ય સંશયો થવાથી અન્ય સર્વ મુખ્ય સિદ્ધાન્તોનું નિરૂપણ કરી, પ્રથમના મુખ્ય સિદ્ધાન્તનું નિરૂપણ કરતાં આ ગ્રન્થ સમાપ્ત થાય છે. તેથી ગ્રન્થરચના પણ કેવી ઉત્તમ છે તે વાચકવર્ગના ધ્યાનમાં સહજ આવશે.

એતેન અસ્મત્કુલપતિ: શ્રીગોપીજનવલ્લભ:।
પ્રીતોઽસ્ત્વસ્માસુ તેનૈવ પૂર્ણતા કિમિહાપરૈ:॥

શ્રીવિટ્ઠલનાથ પ્રભુચરણ વિરચિત
॥ વિદ્વન્મણ્ડન ॥

મંગલાચરણ:

વિદ્વાનોનું ભૂષણ

> નિજમુરલિકા-નાદાહ્વાનાગત-વ્રજસુન્દરી-
> નિરુપમ-નવસ્નેહામ્ભોધેર્વિચિત્રતરોર્મિભિ:॥
> કિમપિ પરિતશ્ચાર્દ્રાર્દ્રોઽસ્તુ પ્રભુ: પ્રકટીભવન્
> પ્રતિયુવતિસમ્ભેદેનાસ્મદ્દૃશાં વિષય: સદા॥1॥

પોતાના મુરલિકાના નાદથી બોલાવવાથી આવેલી વ્રજસુન્દરીઓના નિરુપમ નવીન સ્નેહરૂપી સુમદ્રના અતિવિચિત્ર (મનોરથરૂપી) તરંગોથી વર્ણન ન થઈ શકે તેમ સર્વત: આર્દ્ર-આર્દ્ર થઈ રહેલા, દરેક યુવતી સાથે સંગમમાટે પ્રકટ થતા પ્રભુ અમારા ચક્ષુઓનો સદા વિષયહો!

મંગલાચરણ:

પ્રારમ્ભમાં શ્રીમત્પ્રભુચરણ મંગલાચરણ કરે છે. ગ્રન્થ રચતાં કદાપિ વિઘ્ન આવે અને ગ્રન્થ અપૂર્ણ રહે એવું ન થાય એ હેતુથી મંગલાચરણ પ્રારમ્ભમાં કરવાનો આચાર છે. પૂર્વના દુરિતથી વિઘ્ન ઉત્પન્ન થએલા હોય તો તેનો નાશ કરવામાટે અથવા ભવિષ્યમાં વિઘ્ન ઉત્પન્ન થાય એવો સંશય રહેવાથી મંગલાચરણ ગ્રન્થના પ્રારમ્ભમાં કરવાનો આચાર છે. અત્ર એવું કોઈ પણ કારણ નથી. "હે ભારત! જ્યારે-જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મ પ્રસરે છે ત્યારે-ત્યારે હું અવતાર લઉં છું" (ભગ.ગીતા) એ શ્રીમદ્ભગવદ્ગીતાના વાક્ય પ્રમાણે શ્રીમદ્વિઠ્ઠલપ્રભુચરણ ભગવાન્નો અવતાર છે. પ્રભુચરણ ભગવાન્નો અવતાર હોવાથી તેમને પૂર્વના દુરિત નથી, અને સર્વજ્ઞ હોવાથી તેમને સંશય નથી, તેથી જે પ્રયોજનથી મંગલાચરણ કરવાનો આચાર છે તે પ્રયોજન અત્ર નથી. તથાપિ "આ ગ્રન્થનું અધ્યયન સમ્પૂર્ણ થાઓ" એમ અધ્યયન કરવા ઇચ્છનાર શિષ્યોની મંગલસિદ્ધિમાટે, પ્રસંગ હોવાથી, ગ્રન્થારમ્ભમાં પ્રભુચરણ મંગલાચરણ કરે છે.

> "પ્રભુ અમારા ચક્ષુઓનો સદા વિષય હો" કેવા પ્રકારના પ્રભુ ચક્ષુના વિષય હો એ પ્રથમ ત્રણ પાદમાં વર્ણન કરેલું છે. "પોતાના મુરલિકાનાદથી બોલાવવાથી આવેલી વ્રજસુન્દરીઓના નિરુપમ નવીન સ્નેહરૂપી સમુદ્રના અતિ વિચિત્ર તરંગોથી વર્ણન ન થઈ શકે તેમ સર્વત: આર્દ્ર-આર્દ્ર થઈ રહેલા" પ્રભુ અમારા ચક્ષુઓનો વિષય હો. પ્રભુએ પોતાના મુરલિકાનાદથી ગોપિકાઓને બોલાવી છે. 'પોતાની' નહિ, પરન્તુ 'પોતાના' મુરલિકાના નાદથી વ્રજસુન્દરીને બોલાવેલી છે. 'નિજ'નો અન્વય 'નાદ'

સાથે છે, 'મુરલિકા' સાથે નથી. 'નિજ'નો મુરલિકા સાથે અન્વય કરીએ તો પ્રભુની મુરલિકા લઈ અન્ય ગોપ નાદ કરે તો પણ વ્રજસુન્દરીને બોલાવેલી ગણાય, પરન્તુ એમ નથી. સાક્ષાત્ પ્રભુએ કરેલો નાદ જ ગોપિકાઓના આહ્વાનનો જનક છે, અન્ય ગોપે કરેલો નાદ નહિ, એવો ભાવાર્થ છે. પ્રભુએ કરેલા મુરલિકાનાદથી વ્રજસુન્દરીને આહ્વાન થયું. નાદ ગાનરૂપી હોવાથી નાદવડે આહ્વાન સુલભ જ છે. આહ્વાન થવાથી વ્રજસુન્દરીઓ આવી. આ સુન્દરીઓનો ઉપમા ન આપી શકાય એવો નવીન સ્નેહ છે. 'નવીન' અર્થાત્ આધુનિક અથવા ઉત્પન્ન થએલો નહિ પરન્તુ 'અતિવિલક્ષણ'. 'નવીન' એટલે જન્ય નહિ, પરન્તુ ઇતર કોઈ સ્થળે પ્રકટ નહિ થએલો એવો. આ સુન્દરીઓનો પ્રેમ જન્ય નથી, પરન્તુ પ્રભુ પ્રતિ જેવો પ્રેમ પ્રકટ થાય છે તેવો ઇતર કોઈ સ્થળે પ્રકટ થતો નથી. આ પ્રેમ અથવા સ્નેહ એ જ ભક્તિ. શ્રીમદાચાર્યચરણ પણ તત્ત્વદીપનિબન્ધમાં "સ્નેહને ભક્તિ એમ કહે છે" એમ કહે છે. આ સ્નેહ નિરુપમ છે, કારણ કે મોક્ષ સુખથી પણ અધિક છે. આ સ્નેહ અથવા ભક્તિ એ જ સમુદ્ર, અર્થાત્ આ સ્નેહ અતિશય અગાધ છે. એ સમુદ્રના અતિવિચિત્ર તરંગો થાય છે. સમુદ્રમાં જેમ તરંગ થાય છે તેમ વ્રજસુન્દરીઓને સ્નેહને લીધે અતિ વિચિત્ર મનોરથ ઉત્પન્ન થાય છે. આ અતિવિચિત્ર મનોરથીરૂપી તરંગોથી વર્ણન ન થઈ શકે એમ પ્રભુ સર્વત: આર્દ્ર-આર્દ્ર થઈ રહે છે. આ અતિવિચિત્ર તરંગોથી વ્રજસુન્દરીઓની સઙ્ખ્યા ઘણી મોટી હોવાથી પ્રભુ સર્વત: આર્દ્ર થાય છે. પ્રભુ આર્દ્ર-આર્દ્ર અથવા અતિશય આર્દ્ર થાય છે. આ સ્થિતિ બહુ કાલ સુધી રહેવાથી પ્રભુ અતિશય આર્દ્ર થાય છે. આ સ્થિતિ બહુ કાલ સુધી રહે છે તેથી પ્રભુની વ્રજસુન્દરીપર અતિશય કૃપા છે એમ સૂચવાય છે.

વળી પ્રભુ દરેક યુવતી સાથે સંગમમાટે પ્રકટ થાય છે, અર્થાત્ જેટલી ગોપયુવતી છે તેટલાં પોતાનાં રૂપ ધારણ કરે છે અને આ પ્રમાણે દરેક યુવતી સાથે સંગમમાટે યુવતીની સંખ્યા જેટલાં રૂપ પ્રકટ થાય છે.

"વ્રજસુન્દરીના સ્નેહરૂપી સમુદ્રના તરંગોથી આર્દ્ર-આર્દ્ર થઈ રહેલા અને દરેક યુવતી સાથે સંગમમાટે પ્રકટ થતા પ્રભુ અમારા ચક્ષુઓનો સદા વિષય હો" આ આશીર્વાદરૂપી મંગલાચરણ છે. કારણ કે "પ્રભુ અમારા ચક્ષુઓનો વિષય હો" એ આશિષ છે. વળી આ મંગલાચરણમાં વસ્તુનિર્દેશ અર્થાત્ ગ્રન્થમાં જે વિષય આવવાનો હોય તેનું નિરૂપણ પણ છે. ભગવાન્ની નિત્યલીલા ગ્રન્થમાં સિદ્ધ કરવાની છે, તેનું અહીં વર્ણન કરેલું છે. મંગલાચરણ ત્રણ પ્રકારનાં છે :

1.આશીર્વાદરૂપ
2.નમનરૂપ
3.વસ્તુનિર્દેશરૂપ.

આ ત્રણમાંથી પ્રથમ શ્લોકમાં આશીર્વાદરૂપ અને વસ્તુનિર્દેશરૂપ મંગલાચરણ થયાં.

પિતૃચરણાન્ નત્વાહં હરિરતિમાર્ગાંબુજાતમાર્તણ્ડાન્।
તદનુગ્રહત: કિઞ્ચિદ્ લિખામિ યત્નાદ્ યથાબુદ્ધિ॥2॥

હરિરતિમાર્ગરૂપી કમલના સૂર્યરૂપી પિતૃચરણને નમન કરી, તેમના અનુગ્રહથી યત્ન કરી યથાબુદ્ધિ કાંઈક લખુંછું.

શ્રુતિસૂત્રાદિ-મણિભિ: જટિતં યુક્તિમૌક્તિકૈ:।
ગ્રથિતં કુરુતે વિદ્વન્મણ્ડનં વિટ્ઠલ: સુધી:॥3॥

શ્રુતિ સૂત્ર વિગેરે રૂપી મણિઓથી જડેલું યુક્તિરૂપી મોતીઓથી ગ્રથેલું વિદ્વન્મણ્ડન સદ્બુદ્ધિવાળા શ્રીવિઠ્ઠલ કરેછે.

હવે દ્વિતીયશ્લોકમાં પ્રભુચરણ નમનરૂપ મંગલાચરણ કરે છે.

હરિરતિમાર્ગ અર્થાત્ હરિમાં રતિ અથવા પ્રેમ જે માર્ગમાં છે તે માર્ગ, અથવા હરિની રતિ અથવા પ્રેમ જેમાં છે તે માર્ગ, તેથી હરિરતિમાર્ગનો અર્થ 'પુષ્ટિમાર્ગ' થાય છે. આ પુષ્ટિમાર્ગરૂપ કમળ છે. તેના સૂર્યરૂપ પિતૃચરણ શ્રીમદાચાર્યચરણ છે. કમલ સૂર્યથી ખીલે છે. કમલને સૂર્ય ખીલાવે છે તેમ જ પુષ્ટિમાર્ગને શ્રીમદાચાર્યચરણે પ્રકટ કર્યો છે, તેથી શ્રીમદાચાર્યચરણ આ પુષ્ટિમાર્ગરૂપી કમલને ખીલાવનાર સૂર્ય છે. સૂર્યને માટે મૂલ શ્લોકમાં 'માર્તણ્ડ' શબ્દ છે. 'અણ્ડ' એટલે બ્રહ્માણ્ડ મૃત થયું અથવા નાશ પામ્યું ત્યારે તેમાં સૂર્ય થયો, તેથી તે 'માર્તણ્ડ' કહેવાય છે, એવી આ શબ્દની પઞ્ચમ સ્કધધમાં વ્યુત્પત્તિ છે; તેથી શ્રીમદાચાર્યચરણે ભક્તિમાર્ગનો પ્રકાશ કર્યો તે પહેલાં આ જગત્ મૃત જેવું જ હતું એવો આ 'માર્તણ્ડ' શબ્દનો ભાવાર્થ છે. શ્રીવલ્લભાષ્ટકમાં પણ "આપ જો આવિર્ભાવ પામ્યા ન હોત" શ્લોકમાં આ જ આશય છે. પુષ્ટિમાર્ગરૂપી કમલના સૂર્યરૂપ પિતાને (શ્રીઆચાર્ય-ચરણને) નમન કરી, તેમની જ કૃપાથી, બુદ્ધિ પ્રમાણે યત્નથી કાંઈ લખું છું. આ પ્રમાણે શ્રીમદ્વિઠ્ઠલેશ્વર પ્રભુચરણ પિતૃચરણને નમન કરી ગ્રન્થ રચવાની પ્રતિજ્ઞા કરે છે.

શ્રુતિ-સૂત્ર વિગેરેરૂપી મણિઓથી જડેલું વિદ્વન્મણ્ડન શ્રીમત્પ્રભુચરણ રચે છે. 'વિગેરે' શબ્દથી શ્રીમદ્ભગવદ્ગીતાનો સમાવેશ થાય છે, તેથી આ વિદ્વન્મણ્ડન શ્રુતિ અથવા વેદ, વ્યાસસૂત્ર, વ્યાસજીની સમાધિભાષા શ્રીમદ્ભાગવત અને શ્રીકૃષ્ણવાક્ય શ્રીમદ્ભગવદ્ગીતા એ પ્રમાણચતુષ્ટય વાક્યરૂપ મણિઓથી જડેલું છે. આભૂષણ મણિઓથી જડેલું હોય તો પણ મુક્તાફલથી અતિશય શોભે છે. તેથી મણિજડિત વિદ્વન્મણ્ડનમાં પણ યુક્તિરૂપી મોતી ગ્રથેલાં છે. વળી આ વિદ્વન્મણ્ડન રચનાર પણ 'શ્રીવિઠ્ઠલ' છે. 'વિદા' એટલે જ્ઞાનથી, 'ઠા:' એટલે શૂન્ય, અને 'લાતિ' એટલે નાશ કરે છે અથવા દૂર કરે છે. જ્ઞાનથી શૂન્ય અર્થાત્ મૂર્ખને દૂર કરનાર, એટલે તેમને જ્ઞાન આપી તેમની મૂર્ખાઈનો નાશ કરનાર એવી 'વિઠ્ઠલ'પદની વ્યુત્પત્તિ છે. શ્રીવિઠ્ઠલ જ્ઞાનનું દાન કરી અજ્ઞાન દૂર કરે છે. જ્ઞાનનું દાન કરનાર શ્રીવિઠ્ઠલ આ 'વિદ્વન્મણ્ડન' ગ્રન્થ રચે છે. આ 'વિદ્વન્મણ્ડન' અથવા વિદ્વાનોનાં ભૂષણરૂપ ગ્રન્થના

અધ્યયનરૂપી ધારણથી સભામાં વિજય થશે, તેથી આભૂષણ ધારણ કરવાથી વિજયરૂપી શોભા પ્રાપ્ત થશે એવો ભાવાર્થ છે.

કોઈ પણ વિષયમાં સંશય હોય તેનું નિવારણ કરવા ગ્રન્થ રચાય તો યોગ્ય કહેવાય. કોઈ સ્થળે સંશય ન હોય તો ગ્રન્થ રચવાનું કાંઈ પણ પ્રયોજન રહે નહિ. આ ગ્રન્થ પણ કોઈ સંશય દૂર કરવા રચેલો હોવો જોઈએ, નહિ તો ગ્રન્થ રચવામાં કાંઈ પ્રયોજન ન હોવાથી તે નિરર્થક થઈ જાય, તેથી પ્રથમ સંશય દર્શાવે છે.

સંશય : આ જગતમાં વિવિધ દુ:ખના તાપથી લોકો તપે છે, અનેક જન્મથી દુ:સહ દુ:ખથી લોકો પીડાય છે. તેઓના મોક્ષમાટે શ્રુતિમાં અને પુરાણોમાં શ્રવણ, મનન અને નિદિધ્યાસન નું પ્રતિપાદન કરવામાં આવેલું છે. આ લોકો શ્રવણ ઇત્યાદિ કરે તો તેમને મોક્ષ પ્રાપ્ત થાય અને દુ:ખ નાશ પામે, એમ વેદ અને પુરાણ ઉપદેશ કરે છે. આ શ્રવણ વિગેરે બ્રહ્મના જ કરવાનાં કહેલા છે. બ્રહ્મ અથવા ભગવાન્ નું શ્રવણ મનન અને નિદિધ્યાસન કરે તો દુ:ખથી પીડાતા લોકો દુ:ખથી મુક્ત થઈ મોક્ષ પ્રાપ્ત કરે. "આત્માનું (પરમાત્માનું) દર્શન કરવું, શ્રવણ કરવું, મનન કરવું, અને નિદિધ્યાસન કરવું" શ્રુતિ અને "વિષ્ણુનું શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન" એ પુરાણવાક્ય એ જ ઉપદેશ કરે છે. બ્રહ્મના શ્રવણ ઇત્યાદિ કરવાના છે. બ્રહ્મ ધર્મવાળું છે કે ધર્મરહિત છે? બ્રહ્મને ગુણ છે કે નથી? એ સંશય થાય છે. આ સંશય દૂર કરવો એ આ ગ્રન્થ રચવાનું એક પ્રયોજન છે. આ સંશય ઉત્પન્ન થવાનું કારણ એ છે કે બ્રહ્મને કેટલાક વેદવાક્યમાં નિર્ધર્મક અથવા ધર્મરહિત કહેલું છે, અને કેટલાકમાં સધર્મક કહેલું છે. તે જ પ્રમાણે કેટલાક પુરાણ વાક્યમાં સધર્મક અને કેટલાકમાં નિર્ધર્મક કહેલું છે.

કઈ શ્રુતિ અને કયા પુરાણવાક્યમાં બ્રહ્મ નિર્ધર્મક કહેલું છે અને ક્યાં-ક્યાં તેને સધર્મક કહેલું છે તે જણાવે છે. પ્રથમ નિર્ધર્મક વાક્યો જણાવે છે.

1. બ્રહ્મસ્વરૂપ વિષયમાં વિષયવાક્યોનું નિરૂપણ:

આ જગત્માં વિવિધ દુ:ખના તાપથી તપતા સર્વજનના મોક્ષમાટે શ્રુતિ-પુરાણોમાં શ્રવણ વિગેરેનું પ્રતિપાદન કરેલું છે; અને શ્રવણ વિગેરેનો વિષય બ્રહ્મ જ કહેલો છે. તે બ્રહ્મ નિર્ધર્મક કે સધર્મક? એવી જીજ્ઞાસુની શંકા થાય છે, કારણ કે તેનું ઉભયરૂપથી વર્ણન કરેલું છે. કારણ કે

1."હવે અહીંથી નેતિ-નેતિ એવો આદેશ છે"

1."હવે અહીંથી નેતિ નેતિ એવો આદેશ છે" આ વાક્ય બૃહદારણ્યક ઉપનિષદ્માં મૂર્તામૂર્ત બ્રાહ્મણમાં છે. આ વાક્ય પ્રપઞ્ચમાં મૂર્ત અને અમૂર્ત એવાં બે રૂપ છે તેનો બ્રહ્મમાં નિષેધ કરે છે. મૂર્ત અર્થાત્ અમૂર્ત પરિમાણવાળું, અમુક કદવાળું અથવા ક્રિયાવાળું. મૂર્ત નહિ તે અમૂર્ત. પ્રપઞ્ચમાં મૂર્ત અને અમૂર્ત એવા બે રૂપ છે. અમુક પદાર્થ જેવાં કે વૃક્ષ, પશુ, મનુષ્ય

વિગેરે મૂર્ત છે અને અમુક પદાર્થો જેવાં કે આકાશ, દિશા, વિગેરે અમૂર્ત છે. બ્રહ્મમાં મૂર્ત અથવા અમૂર્ત રૂપ નથી એમ આ વાક્ય કહે છે.

2."હાથ-પગરહિત દોડનાર અને ગ્રહણ કરનાર ચક્ષુવિના જુએ છે અને કર્ણ વિના સાંભળે છે" (શ્વેતા.ઉપ.3।)

3."તેણે કહ્યું ગાર્ગિ! આ તે અક્ષર છે જેને બ્રાહ્મણો અસ્થૂલ, અનણુ, અહ્રસ્વ, અદીર્ઘ, અલોહિત, અસ્નેહ, અચ્છાય, અતમ:, અવાયુ, અનાકાશ, અસંગસ્પર્શ, અગન્ધ, અરસ, અચક્ષુષ્ક, અશ્રોત્ર, અવાક્, અમન:, અતેજસ્ક, અપ્રાણ, અમુખ, અનામ, અગોત્ર, અજર, અમર, અભય, અમૃત, અરજ:, અશબ્દ, અવિવૃત્ત, અસંવૃત્ત, અપૂર્વ, અનપર, અનન્તર, અબાહ્ય કહે છે. કોઈ તેનો ભોગ કરતું નથી, તે કોઈનો ભોગ કરતું નથી"(બૃહદા.ઉપ.3।8)

2."હાથ-પગ રહિત દોડનાર અને ગ્રહણ કરનાર, ચક્ષુવિના જુએ છે અને કર્ણ વિના સાંભળે છે" આની પછી "તે જાણવાનું જાણે છે, તેને જાણનારા કોઈ નથી, તેને અગ્ર મહાન્ પુરુષ કહે છે" વાક્ય છે. અજ્ઞાનના સાક્ષી તરીકે જતો હોય તેમ ભાસે છે તેથી દોડનાર છે. અજ્ઞાનના સાક્ષી તરીકે ગ્રહણ કરતો હોય તેમ જણાય છે તેથી ગ્રહણ કરનાર. તે જ પ્રમાણે અજ્ઞાનના સાક્ષી તરીકે જોતો હોય અને સાંભળતો હોય તેમ ભાસે છે તેથી તે "જુએ છે" અને "સાંભળે છે" એમ ઉપદેશ છે. વસ્તુત: તેને પગ હાથ ચક્ષુ: અથવા કર્ણ નથી તેથી તે દોડી, ગ્રહણ કરી, જોઈ અથવા સાંભળી શકે નહિ, પરન્તુ અજ્ઞાનના સાક્ષી તરીકે આ કાર્ય કરતો હોય તેમ ભાસે છે તેથી "તે કાર્ય કરે છે" એમ લખ્યું છે.

3."તેણે કહ્યું ગાર્ગિ! આ તે અક્ષર છે જેને બ્રાહ્મણો તે કોઈનો ભોગ કરતું નથી" 'અસ્થૂલ' અર્થાત્ સ્થૂલથી ભિન્ન. તે સ્થૂલથી ભિન્ન છે, સ્થૂલ નથી. 'અનણુ' અણુથી ભિન્ન. હ્રસ્વથી ભિન્ન. 'અદીર્ઘ' દીર્ઘથી ભિન્ન. આ ચાર વિશેષણ પરિમાણ અથવા કદનો નિષેધ કરે છે. તેને પરિમાણ નથી. 'અલોહિત' રાતું નહિ તે. અલોહિત હોવાથી તે અગ્નિથી ભિન્ન છે અથવા અગ્નિ નથી. 'અસ્નેહ' સ્નેહરહિત. સ્નેહ જલનો ગુણ છે. લોટ અથવા બીજા કોઈ પ્રકારના ભૂકામાં જલ નાખીએ તો તેના અણુઓ એકત્ર થઈ જાય છે અને તેનો પિણ્ડ બનાવાય છે. જલના જે ગુણને લીધે આ પ્રમાણે અણુઓ એકત્ર થાય છે તેને 'સ્નેહ' કહે છે. તે સ્નેહરહિત હોવાથી જલ નથી. 'અચ્છાય' છાય અથવા દીપ્તિથી ભિન્ન. 'અતમ:' અન્ધકારથી ભિન્ન. 'અવાયુ' વાયુથી ભિન્ન. 'અનાકાશ' આકાશથી ભિન્ન. પ્રથમ ચાર વિશેષણથી પરિમાણનો નિષેધ કર્યો, તેથી તે મૂર્ત નથી એમ સિદ્ધ થયું. વાયુ અને આકાશ થી ભિન્ન હોવાથી તે અમૂર્ત દ્રવ્ય પણ નથી. 'અસંગ' સંગથી ભિન્ન. તેને વાસના પણ નથી. 'અસ્પર્શ' સ્પર્શથી ભિન્ન. 'અગન્ધ' ગન્ધથી ભિન્ન. 'અરસ' રસથી ભિન્ન. આ વિશેષણો રૂપ, રસ, ગન્ધ વિગેરે ગુણનો નિષેધ કરે છે. 'અચક્ષુષ્ક' ચક્ષુથી ભિન્ન. 'અશ્રોત્ર' કર્ણથી ભિન્ન. 'અવાક્' વાણીથી ભિન્ન. 'અમન:' મનથી ભિન્ન. આ વિશેષણો તે ચક્ષુ વિગેરે ઇન્દ્રિય નથી એમ કહે છે. 'અતેજસ્ક' તેજ અથવા વૃત્તિરૂપ જ્ઞાનથી ભિન્ન. 'અપ્રાણ' પ્રાણથી ભિન્ન. 'અમુખ' મુખથી ભિન્ન. 'અનામ' નામ અર્થાત્ નામથી ઉપલક્ષિત શરીરથી ભિન્ન વિગેરે.

‘અવિવૃત્ત’ ખુલ્લું નહિ તે. ‘અનન્તર’ અછિદ્ર. ‘અસંવૃત્ત’ ઢાંકેલું નહિ તે. પ્રત્યેકનો નિષેધ કરવો અશક્ય હોવાથી ભોક્તા અથવા ભોગ્ય તરીકે સર્વને ગણી તેમનો નિષેધ કરે છે. કોઈ તેનો ભોગ કરતું નથી, તે કોઈનો ભોગ કરતું નથી, અર્થાત્ તે ભોગ્ય નથી અને ભોક્તા પણ નથી.

4."દિવ્ય અમૂર્ત પુરુષ સબાહ્યાભ્યન્તર અજ છે” (મુંડકોપ.5)

5."શરીરોમાં અશરીર, અનવસ્થમાં અવસ્થિત, મહાન્ વિભુ આત્માનું મનન કરી, ધીર શોક કરતો નથી” (કઠોપ.2।1)

4."તે દિવ્ય અમૂર્ત પુરુષ સબાહ્યાભ્યન્તર અજ છે” મુણ્ડકોપનિષત્. ‘દિવ્ય’ અર્થાત્ દ્યોતનવાળો અથવા ‘દિવિ’ એટલે પોતામાં જ ‘ભવ:’ એટલે ઉત્પન્ન થએલો, અર્થાત્ અલૌકિક. ‘અમૂર્ત’ અર્થાત્ પ્રથમ મૂર્તિથી રહિત. ‘પુરુષ’ અર્થાત્ પૂર્ણ. ‘સબાહ્યા-ભ્યન્તર’ અર્થાત્ બહારના અને અંદર ના સાથે રહે છે તે. ‘અજ’ પોતાથી અન્ય કોઈ પણ નિમિત્ત નહિ હોવાથી કોઈ પણ પદાર્થમાંથી ઉત્પન્ન થતો નથી તેથી ‘અજ’ આ પદથી સર્વ ભાવવિકારનો નિષેધ થાય છે. કારણ કે સર્વ ભાવવિકાર જન્ય છે અથવા ઉત્પન્ન થાય છે, અને આ અજ અથવા અજન્ય છે. ‘અજ’ પદથી જ જરા, મરણ, ભય, ક્ષય વિગેરેનો નિરાસ થાય છે. આ પ્રમાણે આ શ્રુતિનો અર્થ માયાવાદી કરે છે.

સિદ્ધાન્ત પ્રમાણે અર્થ ભિન્ન છે. ‘દિવ્ય’ અર્થાત્ અલૌકિક, ‘અમૂર્ત’ આટલું, એમ પરિમાણ અથવા કદ રહિત, ‘સબાહ્યાભ્યન્તર’ માંથી ‘સ’ પદ છુટું છે. ‘સ’=તે, લોક અને વેદ માં પ્રસિદ્ધ. બાહ્યાભ્યન્તર=બહાર અને અંદર રહે છે તે.

5."શરીરોમાં અશરીર, અનવસ્થમાં અવસ્થિત મહાન્ વિભુ આત્માનું મનન કરી ધીર શોક કરતો નથી” શંકરાચાર્યના મત પ્રમાણે આનો અર્થ નીચે પ્રમાણે છે : અશરીર= સ્વરૂપથી આકાશ જેવું. શરીરોમાં-દેવ, નાનાં પ્રાણી વિગેરે રૂપોમાં. અનવસ્થ=અવસ્થા રહિત, અથવા નશ્વર પદાર્થમાં અવસ્થિત રહેલું તેથી નિત્ય અને વિકારરહિત એવો અર્થ થાય છે. ‘મહાન’ અને ‘વિભુ’. ‘મહત્’ (મોટું) શબ્દ લઘુની અપેક્ષા રાખનાર હોવાથી ‘વિભુ’ અર્થાત્ વ્યાપક પણ કહ્યું. પોતાનાથી ભિન્ન નથી, પોતાથી અનન્ય છે એમ દર્શાવવા ‘આત્મા’ શબ્દનો પ્રયોગ કર્યો છે. એવા આત્માનું મનન કરીને, "આ હું છું” એમ જાણીને, ધીર અર્થાત્ બુદ્ધિમાન્ પુરુષ શોક કરતો નથી, અર્થાત્ શોકથી મુક્ત થાય છે.

સિદ્ધાન્તમાં આ જીવપ્રકરણ નથી પરન્તુ બ્રહ્મપ્રકરણ છે. કારણ કે પૂર્વે "સર્વ વેદ જેના પદનું ધ્યાન કરે છે” ઇત્યાદિ કહેલું છે. અર્થ નીચે પ્રમાણે થાય છે : અશરીર-શરીર અથવા વિશરણ, એટલે નાશ પામવાનો સ્વભાવ જેમાં નથી તે. અર્થાત્ જેના ધર્મ નિત્ય છે અથવા લૌકિક શરીર જેને નથી તે. મહાન્=સર્વ પ્રકારે મોટું, "તેની સમાન કોઈ નથી” ઇત્યાદિ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સર્વપ્રકારે મોટું. વિભુ=વ્યાપક. અનવસ્થ =અવસ્થારહિત અર્થાત્ જેનો તિરોભાવ થાય છે એવા પદાર્થોમાં અવસ્થિત રહેલું.

શંકરાચાર્યના અર્થ પ્રમાણે અશરીર, મહાન્ અને વિભુ એ ત્રણે પદ એક જ અર્થનો બોધ કરનાર હોવાથી બે પદ વ્યર્થ થાય છે.

6."પ્રાણરહિત મનરહિત શુભ્ર" (મુણ્ડકોપ.1।
7."આ પુરુષ અસંગ છે" (બૃહદા.ઉપ.4।15)
ઇત્યાદિ શ્રુતિઓ, અને
8."આ અવ્યક્ત અચિન્ત્ય" (ભગ.ગીતા 2।)
9."તે સત્ કે અસત્ કહેવાતું નથી" (ભગ.ગીતા13।)
10."તે દેવ અસુર મર્ત્ય કે તિર્યક્ નથી, સ્ત્રી ષણ્ઢ પુમાન્ કે જન્તુ નથી, ગુણ કે કર્મ નથી, સત્ કે અસત્ નથી. નિષેધશેષ અશેષ જય પામો" (ભાગ.પુરા.8।24)
ઇત્યાદિ પુરાણવાક્યો નિર્વિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે.

6."પ્રાણરહિત મનરહિત શુભ્ર" શુભ્ર=શુદ્ધ. 'પ્રાણરહિત' આદિ પદ કરણનો નિષેધ કરે છે.
7."આ પુરુષ અસંગ છે" આ જીવપ્રકરણ છે. સ્વપ્નમાં સ્ત્રીનો સંગ, સ્મરણ ઇત્યાદિ થાય તેના પાપથી જીવ લેપાતો નથી, એવો અર્થ છે. આ અર્થ માયાવાદમાં અને સિદ્ધાન્તમાં તુલ્ય જ છે. આ શ્રુતિઓ બ્રહ્મ નિર્ધર્મક છે એમ પ્રતિપાદન કરે છે.

બ્રહ્મને નિર્ધર્મક વર્ણવનારી સ્મૃતિઓ હવે કહે છે.

8."આ અવ્યક્ત અચિન્ત્ય" જીવપ્રકરણમાં આ વાક્ય છે. અવ્યક્ત= અદૃશ્ય અથવા અસ્પષ્ટ. અચિન્ત્ય=વિચારી ન શકાય તેવો.
9."તે સત્ કે અસત્ કહેવાતું નથી" જ્ઞેય (બ્રહ્મ) વિષે આ વાક્ય કહેલું છે. સત્=નામ અને રૂપ થી સ્પષ્ટ થએલું. અસત્=નામ અને રૂપથી સ્પષ્ટ નહિ થએલું.
10."તે દેવ અસુર ... નિષેધશેષ અશેષ જય પામો" શ્રીમદ્ભાગવતમાં આઠમા સ્કધધમાં આ ગજેન્દ્રનું વાક્ય છે. અહીં દેવ વિગેરેના નિષેધથી તેઓના રૂપનો નિષેધ કરેલો છે. અર્થાત્ તે દેવરૂપ, અસુરરૂપ વિગેરે નથી. "જન્તુ નથી" ત્રણે જાતિથી શૂન્ય સર્વ પ્રાણીઓનો નિષેધ કરેલો છે. સર્વનો નિષેધ કર્યા પછી બાકી જે રહે તે નિષેધશેષ. વળી માયાથી સર્વરૂપ પણ તે જ છે. તેથી "નિષેધશેષ અશેષ" કહેલું છે. એવો શંકરાચાર્ય પ્રમાણે અર્થ થાય છે. સિદ્ધાન્તમાં વિરુદ્ધ સર્વધર્મનો આધાર હોવાથી સર્વાત્મક છે, તેથી 'અશેષ' કહેલું છે.

એ પ્રમાણે નિર્વિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરનાર શ્રુતિ અને સ્મૃતિઓ કહી, હવે સવિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરનાર શ્રુતિ અને સ્મૃતિઓ કહે છે.

11."જેમાંથી આ ભૂતો ઉત્પન્ન થાય છે, જેનાથી ઉત્પન્ન થએલાં જીવે છે, જેમાં લય પામી તન્મય થાય છે" (તૈત્તિ.ઉપ.3।
12."ખરે, આનન્દમાંથી જ આ સર્વ ભૂતો ઉત્પન્ન થાય છે"
(તૈત્તિ.ઉપ.2)
13."તેણે વિચાર્યું; તેણે 'હું બ્રહ્મ છું' એમ આત્માને જ જોયું"
14."સર્વને વશ રાખનાર સર્વનો ઇશાન" (બૃહદા.ઉપ.4।22)
15."જે સર્વજ્ઞ સર્વશક્તિ" (મુણ્ડકોપ.1।9)
16."વિશ્વત: ચક્ષુવાળા, વિશ્વત: મુખવાળા, વિશ્વત: બાહુ-વાળા, વિશ્વત: પાદવાળા એક(જ) દેવ દ્યાવાપૃથિવીને ઉત્પન્ન કરતા બાહુવડે પતત્રવડે સંયોગ કરે છે" (શ્વેતા.ઉપ.3।
17."સર્વકામ, સર્વગન્ધ, સર્વરસ..." (છાન્દો.ઉપ.3।14)

11."જેમાંથી આ ભૂતો... ઉત્પન્ન થાય છે" આ બ્રહ્મનું લક્ષણ છે. 'આ ભૂતો' અર્થાત્ બ્રહ્માથી આરમ્ભી તૃણના તણખલાં સુધીના સર્વ પ્રાણીઓ જીવે છેપ્રાણ ધારણ કરે છે. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કાલમાં પણ પ્રાણીઓ બ્રહ્માત્મતાનો ત્યાગ કરતા નથી. શંકરાચાર્યના મતમાં ઉપહિત અર્થાત્ માયાની ઉપાધિવાળું બ્રહ્મ જ જગતનું ઉપાદાન કારણ હોવાથી આ પરબ્રહ્મનું વાસ્તવિક લક્ષણ નથી, પરન્તુ તટસ્થ લક્ષણ છે. સિદ્ધાન્તમાં પરબ્રહ્મ જ જગતનું ઉપાદાન કારણ છે. જે પદાર્થની અમુક વસ્તુ બને છે તે વસ્તુનું તે પદાર્થ ઉપાદાન કારણ કહેવાય છે; જેમકે માટીનો ઘડો બને છે, તેમાં માટી ઘડાનું ઉપાદાન કારણ છે.
12."તેણે વિચાર્યુ ... જોયું" શંકરાચાર્યના મતમાં આ વિચારનાર 'તે' સંસારી છે. સિદ્ધાન્તમાં તે બ્રહ્મ જ છે.
13."સર્વને વશ રાખનાર. સર્વનો ઈશાન" ઈશાન=રાજ કરનાર.
16."વિશ્વત: ચક્ષુવાળા ... સંયોગ કરે છે" બ્રહ્માથી આરમ્ભી તૃણના તણખલાં સુધીના સર્વના ચક્ષુ જેના છે તે વિશ્વત: ચક્ષુવાળા. આગળ પણ એ જ પ્રમાણે અર્થ કરવો. 'ચક્ષુ:' વિગેરે પદ સર્વ ઇન્દ્રિયોના ઉપલક્ષક છે, સર્વ ઇન્દ્રિયોમાટે આ પદો યોજેલાં છે. 'પતત્ર' પતનના સાધન (અ)પગો અને (આ)પાંખો.
17."સર્વકામ સર્વગન્ધ સર્વરસ" આ શ્રુતિઓ બ્રહ્મને સવિશેષ કહે છે.

ઇત્યાદિ શ્રુતિઓ અને

"સર્વત્ર પાણિ અને પાદ ના અન્તવાળું, સર્વત્ર અક્ષિ શિર: અને મુખવાળું, સર્વત્ર કર્ણવાળું, લોકમાં સર્વ ઢાંકીને રહે છે"
(ભગ.ગીતા 13।
"નિર્દોષ અને પૂર્ણગુણ વિગ્રહવાળા, આત્મતન્ત્ર નિશ્ચેતન શરીરના ગુણવિનાના, કેવલ આનન્દના જ કર, પાદ, મુખ, ઉદર વિગેરે વાળા અને સર્વત્ર સ્વગત ભેદરહિત" (નારદપઞ્ચ.)
ઇત્યાદિ સ્મૃતિઓ સવિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. આ બેમાંથી યોગ્ય શું છે?

વળી સવિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરનારી સ્મૃતિઓ પણ છે : "સર્વત્ર પાણિ અને પાદ નાં અન્તવાળું .. સર્વ ઢાંકીને રહે છે" (ભગવદ્ગીતા અધ્યાય 13.2). "નિર્દોષ અને પૂર્ણ ગુણ વિગ્રહવાળા સ્વગતભેદ રહિત" (નારદપઞ્ચરાત્ર).

આ ગ્રન્થના પ્રારમ્ભમાં બ્રહ્મસ્વરૂપનો વિચાર આરંભ્યો છે. વિચાર કરવામાં ચાર વસ્તુની અપેક્ષા છે.

1.વિષય અથવા જે વાતનો વિચાર કરવાનો હોય તે. અહીં વિષય બ્રહ્મ અર્થાત્ બ્રહ્મસ્વરૂપ છે એમ પ્રથમ કહેલું છે.

2.વિશય અથવા સંશય. અહીં બ્રહ્મ નિર્વિશેષ છે કે સવિશેષ છે એ સંશય છે એમ પણ કહેલું છે. આ સંશયનું મૂલ ઉભય પ્રકારની શ્રુતિ અને સ્મૃતિ છે એમ કહી, ઉભય પ્રકારની શ્રુતિ અને સ્મૃતિ કહી. હવે આ બેમાંથી યોગ્ય શું છે એમ પ્રશ્ન કરી, ઉત્તરમાં પ્રથમ પૂર્વપક્ષ કરે છે.

3.પૂર્વપક્ષ. અહીં બ્રહ્મને નિર્વિશેષ માનનાર શંકરાચાર્ય પૂર્વપક્ષી છે.

4.સિદ્ધાન્ત. પૂર્વપક્ષ પૂરો થયા પછી, પૂર્વપક્ષના ખંડનપૂર્વક સિદ્ધાન્ત અથવા સ્વમતનું સ્થાપન કરવામાં આવશે.

---

2. બ્રહ્મનું નિર્વિશેષત્વ પ્રતિપાદક વાક્યોનો વિચાર:

પૂર્વપક્ષ: બ્રહ્મ નિર્વિશેષ જ છે એ યોગ્ય છે. કેમ?

ઉપજીવ્યત્વત: શ્રૌતવાક્યૈશ્ચાન્યપરત્વત:। અન્તરંગત્વતશ્ચાપિ નિર્વિશેષં નિરૂપ્યતે॥

(સવિશેષના) ઉપજીવ્યત્વને લીધે, અને શ્રૌત વાક્યો અન્યપર છે તેથી અને (નિર્વિશેષ સવિશેષનું) અન્તરંગ છે તેથી બ્રહ્મને નિર્વિશેષ કહીએ છીએ.કારણ કે સવિશેષવાદીને પણ વિશેષના આધાર તરીકે બ્રહ્મસ્વરૂપનો અવશ્ય અંગીકાર કરવો પડશે, નહિ તો વિશેષ કોના વર્ણવેલા કહેવાય? તેથી આધારનું નિરૂપણ કરનારી શ્રુતિ નિર્વાહક હોવાથી આધેય નિરૂપણ કરનારી શ્રુતિથી અન્યથા કરી શકાય નહિ. ધર્મી સ્વરૂપનું નિરૂપણ કરી, ધર્મ નિરૂપણ કરવાથી ઉભય શ્રુતિ સાર્થક થશે, એમ પણ કહી શકાય નહિ, કારણ કે "અસ્થૂલં" વિગેરે શ્રૌતવાક્ય ધર્મનો નિષેધ કરે છે પણ નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનાર શ્રુતિ ધર્મ વિના તેનું નિરૂપણ કરી શકે નહિ, કારણ કે નિરૂપણ લક્ષણથી થાય, અને લક્ષણ અસાધારણ ધર્મરૂપ છે. અહીં(નિર્વિશેષ બ્રહ્મમાં) ધર્મ ન હોવાથી પ્રથર્મ ધર્મનું નિરૂપણ કરી, 'અસ્થૂલાદિ' વાક્યથી

(ધર્મના) અભાવથી નિરૂપણ કરનારી શ્રુતિની ધર્મનિરૂપણ કરનારી શ્રુતિ નિર્વાહક છે; કારણ કે અભાવનું નિરૂપણ પ્રતિયોગીના નિરૂપણને આધીન છે. તેથી શ્રૌતત્વ અને નિર્વાહકત્વ સમાન હોવાથી, એકપણ શ્રુતિનો બાધ યોગ્ય નથી. વિરોધથી બાદ ગણીએ, તો વર્ણવેલી યુક્તિથી ઉભયનો બાધ યોગ્ય છે; એમ કરવાથી શૂન્યવાદ થાય, એમ વૃશ્ચિકની ભીતિથી પલાયન કરતાં ઝેરી સર્પના મુખમાં પાત થશે. "બ્રહ્મને અસત્ જાણે તે અસત્ જ થાય" એવી (શૂન્યવાદની) નિન્દાશ્રુતિને લીધે, શૂન્યવાદનો પણ અંગીકાર કરી શકાશે નહિ-એમ નહિ. કારણ કે શ્રુતિસિદ્ધ ધર્મનો નિષેધ કરવામાં આવતો નથી, પરન્તુ અનુવાદપૂર્વક લૌકિક સ્થૌલ્ય આદિ ધર્મનો નિષેધ કરેલો છે. તેથી શ્રૌતધર્મનું નિર્વાહકપણું ક્યાં રહ્યું? નિષેધનો વિષય ભિન્ન હોવાથી વિરોધના અભાવને લીધે એક પણ શ્રુતિનો બાધ યોગ્ય નથી તેથી બ્રહ્મ નિર્વિશેષ અને સવિશેષ ઉભય સિદ્ધ થાય છે એમ કહેવું પણ યોગ્ય નથી; કારણ કે શ્રોતવ્ય વિગેરે શ્રૌતધર્મનો પણ "જ્યાંથી વાણી પાછી ફરે છે" ઇત્યાદિ વાક્યથી નિષેધ કરેલો છે. નિર્વાહકત્વથી થતો બાધ પણ નથી કારણ કે એવા પ્રકારનું નિર્વાહકત્વ અપ્રયોજક છે, નહિ તો અભાવ નિરૂપણનો ઉચ્છેદ થઈ જાય. આ પણ યોગ્ય નથી. કારણ કે લોકમાં જે પદાર્થમાં જ્યારે જે ધર્મ છે એમ નિરૂપણ કરવામાં આવે તે જ ધર્મનો તે જ પદાર્થમાં તે જ સમયે વિરોધને લીધે નિષેધ કરી શકાય નહિ. પણ પ્રથમ શ્યામ વર્ણવેલા પાકથી રક્ત થએલા ઘટને અશ્યામ કહીએ તેમ કાલભેદે તેનો નિષેધ કરી શકાય. બ્રહ્મ સદા એકરસ હોવાથી તેમાં એવું સમ્ભવતું નથી. તેથી ધર્મનિરૂપણ કેમ સમ્ભવે અને વળી તેનો નિષેધ કેમ સમ્ભવે? એમ મિથ્યાવાદી તપેલા સાણસામાં પડેલા છે એમ નહિ. ધર્મ નિરૂપણ કરનારી શ્રુતિનો વિષય અન્ય છે. કારણ કે સોપાધિ બ્રહ્મની ઉપાસનાથી ચિત્તશુદ્ધિ થાય ત્યારે નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થશે, એવા તાત્પર્યથી તે શ્રુતિ સોપાધિ બ્રહ્મનું નિરૂપણ કરે છે. પછી નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન કરાવવા પૂર્વોક્ત ધર્મનો નિષેધ કરે છે, કારણ કે અવિદ્યા કલ્પિત તરીકે જ તેમનો અંગીકાર કરેલો હતો. તેથી અપવાદ કરવામાટે જ કર્તૃત્વાદિ કહી, પછી તેમનો નિષેધ કરે છે, એવી કલ્પનાથી સર્વ સમંજસ જ છે.

---

2. બ્રહ્મનું નિર્વિશેષત્વ પ્રતિપાદક વાક્યોનો વિચાર:

પૂર્વપક્ષ : (અહીં શંકરાચાર્ય પૂર્વપક્ષ કરે છે : શંકરાચાર્યનો મત 'કેવલાદ્વૈત' કહેવાય છે. આ મતમાં માત્ર બ્રહ્મ જ સત્ય છે, અન્ય સર્વ મિથ્યા છે. સર્પમાં જેમ રજ્જુની ભ્રાન્તિ થાય છે, તેમ બ્રહ્મમાં જગતની ભ્રાન્તિ થાય છે. આ મતમાં આભાસવાદ, અવચ્છેદવાદ, પ્રતિબિમ્બવાદ વિગેરે જુદા-જુદા વાદ માનવામાં આવે છે, તે સર્વના આ ગ્રન્થમાં આગળ નિરાસ કરવામાં આવશે. સર્વ વાદમાં બ્રહ્મ નિર્ગુણ જ માનવામાં આવ્યું છે.)

શંકરાચાર્યના મતમાં આ પ્રમાણે બ્રહ્મ ગુણરહિત અથવા નિર્વિશેષ હોવાથી, બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ પૂર્વપક્ષ કરે છે. બ્રહ્મને નિર્વિશેષ કેમ કહેવું તે હેતુ કારિકામાં આપ્યા

છે.
1.નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનું ઉપજીવ્ય છે તેથી બ્રહ્મને નિર્વિશેષ કહીએ છીએ. ઉપજીવ્ય અર્થાત્ નિર્વાહક. સવિશેષ બ્રહ્મનો નિર્વાહક નિર્વિશેષ બ્રહ્મ છે. નિર્વિશેષ બ્રહ્મથી સવિશેષ બ્રહ્મનો નિર્વાહ થાય છે. નિર્વાહક અથવા નિર્વાહ કરનાર પ્રથમ હોવું જોઈએ. નિર્વાહક ન હોય તો જેનો તેનાથી નિર્વાહ થતો હોય તે ક્યાંથી જ હોય? નિર્વાહક મુખ્ય હોવાથી બ્રહ્મને નિર્વિશેષ કહેવું એ જ યોગ્ય છે.
2.શ્રૌતવાક્ય અર્થાત્ શ્રુતિના વાક્યો. ઉપાસનાનો બોધ કરનાર શ્રુતિના વાક્યો હોવાથી, ધર્મનું નિરૂપણ કરનારી શ્રુતિઓ અન્યપર છે. ઉપાસનાનો બોધ કરનારી શ્રુતિઓ ઉપાસનામાટે છે. નિર્વિશેષની ઉપાસના થઈ શકે નહિ. તેથી ઉપાસનામાટે સવિશેષ બ્રહ્મ છે, અને સવિશેષ શ્રુતિઓ તેનું વર્ણન કરે છે. ઉપાસનામાટે સવિશેષ બ્રહ્મ છે, તેથી સવિશેષ શ્રુતિઓનું ઉપાસનામાં તાત્પર્ય હોવાથી તે વસ્તુત: બ્રહ્મનું નિરૂપણ કરતી નથી. તેથી બ્રહ્મ નિર્વિશેષ જ છે.
3.નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનું અન્તરંગ છે. આધાર-આધેય અર્થાત્ જેનો તે આધાર હોય તેનો, અન્તરંગ છે. આધેયના નિરૂપણ કરતાં આધારનું નિરૂપણ વધારે મુખ્ય છે. નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનું અન્તરંગ હોવાથી, મુખ્ય પ્રાથમિક છે. તેથી પણ બ્રહ્મ નિર્વિશેષ જ છે.

પૂર્વપક્ષી:આ પ્રમાણે બ્રહ્મને નિર્વિશેષ કહેવાના કારણો ટૂકમાં કારિકામાં વર્ણવી તેનું વિસ્તારથી વિવેચન કરે છે.

ઉપજીવ્યત્વને લીધે, એ પ્રથમ હેતુનું વિસ્તારપૂર્વક વિવેચન કરે છે. બ્રહ્મને સવિશેષ માને તેને બ્રહ્મના વિશેષ ક્યાં રહે છે તે અવશ્ય કહેવું જોઈએ. વિશેષનો આધાર કયો છે, અથવા વિશેષ ક્યાં રહે છે તે અવશ્ય કહેવું જોઈએ. વિશેષનો આધાર બ્રહ્મનું સ્વરૂપ જ કહેવું પડે. વિશેષ અર્થાત્ ગુણ દ્રવ્યમાં જ રહે. સવિશેષ બ્રહ્મના વિશેષોનો આધાર બ્રહ્મસ્વરૂપ અર્થાત્ વિશેષરહિત બ્રહ્મ જ છે એમ અવશ્ય સ્વીકારવું પડશે. જો આ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ અર્થાત્ વિશેષરહિત બ્રહ્મને સવિશેષ બ્રહ્મના વિશેષનો આધાર સ્વીકારીએ નહિ, તો અન્ય કોઈ તેનો આધાર હોઈ શકે તેમ નથી, તેથી વિશેષ અર્થાત્ ગુણનો આધાર અમુક દ્રવ્ય હોવું જ જોઈએ એ નિયમનો બાધ થાય. તેથી વિશેષના આધાર અને તેથી જ સવિશેષ બ્રહ્મના આધાર તરીકે વિશેષરહિત અર્થાત્ નિર્વિશેષ બ્રહ્મનો સ્વીકાર કરવો જ પડશે. આધાર મુખ્ય છે. આધાર વિના આધેય (જેનો તે આધાર હોય તે) સમ્ભવે જ નહિ.
નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનો આધાર હોવાથી, નિર્વિશેષ બ્રહ્મ વિના સવિશેષ બ્રહ્મ સમ્ભવતું જ નથી. શ્રુતિ ઉભય પ્રકારના બ્રહ્મનું નિરૂપણ કરે છે, પરન્તુ ઉભય પરસ્પર અત્યન્ત વિરુદ્ધ હોવાથી ઉભય સમ્ભવે નહિ. બેમાંથી એક જ, બ્રહ્મનું સત્ય સ્વરૂપ હોવું જોઈએ. બેમાંથી કયા બ્રહ્મને મુખ્ય માનવું અથવા બેમાંથી બ્રહ્મનું કયું સ્વરૂપ સત્ય માનવું એ નિર્ણય કરવા આપણે આધાર કયું બ્રહ્મ છે તે તપાસ્યું. આધાર=નિર્વિશેષ બ્રહ્મ વિના આધેય=સવિશેષ

બ્રહ્મ સમ્ભવતુ જ નથી, તેથી આધાર=નિર્વિશેષ બ્રહ્મને જ બ્રહ્મનું સત્ય સ્વરૂપ માનવું જોઈએ. નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનો આધાર હોવાથી, નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિઓ મુખ્ય છે અને સવિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિઓ તેને અન્યથા કરી શકે નહિ. તેથી નિર્વિશેષ બ્રહ્મ જ મુખ્ય છે અને બ્રહ્મ વસ્તુત: નિર્વિશેષ જ છે.

અહીં સિદ્ધાન્તી શંકા કરે છે. એ પ્રમાણે શ્રુતિઓનો અર્થ કરીએ તો સવિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિઓ નિરર્થક થઈ જાય. તેથી એ પ્રમાણે અર્થ કરવો યોગ્ય નથી. તેથી ઉભય પ્રકારની શ્રુતિ સાર્થક થાય તે માટે નિર્વિશેષ શ્રુતિઓ ધર્મીના સ્વરૂપનું નિરૂપણ કરે છે, અને સવિશેષ શ્રુતિઓ ધર્મનું નિરૂપણ કરે છે એમ માનવું જોઈએ. ધર્મીનું સ્વરૂપ નિર્વિશેષ છે, બ્રહ્મ નિર્ગુણ છે, તો પણ તેને વિશેષ અર્થાત્ ધર્મ અથવા ગુણ છે એમ સિદ્ધ થાય છે. ઉભય પ્રકારની શ્રુતિ સાર્થક થાય છે, અને બ્રહ્મ પણ વિરુદ્ધ ધર્મનો આશ્રય થાય છે. નિર્ગુણ હોવા છતાં બ્રહ્મને ગુણ છે તેથી વિરુદ્ધધર્માશ્રય થાય છે, તેથી આ પ્રમાણે અર્થ કરી ઉભય પ્રકારની શ્રુતિ સાર્થક કરવી જોઈએ.

પૂર્વપક્ષી:એમ કહી શકાય નહિ. શ્રુતિઓનો અર્થ એ પ્રમાણે પણ ઘટાવી શકાય નહિ "અસ્થૂલ અનણુ" વિગેરે શ્રુતિઓ બ્રહ્મમાં ગુણ નથી, એમ ગુણનો નિષેધ કરે છે. એ પ્રમાણે અર્થ કરીએ તો બ્રહ્મમાં ગુણ નથી એમ કહી શકાય નહિ. પરન્તુ શ્રુતિ ગુણનો નિષેધ કરે છે. બ્રહ્મને વિશેષ હોય તો વિશેષનો અર્થાત્ ગુણનો નિષેધ કરનારી શ્રુતિઓ અસત્ય થઈ જાય. બ્રહ્મમાં ગુણનો નિષેધ કરનારી શ્રુતિઓ હોવાથી બ્રહ્મમાં ધર્મ છે એમ કહી શકાય નહિ, તેથી એવો અર્થ ઘટતો નથી.

સિદ્ધાન્તિશંકા:નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિ પણ ધર્મવિના તેનું નિરૂપણ કરી શકે નહિ. કારણ કે નિરૂપણ લક્ષણથી થાય. અમુક પદાર્થનું નિરૂપણ કરવું એટલે તેનું લક્ષણ કહેવું, તેનું અન્ય સર્વ પદાર્થથી વૈલક્ષણ્ય કહેવું. આ કાર્ય તે પદાર્થનું લક્ષણ અથવા વ્યાખ્યા આપીએ તો જ થઈ શકે. લક્ષણ અથવા વ્યાખ્યા આપવી એટલે તેના અસાધારણ ધર્મ કહેવા. સાધારણ ધર્મ એટલે સામાન્ય ધર્મ, એકથી વધારે પદાર્થમાં રહેલો ધર્મ તે પદાર્થોનો સામાન્ય ધર્મ કહેવાય. જે ધર્મ માત્ર એક જ પદાર્થમાં રહેલો હોય તે તે પદાર્થનો અસાધારણ ધર્મ કહેવાય. આ અસાધારણ ધર્મનું આપણને જ્ઞાન થાય તો જ તે પદાર્થનું જ્ઞાન થાય. તેથી બ્રહ્મનું નિરૂપણ કરવામાં બ્રહ્મના અસાધારણ ધર્મનું જ્ઞાન થવું જોઈએ. બ્રહ્મ નિર્વિશેષ અર્થાત્ ધર્મરહિત હોય તો તેમાં અસાધારણ ધર્મ ન હોવાથી તેનું જ્ઞાન જ થઈ શકે નહિ. 'ધર્મભાવ' એ જ તેનો અસાધારણ ધર્મ હોય તો પણ પ્રથમ ધર્મ શું છે તેનું જ્ઞાન થાય ત્યાર પછી જ ધર્માભાવનું જ્ઞાન થાય. તેથી ધર્માભાવનું જ્ઞાન ધર્મના જ્ઞાનને આધીન છે. તેથી ધર્મ ન હોય તો ધર્માભાવનું નિરૂપણ થઈ શકે નહિ. અને ધર્માભાવનું નિરૂપણ થાય નહિ ત્યાં સુધી બ્રહ્મનું નિરૂપણ થઈ શકે નહિ. આ પ્રમાણે નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરવામાં પણ ધર્મની આવશ્યક્તા છે. તેથી ધર્મનું નિરૂપણ મુખ્ય અર્થાત્ ઉપજીવ્ય

છે અને નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ તેને આધીન છે. તેથી ધર્મનું નિરૂપણ કરનારી શ્રુતિ અર્થાત્ સવિશેષ શ્રુતિ, ધર્મના અભાવથી બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિ અર્થાત્ નિર્વિશેષ શ્રુતિની નિર્વાહક છે. અમુક ધર્મના અભાવનું નિરૂપણ કરવું હોય તો તે ધર્મનું નિરૂપણ કર્યા વિના તે અભાવનું નિરૂપણ થઈ શકે નહિ. કારણ કે ઘટાભાવનું નિરૂપણ કરવું હોય તો ઘટનું નિરૂપણ પ્રથમ થવું જોઈએ. ઘટ શું છે તે જાણ્યા વિના ઘટાભાવનું જ્ઞાન થાય નહિ. તેથી ઘટાભાવનું નિરૂપણ તેના પ્રતિયોગી-ઘટના નિરૂપણને અધીન છે. તેથી નિર્વિશેષ શ્રુતિનો આધાર સવિશેષ શ્રુતિ છે.

આ પ્રમાણે સવિશેષ અને નિર્વિશેષ ઉભય પ્રકારની શ્રુતિ છે અને ઉભય એક-બીજાની નિર્વાહક છે તેથી સમાન હોવાથી કોઈ એક બીજીનો બાધ કરવા સમર્થ નથી. એ બે પ્રકારની શ્રુતિમાં વિરોધ છે તેથી બાધ છે એમ ગણીએ તો ઉપર કહેલા હેતુથી ઉભય પ્રકારની શ્રુતિનો બાધ થાય અને તેથી શૂન્ય જ અવશિષ્ટ રહે, અને શૂન્યવાદનો સ્વીકાર કરવો પડે. એ તો વીંછીની બીકથી નાસતાં સર્પના મુખમાં પડવા જેવું થાય. વળી શૂન્યવાદ પણ સ્વીકારી શકાય નહિ, કારણ કે "બ્રહ્મને અસત્ જાણે તે અસત્ જ થાય" શ્રુતિ જ શૂન્યવાદની નિન્દા કરે છે.

પૂર્વપક્ષી:એમ નથી. નિર્વિશેષ શ્રુતિ સવિશેષ શ્રુતિએ કહેલા ધર્મનો નિષેધ કરતી નથી, પરન્તુ લૌકિક સ્થૌલ્ય વિગેરે ધર્મોનો અનુવાદ કરી તેમનો જ નિષેધ કરે છે. તેથી સવિશેષ શ્રુતિએ કહેલા ધર્મો નિર્વિશેષ શ્રુતિના નિર્વાહક નથી. નિર્વિશેષ શ્રુતિ સવિશેષ શ્રુતિએ વર્ણવેલા ધર્મનો જ નિષેધ કરતી હોત તો સવિશેષ શ્રુતિ તેની નિર્વાહક થાત, પરન્તુ લૌકિક ધર્મનો જ નિષેધ કરતી હોવાથી સવિશેષ શ્રુતિ તેની નિર્વાહક નથી અને તે સવિશેષ શ્રુતિની નિર્વાહક હોવાથી તેનાથી સવિશેષ શ્રુતિનો બાધ થાય છે.

સિદ્ધાન્તી:એમ હોય તો અમુક ગુણ વર્ણવી, અન્ય લૌકિક ધર્મનો બાધ વર્ણવેલો હોવાથી વિરોધ રહેતો નથી અને તેથી બ્રહ્મ સવિશેષ અને નિર્વિશેષ એમ ઉભય સિદ્ધ થાય છે, અને એકકે પ્રકારની શ્રુતિનો બાધ થતો નથી.

પૂર્વપક્ષી:એમ નહિ. "જ્યાંથી વાણી પહોંચ્યા વિના મનસહિત પાછી ફરે છે" વગેરે શ્રુતિઓ "આત્માનું શ્રવણ કરવું" ઇત્યાદિ શ્રુતિએ વર્ણવેલા શ્રોતવ્યપણું વિગેરે ધર્મનો પણ બાધ કરે છે. લૌકિક ધર્મનો બાધ કેટલીક શ્રુતિ કરે છે તે જ પ્રમાણે શ્રુતિએ વર્ણવેલા ધર્મનો પણ બાધ કેટલીક શ્રુતિ કરે છે. તેથી બ્રહ્મ સવિશેષ અને નિર્વિશેષ ઉભય સિદ્ધ થઈ શકે નહિ.

સિદ્ધાન્તી:શ્રુતિએ વર્ણવેલા ધર્મનો પણ અન્ય શ્રુતિ નિષેધ કરતી હોય તો નિષેધ કરનારી નિર્વિશેષ શ્રુતિની ધર્મનું વર્ણન કરનારી શ્રુતિ નિર્વાહક છે ને તેથી સવિશેષ શ્રુતિ નિર્વાહકપણાથી નિર્વિશેષ શ્રુતિનો બાધ કરે છે.

પૂર્વપક્ષી:એવા પ્રકારનું નિર્વાહકપણું કાંઈ પણ કાર્ય કરી શક્તું નથી, અર્થાત્ એવા નિર્વાહકપણાથી બાધ થતો નથી. એવા નિર્વાહકપણાથી બાધ થતો હોય તો અભાવનું

નિરૂપણ પણ થઈ શકે જ નહિ.

સિદ્ધાન્તી:એ પણ યોગ્ય નથી. અમુક ધર્મ બ્રહ્મમાં વર્ણવી તે જ ધર્મનો તે જ સમયે તેમાં નિષેધ કરવો એ અત્યન્ત વિરુદ્ધ છે. એક જ પદાર્થમાં અમુક કાલે ધર્મ છે ને અન્ય સમયે તે જ નથી એમ કહીએ તો કદાચ ચાલે; કારણ કે ઘટ વિગેરે પકવ્યા પહેલાં શ્યામ રંગના હોય છે અને પકવ્યા પછી લાલ રંગના થાય છે. બ્રહ્મ સદા એક જ પ્રકારનું હોવાથી કાલના ભેદથી પણ તેમાં અમુક ધર્મનો ભાવ અને તેનો અભાવ છે એમ કહી શકાય નહિ. તેથી ધર્મ વર્ણવવા અને વળી તેનો નિષેધ કરવો એમ બને જ કેમ? તેથી આ પ્રમાણે મિથ્યાવાદી મહાન કષ્ટમાં આવી પડ્યો છે.

પૂર્વપક્ષી:એમ નથી. ધર્મનિરૂપણ કરનારી શ્રુતિનો હેતુ ભિન્ન જ છે. નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન ચિત્તશુદ્ધિ થયા વિના સમ્ભવતું નથી. તેથી પ્રથમ સવિશેષ બ્રહ્મનું નિરૂપણ એવા હેતુથી કરેલું છે કે તેથી ઉપાસના કરવાથી ચિત્ત શુદ્ધ થાય. ચિત્તશુદ્ધિ થયા પછી નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન કરાવવા પૂર્વે વર્ણવેલા ધર્મોનો નિષેધ કરે છે. ધર્મને અવિદ્યાથી કલ્પિત જ સ્વીકારેલા છે. તેથી કર્તાપણું વિગેરે ધર્મોનો આગળ ઉપર અપવાદ કરવા જ વર્ણન કર્યું છે, અને પછી તેમનો નિષેધ કરે છે એવી કલ્પના કરવાથી કોઈ પણ પ્રકારનો વાંધો આવતો નથી. તેથી નિર્વિશેષ શ્રુતિ સવિશેષ શ્રુતિનો બાધ જ કરે છે.

3.બ્રહ્મના ઉપહિતકર્તૃત્વનું નિરાકરણ:

સિદ્ધાન્તી: અત્ર ઉત્તર આપીએ છીએ.

અભેદાદ્ અનુપાધિત્વાદ્ જગદપ્રત્યયાપ્તિત:।
સર્વાધારત્વતસ્તાવત્ શક્તિત્વાદ્ નાસ્ય બાધનમ્॥

(સોપાધિ બ્રહ્મ હોય તો) જગતનો પ્રત્યય થાય નહિ તેથી બ્રહ્મ ઉપાધિ રહિત છે તેથી (સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મના) અભેદને લીધે, બ્રહ્મ વિરુદ્ધ-ધર્માધારસાધકશક્તિયુક્ત હોવાથી સર્વાધાર છે તેથી, સવિશેષત્વનો બાધ થતો નથી.

અત્ર મિથ્યાવાદીને પૂછવું કે જગત્કર્તૃત્વ, ઇશિતૃત્વ વિગેરેથી વિશિષ્ટ (બ્રહ્મ) અને નિર્વિશેષ(બ્રહ્મ) નો ભેદ અંગીકાર કરે છે કે અભેદ? ભેદ અંગીકાર કરતો હોય તો ભેદ તાત્ત્વિક કે અતાત્ત્વિક?

પ્રથમ પક્ષ(તાત્ત્વિક ભેદ) "સર્વત્ર પ્રસિદ્ધોપદેશાત્"
અધિકરણથી વિરુદ્ધ હોવાથી સમ્ભવિત નથી. "વેદાન્તમાં સર્વત્ર પ્રસિદ્ધ બ્રહ્મનો જ ઉપાસ્ય તરીકે ઉપદેશ હોવાથી, મનોમયત્વ વિગેરે વિષયવાક્યમાં વર્ણવેલા ધર્મથી વિશિષ્ટ બ્રહ્મ જ આ વાક્યનો વિષય છે" એવો આનો અર્થ છે; આ સર્વ વ્યાસસૂત્રભાષ્યમાં પિતૃચરણે વિસ્તારથી લખેલું હોવાથી અત્ર વિસ્તારની ભીતિથી લખતા નથી. વળી જો એમ(સવિશેષ અને નિર્વિશેષ નો તાત્ત્વિક ભેદ) હોય તો જીવમાં વિશેષ તેમ થાય, તેથી "તે તું છે" એ અભેદ

બોધક શ્રુતિનો વિરોધ થાય, અને બ્રહ્મ અનેક થવાથી "તે એક જ છે" (છાન્દો.ઉપ.6।1) ઇત્યાદિ શ્રુતિનો વિરોધ થાય. વળી તેમ તમે(પૂર્વપક્ષી) અંગીકાર કરતા નથી. જે એમ અંગીકાર કરે છે તેમના મતમાં વેદાન્તમાં એવી(જીવ-બ્રહ્મના અભેદની) ભાવના માત્ર છે, પરન્તુ વસ્તુ જ એમ છે એમ નથી. તેનો આગળ નિરાસ કરવામાં આવશે.
દ્વિતીય પક્ષ (સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મનો અતાત્ત્વિકભેદ) પણ ઉચિત નથી, કારણ કે તેમાં ઘટાદિ પદાર્થથી જેમ આકાશનો ભેદ થાય તેમ ઉપાધિથી થએલો ભેદ જ સમ્ભવે છે. પ્રકૃત વિષયમાં એવી ઉપાધિ કઈ છે? તે પણ અનાદિ છે કે સાદિ એ પણ વિચાર કરવાનું છે. "અવિદ્યા જ ઉપાધિ છે અને તે પણ અનાદિ છે" એ પક્ષ યોગ્ય નથી, કારણ કે ઉભય અનાદિ હોવાથી, ઉપહિત પણ અનાદિ હોવાથી અને તે જ તમારા મતમાં કર્તા હોવાથી, હમેશ સર્ગ થાય, પરન્તુ પ્રલય કદાપિ થાય જ નહિ; કારણ કે શ્રુતિમાં ઇચ્છાવિશિષ્ટ બ્રહ્મને જ કારણ કહેલું છે તેથી બીજા કોઈ કારણની અપેક્ષા રહેતી નથી. સ્માર્તમતનું અવલમ્બન કરી ગુણની અપેક્ષા છે એમ કહેશો તો પણ ગુણનો અમુક અનુક્રમે આવિર્ભાવ થવાનું કારણ અવશ્ય કહેવું પડશે. તે કારણ બ્રહ્મની તેવી ઇચ્છા જ કહેવી પડશે. આમ છે ત્યારે "તેનું કારણ જ કારણ" એ ન્યાયથી ઇચ્છા જ કારણ કહો, ગુણની જરૂર નથી. તમારા મતમાં એમ પણ કહી નહિ શકાય. ઉપહિતની ઇચ્છાના ક્રમમાં હેતુની અપેક્ષા હોવાથી, તે ઉપાધિને અધીન હોવાથી, તેના ગુણ જ ઇચ્છાના પણ કારણ તરીકે કહેવા જોઈશે. ગુણના ક્રમનું કારણ તેનો એવો સ્વભાવ જ કહેવું પડશે. તેથી એવા સ્વભાવ વિશિષ્ટ ગુણને જ કારણ કહો, તેને આધીન બ્રહ્મની જરુર નથી. એ પ્રમાણે અનીશ્વરવાદ થશે. "સૌમ્ય! આ પ્રથમ સત્ જ હતું" 6।1) એ શ્રુતિનો વિરોધ થશે, કારણ કે 'જ' શબ્દથી સત્ બ્રહ્મ સિવાય બીજાનો વ્યવચ્છેદ થાય છે. કાલવાચક 'પ્રથમ' શબ્દથી તેનું પણ કથન હોવાથી 'જ' શબ્દથી અન્યનો વ્યવચ્છેદ થતો નથી, પરન્તુ તે સમયે પણ બ્રહ્મ હતું જ એમ (બ્રહ્મના) અયોગનો વ્યવચ્છેદ થાય છે એમ નહિ. એમ તો('પ્રથમ' શબ્દ તો) માત્ર બોધ થાય માટે જ કહેલો છે. નહિ તો "તેણે જોયું તો પોતાથી બીજા કોઈને જોયો નહિ" (બૃહદા.ઉપ.1।1) એ શ્રુતિનો વિરોધ થાય. એ શ્રુતિનો અનુરોધ કરવા અને 'પ્રથમ' શબ્દ હોવાથી, કાલ પણ બ્રહ્મ જ છે એમ જો ધારો તો અમે પણ એમ કહીએ છીએ. તેથી જ "કાલ છું" ગીતા 11।) "કાલરૂપે અવતરેલો" ઇત્યાદિ ભગવદ્વાક્ય છે. વળી આ (શ્રુતિથી) જ ઉપક્રમ કરી "સૌમ્ય! આ પ્રજાનું મૂલ સત્ છે, સત્માં રહે છે અને સત્માં તેની પ્રતિષ્ઠા છે" 6।4) ઇત્યાદિ શ્રુતિઓ સત્નું જ કર્તૃત્વ વર્ણવે છે. વળી તમારા મતમાં ઉપહિત (બ્રહ્મ) ઉપાધિને અધીન હોવાથી સ્વતન્ત્ર નથી, તેથી કર્તા થઈ શકે નહિ. જો કદાપિ કોઈ કર્તા થાય તો ઘટક્રિયાની પેઠે ઉપાધિ જ કર્તા થાય, પરન્તુ ઉપહિત કર્તા થાય નહિ. એમ ભલે થાય, એમ કહેવું યોગ્ય નથી કારણ કે તેથી "જેમાંથી આ ભૂતો" "સૌમ્ય! આ પ્રજાનું સત્ જ મૂલ છે" (છાન્દો.ઉપ.6।4) "ખરે આનન્દમાંથી જ આ ભૂતો ઉત્પન્ન થાય છે" ઉપ.3। વિગેરે "હું સર્વનો પ્રભવ છું" (ભગ.ગીતા 10। વિગેરે "આના જન્મ વિગેરે જેમાંથી" (બ્રહ્મસૂ.1।2) ઇત્યાદિ શ્રુતિ-સ્મૃતિ અને ન્યાય નો કોપ થાય છે. આ

સર્વત્ર ઉપચાર જ છે એમ પણ કહેવાય નહિ કારણ કે (અત્ર) મુખ્ય અર્થનો બાધ થતો નથી, અને મુખ્ય સમ્ભવે ત્યાં સુધી એવી કલ્પના કરવી અયોગ્ય છે તેથી જ વ્યાસજીએ "ગૌણ (કહો) તો નહિ, કારણ કે 'આત્મ'શબ્દ છે" એ સૂત્ર યોજ્યું છે. શ્રુતિમાં 'આત્મ'શબ્દ પણ ઉપચારથી ઉપાધિમાટે જ યોજ્યો છે એવી શંકા થાય, તેથી "તેમાં નિષ્ઠ હોય તેને મોક્ષનો ઉપદેશ છે તેથી" (બ્રહ્મસૂ. 1।7) એમ ફરીથી સૂત્ર યોજ્યું. જેનું 'આત્મ'શબ્દથી વર્ણન કર્યું તેમાં જે નિષ્ઠ હોય તેને જ મોક્ષ પ્રાપ્ત થાય છે એમ શ્રુતિમાં કહેલું હોવાથી 'આત્મ'શબ્દ ઔપચારિક નથી, પરન્તુ શુદ્ધબ્રહ્મમાટે જ યોજેલો છે. વળી તમારા મતમાં ઉપહિત જીવ હોવાથી પુત્રાદિતુલ્ય છે; તેથી મુમુક્ષુને સાધનનો ઉપદેશ કરતાં, પુત્રાદિ ત્યાગ કરવા યોગ્ય છે એવા ઉપદેશ પેઠે તે (ઉપહિત) પણ ત્યાગ છે એવો ઉપદેશ કરે, પરન્તુ તેની ઉપાસનાનો ઉપદેશ કરે નહિ. આ હેતુથી પણ નિર્ગુણ બ્રહ્મ જગત્કારણ છે એવા આશયથી "ત્યાજ્ય કહ્યું નથી તેથી" એમ સૂત્રકાર બીજો હેતુ કહે છે.

વળી "હવે તેથી બ્રહ્મનો વિચાર (કરીએ છીએ)" એમ નિર્ગુણ બ્રહ્મના વિચારની પ્રતિજ્ઞા કરી, તેનું શું લક્ષણ એવી આકાંક્ષા થવાથી "જેમાંથી આ(જગતના) જન્મ વિગેરે થાય છે" એમ કહ્યું તે સગુણ બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ વદતાં વ્યાસજીની પ્રતિજ્ઞાહાનિ અને ઉપક્રમ-વિરોધ થાય છે તે જોતા નથી તેથી હૃદયશૂન્ય લાગો છો.

વળી એમ કહેતાં "સર્વે વેદ જેના પદનું આમનન કરે છે" (કઠોપ.2।) "સર્વ વેદથી વેદાન્તકૃત્ હું જ વેદ્ય છું" 15।) ઇત્યાદિ શ્રુતિ-સ્મૃતિનો વિરોધ પણ થાય છે. તેથી (સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મનો) ભેદપક્ષ તો અયોગ્ય જ છે. દ્વિતીય(અભેદ) પક્ષ હોય-વિરોધને લીધે ન હોય એમ કહેવાય નહિ. 'અસ્થૂલ' વિગેરે વાક્યો જડ અને જીવ ના ધર્મનો જ બ્રહ્મમાં નિષેધ કરે છે, શ્રુતિસિદ્ધ જગત્કર્તૃત્વ વિગેરે ધર્મનો નિષેધ કરતા નથી. એમ હોય તો (શ્રુતિસિદ્ધ ધર્મનો નિષેધ કરતા હોય તો) "પંકમાં પડી તેનું પ્રક્ષાલન કરવા કરતાં દૂરથી ત્યાગ કરવો સારો" એ ન્યાયે ધર્મનું પ્રતિપાદન જ વ્યર્થ થાય. વળી તમારા મતમાં બ્રહ્મનિરૂપક મહાવાક્યમાં સૃષ્ટિનિરૂપક વાક્યની સંગતિ થતી નથી કારણ કે તે બ્રહ્મનું નિરૂપણ કરતા નથી.

3. બ્રહ્મના ઉપહિતકર્તૃત્વનું નિરાકરણ:

સિદ્ધાન્ત:

સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મ એક જ છે, ભિન્ન નથી. તેથી સવિશેષ બ્રહ્મ ઉપાસનામાટે છે, સવિશેષ શ્રુતિનો વિષય અન્ય છે એ પૂર્વપક્ષીના બીજા પ્રબલ હેતુનો નિરાસ થાય છે. સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મ એક જ છે, કારણ કે ઉપાધિ નથી. તેથી સોપાધિક અથવા ઉપાધિવાળું અને નિરુપાધિક અથવા ઉપાધિરહિત બ્રહ્મ ભિન્ન છે એમ કહી શકાય નહિ. આમ હોવાથી નિર્વિશેષ શ્રુતિ સવિશેષ શ્રુતિની નિર્વાહક અને અન્તરંગ છે એ બે હેતુનો નિરાસ થાય છે, કારણ કે સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મ એક જ હોવાથી, ઉપાધિ ન હોવાથી, કોઈ પ્રકારની શ્રુતિ અન્ય પ્રકારની શ્રુતિની નિર્વાહક અથવા અન્તરંગ નથી.

જગતના કર્તાપણુ વિગેરે ધર્મ જો ઔપાધિક હોત અને વાસ્તવિક ન હોત તો જગતની પ્રતીતિ જ ન થાત. જગતની પ્રતીતિ થાય છે તેથી ઉપાધિ નથી. આ પ્રમાણે નિર્વિશેષ શ્રુતિ સવિશેષનો બાધ કરતી નથી એ સિદ્ધ કરવા સવિશેષ અને નિર્વિશેષ નો ભેદ નથી એમ એક હેતુ આપી બીજો સર્વના આધારપણાનો હેતુ કહે છે. બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે. સર્વ વિરુદ્ધ ધર્મનો આધાર છે અને વિરુદ્ધ ધર્મના આશ્રયપણાની સાધક અચિન્ત્ય શક્તિ તેમાં છે. તેથી તે સવિશેષ અને નિર્વિશેષ ઉભય છે, તેથી નિર્વિશેષ શ્રુતિથી સવિશેષ શ્રુતિનો બાધ થતો નથી. એ પ્રમાણે બે હેતુથી પૂર્વપક્ષનો નિરાસ કરી બ્રહ્મ વિરુદ્ધ સર્વધર્મનો આશ્રય છે એમ કારિકાથી કહી તેનું વિસ્તારથી વિવેચન કરે છે.

સિદ્ધાન્તી:અહીં મિથ્યાવાદીને પૂછવું કે જગતના કર્તાપણું વિગેરે ગુણોથી વિશિષ્ટ અને નિર્વિશેષ બ્રહ્મમાં ભેદ અંગીકાર કરે છે કે અભેદ? જો ભેદ સ્વીકારતો હોય તો તે ભેદ વાસ્તવિક છે કે અવાસ્તવિક? આ પ્રમાણે ત્રણ પક્ષ થાય છે.

સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મમાં-

1.તાત્ત્વિક અથવા વાસ્તવિક ભેદ છે.

2.અતાત્ત્વિક અથવા અવાસ્તવિક ભેદ છે અને

3.અભેદ છે.

આ ત્રણ પક્ષમાંથી મિથ્યાવાદી કયો પક્ષ સ્વીકારે છે એમ તેને પૂછવું. મિથ્યાવાદી એવો તો હલકો છે કે ગ્રન્થકાર પોતે તેને પૂછતા નથી, પણ કોઈ મધ્યસ્થને તેને પૂછવા કહે છે.

આ ત્રણમાંથી પ્રથમ, તાત્ત્વિક ભેદનો પક્ષ યોગ્ય નથી, કારણ કે બ્રહ્મસૂત્રના પ્રથમ અધ્યાયના દ્વિતીય પાદનું આરમ્ભનું જ અધિકરણ બેનો અભેદ કહે છે. આનુ પ્રથમ સૂત્ર "સર્વ સ્થળે પ્રસિદ્ધ બ્રહ્મનો જ ઉપદેશ" છે તેથી વેદાન્તમાં સર્વ સ્થળે પ્રસિદ્ધ બ્રહ્મનો જ ઉપદેશ છે એમ સિદ્ધ થાય છે. જો સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મમાં તાત્ત્વિક ભેદ હોત તો શ્રીવ્યાસચરણ સર્વત્ર વેદાન્તમાં પ્રસિદ્ધ બ્રહ્મનો જ ઉપદેશ છે એમ કહેત નહિ. તેથી આ સૂત્ર "સ ક્રતું કુર્વીત મનોમય: પ્રાણશરીરો ભારૂપ:" એ વિષયવાક્યમાં વર્ણવેલા ધર્મવાળું બ્રહ્મ જ છે. સર્વત્ર વેદાન્તમાં એ જ બ્રહ્મનો ઉપદેશ છે. આ સર્વ શ્રીમદાચાર્યચરણે શ્રીમદણુભાષ્યમાં વિસ્તારથી કહેલું છે. વળી ધારો કે નિર્વિશેષ બ્રહ્મ અને સવિશેષ બ્રહ્મ માં અવાસ્તવિક ભેદ છે, તો પછી નિર્વિશેષ બ્રહ્મ અને જીવ માં તેથી પણ વિશેષ ભેદ હોવો જોઈએ. બ્રહ્મ અને જીવ માં આ પ્રમાણે ભેદ જ હોય તો "તે તું છે" એ અભેદનો બોધ કરનારી શ્રુતિનો વિરોધ થાય. વળી સવિશેષ બ્રહ્મ અને નિર્વિશેષ બ્રહ્મમાં તાત્ત્વિક ભેદ હોય તો બે બ્રહ્મ થાય અને તેથી "એક જ બ્રહ્મ છે" શ્રુતિનો વિરોધ થાય. વળી તમે પૂર્વપક્ષી-માયાવાદી જ તાત્ત્વિક ભેદ સ્વીકારતા નથી. મધ્વાચાર્ય તાત્ત્વિક ભેદ સ્વીકારે છે. તેમનો મત પણ વેદાન્ત અભેદની ભાવના કરે છે એવો છે. તેનો આગળ જીવના સ્વરૂપનું નિરૂપણ કરતી

વખતે નિરાસ કરીશું. આ પ્રમાણે નિર્વિશેષ બ્રહ્મ અને સવિશેષ બ્રહ્મમાં તાત્ત્વિક ભેદ છે એ પક્ષનો નિરાસ થાય છે.

હવે નિર્વિશેષ અને સવિશેષ બ્રહ્મમાં અતાત્ત્વિક ભેદ છે એ બીજા પક્ષનો વિચાર કરીએ. આ પક્ષ શંકરાચાર્યને સમ્મત છે. માયાવાદનાં 1.અવચ્છેદવાદ અને 2.પ્રતિબિમ્બ -વાદ એ બે મુખ્ય વાદમાં સવિશેષ બ્રહ્મ અને નિર્વિશેષ બ્રહ્મ માં અતાત્ત્વિક ભેદનો સ્વીકાર કરેલો છે. તે મત પ્રમાણે નિર્વિશેષ બ્રહ્મ શુદ્ધ ચૈતન્ય છે. અવચ્છેદવાદ પ્રમાણે માયાથી અવચ્છિન્ન (એટલે હદવાળું. માયાથી અવચ્છિન્ન એટલે જેટલી હદમાં માયા હોય તેટલી હદમાં રહેલું) ચૈતન્ય સવિશેષ બ્રહ્મ કહેવાય છે અને અવિદ્યાથી અવચ્છિન્ન ચૈતન્ય જીવ કહેવાય છે. પ્રતિબિમ્બવાદ પ્રમાણે માયામાં ચૈતન્યનો પડેલો પ્રતિબિમ્બ ઈશ્વર અથવા સવિશેષ બ્રહ્મ કહેવાય છે અને અવિદ્યામાં પડેલો પ્રતિબિમ્બ જીવ કહેવાય છે. આ ઉભય પક્ષનો નિરાસ કરવા સવિશેષ બ્રહ્મ અને નિર્વિશેષ બ્રહ્મ માં અતાત્ત્વિક ભેદ કરનાર ઉપાધિના સ્વરૂપનો વિચાર કરે છે.

અતાત્ત્વિક ભેદનો પક્ષ પણ યોગ્ય નથી, કારણ કે એવો ભેદ ઉપાધિથી જ સમ્ભવે, આકાશ સર્વત્ર એક જ છે, પરન્તુ અમુક સ્થળે ઘટ હોય ત્યાં તેને 'ઘટાકાશ' કહી બીજા આકાશથી ભિન્ન કહીએ છીએ, એ અતાત્ત્વિક ભેદ છે, અને તે ભેદ કરનાર ઘટ ઉપાધિ છે. તેવી રીતે સવિશેષ બ્રહ્મ અને નિર્વિશેષ બ્રહ્મમાં અતાત્ત્વિક ભેદ હોય તો ઉપાધિથી તે થએલો હોવો જોઈએ. આકાશના દૃષ્ટાન્તમાં જેમ ઘટ ઉપાધિ હતી તેમ અહીં કઈ ઉપાદિધ છે, અને તે ઉપાધિ ક્યા કાળથી શરૂ થઈ અથવા અનાદિ અર્થાત્ આરમ્ભ વિનાની, ઘણા સમયથી ચાલી આવતી, કોઈ પણ કાળે શરૂ નહિ થએલી એવી છે તે વિચારવું જોઈએ.

પૂર્વપક્ષી:(અહીં માયા અને અવિદ્યા એક જ છે અને તે અનાદિ છે એમ માનનાર કેટલાક માયાવાદી પૂર્વપક્ષી છે). અવિદ્યા એ જ ઉપાધિ, અર્થાત્ અવિદ્યા ઉપાધિ સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મમાં અતાત્ત્વિક ભેદ કરે છે, અને તે અનાદિ છે. સત્ત્વ, રજ: અને તમ: એ ત્રણ ગુણવાળી અવિદ્યા ભાવરૂપ અજ્ઞાન જ છે. (વિદ્યાનો અભાવ તે અવિદ્યા અને જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન એમ નહિ, પરન્તુ જેમ વિદ્યા=જ્ઞાન એ અમુક વસ્તુ છે તેજ પ્રમાણે અવિદ્યા=અજ્ઞાન પણ અમુક વસ્તુ છે, માત્ર અભાવ નથી. તેથી તેને ભાવરૂપ કહી છે).

સિદ્ધાન્તી:એ પ્રમાણે માનવામાં સંગતિ નથી. કારણ કે એમ માનીએ તો બ્રહ્મ અને અવિદ્યા ઉભય અનાદિ હોવાથી, બ્રહ્મ અનાદિ કાળથી ઉપાધિવાળું છે. ઉપાધિવાળું અથવા સવિશેષ બ્રહ્મ અનાદિ હોવાથી, અને એ જ તમારા મત પ્રમાણે જગતનું કર્તૃ હોવાથી, નિરન્તર જગત્ રચાયા જ કરે, પરન્તુ કદાપિ પ્રલય થાય નહિ. વળી "બહુ સ્યામ્" ઇત્યાદિ શ્રુતિમાં ઇચ્છાવિશિષ્ટ માત્ર બ્રહ્મ જ સર્ગ અર્થાત્ જગતની ઉત્પત્તિનું કારણ કહેલું છે, તેથી જગત્ રચવામાં કોઈ સહકારી કારણની જરૂર રહેતી નથી. તેથી સહકારી કારણ હોય ત્યારે જ સવિશેષ બ્રહ્મથી જગત્ રચાય અને સહકારી કારણ સદા નહિ હોવાથી સદા જગત્ રચાતું નથી એમ તમારાથી કહી શકાશે નહિ.

પૂર્વપક્ષી:માયા તરીકે જ તે ઉપાધિ નથી, પરન્તુ સત્ત્વ, રજ: અને તમ: ગુણ તરીકે ઉપાધિ છે, અને જે ગુણ જે સમયે ઉપાધિ હોય તે ગુણને ઉચિત કાર્ય તે સમયે કરે છે. જ્યારે સત્ત્વગુણ ઉપાધિ હોય ત્યારે સર્ગ કરે છે, રજોગુણ ઉપાધિ હોય ત્યારે સ્થિતિ કરે છે, અને તમો ગુણ ઉપાધિ હોય ત્યારે પ્રલય કરે છે.

સિદ્ધાન્તી:સ્માર્તમતનું અવલમ્બન કરી જગત્ રચવા વિગેરેમાં ગુણની અપેક્ષા છે એમ કહો તો પણ પ્રથમ સત્ત્વગુણ ઉપાધિ થાય, પછી રજોગુણ અને પછી તમોગુણ, એવો નિયમ ક્યાંથી થયો? અમુક નિયમ પ્રમાણે જ ગુણો એક પછી એક ઉપાધિ થાય તેનું કારણ અવશ્ય કહેવું જોઈએ. ભગવાન્ની ઇચ્છા જ તેનું કારણ છે એમ કહેવું પડશે. કારણ કે ગુણ જડ હોવાથી પોતે તેનું કારણ થઈ શકશે નહિ. ભગવાન્ની ઇચ્છાથી જ ગુણો અમુક નિયમમાં જ ઉપાધિ થાય છે એમ કહો તો જગતની રચના વિગેરેમાં "તેનું કારણ જ કારણ હો" એ ન્યાયથી ઇચ્છા જ જગતની રચના વિગેરેનું કારણ છે એમ કહો, ગુણનું કાંઈ પ્રયોજન નથી, આ પ્રમાણે ગુણના પહેલાં જ ઇચ્છા સિદ્ધ થવાથી બ્રહ્મનું સવિશેષપણુ સિદ્ધ થાય છે અને તમારા સિદ્ધાન્તનો ભંગ થાય છે ત્યારે ગુણથી શું કાર્ય થયું? તેથી ગુણને પણ ઉપાધિ કહેવી ઉચિત નથી. વળી ગુણની ઉપાધિવાળું બ્રહ્મ જગતનું કારણ છે એમ કહેનાર તમારા મતમાં ઇચ્છાને પણ કારણ કહી શકાય નહિ. કારણ કે ઇચ્છા સામાન્ય રીતે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય નું કારણ થાય, પરન્તુ અવિદ્યાની પેઠે સામાન્ય રીતે જ કારણ હોવાથી, પ્રથમ સર્ગ પછી સ્થિતિ પછી લય થાય છે એ નિયમસર ક્રમનું કારણ થઈ શકે નહિ, તેથી આ ક્રમનું કારણ અવશ્ય હોવું જોઈએ. ઉપાધિવાળું બ્રહ્મ ઉપાધિને અધીન હોવાથી, સામાન્ય કારણ ઇચ્છા હોવા છતાં, ક્રમનું કારણ ગુણ કહેવા પડશે. ગુણમાં પણ પ્રથમ સત્ત્વ, પછી રજ: અને પછી તમ: એવા ક્રમનું કારણ શોધતાં, તેમનો એવો સ્વભાવ જ ક્રમનું કારણ છે એમ કહેવું પડશે. આમ હોવાથી, અમુક ક્રમમાં આવિર્ભાવ પામવાના સ્વભાવવાળા ગુણ જ જગતનું કારણ છે એમ કહો, તેમને અધીન બ્રહ્મની કાંઈ અપેક્ષા રહેતી નથી, અને તમારો વાદ અનીશ્વરવાદ થઈ જાય છે.

પૂર્વપક્ષી:

ગુણ જડ હોવાથી તેમના પ્રેરક ચૈતન્યની જરૂર છે તેથી બ્રહ્મને પણ કારણ કહીએ છીએ.

સિદ્ધાન્તી:એમ કહો તો "હે સૌમ્ય! આ પ્રથમ સત્ જ હતું" શ્રુતિનો વિરોધ થાય. કારણ કે શ્રુતિમાં રહેલો 'જ' શબ્દ સત્ અર્થાત્ બ્રહ્મથી અન્ય : ગુણ, અવિદ્યા, ગુણસ્વભાવ વિગેરે સર્વનો નિષેધ કરે છે. અર્થાત્ બ્રહ્મ સિવાય અન્ય કોઈ પણ પદાર્થ ન હતો એવો 'જ' શબ્દનો અર્થ છે.

પૂર્વપક્ષી:'જ' શબ્દનો એવો અર્થ નથી, કારણ કે 'પ્રથમ' શબ્દ કાલવાચક છે તેથી કાલની સત્તા એ શ્રુતિમાં સ્વીકારેલી છે. 'જ' શબ્દ બ્રહ્મથી અન્ય સર્વનો નિષેધ કરવા મૂક્યો હોત તો 'પ્રથમ' શબ્દથી કાલની સત્તા સ્વીકારે નહિ. તેથી 'જ' શબ્દનો એવો અર્થ નથી,

પરન્તુ બ્રહ્મ તે સમયે પણ હતું જ એમ તે સમયે બ્રહ્મના અભાવની શંકા દૂર કરવા 'જ' શબ્દનો પ્રયોગ કરેલો છે.

સિદ્ધાન્તી:એમ નથી. 'પ્રથમ' શબ્દ તો બોધ કરવામાટે મુક્યો છે. કાલની સત્તા સ્વીકારવા યોજેલો નથી. 'પ્રથમ' શબ્દ ન હોય તો "બ્રહ્મ જ હતું" એ વાક્ય સમ્પૂર્ણ થતું નથી. કાલ સર્વનો આધાર હોવાથી કાલવિના નિરૂપણ થઈ શકે નહિ, તેથી બોધ કરવામાટે જ 'પ્રથમ' શબ્દ યોજ્યો છે. જો 'પ્રથમ' શબ્દથી કાલની સત્તા સ્વીકારી હોય તો "તેણે જોયું તો પોતાથી બીજા કોઈને જોયો નહિ" શ્રુતિનો વિરોધ થાય, કારણ (કે) બ્રહ્મથી અન્ય કાલ વિગેરે કોઈ પણ ન હતું એવું એ શ્રુતિનું તાત્પર્ય છે. આ શ્રુતિ અને પ્રથમની શ્રુતિ માં 'પ્રથમ' શબ્દ ઉભયની સંગતિ મેળવવા કાલ પણ બ્રહ્મ જ છે એમ માનતા હો તો અમને પણ ઇષ્ટાપત્તિ જ છે. શ્રીમદ્ભગવદ્ગીતા વિગેરેમાં "હું કાલ છું" "હું કાલરૂપે અવતરેલો છું" વિગેરે વાક્યો પણ છે.

પૂર્વપક્ષી:(પણ "તેણે જોયું" શ્રુતિ અને "સૌમ્ય આ પ્રથમ સત્ જ હતું" શ્રુતિ જુદી-જુદી શાખાની છે, તેથી એ પ્રમાણે સંગતિ કરવી આવશ્યક નથી અને તેથી પ્રથમ શ્રુતિને લીધે દ્વિતીય શ્રુતિનો તમે કહો છો એવો અર્થ કરવાની આવશ્યક્તા નથી).

સિદ્ધાન્તી:પરન્તુ "આ પ્રથમ સત્ જ હતું" એ જ વાક્યથી ઉપક્રમ કરી "સૌમ્ય! આ પ્રજાનું મૂલ સત્ છે, સત્માં તે રહે છે અને સત્માં તેની પ્રતિષ્ઠા છે" શ્રુતિથી સત્ જ જગતની ઉત્પત્તિ-સ્થિતિ વિગેરેનું કર્તૃ છે અને ઉપાધિવાળું બ્રહ્મ કર્તૃ નથી એમ સિદ્ધ થાય છે. તેથી પણ "પ્રથમ સત્ જ હતું" શ્રુતિથી માત્ર બ્રહ્મ જ હતું એમ સિદ્ધ થાય છે. "ૐ-તત્-સદ્ ઇતિ નિર્દેશો બ્રહ્મણ: ત્રિવિધ: સ્મૃત:" શ્રીમદ્ભગવદ્ગીતા વાક્યથી પણ સત્નો અર્થ બ્રહ્મ જ થાય છે, ઉપાધિવાળું બ્રહ્મ એવો અર્થ થતો નથી.

વળી તમારા મતમાં ઉપાધિવાળું બ્રહ્મ ઉપાધિને અધીન હોવાથી સ્વતન્ત્ર નથી. અને સ્વતન્ત્ર ન હોવાથી કર્તૃ પણ થઈ શકે નહિ. કારણ કે કર્તાપણાનું પ્રયોજક સ્વાતન્ત્ર્ય જ છે. પાણિનિ પણ "સ્વતન્ત્ર: કર્તા" અર્થાત્ સ્વતન્ત્ર હોય તે કર્તા એવું સૂત્ર યોજે છે. ઉપાધિવાળું બ્રહ્મ સ્વતન્ત્ર ન હોવાથી કર્તૃ થઈ શકે જ નહિ.

પૂર્વપક્ષી:યુદ્ધમાં ભટ રાજાને આધીન હોવા છતાં કર્તા થઈ શકે છે તો સ્વતન્ત્ર ન હોય તે કર્તા થઈ શકે નહિ એવો નિયમ ક્યાં રહ્યો?

સિદ્ધાન્તી:પોત-પોતાના કાર્યમાં ભટ વિગેરે સ્વતન્ત્ર છે. તેથી યુદ્ધમાં સ્વતન્ત્ર ન હોવા છતાં કર્તા થાય તેવો બાધ આવતો નથી. પરન્તુ કોઈ પણ કાર્યમાં સ્વતન્ત્ર ન હોય એવું આકાશ જેવું ઉપાધિવાળું બ્રહ્મ કર્તૃ કેમ થઈ શકે? ઉપાધિવાળા બ્રહ્મમાં જો કર્તૃત્વ હોય તો તે ઉપાધિમાં હોવું જોઈએ, બ્રહ્મમાં નહિ. ઘટાકાશમાં ક્રિયા થાય ત્યારે તે ક્રિયા વસ્તુત: આકાશની નથી, પરન્તુ આકાશની ઉપાધિ ઘટની છે. તે પ્રમાણે ઉપાધિવાળા બ્રહ્મમાં કર્તૃત્વ હોય તો તે ઉપાધિનું હોવું જોઈએ, બ્રહ્મનું નહિ.

પૂર્વપક્ષી:એમ ભલે હો. ઉપાધિવાળા બ્રહ્મમાં કર્તૃત્વ ઉપાધિનું ભલે હો. તેથી પણ સાંખ્યની પેઠે અમારો વાદ અનીશ્વરવાદ કહી શકાય નહિ.

સિદ્ધાન્તી:એમ હોઈ શકે જ નહિ. ઉપાધિવાળું બ્રહ્મ જગતનું કારણ થઈ શકે જ નહિ. એમ હોય તો "જેમાથી આ ભૂતો ઉત્પન્ન થાય છે, જેનાથી ઉત્પન્ન થએલાં જીવે છે અને જેમાં લય પામે છે" "સૌમ્ય આ પ્રજાનું મૂલ સત્ જ છે" "આ ભૂતો આનન્દમાંથી જ ઉત્પન્ન થાય છે" વિગેરે શ્રુતિઓ, "હું સર્વનો પ્રભવ છું" વિગેર સ્મૃતિઓ અને "આના જન્મ વિગેરે જેમાંથી" વિગેરે બ્રહ્મસૂત્રનો વિરોધ થઈ જાય. કારણ કે આ સર્વ શ્રુતિ, સ્મૃતિ અને સૂત્રો જગતનું કારણ બ્રહ્મ જ કહે છે, ઉપાધિ કહેતાં નથી.

પૂર્વપક્ષી:જેમ ભટ યુદ્ધ કરે તેને જગતમાં ઉપચારથી રાજાનું જ યુદ્ધ કહીએ છીએ તેમ વસ્તુત: ઉપાધિ જ જગત્ રચે છે તો પણ ઉપચારથી જ આ સર્વ શ્રુતિ, સ્મૃતિ અને સૂત્રો બ્રહ્મને કર્તૃ કહે છે.

સિદ્ધાન્તી:એમ થઈ શકે નહિ. જ્યાં સુધી મુખ્યાર્થ સમ્ભવતો હોય ત્યાં સુધી લક્ષ્યાર્થ લઈ શકાય નહિ. શુદ્ધ બ્રહ્મ જ કર્તૃ થઈ શકે છે તો તેમાં કર્તૃત્વ ગૌણ છે અને વસ્તુત: તે ઉપાધિનું જ છે એમ કહી શકાય નહિ. જેમ શરીરવાળો જીવલોકમાં કર્તા થાય છે, તેમ "તેણે ઇચ્છ્યું બહુ થાઉં " વિગેરે શ્રુતિમાં ઇચ્છાવાળા મુખ્ય ઈશ્વરને જ કર્તા કહેલા છે. અને તેમાં કર્તાપણું સમ્ભવે છે તેથી તેનું કર્તૃત્વ ગૌણ છે એમ કહી શકાય નહિ. તેથી જ "ઈક્ષતેર્નાશબ્દમ્" સૂત્રથી વ્યાસજીએ 'જગતના કર્તાની ઇચ્છા કહેલી હોવાથી પ્રકૃતિમાં આ કર્તૃત્વ રહેલું નથી' એમ સિદ્ધ કર્યું, ત્યારે 'ઇચ્છાનો પ્રયોગ ગૌણ છે તેથી પ્રકૃતિમાં જ કર્તૃત્વ રહેલું છે' એવી સાંખ્યની શંકા થઈ, તે દૂર કરવા "ગૌણશ્ચેદ્ ન આત્મશબ્દાત્" સૂત્ર યોજ્યું છે. ઇચ્છાનો પ્રયોગ ગૌણ છે એમ કહેવાય નહિ, કારણ કે "સેયં દેવતક્ષત હન્ત, અહમ્ ઇમા: તિસ્ત્રો દેવતા અનેન જીવેન આત્મન અનુ પ્રવિશ્ય નામ-રૂપે વ્યાકરવાણિ" વાક્યમાં ઇચ્છા કરનારને માટે 'આત્મ' શબ્દનો પ્રયોગ કર્યો છે. 'આત્મ' શબ્દનો પ્રયોગ જડ પ્રકૃતિમાટે થઈ શકે નહિ.

અહીં શંકા થાય કે શ્રુતિમાં 'આત્મ' શબ્દનો પણ ઉપચારથી પ્રકૃતિમાટે જ પ્રયોગ કર્યો છે, જેવી રીતે આપણું સર્વ કાર્ય કરનાર સેવકમાટે "ભદ્રસેન મારો આત્મા છે" એમ 'આત્મ' શબ્દનો પ્રયોગ કરીએ છીએ, તેમ જ ઉપરના વાક્યમાં પ્રકૃતિમાટે 'આત્મ' શબ્દનો પ્રયોગ ઉપચારથી કર્યો છે; તો તેનો નિરાસ કરવા "તન્નિષ્ઠસ્ય મોક્ષોપદેશત્" સૂત્ર યોજ્યું છે. તેનો અર્થ એવો છે કે જેને માટે 'આત્મ' શબ્દનો પ્રયોગ કર્યો છે તેમાં જે નિષ્ઠ હોય તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ શ્રુતિમાં કહેલું છે. તેથી 'આત્મ' શબ્દનો ઉપચારથી પ્રકૃતિમાટે પ્રયોગ કરેલો નથી, કારણ કે પ્રકૃતિમાં નિષ્ઠ હોય તેને મોક્ષની પ્રાપ્તિ થાય નહિ; પરન્તુ મુખ્ય રીતે બ્રહ્મમાટે જ તેનો પ્રયોગ કરેલો છે, કારણ કે બ્રહ્મમાં નિષ્ઠ હોય તેને જ મોક્ષની પ્રાપ્તિ થાય.

વળી તમારા મતમાં ઉપાધિવાળું બ્રહ્મ જીવ-બરાબર હોવાથી, પુત્ર વિગેરે જીવનો જેમ ત્યાગ કરવાનું શાસ્ત્રમાં કહેલું છે તેમ ઉપાધિવાળા બ્રહ્મનો પણ ત્યાગ કરવાનો જ ઉપદેશ શાસ્ત્રમાં હોવો જોઈએ. પરન્તુ ત્યાગ કરવાનો ઉપદેશ ન કરતાં તેની ઉપાસના કરવાનો જ ઉપદેશ સર્વત્ર છે. તમારા મત પ્રમાણે બ્રહ્મ જીવ-બરાબર જ હોય તો મુમુક્ષુના સાધનના ઉપદેશમાં તેની ઉપાસના કરવાનો ઉપદેશ ન જ હોય. આ પણ એ જ સિદ્ધ કરે છે કે નિર્ગુણ બ્રહ્મ જ જગતનું કારણ છે અને ઉપાધિવાળું બ્રહ્મ જગતનું કારણ નથી. આવા જ આશયથી વ્યાસજીએ પણ "ત્યાજ્ય અર્થાત્ ત્યાગ કરવા લાયક કહ્યું નથી તેથી" એ સૂત્ર યોજ્યું છે.

વળી "હવે બ્રહ્મનો વિચાર કરીએ છીએ" એમ પ્રથમ સૂત્રથી વ્યાસજીએ નિર્ગુણ બ્રહ્મનો વિચાર કરવાની પ્રતિજ્ઞા કરી પછી દ્વિતીય "જેમાંથી આ જગતનાં જન્મ વિગેરે થાય છે" સૂત્રથી બ્રહ્મનું લક્ષણ કહ્યું. પ્રથમ સૂત્રમાં નિર્ગુણ બ્રહ્મનો વિચાર કરવાની પ્રતિજ્ઞા કરી, તે બ્રહ્મ કયું? એવી આકાંક્ષા થાય તેથી તેનો ઉત્તર આપવા દ્વિતીય સૂત્રમાં બ્રહ્મનું લક્ષણ આપ્યું. આ લક્ષણ નિર્ગુણ બ્રહ્મનું જ હોવું જોઈએ. તમે કહો છો તેમ સગુણ બ્રહ્મનું હોય તો પ્રથમ સૂત્રમાં કરેલી પ્રતિજ્ઞાની હાનિ થાય, અને બીજું સૂત્ર પ્રથમ સૂત્રથી વિરુદ્ધ થાય. વ્યાસજી આવી ચૂક કરે જ નહિ. આવી ચૂક વ્યાસજીએ કરી એમ કહેનાર હૃદયશૂન્ય જ ગણાય.

વળી સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ એવા બે બ્રહ્મ ભિન્ન હોય તો "સર્વે વેદ જેના પદનું આમનન કરે છે" "સર્વ વેદથી વેદાન્તકૃત્ હું જ વેદ્ય છું" વિગેરે શ્રુતિ-સ્મૃતિનો પણ વિરોધ થાય, કારણ કે એ શ્રુતિ-સ્મૃતિ માત્ર એક જ બ્રહ્મ હોવાનું સૂચવે છે. વેદમાં માત્ર એક જ બ્રહ્મ વર્ણવેલું છે એવો સ્પષ્ટ ભાવાર્થ તેમાંથી સ્ફુરે છે, આવા-આવા દોષયુક્ત હોવાથી સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મમાં ભેદ છે એ પક્ષ નિર્મૂલ જ છે.

બીજો 'સગુણ અને નિર્ગુણ બ્રહ્મ એક જ છે, ભિન્ન નથી' એવો પક્ષ યોગ્ય જ છે. કારણ કે, આ પક્ષમાં ઉપાધિ સ્વીકારેલી નહિ હોવાથી, બ્રહ્મ સ્વતન્ત્ર જ છે અને તેથી કેવલ ઇચ્છાથી જ જગતના સર્ગ-સ્થિતિ અને લય કરી શકે છે. વળી ઇચ્છાથી જ જગતના સર્ગ વિગેરે થાય છે તેથી નિરન્તર સર્ગ થયા કરે એ દોષ પણ રહેતો નથી. અને જગતનું કારણ વસ્તુત: સ્વતન્ત્ર ઈશ્વર પોતે જ હોવાથી અનીશ્વરવાદમાં પર્યવસાન પણ થતું નથી. આ પ્રમાણે સર્વ દોષ રહિત હોવાથી આ પક્ષ યોગ્ય છે.

પૂર્વપક્ષી:એ પક્ષ પણ યોગ્ય નથી, કારણ કે એક જ બ્રહ્મ સગુણ અને નિર્ગુણ હોઈ શકે નહિ. એક જ પદાર્થને સગુણ અને નિર્ગુણ કહેવો એ પરસ્પર વિરુદ્ધ છે.

સિદ્ધાન્તી:એમ નથી, કારણ કે નિષેધનો વિષય ભિન્ન છે. જે બ્રહ્મના ગુણો સવિશેષ શ્રુતિ વર્ણવે છે તે ગુણોનો નિર્વિશેષ શ્રુતિ નિષેધ કરતી નથી, પરન્તુ લૌકિક ગુણોનો જ નિષેધ કરે છે. 'અસ્થૂલ' વિગેરે નિર્વિશેષ શ્રુતિઓ લૌકિક જડ અને જીવ ના ધર્મનો જ બ્રહ્મમાં નિષેધ કરે છે, અપ્રાકૃત ઈશ્વરના ધર્મ જેવાકે જગતનું કર્તૃત્વ વિગેરેનો નિષેધ કરતી

નથી. કદાપિ સવિશેષ શ્રુતિમાં વર્ણવેલા અપ્રાકૃત જગતનું કર્તૃત્વ વિગેરે ધર્મનો પણ નિર્વિશેષ શ્રુતિ નિષેધ કરે છે એમ માનીએ તો સવિશેષ શ્રુતિ વ્યર્થ થઈ જાય. "પ્રક્ષાલનાદ્ધિ પંકસ્ય દૂરાદ્ અસ્પર્શનં વરમ્" પડી કીચડ ધોવો તે કરતાં દૂરથી તેને સ્પર્શ કર્યા વિના જવું એ વધારે સારું છે -એ ન્યાયે બ્રહ્મમાં ગુણનું વર્ણન કરવું અને પછી તેનો નિષેધ કરવો એ કરતાં ગુણનું વર્ણન ન જ કરવું વધારે સારું, એટલું ભાન વેદને પણ અવશ્ય હોવું જ જોઈએ. તેથી જો આગળ ગુણનો નિષેધ જ કરવો હોત તો પ્રથમથી જ વેદ ગુણનું વર્ણન કરત નહિ. તેથી જ "યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ" -'જ્યાંથી વાણી મન સહિત પહોંચ્યા વિના પાછી ફરે છે', શ્રુતિ "આત્મા વારે દ્રષ્ટવ્યો શ્રોતવ્ય:" દર્શન કરવું શ્રવણ કરવું' શ્રુતિએ વર્ણવેલા શ્રોતવ્યત્વ વિગેરે ગુણોનો નિષેધ કરતી નથી. જે વાણી બ્રહ્મને પહોંચતી નથી, એ લૌકિક વાણી જ છે. મન બ્રહ્મને પહોંચતું નથી એ અશુદ્ધ મન જ છે. તેથી પ્રથમ શ્રુતિ લૌકિક વાણી અને અશુદ્ધ મન બ્રહ્મને પહોંચતા નથી એમ જ કહે છે. તેથી સવિશેષ શ્રુતિ બ્રહ્મના અપ્રાકૃત અલૌકિક ગુણનું વર્ણન કરે છે, અને નિર્વિશેષ શ્રુતિ બ્રહ્મમાં પ્રાકૃત જડ-જીવના ધર્મનો નિષેધ કરે છે. ઉભય શ્રુતિનો વિષય ભિન્ન હોવાથી, ઉભય પ્રકારની શ્રુતિ એક જ બ્રહ્મનું નિરૂપણ કરે છે તો પણ વિરોધ નથી.

વળી તમારા મત પ્રમાણે નિર્ગુણ બ્રહ્મ જગતનું કર્તૃ નહિ હોવાથી બ્રહ્મનિરૂપક મહાવાક્યમાં સૃષ્ટિનિરૂપક વાક્યોની સંગતિ થતી નથી. "બ્રહ્મવિદાપ્નોતિ પરમ્" -'બ્રહ્મ જાણનાર પરને પામે છે' શ્રુતિ બ્રહ્મનું નિરૂપણ કરે છે તેની સાથે "તસ્માદ્ વા એતસ્માદ્ આત્મન આકાશ: સમ્ભૂત:" -'આ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું' સૃષ્ટિનિરૂપક શ્રુતિની સંગતિ થતી નથી.

4.અધ્યારોપ-અપવાદનો વિચાર:

અધ્યારોપ અને અપવાદરૂપ સંગતિ છે, કારણ કે શુદ્ધ બ્રહ્મ દુર્જ્ઞેય હોવાથી તેનું જ્ઞાન થાય તે માટે જગજ્જનન કહી, બ્રહ્મના કર્તૃત્વ ભોક્તૃત્વનું પ્રતિપાદન કરી, તેથી સોપાધિક બ્રહ્મનું જ્ઞાન થવાથી, શાખારુન્ધતીન્યાયે પૂર્વોક્ત દૂર કરી, પછી કર્તૃત્વાદિ રહિત બ્રહ્મનું જ્ઞાન થાય છે.

જગતની અપ્રતીતિ થાય તેથી એમ કહેવું યોગ્ય નથી. કારણ કે જગત્ની પ્રતીતિ શ્રુતિસિદ્ધ નથી જેથી પ્રથમ તેનો બોધ કરી પછી તેનો નિષેધ કરે છે એમ કહેવાય; પરન્તુ લોકસિદ્ધ છે. એમ હોવાથી તેના કર્તાની અપેક્ષા થાય તેથી કર્તાનો ઉપદેશ કરે છે એમ કહેવું યોગ્ય છે, પરન્તુ લોકસિદ્ધ જગત્નો અનુવાદ કરી, તેના કર્તાનો બોધ કરી પછી તેનો નિષેધ કરે છે એમ કહેવું યોગ્ય નથી. એમ સોપાધિક બ્રહ્મમાં કર્તૃત્વનો નિષેધ હોય તો કાર્યની પ્રતીતિ સિદ્ધ હોવાથી અને અન્ય કોઈ કર્તા ન હોવાથી જગતનો જ અસમ્ભવ થાય અને તેથી અનુવાદનો વિષય બાધિત થાય. સર્વ અર્થનું તત્ત્વ પ્રતિપાદન કરનાર શ્રુતિ એમ કેમ કહે? કારણ કે

જગતનું અસત્ત્વ હોવાથી અનુવાદ સમ્ભવતો નથી. અન્યથાનુપપત્તિ સર્વથી બલવાન્ છે. કેવલ ઉપલબ્ધિથી વસ્તુસત્ત્વ કહી શકાય નહિ. કારણ કે સ્વપ્ન વિગેરેમાં (સત્ત્વનો) એવો પ્રસંગ થાય. તેથી નિષેધક શ્રુતિનો ભાવાર્થ પ્રપઞ્ચનું અસત્ત્વ જ છે તો દેવાનાંપ્રિય, પ્રતીતિની ઉપપત્તિ કરો. વાસનાથી (તે થાય છે) એમ કહી શકાશે નહિ. કારણ કે વાસના અનુભવજન્ય છે, અને જગતનું અસત્ત્વ હોવાથી પૂર્વ અનુભવનો અસમ્ભવ જ છે. વાસના(સન્તાન) અનાદિ હોવાથી પણ તેની ઉપપત્તિ થતી નથી, કારણ કે સર્વ અનુભવ વાસનાનું જનન કરે એવો નિયમ ન હોવાથી કદાચિત્ કોઈ અર્થની પ્રતીતિ ન થાય એવો પ્રસંગ આવે. એવો નિયમ હોય તો પણ સર્વદા તેનો ઉદ્બોધ કરનાર હોય તેવો નિયમ ન હોવાથી એવો પ્રસંગ આવે. ઉદ્બોધ કરનાર દૃષ્ટ હોય નહિ કારણ કે (એમ હોય તો) અન્યોન્યાશ્રય થાય.

અદૃષ્ટ પણ ન હોય કારણ કે તે દૃષ્ટસામગ્રી સમ્પાદનદ્વારા જ કારણ થાય છે. વળી "વૈધર્મ્યને લીધે સ્વપ્નાદિ પેઠે નથી" એ તત્ત્વસૂત્રનો વિરોધ થાય છે.

4.અધ્યારોપ-અપવાદનો વિચાર

પૂર્વપક્ષી:એ શ્રુતિઓમાં અધ્યારોપાપવાદરૂપી સંગતિ છે. પ્રથમ બ્રહ્મમાં ગુણનો અધ્યારોપ કરવામાં આવે છે, બ્રહ્મમાં ગુણનો આરોપ કરી ગુણનો અપવાદ અથવા નિષેધ કરવામાં આવે છે. આ પ્રમાણે શ્રુતિઓ બ્રહ્મમાં ગુણનો અધ્યારોપ અને પછી અપવાદ કરે છે. તેથી બ્રહ્મમાં જગતના કર્તૃત્વનો પણ અધ્યારોપ અને પછી અપવાદ કરેલો છે. તેથી બ્રહ્મનિરૂપક અને સૃષ્ટિનિરૂપક વાક્યમાં અધ્યારોપાપવાદરૂપી સંગતિ છે.

આ અધ્યારોપ અને અપવાદ પણ શ્રુતિ હેતુપૂર્વક કરે છે, તેથી 'કાદવમાં પડી કાદવ ધોવા કરતાં દૂરથી સ્પર્શ કર્યા વિના જવું વધારે સારું' એ ન્યાયે શ્રુતિ અધ્યારોપ અને અપવાદ કરે નહિ, એમ કહી શકાય નહિ. શુદ્ધ બ્રહ્મ ઘણું દુર્જ્ઞેય છે. શુદ્ધ બ્રહ્મનું જ્ઞાન થવું અતિશય કઠિન છે. શુદ્ધબ્રહ્મનું જ્ઞાન થાય નહિ તેથી તે જ્ઞાન થવામાટે પ્રથમ સગુણ અથવા ઉપાધિવાળા બ્રહ્મનું જ્ઞાન શ્રુતિ કરાવે છે. તેથી શ્રુતિ બ્રહ્મને કર્તૃ-ભોક્તૃ વિગેરે કહે છે. આ ઉપાધિવાળા સગુણ બ્રહ્મની ઉપાસના કરીએ તો આપણું ચિત્ત શુદ્ધ થાય. આવા ચિત્ત શુદ્ધ કરવાના હેતુથી જ શ્રુતિ ઉપાધિવાળા બ્રહ્મનું નિરૂપણ કરે છે, અર્થાત્ બ્રહ્મમાં કર્તૃત્વ-ભોક્તૃત્વ વિગેરે ગુણનો અધ્યારોપ કરે છે. આ સગુણ બ્રહ્મની ઉપાસના કરવાથી ચિત્તની શુદ્ધિ થાય છે, અને ઉપાધિવાળા અર્થાત્ સગુણ બ્રહ્મનું જ્ઞાન થાય છે. સગુણ બ્રહ્મનું જ્ઞાન થયા પછી પ્રથમ વર્ણવેલા કર્તૃત્વ-ભોક્તૃત્વ વિગેરે ગુણો દૂર કરવાથી નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન થાય છે. સગુણ બ્રહ્મનું જ્ઞાન થયા પછી આ નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન શાખારુન્ધતીન્યાયથી થાય છે. અરુન્ધતી અતિસૂક્ષ્મ નક્ષત્ર હોવાથી એકદમ દેખાતી નથી. તેથી કોઈને અરુન્ધતી દેખાડવી હોય તો 'વૃક્ષની આ શાખાપર અરુન્ધતી રહી' એમ કહીએ એટલે તે વૃક્ષની શાખાપર જુએ છે ત્યારે તેને અરુન્ધતી દેખાય છે. પછી અરુન્ધતી જોવામાં શાખાની આવશ્યક્તા રહેતી નથી, શાખા વિના એકલી અરુન્ધતી પણ જોઈ શકે છે. તે જ પ્રમાણે

દુર્જ્ઞેય નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન કરાવવા વેદ પ્રથમ બ્રહ્મને જગતનું કતૃ-ભોક્તૃ વિગેરે કહે છે. પછી સગુણ બ્રહ્મનું બરાબર જ્ઞાન થાય ત્યારે કર્તૃત્વ-ભોક્તૃત્વ દૂર કરવાથી કેવલ નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન થાય છે. તેથી જ બ્રહ્મમાં આ ગુણોનો અધ્યારોપ કર્યા પછી શ્રુતિ તેનો અપવાદ કરે છે.

સિદ્ધાન્તી:એમ કહેવું યોગ્ય નથી, અધ્યારોપ અને અપવાદ નો સ્વીકાર કરી બ્રહ્મમાં કર્તૃત્વ વિગેરેનો નિષેધ કરી શકાય નહિ. કારણ કે એમ હોય તો જગત્ દેખાય જ નહિ. શ્રુતિ પ્રથમ જગતનો બોધ કરે છે અને પછી તેનો નિષેધ કરે છે એમ કહી શકાય નહિ, કારણ કે જગતની પ્રતીતિ વેદને લીધે થતી નથી, પરન્તુ લોકથી જ થાય છે. વેદ આપણને જગત્ દેખાડતા નથી, પરન્તુ આપણે આપણી મેળે જ જગત્ જોઈએ છીએ. વેદ પ્રથમ જગતનો બોધ કરે છે અને પછી તેનો નિષેધ કરે છે એમ કહી શકાય નહિ, કારણ કે વેદ જગતનો બોધ કરતા જ નથી આપણે આપણી મેળે જ જગત્ જોઈએ છીએ. આપણી મેળે આપણે જે જગત જોઈએ છીએ તેનો કર્તા હોવો જ જોઈએ એમ તેના કર્તાની અપેક્ષા થવાથી વેદ માત્ર તે કર્તાનો ઉપદેશ કરે છે એમ જ કહેવું યોગ્ય છે, તેને બદલે આપણે જે જગત્ જોઈએ છીએ તે જ જગતનો અનુવાદ કરી, તેના કર્તાનો બોધ કરી, પછી કર્તૃત્વનો નિષેધ કરે છે એમ કહેવું એ યોગ્ય નથી. લોકસિદ્ધ જગતનો અનુવાદ કરી, તેના કર્તાનો બોધ કરી, પછી વેદ કર્તૃત્વનો નિષેધ કરતા હોય તો કાર્ય જગત્ માત્ર પ્રતીતિસિદ્ધ થાય. આપણે જગતને જોઈએ છીએ તે જગતના કર્તૃત્વનો વેદ બ્રહ્મમાં નિષેધ કરતા હોય તો બીજો કોઈ કર્તા ન હોવાથી, જગતની પ્રતીતિ છીપમાં રહેલા રજતની પ્રતીતિ પેઠે ભ્રાન્તિ ગણાય અને જગતનો કર્તા ન હોવાથી જગત્ જ હોઈ શકે નહિ. જગત્ ન હોવાથી વેદ જગતનો અનુવાદ કરે છે તેના વિષયનો પણ બાધ થાય છે. જગત્ જ ન હોવાથી જગતનો અનુવાદ યોગ્ય નથી. સર્વ અર્થનું તત્ત્વ પ્રતિપાદન કરનાર શ્રુતિ બેઠેલી ડાળ કાપવા પેઠે, અથવા 'મા વાંઝણી છે' એવું આવા પ્રકારનું કથન કેમ કરે? તેથી વેદ કર્તૃત્વનો નિષેધ કરતા નથી. જગતનો કર્તા ન હોય તો જગત્ જ ન હોવું જોઈએ, અને તેથી તેનો અનુવાદ પણ વેદ ન કરે. આ અનુવાદની અનુપપત્તિ સર્વથી બલિષ્ઠ હોવાથી અનુવાદ ઘટે તે માટે પણ વેદ જગતના કર્તૃત્વનો નિષેધ કરતા નથી એમ જ કહેવું પડે.

પૂર્વપક્ષી:જગતની ઉપલબ્ધિ થાય છે તેથી જ આપણાથી એમ કહી શકાય નહિ કે જગત્ છે. કોઈ પણ વસ્તુની પ્રતીતિ થાય તે પરથી જ તે વસ્તુ છે એમ તેના સત્ત્વનો નિર્ણય કરી શકાય નહિ. કારણ કે માત્ર પ્રતીતિથી જ વસ્તુના સત્ત્વનો નિર્ણય કરીએ તો સ્વપ્નમાં ચિત્ર-વિચિત્ર પદાર્થની પ્રતીતિ થાય છે તે સમયે તે પદાર્થ છે એમ આપણે કહેવું પડશે, અર્થાત્ સ્વપ્નમાં અનુભવાતા સર્વ પદાર્થ સત્ય થઈ જશે. પરન્તુ "ન તત્ર રથા ન રથયોગા:" રથ નથી અશ્વ નથી' શ્રુતિ જ સ્વાપ્નિક પદાર્થના અસત્ત્વનો નિર્ણય કરે છે. ત્યાં રથ અને અશ્વ નથી, પરન્તુ સ્વપ્નમાં રથ અને અશ્વ નો આપણને અનુભવ થાય છે, અને તે રથ અને અશ્વ નો "અથ રથાન્ રથયોગાન્" શ્રુતિ અનુવાદ કરે છે. તે જ પ્રમાણે વસ્તુત: જગત્ સત્ય

નથી, પરન્તુ અજ્ઞાન અવસ્થામાં જગતની પ્રતીતિ થાય છે, અને શ્રુતિ પણ એ જગતનો અનુવાદ કરે છે.

સિદ્ધાન્તી:રે મૂર્ખ! ત્યારે પ્રતીતિ કેમ થાય છે તે સમજાવ. જગત્ અસત્ય જ હોય, વસ્તુત: જગત્ હોય જ નહિ તો જગતની પ્રતીતિ કેમ થાય? જગતની પ્રતીતિ થવાનું કારણ શું?

પૂર્વપક્ષી:પ્રતીતિ વાસનાથી થાય છે.

સિદ્ધાન્તી:વાસનાથી પ્રતીતિ થઈ શકે નહિ. કારણ કે પદાર્થનો આપણને અનુભવ થાય ત્યાર પછી જ વાસના થઈ શકે. અનુભવ વાસનાનું કારણ છે, વાસના અનુભવથી જ થાય છે. તમે જગત્ અસત્ય કહો છો. જગત્ કોઈ પદાર્થ છે જ નહિ તો જગત્ અથવા જગતના કોઈ પદાર્થનો અનુભવ પણ હોઈ શકે જ નહિ. જે પદાર્થ હોય જ નહિ તે પદાર્થનો અનુભવ ક્યાંથી જ થાય? અનુભવ ન હોય તો અનુભવનું કાર્ય વાસના પણ ક્યાંથી જ હોય?

પૂર્વપક્ષી:વાસનાસન્તાન અનાદિ છે. પ્રથમ અનાદિ વાસનાથી જગતના પદાર્થનો ભ્રમરૂપી અનુભવ થાય છે. પછી આ અનુભવ વાસના ઉત્પન્ન કરે છે, એ વાસનાથી પાછો એ પદાર્થનો અનુભવ થાય છે. એ પ્રમાણે વાસનાસન્તાન અનાદિ છે તેથી 'પદાર્થ ન હોવાથી તેનો અનુભવ ન થાય, અને તેથી વાસના સમ્ભવે નહિ' એમ કહી શકાય નહિ. આ પ્રમાણે વાસનાસન્તાન અનાદિ છે તેથી જગત્માં આપણે પહેલવહેલો જે પદાર્થ જોઈએ તે અનાદિ વાસનાથી દેખાય છે, એનો એ પદાર્થ ફરીથી જોઈએ ત્યારે તે ભ્રમરૂપી અનુભવથી ઉત્પન્ન થએલી વાસનાથી દેખાય છે એમ માનવું.

સિદ્ધાન્તી:એમ કહેવાય નહિ કારણ કે સર્વ અનુભવો વાસના ઉત્પન્ન કરે એવો નિયમ નથી. પ્રથમ અનાદિ વાસનાસન્તાનથી આપણે અમુક પદાર્થનો અનુભવ કર્યો, એ અનુભવથી ભ્રમરૂપી વાસના થઈ, તેનાથી અનુભવ થયા; એ પ્રમાણે વારંવાર અનુભવ થાય તે દરેક સમયે અનુભવથી વાસના ઉત્પન્ન થવી જ જોઈએ એવો નિયમ નથી. તેથી જ્યારે અનુભવથી વાસના ન થાય ત્યારપછી આપણને તે પદાર્થનો કોઈ સમયે અનુભવ થઈ શકે જ નહિ. કારણ કે અનુભવના કારણ વાસનાસન્તાનનો છેદ થઈ ગયો. ધારો કે જ્યારે અનુભવ થાય ત્યારે તે અનુભવથી વાસના ઉત્પન્ન થાય એવો નિયમ જ છે, તો પણ વાસનાથી જ અનુભવ થતો નથી, તેને ઉદ્બોધકની આવશ્યક્તા છે. જગત્ અસત્ય જ હોય, જગત્ હોય જ નહિ તો વારંવાર વાસના હોવા છતાં તેને ઉદ્બોધક મળી જ આવે એવો નિયમ નથી. કોઈ સમયે ઉદ્બોધક ન મળવાથી પણ આપણને જગતના અનુભવ થવો જોઈએ નહિ.

પૂર્વપક્ષી:કાલ એ જ ઉદ્બોધક છે. કાલ સર્વદા છે જ, અને કાલરૂપી ઉપાધિ સર્વદા હોવાથી ઉદ્બોધક કોઈ સમયે ન હોય એમ બને જ નહિ.

સિદ્ધાન્તી:કાલ માત્ર સહકારીકારણ જ છે, ઉદ્બોધક છે જ નહિ. કાલ ઉદ્બોધક હોઈ શકે જ નહિ. જો ઉદ્બોધક સર્વદા હોય જ તો તે દૃષ્ટ છે કે અદૃષ્ટ, અર્થાત્ તે અનુભવી શકાય તેવું છે કે અનુભવી શકાય નહિ તેવું છે? દૃષ્ટ છે એમ કહી શકાય નહિ કારણ કે અન્યોન્યાશ્રય દોષ પ્રાપ્ત થાય છે. દૃષ્ટનો અનુભવ થઈ શકે છે. વાસનાથી દૃષ્ટની પ્રતીતિ થાય છે અને અનુભવેલું દૃષ્ટ વાસનાનું ઉદ્બોધક હોવાથી વાસના ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે દૃષ્ટનું કારણ વાસના અને વાસનાનું કારણ દૃષ્ટ એમ અન્યોન્યાશ્રય થાય છે.

અદૃષ્ટ પણ ઉદ્બોધક થઈ શકે નહિ; કારણ કે દૃષ્ટસામગ્રીથી જ અદૃષ્ટ બંધાય છે. તેથી દૃષ્ટસામગ્રીની મારફત જ તે વાસનાનું ઉદ્બોધક થઈ શકે. પરન્તુ દૃષ્ટ સામગ્રીની આવશ્યક્તા હોવાથી પ્રથમની પેઠે અન્યોન્યાશ્રય દોષ થાય. વળી દૃષ્ટથી વાસના, અને વાસનાથી દૃષ્ટની પ્રતીતિ, તેનાથી વાસના -એ પ્રમાણે કોઈ સ્થળે અટકાય નહિ. અનુભવનું કારણ વાસના, અને વાસનાનું કારણ અનુભવ, તેનું કારણ વાસના -એ પ્રમાણે કોઈ સ્થળે કારણપણાનો અન્ત આવશે નહિ, તેથી અનવસ્થા દોષ પ્રાપ્ત થાય છે.

5.બધું અવિદ્યાકૃત છે તેનો વિમર્શ:

પૂર્વપક્ષ:જીવની અવિદ્યા એ જ જગત્પ્રતીતિનું કારણ છે. કારણ કે જીવ અને બ્રહ્મ ના અભેદનો બોધ કરનાર શ્રુતિએ ત્યાં જ ભેદ જ્ઞાનનિવર્ત્ય છે એમ કહી, ભેદ અતાત્ત્વિક અજ્ઞાનકૃત છે એમ નિરૂપણ કર્યું (એમ સમજવું) કારણ કે પરમાર્થત: ભિન્નનો અભેદ સમ્ભવતો નથી અને જ્ઞાન પણ અજ્ઞાનનું જ નિવર્તક છે. "આનો અવિદ્યાથી બંધ અનાદિ છે" વચનને લીધે જીવ અને બ્રહ્મ નો ભેદ અનાદિ છે તેથી, અનાદિ અજ્ઞાનરૂપ, "હું અજ્ઞ છું" એમ અનુભવ-સિદ્ધ ભાવરૂપ અવિદ્યાનો જ તેનો(ભેદનો) અવચ્છેદ કરનાર માનવી. તેથી વિચિત્ર પરિણામશીલ દોષરૂપ અવિદ્યાને જ લીધે વિચિત્ર જગતની પ્રતીતિ થાય છે. કાર્ય-કારણ સજાતીય છે તેથી કાર્ય તુચ્છ હોવાથી તેનું કારણ પણ તેવું જ હોવું જોઈએ એ યોગ્ય જ છે. જેમ મુખના કેવલ સમ્બન્ધથી જ દર્પણાદિ(પદાર્થ) બિમ્બ-પ્રતિબિમ્બ ભેદના નિમિત્ત થાય છે, તેમ ચિદ્રૂપ બ્રહ્મના કેવલ સમ્બન્ધથી જ તે પણ ભેદનું નિમિત્ત થાય છે. (જીવ-બ્રહ્મ) ભેદકૃત (પોતાના) અધ્યાસને લીધે પોતામાં અજ્ઞત્વ કર્તૃત્વ ભોક્તૃત્વ માનનાર જીવ વિધિનિયોજ્ય વિગેરે ભાવ ધારે છે. જેમ રજ્જુસ્વરૂપના જ્ઞાનથી પ્રાચીન સર્પનો અનુભવ અને તેથી થતા ભયની નિવૃત્તિ થવાથી સ્વાસ્થ્ય થાય છે તેમ શમ, દમ, ગુરુઉપસત્તિ, તેમનો ઉપદેશ, શ્રવણ, મનન અને નિદિધ્યાસન વડે, અવિદ્યાના અધિષ્ઠાનરૂપ સ્વકીય આત્મા અદ્વૈત કૂટસ્થ ચિદેકરસ છે એમ સ્વરૂપજ્ઞાન થવાથી અજ્ઞાનની નિવૃત્તિ થાય છે, અને તેથી અજ્ઞાનના કાર્યરૂપ પ્રપઞ્ચની પણ નિવૃત્તિ થવાથી "બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે" (મુણ્ડકોપ.3।9) ઇત્યાદિ શ્રુતિનિરૂપિત મોક્ષ થાય છે. અવિદ્યાસમ્બન્ધ અજ્ઞ બનાવનાર હોવાથી સર્વજ્ઞ બ્રહ્મમાં સમ્ભવે નહિ. જીવ અને બ્રહ્મ નું ઐક્ય અંગીકાર કરેલું હોવાથી અવિદ્યાનો આશ્રય જીવ પણ હોઈ શકે નહિ. આથી જ જીવનું પણ અજ્ઞત્વ અનુપપન્ન જ છે એમ નહિ. કારણ

કે જપાકુસુમને લીધે અરુણ સ્ફટિક-સ્તમ્ભની શ્રેણિમાં પડતા પુરુષપ્રતિબિમ્બના અરુણત્વ પેઠે જીવમાં અજ્ઞત્વનો આભાસ ઉપપન્ન છે. તેના બિમ્બની ઉજ્જવલતા પેઠે બ્રહ્મમાં સર્વજ્ઞત્વ પણ ઉપપન્ન જ છે. અવિદ્યા(અજ્ઞત્વનો) આશ્રય હોવાથી અભેદ પણ અનુપપન્ન નથી.

5.બધું અવિદ્યાકૃત છે તેનો વિમર્શ

પૂર્વપક્ષી:(વાસનાથી અનુભવ અને અનુભવથી વાસના એ પ્રમાણે અનાદિ કાળથી ચાલ્યું આવે છે. તેથી બીજથી વૃક્ષ અને વૃક્ષથી બીજ એ દૃષ્ટાન્તમાં જેમ અનવસ્થા દોષ નથી તેમ અહીં પણ અનવસ્થા દોષ નથી).

સિદ્ધાન્તી:તો પણ "વૈધર્મ્યને લીધે સ્વપ્નાદિ પેઠે નથી" એ તત્ત્વસૂત્રનો વિરોધ થાય છે. જગત્ સ્વપ્ન વિગેરે જેવું નથી. 'વિગેરે' શબ્દમાં માયા અને ભ્રમ નો સમાવેશ થાય છે. તેથી જગત્ સ્વપ્ન માયા અથવા ભ્રમ જેવું નથી. કારણ કે જગત્માં અને સ્વપ્ન વિગેરેમાં ભેદ છે. સ્વપ્નમાં અનુભવેલાં પદાર્થનો પુન: તરત જ બીજા સ્વપ્નમાં તેવો જ અનુભવ થતો નથી, પરન્તુ જગતમાં અનુભવેલા પદાર્થનો તેવો જ અનુભવ ઘણા સમય પછી પણ થાય છે. તેથી જગત્ માં અને સ્વપ્ન વિગેરેમાં ભેદ છે. વળી સ્વપ્ન વિગેરેમાં જે ફલ પ્રાપ્ત કરવાના સાધનોનો અનુભવ થાય તે સાધનો જાગીએ ત્યારે ઉપયોગમાં આવતા નથી, પરન્તુ જગતમાં જે સાધનોનો અનુભવ કરીએ છીએ તે મોક્ષ પ્રાપ્ત કરવામાં ઉપયોગી થાય છે. તેથી પણ જગત્ અને સ્વપ્ન વિગેરેમાં ભેદ છે.

આ પ્રમાણે જગતની પ્રતીતિની ઉપપત્તિ કરવા કલ્પેલા અધ્યારોપાપવાદનું ખણ્ડન થયું.

હવે અવિદ્યાથી જગતની પ્રતીતિ થાય છે એ પક્ષનું ખણ્ડન કરવા પ્રથમ પૂર્વપક્ષ કરે છે.

પૂર્વપક્ષી:જીવનું અજ્ઞાન જ જગતની પ્રતીતિનું કારણ છે. બ્રહ્મથી જીવને જુદો પાડનારું મૂલ અજ્ઞાન જ છે. આ જીવના અજ્ઞાનથી જ જગતની પ્રતીતિ થાય છે. "હું બ્રહ્મ નથી પણ અમુક જીવ છું" એવા પ્રકારની અવિદ્યા એ જ આ અજ્ઞાન છે. વસ્તુત: જીવ બ્રહ્મથી ભિન્ન નથી. "તત્ ત્વમ્ અસિ શ્વેતકેતો!" -'હે શ્વેતકેતુ તું તે છે' શ્રુતિ જ જીવ અને બ્રહ્મ ના અભેદનો બોધ કરે છે, તેથી પણ ભેદ અતાત્ત્વિક છે. ભેદ તાત્ત્વિક હોય તો, વસ્તુત: સત્ય હોય તો, વસ્તુત: ભિન્ન પદાર્થોનો અભેદ સમ્ભવે જ નહિ, તેથી શ્રુતિ જીવ અને બ્રહ્મ ના અભેદનો બોધ કરે જ નહિ. બ્રહ્મ અને જીવ નો ભેદ અતાત્ત્વિક અર્થાત્ મિથ્યા છે, કારણ કે તે અજ્ઞાનથી થએલો છે. વળી તે ભેદ અજ્ઞાનથી જ થએલો છે કારણ કે જ્ઞાનથી તે દૂર થાય છે. જ્ઞાન અજ્ઞાનને જ દૂર કરે છે અને આ ભેદ પણ જ્ઞાનથી જ દૂર

થાય છે, તેથી તે અજ્ઞાનથી થએલો જ હોવો જોઈએ. છીપમાં દેખાતા રજતની પેઠે જે-જે જ્ઞાનથી દૂર થાય છે તે-તે અજ્ઞાનથી જ થએલું હોય છે.

આ અજ્ઞાન માત્ર જ્ઞાનનો અભાવ જ નથી પરન્તુ ભાવરૂપ "હું અજ્ઞ છું" એમ અનુભવથી સિદ્ધ જીવ-બ્રહ્મનો ભેદ કરનારી અવિદ્યા જ છે. તે માત્ર જ્ઞાનનો અભાવ જ નથી પરન્તુ ભાવરૂપ છે. જેમ અમિત્ર એટલે મિત્ર નહિ તે, અર્થાત્ કોઈ તટસ્થ પુરુષ એમ નથી પરન્તુ આપણું અહિત કરનાર દુશ્મન જ છે, તેમ અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ એમ નહિ, પરન્તુ આપણને ભ્રમ ઉત્પન્ન કરનાર ભાવરૂપ અવિદ્યા છે. આ અવિદ્યાના તમ:, મોહ, મહાતમ:, તામિસ્ત્ર અને અન્ધતામિસ્ત્ર એ પાંચ પર્વ છે. તેમાં તમ: અર્થાત્ સ્વરૂપનું અજ્ઞાન એ અવિદ્યાનું પ્રથમ પર્વ અન્ય સર્વનું મૂલ છે. આ અવિદ્યા અનાદિ છે. "જીવનો બંધ અવિદ્યાથી અનાદિ છે" એ વચનથી જીવના બંધનું કારણ, જીવ અને બ્રહ્મ નો વિભાગ અનાદિ છે, અને તે વિભાગ કરનારી અવિદ્યા પણ અનાદિ છે. જીવનો બંધ અનાદિ છે તેથી તે બંધનું કારણ જીવ અને બ્રહ્મ નો વિભાગ પણ અનાદિ હોવો જોઈએ, અને તેથી તે વિભાગનું કારણ અવિદ્યા પણ અનાદિ હોવી જોઈએ. જીવ અનાદિ કાળથી બદ્ધ છે, અને જીવ અને બ્રહ્મ વસ્તુત: એક જ છે તો પણ બ્રહ્મને બંધ થતો નથી, કારણ કે જીવ અને બ્રહ્મનો વિભાગ થયા પછી જીવને બંધ થાય છે, વિભાગ થયા પહેલાં જીવને બંધ નથી. અહીં 'અનાદિ' શબ્દનો અર્થ આદિ અર્થાત્ આરમ્ભ રહિત એવો નથી પરન્તુ અનાદિ એટલે ચિરન્તન અર્થાત્ ઘણા લાંબા સમયથી ચાલ્યું આવેલું એવો અર્થ છે.

આ વિચિત્ર રૂપે પરિણામ પામતી દોષરૂપ અવિદ્યાથી જ વિચિત્ર જગતની પ્રતીતિ થાય છે. વસ્તુત: જગત્ છે જ નહિ, પરન્તુ આ અવિદ્યાથી જગતની પ્રતીતિ થાય છે. તુચ્છ જગતનું કારણ તુચ્છ અવિદ્યા હોય એ યોગ્ય જ છે. કારણ જેવું જ કાર્ય હોવું જોઈએ. તેથી કાર્ય જગત્ તુચ્છ હોવાથી તેનું કારણ બ્રહ્મ હોઇ શકે જ નહિ પરન્તુ તુચ્છ અવિદ્યા જ તેનું કારણ હોવું જોઈએ.

વળી માત્ર મુખના સમ્બન્ધથી જ દર્પણ બિમ્બ-પ્રતિબિમ્બના ભેદનું કારણ થાય છે તેમ ચિદ્રૂપ બ્રહ્મના સમ્બન્ધથી જ જીવ અને બ્રહ્મ ના ભેદનું કારણ અવિદ્યા થાય છે. જેમ માત્ર દર્પણની સન્નિધિથી જ બિમ્બ અને પ્રતિબિમ્બ એવા ભેદ પડે છે, તેમ માત્ર અવિદ્યાની સન્નિધિ જ બ્રહ્મ અને જીવ એવા ભેદ પાડે છે. આ પ્રતિબિમ્બરૂપ જીવમાં "હું અમુક છું" એવો અધ્યાસ થાય છે. આવો અધ્યાસ થવાથી જીવ પોતાને અજ્ઞ, કર્તા, ભોક્તા વિગેરે માને છે અને તેથી જ "સ્વર્ગની ઇચ્છાવાળાએ યજ્ઞ કરવો" વિગેરે વિધિથી પોતાને એ પ્રમાણે વર્તવાની આવશ્યક્તા માને છે. અને 'હું સન્ધ્યા આદિ નહિ કરું તો મને દોષ થશે' એમ માને છે. ત્યાર પછી શમ, દમ વિગેરે સાધનોથી અને બ્રહ્મના શ્રવણ-મનન-નિદિધ્યાસન વિગેરેથી અવિદ્યાના અધિષ્ઠાનરૂપ પોતાના આત્માનું અદ્વૈત કૂટસ્થ ચિદેકરસ સ્વરૂપનું જ્ઞાન થાય છે. શમ-દમ વિગેરે સાધનોથી ચિત્ત શુદ્ધ થાય છે અને શુદ્ધ ચિત્તથી શ્રવણ, મનન અને નિધિધ્યાસન કરવાથી અવિદ્યાના અધિષ્ઠાન, પોતાના આત્માના સત્ય સ્વરૂપનું જ્ઞાન થાય

છે, ત્યારે 'હું અમુક જીવ છું' એવા અજ્ઞાનને સ્થાને 'હું અદ્વૈત કૂટસ્થ ચિદેકરસ બ્રહ્મ જ છું' એવું જ્ઞાન થાય છે. આ જ્ઞાનથી અજ્ઞાન દૂર થાય છે. આ જ્ઞાન અજ્ઞાનના નાશનું કારણ છે. અજ્ઞાન દૂર થવાથી અજ્ઞાનનું કારણ પ્રપઞ્ચ અર્થાત્ જગત્ પણ દૂર થાય છે. અજ્ઞાન દૂર થવાથી જગત્ પણ અસત્ય મિથ્યા છે એમ તેને ભાન થાય છે. કારણ-અજ્ઞાન નાશ થાય ત્યારે તેના કાર્ય-જગત્ની પણ નિવૃત્તિ થાય તે સ્વાભાવિક જ છે. જગતની નિવૃત્તિ થવાથી "બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે" શ્રુતિએ વર્ણવેલો મોક્ષ થાય છે. મોક્ષ સ્વત: થાય છે. સાધનો માત્ર અજ્ઞાનની નિવૃત્તિ કરે છે, મોક્ષ ઉત્પન્ન કરતાં નથી. કારણ કે મોક્ષ બ્રહ્મરૂપ હોવાથી ઉત્પન્ન થતો નથી. મોક્ષ સ્વત: થાય છે. જેમ રજ્જુને ભ્રાન્તિથી સર્પ માનીએ ત્યારે ભય ઉત્પન્ન થાય છે, પરન્તુ 'તે રજ્જુ છે, સર્પ નથી' એવું જ્ઞાન થાય ત્યારે પ્રથમ તેમાં થએલો સર્પનો અનુભવ અને તેથી થતો ભય દૂર થાય છે, અને સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે; તેમ જ્યાં સુધી ભ્રાન્તિથી જગત્ સત્ય માનીએ ત્યાં સુધી જગતના દુ:ખ વિગેરે આપણને બાધ કરે છે, પરન્તુ બ્રહ્મના સત્ય સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે અજ્ઞાન અને તેનું કાર્ય જગત્ દૂર થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

6.જીવસ્વરૂપના વિચારનો ઉપક્રમ; બિમ્બ-પ્રતિબિમ્બભાવનું ખંડન:

સિદ્ધાન્ત:અત્ર કહીએ છીએ. જીવની તે શક્તિ છે તો પ્રથમ જીવસ્વરૂપનો વિચાર કરવો જોઈએ. ત્યાં(આ વિચારમાં) જીવ બ્રહ્મનો પ્રતિબિમ્બ છે એ પક્ષ યુક્તિવિરુદ્ધ છે. કારણ કે બ્રહ્મ રૂપરહિત હોવાથી અને પ્રતિબિમ્બનો આશ્રય અજ્ઞાન અસ્વચ્છ હોવાથી ક્યાં કોનો પ્રતિબિમ્બ પડે? કારણ કે રૂપવાળા પદાર્થનો જ પ્રતિબિમ્બ પડે એવો નિયમ છે. દૃષ્ટને અનુસરી કલ્પના કરવી ઉચિત છે નહિ તો વાયુ અને કાષ્ઠ (અનુક્રમે) બિમ્બ અને પ્રતિબિમ્બાશ્રય થાય. દર્પણ વિગેરેમાં આકાશનો પ્રતિબિમ્બ દેખાય છે. ના, એટલા પ્રદેશમાં રહેલું પ્રભામણ્ડલ રૂપવાળું હોવાથી તેનો જ પ્રતિબિમ્બ દેખાય છે. વળી દર્પણરેખા પેઠે જે જ્યાં હોય તેનો ત્યાં પ્રતિબિમ્બ પડતો નથી. તેથી સર્વગત બ્રહ્મ સર્વગત અવિદ્યામાં પણ હોવાથી તેનો ત્યાં પ્રતિબિમ્બ કેમ પડે? ત્યાં(દર્પણરેખા દૃષ્ટાન્તમાં) રેખાસંયોગસમ્બન્ધથી રહેલી છે તેથી પ્રતિબિમ્બ પડતો નથી, અહીં ઉભય(બ્રહ્મ અને અવિદ્યા) વિભુ હોવાથી તેમનો સંયોગ નથી, તેથી કાંઈ અનુપપત્તિ નથી એમ કહી શકાય નહિ. કારણ કે પ્રભામણ્ડલ સંયુક્ત છે તો પણ તેનો પ્રતિબિમ્બ દેખાય છે -જે અંશમાં સંયોગ હોય તે અંશમાં પ્રતિબિમ્બ ન પડે એમ પણ કહેવાય નહિ. કારણ કે બિસિનીસૂત્ર જેટલા જ અન્તરે રાખેલી અંગુલીના તલભાગની પ્રભાનો પણ દર્પણમાં પ્રતિબિમ્બ પડે છે. વળી લોકમાં બિમ્બ અને પ્રતિબિમ્બ ની એકત્ર સ્થિતિ નથી, તેથી "દ્વિ-સુપર્ણ સયુજ" "પરમ પરાર્ધમાં ગુહામાં પ્રવેશ કરેલા" (કઠોપ.

3। "ગુહામાં પ્રવેશેલા (દ્વિ) આત્મા, કારણ કે તેમનું પ્રતિપાદન છે" (બ્રહ્મસૂ. 1।11) ઇત્યાદિ શ્રુતિ અને ન્યાય થી નિર્ણીત જીવ અને પરમાત્મા ની એકત્ર સ્થિતિની બિમ્બ-પ્રતિબિમ્બ પક્ષમાં સંગતિ થતી નથી. વળી "અવિદ્યામાં બ્રહ્મનો પ્રતિબિમ્બ તે જીવ, અને અવિદ્યાનો નાશ તે મોક્ષ" એમ કહેતાં તમારા મતમાં જીવસ્વરૂપનો નાશ એ જ મોક્ષ એમ થાય છે. અને આત્મહાનિ અપુરુષાર્થ છે તેથી મોક્ષ અપુરુષાર્થ થાય. જીવ પણ અલીક થાય. એમ હોવાથી કોઈ પણ પરલોકમાટે પ્રયત્ન કરે નહિ. કારણ કે મોક્ષનું સ્વરૂપ અને સ્વકીય બદ્ધ સ્વરૂપ જાણીને મુમુક્ષુ ઉક્તસાધનમાટે યત્ન કરે. અને તે ઉભયસ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે "સર્વ મિથ્યા છે" એમ જાણીને અને "ઐહિકી અને પારલૌકિકી પણ પ્રવૃત્તિ અવિદ્યાના અધ્યાસથી થએલી છે" એમ જાણીને "ઐહિક પ્રવૃત્તિ સારી, પરન્તુ સ્વરૂપહાનિનું કારણ હોવાથી પારલૌકિકી સારી નહિ" એમ વિચારી સર્વ અપ્રવૃત્ત રહે અને નિવૃત્તિ માર્ગમાં જ ઉચ્છેદ પામે. અથવા સર્વે શાન્ત જ રહે. વિહિત અને નિષિદ્ધ સમાન હોવાથી, કોઈ પણ કાર્યમાંથી નિવૃત્ત જ ન રહે; આવી રીતે સર્વ સન્માર્ગનો ઉચ્છેદ કરવા, આવો મત પ્રવર્તાવનાર વેદને પણ માત્ર વ્યવહારમાં જ પ્રમાણ તરીકે સ્વીકારનાર (તું) પ્રચ્છન્નબૌદ્ધ છે. વેદને પણ સ્વઅજ્ઞાનથી કલ્પિત કહેનાર અતિધૃષ્ટ છે. સર્વ પ્રપઞ્ચ જ તેવો છે તેથી વેદને પણ, તેમાં આવી જવાથી, તેવો કહું છું તારા મોઢાને ચોકડું નથી તેથી ભલે કહે. પરન્તુ યુક્તિયુક્ત કહેતો નથી. કારણ કે પ્રતિબિમ્બિત આમ્રતરુકદમ્બના ફલ લેવા, પ્રતિબિમ્બ છે એમ જાણનાર, કોઈ પણ હસ્ત પ્રસારતાં જોવામાં આવ્યો નથી. તે પ્રમાણે વેદને એવો(અજ્ઞાન કલ્પિત) જાણનાર કયો પુરુષ તેણે વર્ણવેલા સ્વર્ગ અપવર્ગ આદિ ફલવાળા અતિશય આયાસથી સાધ્ય યાગ સન્યાસ વિગેરેમાં સર્વબન્ધુનો ત્યાગ કરી સર્વસુખથી વિમુખ રહી પ્રવૃત્ત થાય? સ્વપ્નમાં સ્વાપ્નિક ફલમાટે પ્રવૃત્તિ જણાય છે. ખરું, તે સમયે તે સત્ય જ છે એમ જાણનારની પ્રવૃત્તિ દેખાય છે, પરન્તુ સ્વપ્નમાં જ "હું આ સ્વપ્ન જોઉં છું, પારમાર્થિક જોતો નથી" એમ જાણનારની નહિ, એ ધ્યાનમાં રાખો. વિશેષ દર્શન સ્વસજાતીય ભ્રમની જ નિવૃત્તિ કરે છે. પ્રકૃતમાં પ્રાપઞ્ચિક ભ્રમ અપરોક્ષ છે તેથી શાબ્દજ્ઞાન તેની નિવૃત્તિ કરવા સમર્થ નથી તેથી પ્રવૃત્તિ થાય છે આ સાર નથી. પ્રતિબિમ્બ હોવાથી અસત્ તરીકે અનુમતિ થએલાં તરુઓ ચક્ષુથી પ્રતીત થાય છે તેમ શાબ્દજ્ઞાન પછી પણ પ્રપઞ્ચપ્રતીતિ ભલે થાય પરન્તુ પ્રવૃત્તિ ન જ થાય. નહિ તો એ તરુના ફલમાટે પણ પ્રવૃત્તિ થાય. વળી પ્રથમ ઉત્પન્ન થએલાં, યાગ અને બ્રહ્મજ્ઞાન અનુક્રમે સ્વર્ગ અને મુક્તિ ફલવાળાં છે એ જ્ઞાનનો, પછી ઉત્પન્ન થતાં તે મિથ્યા છે એ જ્ઞાનથી બાધ થઈ શકે નહિ, કારણ કે ઉભય શાબ્દ છે. દ્વૈતપ્રતીતિ જ અનર્થરૂપ છે. તેની નિવૃત્તિ અપરોક્ષ બ્રહ્મજ્ઞાન વિના થતી નથી તેથી તે માટે પ્રવૃત્તિ થાય છે.

6. જીવસ્વરૂપના વિચારનો ઉપક્રમ; બિમ્બ-પ્રતિબિમ્બભાવનું ખંડન:

સિદ્ધાન્તી:સર્વજ્ઞ હોવાથી બ્રહ્મને અવિદ્યાનો સમ્બન્ધ થઈ શકે નહિ, કારણ કે જેને-જેને અવિદ્યાનો સમ્બન્ધ હોય તે-તે અજ્ઞ જ હોવું જોઈએ. બ્રહ્મને અવિદ્યાનો સમ્બન્ધ હોય તો તે સર્વજ્ઞ હોઈ શકે નહિ પરન્તુ અજ્ઞ થઈ જાય, તેથી બ્રહ્મને અવિદ્યાનો સમ્બન્ધ હોય જ નહિ. તમે જીવ અને બ્રહ્મ ને એક માનો છો, તેથી જીવને પણ અવિદ્યાનો સમ્બન્ધ હોઈ શકે નહિ. આ જ કારણથી જીવ પણ અજ્ઞ હોઈ શકે નહિ. જીવ અને બ્રહ્મ ને એક માનો છો તો બ્રહ્મ પણ અજ્ઞ થઈ જાય. અર્થાત્ માયા અને અવિદ્યા ને એક જ માનો છો તો એક જ વસ્તુનાં સમ્બન્ધથી બ્રહ્મના સર્વજ્ઞ અને અજ્ઞ એવા બે સ્વરૂપ ભિન્ન-ભિન્ન કેમ થાય?

(આ પ્રમાણે અવચ્છેદનો આક્ષેપ થવાથી, માયા અને અવિદ્યા ને ભિન્ન માની પ્રતિબિમ્બવાદથી પૂર્વપક્ષી સમાધાન કરે છે)

પૂર્વપક્ષી:એમ નથી. જેમ જપાકુસુમને લીધે લાલ દેખાતી સ્ફટિકમણિના સ્તમ્ભની હારમાં પડતું પુરુષનું પ્રતિબિમ્બ લાલ દેખાય છે તેમ અવિદ્યામાં પડતાં બ્રહ્મના પ્રતિબિમ્બમાં અજ્ઞત્વ જણાય છે. એ પ્રતિબિમ્બ જીવ છે અને તે આપણને અજ્ઞ જણાય છે, પરન્તુ જેનું પ્રતિબિમ્બ લાલ સ્ફટિકમણિના સ્તમ્ભની હારમાં પડે છે તે પુરુષ પોતે ઉજ્જવળ દેખાય છે, લાલ દેખાતો નથી; તેમ બ્રહ્મ સર્વજ્ઞ રહે છે, અજ્ઞ થતું નથી. વળી અજ્ઞત્વ અવિદ્યાનો આશ્રય કરી રહેલું છે તેથી વસ્તુત: બ્રહ્મ અને જીવ એક જ છે.

(આ મત પ્રમાણે માયા અને અવિદ્યા ભિન્ન-ભિન્ન છે. માયાના પ્રદેશમાં રહેલું ચૈતન્ય અથવા માયામાં ચૈતન્યનો પ્રતિબિમ્બ ઈશ્વર છે. અને અવિદ્યામાં ચૈતન્યનો પડેલો પ્રતિબિમ્બ જીવ છે.)

સિદ્ધાન્તી:જગતનો ભ્રમ ઉત્પન્ન કરનારી અવિદ્યા જેની શક્તિ છે એ જીવના સ્વરૂપનો પ્રથમ વિચાર કરવો જોઈએ. જીવ બ્રહ્મનો અવિદ્યામાં પડેલો પ્રતિબિમ્બ છે એમ કહી શકાય નહિ. કારણ કે બ્રહ્મ રૂપવગરનું છે, અને અવિદ્યાપણ સ્વચ્છ નથી. રૂપવાળા મુખ વિગેરે પદાર્થનો જ પ્રતિબિમ્બ પડે અને તે પણ દર્પણ વિગેરે સ્વચ્છ પદાર્થમાં જ પડે. રૂપવગરના બ્રહ્મ જેવા પદાર્થનો પ્રતિબિમ્બ પડે જ નહિ, તેમ જ અવિદ્યા જેવા અસ્વચ્છ પદાર્થમાં પ્રતિબિમ્બ સમ્ભવે જ નહિ. ધારોકે રૂપવગરના પદાર્થનો અસ્વચ્છ પદાર્થમાં પ્રતિબિમ્બ પડી શકે તો રૂપવિનાના વાયુનો અસ્વચ્છ પદાર્થ કાષ્ઠમાં પ્રતિબિમ્બ પડવો જોઈએ. એ કદાપિ સમ્ભવતું જ નથી.

પૂર્વપક્ષી:અવિદ્યા સ્વચ્છ છે, અને રૂપવગરના પદાર્થનો પ્રતિબિમ્બ પડે છે, કારણ કે રૂપવિનાના આકાશનો દર્પણ વિગેરે પદાર્થોમાં પ્રતિબિમ્બ પડે છે.

સિદ્ધાન્તી:એમ નથી. આકાશનો પ્રતિબિમ્બ પડતો નથી, એ પ્રતિબિમ્બ આકાશનો નથી, પરન્તુ એ પ્રદેશમાં રહેલું પ્રભામણ્ડલ રૂપવાળું હોવાથી તેનો પ્રતિબિમ્બ પડે છે.

વળી દર્પણરેખા પેઠે જે જ્યાં હોય ત્યાં તેનો પ્રતિબિમ્બ પડે જ નહિ. અવિદ્યા અને બ્રહ્મ ઉભય સર્વસ્થળે રહેલાં છે તેથી જ્યાં-જ્યાં અવિદ્યા છે ત્યાં-ત્યાં બ્રહ્મ પણ છે જ. અવિદ્યા હોય ત્યાં બ્રહ્મપણ રહેલું હોવાથી અવિદ્યામાં બ્રહ્મનો પ્રતિબિમ્બ પડે જ નહિ.

પૂર્વપક્ષી:દર્પણરેખાનું દૃષ્ટાન્ત અહીં ઘટતું નથી; કારણ કે દર્પણરેખાને અને દર્પણને સંયોગસમ્બન્ધ છે. દર્પણરેખા દર્પણ સાથે સંયોગ સમ્બન્ધથી રહેલી હોવાથી તેમાં તેનો પ્રતિબિમ્બ પડતો નથી; પરન્તુ અવિદ્યા અને બ્રહ્મ સંયોગ સમ્બન્ધથી રહેલાં નથી, કારણ કે ઉભય વિભુ અર્થાત્ સર્વ સ્થળે રહેલાં છે. બે વિભુ પદાર્થમાં સંયોગ સમ્બન્ધ ઘટી શકે નહિ. અવિદ્યા અને બ્રહ્મ સંયોગ સમ્બન્ધથી રહેલાં ન હોવાથી, દર્પણરેખાનું દૃષ્ટાન્ત ઘટતું નથી. અવિદ્યામાં બ્રહ્મનું પ્રતિબિમ્બ પડે છે.

સિદ્ધાન્તી:સંયોગ સમ્બન્ધ હોય ત્યાં પ્રતિબિમ્બ પડે નહિ એમ કહી શકાય નહિ. દર્પણ રેખાની પેઠે પ્રભામણ્ડલ પણ દર્પણસાથે સંયોગ સમ્બન્ધથી રહેલું છે તો પણ પ્રભામણ્ડલનું પ્રતિબિમ્બ દર્પણમાં પડે છે. તેથી સંયોગસમ્બન્ધને લીધે પ્રતિબિમ્બ પડતું નથી એમ કહેવાય નહિ.

પૂર્વપક્ષી:જેટલા અંશમાં સંયોગ હોય તેટલા અંશમાં પ્રતિબિમ્બ પડતું નથી. પ્રભામણ્ડલનો જેટલા અંશમાં સંયોગ છે તેટલા અંશનું પ્રતિબિમ્બ નથી. પરન્તુ સંયોગરહિત પ્રભામણ્ડલનો જેટલો અંશ છે તેટલાનું પ્રતિબિમ્બ પડે છે. તેથી સંયોગ હોય ત્યાં પ્રતિબિમ્બ પડતું નથી.

સિદ્ધાન્તી:એ પણ સત્ય નથી કારણ કે દર્પણથી માત્ર કમલિનીના સૂત્ર જેટલા અન્તરે આપણી અંગુલી રાખીએ તે અંગુલીના તળીયાની પ્રભાનો સર્વાંશે દર્પણ સાથે સંયોગ છે એમ આપણે કહેવું જ પડશે. કારણ કમલિનીના સૂત્ર જેટલી અંગુલીની પ્રભામાં સંયોગવાળો અને સંયોગ રહિત એવા ભાગ હોઈ કે જ નહિ. તેથી એ પ્રભાનો દર્પણ સાથે સર્વ અંશે સંયોગ છે, તો પણ તેનું પ્રતિબિમ્બ પડે છે. તેથી સંયોગને લીધે દર્પણરેખાનું પ્રતિબિમ્બ પડતું નથી એમ કહેવાય નહિ, પરન્તુ દર્પણરેખા ત્યાં જ હોવાથી તેનું પ્રતિબિમ્બ ત્યાં પડતું નથી, અર્થાત્ જે વસ્તુ જ્યાં હોય ત્યાં તેનું પ્રતિબિમ્બ પડે નહિ. અને અવિદ્યા સર્વત્ર હોવાથી અવિદ્યા જ્યાં હોય ત્યાં બ્રહ્મ પણ છે, તેથી બ્રહ્મનું અવિદ્યામાં પ્રતિબિમ્બ સમ્ભવતું જ નથી, અર્થાત્ તમારા મત પ્રમાણે જીવનું જે સ્વરૂપ છે તે યથાર્થ નથી.

વળી "બે સુપર્ણ સાથે રહેનાર" "ગુહામાં પ્રવેશેલા બે આત્મા. કારણ કે તેમનું પ્રતિપાદન છે" ઇત્યાદિ શ્રુતિ અને સૂત્રો જીવ અને બ્રહ્મ એક સ્થળે રહે છે એમ કહે છે. જીવ બ્રહ્મનો પ્રતિબિમ્બ હોય તો ઉભયની એક જ સ્થળે સ્થિતિ સમ્ભવતી નથી, કારણ કે લોકમાં બિમ્બ અને પ્રતિબિમ્બ એક સ્થળે રહેલાં કદાપિ દેખાતાં નથી.

વળી અવિદ્યામાં બ્રહ્મનું પ્રતિબિમ્બ એ જીવ અને અવિદ્યાનાશ એ મોક્ષ એમ તમે માનો છો. મોક્ષ સમયે અવિદ્યાનો નાશ થવાથી અવિદ્યામાં પડેલા બ્રહ્મના પ્રતિબિમ્બનો પણ નાશ થવાનો જ. આ પ્રતિબિમ્બ જીવ જ હોવાથી મોક્ષસમયે મોક્ષ પ્રાપ્ત કરનાર જીવનો નાશ થાય, તેથી જીવના સ્વરૂપનો નાશ એ જ તમારા મત પ્રમાણે મોક્ષ છે. પરન્તુ આત્મહાનિ એ તો મહાન્ અપુરુષાર્થ છે! તેથી મોક્ષ અપુરુષાર્થરૂપ થાય છે, અને જીવ પણ માત્ર પ્રતિબિમ્બ જ હોવાથી અલીક અર્થાત્ મિથ્યા છે. આમ હોય તો કોઈ પણ પરલોકમાટે

પ્રયત્ન કરે જ નહિ. કારણ કે મોક્ષની ઇચ્છા રાખનાર પુરુષ મોક્ષનું સત્ય સ્વરૂપ અને પોતે બદ્ધ છે એમ જાણી, બન્ધનમાંથી મુક્ત થવા મોક્ષ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે; પરન્તુ તમારા મત પ્રમાણે આત્માનો નાશ એ જ મોક્ષ છે, અને પોતે અલીક અથવા મિથ્યા છે, સર્વ જગત્ મિથ્યા છે, અને આ લોકની તેમ જ પરલોકમાટે કરવામાં આવતી સર્વ પ્રવૃત્તિ અવિદ્યાના અધ્યાસથી જ થાય છે એમ જાણે ત્યારે મોક્ષમાટે શું કરવા પ્રયત્ન કરે? પરલોકમાટે પ્રવૃત્તિ કરવાથી સ્વરૂપની હાનિ થશે એમ જાણે ત્યારે પરલોકમાટે પ્રવૃત્તિ કરવાં કરતાં લૌકિક પ્રવૃત્તિ જ કરે. અથવા ઉભય પ્રકારની પ્રવૃત્તિ, સંસાર અને સ્વરૂપહાનિ, એમ અપુરુષાર્થ જ પ્રાપ્ત કરાવનારી હોવાથી એક પણ પ્રકારની પ્રવૃત્તિ કરે નહિ અને નિવૃત્તિમાર્ગમાં જ નાશ પામે. વેદમાં કરવાના કહેલા કર્મ અને વેદે નિષેધ કરેલા કર્મમાં કાંઈ પણ વિશેષ ન હોવાથી કોઈ પણ પ્રકારનું કાર્ય કરતાં અચકાય જ નહિ. આ પ્રમાણે હોય તો સન્માર્ગનો ઉચ્છેદ જ થઈ જાય. સન્માર્ગનો ઉચ્છેદ કરાવવા જ આવો મત પ્રવર્તાવનાર વેદને પણ કેવલ વ્યવહારમાં જ પ્રમાણ માનનાર અને વસ્તુત: અસત્ય માનનાર તમે પ્રચ્છન્નબૌદ્ધ જ છો. વળી વેદ પણ જીવના પોતાના અજ્ઞાનથી કલ્પેલા છે એમ કહેવામાં તમે ઉદ્ધતાઈ કરો છો.

પૂર્વપક્ષી:સર્વ જગતને હું મિથ્યા કહું છું. વેદ પણ જગતની અંદર આવી ગએલો હોવાથી તેને પણ મિથ્યા કહું છું.

સિદ્ધાન્તી:ખરે, તારા મોઢાને કાંઈ અંકુશ ન હોવાથી તું એમ કહે છે, પણ તે યુક્તિપૂર્વક નથી. કારણ કે આંબાનું જલમાં પ્રતિબિમ્બ પડેલું જોઈ તે આંબાના પ્રતિબિમ્બની કેરીઓ લેવા કોઈ પણ પુરુષ હાથ લાંબો કરતો કોઈ દિવસ દેખાયો નથી, કારણ કે પ્રતિબિમ્બ મિથ્યા છે, અને જે કેરીઓ દેખાય છે તે પણ વસ્તુત: નથી એમ તે જાણે છે. તે જ પ્રમાણે વેદને મિથ્યા જાણે તો પણ વેદમાં કહેલાં સ્વર્ગના સાધન યજ્ઞ અને મોક્ષ ના સાધન સંન્યાસ વિગેરેમાં સર્વ બન્ધુ મિત્રનો ત્યાગ કરી સર્વ સુખને તિલાઞ્જલિ આપી ઘણું કષ્ટ વેઠી તત્પર કોણ રહે!

પૂર્વપક્ષી:સ્વપ્નમાં જે ફલ દેખાય તેને માટે પ્રવૃત્તિ પણ થાય છે તે આપણે અનુભવીએ છીએ, તે જ પ્રમાણે જગત્ અસત્ય માનીએ તો પણ જગતમાં રહીએ ત્યાં સુધી ફલમાટે પ્રવૃત્તિ કરીએ એમાં શું આશ્ચર્ય!

સિદ્ધાન્તી:સ્વપ્નમાં ફલ વિગેરે માટે પ્રવૃત્તિ કરીએ છીએ એ ખરું પણ તે ફલને તે સમયે સત્ય માનીએ છીએ તેથી જ તેને માટે પ્રવૃત્તિ કરીએ છીએ "હું આ સ્વપ્ન જોં છું, સત્ય પદાર્થ જોતો નથી" એમ માનનારની સ્વપ્નમાં પણ પ્રવૃત્તિ સમ્ભવે નહિ. તે સમયે સ્વાપ્નિક ફલને સત્ય માનીએ છીએ તેથી જ પ્રવૃત્તિ સમ્ભવે છે. પરન્તુ જગત્ અસત્ય છે, એમ આપણે જાણીએ છીએ તો આપણી પ્રવૃત્તિ કેમ સમ્ભવે?

પૂર્વપક્ષી:પ્રથમ આપણે જગત્ને સત્ય માનીએ છીએ ત્યારે પ્રવૃત્તિ પણ કરીએ છીએ, પછી આપણને વેદમાંથી ભાન થાય છે કે જગત્ સત્ય નથી, પરન્તુ અસત્ય છે તો પણ આપણને જગતની સત્ય તરીકે જ પ્રતીતિ થાય છે, કારણ કે જગતને આપણે આપણા

ચક્ષુ: વિગેરેથી સત્ય તરીકે અનુભવીએ છીએ. જગત્ પ્રત્યક્ષ છે. વેદ તેને મિથ્યા કહે છે પણ વેદ શબ્દપ્રમાણ છે. જગતનો પ્રત્યક્ષ પ્રમાણથી સત્ય તરીકે અનુભવ કરીએ છીએ, અને શબ્દપ્રમાણ જગત્ અસત્ય છે એમ કહે છે પરન્તુ શબ્દપ્રમાણ કરતાં પ્રત્યક્ષપ્રમાણ વધારે બલવત્ હોવાથી શબ્દપ્રમાણ તેનો બાધ કરી શક્તું નથી. અર્થાત્ વેદમાંથી જગત્ અસત્ય છે એમ જાણીએ છીએ તો પણ જગતનો સત્ય તરીકે અનુભવ કરીએ છીએ તેથી જગત્ માં પણ પ્રવૃત્તિ થાય છે.

સિદ્ધાન્તી:એ પણ યોગ્ય નથી. પ્રત્યક્ષપ્રમાણ વધારે બલવત્ હોવાથી, શબ્દપ્રમાણથી તેનો બાધ ન થાય તેથી, કદાચ જગતની પ્રતીતિ આપણને રહે, પરન્તુ પ્રવૃત્તિ સમ્ભવે નહિ, કારણ કે જલમાં આપણે આંબાના વૃક્ષનું પ્રતિબિમ્બ જોઈએ છીએ, એ પ્રતિબિમ્બ હોવાથી અસત્ય છે એમ આપણે અનુમાન કરીએ છીએ. પ્રત્યક્ષપ્રમાણ અનુમાન કરતાં વધારે બળવત્ છે તેથી અનુમાનથી તેનો બાધ થતો નથી અને આપણે પ્રતિબિમ્બને જોઈ શકીએ છીએ પરન્તુ તેનાં ફલ લેવાની પ્રવૃત્તિ થતી નથી; તે જ પ્રમાણે 'જગત્ અસત્ય છે' એમ આપણે શબ્દપ્રમાણથી જાણીએ અને પ્રત્યક્ષ તરીકે તેને અનુભવીએ છીએ. શબ્દપ્રમાણ કરતાં પ્રત્યક્ષપ્રમાણ વધારે બલવત્ હોવાથી આપણને જગતની પ્રતીતિ થાય પરન્તુ આપણી પ્રવૃત્તિ સમ્ભવી શકે નહિ. જો આ પ્રવૃત્તિ સમ્ભવે તો આંબાના પ્રતિબિમ્બની કેરી લેવા પણ પ્રવૃત્તિ થવી જોઈએ. વળી 'યજ્ઞનું ફલ સ્વર્ગ છે' અને 'બ્રહ્મ જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે' એ જ્ઞાન પ્રથમ ઉત્પન્ન થાય છે ત્યાર પછી વેદના શ્રવણ મનન અને નિદિધ્યાસન કરવાથી યજ્ઞ, સ્વર્ગ જગત્ વિગેરે મિથ્યા છે એમ જ્ઞાન થાય છે. આ ઉભય પ્રકારનાં જ્ઞાન વેદમાંથી જ ઉત્પન્ન થાય છે તેથી ઉભયનું કારણ શબ્દપ્રમાણ છે, ઉભય જ્ઞાન શબ્દપ્રમાણથી જ થાય છે તેથી 'જગત્ મિથ્યા છે' એવું પછી થએલું જ્ઞાન પૂર્વના જ્ઞાનનો બાધ કરી શક્તું નથી તેથી સ્વર્ગ મિથ્યા છે એ જ્ઞાન કદાપિ થઈ શકે જ નહિ.

પૂર્વપક્ષી:તે જ મહાન અનર્થ છે. આ દ્વૈતની પ્રતીતિ માત્ર બ્રહ્મજ્ઞાનથી જ દૂર થાય, તેથી બ્રહ્મજ્ઞાનમાટે પ્રવૃત્તિ થાય છે.

7.માયિક સિદ્ધાન્તની રીતે વૈધ પ્રવૃત્તિ સમ્ભવ નથી:

અહીં મિથ્યાવાદીને પૂછવું કે દ્વૈતપ્રતીતિ અનર્થ છે તેનું અને આ કાર્ય-કારણભાવનું જ્ઞાન તેને ક્યાંથી થયું? જો 'શ્રુતિમાંથી' એમ કહે તો તેને કહેવું કે "આનો નિશ્વાસ વેદો છે" "જે બ્રહ્માને પ્રથમ મોકલે છે અને તેને વેદ મોકલે છે" "અમે સાંભળ્યું છે કે વેદ સાક્ષાત્ સ્વયંભૂ નારાયણ છે" (ભાગ.પુરા.6।40) "સર્વ વેદથી વેદાન્તકૃત્ વેદ જાણનાર હું જ વેદ્ય છું" ઇત્યાદિ સ્વસ્મૃતિથી વિરુદ્ધ, લૌકિકવાક્ય સમાન બનાવનાર સ્વકીય અજ્ઞાનકલ્પિતપણું શ્રુતિ કેમ કહે, એ તું જ વિચાર!

વળી પ્રથમ વેદાન્તનું પારમાર્થિક સત્ત્વ જાણીને અથવા તે વિષે ઉદાસીન રહીને તેના શ્રવણમાં પ્રવૃત્ત થએલો કોઈ પણ પુરુષ તમે કહી તે રીતે શ્રુતિ અને તેનાં વર્ણવેલાં સાધન અજ્ઞાનકલ્પિત છે એમ સાંભળી, સ્વાપ્નિક ભોજનથી પરમાર્થ તૃપ્તિપેઠે અસત્તુલ્ય ગુરુ અને તેમના વાક્યોથી પરમાર્થ સદ્રૂપ બ્રહ્મરૂપી ફલ કેમ પ્રાપ્ત થાય? એવી શંકા અથવા નિશ્ચયથી પ્રવૃત્ત થાય નહિ. જેથી (અભેદબોધક શ્રુતિથી) નિશ્ચય થાય છે તેથી જ પ્રવૃત્તિ થાય છે એમ ન કહો. પ્રથમ એવો નિશ્ચય હોય તથાપિ એવા અજ્ઞાનકલ્પિત શ્રુત્યુક્ત-સાધનનું ભિન્ન પ્રકારનું (પરમાર્થ) બ્રહ્મરૂપી ફલ સાંભળી, ઉક્તદૃષ્ટાન્ત-ન્યાયથી અર્થ બાધિત છે એમ જાણી, શ્રુતિત્વ સમાન હોવાથી એકનો પણ બાધ અશક્ય છે એમ પણ જાણી, તેના અર્થ વિષે સન્દેહ થવાથી તેના નિર્ણયમાટે પ્રવૃત્ત થએલા વિચારકની
"આનો નિશ્વાસ"
"જે બ્રહ્માને" (શ્વેતા.ઉપ.6।)
"નામરૂપ આપું"
"આ સર્વ ઐતદાત્મ્ય છે, તે સત્ય છે"
"તેણે પોતાને પોતાની મેળે બનાવ્યાં. તે સત્ય છે એમ કહે છે. અસત્માંથી સત્ કેમ ઉત્પન્ન થાય?"
"વેદ નારાયણ"
"સર્વ વેદ વડે"
"હું સર્વનો પ્રભવ છું" 10।
"આનન્દથી બ્રહ્મની સ્તુતિ કરું છુ")
"કેવલ આનન્દના જેના કર પાદ મુખ ઉદર વિગેરે છે" (નારદપઞ્ચ.)
"આના જન્મ વિગેરે જેમાંથી છે" (બ્રહ્મસૂ.1।2)
"આનન્દમય અભ્યાસને લીધે" (બ્રહ્મસૂ. 1।11)

ઇત્યાદિ સહસ્ર શ્રુતિ-સ્મૃતિ-ન્યાય થી તમારી કહેલી રીત બાધિત છે એમ નિશ્ચય થવાથી તે પ્રમાણે પ્રવૃત્તિ સમ્ભવતી નથી. પરન્તુ અધુના આસુર સર્ગમાં ઉત્પન્ન થએલા હોવાથી ભગવાન્ની માયાથી મોહિત થએલા વિચારકોને પૂર્વોક્ત બાધજ્ઞાન થતું નથી તેથી તેવી જ પ્રવૃત્તિ થાય છે. તેથી જ "જ્ઞાનીના પણ ચિત્તને તે ભગવતી દેવી મહામાયા બલથી ખેંચી મોહને અર્પે છે" (માર્ક.પુરા.) એમ માર્કણ્ડેય પુરાણમાં કહ્યું છે. કારણ કે હરીચ્છા એવી જ છે. તેનું વર્ણન પદ્માદિ પુરાણમાં "કલિયુગમાં મનુષ્યાદિમાં કલાવડે ઉત્પન્ન થઈ તારા કલ્પિત શાસ્ત્રથી લોકોને મારાથી વિમુખ કર અને મને ગુપ્ત રાખ જેથી આ સૃષ્ટિ ઉત્તરોત્તર થાય" એમ કહેલું છે. "મને પ્રાપ્ત કર્યા વિના જ" એ વચનને લીધે તેમને અન્ધતમ: જ ફલ પ્રાપ્ત થાય છે તેથી વધારે વિસ્તારથી શું?

7.માયિક સિદ્ધાન્તની રીતે વૈધ પ્રવૃત્તિ સમ્ભવ નથી

સિદ્ધાન્તી:દ્વૈતની પ્રતીતિ અનર્થ છે અને બ્રહ્મજ્ઞાનથી જ તે દૂર થાય છે એવું તમે કેમ જાણ્યું?

પૂર્વપક્ષી:શ્રુતિમાંથી જ. વેદ જ એમ કહે છે.

સિદ્ધાન્તી:"આનો નિશ્વાસ વેદો છે" "જે બ્રહ્માને પ્રથમ મોકલે છે" "સર્વ વેદથી વેદાન્ત રચનાર, વેદ જાણનાર હું જ વેદ્ય છું" ઇત્યાદિ શ્રુતિ અને સ્મૃતિ થી વિરુદ્ધ વેદ કહે જ કેમ? વળી શ્રુતિ સ્મૃતિથી વિરુદ્ધ આવું વચન વેદને પોતાને અજ્ઞાનથી કલ્પેલા અને સામાન્ય લૌકિક વાક્યના જેવા ઠરાવે છે. તેથી આવું વચન વેદ કેમ કહે એમ તમે પોતે જ વિચારો.

વળી પ્રથમ વેદને સત્ય માનીને અથવા વેદ સત્ય છે કે અસત્ય તેની દરકાર કર્યા વિના જ, વેદનું શ્રવણ વિગેરે કરવામાં પ્રવૃત્ત થાય. પછી તમારી કહેલી રીતે વેદ અને તેનાં કહેલાં સર્વ સાધન અજ્ઞાનથી કલ્પેલાં છે એમ જાણે ત્યારે- સ્વપ્નમાં કરેલાં ભોજનથી ખરી તૃપ્તિ થતી નથી તે પ્રમાણે- અસત્ય ગુરુ, ગુરુના અસત્ય વાક્ય વિગેરેથી સત્ય સદ્રૂપ બ્રહ્મની પ્રાપ્તિ થાય જ નહિ એવા નિશ્ચયથી, અથવા અસત્ય વાક્યથી સત્ય બ્રહ્મની પ્રાપ્તિ કેમ થાય તેવી શંકાથી, કોઈ વેદનાં કહેલાં સાધન કરવામાં પ્રવૃત્ત રહે જ નહિ.

પૂર્વપક્ષી:વેદમાંથી શ્રવણ વિગેરે અસત્ય છે એવો નિર્ણય થાય છે અને સાધનમાટે પ્રવૃત્તિ પણ વેદથી જ થાય છે.

સિદ્ધાન્તી:એમ નથી. શ્રવણ વિગેરેથી બ્રહ્મજ્ઞાન થાય છે, તેથી શ્રવણ વિગેરેમાં પ્રવૃત્તિ કરવી એમ પ્રથમ નિશ્ચય હોય છે. તો પણ વેદે કહેલાં અસત્ય સાધનોથી સત્ય બ્રહ્મની પ્રાપ્તિ થાય છે એમ જાણી, સ્વપ્નમાં કરેલા ભોજનથી સત્ય તૃપ્તિ થતી નથી એ દૃષ્ટાન્ત પ્રમાણે અસત્ય સાધનથી સત્ય બ્રહ્મની પ્રાપ્તિ થાય નહિ એમ સમજી, સાધનો અસત્ય છે, બ્રહ્મ સત્ય છે એ સર્વ વેદ જ કહે છે, તેથી એક પણ પ્રકારના જ્ઞાનનો બાધ થઈ શકે નહિ એમ સમજી તેના અર્થ વિષે તેને મહાન્ સન્દેહ થાય છે. પછી જગત્ અને સાધન અસત્ય છે એ જ્ઞાનનો "વેદ આના નિશ્વાસ છે" "જે પ્રથમ બ્રહ્માને મોકલે છે" "હું સર્વનો પ્રભવ છું" "આના જન્મ વિગેરે જેમાંથી થાય છે" ઇત્યાદિ સહસ્રાવધિ શ્રુતિ, સ્મૃતિ, સૂત્રથી બાધ થાય છે. તેઓ સાધન વિગેરેને સત્ય કહે છે અને તેમના અસત્યપણાના જ્ઞાનનો બાધ કરે છે એમ નિશ્ચય થવાથી, કોઈ પણ વિચાર કરનાર પુરુષની તમારી કહેલી રીતથી સાધન વિગેરેને અસત્ય સમજી સાધન કરવામાં પ્રવૃત્તિ થાય જ નહિ.

આધુનિક સમયમાં આસુર સર્ગમાં ઉત્પન્ન થએલા માયાથી મોહ પામેલા લોકોને ઉપર વર્ણવેલી શ્રુતિ-સ્મૃતિ વિગેરેથી પણ સાધનોના અસત્યપણાના જ્ઞાનનો બોધ થતો નથી, અને તમારી કહેલી રીતે પ્રવૃત્તિ થાય છે. તેથી જ માર્કણ્ડપુરાણમાં "જ્ઞાનીના પણ ચિત્તને ભગવતી દેવી મહામાયા બલથી ખેંચી મોહને અર્પણ કરે છે" એવું વચન છે. ઈશ્વરની ઇચ્છા જ એવી છે. ઈશ્વરની ઇચ્છા કલિયુગમાં આવી છે એ સર્વ પદ્મપુરાણમાં કહેલું છે. આવી ભગવાન્ની ઇચ્છા હોવાથી જ આસુરી લોકોની તમારી કહેલી રીતથી પ્રવૃત્તિ થાય છે અને તેનું ફલ પણ

"કૌન્તેય, મને પ્રાપ્ત કર્યા વિના પછી અધમગતિ પામે છે" એ શ્રીમદ્ભગવદ્ગીતાન્યાયે અન્ધતમ: જ તેમને પ્રાપ્ત થવાનું. તેથી વિશેષ વિસ્તાર કરવાથી શું?

8.અન્ય પ્રકારે બિમ્બ-પ્રતિબિમ્બભાવનું ખંડન:

વળી લોકમાં દ્રષ્ટાને જ દર્પણ આદિ દોષના સમ્બન્ધથી પ્રતિબિમ્બ દર્શન થાય છે. તેથી પરમાત્માનો અવિદ્યા સાથે સમ્બન્ધ ન સ્વીકારવાથી તે જીવના દ્રષ્ટા થાય નહિ. તેમ થવાથી (પરમાત્મા) દ્રષ્ટા અને નિયામક છે એમ બોધ કરનારી શ્રુતિનો બાધ થાય, તે (શ્રુતિને) અનુસરી પરમાત્મા દ્રષ્ટા છે એમ સ્વીકારે તો તેમને પૂર્વોક્ત ન્યાયથી અવિદ્યાનો સમ્બન્ધ થવાથી જીવતુલ્ય થઈ જાય એવું પ્રચ્છન્ન નાસ્તિકનું જબરું વ્યાખ્યાનકૌશલ!

વળી "ગુહામાં પ્રવેશ કરેલા" (બ્રહ્મસૂ.1। 11) શ્રુતિમાં ગુહા જીવના અજ્ઞાનથી કલ્પિત હોવાથી પરમાત્મા તે(ગુહાના) દ્રષ્ટા નહિ હોવાથી, (તેમનો અને જીવનો) સાથે પ્રવેશ સમ્ભવતો નથી અને તેથી શ્રુતિનો બાધ થાય છે. જીવન્મુક્તિ પણ સમ્ભવશે નહિ કારણ કે પ્રતિબિમ્બ અન્ત:કરણ અથવા અવિદ્યામાં પડે છે એમ તમારે કહેવું પડશે. અન્ત:કરણમાં પડે છે એમ કહો તો જીવન્મુક્તને અન્ત:કરણ હોય તો તે સંસારી જ રહે અને તે ન હોય તો તેની પરમમુક્તિ જ થાય તેથી જીવન્મુક્તિ ક્યાં રહી? પ્રતિબિમ્બ અવિદ્યામાં પડે એ પક્ષ વધારે અસંગત છે કારણ કે જીવન્મુક્તને અપરોક્ષ બ્રહ્મજ્ઞાન હોવાથી તેના અજ્ઞાનની નિવૃત્તિ થવાથી, અજ્ઞાનમાં પડેલા પ્રતિબિમ્બરૂપ જીવની પણ નિવૃત્તિ થવાથી, તેના દેહનો સ્પન્દ થવો પણ અશક્ય થાય. પ્રારબ્ધની અવશિષ્ટ અવિદ્યા ત્યારે છે તેથી સર્વ સમ્ભવે છે એમ કહેવાય નહિ. બ્રહ્મના સાક્ષાત્કારથી જ નાશ થનારી અવિદ્યા સાક્ષાત્કાર થવા છતાં રહી શકે નહિ, તેથી પ્રારબ્ધના નાશનો પ્રતિબન્ધ કરનાર કોઈ રહેતું નથી. વળી બ્રહ્મજ્ઞાનથી તે દૂર ન થાય તો કોઈ સમયે દૂર થાય જ નહિ. પ્રારબ્ધનો ભોગથી જ નાશ થાય છે ત્યારે અવિદ્યા અને અવિદ્યાના કાર્યથી પણ તે જુદું છે એમ તમે કહેવા તૈયાર થયા છો? કારણ કે રજ્જુજ્ઞાન થયા પછી તેમાં સર્પજ્ઞાન અને તેથી થતા ભય વિગેરે કોઈ પણ અંશમાં રહેતા નથી. કમ્પ રહે છે પૂર્વકારણથી ઉત્પન્ન થએલો કેવલ કમ્પ ભલે રહે, પણ તેનાથી અન્ય કાંઈ થઈ શકે નહિ. તેમ જ પ્રારબ્ધથી પણ દેહનું અસ્તિત્વ જ રાખી શકાય, પરન્તુ અધ્યાસના અભાવને લીધે સુષુપ્તિમાં જેમ જણાય છે તેમ ભોગ વિગેરે રાખી શકાય નહિ. વળી સર્પજ્ઞાનથી ઉત્પન્ન થએલો કમ્પ વેગ નામના સંસ્કારને લીધે રહે છે. પ્રકૃતમાં અજ્ઞાનકાર્ય પ્રારબ્ધમાં સંસ્કાર ન હોવાથી અને તે જ્ઞાનથી અવશ્ય નાશ થવું જ જોઈએ તેથી જ્ઞાન હોવા છતાં તે કેમ રહે? વળી અધ્યાપનનો અસમ્ભવ થશે. જીવનમુક્તિનું નિરૂપણ કરનાર શ્રુતિ-સ્મૃતિ અને પુરાણ ના વિરોધને લીધે જીવન્મુક્તિ છે જ નહિ એમ પણ કહી શકાય નહિ. તેથી જીવ પ્રતિબિમ્બ છે એ પક્ષ અયુક્ત છે.

8.અન્ય પ્રકારે બિમ્બ-પ્રતિબિમ્બભાવનું ખંડન

વળી લોકમાં આપણે અનુભવીએ છીએ કે દર્પણમાં જોનારને જ દર્પણના ચળકાટ વિગેરે દોષથી પ્રતિબિમ્બનું દર્શન થાય છે, અન્ય કોઈને થતું નથી. તેથી પ્રતિબિમ્બ જોનારને અને

દર્પણને સમ્બન્ધ થાય ત્યારે જ પ્રતિબિમ્બ દેખાય છે. પરન્તુ બ્રહ્મને અને અવિદ્યાને સમ્બન્ધ ન હોય તો અવિદ્યામાં પડેલા બ્રહ્મના પ્રતિબિમ્બ જીવને બ્રહ્મ કેમ જોઈ શકે? બ્રહ્મ જીવને જોતું નથી એમ પણ કહી શકાય નહિ, કારણ કે "આનાથી બીજો કોઈ જોનાર નથી" વિગેરે શ્રુતિઓ પરમાત્માને જીવનો દ્રષ્ટા અને નિયન્તા કહે છે, તેમનો બાધ થાય. આ શ્રુતિઓને લીધે પરમાત્માને જીવના દ્રષ્ટા સ્વીકારો તો ઉપર કહ્યું તેમ પરમાત્માને અને અવિદ્યાને સમ્બન્ધ છે એમ સ્વીકારવું પડે અને અવિદ્યાનો સમ્બન્ધ હોય તો બ્રહ્મ જીવ જેવું થઈ જાય. આ સર્વ પ્રચ્છન્ન નાસ્તિકનું મહત્ વ્યાખ્યાનકૌશલ દર્શાવે છે.

પૂર્વપક્ષી:(પરન્તુ પ્રતિબિમ્બ જોનાર પુરુષ ભ્રાન્ત નથી તેમ જીવને બ્રહ્મ જુએ તો પણ ભ્રાન્ત કહેવાય નહિ. તેથી જીવને જોવાથી બ્રહ્મ જીવની સમાન થતું નથી).

સિદ્ધાન્તી:તો પણ "ગુહામાં પ્રવેશ કરેલા (બે) આત્માઓ" શ્રુતિનો બાધ થાય છે. આ શ્રુતિ જીવ અને બ્રહ્મ ઉભયે સાથે ગુહામાં પ્રવેશ કરેલો છે એમ કહે છે. તેથી બ્રહ્મ ગુહાને પણ જુએ છે એમ સિદ્ધ થાય છે. બ્રહ્મ ગુહાને જુએ નહિ તો જીવ સાથે ગુહામાં પ્રવેશ કેમ કરે? ગુહા વસ્તુત: સત્ય નથી પરન્તુ જીવના અજ્ઞાનથી કલ્પેલી છે. જીવના અજ્ઞાનથી કલ્પેલી ગુહાને જોવાથી બ્રહ્મ પણ જીવની પેઠે ભ્રાન્ત સિદ્ધ થાય છે.

વળી તમારા મત પ્રમાણે જીવન્મુક્તિ સમ્ભવતી જ નથી. કારણ કે બ્રહ્મનો અન્ત:કરણમાં અથવા અવિદ્યામાં પડેલો પ્રતિબિમ્બ જીવ છે -એમ તમારો મત છે. બ્રહ્મનો અન્ત:કરણમાં પડેલો પ્રતિબિમ્બ જીવ છે એમ પ્રથમ ધારીએ. જીવન્મુક્તને અન્ત:કરણ છે એમ સ્વીકારીએ તો અન્ત:કરણ હોવાથી જીવ સંસારી જ છે. તેનું અન્ત:કરણ ભલે શુદ્ધ હોય, તેથી તેને કામ વિગેરે ભલે ન હોય, કામ વિગેરે ન હોવાથી તે ભલે મમતારહિત હોય, તો પણ અન્ત:કરણમાં પ્રતિબિમ્બરૂપ જીવ હોવાથી તેની અહન્તા દૂર થતી નથી. તેથી તે સંસારી જ રહે છે. જીવન્મુક્તને અન્ત:કરણ નથી એમ માનીએ તો અન્ત:કરણ ન હોવાથી તેને પરમમુક્તિ જ પ્રાપ્ત થઈ. અન્ત:કરણ ન હોવાથી, બ્રહ્મનો અન્ત:કરણમાં પ્રતિબિમ્બ પણ ક્યાં રહ્યો! જીવના સ્વરૂપનો નાશ થયો, અને તેને પરમમુક્તિ પ્રાપ્ત થઈ તો તે જીવન્મુક્ત છે એમ કેમ કહેવાય?

બ્રહ્મનો અવિદ્યામાં પડેલો પ્રતિબિમ્બ જીવ છે એમ માનીએ તો જીવન્મુક્તને અપરોક્ષ બ્રહ્મનું જ્ઞાન હોવાથી તેને અજ્ઞાન રહે જ નહિ. અવિદ્યા ન રહેવાથી અવિદ્યામાં પડેલું બ્રહ્મનું પ્રતિબિમ્બ પણ રહેતું નથી. આ પ્રમાણે તેનું જીવનું રૂપ પણ રહેતું નથી તેથી જીવન્મુક્તનો દેહ હાલવાને પણ સમર્થ રહે નહિ. દેહમાં જીવનું રૂપ નહિ રહેવાથી દેહ કેમ હાલી શકે?

પૂર્વપક્ષી:જે અજ્ઞાનના કાર્યના ફલનો અનુભવ જીવન્મુક્તિ પ્રાપ્ત કરતી વખતે થતો હોય તે કાર્યનું ફલ અવશિષ્ટ રહ્યું હોય તેટલી અવિદ્યા તે સમયે પણ રહે છે. જે કર્મના ફલનો અનુભવ કરાતો હોય તે ફલ પૂરું ભોગવવું જોઈએ તેથી તેટલી અવશિષ્ટ રહેલી અવિદ્યાથી જીવન્મુક્તનો દેહ હાલી શકે છે અને તે સર્વ કાર્ય કરી શકે છે.

સિદ્ધાન્તી: બ્રહ્મના સાક્ષાત્કારથી અવિદ્યા નાશ થાય છે. જીવન્મુક્તને બ્રહ્મનો સાક્ષાત્કાર થવાથી તેની અવિદ્યા નાશ થવી જ જોઈએ. અવિદ્યા નાશ થવાથી અવિદ્યાનું કાર્ય પ્રારબ્ધ પણ નાશ થવું જ જોઈએ. પ્રારબ્ધના નાશનો પ્રતિબન્ધક અવિદ્યા નાશ પામવાથી પ્રારબ્ધ પણ રહી શકે જ નહિ. વળી બ્રહ્મજ્ઞાનથી પ્રારબ્ધનો અન્ત ન આવે તો કોઈ સમયે અન્ત આવવનો જ નહિ.

પૂર્વપક્ષી:પ્રારબ્ધ તો માત્ર ભોગથી જ નાશ થાય છે. પ્રારબ્ધનો ભોગ કર્યા વિના તેનો નાશ થાય જ નહિ. પ્રારબ્ધ જેટલું અવશિષ્ટ હોય તેટલાનો ભોગ કરીએ એટલે તે નાશ થાય અને પરમમુક્તિ થાય.

સિદ્ધાન્તી:ત્યારે અવિદ્યા અને તેના કાર્ય પ્રપઞ્ચ વિગેરેથી પ્રારબ્ધ જુદું છે એમ તમે કહો છો? કારણ કે જુદું ન હોય અને માત્ર અવિદ્યાનું કાર્ય જ હોય તો અવિદ્યાના નાશ સાથે તેનો પણ નાશ થવો જ જોઈએ. રજ્જુમાં સર્પની ભ્રાન્તિ થવાથી, ભય-કમ્પ વિગેરે થાય છે. પરન્તુ પછી રજ્જુનું જ્ઞાન થાય છે ત્યારે તે અજ્ઞાનના કાર્ય ભય-કમ્પ વિગેરે સર્વ નાશ પામે છે, કોઈ કાર્ય રહેતું નથી. તે પ્રમાણે અવિદ્યાનું કાર્ય જો પ્રારબ્ધ હોય તો તેનો પણ બ્રહ્મજ્ઞાનથી અવશ્ય નાશ થવો જ જોઈએ.

પૂર્વપક્ષી:રજ્જુનું જ્ઞાન થયા પછી પણ કમ્પ રહે છે. તે પ્રમાણે બ્રહ્મજ્ઞાન થયા પછી પણ પ્રારબ્ધ રહે છે.

સિદ્ધાન્તી:પ્રથમ થએલી સર્પની ભ્રાન્તિથી ઉત્પન્ન થએલો કમ્પ એકલો ભલે રહે, પણ તેનાથી કાંઈ કાર્ય થઈ શક્તું નથી. તે પ્રમાણે અહીં પણ પ્રારબ્ધથી જીવન્મુક્તનો દેહ ભલે રહે પણ તે ભોગ વિગેરે કરી શકે નહિ. કારણ કે જીવન્મુક્તને અધ્યાસ રહેતો નથી. બ્રહ્મનું જ્ઞાન થવાથી તેનો અધ્યાસ દૂર થાય છે. અધ્યાસ ન હોવાથી, તે ભોગ વિગેરે પણ કરી શકે નહિ. સુષુપ્તિમાં જેમ દેહ હોવા છતાં ભોગ વિગેરે થતા નથી તે પ્રમાણે જીવન્મુક્તને પણ અધ્યાસ ન હોવાથી ભોગ વિગેરે હોવા ન જોઈએ.

વળી રજ્જુમાં સર્પની ભ્રાન્તિ થવાથી ઉત્પન્ન થએલા કમ્પમાં 'વેગ' નામનો સંસ્કાર હોવાથી, રજ્જુનું જ્ઞાન થયા પછી પણ તે રહે છે. પરન્તુ અજ્ઞાનના કાર્ય પ્રારબ્ધમાં કાંઈ વેગ-સંસ્કાર રહેલો નથી. પ્રારબ્ધ અદૃષ્ટ ગણીએ તો પણ તેમાં સંસ્કાર રહી શકે નહિ. પ્રારબ્ધને કર્મ માનીએ તો પણ તેમાં સંસ્કાર રહી શકે નહિ, કારણ કે ગુણ હોવાથી સંસ્કાર દ્રવ્યમાં જ રહી શકે. પ્રારબ્ધને અદૃષ્ટ માનીએ અથવા કર્મ માનીએ તો પણ તે દ્રવ્ય નહિ હોવાથી તેમાં 'વેગ' નામનો સંસ્કાર હોઈ શકે નહિ; અને જ્ઞાનથી તેનો અવશ્ય નાશ થવો જ જોઈએ, તેથી બ્રહ્મજ્ઞાન થયા પછી તે કદાપિ રહી શકે જ નહિ. તથાપિ જીવન્મુક્તને બ્રહ્મજ્ઞાન હોવા છતાં અવિદ્યાનું કાર્ય પ્રારબ્ધ તેમાં રહે છે એમ કહીએ તો શુકદેવજી વિગેરે જીવન્મુક્ત આપણને ઉપદેશ આપી શકે નહિ. તેઓમાં અવિદ્યા અર્થાત્ અજ્ઞાન હોવાથી તેમનો ઉપદેશ યથાર્થ ગણી શકાય નહિ.

9.જીવની બ્રહ્માભાસતાનું ખંડન:

પૂર્વપક્ષ:જીવ પ્રતિબિમ્બ છે એમ અમે કહેતા નથી, પરન્તુ અંગુલી વિગેરેના સમ્પર્કથી ચન્દ્ર માં દ્વિત્વનો ભાસ થાય છે તેમ બ્રહ્મ પણ અવિદ્યાથી અનેક હોય તેમ ભાસે છે, તેને બે-ત્રણ વિગેરે સઙ્ખ્યાનો યોગ થાય છે અને તેને માટે 'જીવ' પદનો પ્રયોગ કરવામાં આવે છે.

સિદ્ધાન્ત:આ વિદ્વાનોએ આદર કરવા જેવું નથી. કારણ કે અવિદ્યાને લીધે બ્રહ્મ અનેક હોય એમ કોને ભાસે છે એ વિચાર કરવો જોઈએ. બ્રહ્મને એવો ભાસ થતો નથી કારણ કે તેને ભ્રમ થતો નથી. જીવને પણ એવો ભાસ થતો નથી કારણ કે જીવ એ ભાસનો વિષય છે. ગૃહીત ચન્દ્રોની પેઠે દોષને લીધે પોતે જ અનેક છે એવો આભાસ થતો નથી, કારણ કે તેને દોષનો સમ્બન્ધ જ નથી. વળી એમ હોવાથી પરમાત્મામાં જીવોના નિયામકપણાનો અસમ્ભવ થશે. તેથી "જે અંદર રહી આત્માને નિયમમાં રાખે છે" (બૃહદા.ઉપ.3।3)ઇત્યાદિ શ્રુતિનો બાધ થશે. વળી અવિદ્યા અને બ્રહ્મ ને કેવો સમ્બન્ધ છે? સંયોગ તો નહિ જ, કારણ કે ઉભય વિભુ હોવાથી તે સ્વીકારાય નહિ. અધ્યાસ પણ નહિ, કારણ કે તે પણ નથી. સ્વરૂપસમ્બન્ધ પણ નથી, કારણ કે મુક્તાત્મામાં પણ તેનો સમ્ભવ હોવાથી તે સંસારી થઈ જાય. કોઈક સમ્બન્ધ ભલે હોય તે પણ અનાદિ છે એમ કહેવું જોઈશે. તેથી બ્રહ્મ, અવિદ્યા અને તેમનો સમ્બન્ધ ત્રણે અનાદિ હોવાથી જીવવિભાગ પણ અનાદિ જ થાય, તેથી અવિદ્યાસમ્બન્ધ અને જીવવિભાગ એકકાલીન હોવાથી તેમનો કાર્ય-કારણભાવ અસંગત છે. કાર્ય-કારણભાવનો શ્રુતિ બોધ કરે છે. ત્યારે તેનો નિર્વાહ કરવા જીવવિભાગ અર્વાચીન છે એમ સ્વીકારો. "આનો બંધ અવિદ્યાથી અનાદિ છે" (ભાગ.પુરા.11।। વાક્યને લીધે વિભાગ પણ અનાદિ જ માનવો જોઈએ એમ નહિ. ત્યાં સાદિત્વનો અત્યન્ત નિષેધ કરેલો નથી, પરન્તુ જેમ 'અમર' નામથી દેવોના મરણનો નિષેધ છે તેમ ઘટ-પટ વિગેરેમાં સામાન્ય સાદિત્વનો નિષેધ કરેલો છે. નહિ તો 'અવિદ્યાથી' એમ કરણનો બોધ કરનાર તૃતીયાનો પ્રયોગ કરત નહિ. અવિદ્યાનું આ કરણપણું બંધરૂપી કાર્યથી તે પૂર્વકાલીન ન હોય તો સમ્ભવે નહિ. અવિદ્યાનો સ્વભાવ જ બન્ધન કરવાનો છે અને જીવને આદિ છે ત્યારે અમૂક સમય સુધી બન્ધન ન હોય તેનું શું કારણ? તે સમય જીવનું સ્વરૂપ કેવું છે તે પણ વિચારવાનું છે. તે મુક્ત છે એમ કહી શકાય નહિ કારણ કે તેણે સાધન કરેલાં નથી અને આગળ બંધ થવાનો છે. તે બદ્ધ છે એમ પણ કહી શકાય નહિ કારણ કે બંધ ભાવી છે. આ ઉભયથી ભિન્ન અવસ્થા અપ્રસિદ્ધ જ છે તેથી એમ કહેવું યોગ્ય નથી આ પણ બરાબર નથી. "શ્રીથી પુષ્ટિથી" વાક્યમાં મુખ્ય દ્વાદશ શક્તિમાં ગણેલી હોવાથી અવિદ્યા ભગવાન્ની શક્તિ છે અને તેથી તેમની ઇચ્છાને અધીન છે. તેથી જેનો બંધ કરવાની ભગવાન્ની ઇચ્છા હોય તેનો જ તે બંધ કરે છે, અન્યનો બંધ કરતી નથી. તેથી જ શુક-સનક વિગેરે સર્વદા મુક્ત જ છે, કારણ કે તેઓનો બંધ કરવાની ભગવાન્ની ઇચ્છા નથી. તેથી જ "જેનો આ લોકમાંથી ઉદ્ધાર કરવાની ઇચ્છા હોય તેની પાસે આ જ (પ્રભુ જ) સારાં કર્મ કરાવે છે. જેનો આ લોકમાંથી અધ:પાત

કરવાની ઇચ્છા હોય તેની પાસે આ જ ખરાબ કર્મ કરાવે છે" શ્રુતિ પણ સર્વ ભગવાન્ની ઇચ્છાને જ અધીન છે એમ કહે છે. જીવસ્વરૂપનું આગળ નિરૂપણ કરીશું. અવિદ્યાના સમ્બન્ધ માત્રથી જીવભાવ થાય છે અને શુદ્ધ બ્રહ્મને જ અવિદ્યાસમ્બન્ધ થાય છે એમ કહેનાર તમારા મતમાં (બ્રહ્મ) જીવ ન થઈ જાય તેવું કાંઈ કારણ નહિ હોવાથી, નિરવયવ હોવાથી અંશ ભેદથી તેમ રહે એમ પણ કહી શકાય નહિ તેથી સર્વજ્ઞત્વ વિગેરેથી વિશિષ્ટ પરમાત્માની સિદ્ધિ થતી નથી, તેથી સર્વ શ્રુતિનો ઉપપ્લવ થાય છે. વળી જીવ અને પરમાત્મા નો ભેદ અનાદિસિદ્ધ છે એમ કહો છો ત્યારે પારમાર્થિક છે એમ કેમ કહેતા નથી? કારણ કે શ્રુતિ તેમના અભેદનો બોધ કરે છે. પરમાર્થત: ભિન્નનો અભેદ સમ્ભવતો નથી તેથી ભેદને અહીં અવાસ્તવિક કહેવો જોઈએ. લોકમાં આવો ભેદ બિમ્બ અને પ્રતિબિમ્બ માં આભાસ અને તેના આશ્રયમાં દેખાય છે તેથી તેવો અહીં પણ કહું છું. તેથી જ મહાવાક્યમાં ભાગત્યાગલક્ષણા પણ કહું છું. ઠીક કહો છો, પરન્તુ પૂર્વ-અપરનું આલોચન કર્યા વિના (કહો છો). કારણ કે 'તે તું છે' એટલું જ જો મહાવાક્ય હોત તો એમ થાત, પરન્તુ એમ નથી. સમ્પૂર્ણ પ્રપાઠક મહાવાક્ય છે. ત્યાં પ્રારમ્ભમાં "જેનાથી શ્રવણ નહિ કરેલું શ્રવણ કરેલું થાય, વિચાર કર્યા વિનાનું વિચારેલું થાય, નહિ જાણેલું જાણેલું થાય એ આદેશ તે પૂછ્યો છે?" 2। 6) એમ એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા કરેલી છે. જેમ સુવર્ણના કટકા અને સુવર્ણના ઘાટ સર્વ સુવર્ણ જ હોવાથી સુવર્ણના જ્ઞાનથી તેમનું જ્ઞાન થાય છે તેમ એક જ સર્વ થાય તો તે પ્રતિજ્ઞા પૂરી પડે. તેથી બ્રહ્મજ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એમ કહેવા "સૌમ્ય આ સર્વ પહેલાં સત્ જ હતું" થી આરમ્ભી સર્વ બ્રહ્મરૂપ જ છે એમ નિરૂપણ કરેલું છે. ત્યાં "આ સર્વ ઐતદાત્મ્ય છે" એમ સર્વ જડ બ્રહ્માત્મક છે એમ કહ્યું. પછી જડ વિનાશી હોવાથી તે બ્રહ્મરૂપ હોઈ શકે નહિ એમ શંકા થાય તેનો નિરાસ કરવા "તે સત્ય છે" એમ કહ્યું. તેથી શ્રુતિને આવિર્ભાવ-તિરોભાવ જ અભિમત છે, નાશ અને ઉત્પત્તિ ની પ્રતીતિ ભ્રાન્તિ છે એમ સમજવું.

૧.જીવની બ્રહ્માભાસતાનું ખંડન

પૂર્વપક્ષી:ત્યારે જીવન્મુક્તિ છે જ નહિ એમ માનીએ.

સિદ્ધાન્તી:શ્રુતિ, સ્મૃતિ અને પુરાણો માં જીવન્મુક્તિનું વર્ણન કરેલું હોવાથી તે નથી એમ પણ કહેવાય નહિ. તેથી જીવ બ્રહ્મનો પ્રતિબિમ્બ છે એમ માનવાથી જીવન્મુક્તિની ઉપપત્તિ થતી નથી. આ કારણોથી જીવ પ્રતિબિમ્બ છે એ પક્ષ યોગ્ય નથી.

(પ્રતિબિમ્બવાદનો નિરાસ થવાથી પૂર્વપક્ષી આભાસવાદનું અવલમ્બન કરે છે.)

પૂર્વપક્ષી:અમે જીવને પ્રતિબિમ્બ કહેતા નથી, પરન્તુ જેમ ચક્ષુને અંગુલી વિગેરેનો સમ્પર્ક થવાથી, આકાશમાં એક ચન્દ્ર હોવા છતાં બે ચન્દ્ર દેખાય છે તે જ પ્રમાણે અવિદ્યાના સમ્પર્કથી બ્રહ્મ પણ અનેક જણાય છે. આ પ્રમાણે બે, ત્રણ અથવા વધારે બ્રહ્મ જણાય છે તેને જીવ કહીએ છીએ. પ્રતિબિમ્બ વાદમાં જીવ અલીક હતો તેથી સર્વ દૂષણ ઉદ્ભવતાં

દર્પણને દૂર કરવાથી પ્રતિબિમ્બ નાશ પામે છે તેથી તે અલીક છે; તે જ પ્રમાણે જીવ પણ અલીક સિદ્ધ થતો. જીવ અલીક હોવાથી યજ્ઞ વિગેરેથી પરલોકપ્રાપ્તિ થાય એ વિગેરે બોધ કરનારી શ્રુતિનો બાધ થતો, કારણ કે જીવ જ ન હોવાથી પરલોક કોણ પ્રાપ્ત કરે, મોક્ષ કોને મળે, અને જીવન્મુક્ત કોણ થાય? પ્રતિબિમ્બવાદમાં જીવ અલીક હોવાથી જ આ સર્વ દૂષણ સમ્ભવતાં હતાં; પરન્તુ આ વાદમાં જીવ અલીક ન હોવાથી જ આ સર્વ દૂષણોનો નિરાસ થાય છે. અવિદ્યાથી દ્વિત્વ વિગેરે સિદ્ધ થાય છે તેથી "બે સુપર્ણ સાથે રહેનાર" "ગુહામાં પ્રવેશ કરેલા બે આત્માઓ" વિગેરે શ્રુતિઓનો વિરોધ થતો નથી. બ્રહ્મ રૂપવગરનું હોવાથી આભાસ સમ્ભવે નહિ એ ખરું પરન્તુ "આભાસથી જીવ અને ઈશ્વર કરે છે" શ્રુતિ જ રૂપ ન હોવા છતાં આભાસનો સ્વીકાર કરે છે. તેથી આ મતમાં જરા પણ દોષ નથી.

સિદ્ધાન્તી:આ મત પણ વિદ્વાનોએ આદર કરવા જેવો નથી. કારણ કે અવિદ્યાના સમ્બન્ધથી બ્રહ્મ અનેક કોને જણાય છે? બ્રહ્મ પોતે અવિદ્યાના સમ્બન્ધથી પોતાને અનેક જુએ છે એમ કહેવાય નહિ, કારણ કે બ્રહ્મમાં ભ્રમ સમ્ભવતો નથી. બ્રહ્મને ભ્રમ થાય જ નહિ. જીવને અવિદ્યાના સમ્બન્ધથી બ્રહ્મ અનેક જણાય છે એમ પણ કહેવાય નહિ, કારણ કે જીવ એ આભાસનો વિષય છે. આભાસ થવાથી જીવ થાય છે. આભાસ કારણ છે, જીવ તેનું કાર્ય છે. કારણ પહેલાં કાર્ય હોઈ શકે જ નહિ. આભાસ પહેલાં જીવ ન હોવાથી, જીવને એ આભાસ થાય છે એમ કહી શકાય નહિ. આપણે ચન્દ્રનું જ દૃષ્ટાન્ત લઈએ. ચક્ષુને અંગુલીના સમ્પર્કથી ચન્દ્ર બે અથવા વધારે ભાસે છે. આ આભાસ મૂલ સત્ય ચન્દ્રને થતો નથી, કારણ કે એ ચન્દ્રમાં કોઈ દોષ નથી. દોષ ન હોવાથી તેને આભાસ થાય નહિ. વળી આ આભાસ બે અથવા વધારે મિથ્યા ચન્દ્રો દેખાય છે તેમને પણ થતો નથી, કારણ કે એ ચન્દ્રો અલીક છે, મિથ્યા છે. વસ્તુત: એ કાંઈ છે જ નહિ. વળી બીજો કોઈ જોનાર હોવાથી જ એ ચન્દ્રોનું ભાન થાય છે. આ પ્રમાણે મૂલ સત્ય ચન્દ્રને, અથવા અલીક ચન્દ્રોને આ આભાસ થતો નથી, તે જ પ્રમાણે બ્રહ્મને અથવા જીવને આ આભાસ થઈ શકે નહિ. તેથી આ આભાસ કોને થાય છે એ પ્રશ્નનો ઉત્તર તમારાથી આપી શકાય તેમ નથી.

વળી સત્ય ચન્દ્ર અલીક ચન્દ્રોનો નિયામક નથી, તે જ પ્રમાણે બ્રહ્મ પણ જીવનું નિયમન કરી શકે નહિ. તેથી "જે અંદર રહી આત્માને નિયમમાં રાખે છે" ઇત્યાદિ શ્રુતિઓ પરમાત્મા જીવના નિયામક છે એમ બોધ કરે છે તેમનો બાધ થાય.

વળી અવિદ્યા અને બ્રહ્મ ને કેવા પ્રકારનો સમ્બન્ધ છે? સંયોગ સમ્બન્ધ છે એમ કહેવાય નહિ, કારણ કે ઉભય વિભુ છે. બે વિભુ પદાર્થમાં સંયોગ સમ્બન્ધ ઘટી શકે નહિ. અધ્યાસસમ્બન્ધ પણ નથી. તેમજ સ્વરૂપસમ્બન્ધ પણ નથી. કારણ કે એક જીવની મુક્તિ થવાથી કાંઈ સર્વ જીવની મુક્તિ થતી નથી. તેથી બાકીના બદ્ધ જીવમાં અવિદ્યા છે. અવિદ્યા-બ્રહ્મને સ્વરૂપસમ્બન્ધ હોય તો તે સમ્બન્ધ મુક્ત આત્મામાં પણ હોવાથી, તેને પણ અવિદ્યાનો સમ્બન્ધ છે, અને તેથી તે પણ બદ્ધ જ થાય છે. તેથી અવિદ્યા અને બ્રહ્મ ને સ્વરૂપસમ્બન્ધ પણ નથી. આ પ્રમાણે અવિદ્યાને અને બ્રહ્મને કોઈ પણ પ્રકારનો સમ્બન્ધ

સમ્ભવતો નથી. તેથી અવિદ્યાના સમ્બન્ધથી બ્રહ્મ અનેક જણાય છે એમ તમારાથી કહી શકાય નહિ.

ધારોકે અવિદ્યાને અને બ્રહ્મને કોઈ પણ પ્રકારનો સમ્બન્ધ છે. આ સમ્બન્ધ પણ અનાદિ જ હોવો જોઈએ. તેથી બ્રહ્મ, અવિદ્યા અને તેમનો સમ્બન્ધ -ત્રણે અનાદિ હોવાથી જીવવિભાગ પણ અનાદિ જ હોવો જોઈએ. બ્રહ્મને અવિદ્યાનો સમ્બન્ધ થવાથી જીવવિભાગ થાય છે એમ તમે કહો છો તેથી બ્રહ્મને અવિદ્યાનો સમ્બન્ધ કારણ છે, અને જીવવિભાગ કાર્ય છે એમ સિદ્ધ થાય છે. પરન્તુ આ સમ્બન્ધ અને વિભાગ ઉભય અનાદિ હોવાથી, એક કારણ અને બીજું કાર્ય થઈ શકે નહિ. કારણ કાર્યથી પહેલાના સમયનું હોવું જોઈએ. અહીં ઉભય અનાદિ હોવાથી એક કાળના જ છે, તેથી એક કારણ અને બીજું કાર્ય હોઈ શકે નહિ.

પૂર્વપક્ષી:આ સમ્બન્ધ અને વિભાગ કારણ અને કાર્ય છે એમ શ્રુતિ કહે છે.

સિદ્ધાન્તી:ત્યારે એ શ્રુતિના નિર્વાહમાટે જીવવિભાગ કાર્ય હોવાથી અનાદિ નથી, પરન્તુ અર્વાચીન છે એમ અંગીકાર કરો.

પૂર્વપક્ષી:"અવિદ્યાથી આનો (જીવનો) બંધ અનાદિ છે" વાક્યને લીધે જીવવિભાગ પણ અનાદિ જ કહેવો જ જોઈએ.

સિદ્ધાન્તી:એમ નથી. આ વાક્યમાં 'અનાદિ' શબ્દથી આરમ્ભરહિત કહેલો નથી, પરન્તુ ઘટ-પટ વિગેરેનો આરમ્ભ જેમ ઘણાં અલ્પ સમય પહેલાં થયો છે તેમ આ જીવના બંધનો આરમ્ભ અલ્પ સમય પહેલાં થએલો નથી, પરન્તુ ઘણા સમય પહેલાં થએલો છે એમ કહેલું છે. જેમ દેવોને 'અમર' કહીએ છીએ, તેથી દેવો મરણ પામવાની જ નહિ એમ નથી. પરન્તુ મનુષ્ય વિગેરે પ્રાણીઓનું મરણ અલ્પ સમય પછી થાય છે, તેમ દેવો અલ્પ સમયમાં મરણ પામતા નથી એમ જ ભાવાર્થ રહેલો છે. તે જ પ્રમાણે અહીં 'અનાદિ' શબ્દથી તેનું આદિ જ નથી એમ કહેલું નથી, પરન્તુ તેનું આદિ અલ્પ સમયમાં થએલું નથી, પરન્તુ ઘણા લાંબા સમય પર થએલું છે -એવો ભાવાર્થ છે. જો તેનું આદિ હોત જ નહિ તો 'અવિદ્યાથી' એમ તૃતીયા વિભક્તિનો પ્રયોગ કરી અવિદ્યાને તેનું કારણ કહેત નહિ. કરણ એક પ્રકારનું કારણ છે, અને કારણ કાર્યની પહેલાં હોવું જ જોઈએ. તેથી અવિદ્યા આ બંધ પહેલા હોવી જ જોઈએ. નહિ તો તે બંધનું કરણ હોઈ શકે જ નહિ. તેથી બંધને આદિ હોવું જ જોઈએ.

પૂર્વપક્ષી:અવિદ્યા અને જીવ ઉભય અનાદિ છે. અવિદ્યા સ્વભાવથી જ બંધ કરે છે. અવિદ્યાનો સ્વભાવ જ બંધ કરવાનો છે. જીવ પણ અનાદિ છે. ત્યારે અવિદ્યાથી થતો જીવનો બંધ અનાદિ ન કહીએ તો, અવિદ્યા સ્વભાવથી જ બન્ધન કરનારી હોવાથી અમુક સમય સુધી જીવ બંધ વિના કેમ રહે? વળી બંધ થયા પહેલાં જીવનું સ્વરૂપ કેવા પ્રકારનું હોઈ શકે? તે સમયે જીવ મુક્ત છે એમ કહી શકાય નહિ, કારણ કે મુક્તજીવને બંધ થાય જ નહિ, અને આ જીવને તો આગળ બંધ થવાનો છે. વળી આ જીવે સાધન પણ કર્યા નથી

તો તે મુક્ત કેમ હોઈ શકે? આ સમયે જીવ બદ્ધ છે એમ પણ કહેવાય નહિ, કારણ કે બંધ તો પછી થવાનો છે. તેથી આ સમયે જીવ બદ્ધ નથી તેમ મુક્ત પણ નથી. આ(બંધ-મોક્ષ) વિના તૃતીય કોઈ અવસ્થા જીવની પ્રસિદ્ધ નથી. તેથી બંધને આદિ છે એમ કહી શકાય નહિ.

સિદ્ધાન્તી:એમ કહેવું યોગ્ય નથી. "શ્રિયા પુષ્ટ્યા ગિરા કાન્ત્યા કીર્ત્યા તુષ્ટ્યે-લયોર્જયા, વિદ્યયાવિદ્યયાશક્ત્યા માયયા ચ નિષેવિતમ્" એમ શ્રીમદ્ભાગવતમાં ભગવાન્ની દ્વાદશ શક્તિ કહેલી છે. આ શક્તિઓમાં અવિદ્યાનો પણ સમાવેશ થાય છે, તેથી અવિદ્યા ભગવાન્ની શક્તિ છે. ભગવાન્ની શક્તિ હોવાથી તે ભગવાન્ની ઇચ્છાને અધીન છે. તેથી જે જીવને બન્ધન કરવાની ભગવાન્ની ઇચ્છા થાય તે જીવનો તે બંધ કરે છે, અન્ય જીવનો બંધ કરતી નથી. તેથી જ શ્રીશુકદેવજી, સનક વિગેરેને બંધ થયો જ નથી. આ જીવો સદા મુક્ત રહે એવી ભગવાન્ની ઇચ્છા હોવાથી અવિદ્યા તેમનો બંધ કરતી નથી.

પૂર્વપક્ષી:(ભગવાન્ની ઇચ્છા પ્રમાણે જ બંધ અને મોક્ષ થતા હોય તો સાધનનો ઉપદેશ વ્યર્થ છે, કારણ કે જીવને સાધન કરવાની આવશ્યક્તા રહેતી નથી.)

સિદ્ધાન્તી:જે જીવને મોક્ષ કરાવવાની ભગવાન્ની ઇચ્છા થાય તેને સાધન કરાવી મોક્ષ પ્રાપ્ત કરાવે છે. "જેનો આ લોકમાંથી ઉદ્ધાર કરવાની ઇચ્છા હોય તેની પાસે સારાં કર્મ કરાવે છે" શ્રુતિ આ જ ઉપદેશ કરે છે. ભગવાન્ સાધન કરાવી મોક્ષ પ્રાપ્ત કરાવે છે તેથી સાધનનો ઉપદેશ નિરર્થક નથી; કારણ કે સાધન અને મોક્ષ, કારણ અને કાર્ય થાય છે. શ્રીશુક વિગેરે જીવો સાધન વિના જ ભગવાન્ની ઇચ્છાથી સદા મુક્ત જ છે. સાધન પણ ભગવાન્ની ઇચ્છાનું ઉલ્લંઘન કરતા નથી.

આ ઉપરથી જણાશે કે જીવવિભાગ થયા પહેલાં જીવનું સ્વરૂપ બ્રહ્મરૂપ જ છે. વિભાગ થયા પછી તેની ચાર અવસ્થા થઈ શકે છે.

1.કોઈ જીવ સદા મુક્ત જ હોય છે.

2.કોઈ વિભાગ પછી તરત મુક્ત હોય, પરન્તુ અવિદ્યાથી તેમને બંધ થવાનો હોય. આ બંધ યોગ્ય મુક્ત અવસ્થા છે.

3.બદ્ધ અવસ્થા.

4.મુક્ત અવસ્થા.

પૂર્વપક્ષી:("ન સ આવર્તતે" 'તે(મુક્ત જીવ) પાછો આવતો નથી' શ્રુતિથી મુક્તને કદાપિ બન્ધન સમ્ભવતું નથી, તો આ ચારમાંથી દ્વિતીય અવસ્થા કેમ સમ્ભવે?)

સિદ્ધાન્તી:એ શ્રુતિમાં 'સ'-'તે' શબ્દનો અર્થ બન્ધન થયા પછી સાધનથી મોક્ષ પામેલો જીવ થાય છે. દ્વિતીય અવસ્થાના જીવને પ્રથમ બન્ધન પ્રાપ્ત થયું જ નથી, તેથી દ્વિતીય અવસ્થા પણ સમ્ભવે છે. વિશેષ જીવસ્વરૂપનું વર્ણન આગળ કરીશું.

વળી બ્રહ્મને અવિદ્યાનો સમ્બન્ધ થાય છે, અને અવિદ્યાના માત્ર સમ્બન્ધથી જ જીવ થાય છે એમ તમે સ્વીકારો છો તેથી બ્રહ્મ જીવ જ થઈ જવું જોઈએ, કારણ કે તેને

અવિદ્યાનો સમ્બન્ધ છે. બ્રહ્મ જીવ ન થઈ જવાનું કાંઈ પણ કારણ નથી. વળી બ્રહ્મને અમુક અંશમાં જ અવિદ્યાનો સમ્બન્ધ થાય છે ત્યાં જીવ થઈ જાય છે અને બીજા અંશમાં બ્રહ્મ રહે છે એમ પણ તમારાથી કહેવાય નહિ. કારણ કે બ્રહ્મને અવયવ નથી. બ્રહ્મનો વિભાગ થઈ શકે નહિ. અવિદ્યા પણ વિભુ હોવાથી બ્રહ્મસાથે સર્વત્ર સમ્બન્ધ ધરાવતી હોવી જોઈએ. અવિદ્યાનો સમ્બન્ધ હોવાથી બ્રહ્મ અલ્પજ્ઞ થઈ જાય છે. તેથી સર્વજ્ઞ પરમાત્મા તમારા મત પ્રમાણે હોઈ શકે જ નહિ, અને સર્વ શ્રુતિનો વિપ્લવ થઈ જાય. વળી જીવ અને બ્રહ્મ નો ભેદ અનાદિ છે એમ કહો છો ત્યારે પારમાર્થિક છે એમ કેમ કહેતા નથી?

પૂર્વપક્ષી:જીવ અને બ્રહ્મ નો ભેદ પારમાર્થિક નથી, કારણ કે શ્રુતિ તેમના અભેદનો બોધ કરે છે. જો તેમનો ભેદ પારમાર્થિક હોય તો તેમનો અભેદ કદાપિ સમ્ભવે જ નહિ, અને શ્રુતિનો બાધ થાય, તેથી તેમનો ભેદ અવાસ્તવિક જ હોવો જોઈએ. આવો અવાસ્તવિક ભેદ લોકમાં પણ દેખાય છે. બિમ્બ અને પ્રતિબિમ્બ માં અવાસ્તવિક ભેદ છે. તેમજ દર્પણમાં સૂર્યનો પ્રકાશ પડે છે ત્યારે ભીંતપર તેનો આભાસ પડે છે. તે આભાસ અને તેનો આશ્રય-દર્પણમાં પડેલો પ્રકાશ, એ બેનો ભેદ પણ અવાસ્તવિક છે. આ પ્રમાણે અવાસ્તવિક ભેદ લોકમાં જોઈએ છીએ, અને બ્રહ્મ અને જીવ ના અભેદનો બોધ કરનારી "તત્ત્વમસિ" શ્રુતિ છે તેનો તેમનામાં વાસ્તવિક ભેદ હોય તો બાધ થાય છે, તેથી તેમના ભેદને અવાસ્તવિક કહું છું. તેથી જ 'તત્ત્વમસિ' શ્રુતિમાં ભાગત્યાગલક્ષણા છે એમ પણ કહું છું. એ શ્રુતિમાં 'તત્'=સર્વજ્ઞપણું વિગેરે યુક્ત સચ્ચિદાનન્દ પરમાત્મા. 'ત્વમ્'=બુદ્ધિ પ્રાણ અહંકાર વિગેરે યુક્ત પ્રત્યગ્ આત્મા. એવો શબ્દનો મુખ્યાર્થ છે. ઉભયમાં આત્મા વિશેષ્ય છે અને બાકીનાં વિશેષણ છે. એમાં વિશેષણનો ઉભયમાંથી ત્યાગ કરું છું, એટલે એક જ વિશેષ્ય રહે છે. વિશેષણનો ત્યાગ કરું છું કારણ કે એ વિશેષણનો ભેદ માત્ર અવાસ્તવિક જ છે. વિશેષણ ભાગનો ત્યાગ કરું છું તેથી ભાગત્યાગ લક્ષણા થઈ. વિશેષ્ય એક જ અવશિષ્ટ રહેવાથી જીવ અને બ્રહ્મ નો અભેદ સિદ્ધ થાય છે. તેથી જીવ અને બ્રહ્મ વસ્તુત: એક જ છે, અને તેમનો ભેદ અવાસ્તવિક જ છે.

સિદ્ધાન્તી:તમે પૂર્વાપર સમ્બન્ધ જોતા નથી. ગ્રન્થનો પૂર્વાપર સમ્બન્ધ જુઓ તો તમારો કરેલો આ શ્રુતિનો અર્થ સમ્ભવતો નથી. આ શ્રુતિ છાન્દોગ્ય ઉપનિષદ્માં શ્વેતકેતુના ઉપાખ્યાનમાં છે. જો "તત્ત્વમસિ" એટલું જ મહાવાક્ય હોત તો તમે કહ્યું તેમ કદાચ બ્રહ્મ અને જીવ નો ભેદ અવાસ્તવિક થાત, અને ભાગત્યાગલક્ષણાનો તેનો અર્થ કરવામાં ઉપયોગ થાત. પરન્તુ એટલું જ મહાવાક્ય નથી. સમ્પૂર્ણ પ્રપાઠક મહાવાક્ય છે. આ ઉપાખ્યાનના આરમ્ભમાં જ "જેનાથી શ્રવણ નહિ કરેલું શ્રવણ કરેલું થાય એ આદેશ તેં પૂછ્યો છે?" એમ શ્વેતકેતુને પ્રશ્ન કર્યો છે. આથી માત્ર એકના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય છે એવી પ્રતિજ્ઞા કરેલી છે. એક જ પદાર્થ સર્વ થતો હોય તો જ આ પ્રતિજ્ઞા પૂરી થાય. એક જ પદાર્થ સર્વ થાય નહિ તો એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય નહિ અને આ પ્રતિજ્ઞા વ્યર્થ થાય. જેમ સુવર્ણના ખંડ અને સુવર્ણના કાર્ય, સર્વનું જ્ઞાન માત્ર સુવર્ણના જ્ઞાનથી થાય છે તેમ આ

સર્વ એક જ પદાર્થના અંશ અને તેનાં જ કાર્ય હોય તો જ તે પદાર્થના જ્ઞાનથી આ સર્વનું જ્ઞાન થાય, અને પ્રતિજ્ઞા સફલ થાય. તે જ પ્રમાણે આ સર્વ માત્ર એક જ પદાર્થ બ્રહ્મના અંશ અને કાર્ય છે, અને તેથી સર્વ બ્રહ્મરૂપ છે, એમ દર્શાવવા "સૌમ્ય આ પ્રથમ સત્ જ હતું" વિગેરે ઉપદેશ "ઐતદાત્મ્યમ્ ઇદં સર્વં, તત્ સત્યં, સ આત્મા તત્ ત્વમ્ અસિ શ્વેતકેતો" ઉપદેશ આ સર્વ બ્રહ્મના અંશ અને કાર્ય જ છે એમ સિદ્ધ કરે છે. "ઐતદાત્મ્યમિદં સર્વમ્" સર્વ ઐતદાત્મ્ય છે', અર્થાત્ સર્વ જડનો આ જ આત્મા છે. તેથી જેમ સુવર્ણના સર્વ ઘાટ સુવર્ણાત્મક છે તેમ સર્વ જડ બ્રહ્માત્મક છે. આ પ્રમાણે જડ સર્વ બ્રહ્માત્મક હોય તો વિનાશી હોવું ન જોઈએ, પરન્તુ તેની ઉત્પત્તિ અને નાશ થાય છે તેથી સર્વ વિનાશિ છે, અને તેથી બ્રહ્માત્મક હોઈ શકે નહિ એવી શંકા દૂર કરવા 'તત્ સત્યમ્' વાક્ય યોજેલું છે. જડ સર્વ સત્ય છે, વિનાશી નથી. સત્ય હોવાથી બ્રહ્માત્મક છે. ઉત્પત્તિ અને નાશ જણાય છે તે ભ્રાન્તિ છે. વસ્તુત: ઉત્પત્તિ અને નાશ થતાં નથી પરન્તુ આવિર્ભાવ અને તિરોભાવ થાય છે. જડ સર્વ બ્રહ્માત્મક છે તેથી સત્ય અર્થાત્ અવિનાશી છે. અવિનાશી હોવાથી તેની ઉત્પત્તિ અથવા નાશ થતા નથી પરન્તુ આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે. આ જ આ શ્રુતિનો ભાવાર્થ છે. તેથી વિષ્ણુપુરાણમાં પણ "જન્મ અને નાશ ની જેમાં શંકા થાય તેવા આવિર્ભાવ અને તિરોભાવવાળું આ અખિલ જગત્ નિત્ય અને અક્ષય છે" એમ કહેલું છે. આવિર્ભાવ થાય ત્યારે જન્મ અર્થાત્ ઉત્પત્તિની ભ્રાન્તિ થાય છે અને તિરોભાવ થાય ત્યારે નાશની ભ્રાન્તિ થાય છે. વસ્તુત: જગત્ સત્ય જ છે.

(આ સ્થળે જગતના આવિર્ભાવ અને તિરોભાવ નો સિદ્ધાન્ત ઇષ્ટ નહિ હોવાથી નૈયાયિક પૂર્વપક્ષ કરે છે)

10.આવિર્ભાવ-તિરોભાવનું ખંડન :

એમ જ વિષ્ણુપુરાણના પ્રથમ અંશમાં પણ "તેથી હે મુનિવર!" જન્મ અને નાશ ના વિકલ્પ થાય તેવા આવિર્ભાવ અને તિરોભાવ વાળું આ અખિલ જગત્ નિત્ય અને અક્ષય છે"

પૂર્વપક્ષ:આવિર્ભાવ અને તિરોભાવ નિત્ય છે કે અનિત્ય? પ્રથમ નહિ કારણ કે (તેમ હોય તો) સતત ઘટના ઉપલમ્ભ અથવા અનુપલમ્ભ ના પ્રસંગથી અનિર્વાચ્યતા થશે. તે વિરુદ્ધ ધર્મ હોવાથી એવા ધર્મીની અસિદ્ધિથી તે છે એમ પણ કહી શકાય નહિ, તેથી શૂન્યવાદ થશે. સાધનમાં પ્રવૃત્તિ પણ ઉપપત્તિરહિત થશે. વળી તે વર્તમાન વસ્તુની દર્શનયોગ્યતા અથવા અયોગ્યતારૂપ છે. એમ હોવાથી (તેમનું) ભગવચ્છક્તિપણું ક્યાં રહ્યું? એમ જ(વસ્તુધર્મ) હોવાથી, પટના ઉપલમ્ભ અને અનુપલમ્ભ કાદાચિત્ક છે તેનું કારણ શોધતાં, તેમના કારણના સ્તોમની પરમ્પરાનું કારણ એ તેનું કારણ એમ કહેવું પડશે. એમ ઈશ્વરેચ્છા પર્યન્ત શોધતાં તે પણ નિત્ય હોવાથી પૂર્વોક્ત દૂષણનો ઉદ્ધાર થતો નથી. વળી

અપસિદ્ધાન્ત થાય છે. ઇતર સહકારીના અભાવથી તે દૂષણ લાગતાં નથી, એમ કહેવાય નહિ, કારણ કે ઉપર કહ્યું તેવી રીતે (કારણસ્તોમથી ભિન્ન) સહકારીનું જ નિરૂપણ થવું અશક્ય છે. વળી ઉપર વર્ણવેલી યોગ્યતારૂપ તે છે એમ પણ કહી શકાય નહિ; કારણ કે તે (આવિર્ભાવનું લક્ષણ) વાયુ આદિમાં વ્યાપક નથી. 'દર્શન' પદ અનુભવ અર્થમાં યોજ્યું છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે ભૂત અને ભવિષ્ય ને પણ ચાક્ષુષ થવાનો પ્રસંગ આવે અને એમ થવાથી તિરોભાવનો ઉચ્છેદ થઈ જાય.

વળી તે પ્રતિવ્યક્તિ ભિન્ન છે કે અભિન્ન?

અભિન્ન હોઈ શકે નહિ, કારણ કે (એમ હોય તો) સર્વનું યુગપત્ જ ઉપલમ્ભ થાય. અવચ્છેદકનો ભેદ હોવાથી તેમ થતું નથી. તે યુક્તિ સામે ટકી શક્તું નથી, તેથી એમ પણ કહેવાય નહિ; કારણ કે અવચ્છેદક ઘટ આદિ છે અને તે-તે (પદાર્થથી) અવચ્છિન્ન આવિર્ભાવ છે એમ થયું. અવચ્છેદક નિત્ય હોવાથી સદા ઉપલમ્ભ થાય, અથવા અનુપલમ્ભ થાય તેને કાલોપાધિરૂપી અવચ્છેદનો ભેદ હોવાથી એમ થાય નહિ એમ પણ કહેવાય નહિ. કારણ કે તમારા મતમાં તે પણ ઘટતુલ્ય છે; કારણ કે એકવાર ઉપલબ્ધ થાય તેનું નિત્યત્વ અનુપપન્ન નથી. તે-તે અવચ્છેદથી આવિર્ભાવનો આવિર્ભાવ થાય છે એમ કહી શકાશે નહિ, કારણ કે તેમાં(આવિર્ભાવનો આવિર્ભાવ સ્વીકારવામાં) ઉક્ત વિકલ્પોથી અનવસ્થા થશે.

આથી તિરોભાવનું પણ વ્યાખ્યાન થઈ ચૂક્યું.

પ્રથમ(પ્રતિવ્યક્તિ ભિન્ન) પણ નથી. કારણ કે તેથી "આવિર્ભાવ અને તિરોભાવ મુરવૈરીની શક્તિ છે" એ વાક્યનો વિરોધ થશે. (મુરવૈરી) અનેક શક્તિવાળા હોવાથી પણ તેની ઉપપત્તિ થશે નહિ કારણ કે એક જાતીય કાર્ય કરવામાં એક (શક્તિથી) સમ્ભવતું હોય ત્યારે એવી અનેકની કલ્પના કરવામાં પ્રમાણ નથી અને ગૌરવ છે. ઉક્ત રીતિથી કાદાચિત્કપણાનું કારણ પણ દર્શાવી શકાશે નહિ.

દ્વિતીય(અનિત્યપક્ષ) પણ ભગવદ્ધર્મ નિત્ય હોવાથી વિરોધને લીધે સમ્ભવતો નથી. એમ હોય તો તેમની ઉત્પત્તિ કહેવી જોઈએ. ત્યારે ઘટાદિની જ ઉત્પત્તિ સ્વીકારો, વચ્ચે આમનું શું કામ? વળી અપસિદ્ધાન્ત પણ થાય છે. વળી તેના ઉત્પાદક, દણ્ડ મુદ્ગર આદિ કહેવા પડશે. તે ઘટ અને તેના ધ્વંસના જ ઉત્પાદક છે. ઘટાદિનો તિરોભાવ પણ કહી શકાય નહિ. એમ હોય તો વસ્તુ હોવાથી, લૌકિક પ્રત્યક્ષનો વિષય ન હોય તો પણ ધ્વસ્ત ઘટનો યોગીઓને ઉપલમ્ભ થાય, કારણ કે રૂપવાળા અસ્તિત્વ ધરાવનાર (સર્વ પદાર્થ) યોગિપ્રત્યક્ષના વિષય છે એવો નિયમ છે; પરન્તુ એમ નથી કારણ કે તેમાં પ્રમાણ નથી અને શ્રીમદ્ભાગવતમાં પણ "તુલ્યકાલીન પ્રજા આધુનિક કાલમાં નથી" વાક્ય છે.

10.આવિર્ભાવ-તિરોભાવનું ખંડન

પૂર્વપક્ષી:આવિર્ભાવ અને તિરોભાવ નિત્ય છે કે અનિત્ય? તે નિત્ય છે, એ પ્રથમ પક્ષ યોગ્ય નથી, કારણ કે આવિર્ભાવ નિત્ય હોવાથી ઘટની સદા ઉપલબ્ધિ થવી જોઈએ. ઘટ

આપણને સદા દેખાવા જોઈએ, કારણ કે ઘટ અને ઘટનો આવિર્ભાવ ઉભય નિત્ય છે. તે જ પ્રમાણે તિરોભાવ નિત્ય હોવાથી ઘટ આપણને દેખાવો જોઈએ નહિ. પરન્તુ આ ઘટની સદા ઉપલબ્ધિ થાય છે, અને તે જ ઘટ સદા અનુપલબ્ધ પણ છે, એમ કહી શકાય નહિ, તેથી સર્વ પદાર્થ અનિર્વાચ્ય થઈ જાય, અર્થાત્ કોઈ પણ પદાર્થનું લક્ષણ આપણે આપી શકીએ નહિ.

વળી આવિર્ભાવ અને તિરોભાવ ધર્મ અર્થાત્ ગુણ છે. એક જ પદાર્થના ઉત્પત્તિ અને નાશ થતા આપણે જોઈએ છીએ. આ વસ્તુત: આવિર્ભાવ અને તિરોભાવ જ છે એમ તમારો સિદ્ધાન્ત છે. તેથી એક જ પદાર્થમાં આવિર્ભાવ અને તિરોભાવ ધર્મ રહેલા છે. પરન્તુ આ ધર્મ પરસ્પર વિરુદ્ધ હોવાથી, એક પદાર્થમાં રહી શકે નહિ. અમુક કાળે આવિર્ભાવ રહે છે, અને બાકીના કાળે તિરોભાવ રહે છે એમ પણ કહેવાય નહિ. કારણ કે ઉભય નિત્ય હોવાથી તેમાં સદા રહેવા જોઈએ. પરન્તુ આવિર્ભાવ અને તિરોભાવ ઉભય ધર્મવાળો એક પણ ધર્મી આપણને મળતો નથી, તેથી તેવો ધર્મી છે જ નહિ. ધર્મી ન હોવાથી ધર્મ પણ નથી એમ માનવું જોઈએ, કારણ કે ધર્મી વિના ધર્મ ક્યાં રહે? ધર્મ અને ધર્મી ઉભય ન હોવાથી શૂન્ય જ અવશિષ્ટ રહે છે અને નાસ્તિક વૈનાશી મતમાં પ્રવેશ થાય છે.

વળી સર્વ વસ્તુ નિત્ય છે એમ તમે માનો છો, તેથી યજ્ઞ વિગેરે સાધનના ફલ પણ નિત્ય જ છે. ફલ નિત્ય હોવાથી તેને માટે પ્રવૃત્તિ કરવાની અપેક્ષા રહેતી નથી કારણ કે જે પદાર્થ હોય તે પ્રાપ્ત કરવા કોઈ પ્રયાસ કરે જ નહિ. તેથી યજ્ઞ વિગેરે સાધન કરવામાં પ્રવૃત્તિ પણ સમ્ભવે નહિ.

વળી વર્તમાન વસ્તુની દેખાવાની યોગ્યતા એ 'આવિર્ભાવ' અને વર્તમાન વસ્તુની દેખાવાની અયોગ્યતા એ 'તિરોભાવ'. જે વસ્તુનું રૂપ ઉદ્ભૂત હોય તે દેખાય અને જેનું રૂપ ઉદ્ભુત ન હોય તે ન દેખાય. તેથી જેનું રૂપ ઉદ્ભૂત હોય તેની દેખાવાની યોગ્યતા છે અને જેનું રૂપ ઉદ્ભુત ન હોય તેની દેખાવાની અયોગ્યતા છે. આ પ્રમાણે દેખાવાની યોગ્યતા અને અયોગ્યતા અર્થાત્ આવિર્ભાવ અને તિરોભાવ વસ્તુના જ ધર્મ છે. વસ્તુના જ ધર્મ હોવાથી તે ભગવાન્ના ધર્મ નથી. તેથી આવિર્ભાવ અને તિરોભાવ ભગવાન્ની શક્તિ છે એમ કહી શકાય નહિ. આવિર્ભાવ અને તિરોભાવ વસ્તુના જ ધર્મ હોવાથી ઘટ વિગેરે પદાર્થની અમુક સમયે ઉપલબ્ધિ થાય છે અને અમુક સમયે અનુપલબ્ધિ હોય છે તેનું કારણ શું? અર્થાત્ ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ નિત્ય નથી પરન્તુ કાદાચિત્ક જ છે તેનું કારણ શું? ઉપલબ્ધિનું કારણ ચક્ષુ: અને રૂપવાળા ઘટ વિગેરે પદાર્થનો સંયોગ કાદાચિત્ક હોવાથી, ઉપલબ્ધિ પણ કાદાચિત્ક છે એમ કહો તો પણ ચક્ષુ: અને ઘટ ના સંયોગના કાદાચિત્કપણાનું કારણ શું? આ સંયોગનું કારણ ચક્ષુ:નો અને મનનો સંયોગ, તેનું કારણ આત્મા અને મન નો સંયોગ વિગેરે કાદાચિત્ક છે, તેથી ઘટની ઉપલબ્ધિ કાદાચિત્ક છે એમ કહો તો પણ આ કારણો કાદાચિત્ક હોવાનું કારણ શું? એમ અન્તે સર્વ કારણોનું કારણ

ભગવાન્ની ઇચ્છા સુધી જઈએ તો ભગવાન્ની ઇચ્છા પણ નિત્ય છે તેથી તેનું કાર્ય, તેનું કાર્ય એ પ્રમાણે સર્વ કાર્ય નિત્ય હોવા જોઈએ. તેથી ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ પણ નિત્ય હોવાં જોઈએ, પરન્તુ તે કાદાચિત્ક જ છે તેનું કારણ તમારાથી કહી શકાતું નથી. તેથી ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ કાદાચિત્ક નથી પરન્તુ નિત્ય જ છે એમ સ્વીકારો તો પ્રથમ દર્શાવ્યું તેમ સર્વ પદાર્થ અનિર્વાચ્ય થાય છે અને શૂન્યવાદમાં પ્રવેશ થાય છે. વળી સર્વ વસ્તુ નિત્ય હોવાથી સદા છે, તેથી "યદ્ ભૂતં યચ્ચ ભાવ્યમ્" થઈ ગયું અને જે થવાનું છે' એવો વ્યવહાર થવો જોઈએ નહિ. તેથી આ પુરુષસૂક્તની શ્રુતિનો બાધ થાય છે, તેથી અપસિદ્ધાન્ત છે.

ઘટની ઉપલબ્ધિનાં કારણના કારણ જોતાં અન્તે ઈશ્વરની ઇચ્છા નિત્ય છે તેથી ઘટની ઉપલબ્ધિ નિત્ય હોવી જોઈએ, તો પણ બીજા સહકારિ કારણનો અભાવ હોય ત્યારે ઉપલબ્ધિ થતી નથી, તેથી ઉપલબ્ધિ કાદાચિત્ક છે એમ પણ કહી શકાય નહિ. કારણ કે જે સહકારી કારણ હોય તેનો જ આવિર્ભાવ વિગેરે કાદાચિત્ક હોવાનું કારણ કહી શકાશે નહિ.

વળી વર્તમાન વસ્તુની દેખાવાની યોગ્યતા તે આવિર્ભાવ એમ પણ કહી શકાય નહિ, કારણ કે વાયુ-આકાશ વિગેરેનો આવિર્ભાવ થાય છે પરન્તુ તેમનામાં આવી દેખાવાની યોગ્યતા નથી. તેથી આ આવિર્ભાવના લક્ષણમાં તેનો સમાવેશ થતો નથી. તેથી એ લક્ષણમાં અવ્યાપ્તિનો દોષ છે.

સિદ્ધાન્તી:વર્તમાન વસ્તુની દેખાવાની યોગ્યતા, એમાં 'દેખાવની'નો અર્થ 'અનુભવ થવાની' કરવાનો છે. તેથી વર્તમાન વસ્તુની અનુભવ થવાની યોગ્યતા એ 'આવિર્ભાવ' એમ લક્ષણ થયું. આ યોગ્યતા વાયુ વિગેરેમાં પણ છે જ તેથી અવ્યાપ્તિ દોષ નથી.

પૂર્વપક્ષી:વર્તમાન વસ્તુની અનુભવ થવાની યોગ્યતા એવું 'આવિર્ભાવ'નું લક્ષણ હોય તો ભૂતકાળમાં થએલા ઘટ વિગેરેનો અનુભવ થાય છે, અને તે વસ્તુ પણ નિત્ય હોવાથી વર્તમાન છે. તેથી ઘટ વિગેરે વર્તમાન વસ્તુની અનુભવ થવાની યોગ્યતા એવું આવિર્ભાવનું લક્ષણ હોય તો ભૂતકાળમાં થએલા ઘટ વિગેરેનો અનુભવ થાય છે, અને તે વસ્તુ પણ નિત્ય હોવાથી વર્તમાન છે. તેથી ઘટ વિગેરે વર્તમાન વસ્તુની અનુભવ થવાની યોગ્યતા એવું આવિર્ભાવનું લક્ષણ હોય તો ભૂતકાળમાં થએલા "ઘટ વિગેરે વર્તમાન વસ્તુની અનુભવ થવાની યોગ્યતા" એ લક્ષણમાં ભૂતમાં થઈ ગયેલા ઘટ વિગેરેનો પણ સમાવેશ થાય છે. તેથી તેમનો આવિર્ભાવ છે. તેથી દર્શન પણ અમુક પ્રકારનો અનુભવ જ હોવાથી કોઈ સમયે તેમનું દર્શન પણ થવું જોઈએ.

વળી ભૂતમાં થઈ ગયેલી વસ્તુ પણ અનુભવ યોગ્ય છે તેથી તેનો પણ આવિર્ભાવ જ છે. કારણ કે સર્વ વસ્તુ નિત્ય હોવાથી તે વર્તમાન પણ છે અને અનુભવયોગ્ય પણ છે. તેથી ભૂતમાં થએલી, ભવિષ્યમાં થનારી, દૂર રહેલી સર્વ વસ્તુનો આવિર્ભાવ જ છે એમ કહેવું પડે. તેથી તિરોભાવનો ઉચ્છેદ થઈ જાય.

વળી આવિર્ભાવ અને તિરોભાવ દરેક પદાર્થના ભિન્ન-ભિન્ન છે, કે સર્વ પદાર્થના એક જ છે? સર્વ પદાર્થનો એક જ આવિર્ભાવ ને સર્વનો એક જ તિરોભાવ છે એમ કહી શકાય નહિ કારણ કે એમ હોય તો સર્વ પદાર્થનો એક સાથે જ ઉપલમ્ભ થવો જોઈએ. સર્વ પદાર્થનો એક જ આવિર્ભાવ હોવાથી આવિભાર્વ થાય ત્યારે સર્વનો આવિર્ભાવ સાથે જ થવો જોઈએ. તેથી સર્વની ઉપલબ્ધિ સાથે થવી જોઈએ પરન્તુ સર્વ પદાર્થની ઉપલબ્ધિ એક સાથે થતી નથી.

સિદ્ધાન્તી:ઘટ-પટ વિગેરે આવિર્ભાવના અવચ્છેદક ભિન્ન-ભિન્ન હોવાથી સર્વનો આવિર્ભાવ સાથે થતો નથી. જેનો અવચ્છેદક હોય તેનો આવિર્ભાવ થાય છે અને જેનો અવચ્છેદક ન હોય તેનો આવિર્ભાવ થતો નથી. જેમ તમારા મતમાં સમવાય એક જ હોવા છતાં તન્તુમાં ઘટનો સમવાય ન હોવાથી તન્તુથી સમવેત ઘટ છે એવી પ્રતીતિ થતી નથી, તેમજ આવિર્ભાવ એક જ હોવા છતાં તેના અવચ્છેદક ઘટ-પટ વિગેરે ભિન્ન-ભિન્ન હોવાથી સર્વ પદાર્થની સાથે ઉપલબ્ધિ થતી નથી.

પૂર્વપક્ષી:એમ કહી શકાય નહિ. અવચ્છેદક ઘટ-પટ વિગેરે પદાર્થ છે અને આવિર્ભાવ તેમનાથી અવચ્છિન્ન છે એમ તમે કહો છો, તો ઘટ-પટ વિગેરે અવચ્છેદક નિત્ય હોવાથી તેમનો સદા આવિર્ભાવ થવો જોઈએ. ઘટ-પટ વિગેરે અવચ્છેદક અને આવિર્ભાવ ઉભય નિત્ય હોવાથી સદા આપણને તેની પ્રતીતિ થવી જોઈએ. તે જ પ્રમાણે ઘટ-પટ વિગેરે અવચ્છેદક તિરોભાવથી અવચ્છિન્ન હોય તો અવચ્છેદક ઘટ-પટ વિગેરે અને તિરોભાવ ઉભય નિત્ય હોવાથી આપણને તે સદા અનુપલબ્ધ જ હોવા જોઈએ.

સિદ્ધાન્તી:અવચ્છેદક અને આવિર્ભાવ ઉભય નિત્ય છે. પરન્તુ કાલ-ઉપાધિ અનિત્ય હોવાથી, ઘટ-પટ વિગેરેની સદા ઉપલબ્ધિ થતી નથી. આવિર્ભાવનો અન્ય અવચ્છેદક કાલ-ઉપાધિ અનિત્ય છે અને તથી ઘટ-પટ વિગેરેની ઉપલબ્ધિ પણ કાદાચિત્ક થાય છે. અમુક કાલ-ઉપાધિમાં ઘટની અનુભવ થવાની યોગ્યતા હોય ત્યારે તે ઉપલબ્ધ થાય છે. અન્ય કાલ-ઉપાધિમાં તેમ થતું નથી. તેથી ઘટ વિગેરેની સદા ઉપલબ્ધિ થતી નથી.

પૂર્વપક્ષી:એમ પણ કહી શકાય નહિ, કારણ કે કાલ-ઉપાધિ પણ તમારા મતમાં નિત્ય જ હોવી જોઈએ. એકવાર પણ જે પદાર્થની ઉપલબ્ધિ થાય તે ઘટની પેઠે નિત્ય જ હોવો જોઈએ. તેથી કાલ ઉપાધિ પણ નિત્ય હોવાથી ઘટ વિગેરેની સદા ઉપલબ્ધિ થવી જ જોઈએ. પરન્તુ ઘટ વિગેરેની સદા ઉપલબ્ધિ થતી નથી અને તેથી પ્રત્યક્ષનો બાધ થાય છે.

સિદ્ધાન્તી:આપણે આ દૂષણ દૂર કરવા આવિર્ભાવના આવિર્ભાવની કલ્પના કરવી જોઈએ. જ્યારે-જ્યારે ઘટ વિગેરે ઉપલબ્ધ થતા હોય ત્યારે-ત્યારે આ આવિર્ભાવનો આવિર્ભાવ છે, તેથી જ તેમનો આવિર્ભાવ થાય છે તેમ માનવું. આવિર્ભાવનો આવિર્ભાવ જે સમયે ન હોય ત્યારે તે વસ્તુનો આવિર્ભાવ થતો નથી તેથી તે અનુપલબ્ધ રહે છે.

પૂર્વપક્ષી:આવિર્ભાવના આવિર્ભાવની પણ કલ્પના કરી શકાય નહિ, કારણ કે આ આવિર્ભાવનો આવિર્ભાવ નિત્ય છે, સર્વ પદાર્થનો એક જ છે, તેનો અવચ્છેદક કાલ નિત્ય

છે, એ પૂર્વના વિકલ્પથી જ દોષનું નિવારણ તેનાથી થઈ શકશે નહિ. તેથી તેનો પણ આવિર્ભાવ માનવો જોઈશે. એ પ્રમાણે અનવસ્થા થશે.

તિરોભાવ પણ આ જ પ્રમાણે સિદ્ધ થતો નથી. કારણ કે તિરોભાવ પણ નિત્ય હોવાથી તેની પણ સદા ઉપલબ્ધિ હોવી જોઈએ, પરન્તુ તિરોભાવ પણ કાદાચિત્ક જ છે. આ દોષનું નિવારણ કરવા તિરોભાવના તિરોભાવની કલ્પના કરવી પડશે. આ તિરોભાવનો તિરોભાવ પણ નિત્ય છે, સર્વ પદાર્થનો એક જ છે, તેનો અવચ્છેદક કાલ નિત્ય છે વિગેરે વિકલ્પથી આ દોષનું નિવારણ થઈ શકશે નહિ. તેથી આવિર્ભાવ પેઠે તિરોભાવની પણ સિદ્ધિ થતી નથી.

વળી આવિર્ભાવ અને તિરોભાવ દરેક વસ્તુના ભિન્ન-ભિન્ન છે એમ પણ કહી શકાય નહિ. કારણ કે "આવિર્ભાવ અને તિરાભાવ મુરવૈરીની શક્તિ છે" વાક્યનો વિરોધ થશે. આ વાક્યમાં આવિર્ભાવ અને તિરોભાવને મુરવૈરીની શક્તિ કહેલી હોવાથી તે ભગવદ્ધર્મ છે, વસ્તુધર્મ નથી. આવિર્ભાવ અને તિરોભાવ ભગવાન્ના ધર્મ છે, વસ્તુનાં ધર્મ નથી, તેથી દરેક વસ્તુનો ભિન્ન આવિર્ભાવ અને ભિન્ન તિરોભાવ હોઈ શકે નહિ, કારણ કે એમ હોય તો તે વસ્તુના ધર્મ થઈ જાય, ભગવાન્ના ધર્મ રહે નહિ.

સિદ્ધાન્તી:મુરવૈરી અનન્તશક્તિવાળા છે. સર્વ પદાર્થના ભિન્ન-ભિન્ન આવિર્ભાવ અને સર્વ પદાર્થના ભિન્ન-ભિન્ન તિરોભાવ સર્વ ભવગવાન્ની શક્તિ છે એમ કહેવામાં કાંઈ બાધ નથી, તેથી સર્વ પદાર્થના ભિન્ન હોવા છતાં આવિર્ભાવ અને તિરોભાવ ભગવાન્ની શક્તિ થઈ શકે છે.

પૂર્વપક્ષી:એક જાતનું કાર્ય એક શક્તિ થી થઈ શકે ત્યાં અનન્ત શક્તિની કલ્પના કરવામાં પ્રમાણ નથી, વળી ગૌરવ થાય છે. તેથી આવિર્ભાવ અને તિરોભાવ સર્વ પદાર્થના ભિન્ન-ભિન્ન છે ને એ સર્વ ભગવાન્ની શક્તિ છે એમ કહેવું ઉચિત નથી.

વળી ભિન્ન-ભિન્ન આવિર્ભાવ અને તિરોભાવ ને ભગવાન્ની શક્તિ ગણીએ તો પણ ઘટ વિગેરેની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ નિત્ય નથી, પરન્તુ કાદાચિત્ક છે તેનું કારણ કહી શકાશે નહિ. આ સર્વ કારણોથી આવિર્ભાવ અને તિરોભાવ નિત્ય નથી.

આવિર્ભાવ અને તિરોભાવ અનિત્ય પણ હોઈ શકે નહિ. કારણ કે અનિત્ય હોય તો તમે ભગવાન્ના સર્વ ધર્મ નિત્ય છે એમ માનો છો તેનો વિરોધ થાય. ભગવાન્ના સર્વ ધર્મ નિત્ય છે તો આવિર્ભાવ અને તિરોભાવ પણ ભગવાન્ના ધર્મ હોવાથી અનિત્ય કેમ હોઈ શકે?

આવિર્ભાવ અને તિરોભાવ અનિત્ય હોય તો તેમની ઉત્પત્તિ અને નાશ થાય છે એમ કહેવું જોઈએ. ત્યારે ઘટ-પટ વિગેરે પદાર્થની જ ઉત્પત્તિ અને નાશ થાય છે એમ કેમ ન સ્વીકારવું? ઉત્પત્તિ અને નાશ સ્વીકારવામાં શું હાનિ છે? ઘટ વિગેરેની ઉત્પત્તિ અને નાશ સ્વીકારવાથી આવિર્ભાવ અને તિરોભાવની આવશ્યક્તા પણ નહિ રહે.

વળી તમારા મતમાં સર્વ બ્રહ્માત્મક હોવાથી નિત્ય છે. આવિર્ભાવ અને તિરોભાવ અનિત્ય હોય તો અબ્રહ્મ થાય, તેથી "સર્વ બ્રહ્માત્મક છે" એ તમારા સિદ્ધાન્તનો ભંગ થાય.

વળી તમારા મતમાં સર્વ બ્રહ્માત્મક હોવાથી સર્વ નિત્ય છે. આવિર્ભાવ અને તિરોભાવ અનિત્ય હોય તો અબ્રહ્મ થાય, તેથી "સર્વ બ્રહ્માત્મક છે" એ તમારા સિદ્ધાન્તનો ભંગ થાય.

વળી ઘટ વિગેરેના આવિર્ભાવની ઉત્પત્તિ કરનાર દણ્ડ વિગેરે છે. અને તેમના તિરોભાવની ઉત્પત્તિ કરનાર મુદ્ગર વિગેરે છે એમ તમારે કહેવું પડશે. વસ્તુત: ઘટની ઉત્પત્તિ દણ્ડ કરે છે અને મુદ્ગર ઘટધ્વંસની ઉત્પત્તિ કરે છે. તેથી આવિર્ભાવ અને તિરોભાવરૂપી ભગવાન્ની શક્તિ સ્વીકારવાનું કાંઈ પણ પ્રયોજન નથી.

વળી ઘટ વિગેરે પદાર્થનો તિરોભાવ થાય છે એમ પણ કહી શકાય નહિ. કારણ કે ઘટ નિત્ય હોવાથી છે, અને તે રૂપવાળો પદાર્થ છે. ભૂતકાળમાં થઈ ગયેલા અથવા ભવિષ્યમાં થનાર ઘટ જો સાધારણ માણસથી જોઈ ન શકાય તો પણ એ ઘટ રૂપવાળો પદાર્થ હોવાથી, યોગીઓ તેને જોઈ શકતા હોવા જોઈએ. રૂપવાળા અસ્તિત્વ ધરાવનાર સર્વ પદાર્થ યોગીઓ જોઈ શકે એવો નિયમ છે. આ પ્રમાણે ભૂત અને ભાવી ઘટ પણ યોગીઓને દેખાતા હોવા જોઈએ. પરન્તુ યોગીઓ ભૂત અને ભાવી ઘટ જોઈ શકે છે એમ કહી શકાય નહિ, કારણ કે એવું કાંઈ પ્રમાણ નથી. પ્રત્યુત ધ્વંસ થયા પછી પદાર્થ રહેતો જ નથી એવું પ્રમાણ "તે સમયની પ્રજા આ સમયમાં નથી" એ શ્રીમદ્ભાગવતવાક્યમાં પણ મળી આવે છે.

સિદ્ધાન્ત:આ પ્રમાણે પૂર્વપક્ષી આવિર્ભાવ અને તિરોભાવ ની સત્તાનો નિરાસ કરી તેમને ખપુષ્પ સમાન સિદ્ધ કરે છે. તેથી પ્રથમ તેમના ખપુષ્પપણાનો નિરાસ કરવા શ્રીમદ્વિઠ્ઠલેશ કારિકાથી તેમના સ્વરૂપના નિરૂપણની પ્રતિજ્ઞા કરે છે.

હવે આવિર્ભાવ અને તિરોભાવનું સ્વરૂપ કહીએ છીએ. આ સ્વરૂપ સાંભળી ડાહ્યા પુરુષો પોતાના સંશય દૂર કરી, બ્રહ્મવાદમાં પોતાની બુદ્ધિ સ્થિર કરી, હરિની પ્રાપ્તિ કરે છે.

11.આવિર્ભાવ-તિરોભાવનું લક્ષણ અને તેનું મંડન

અત્રોચ્યતે તત્સ્વરૂપં તચ્છ્રુત્વાડપાસ્ય સંશયાન્।
બ્રહ્મવાદે કૃતાત્માન: પ્રાપ્નુવન્તિ હરિં બુધા:॥

અત્ર તેમનું સ્વરૂપ કહેવામાં આવે છે જે સાંભળી ડાહ્યા પુરુષો સંશય દૂર કરી બ્રહ્મવાદમાં બુદ્ધિ રાખી હરિની પ્રાપ્તિ કરે છે.

અનુભવના વિષય થવાની યોગ્યતા એ 'આવિર્ભાવ'. અનુભવના વિષય ન થવાની યોગ્યતા એ 'તિરોભાવ'. તેમનો અવચ્છેદક વસ્તુનું સત્વજ છે કારણ કે તે ધર્મ હોવાથી આશ્રય વિના રહી ન શકવાથી અલીકમાં સમ્ભવતા નથી.

વળી 'ભાવી'-'ભૂત' એમ જેનો વ્યવહાર કરો છો તે વસ્તુની સત્તા તમારે પણ સ્વીકારવી પડશે કારણ કે તે ઘટાદિના ધર્મ હોવાથી ઘટાદિનો અભાવ હોય તો નિરાશ્રિત થઈ

જાય. આથી "વર્તમાન પ્રાગભાવનું પ્રતિયોગિપણું ભાવિપણુ, વર્તમાન ધ્વંસનું પ્રતિયોગિપણું ભૂતપણુ" એનો નિરાસ થાય છે. કાલરૂપ ઉપાધિ જ તેમનો આશ્રય છે એમ કહેવાય નહિ; કારણ કે એમ હોય તો કાલ ઉપાધિમાં ભૂતત્વાદિની પ્રતીતિ દુર્નિવાર છે, જેમ તન્તુ અધિકરણવાળા પટનિરૂપિત સમવાયનું કાલમાં અસ્તિત્વ હોવા છતાં પટ કાલસમવેત હોય તેવી પ્રતીતિ થતી નથી, કારણ કે તે સમ્બન્ધથી તે કાલમાં રહેલું નથી, તેમ પ્રાગભાવાદિના અધિકરણ કાલમાં પ્રાગભાવાદિ પ્રતિયોગિત્વ ન હોવાથી એવી પ્રતીતિ થતી નથી એમ નહિ. કારણ કે પ્રતિયોગિપણું અમુક પ્રકારનો સ્વરૂપસમ્બન્ધ છે એમ અંગીકાર કરેલું છે, તેનાં બે સ્વરૂપ છે અને તે આ કાલમાં પણ છે. તે છે પરન્તુ એ વિશેષ નથી. અરે! એ ક્યો વિશેષ, જેમાં તમારી આવી શ્રદ્ધા છે? તે દૃષ્ટ નથી કારણ કે કાંઈ પ્રમાણ નથી. તે ઉભય છે તો પણ વિશિષ્ટ અપ્રતીતિની અન્યથાનુપપત્તિ હોવાથી અન્ય સમ્બન્ધ વિના વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર એવો કલ્પવામાં આવે છે એમ નહિ. એવા (વિશેષની) પણ કાલમાં જ સત્તા છે એમ કહેવું પડશે. તેથી ઉક્ત દૂષણની ભીતિથી તેના સમવાયનું પ્રયોજક કહેવું પડશે અને તે સમયે સમવાયીના અભાવથી એ સમવાય કોઈ સ્થળે કહી શકાશે નહિ. તેથી કાલાશ્રયની પણ સિદ્ધિ થતી નથી, કારણ કે અન્યત્ર સમવેત જન્યભાવનો જ આધાર કાલ હોઈ શકે. અન્યથા કાલને અસત્નો પણ આશ્રય સ્વીકારવો પડશે. અન્યધર્મની માત્ર કાલના આશ્રયથી જ સિદ્ધિ કોઈ સ્થળે જોઈ નથી. એમ હોય તો તે અન્યનો ધર્મ જ રહે નહિ. તેથી ભાવિ અથવા ભૂત નો વ્યવહાર થાય તે સમયે પણ ઘટાદિની સત્તાનો સ્વીકાર કરવો પડશે. વળી તમે કહેલી યોગ્યતાનો અવચ્છેદ ક્યા પદાર્થથી થાય છે? એમ અમે પૂછીએ છીએ. "જ્યારે-ત્યારે વસ્તુસત્તાથી જ તેનો અવચ્છેદ થાય છે" એમ જો કહો તો 'જ્યારે-ત્યારે'નો ત્યાગ કરો કારણ કે તેનું પ્રયોજન નથી, અને ગૌરવ થાય છે. "અન્ય સમ્બન્ધ વિના" એમાં સ્વરૂપસમ્બન્ધ છે એમ સિદ્ધ થાય તો "અન્યસમ્બન્ધ" પદ સાર્થક થાય. એમ હોય તો આત્માશ્રય થાય. ષટ્ પ્રકારના સન્નિકર્ષના અભાવમાં પણ વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર એવો "અન્યસમ્બન્ધ વિના" અર્થ છે એમ પણ કહેવાય નહિ, કારણ કે યોગજધર્મમાં તેની અતિવ્યાપ્તિ થાય છે. લૌકિક વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર એમ કહેવાનો ભાવાર્થ હતો એમ પણ કહેવાશે નહિ, કારણ કે વ્યાપ્તિસહિત વિશિષ્ટ જ્ઞાન ઉત્પન્ન કરનાર સામાન્ય-પ્રત્યાસત્તિમાં અતિવ્યાપ્તિ થશે. (જન્ય લૌકિક પ્રત્યાસત્તિ વિના વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર, એવો તેનો અર્થ છે એમ પણ સમ્ભવતું નથી કારણ કે યોગજધર્મમાં અતિવ્યાપ્તિ થાય છે). સામાન્ય, યોગજધર્મ અને જ્ઞાન નાં કારણ ષોઢા પ્રત્યાસત્તિના અભાવમાં પણ વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર એવો તેનો અર્થ છે એમ પણ અસિદ્ધિને લીધે સમ્ભવશે નહિ. ઉક્ત પદાર્થના અભાવમાં એવું કોઈ સ્થળે સિદ્ધ થયું નથી. વિવાદના આસ્પદ ભાવિત્વ વિગેરે પૂર્વોક્ત યુક્તિથી નિરાશ્રય હોવાનો પ્રસંગ દુર્નિવાર હોવાથી તે સમયે પણ ધર્મીની સિદ્ધિ થવાથી, અનુમાન આદિથી તેનું જ્ઞાન થવાથી તેમાં સમવેત ઉક્ત પ્રતિયોગિત્વનું પણ જ્ઞાન થાય છે તેથી ઉક્ત પ્રત્યાસત્તિનો અભાવ પણ નથી એમ સર્વ અનવદ્ય છે.

11.આવિર્ભાવ-તિરોભાવનું લક્ષણ અને તેનું મંડન

સિદ્ધાન્તી:અનુભવનો વિષય થવાની યોગ્યતા એ 'આવિર્ભાવ', અનુભવનો વિષય ન થવાની યોગ્યતા એ 'તિરોભાવ'. અનુભવ એટલે સાક્ષાત્કાર. તેથી સાક્ષાત્કારનો વિષય થવાનો ગુણ એ 'આવિર્ભાવ' અને સાક્ષાત્કારનો વિષય ન થવાનો ગુણ એ 'તિરોભાવ'. આ આવિર્ભાવ અને તિરોભાવ નો અવચ્છેદ કરનાર વસ્તુની સત્તા જ છે. વસ્તુ હોય તો જ તેના આવિર્ભાવ અને તિરોભાવ થાય. અલીકના આવિર્ભાવ અને તિરોભાવ થાય જ નહિ. અલીકમાં આવિર્ભાવ અને તિરોભાવ નો સમ્ભવ જ નથી કારણ કે એ ઉભય ધર્મ છે. ધર્મ ધર્મીમાં જ રહે. ગુણ દ્રવ્યનો આશ્રય કરીને જ રહે છે. દ્રવ્યના આશ્રય વિના ગુણ અર્થાત્ ધર્મ રહી શકે જ નહિ. તેથી અલીકમાં આવિર્ભાવ અને તિરોભાવ સમ્ભવતા નથી.

વળી તમે જે પદાર્થને ભૂત અને ભાવી કહો છો તેમની સત્તા તમારે પણ સ્વીકારવી પડશે. 'ભૂત ઘટ', 'ભાવી ઘટ' વિગેરે વાક્યો ઉચ્ચારતાં, ભૂત અને ભાવી એ ઘટના ધર્મ છે એમ કહેવું પડશે. આ ઘટની સત્તા ન હોય તો તેમના ધર્મ ભૂતપણું-ભાવિપણું ક્યાં રહે? આ ધર્મનો આશ્રય ઘટ ન હોય તો તેમના આશ્રય કોણ? આશ્રય વિના ગુણ રહી શકે નહિ. ભૂતપણું-ભાવિપણું ગુણ છે. ગુણ હોવાથી તેમને દ્રવ્યનો આશ્રય અવશ્ય જોઈએ. આપણે 'ભાવી ઘટ' કહીએ છીએ. આ ઘટની સત્તા ન હોય તો ભાવિપણું ક્યાં રહે? ભાવિપણાનો આશ્રય કોણ? ઘટનું કારણ કપાલ ભાવિપણાનો આશ્રય છે એમ કહેવાય નહિ; કારણ કે એમ કહીએ તો કપાલ વર્તમાન છે તેમાં ભાવિપણાનું ભાન થાય. કપાલ વર્તમાન છે પરન્તુ તેનો ભાવિપણાનો આશ્રય માનીએ છીએ તેથી તે ભાવી છે એમ આપણને ભાન થવું જોઈએ.

પૂર્વપક્ષી:(ભાવિપણું નિત્ય છે. ઘટ જાતિ જેમ નિત્ય છે અને ઘટ કાર્યની સાથે જ તેનો સમ્બન્ધ થાય છે તેમ ભાવિપણું પણ નિત્ય છે અને ઘટ કાર્યની સાથે જ તેનો સમ્બન્ધ થાય છે. કારણની સાથે તેનો સમ્બન્ધ થતો નથી)

સિદ્ધાન્તી:ભાવિપણું નિત્ય હોય અને ઘટ કાર્ય સાથે સમ્બન્ધ રાખતું હોય તો ઘટનો સાક્ષાત્કાર થાય ત્યારે પણ તેમાં ભાવિપણું હોવાથી 'ઘટ છે' એવું ભાન આપણને થાય નહિ, પરન્તુ 'ભાવી ઘટ' એમ જ ભાન થાય. ભાવિપણું નિત્ય હોવાથી તેનો કદાપિ નાશ થાય નહિ. તેથી સર્વ કાળે 'ભાવી ઘટ' એમ જ પ્રતીતિ થાય. કોઈ સમયે ઘટની સત્તા હોઈ શકે જ નહિ. આ પ્રમાણે શૂન્યવાદ પ્રાપ્ત થાય અને પ્રત્યક્ષનો પણ વિરોધ થાય. કારણ કે ઘટનો આપણને સાક્ષાત્કાર પણ થાય છે. તેથી ઘટની સત્તા અમુક કાળે તો સ્વીકારવી જ પડે. ઘટની સત્તા સ્વીકારીએ તો ભાવિપણું અનિત્ય થયું. ભાવિપણું અનિત્ય હોવાથી જન્ય છે અને જન્ય હોવાથી પૂર્વના કાળમાં ન હતું એમ સિદ્ધ થાય છે. આ પ્રમાણે પૂર્વકાળમાં ભાવિપણું ન હતું ત્યારે ઘટની સત્તા હતી એમ સ્વીકારવું જ પડે. તેથી કારણના વ્યાપાર

પહેલાં અર્થાત્ તમે જેને ઉત્પત્તિકાળ કહો છો તે પહેલાં પણ ઘટ વિગેરે પદાર્થની સત્તા હતી એમ સિદ્ધ થાય છે. તે જ પ્રમાણે 'ભૂત ઘટ' વિગેરે પ્રયોગમાં ભૂતપણું એ ઘટનો ધર્મ છે. તે કારણ સાથે સમ્બન્ધ રાખતું હોય તો વર્તમાન કપાલમાં 'ભૂત કપાલ' એવી પ્રતીતિ થાય. કાર્ય-ઘટ સાથે સમ્બન્ધ રાખતું હોય તો ઘટનો સાક્ષાત્કાર થતો હોય ત્યારે પણ 'ભૂત ઘટ' એવી પ્રતીતિ થાય. ભૂતપણું નિત્ય હોય તો કદાપિ ઘટની સત્તા સમ્ભવે જ નહિ અને પ્રત્યક્ષનો વિરોધ થાય. તેથી તે પણ અનિત્ય જ છે. અનિત્ય હોવાથી તેનો અન્ત પણ આવવો જોઈએ. તેથી જ્યારે ભવિષ્યમાં તેનો અન્ત આવે ત્યારે ઘટની સત્તા છે એમ સ્વીકારવું પડે. તેથી જે કાળમાં પ્રાગભાવ અને ધ્વંસ છે એમ તમે કહો છો તે કાળમાં પણ વસ્તુની સત્તા તમારે સ્વીકારવી પડશે. આ પ્રમાણે વસ્તુની સત્તા ત્રણે કાળમાં સિદ્ધ થાય છે. તેથી "વર્તમાન પ્રાગભાવનું પ્રતિયોગિપણું એ ભાવિપણું" અને "વર્તમાન ધ્વંસનું પ્રતિયોગિપણું એ ભૂતપણું" એમ કહી શકાય નહિ.

પૂર્વપક્ષી:તમે કહો છો તે યોગ્ય નથી. કારણ કે ભૂતપણું અને ભાવિપણું ઘટનું કારણ કપાલ, અથવા ઘટનો આશ્રય કરી રહેતાં નથી પરન્તુ કાળ ઉપાધિનો આશ્રય કરી રહે છે.

સિદ્ધાન્તી:ભૂતપણું અને ભાવિપણું કાળ-ઉપાધિનો આશ્રય કરી રહ્યાં છે એમ પણ કહેવાય નહિ, કારણ કે કાળ ઉપાધિ ત્રણ પ્રકારની છે. ભૂત, ભાવિ અને વર્તમાન. ભૂતકાલમાં 'ભાવી ઘટ' એમ આપણે કહીએ. તેથી ભૂતકાળ ભાવિપણાનો આશ્રય છે એમ માનીએ તો તેમાં ભાવિપણાની પ્રતીતિ થવી જોઈએ; અર્થાત્ તેને આપણે ભાવી કાળ કહેતા હોવા જોઈએ. તે જ પ્રમાણે ભવિષ્યમાં 'ભૂત ઘટ' એમ આપણે કહીએ, તેથી ભવિષ્યકાળ ભૂતપણાંનો આશ્રય છે એમ માનીએ તો તે કાળમાં ભૂતપણાની પ્રતીતિ થવી જોઈએ; અર્થાત્ તે કાળને આપણે ભૂતકાળ કહેતા હોવા જોઈએ. વર્તમાનકાળમાં સૂર્યના ઉત્તર પરિસ્પન્દનો અર્થાત્ આવતી ક્ષણનો પ્રાગભાવ છે; અને સૂર્યના પૂર્વ પરિસ્પન્દનો અર્થાત્ ગઈ ક્ષણનો ધ્વંસ છે. તેથી વર્તમાનક્ષણ સૂર્યના ઉત્તર પરિસ્પન્દના પ્રાગભાવવાળી ક્ષણ હોવાથી, આવતી ક્ષણમાં ભૂતક્ષણ હોવાથી ભૂતપણાનો આશ્રય હોવાથી, તેમાં ભૂતપણાની પ્રતીતિ થવી જોઈએ; અને સૂર્યના પૂર્વ પરિસ્પન્દના ધ્વંસવાળી ક્ષણ હોવાથી, ગઈ ક્ષણમાં ભાવિક્ષણ હોવાથી ભાવિપણાનો આશ્રય હોવાથી, તેમાં ભાવિપણાની પ્રતીતિ થવી જોઈએ. આ પ્રમાણે વર્તમાન ક્ષણમાં ભૂતક્ષણ અને ભાવિક્ષણ એવી પ્રતીતિ થવી જોઈએ; પરન્તુ તેમ થતું નથી. તેથી કાળ ઉપાધિ ભૂતપણા અને ભાવિપણા નો આશ્રય છે એમ કહી શકાય નહિ.

પૂર્વપક્ષી:અવયવ અને અવયવી સમવાય સમ્બન્ધથી રહેલા છે. તન્તુ અવયવ છે અને પટ અવયવી છે. આ ઉભય સમવાય સમ્બન્ધથી રહેલાં છે. તેથી પટનો તન્તુ સાથે સમવાય સમ્બન્ધ છે. તેથી પટ તન્તુથી સમવેત અર્થાત્ તન્તુમાં સમવાય સમ્બન્ધથી રહેલું છે એમ પ્રતીતિ છે. આ સમવાય જેમ તન્તુમાં છે તેમ કાલમાં પણ છે, કારણ કે કાલ સર્વનો આધાર છે. કાલ સર્વનો આધાર હોવાથી આ સમવાયનો પણ આધાર છે, તેથી આ

સમવાય જેમ તન્તુમાં છે તેમ કાલમાં પણ છે. તો પણ તન્તુમાં સમવાય સમ્બન્ધથી પટ રહેલું છે એવી પ્રતીતિ થાય છે, પરન્તુ કાલમાં સમવાય સમ્બન્ધથી પટ રહેલું છે એવી પ્રતીતિ થતી નથી. આનું કારણ એ છે કે જેમ તન્તુમાં પટ સમવાય સમ્બન્ધથી રહેલું છે તેમ કાલમાં સમવાય સમ્બન્ધથી રહેલું નથી. તે જ પ્રમાણે ઘટના પ્રાગભાવવાળા કાલમાં ભાવિત્વ રહેલું છે. પ્રાગભાવવાળો કાલ ભાવિત્વનો આશ્રય છે એ ખરું પરન્તુ ઘટના પ્રાગભાવનું પ્રતિયોગિપણું જેમ ઘટમાં છે તેમ પ્રાગભાવવાળા કાલમાં રહેલું નથી. પ્રાગભાવનું પ્રતિયોગિપણું ઘટમાં રહેલું હોવાથી 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય છે પરન્તુ પ્રાગભાવવાળા કાલમાં તે રહેલું નથી તેથી તે કાલમાં 'ભાવી કાલ' એવી પ્રતીતિ થતી નથી. તેથી તે કાલ ભાવિત્વનો આશ્રય છે તો પણ 'ભાવી કાલ' એવી પ્રતીતિ તેમાં થતી નથી.

સિદ્ધાન્તી:એમ નથી. પ્રાગભાવનું પ્રતિયોગિપણું પ્રાગભાવવાળા કાલમાં પણ રહેલું છે. તમે પ્રતિયોગિપણાને અમુક પ્રકારનો સ્વરૂપસમ્બન્ધ જ માનો છો. આ અમુક પ્રકારના સ્વરૂપસમ્બન્ધરૂપી પ્રતિયોગિપણાના બે સ્વરૂપ છે. 1.પ્રાગભાવાદિસ્વરૂપ 2.પ્રતિયોગિસ્વરૂપ. પ્રતિયોગિસ્વરૂપને લીધે પ્રાગભાવના પ્રતિયોગી ઘટ વિગેરે સાથે સમ્બન્ધ સિદ્ધ થાય છે, તેમજ પ્રાગભાવાદિસ્વરૂપને લીધે પ્રાગભાવવાળા કાલ સાથે સમ્બન્ધ સિદ્ધ થાય છે. તેથી પ્રતિયોગિપણું જેમ ઘટમાં સ્વરૂપસમ્બન્ધથી રહેલું છે તેમ કાલમાં પણ સ્વરૂપસમ્બન્ધથી જ રહેલું છે; તેથી પ્રાગભાવવાળા કાલમાં જેમ 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય છે તેમજ 'ભાવી કાલ' એવી પ્રતીતિ થવી જોઈએ; પરન્તુ પ્રાગભાવવાળા ભૂતકાલમાં 'ભાવી કાલ' એવી પ્રતીતિ થતી નથી, તેથી ભાવિત્વનો આશ્રય કાલ કહી શકાય નહિ.

પૂર્વપક્ષી:પ્રાગભાવનું પ્રતિયોગિપણું કાલમાં સ્વરૂપસમ્બન્ધી જ રહેલું છે પરન્તુ અમુક વિશેષ અહીં નથી તેથી પ્રાગભાવવાળા કાલમાં ભાવિપણાની પ્રતીતિ થતી નથી અને તે વિશેષ હોવાથી ઘટમાં 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય છે. પ્રાગભાવનું પ્રતિયોગિપણું પ્રતિયોગી ઘટમાં પ્રતિયોગિ-સ્વરૂપ-સમ્બન્ધથી રહેલું છે અને કાલમાં પ્રાગભાવ-સ્વરૂપ-સમ્બન્ધથી રહેલું છે. ઉભયમાં સ્વરૂપસમ્બન્ધ ભિન્ન-ભિન્ન પ્રકારનો છે. પ્રાગભાવનું પ્રતિયોગિપણું કાલમાં જે સ્વરૂપસમ્બન્ધી રહેલું છે તે સ્વરૂપસમ્બન્ધથી પ્રતિયોગી ઘટમાં રહેલું નથી, અને પ્રતિયોગી ઘટમાં જે સ્વરૂપસમ્બન્ધથી રહેલું છે તે સ્વરૂપસમ્બન્ધથી કાલમાં રહેલું નથી. તેથી કાલમાં જે વિશેષ છે તે પ્રતિયોગી ઘટમાં નથી, અને પ્રતિયોગી ઘટમાં જે વિશેષ છે તે કાલમાં નથી.

સિદ્ધાન્તી:એવો કયો વિશેષ છે જેમાં તમે આવી શ્રદ્ધા રાખો છો? એ વિશેષ દૃષ્ટ છે કે કલ્પિત છે? દૃષ્ટ વિશેષ નથી, કારણ કે પ્રતિયોગી ઘટ વિગેરે સિવાય કાંઈ દૃષ્ટ નથી. તેથી એ વિશેષ દૃષ્ટ છે એમ કહેવામાં કાંઈ પ્રમાણ નથી.

પૂર્વપક્ષી:આ વિશેષ દૃષ્ટ નથી, પરન્તુ કલ્પેલો છે. પ્રાગભાવવાળા કાલમાં 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય છે. અહિં ભાવિપણાનો આશ્રય કાલ છે તથાપિ એ કાલમાં 'ભાવી કાલ' એવી પ્રતીતિ થતી નથી. આ પ્રાગભાવવાળા કાલમાં 'ભાવી કાલ' અથવા 'ભાવિપણાથી

વિશિષ્ટ કાલ' એવી વૈશિષ્ટ્યની પ્રતીતિ થતી નથી. આ વૈશિષ્ટ્ય અપ્રતીતિની ઉપપત્તિ કોઈ રીતે થતી નથી. આ વૈશિષ્ટ્ય અપ્રતીતિની વિશેષ ન કલ્પીએ તો અનુપપત્તિ જ રહે છે. આ વૈશિષ્ટ્ય અપ્રતીતિની ઉપપત્તિ કરવા વિશેષ કલ્પવાની આવશ્યક્તા છે. આ વિશેષ ઘટમાં છે પરન્તુ આ પ્રાગભાવવાળા કાલમાં નથી. આ વિશેષ અન્ય સમ્બન્ધ વિના "આ ભૂતલ પર ઘટ રહ્યો" એમ સંયોગસમ્બન્ધથી ભૂતલ સાથે અને "કપાલમાં ઘટનો સમવાય છે" એમ કપાલ સાથે સમવાયસમ્બન્ધથી ઘટનું ભાન કરાવે છે. ઘટની ઉત્પત્તિ પહેલાં આ વિશેષ ન હોવાથી ભૂતલ સાથે સંયોગસમ્બન્ધથી અને કપાલમાં સમવાયસમ્બન્ધથી ઘટનું ભાન થતું નથી. પરન્તુ ઘટમાં આવો વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર વિશેષ રહેલો હોવાથી ઘટની ઉત્પત્તિ પછી ભૂતલ સાથે સંયોગસમ્બન્ધથી અને કપાલમાં સમવાયસમ્બન્ધથી ઘટનું ભાન થાય છે. આવી વિશિષ્ટ પ્રતીતિ ઉત્પન્ન કરવાયોગ્ય વિશેષ ઘટમાં રહેલો છે, પરન્તુ પ્રાગભાવવાળા કાલમાં નથી. તેથી તે સમયે 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય છે, પરન્તુ 'ભાવિ કાલ' એવી પ્રતીતિ થતી નથી.

સિદ્ધાન્તી:આ વિશેષ કલ્પી શકાય નહિ. કારણ કે આ વિશેષ ક્યાં કલ્પો છો? પ્રાગભાવના પ્રતિયોગી ઘટમાં આ વિશેષ કલ્પી શકાય નહિ. કારણ કે પ્રતિયોગીની સત્તા જ તમારા મત પ્રમાણે, તે સમયે અર્થાત્ પ્રાગભાવવાળા કાલમાં, નથી. પ્રતિયોગી જ ન હોય ત્યારે પ્રતિયોગીનો વિશેષ ક્યાંથી જ હોય? ભવિષ્યમાં વિશેષ થશે, એમ કહેવાથી આ કાલમાં ઘટ અને કાલમાં કાંઈ ભેદ સિદ્ધ થતો નથી. પ્રાગભાવમાં પણ આ વિશેષ કલ્પી શકાય નહિ, કારણ કે પ્રાગભાવનું અહીં આપણે નિરૂપણ કરીએ છીએ. અર્થાત્ પ્રાગભાવ નિરૂપ્ય છે. ભાવિપણાના અભાવનું તેમાં તમે નિરૂપણ કરવા માંગો છો અર્થાત્ ભાવિપણાનો અભાવ તે નિરૂપક છે. આ વિશેષ ભાવિપણાનો અભાવ તેમાં સિદ્ધ કરવા કલ્પ્યો છે તેથી તે નિરૂપકનો ગુણ છે. નિરૂપ્ય કોઈ સ્થળે નિરૂપકના ગુણનો આધાર થઈ શકે નહિ. તેથી આ વિશેષ પ્રાગભાવમાં પણ સમ્ભવતો નથી. હવે માત્ર કાલ અવશિષ્ટ રહે છે. તેથી આ વિશેષ કાલમાં જ રહે છે, અર્થાત્ કાલમાં જ તેની સત્તા છે એમ તમારે કહેવું પડશે. વળી આ વિશેષ નશ્વર અર્થાત્ નાશવન્ત છે, કારણ કે તે ઘટમાં ભાવિપણું સિદ્ધ કરવા કલ્પ્યો છે. ઘટ ઉત્પન્ન થાય ત્યારે તેનું ભાવિપણું નષ્ટ થાય છે તેથી તે વિશેષનો પણ નાશ થાય છે. તેથી ઘટકાલ અને ઘટધ્વંસકાલ માં આ વિશેષ નથી. તેથી આ વિશેષ નાશવન્ત છે. નાશવન્ત હોવાથી તે જન્ય છે, કારણ કે જે-જે નાશવન્ત છે તે-તે જન્ય છે. આ વિશેષ નાશવન્ત હોવાથી જન્ય પણ છે. સર્વ જન્ય પદાર્થ અન્ય કોઈ પદાર્થમાં સમવાય સમ્બન્ધથી રહ્યા હોય તો જ કાલ તેનો આશ્રય થઈ શકે. તેથી આ વિશેષ કાલમાં રહે છે અર્થાત્ કાલ તેનો આશ્રય છે એમ માનવું હોય તો તે અન્ય પદાર્થમાં સમવાય સમ્બન્ધથી રહ્યા હોય તો જ કાલ તેનો આશ્રય થઈ શકે. તેથી આ વિશેષ કાલમાં રહે છે અર્થાત્ કાલ તેનો આશ્રય છે એમ માનવું હોય તો તે અન્ય પદાર્થમાં સમવાય સમ્બન્ધથી રહેલો હોવો જોઈએ. તેનો કોઈ સમવાયી જોઈએ. તેનો સમવાયી કોઈ ન હોય તો કાલ પણ તેનો આશ્રય થઈ શકે નહિ

અને કોઈ આશ્રય નહિ હોવાથી વિશેષ સિદ્ધ ન થાય, અને તેથી પ્રાગભાવવાળા કાલમાં 'ભાવી કાલ' એવી વૈશિષ્ટ્ય પ્રતીતિ થતી નથી, તે વૈશિષ્ટ્ય અપ્રતીતિની અનુપપત્તિ દૂર થાય નહિ. આ દૂષણની ભીતિથી આ વિશેષનો સમવાયી અવશ્ય કહેવો જોઈએ, પરન્તુ તેનો તે સમયે અર્થાત્ પ્રાગભાવવાળા કાલમાં કોઈ સમવાયી નહિ હોવાથી કાલ પણ તેનો આશ્રય થઈ શકે નહિ; કારણ કે જન્ય પદાર્થ અન્ય પદાર્થમાં સમવેત હોય તો જ કાલ તેનો આશ્રય થઈ શકે.

પૂર્વપક્ષી:જેમ નિત્ય અર્થાત્ અજન્ય પદાર્થ અન્ય પદાર્થમાં સમવેત ન હોય તો પણ તેનો આશ્રય કાલ થઈ શકે છે, તેમ જન્ય પદાર્થ પણ અન્ય પદાર્થમાં સમવેત ન હોય તો પણ કાલ તેનો આશ્રય થઈ શકે છે એમ માનવું જોઈએ. કાલ અમુક પદાર્થનો આશ્રય થાય તે માટે તે પદાર્થ અન્ય પદાર્થમાં સમવેત હોવાની જરૂર નથી. કોઈ પણ પદાર્થમાં સમવેત ન હોય એવા પદાર્થનો પણ કાલ આશ્રય થઈ શકે છે. આ પ્રમાણે માનવાથી આ વિશેષ સિદ્ધ થશે અને વૈશિષ્ટ્ય અપ્રતીતિની અનુપપત્તિ દૂર થશે.

સિદ્ધાન્તી:પરન્તુ એમ માની શકાય નહિ, કારણ કે એમ માનીએ તો શશશૃંગ જેવા અસત્ પદાર્થનો પણ કાલ આશ્રય છે એમ સ્વીકારવું પડે. શશશૃંગ આદિ અસત્ પદાર્થ પણ બીજા કોઈ પદાર્થમાં સમવાય સમ્બન્ધથી રહેલા નથી. પરન્તુ બીજા કોઈ પદાર્થમાં સમવાય સમ્બન્ધથી રહ્યા ન હોય તેવા પદાર્થનો પણ કાલ આશ્રય છે એમ તમે માનો તો શશશૃંગ આદિ અસત્ પદાર્થનો પણ કાલ આશ્રય છે એમ તમારે અવશ્ય સ્વીકારવું પડે. તેથી આ વિશેષનો આધાર કાલ છે એમ પણ કહી શકાય નહિ. અન્ય પદાર્થના ધર્મનો આશ્રય કાલ છે એમ કહેવાથી તે પદાર્થના ધર્મની સિદ્ધિ કદાપિ થતી નથી. જો અન્ય પદાર્થના ધર્મનો આશ્રય કાલ છે એમ કહેવાથી જ તે ધર્મની સિદ્ધિ થતી હોય તો તે ધર્મ અન્ય પદાર્થનો કહેવાય જ નહિ. તેથી આવો વિશેષ કલ્પી શકાતો નથી. તેથી પ્રાગભાવ-વાળા કાલમાં ભાવિપણાનું ભાન કેમ થતું નથી તે પણ તમે કહી શક્તા નથી. તેથી ભાવિપણાનો આશ્રય કાલ છે એમ કહેવાય નહિ. તેવી 'ભાવી ઘટ' 'ભૂત ઘટ' એવો વ્યવહાર થાય તે સમયે પણ ભાવિપણા અને ભૂતપણા ના આશ્રયની સિદ્ધિ કરવા ઘટની સત્તાનો સ્વીકાર અવશ્ય કરવો પડશે.

પૂર્વપક્ષી:(ઘટ નિત્ય છે એમ સ્વીકારીએ તો પણ પ્રાગભાવવાળા કાલમાં 'ભાવી ઘટ' એવો વ્યવહાર સમ્ભવે જ નહિ. કારણ કે ભાવિપણાનો આશ્રય કોણ થાય? ઘટ તો નિત્ય માન્યો તેથી તે અજન્ય છે. તે ભાવી સમ્ભવી શકે નહિ. આ પ્રમાણે ઘટ નિત્ય માનવાથી પણ કાંઈ વળે તેમ નથી).

સિદ્ધાન્તી:ત્યારે તમે ઘટમાં ભાવિપણું સિદ્ધ કરવા વિશેષ કલ્પ્યો તેનો અવચ્છેદક કોણ છે? આ યોગ્યતા ઘટનો ધર્મ છે. ઘટ વ્યાપ્ય છે તેથી આ યોગ્યતા વ્યાપ્ય પદાર્થનો ધર્મ છે. વ્યાપ્ય પદાર્થના ધર્મનું વ્યાપક અવશ્ય હોવું જોઈએ. આ યોગ્યતાનો વ્યાપક અર્થાત્ અવચ્છેદક કોણ છે એ તમારે અવશ્ય કહેવું જોઈએ.

પૂર્વપક્ષી:જ્યારે-ત્યારે તેનો વસ્તુસત્તાથી જ અવચ્છેદ થાય છે, અર્થાત્ વસ્તુસત્તા જ જ્યારે-ત્યારે તેનો અવચ્છેદક થાય છે. વસ્તુ ઉત્પન્ન થાય તે પહેલાં સત્તાનો અભાવ હોવાથી 'જ્યારે-ત્યારે' પદનો પ્રયોગ કરવો પડે છે. તેથી જ્યારે-ત્યારે વસ્તુસત્તા જ તેનો અવચ્છેદક થાય છે.

સિદ્ધાન્તી:ઘટમાં ભાવિપણું સિદ્ધ કરનારી યોગ્યતાનો અવચ્છેદક વસ્તુસત્તા તમે માનો છો તેથી તમારા માનવા પ્રમાણે પણ 'ભાવી ઘટ' એવી પ્રતીતિ ઘટની સત્તા હોય ત્યારે થઈ. 'ભાવી' એવી પ્રતીતિ ઉત્પન્ન કરાવનાર યોગ્યતા અથવા વિશેષ હોય ત્યારે 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થવી જોઈએ. આવી પ્રતીતિ થાય તે સમયે આ યોગ્યતાનો અવચ્છેદ કરનાર ઘટની સત્તા પણ હોવી જોઈએ. તેથી તમારા માનવા પ્રમાણે પણ ઘટની સત્તા હોય ત્યારે 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય છે.

વળી જ્યારે ઘટની સત્તા હોય ત્યારે 'ભાવી ઘટ' એવો વ્યવહાર થતો નથી. તેથી ઘટમાં ભાવિપણું સિદ્ધ કરનારી યોગ્યતા પણ હોઈ શકે નહિ. તેથી જ્યારે ઘટની સત્તા હોય ત્યારે ઉપર કહેલી યોગ્યતા હોઈ શકે નહિ. તેથી યોગ્યતાનો અવચ્છેદક સત્તા કેમ સમ્ભવી શકે? અવચ્છેદ કરનારી સત્તા છે. પરન્તુ અવચ્છેદ્ય યોગ્યતા નથી. અવચ્છેદ્ય ન હોય ત્યારે અવચ્છેદ કેમ થાય? વળી ઘટની ઉત્પત્તિ પહેલાં 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય છે. અર્થાત્ ભાવિપણું સિદ્ધ કરનારી યોગ્યતા છે, પરન્તુ વસ્તુસત્તા નથી. ઘટ નથી. સત્તા ન હોવાથી આ સમયમાં યોગ્યતાનો અવચ્છેદ કોણ કરે? અવચ્છેદ્ય યોગ્યતા છે પરન્તુ તેનો અવચ્છેદ કરનારી સત્તા નથી. તો યોગ્યતાનો અવચ્છેદ કોણ કરે? આ પ્રમાણે "જ્યારે-ત્યારે વસ્તુસત્તાથી જ તેના અવચ્છેદ થાય છે" એમ કહેવામાં અનુકૂલ તર્ક નથી. અનુકૂલ તર્ક ન હોવાથી 'જ્યારે-ત્યારે' પદનું કાંઈ પ્રયોજન નથી તેથી તેનો ત્યાગ કરો. પ્રયોજન નથી એટલું જ નહિ પરન્તુ ગૌરવ દોષ થાય છે. 'જ્યારે-ત્યારે' પદનું અનુસન્ધાન કરવાથી કાંઈ સિદ્ધિ થતી નથી. વળી વિશેષની કલ્પના કરવા છતાં વસ્તુસત્તા હોય ત્યારે પણ 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય છે એમ તમારે અંગીકાર કરવું પડે છે, તેથી નિરાશ્રયપણું બાધક છે, કારણ કે ગુણ આશ્રય વિના રહી શકે નહિ. પરન્તુ સત્તા બાધક નથી. સત્તા હોય ત્યારે પણ 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય તેમાં બાધ નથી. પરન્તુ ભાવિપણાનો આશ્રય અવશ્ય હોવો જોઈએ.

વળી "અન્ય સમ્બન્ધ વિના અમુક પ્રકારની પ્રતીતિ ઉત્પન્ન કરનારી યોગ્યતા" એવું વિશેષનું લક્ષણ કહ્યું. પરન્તુ સ્વરૂપ પોતે જ સમ્બન્ધ સિદ્ધ થાય અર્થાત્ આ યોગ્યતા અથવા વિશેષ પોતે જ સમ્બન્ધ છે એમ સિદ્ધ થાય તો જ 'અન્ય સમ્બન્ધ' પદ સાર્થક થાય. સ્વરૂપ સમ્બન્ધને માત્ર સ્વરૂપ જ તમે માનો છો. સ્વરૂપસમ્બન્ધ સ્વરૂપથી જરા પણ ભિન્ન નથી. વિશેષનું જ્ઞાન અથવા પ્રથમ તેના લક્ષણનું જ્ઞાન થવું જોઈએ. લક્ષણનું જ્ઞાન થવામાં સ્વરૂપસમ્બન્ધ અર્થાત્ સ્વરૂપના જ્ઞાનની આવશ્યક્તા છે. કારણ કે અન્ય સમ્બન્ધ વિના અર્થાત્ સ્વરૂપસમ્બન્ધથી અર્થાત્ સ્વરૂપથી જ અમુક પ્રકારની પ્રતીતિ કરનારી યોગ્યતા છે.

તેથી વિશેષના લક્ષણમાં પણ સ્વરૂપના જ્ઞાનની આવશ્યક્તા રહે છે. આ પ્રમાણે વિશેષનું જ્ઞાન થવામાં તેના જ જ્ઞાનની આવશ્યક્તા રહે છે અર્થાત્ આત્માશ્રય દોષ છે.

પૂર્વપક્ષી:અન્ય સમ્બન્ધ વિના અથવા સ્વરૂપસમ્બન્ધી અમુક પ્રકારની પ્રતીતિ ઉત્પન્ન કરનારી યોગ્યતા એવું વિશેષનું લક્ષણ કહ્યું છે. સ્વરૂપસમ્બન્ધી એટલે છ પ્રકારના સન્નિકર્ષ વિના. સંયોગ, સંયુક્તસમવાય, સંયુક્તસમવેતસમવાય, સમવાય, સમવેતસમવાય અને વિશેષણ-વિશેષ્યભાવ એ છ સન્નિકર્ષ છે. આ છ માંથી એક પ્રકારનો સન્નિકર્ષ થવાથી આપણને અમુક પદાર્થ પ્રત્યક્ષ થાય છે. આપણી ઇન્દ્રિય અને પદાર્થમાં આ છ સન્નિકર્ષમાંથી એક પ્રકારનો સન્નિકર્ષ થાય ત્યારે આપણને તે પદાર્થ પ્રત્યક્ષ થાય છે. સ્વરૂપસમ્બન્ધથી એટલે આ છ સન્નિકર્ષમાંથી એક પણ સન્નિકર્ષ વિના. આ છ સન્નિકર્ષમાંથી એક પણ સન્નિકર્ષ ન હોય તો પણ ભૂતલ સાથે સંયોગસ મ્બન્ધથી અને કપાલમાં સમવાય સમ્બન્ધથી ઘટની પ્રતીતિ ઉત્પન્ન કરનારી યોગ્યતા એવું આ વિશેષનું લક્ષણ કહ્યું છે.

સિદ્ધાન્તી:એમ પણ કહી શકાય નહિ. વિશેષના લક્ષણનો આવો અર્થ કરો તે યોગજ ધર્મમાં તેની અતિવ્યાપ્તિ થાય છે. યોગીઓ યોગજ ધર્મથી અતીત અને અનાગત ઘટ આદિ પદાર્થનો અનુભવ કરે છે. તેમાં છ માંથી એક પણ પ્રકારનો સન્નિકર્ષ નથી. સન્નિકર્ષ ન હોવા છતાં યોગીઓને ભૂતલ સાથે સંયોગસમ્બન્ધથી, અને કપાલમાં સમવાયસમ્બન્ધથી ઘટની પ્રતીતિ યોગજ ધર્મથી થાય છે. તેથી તમારા વિશેષના લક્ષણની યોગજ ધર્મમાં અતિવ્યાપ્તિ થાય છે.

પૂર્વપક્ષી:યોગીઓને યોગજ ધર્મથી ઘટનો વિશિષ્ટ પ્રત્યય થાય છે પરન્તુ તે અલૌકિક છે. અમે તો વિશેષના લક્ષણમાં લૌકિક વિશિષ્ટ પ્રત્યય કહીએ છીએ. યોગીઓને અલૌકિક પ્રત્યય થાય છે. તેથી યોગજ ધર્મ અલૌકિક પ્રત્યય ઉત્પન્ન કરાવનાર હોવાથી, વિશેષના અમે કહેલા લક્ષણની તેમાં અતિવ્યાપ્તિ થતી નથી.

સિદ્ધાન્તી:તો પણ તમારા વિશેષના લક્ષણની સામાન્યપ્રત્યાસત્તિમાં અતિવ્યાપ્તિ થાય છે. આ સામાન્યપ્રત્યાસત્તિ વ્યાપ્તિસહિત વૈશિષ્ટ્ય જ્ઞાનની ઉત્પત્તિ કરે છે. "જ્યાં-જ્યાં ધૂમ છે ત્યાં-ત્યાં વહ્નિ છે" એ વ્યાપ્તિ છે. ધૂમ વ્યાપ્ય છે અને વહ્નિ વ્યાપક છે. વહ્નિની વ્યાપ્તિથી વિશિષ્ટ ધૂમ છે. ધૂમમાં ધૂમત્વ સામાન્ય રહેલું છે. આ સામાન્ય સર્વ ધૂમમાં અર્થાત્ અતીત, વર્તમાન અને અનાગત સર્વ ધૂમમાં રહેલું છે. સ્થળે-સ્થળે ધૂમ જોઈ, અગ્નિનો અનુભવ કર્યા પછી "જ્યાં-જ્યાં ધૂમ છે ત્યાં-ત્યાં વહ્નિ છે" એવી વ્યાપ્તિનું જ્ઞાન થાય છે. આ જ્ઞાન ધૂમત્વ-સામાન્યના જ્ઞાનને લીધે થાય છે. સર્વ ધૂમનો અનુભવ કર્યો નથી તો પણ સર્વ ધૂમમાં ધૂમત્વ સામાન્ય હોવાથી "જ્યાં-જ્યાં ધૂમ છે ત્યાં-ત્યાં વહ્નિ છે" એમ આપણે સામાન્યને લીધે ઉદ્ભવતી પ્રત્યાસત્તિથી (એનલોજી) કહી શકીએ છીએ. તેથી આ સામાન્ય પ્રત્યાસત્તિ વ્યાપ્તિ સહિત ધૂમત્વનું વૈશિષ્ટ્યજ્ઞાન ઉત્પન્ન કરે છે. આ સામાન્ય પ્રત્યાસત્તિથી વહ્નિવ્યાપ્ય અનાગત ધૂમના ધૂમત્વનું વૈશિષ્ટ્યજ્ઞાન થાય છે તેમાં છમાંથી એક

પણ પ્રકારનો સન્નિકર્ષ નથી. વળી આ સામાન્ય પ્રત્યાસત્તિથી થતું જ્ઞાન અલૌકિક પણ નથી, પરન્તુ લૌકિક છે. જેમ આધુનિક ધૂમના ધૂમત્વનું જ્ઞાન આપણને થાય છે તે જ પ્રમાણે અનાગત ધૂમના ધૂમત્વનુ જ્ઞાન થાય છે. આધુનિક ધૂમના ધૂમત્વના જ્ઞાનપ્રકારમાં અને અનાગત ધૂમના ધૂમત્વના જ્ઞાનપ્રકારમાં સાદૃશ્ય છે. તેથી આધુનિક ધૂમના ધૂમત્વનું જ્ઞાન જેમ લૌકિક છે, તેમ આ પણ લૌકિક છે. તેથી આ જ્ઞાન ઉત્પન્ન કરનારી સામાન્ય પ્રત્યાસત્તિમાં તમારા વિશેષના લક્ષણની અતિવ્યાપ્તિ થાય છે.

પૂર્વપક્ષી:વિશેષના લક્ષણમાં "અન્ય સમ્બન્ધ વિના" નો અર્થ "જન્ય લૌકિક પ્રત્યાસત્તિ વિના" એવો કરવો. તેથી આ સામાન્યપ્રત્યાસત્તિમાં પણ અતિવ્યાપ્તિ થશે નહિ. તેથી આ "સામાન્યપ્રત્યાસત્તિ તથા છ પ્રકારના સન્નિકર્ષનો અભાવ હોવા છતાં વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર" એવું વિશેષનું લક્ષણ થશે. તેથી સામાન્યપ્રત્યાસત્તિમાં તેની અતિવ્યાપ્તિ થશે નહિ.

સિદ્ધાન્તી:તો પણ યોગજ ધર્મમાં તેની અતિવ્યાપ્તિ થશે.

પૂર્વપક્ષી:ત્યારે સામાન્ય અર્થાત્ સામાન્યપ્રત્યાસત્તિ, યોજગધર્મ અને જ્ઞાનના કારણરૂપ છ પ્રકારની પ્રત્યાસત્તિ અથવા સન્નિકર્ષ એ સર્વના અભાવમાં વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરવાની યોગ્યતા એમ વિશેષનું લક્ષણ ગ્રહણ કરવું. તેથી કોઈ પણ પ્રકારની અતિવ્યાપ્તિ રહેશે નહિ.

સિદ્ધાન્તી:એવું કાંઈ છે જ નહિ. એવું કાંઈ પણ કદાપિ સિદ્ધ થયું નથી તેથી એવું વિશેષનું લક્ષણ ગ્રહણ કરાય નહિ. એ સર્વના અભાવમાં વિશિષ્ટ પ્રતીતિ કદાપિ થતી જ નથી. વળી વિવાદનું કારણ ભૂતપણાં અને ભાવિપણા નું નિરાશ્રયપણું ઉપર કહેલી યુક્તિઓને લીધે તમારાથી દૂર થઈ શક્તું નથી. તેથી પ્રાગભાવવાળા કાલમાં પણ ધર્મી ઘટ વિગેરેની સાંખ્યમત પ્રમાણે અનુમાનથી સિદ્ધિ થાય છે. આ અનુમાન નીચે પ્રમાણે યોજાય છે.

"ભાવી ઘટ,

'ભાવી' એવા વ્યવહાર સમયે પણ છે.

કારણ કે તેના ધર્મ ભાવિપણાનો તે સમયે અનુભવ થાય છે.

જેના ધર્મનો જે સમયે અનુભવ થાય તે સમયે તે વસ્તુ છે, વર્તમાન ઘટ પેઠે"

આ પ્રમાણે અન્વયવ્યાપ્તિથી અનુમાન કરી ધર્મીની સિદ્ધિ થાય છે. વળી વ્યતિરેકવ્યાપ્તિથી પણ એ અનુમાન કરી શકાય છે. વ્યતિરેકવ્યાપ્તિ નીચે પ્રમાણે કરવી : "જો ઘટની ઉત્પત્તિ પહેલાં ઘટ ન હોત તો ભાવિપણું નિરાશ્રય હોવાથી 'ભાવી ઘટ' એવો વ્યવહાર ન થાત" આ પ્રમાણે પ્રાગભાવવાળા કાલમાં પણ ઘટની સિદ્ધિ થાય છે. પ્રાગભાવવાળા કાલમાં પણ ઘટ હોવાથી તેનું જ્ઞાન થાય છે અને તેથી તેની અંદર સમવાય સમ્બન્ધથી રહેલા પ્રાગભાવના પ્રતિયોગિપણાનું પણ જ્ઞાન થાય છે. ઘટનું જ્ઞાન સંયોગ સમ્બન્ધથી થાય છે, કારણ કે ઘટ અને ચક્ષુ ના સંયોગ થવાથી ઘટજ્ઞાન થાય છે. તેથી

ઘટજ્ઞાનમાં સંયોગ સન્નિકર્ષ છે. 'ભાવી ઘટ'નું જ્ઞાન સંયુક્તસમવાયથી થાય છે, કારણ કે ઇન્દ્રિયને અને ઘટને સંયોગ થાય ત્યારે ઘટજ્ઞાન થાય અને ઘટમાં ભાવિપણું સમવાય સમ્બન્ધથી રહેલું છે. તેથી ઇન્દ્રિય અને ભાવી ઘટમાં સંયુક્તસમવાયસમ્બન્ધ છે. આ ભાવી ઘટમાં પ્રાગભાવનું પ્રતિયોગિપણું સમવાયસમ્બન્ધથી રહેલું છે. તેથી પ્રાગભાવના પ્રતિયોગિપણાનું જ્ઞાન સંયુક્તસમવેતસમવાય સમ્બન્ધથી થાય છે. કારણ કે ઇન્દ્રિયને અને ભાવી ઘટને સંયુક્તસમવાય સમ્બન્ધ છે. અને ભાવી ઘટને અને પ્રાગભાવના પ્રતિયોગિપણાને સમવાયસમ્બન્ધ છે. તેથી ઇન્દ્રિયને અને ભાવી ઘટના પ્રાગભાવના પ્રતિયોગિપણાને સંયુક્તસમવેતસમવાય સમ્બન્ધ છે. તેથી તમે કહ્યું તેમ પ્રત્યાસત્તિનો અભાવ નથી પરન્તુ સંયુક્તસમવેતસમવાય પ્રત્યાસત્તિ છે.

નૈયાયિક અસત્કાર્યવાદી છે. અર્થાત્ તેઓનો મત એવો છે કે કાર્ય નવું જ ઉત્પન્ન થાય છે. ઉત્પત્તિ પહેલાં કાર્ય હતું જ નહિ. અસત્ અથવા અવિદ્યમાન એવા કાર્યની ઉત્પત્તિ થાય છે એમ તેઓ માને છે, તેથી તેઓ અસત્કાર્યવાદી કહેવાય છે. અસત્કાર્યવાદી હોવાથી તેઓ ચાર પ્રકારના અભાવ પણ માને છે : 1.પ્રાગભાવ, 2.પ્રધ્વંસાભાવ, 3.અત્યન્તાભાવ અને 4.અન્યોન્યાભાવ. ઘટની ઉત્પત્તિ પૂર્વે ઘટ નથી, તેનો અભાવ છે. આ અભાવ 'પ્રાગભાવ' કહેવાય છે. ઘટની ઉત્પત્તિ થયા પછી ઘટના નાશ થાય ત્યાં સુધી ઘટની સત્તા છે. ઘટનો નાશ થાય ત્યારે ઘટનો અભાવ થાય છે તેને 'પ્રધ્વંસભાવ' કહે છે. પ્રાગભાવને આદિ નથી પરન્તુ અન્ત છે; કારણ કે ઘટની ઉત્પત્તિ પહેલાં સર્વદા પ્રાગભાવ હતો. અમુક સમયે પ્રાગભાવનો આરમ્ભ થયો એમ કહી શકાય નહિ, કારણ કે તે સમય પહેલાં પણ ઘટની સત્તા ન હોવાથી અને ઘટ 'ભાવી' જ હોવાથી તેનો પ્રાગભાવ જ હતો એમ કહેવું પડે. પ્રધ્વંસાભાવને આદિ છે, કારણ કે ઘટનો નાશ થાય ત્યારથી તેનો આરમ્ભ થાય છે; પરન્તુ અન્ત નથી, કારણ કે ઘટનો નાશ થયા પછી સર્વદા તેનો અભાવ જ રહેવાનો. અત્યન્તાભાવ અને અન્યોન્યાભાવ નું લક્ષણ અહીં આપવાની આવશ્યક્તા નથી.

માયાવાદીઓ એમ માને છે કે એક જ સત્ પદાર્થ છે. કેવલ બ્રહ્મ જ સત્ છે. સર્વ પ્રકારના કાર્ય તેના વિવર્તથી થાય છે તે સત્ નથી પરન્તુ મિથ્યા છે. અર્થાત્ એક બ્રહ્મ જ સત્ય છે. કાર્ય સર્વ મિથ્યા છે.

બાહ્ય એમ માને છે કે અસત્ અર્થાત્ અલીકમાંથી સર્વ ઉત્પન્ન થાય છે. પરન્તુ આ યોગ્ય નથી, કારણ કે કારણ અને કાર્ય નું લોકમાં તાદાત્મ્ય જણાય છે. તેથી કારણ અને કાર્ય એક પ્રકારના જ હોવા જોઈએ. સર્વ કાર્યનું અલીકમાં તાદાત્મ્ય સમ્ભવતું નથી.

તે જ પ્રમાણે માયાવાદીનો મત પણ યોગ્ય નથી. કારણ કે સત્ કેવલ એક જ હોય તો નાનાપણું સમ્ભવે નહિ. વળી તેમના મત પ્રમાણે જગતની પ્રતીતિ ભ્રમરૂપ થઈ જાય છે. પ્રપઞ્ચની પ્રતીતિનો કોઈ બાધ કરનાર નહિ હોવાથી તે ભ્રમ હોય એમ સમ્ભવે નહિ.

સાંખ્ય સત્કાર્યવાદી છે. સત્માંથી જ સત્ થાય છે એમ તેઓ માને છે. કારણના વ્યાપાર પહેલાં પણ કાર્ય હતું એમ તેઓ પણ માને છે. કારણના વ્યાપાર પહેલાં કાર્ય હતું

તો પણ કારણના વ્યાપારથી તેની અભિવ્યક્તિ થાય છે. તેથી કારણવ્યાપાર નિષ્ફલ નથી. કારણના વ્યાપાર પૂર્વે અપ્રકટ અવસ્થામાં રહેલું કાર્ય પ્રકટ અથવા અભિવ્યક્ત થાય છે. અભિવ્યક્તિ અર્થાત્ પ્રાકટ્ય. તે કારણમાંથી કાર્યને ભિન્ન દર્શાવે છે. અર્થાત્ કાર્યને લૌકિક પ્રત્યક્ષનો વિષય બનાવે છે. તે જ આવિર્ભાવ છે.

બીજમાંથી અંકુર ઉત્પન્ન થાય છે, ત્યારે બીજનો ધ્વંસ થાય છે. તેમાં બીજ વિગેરે અવયવ જ અંકુરના કારણ છે, બીજનો વિનાશ માત્ર સહકારી છે, અને પૂર્વે ન હતું એવું અંકુર ઉત્પન્ન થાય છે એમ જે કણાદ વિગેરે માને છે તેનો સાંખ્ય લોકો નીચે પ્રમાણે નિરાસ કરે છે.

અસદ્ અકરણાદ્ ઉપાદાનગ્રહણાત્ સર્વસમ્ભવાભાવાત્।
શક્તસ્ય શક્યકરણાત્ કારણભાવાચ્ચ સત્કાર્યમ્॥

(ગૌડપાદકારિકા. 9.)

કાર્ય ઉત્પત્તિ પહેલાં પણ હતું જ. કારણ કે અસત્ અર્થાત્ ન હતું એવું કાંઈ પણ આ લોકમાં કોઈ કરતું નથી. રેતીમાં તેલ નથી તેથી રેતીમાંથી કોઈ તેલ કાઢતું નથી. અસત્ની કોઈ ઉત્પત્તિ કરતું નથી, તેથી ઉત્પત્તિ પહેલાં પણ કારણમાં કાર્ય અવ્યક્ત રહેલું હતું.

વળી કાર્ય ઉત્પન્ન કરવા ઇચ્છનાર માણસ યોગ્ય ઉપાદાનનું ગ્રહણ કરે છે. જેને દધિ જોઈએ તે ક્ષીર લે છે, જલ લેતું નથી. તેથી પણ ઉત્પત્તિ પહેલાં કાર્ય કારણમાં અવ્યક્ત રહેલું હતું.

વળી સર્વ કાર્યનો સર્વત્ર સમ્ભવ નથી. સુવર્ણ રજતમાંથી ઉત્પન્ન થતું નથી. તેમજ ઘાસ, ધૂળ અથવા રેતીમાંથી ઉત્પન્ન થતું નથી. તેથી પણ ઉત્પત્તિ પહેલાં કાર્ય કારણમાં અવ્યક્ત રહેલું હતું.

વળી જે-જે કાર્ય કરવા શક્તિમાન્ હોય તે-તે જ કાર્ય કરે છે. ઘટ રચવામાં કુલાલ શક્તિમાન્ છે. અને માટી દણ્ડ ચક્ર ચીવર રજ્જુ જલ વિગેરે શક્તિમાન્ છે. તેથી કુમ્ભાર જ માટીમાંથી જ એ ઉપકરણોથી ઘટ રચે છે. તેથી પણ ઉત્પત્તિ પહેલાં કાર્ય કારણમાં અવ્યક્ત રહેલું હતું.

વળી જેવા લક્ષણનું કારણ હોય છે તેવા જ લક્ષણનું કાર્ય પણ હોય છે. યવમાંથી યવ જ ઉત્પન્ન થાય છે. વ્રીહિમાંથી વ્રીહિ જ ઉત્પન્ન થાય છે. જો કાર્ય કારણમાં રહેલું ન હોત તો યવમાંથી વ્રીહિ ઉત્પન્ન થાત, કોદરામાંથી શાલિ ઉત્પન્ન થાત, પરન્તુ તેમ થતું નથી. તેથી પણ ઉત્પત્તિ પહેલાં કાર્ય કારણમાં અવ્યક્ત રહેલું હતું. તેથી પૂર્વે હતું એવું જ કાર્ય ઉત્પન્ન થાય છે.

તેથી કાર્ય પ્રથમ ન હતું અને કારણવ્યાપારથી ઉત્પન્ન થાય છે એમ નથી. કાર્ય પ્રથમ પણ હતું પરન્તુ અવ્યક્ત દશામાં હતું. કારણના વ્યાપારથી તે વ્યક્ત થયું. આ પ્રમાણે કાર્ય વ્યક્ત થાય ત્યારે તેનો આવિર્ભાવ થયો એમ કહીએ છીએ.

વળી કાર્યની ઉત્પત્તિ માનીએ અર્થાત્ પ્રથમ ન હતું એવા કાર્યની કારણના વ્યાપારથી ઉત્પત્તિ થાય છે એમ માનીએ તો ઉત્પત્તિ સિદ્ધ કરવી પડે. ઉત્પત્તિ પૂર્વે હતી કે ન હતી? ઉત્પત્તિ પૂર્વે હોય તો કારણની કાંઈ પણ આવશ્યક્તા રહે નહિ; કાર્ય ઉત્પન્ન થયું તે પહેલાં પણ જો તેની ઉત્પત્તિ હોય તો કારણની કાંઈ પણ આવશ્યક્તા રહે જ નહિ. ઉત્પત્તિ પૂર્વે ન હતી પણ કારણના વ્યાપારથી ઉત્પન્ન થઈ એમ કહીએ, તો ઉત્પત્તિની પણ ઉત્પત્તિ હોવી જોઈએ. ઉત્પત્તિની ઉત્પત્તિ સ્વીકારીએ તો તેની પણ ઉત્પત્તિ હોવી જોઈએ એ પ્રમાણે અનવસ્થા દોષ પ્રાપ્ત થશે. કાર્યની ઉત્પત્તિ સદા વિદ્યમાન છે તેની ઉત્પત્તિની અપેક્ષા રહેતી નથી એમ માનીએ તો ઉત્પત્તિ સદા રહેતી હોવાથી કારણની આવશ્યક્તા રહેતી નથી અને કારણ વ્યર્થ થઈ જાય છે. વળી પટ વિગેરે કાર્ય જ ઉત્પત્તિ છે. તેથી કાર્યની ઉત્પત્તિ થતી નથી પણ કાર્ય એ જ ઉત્પત્તિ છે એમ માનીએ તો "પટ ઉત્પન્ન થાય છે" એવો વ્યવહાર સમ્ભવે નહિ. કારણ કે પટ જ ઉત્પત્તિ હોવાથી એ વાક્યમાં પુનરુક્તિ દોષ આવે છે. ઇત્યાદિ રીતિથી ઉત્પત્તિ પણ સિદ્ધ થઈ શક્તી નથી.

સાંખ્યમત પ્રમાણે આપણે પણ સત્કાર્યવાદી હોવાથી સાંખ્યની સત્કાર્ય સિદ્ધ કરવાની રીતનું પ્રસંગ હોવાથી નિરૂપણ કર્યું છે. હવે અસત્કાર્યવાદી વિતણ્ડાવાદ કરી અસત્કાર્યવાદ સિદ્ધ કરવા પ્રયાસ કરે છે.ીં

12.'ભાવી' કંઈ રહેશે નહીં તેવી શંકાનો પરિહાર અને આવિર્ભાવ-તિરોભાવનું નિષ્કૃષ્ટ લક્ષણ :

મારી તો જેમ-તેમ કોઈ ગતિ થશે, પરન્તુ તમારી કોઈ ગતિ હશે નહિ, કારણ કે તમારા મતમાં ઘટાદિની સદા સત્તા હોવાથી તે ભાવી છે એમ કહી શકાય નહિ. શ્રુતિ, સ્મૃતિ અને લૌકિક વ્યવહારથી સિદ્ધ હોવાથી, ઇષ્ટાપત્તિ પણ કરી શકાય નહિ. ભાવિત્વ લૌકિકપ્રત્યક્ષનો વિષય હોવાથી ઘટાદિમાં તેનો ઉપચાર થાય છે એમ પણ કહેવાય નહિ, કારણ કે ઘટની સમાન જ તેનો પણ યોગક્ષેમ છે. તે કાંઈ પ્રપઞ્ચથી અતિરિક્ત નથી. સ્વોક્ત દૂષણની ભીતિથી પણ એમ કહી શકાય નહિ. એમ હોય ત્યારે ઘટનો શો અપરાધ એ જણાતું નથી. આ પ્રમાણે જીર્ણ તૃણના પર્ણથી આકીર્ણ વિવિધ મતરૂપી ભવનવાળા વર્ણપુરમાં પોતે રહી, દૂષણરૂપી દહનની ઉદ્ભાવના કરો છો, પરન્તુ નિજભવનના દાહનું અનુસન્ધાન કેમ રહેતું નથી? વત્સ, યુક્તિરૂપી કનકપંકથી જોડેલા વિવિધ નિગમરૂપી મહામણિથી નિર્મિત મારા બ્રહ્મવાદનું તને જ્ઞાન નથી? કારણ કે "તે આટલા હતા" (બૃહદા. ઉપ.1।3) "આ સર્વ ઐતદાત્મ્ય છે, તે સત્ય છે" (છાન્દો.ઉપ.6।7) "આ સર્વ જે ભૂત અને ભાવિ છે તે પુરુષ જ છે" (ऋग्वेद) ઇત્યાદિ શ્રુતિઓથી પ્રપઞ્ચ બ્રહ્માત્મક છે એમ સિદ્ધ થાય છે. અત્ર અસંકુચિતવૃત્તિવાળા 'સર્વ' પદમાં ભૂત અને ભાવિ નો સમાવેશ થાય છે તો પણ તેનું વર્ણન જે કર્યું છે તે પુરુષ નિત્ય હોવાથી, તદાત્મકની વર્તમાન દશા જ સમ્ભવે છે અને તેથી ભાવિત્વ, ભૂતત્વ વ્યવહાર અપ્રામાણિક છે, એમ શંકાનો નિરાસ કરવા જ એમ જણાય છે. તેથી જ ધર્મ પણ બ્રહ્મરૂપ હોવાથી ઘટાદિમાં બ્રહ્માત્મક ભાવિત્વાદિની સત્તા સ્વત:સિદ્ધ પ્રામાણ્ય શ્રુતિવાક્યના બલથી વિરુદ્ધ નથી. (ઘટાદિ) દર્શન સમયે પણ ભાવિત્વાદિ વ્યવહાર થશે, તેથી વિપરીત થશે; અને વિરોધનો ઉચ્છેદ થશે એમ નહિ. જેમ પૃથિવ્યાત્મક બ્રહ્મમાં જ ગન્ધાત્મક બ્રહ્મસત્તા છે, બીજામાં નથી, તેમ જ્યારે જેમાં જે પ્રકારના વ્યવહારના અભાવનો નિયમ હોય ત્યારે તેમાં જ તે પ્રકારના વિરોધાત્મક વ્યવહારની સત્તા એ વિરોધ. તેથી ઉક્તદૂષણની ગન્ધ પણ નથી એમ જાણ. જ્યાં એવા નિયમનો અભાવ હોય ત્યાં એમ નથી. આ આશ્રમવાસિક પર્વમાં ગાન્ધારીને બાદરાયણે કહેલું છે. "દેવો, દાનવો અને શુદ્ધ બ્રહ્મર્ષિઓ એ કુરૂક્ષેત્રના સઙ્ગ્રામમાં મરણ પામ્યાં" (મહાભા.આશ્રમ.પર્વ) એમ ઉપક્રમ કરી ધૃતરાષ્ટ્રથી ભીષ્મસુધી સર્વના સ્વરૂપ કહી, ગાન્ધારીનું દુ:ખ નિવારણ કરવા "તમે સર્વ ભાગીરથી નદીએ જાઓ ત્યાં જે સઙ્ગ્રામ માં હણાયા છે તેમને જોશો" કહ્યું. પછી ધૃતરાષ્ટ્ર પાણ્ડવ વિગેરે સ્ત્રીઓ સહિત ત્યાં જઈ સ્નાન કરી, નિશા થઈ ત્યારે વ્યાસજીની સમીપ ગયા. "પછી મહાતેજવાળા મહામુનિ વ્યાસજીએ પવિત્ર ભાગીરથીના જલમાં અવગાહન કરી સર્વ લોક, જે પાણ્ડવોના અને કૌરવોના યોદ્ધાઓ હતા અને જુદા-જુદા દેશમાં વસનાર મહાભાગ નૃપતિઓ હતા તેમને સર્વશ: બોલાવ્યા. હે જનમેજય! પછી જેવો પહેલાં કુરુ-પાણ્ડવ સૈન્યનો શબ્દ થયો હતો તેવો સુતુમુલ અવાજ જલમાં થયો. પછી ભીષ્મ-દ્રોણને

આગળ રાખી તે સર્વ રાજાઓ સૈન્ય સહિત તે જલમાંથી સંખ્યાબંધ બહાર નીકળ્યા" કહી સર્વનું નામપૂર્વક નિરૂપણ કરી "તે વીરો અને તે સ્ત્રીઓ એક રાત્રિ વિહાર કરી, અન્યોન્ય આમન્ત્રણ અને આશ્લેષ કરી જેમ આવ્યા હતા તેમ ગયા" કહ્યું. આ સાંભળી "મરણ પામેલાનું પુન: દર્શન કેમ થાય?" (ત્યાંજ) એમ જનમેજયે પૂછ્યું ત્યારે વૈશમ્પાયને "સર્વ કર્મનો અવિપ્રણાશ છે એવો નિશ્ચય છે. હે નૃપ! શરીર કર્મજ છે અને આકૃતિઓ પણ તેવી જ છે. ભૂતાધિપતિના સંશ્રયને લીધે મહાભૂતો નિત્ય છે" વિગેરે કહ્યું.

આથી આગળ "ક્ષેત્રજ્ઞ અવિનાશી અને નિત્ય છે એમ નિશ્ચય છે. ભૂતોનું આત્મત્વજ્ઞાન વિદ્વાનોમાં ધ્રુવ છે" ઇત્યાદિ અનેક કહી "અદર્શનમાંથી ઉત્પન્ન થએલો પુન: અદર્શનમાં લીન થયો. હું તેને (શરીરરૂપ) જાણતો નથી, તે મને જાણતો નથી અને મને વૈરાગ્ય નથી" એમ કહ્યું.

આ વ્યાસજીએ માયાથી દર્શાવ્યું એમ કહેવાય નહિ કારણ કે એવું વચન નથી. અને "તે મુનિના પ્રસાદથી" એમ વાક્ય છે. પતિવ્રતાનો સ્વ-સ્વપતિ સાથે વિહાર કહેલો છે. વળી (એમ હોય તો) ગંગાસ્નાનાદિ સાધનનો ઉપદેશ અનુપપન્ન થાય. "અદર્શનમાંથી ઉત્પન્ન થએલો" એમાં લ્યબ્લોપથી પઞ્ચમી વિભક્તિ છે તેથી, અને 'પુન:' શબ્દથી દર્શનપૂર્વે પણ વસ્તુની સત્તા સિદ્ધ થાય છે. એમ હોવાથી જે-જે દેશકાલના અવચ્છેદથી જેની જેવી પ્રતીતિ ભગવાને ઇચ્છાનો વિષય કરી છે તે-તે દેશકાલના અવચ્છેદથી એવી પ્રતીતિ થાય છે એમ સિદ્ધ થયું. આ જેમ છે તેમ "પરથી જીવનું કર્તૃત્વ છે, કારણ કે એવી શ્રુતિ છે" એ અધિ-કરણમાં નિરૂપણ કરીશું. આથી "ઘટના ઉપલમ્ભ અને અનુપલમ્ભ નું કાદાચિત્કત્વ અનુપપન્ન છે, કારણ કે એનો હેતુ કહી શકાય નહિ" નો નિરાસ થયો.

"લૌકિક પ્રત્યક્ષનો વિષય ન હોય તો પણ વસ્તુની સત્તા હોવાથી યોગિપ્રત્યક્ષનો વિષય થાય" એનો પણ નિરાસ થયો. કારણ કે એમાં ભગવદિચ્છા એવા પ્રકારની નથી. કારણ કે તે ફલના બલથી કલ્પ્ય છે. અથવા યોગિપ્રત્યક્ષનો વિષય ભલે હોય, કારણ કે બાધક નથી અને ઉક્ત પ્રમાણોથી વસ્તુસત્ત્વ સિદ્ધ થવાથી તે ન્યાયથી પ્રાપ્ત થાય છે અને "અનાગત, અતીત અને વર્તમાન, અતીન્દ્રિય, વિપ્રકૃષ્ટ અને વ્યવહિત યોગીઓ સારી રીતે જુએ છે" (ભાગ.પુરા. 10।।) એમ વાક્ય છે. એમ હોવાથી "આ કાલમાં, આ દેશમાં, આ કાર્ય, આમ થાઓ, એવી ઇચ્છાનું વિષયપણું એ 'આવિર્ભાવ' " "ત્યારે, ત્યાં, તે, તેમ ન થાઓ, એવી ઇચ્છાનું વિષયપણું એ 'તિરોભાવ' " એમ પણ કહી શકાય, કારણ કે આ જ ઉક્તયોગ્યતારૂપ છે. તે-તે દેશકાલ પણ નિત્ય હોવાથી એક સાથે જ સર્વનો ઉપલમ્ભ અથવા અનુપલમ્ભ થાય એમ પણ કહેવાય નહિ. કારણ કે આ સૃષ્ટિકાલાત્મક સ્થૂળ કાલોપાધિમાં તેના અવયવરૂપ તે-તે ક્રમિક કાલોપાધિમાં તે-તે પુરુષને તે-તે વસ્તુનો ઉપલમ્ભ થાઓ એવી ઇચ્છાના વિષયપણું એ 'આવિર્ભાવ' છે. અત્ર ક્રમિક ઇચ્છાના પ્રકારરૂપ થયેલા તે-તે દેશકાલાદિ આવિર્ભાવાત્મક ભગવદિચ્છાના વિષય હોવાથી એવું જ આવિર્ભાવપણું તેમનું પણ જાણ. ભગવદાવિર્ભાવ ભગવાન્ની શક્તિ છે એમાં કાંઈ અનુપપત્તિ નથી. આમ હોવાથી

જે કાલમાં સર્વ પરસ્પર અનુભવનો વિષય ન થાય એવી ભગવાન્ની ઇચ્છા હોય તે કાલ 'પ્રલયકાલ' કહેવાય છે. જે કાલમાં સર્વ પરસ્પર અનુભવનો વિષય થાય એવી ભગવાન્ની ઇચ્છા હોય તે 'સૃષ્ટિકાલ' કહેવાય છે. સર્વત્ર વિશિષ્ટ ઇચ્છા જ નિયામક છે તેથી સર્વ અનવદ્ય છે.

આવિર્ભૂયારવિન્દાક્ષે ભક્તિમ્ આવિષ્કરોતિ ય:।
સોડવ્યાન્ન: પિતૃપદ્રેણુ: તિરોધાનં ચ દુર્હૃદામ્॥

જે પિતૃપદ્રેણુ આવિર્ભાવ પામી અરવિન્દાક્ષમાં ભક્તિનો આવિર્ભાવ કરે છે તે અમારું રક્ષણ કરો અને દુર્જનોનું તિરોધાન કરો.

12.'ભાવી' કંઈ રહેશે નહીં તેવી શંકાનો પરિહાર અને આવિર્ભાવ-તિરોભાવનું નિષ્કૃષ્ટ લક્ષણ:

પૂર્વપક્ષી:મારી ગતિ ગમે તે રીતે થશે. મારો મત અહીં સિદ્ધ કરવાની આવશ્યક્તા નથી. પરન્તુ તમારી કોઈ ગતિ છે જ નહિ. તમારો મત કોઈ રીતે યોગ્ય કહી શકાય નહિ. તમે ઘટ વિગેરે પદાર્થ નિત્ય માનો છો. ઘટ વિગેરે પદાર્થો નિત્ય હોવાથી તેમની સર્વદા સત્તા છે. પદાર્થની સદા સત્તા હોવાથી 'ભાવી ઘટ' એવો વ્યવહાર સમ્ભવી શકે નહિ. 'એવો વ્યવહાર ભલે ન સમ્ભવે' એમ કહી શકાય નહિ; કારણ કે તે વ્યવહાર શ્રુતિ, સ્મૃતિ અને લૌકિક વ્યવહારથી સિદ્ધ છે. ત્યારે 'ભાવી ઘટ' એવો વ્યવહાર તમારે અવશ્ય સિદ્ધ કરવો પડે.

સિદ્ધાન્તી:ઘટ વિગેરે પદાર્થની સત્તા સદા છે પરન્તુ તે પદાર્થ કારણના વ્યાપાર પહેલાં લૌકિક પ્રત્યક્ષનો વિષય નથી. પદાર્થના લૌકિક પ્રત્યક્ષનું વિષયપણું કારણના વ્યાપાર પહેલાં ભાવી છે. તેથી ઉપચારથી 'પદાર્થ ભાવી છે' એમ કહીએ છીએ. તેથી 'ભાવી ઘટ' એવો વ્યવહાર થાય છે.

પૂર્વપક્ષી:એમ પણ કહેવાય નહિ. કારણ કે લૌકિક પ્રત્યક્ષનું વિષયપણું પણ પ્રપઞ્ચ અર્થાત્ જગતથી ભિન્ન નથી, તેથી જગત્ નિત્ય હોવાથી તે પણ નિત્ય જ હોવું જોઈએ. તે પણ પ્રપઞ્ચમાં આવી જવાથી ઘટની સમાન જ છે, તેથી તેને પણ ભાવી કહી શકાય નહિ. વળી તેને કારણવ્યાપાર પહેલાં ભાવી કહીએ તો તે સમયે એ ભાવીપણાનો આશ્રય કોણ થાય? ભાવીપણાનો આશ્રય નહિ હોવાથી ભાવીપણું નિરાશ્રય થઈ જાય એ તમારા જ કહેલાં દૂષણથી ભીતિથી લૌકિક પ્રત્યક્ષનું વિષયપણું ભાવી છે એમ તમારાથી કહેવાય નહિ. વળી લૌકિક પ્રત્યક્ષનું વિષયપણું અનિત્ય હોઈ ભાવિ થઈ શકે તો ઘટ વિગેરે પદાર્થનો શું અપરાધ? તેથી જીર્ણ થઈ ગયેલાં ઘાસના પર્ણથી આકીર્ણ વિવિધ મતરૂપી ભવનવાળા વર્ણપુરમાં તમે પણ રહો છો અને સર્વના ભવન જીર્ણ તૃણના પર્ણથી આકીર્ણ હોવાથી બળી જશે એવી ઉદ્ભાવના કરો છો તો પણ તમારું ભવન બળશે અવું અનુસન્ધાન તમને કેમ થતું નથી?

સિદ્ધાન્તી:રે વત્સ! યુક્તિરૂપી કનકપંકથી જોડેલા વિધવિધ નિગમરૂપી મહામણિથી ચણેલા મારા બ્રહ્મવાદ ભવનનું તને ભાન નથી? સાંખ્ય મતમાં એવા પ્રકારના તર્ક ઉદ્ભવે ખરા, પરન્તુ મારા મતમાં એવી શંકા થઈ શકે નહિ, કારણ કે મારો મત વેદને અનુસરે છે. "તે આટલા હતા" "આ સર્વ ઐતદાત્મ્ય છે, તે સત્ય છે" "આ સર્વ જે ભૂત અને ભાવિ છે તે પુરુષ જ છે" ઇત્યાદિ શ્રુતિઓ પ્રપઞ્ચ બ્રહ્માત્મક છે એમ કથે છે. અહીં "આ સર્વ જે ભૂત અને ભાવિ છે" શ્રુતિમાં 'સર્વ' પદની વૃત્તિ જરા પણ સંકુચિત નથી. 'સર્વ' પદની અસંકુચિત વૃત્તિ હોવાથી ભૂત અને ભાવિ નો પણ તેમાં સમાવેશ થાય છે. 'સર્વ' પદમાં ભૂત અને ભાવિ નો પણ સમાવેશ થાય છે તો પણ "જે ભૂત અને ભાવિ" એમ ભૂત અને ભાવિ નું પુન: વર્ણન કર્યું છે, તેનું કારણ એ છે કે સર્વ પ્રપઞ્ચ બ્રહ્માત્મક છે અને બ્રહ્મ અર્થાત્ પુરુષ નિત્ય હોવાથી સર્વ પ્રપઞ્ચ નિત્ય સિદ્ધ થાય છે. સર્વ પ્રપઞ્ચ નિત્ય હોવાથી ભૂતપણા અને ભાવિપણા નો વ્યવહાર અપ્રમાણિક થઈ જાય. તેથી ભૂતપણા અને ભાવિપણા નો વ્યવહાર અપ્રમાણિક છે એવી શંકા દૂર કરવા 'સર્વ' પદમાં ભૂત અને ભાવિ નો પણ સમાવેશ હોવા છતાં, શ્રુતિ પુન: ભૂત અને ભાવિ નું કથન કરે છે. તેથી સર્વ પદાર્થ નિત્ય છે તો પણ ભૂતપણા અને ભાવિપણા નો વ્યવહાર પ્રામાણિક છે એમ શ્રુતિનું તાત્પર્ય છે. પ્રપઞ્ચ બ્રહ્મરૂપ હોવાથી સર્વ પદાર્થ અને સર્વ ધર્મ પણ બ્રહ્મરૂપ જ છે. તેથી ઘટ વિગેરે બ્રહ્માત્મક પદાર્થમાં બ્રહ્માત્મક ભાવિપણું વિગેરે ધર્મો હોય તેમાં સ્વત:સિદ્ધ પ્રામાણ્યવાળી શ્રુતિના વાક્યને લીધે કાંઈ પણ વિરોધ નથી, કારણ કે તુલ્ય બલવાળા પ્રમાણોમાં જ વિરોધ સમ્ભવે. પ્રત્યક્ષ વિગેરે પ્રમાણ અવિદ્યા વિગેરે આપણા દોષોથી દુષ્ટ હોવાથી સ્વત:સિદ્ધપ્રામાણ્યવાળી શ્રુતિ પાસે નિર્બલ જ છે. તેથી ઘટ વિગેરે પદાર્થ નિત્ય હોવા છતાં ભૂતપણા અને ભાવિપણા નો વ્યવહાર થાય છે.

પૂર્વપક્ષી:એમ એક જ પદાર્થ ભૂતપણું, ભાવિપણું અને વર્તમાનપણા નો આધાર હોય તેમાં પણ વિરોધ નથી એમ કહીએ, તો ઘટ વિગેરે પદાર્થનો અનુભવ કરીએ તે સમયે પણ તેનો ભૂત અને ભાવી તરીકે વ્યવહાર થાય; અને તેથી ઉલટું પ્રાગભાવવાળા કાલમાં પણ તેનો ભૂત અને વર્તમાન તરીકે વ્યવહાર થાય, અને ત્રણના વિરોધનો ઉચ્છેદ થઈ જાય.

સિદ્ધાન્તી:એમ નથી. જેમ પૃથ્વીરૂપી બ્રહ્મમાં જ ગન્ધ રહેલી છે, બ્રહ્મના અન્ય રૂપમાં રહેલી નથી, તેમજ જ્યારે જે પદાર્થમાં જે પ્રકારના વ્યવહારના અભાવનો નિયમ હોય ત્યારે તે જ પદાર્થમાં એ પ્રકારના વિરોધરૂપી બ્રહ્મની સત્તા એ વિરોધ. પૃથ્વી, જલ વિગેરે સર્વ બ્રહ્મના જ રૂપ છે. પરન્તુ પૃથ્વીમાં ગન્ધ રહેલી છે, જલમાં રહેલી નથી; કારણ કે ઈશ્વરની એવી ઇચ્છા છે. તે જ પ્રમાણે અમુક સમયે અમુક પદાર્થમાં અમુક પ્રકારનો વ્યવહાર ન થાય એવો નિયમ હોય, તે જ સમયે તે જ પદાર્થમાં તે જ પ્રકારનો વ્યવહાર એ વિરોધરૂપી બ્રહ્મની સત્તા એ વિરોધ. અર્થાત્ જ્યારે જે પદાર્થમાં જે પ્રકારનો વ્યવહાર ન થવાનો નિયમ હોય ત્યારે જ તે જ પદાર્થમાં તે જ પ્રકારનો વ્યવહાર થાય તો વિરોધ થાય. તેથી એક જ પદાર્થ ભૂતપણું, ભાવિપણું વિગેરેનો આધાર થાય તેમાં કાંઈ પણ વિરોધ નથી. એક જ પદાર્થ ભૂતપણું, વર્તમાનપણું અને ભાવિપણા નો આધાર છે. પરન્તુ તેનો એક-એક જ ગુણ ઉદ્ભૂત

થાય છે, એક સમયે જ ત્રણે ગુણ ઉદ્ભૂત થતા નથી; તેથી વિરોધ નથી. વિરોધનો ઉચ્છેદ પણ થતો નથી, કારણ કે એક જ પદાર્થમાં વિરુદ્ધ ધર્મ એક જ સમયે ઉદ્ભૂત થાય ત્યારે વિરોધ થાય છે. અત્ર ત્રણે ગુણ એક સાથે ઉદ્ભૂત થતા નથી. તેથી જ્યારે આપણને ઘટને જોતા હોઈએ ત્યારે 'ભૂત ઘટ' અથવા 'ભાવી ઘટ' એવો વ્યવહાર થતો નથી. તેથી જ પ્રાગભાવવાળા કાલમાં 'ભૂત ઘટ' અથવા 'વર્તમાન ઘટ' એવી પ્રતીતિ થતી નથી. તેથી જ વિરોધનો પણ ઉચ્છેદ થતો નથી. પરન્તુ કોઈ-કોઈ સ્થળે ભગવદિચ્છાથી એવો નિયમ હોતો નથી. જે સમયે જે પદાર્થમાં અમુક પ્રકારના વ્યવહારના અભાવનો નિયમ ન હોય, અર્થાત્ જે સમયે જે પદાર્થમાં અમુક પ્રકારનો વ્યવહાર થાય એવી ભગવદિચ્છા હોય તે જ સમયે તે જ પદાર્થમાં તે જ પ્રકારના વિરોધાત્મક બ્રહ્મની સત્તા અર્થાત્ વિરોધાત્મક વ્યવહાર થાય તેમાં વિરોધ નથી.

અર્થાત્ ભગવદિચ્છાથી વિરુદ્ધ વ્યવહાર અમુક સ્થળે થાય છે, પરન્તુ તેમાં વિરોધ અથવા પરસ્પર બાધ નથી. જેમકે શ્રીમદ્ભગવદ્ગીતામાં વિશ્વરૂપદર્શન સમયે અર્જુન પોતાની સામે યુદ્ધ કરવા તત્પર થએલા કૌરવોના યોદ્ધાઓને અક્ષત જુએ છે અને તે જ સમયે તે જ યોદ્ધાઓને શ્રીકૃષ્ણના વિશ્વરૂપના દન્તના અન્તરમાં તેઓના ચૂરેચૂરા થએલા, ઉત્તમ અંગથી ચોંટી રહેલા પણ જુએ છે. આ ઉભય અર્જુનને પ્રત્યક્ષ છે. ઉભય સ્થિતિ પરસ્પર વિરુદ્ધ છે, પરન્તુ એકનો પણ બાધ થતો નથી, અને જ્યારે યોદ્ધાઓને અક્ષત સ્થિતિમાં જુએ છે તે જ સમયે તેમને દાંતના અન્તરમાં ચૂરેચૂરા થએલા ઉત્તમ અંગથી ચોંટેલા જુએ એવી ઈશ્વરેચ્છા હોવાથી, તેમાં વિરોધ પણ નથી. માત્ર અર્જુનને જ આવો અનુભવ થયો છે એમ નથી, પરન્તુ શ્રીમદ્વેદવ્યાસે ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી, પાણ્ડવ અને તેમની સ્ત્રીઓ -સર્વને એક સમયે આવો અનુભવ કરાવ્યો છે એ કથા મહાભારતના આશ્રમવાસિક પર્વમાં પ્રસિદ્ધ છે :

"દેવો, દાનવો અને શુદ્ધ બ્રહ્મર્ષિઓ એ કુરૂક્ષેત્રના રણસંગ્રામમાં મરણ પામ્યા" એમ કથાનો આરમ્ભ થાય છે. પછી વ્યાસજી ધૃતરાષ્ટ્રથી ભીષ્મ પર્યન્ત સર્વના સ્વરૂપનું નિરૂપણ કરી, ગાન્ધારીનું દુ:ખ નિવારણ કરવા મરણ પામેલા યોધાઓનું તેમને પુન: દર્શન વિગેરે કરાવવા કહે છે કે તમે સર્વે ભાગીરથી નદી તરફ જાઓ. જે-જે રણસડ્ગ્રામમાં મરણ પામ્યા છે તે સર્વને તમે જોશો. પછી ધૃતરાષ્ટ્ર પાણ્ડવ વિગેરે સર્વ સ્ત્રીઓ સાથે ભાગીરથી ગયા. ત્યાં સ્નાન કરી રાત્રિ થઈ ત્યારે વ્યાસજી પાસે આવ્યા. પછી અતિશય તેજવાળા વ્યાસજીએ પુણ્ય ભાગીરથીના જલમાં સ્નાન કર્યું અને પાણ્ડવના યોદ્ધાઓ કૌરવોના યોદ્ધાઓ મહાભાગ્યશાળી જુદા-જુદા દેશમાં વસનાર રાજાઓ વિગેરે સર્વ લોકને બોલાવ્યા. પછી જેમ પ્રથમ કૌરવ અને પાણ્ડવ ના સૈન્યનો તુમુલ શબ્દ થયો હતો તેવો તુમુલ શબ્દ જલમાં થયો અને પછી ભીષ્મ અને દ્રોણ ને આગળ કરી સર્વ રાજાઓ પોતાના સૈન્ય સહિત તે જલમાંથી સંખ્યાબંધ બહાર નીકળ્યા. આ પ્રમાણે જનમેજયને કથા કહી જે નૃપતિઓ જલમાંથી બહાર નીકળ્યા તે સર્વના નામ કહી આગળ કથામાં કહે છે કે તે યોદ્ધાઓ અને તેમની સ્ત્રીઓએ

એક રાત્રિ વિહાર કર્યો અને પછી અન્યોન્ય આમન્ત્રણ કરી આશ્લેષ કરી જેમ આવ્યા હતા તેમ ગયા. વિગેરે.

આ કથા સાંભળી જનમેજનયને સંશય થવાથી તેણે પ્રશ્ન કર્યો કે મરણ પામેલાઓનું પુન:દર્શન કેમ થયું? ત્યારે વૈશમ્પાયન તેનું સમાધાન કરવા "સર્વ કર્મનો અવિપ્રણાશ છે એવો નિશ્ચય છે" વિગેરે કહે છે. આ કથામાં મરણ પામેલાઓ જલમાંથી પુન: નીકળ્યા એમ કહેલું હોવાથી તે યોદ્ધાઓનો સામયિક અર્થાત્ અમુક સમય સુધી જ રહે તેવો અત્યન્તાભાવ અથવા તિરોભાવ થયો હતો એમ બોધ કરેલો છે. પરન્તુ નૈયાયિક પેઠે જનમેજયને એવું જ્ઞાન નહિ હોવાથી એણે આવો પ્રશ્ન કર્યો છે. જનમેજયના પ્રશ્નનો એવો ભાવાર્થ છે કે સામયિક અત્યન્તાભાવ પ્રતિયોગી અર્થાત્ વસ્તુ (યોદ્ધાઓ વિગેરે) નિત્ય હોય તો જ સમ્ભવે. પરન્તુ પ્રતિયોગી અનિત્ય છે એ તો ગોપાલથી પણ્ડિત સુધી સર્વ લોકમાં પ્રસિદ્ધ જ છે. તેથી સામયિક અત્યન્તાભાવ કેમ સમ્ભવે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રતિયોગી નિત્ય છે એમ સિદ્ધ કરવા, પ્રતિયોગીના કારણ સર્વ નિત્ય છે એમ વૈશમ્પાયન "સર્વ કર્મનો અવિપ્રણાશ" વિગેરે દોઢ શ્લોકથી કહે છે. અહીં ઉપર-ઉપરથી નાશની પ્રતીતિ થાય છે, પરન્તુ વસ્તુત: નાશ થતો નથી એવો 'અવિપ્રણાશ' શબ્દનો ભાવાર્થ છે. સર્વ કર્મનો અવિપ્રણાશ છે. મહાભૂતો નિત્ય છે. મહાભૂતો શરીરના સમવાયિકારણ છે. કર્મ નિમિત્તકારણ છે. તેથી શરીરના સમવાયિકારણ અને નિમિત્તકારણ ઉભય નિત્ય છે. તેથી શરીર અને આકૃતિઓ પણ નિત્ય જ છે. કર્મ અને મહાભૂત કેમ નિત્ય છે તેનું કારણ "ભૂતાધિપતિના સંશ્રયને લીધે" એમ કહે છે. કર્મ અને મહાભૂત ઉભય ભગવાન્ના આશ્રિત હોવાથી ભગવાન્ના ધર્મ છે. ભગવાન્ના ધર્મ હોવાથી તે નિત્ય છે. તેમનાં કાર્ય શરીર અને આકૃતિ પણ નિત્ય છે. તેથી નષ્ટ શરીર પણ ભાગીરથીના જલમાંથી બહાર નીકળે તેમાં કાંઈ અનુપપત્તિ નથી. પછી વિહાર વિગેરે ક્રિયા થઈ તેની ઉપપત્તિ દર્શાવવા શરીરોમાં જીવનો પ્રવેશ થાય છે એમ કહેવા પ્રથમ જીવ નિત્ય છે એમ કહે છે. "ક્ષેત્રજ્ઞ અવિનાશી અને નિત્ય છે એમ નિશ્ચય છે" પછી જીવનો શરીરમાં પ્રવેશ થાય છે તેનો હેતુ "ભૂતોનું આત્મત્વજ્ઞાન વિદ્વાનોમાં ધ્રુવ છે" એમ કહે છે. 'ભૂતો'નું એટલે શરીરોનું. શરીરને આત્મા કરીને જાણવો એવું જ્ઞાન વિદ્વાનોને દૃઢ હોય છે. કારણ કે વામદેવ પેઠે જ્ઞાનીઓ સર્વને આત્મા તરીકે જ જાણે છે. વામદેવની પેઠે જ્ઞાનીઓને સર્વમાં આત્માનું જ ભાન થાય છે તેથી શરીરોમાં આત્માનું જ્ઞાન જ્ઞાનીને થાય છે તે ધ્રુવ અર્થાત્ દૃઢ હોય છે, પરન્તુ અજ્ઞાની અવિદ્વાન્ લોકો શરીરને આત્મા જાણે છે તે જ્ઞાન અભિમાનીપણાથી ઉત્પન્ન થએલું હોવાથી અધ્રુવ છે. આ પ્રમાણે વિદ્વાન્ અને અવિદ્વાન ને સાધારણ દેહમાં પ્રવેશ કરવાનો હેતુ કહ્યો. પ્રથમ દેહના કારણ નિત્ય કહ્યા. પછી દેહ નિત્ય કહ્યો. તેથી નષ્ટ દેહ પણ ભાગીરથીના જલમાંથી બહાર નીકળે એ અસમ્ભવિત છે. પછી આત્મા અર્થાત્ જીવ નિત્ય કહ્યો. પછી જીવનો દેહમાં પ્રવેશ કરવાનો હેતુ પણ કહ્યો. તેથી વિહાર વિગેરે ક્રિયા પણ ઉપપન્ન જ છે એમ સિદ્ધ થાય છે.

દેહ જીવ સર્વ નિત્ય હોય તો જ્ઞાનીઓ પણ "મરણ પામ્યો" એવો વ્યવહાર કેમ કરતા હશે એવી શંકા થાય તેનો નિરાસ કરવા આગળ વૈશમ્પાયન કહે છે. એ સંઘાત 'અદર્શનમાંથી' અર્થાત્ અક્ષરમાંથી ઉત્પન્ન થએલો છે. જેનું દર્શન નથી તે અદર્શન અર્થાત્ મૂલકારણ અક્ષર. આ ભૂતસંગ્રામ અર્થાત્ મહાભૂતો અક્ષરમાંથી આવેલા છે. ભગવદ્ગીતા માં પણ "અવ્યક્તાદીનિ ભૂતાનિ વ્યક્તમધ્યાનિ ભારત. અવ્યક્ત-નિધનાન્યેવ તત્ર કા પરિદેવના" -'હે ભારત ભૂતોનું આદિ અવ્યક્ત છે. મધ્યમાં તે વ્યક્ત અથવા અનુભવયોગ્ય થાય છે અને તેમનો લય અવ્યક્તમાં થાય છે તેમાં શોક કરવા જેવું શું છે?' સ્થળે આજ સિદ્ધાન્તનું પ્રતિપાદન કરેલું છે. આ ભૂતગ્રામ અક્ષરમાંથી આવેલો છે વળી તે પુન: અક્ષરમાં જાય છે અર્થાત્ તેનો અક્ષરમાં જ લય થાય છે. આ પ્રમાણે ભૂતગ્રામ અને તેના કાર્ય શરીર વિગેરે અક્ષરમાં લય પામે છે તેથી જ્ઞાનીઓ પણ "અમુક મરણ પામ્યો" વિગેરે વ્યવહાર કરે છે આ પ્રમાણે વૈશમ્પાયન બોધ કરે છે. બોધ કરનાર પોતે પણ જ્ઞાની છે એમ જનમેજયને તેના કરેલા બોધપર વિશ્વાસ આવે તે માટે કહે છે કે હું તેને અર્થાત્ ભૂતગ્રામને શરીર તરીકે જાણતો નથી. કારણ કે હું બ્રહ્મવિત્ અર્થાત્ બ્રહ્મને જાણનાર છું. તેથી હું તેને ભૂતગ્રામ તરીકે જાણતો નથી. પરન્તુ બ્રહ્મ તરીકે જ જાણું છું. તે ભૂતગ્રામ પણ મને જાણતો નથી. ભૂતગ્રામમાં ચિદંશનો તિરોભાવ હોવાથી તેને જ્ઞાન હોય જ નહિ. તેથી તે મને જાણે નહિ. વળી મને વિરાગતા નથી. રાગ અર્થાત્ પ્રેમરહિત હોય તે વિરાગ કહેવાય, તેનો ભાવ વિરાગતા. વૈશમ્પાયનને વિરાગતા નથી અર્થાત્ તે પ્રેમરહિત નથી કારણ કે વૈશમ્પાયન બ્રહ્મવિત્ હોવાથી સર્વને આત્મા તરીકે જુએ છે અને તેથી સર્વ તેમને પ્રિય છે. સર્વ પ્રિય હોવાથી તે પ્રેમરહિત નથી અને તેથી તેમને વિરાગતા નથી, કારણ કે અમુક પદાર્થમાં દોષ જુએ ત્યારે એ દુષ્ટ પદાર્થમાં પુરુષની વિરાગતા થાય. પરન્તુ સર્વ બ્રહ્મ છે એમ જાણનારને કોઈ સ્થળે દોષ દેખાય નહિ તેથી તેને વિરાગતા થાય નહિ. આ પ્રમાણે વૈશમ્પાયનને વિરાગતા નહિ હોવાથી તે પૂર્ણ જ્ઞાની છે એમ બોધ થાય છે. વૈશમ્પાયન પૂર્ણ જ્ઞાની હોવાથી, જનમેજયને પ્રશ્નનો તેમણે આપેલો ઉત્તર પણ સત્ય જ છે. તેથી શરીર વિગેરે પદાર્થનો નાશ નથી, પરન્તુ તે નિત્ય છે અને અક્ષરમાંથી તેનો આવિર્ભાવ થાય છે, અને પુન: તેમાં જ લય અથવા તિરોભાવ થાય છે.

પૂર્વપક્ષી:એ તો સર્વ વ્યાસજીએ માયાથી દર્શાવ્યું છે.

સિદ્ધાન્તી:એમ કહેવાય નહિ. કારણ કે 1.આ સર્વ માયાથી દર્શાવ્યું છે એમ ત્યાં કહેલું નથી, પરન્તુ 2.તેથી ઉલટું "એ મુનિના પ્રસાદથી એવો અનુભવ થયો" એમ કહેલું છે. વળી 3.સર્વ પતિવ્રતા સ્ત્રીઓએ પોત-પોતાના ભર્તાર સાથે વિહાર કર્યો એમ કહેલું છે. આ સર્વ યોદ્ધાઓ જલમાંથી બહાર નીકળ્યા તે માયિક હોય તો પતિવ્રતા સ્ત્રીઓ તેમની સાથે વિહાર કરે નહિ. વળી 4.આ અનુભવરૂપી ફલ જો માયિક જ હોય તો ગંગાસ્નાન વિગેરે સાધનનો ઉપદેશ અનુપપન્ન થાય. ગંગાસ્નાન વિગેરે સાધન કરવાથી કદાપિ માયિક ફલ થાય જ નહિ. તેથી આ સર્વ માયાથી વ્યાસજીએ દર્શાવ્યું એમ કહી શકાય નહિ. "અદર્શનમાંથી ઉત્પન્ન

થયેલો" એમ લ્યબ્ના લોપથી પઞ્ચમી વિભક્તિ છે. તેથી અદર્શન અથવા અક્ષર ને પામીને આવેલો એવો અર્થ થાય છે. તેથી તેનું દર્શન થયું તે પૂર્વે પણ તેની સત્તા હતી એમ સિદ્ધ થાય છે. 'પુન:' શબ્દથી પણ તે જ સિદ્ધ થાય છે. 'પુન:' અર્થાત્ ફરીથી. "પુન: અદર્શનમાં લીન થયો" એમ કહેલું છે. તે આની પહેલાં પણ અક્ષરમાં લીન થયો હોય તો જ કહી શકાય. તેથી તેનું દર્શન થયું તે પહેલાં પણ તે અક્ષરમાં લીન થયો હતો, અર્થાત્ તે પહેલાં પણ તેની સત્તા હતી.

આમ હોવાથી જે-જે દેશ અને કાલ ના અવચ્છેદથી જેની જેવા પ્રકારની પ્રતીતિ ભગવાન્ની ઇચ્છાનો વિષય હોય તે-તે દેશ અને કાલ ના અવચ્છેદથી તેની તેવા પ્રકારની પ્રતીતિ થાય છે એમ સિદ્ધ થયું. અર્થાત્ અમુક પદાર્થની, અમુક સમયે, અમુક દેશમાં, અમુક પ્રકારની પ્રતીતિ થાઓ એવી ભગવાન્ની ઇચ્છા હોવાથી તે પદાર્થની તે સમયે તે દેશમાં તેવા પ્રકારની પ્રતીતિ થાય છે.

પૂર્વપક્ષી:(પ્રતીતિ ભલે ભગવદિચ્છાને અધીન હોય, પરન્તુ ક્રિયા ચેતન જીવને જ અધીન છે. તેથી વિહાર વિગેરે ક્રિયા તે-તે યોદ્ધાને જ અધીન હોવાથી તેમણે પોતાની સ્ત્રીઓ સાથે વિહાર કર્યો તો તેમને બંધ કેમ પ્રાપ્ત ન થયો?

સિદ્ધાન્તી:વ્યાસજીએ "જીવનું કર્તૃત્વ પણ બ્રહ્મને જ અધીન છે" એમ પ્રતિપાદન કરેલું છે. તેથી જીવની ક્રિયા પણ બ્રહ્મને જ આધીન છે. તેથી જીવો અમુક પ્રકારની અમુક સમયે ક્રિયા કરે તે પણ ભગવાન્ની ઇચ્છાનો જ વિષય છે. તેથી તે યોદ્ધાઓને બંધની પ્રાપ્તિ થઈ નહિ. જીવનું કર્તૃત્વ બ્રહ્મને અધીન છે એ વ્યાસજીએ "પરાત્ તુ તચ્છ્રુતે:" એ અધિકરણમાં કહેલું છે. અને અમે પણ તે સ્થળે તેનું નિરૂપણ કરીશું. "ઘટના ઉપલમ્ભ અને અનુપલમ્ભ નું કાદાચિત્કપણુ અનુપપન્ન છે, કારણ કે તેવો હેતુ કહી શકાતો નથી" એમ જ તમે કહેતા હતા તેનો આથી નિરાસ થાય છે, કારણ કે એ કાદાચિત્કપણાનો હેતુ ભગવદિચ્છા સિદ્ધ થાય છે.

વળી "ભૂત અને ભાવી પદાર્થો લૌકિક પ્રત્યક્ષના વિષય ન હોય તો પણ વસ્તુની સત્તા હોવાથી યોગીને પ્રત્યક્ષ થવા જોઈએ" એનો પણ આથી નિરાસ થાય છે, કારણ કે ભૂત અને ભાવી પદાર્થ યોગીઓને પ્રત્યક્ષ થાય એવી ભગવાન્ની ઇચ્છા ન હોવાથી તે યોગીઓને પ્રત્યક્ષ થતા નથી. ફલના બલથી જ ઇચ્છા કલ્પાય છે. તેથી યોગીઓને ભૂત અને ભાવી પદાર્થ પ્રત્યક્ષ થતા ન હોય તો ભગવાન્ની ઇચ્છા તેવી નથી એમ જણાય છે. અથવા ભૂત અને ભાવી પદાર્થો યોગીઓને પ્રત્યક્ષ થાય છે જ, કારણ કે એ પદાર્થો યોગીઓને પ્રત્યક્ષ થાય તેમાં કોઈ પ્રકારનો બાધ નથી. ઉપર કહેલા પ્રમાણોથી ભૂત અને ભાવી વસ્તુની સત્તા સિદ્ધ થાય છે તેથી તે વસ્તુ યોગીઓને પ્રત્યક્ષ થાય તે ન્યાય્ય જ છે. વળી ભૂત અને ભાવી પદાર્થો યોગીઓને પ્રત્યક્ષ થાય છે એમ "અનાગત, અતીત, અતીન્દ્રિય, વર્તમાન, વિપ્રકૃષ્ટ અને વ્યવહિત યોગીઓ સારી રીતે જુએ છે" વિગેરે શાસ્ત્ર પણ ઉપદેશ કરે છે.

આ પ્રમાણે હોવાથી "આ કાલમાં આ દેશમાં આ કાર્ય આ પ્રમાણે થાઓ" એવી ઇચ્છાનું વિષયપણું તે 'આવિર્ભાવ', અને "તે કાલમાં તે દેશમાં તે કાર્ય એ પ્રમાણે ન થાઓ" એવી ઇચ્છાનું વિષયપણું તે 'તિરોભાવ' એમ પણ આવિર્ભાવ અને તિરોભાવ ના લક્ષણ સિદ્ધ થાય છે. આ પ્રમાણે લક્ષણ કરીએ તેમાં "આ દેશમાં આ કાલ થાઓ" "આ કાલમાં આ દેશ થાઓ" એનો પણ સમાવેશ થાય છે. આનું ઉદાહરણ શ્રીમદ્ભાગવતના પઞ્ચમસ્કધધમાં મળી આવે છે. ત્યાં કયા-કયા દેશમાં કયા-કયા કાલ છે એમ જણાવ્યું છે. કૃતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ એવા ચાર યુગ માત્ર ભારતવર્ષમાં જ છે. બાકીના આઠ વર્ષને માટે પઞ્ચમસ્કધધમાં જણાવેલું છે કે ત્યાંના લોકોને ત્રેતાયુગસમાન કાલ સદા છે. તેથી "અમુક દેશમાં અમુક કાલ થાઓ" એવી ઇચ્છાનો વિષય હોવાથી તે દેશમાં તે કાલનો આવિર્ભાવ થાય છે. તે જ પ્રમાણે અમુક કાલમાં અમુક દેશ પણ રહે છે, કારણ કે અવાન્તર પ્રલયકાલમાં સાત લોકમાંથી ત્રણ લોકનો નાશ થાય છે અને ઉપર રહેલા ચાર લોકની સ્થિતિ હોય છે. તેથી "આ કાલમાં આ દેશ થાઓ" એવી ઇચ્છાનો વિષય હોવાથી તે કાલમાં તે જ દેશ હોય છે એમ સિદ્ધ થાય છે.

પ્રથમ આવિર્ભાવ અને તિરોભાવ નું લક્ષણ કહ્યું તેમાં તે અમુક પ્રકારની યોગ્યતા છે એમ કહ્યું, અહીં પુન: લક્ષણ કહ્યું ત્યારે તે ભગવાન્ની ઇચ્છાના વિષય છે એમ કહ્યું. પરન્તુ એ બે લક્ષણ એક જ છે, વિરુદ્ધ નથી; કારણ કે આ પ્રમાણે ભગવાન્ની ઇચ્છાના વિષય થવું તે જ એ યોગ્યતા છે. યોગ્યતા બાધના અભાવરૂપી છે. બાધ ન થાય તે માટે એ યોગ્યતા છે અને બાધ ન થવાનું કારણ ભગવાન્ની ઇચ્છા જ છે. તેથી ભગવાન્ની ઇચ્છાના વિષય થવું તે જ એ પ્રકારની યોગ્યતા છે. અને આ લક્ષણ પ્રથમના લક્ષણથી વિરુદ્ધ નથી.

પૂર્વપક્ષી:તમોએ આવિર્ભાવ અને તિરોભાવ ના લક્ષણ કહ્યાં તેમાં જે દેશ અને કાલ આવ્યા તે અનિત્ય છે કે નિત્ય? અનિત્ય હોય તો તમારા સિદ્ધાન્તનો ભંગ થાય, તેથી તે અનિત્ય છે એમ તમે કહી શકો નહિ. તેથી તે નિત્ય છે એમ તમારે કહેવું જ પડશે. દેશ-કાલ વિગેરે સર્વ નિત્ય હોવાથી, દરેક કાર્યના આવિભાર્વમાટે જે-જે સામગ્રીની આવશ્યક્તા છે તે-તે સર્વ સામગ્રી છે, તેથી ભૂત ભવિષ્ય અને વર્તમાન સર્વ કાલના સર્વ કાર્યોનો આવિર્ભાવ એક સાથે જ થવો જોઈએ. તિરોભાવ બાધ કરે છે તેથી સર્વનો આવિર્ભાવ એક સાથે થતો નથી એમ કહેવાથી એ દોષની નિવૃત્તિ થવાની નથી; કારણ કે તિરોભાવ બાધ કરે તો સર્વ આવિર્ભાવનો બાધ કરે. તેથી સર્વ કાર્યનો એક સાથે જ તિરોભાવ થવો જોઈએ. તેથી અમે પૂર્વે કહેલાં સર્વ દૂષણ તમારા મતમાં છે અને તમારા આવિર્ભાવ અને તિરોભાવનાં લક્ષણ નિરર્થક છે.

સિદ્ધાન્તી:એમ નથી, કારણ કે "આ સૃષ્ટિકાલરૂપી સ્થૂલકાલની ઉપાધિમાં તેના અવયવરૂપી ક્રમવાર આવતી તે-તે કાલની ઉપાધિમાં તે-તે પુરુષને તે-તે વસ્તુનો ઉપલમ્ભ થાઓ" એવી ઇચ્છાના વિષયપણું તે 'આવિર્ભાવ' છે. અર્થાત્ ઉપર જે આવિર્ભાવનું લક્ષણ કહ્યું તેમાં "આ કાલમાં" શબ્દોનો અર્થ "આ સૃષ્ટિકાલરૂપી સ્થૂળકાલની ઉપાધિના

અવયવરૂપી ક્રમવાર આવતી અમુક કાલની ઉપાધિ" એવો થાય છે. તેથી 'આ કાલ' એટલે અમુક સૃષ્ટિકાલના ક્રમવાર આવતા અવયવોમાંથી અમુક અવયવો. તેથી દેશ-કાલ વિગેરે નિત્ય છે તો પણ અમુક ક્રમવાર તેમનો આવિર્ભાવ થાય છે. તેથી અમારા મતમાં અલ્પ પણ દોષ નથી.

પૂર્વપક્ષી:આવિર્ભાવના લક્ષણમાં હવે તમે ક્રમિક આવતી અથવા ક્રમવાર આવતી કાલની ઉપાધિ કહી. ક્રમિક અથવા ક્રમવાર આવતી એટલે તે-તે કાલની ઉપાધિમાં આવિર્ભાવ પામતી. અહીં પણ આવિર્ભાવનું લક્ષણ તે જ હોવું જોઈએ. આ પ્રમાણે આવિર્ભાવના લક્ષણમાં 'ક્રમિક' શબ્દ આવ્યો. તેથી આવિર્ભાવનું જ્ઞાન પ્રાપ્ત કરતાં 'ક્રમિક' શું તે જાણવું જોઈએ. તેથી અન્યોન્યાશ્રય દોષ પ્રાપ્ત થાય છે. વળી આવિર્ભાવના લક્ષણમાં ક્રમિક અથવા ક્રમવાર થતા આવિર્ભાવનો સમાવેશ કર્યો તેથી આત્માશ્રય દોષ પણ પ્રાપ્ત થાય છે.

સિદ્ધાન્તી:દેશ અને કાલ નો આવિર્ભાવ ભિન્ન છે અને તેમનામાં થતાં કાર્યનો આવિર્ભાવ ભિન્ન છે. કાર્યના આવિર્ભાવના જ્ઞાનમાં લક્ષણ પ્રમાણે તે-તે દેશ અને કાલ ના આવિર્ભાવના જ્ઞાનની આવશ્યક્તા છે. પરન્તુ આ દેશ અને કાલ નો આવિર્ભાવ તે કાર્યના આવિર્ભાવથી ભિન્ન છે. તેથી કાર્યના આવિર્ભાવનું જ્ઞાન ન હોય તે સમયે દેશ અને કાલ ના આવિર્ભાવનું જ્ઞાન હોય એ અસમ્ભવિત નથી. દેશ અને કાલ ના આવિર્ભાવનું જ્ઞાન હોવાથી પછી કાર્યના આવિર્ભાવનું પણ જ્ઞાન થાય છે. તેથી અમારા લક્ષણમાં અન્યોન્યાશ્રય અથવા આત્માશ્રય દોષ નથી.

અથવા "બહુસ્યાં પ્રજાયેય" શ્રુતિમાં ભગવાન્ની ઇચ્છાના બે પ્રકાર કહેલાં છે: 1.'બહુસ્યામ્' 'હું બહું થાઉં', 2.'પ્રજાયેય'-'પ્રજનન કરું'. પ્રથમ ઇચ્છાથી ભિન્ન-ભિન્ન રૂપનો આવિર્ભાવ થયો. ભગવાન્માંથી કાલ, દેશ, પુરુષ વિગેરે સર્વનો આવિર્ભાવ થયો. દ્વિતીય ઇચ્છા પ્રજનનની હોવાથી તેનાથી જુદી-જુદી વસ્તુનો વિવેક થયો. પ્રથમ ઇચ્છાથી સર્વ પદાર્થનો આવિર્ભાવ થયો, પરન્તુ તેના અવચ્છેદ કરનારનો વિવેક ન હતો તેથી પ્રથમ ઇચ્છાથી નિરવચ્છિન્ન અર્થાત્ અવચ્છેદ વિના જ આવિર્ભાવ થયો હતો. દેશ અને કાલ નો આવિર્ભાવ આ પ્રથમ "હું બહુ થાઉં" એવી ઇચ્છાથી થએલો હોવાથી અવચ્છેદ કરનાર રહિત છે તેથી તેમના આવિર્ભાવનું જ્ઞાન થવામાં અન્ય કોઈના આવિર્ભાવની આવશ્યક્તા નથી. દેશ અને કાલ ના આવિર્ભાવનું જ્ઞાન થવાથી અન્ય પદાર્થના આવિર્ભાવનું જ્ઞાન થવામાં કાંઈ અડચણ થતી નથી. તેથી આવિર્ભાવનું લક્ષણ આપ્યું તે યોગ્ય જ છે. તેથી દૂષણ નહિ હોવાથી આવિર્ભાવ નિત્ય જ છે.

પૂર્વપક્ષી:ભલે લક્ષણ ઉચિત હોય, પરન્તુ ભિન્ન-ભિન્ન પદાર્થનો વિવેક દ્વિતીય ઇચ્છાથી થાય છે. તેથી તે-તે પદાર્થનો આવિર્ભાવ વિવેક પછી થાય છે એમ અવશ્ય કહેવું જોઈએ. તેથી આવિર્ભાવ વસ્તુની જ શક્તિ છે, ભગવાન્ની શક્તિ નથી. કારણ કે ભગવાન્ની શક્તિ હોય તો વસ્તુના વિવેક પછી થાય નહિ.

સિદ્ધાન્તી:સર્વે વસ્તુ બ્રહ્માત્મક જ છે. સર્વ પદાર્થ બ્રહ્મ હોવાથી તેમનો આવિર્ભાવ પણ ભગવાન્નો જ આવિર્ભાવ છે. તેથી વસ્તુનો આવિર્ભાવ થાય તે પણ ભગવાન્નો જ ધર્મ છે.

13.સર્વ કંઈ સર્વકાલમાં ઉપલબ્ધ રહેશે તેવી આશંકાનો પરિહાર :

તે-તે દેશકાલ પણ નિત્ય હોવાથી, આવિર્ભાવ સમયે સર્વનો ઉપલમ્ભ થાય અને (તિરોભાવ સમયે) સર્વનો અનુપલમ્ભ થાય;

તે-તે દેશકાલથી અવચ્છિન્ન તે-તે પુરુષ અને તે-તે વ્યવહાર પણ છે જ એમાં અનુપપત્તિ ક્યાં છે?

ત્યારે તે હાલ પણ ઉપલબ્ધ થાય

એમ નહિ. અનુપલમ્ભ અવચ્છેદક કાલથી અવિચ્છિન્ન હોવાથી તે પુરુષોને (અને આપણને) ઉપલમ્ભ થતો નથી. તે-તે કાલ ભિન્ન હોવાથી, તેમનાથી અવિચ્છિન્ન પુરુષો પણ ભિન્ન હોવાથી અને તે એક જ સમયે હોવાથી, એક જ સમયે તેનો ઉપલમ્ભ અને અનુપલમ્ભ હોય તે વિરુદ્ધ નથી. "હું, જેણે પૂર્વે ઘટનો અનુભવ કર્યો તેજ હમણાં અનુભવ કરતો નથી" એવી પ્રત્યભિજ્ઞાની અનુપપત્તિ પણ નથી, કારણ કે સર્વ બ્રહ્માત્મક હોવાથી અને બ્રહ્મ એક હોવાથી તે ઉપપન્ન જ છે. એમ અતિ પ્રસંગ પણ થતો નથી કારણ કે ઉપલમ્ભ અને અનુપલમ્ભ પણ બ્રહ્માત્મક છે, અને સ્વેચ્છાથી જ્યાં જેના ઉપલમ્ભરૂપથી આવિર્ભાવ પામે છે ત્યાં ઉપલમ્ભ થાય છે અને જ્યાં જેના અનુપલમ્ભરૂપથી આવિર્ભાવ પામે છે ત્યાં અનુપલમ્ભ થાય છે એમ નિયમ છે; જેમ પૃથ્વીમાં જ ગન્ધરૂપથી આવિર્ભાવ છે, જલાદિમાં નથી. તેથી જ શ્રીમદાચાર્યચરણે "અથવા ભગવાન્ સર્વરૂપ હોવાથી નામલીલાના વિભેદથી વિરુદ્ધાંશનો ત્યાગ કરવાથી સર્વજ પ્રમાણ છે" શા.પ્ર.) એમ શ્રીભાગવતતત્ત્વદીપમાં કહ્યું છે. બ્રહ્મ સર્વરૂપ હોવાથી અનુષ્ણત્વરૂપ પણ હોવાથી "વહ્નિ અનુષ્ણ છે" ઇત્યાદિ વાક્ય પણ પ્રમાણ છે. કેમ? કારણ કે સર્વત્ર અખણ્ડ બ્રહ્મનું ભાન થવાથી વિરુદ્ધ અંશની સ્ફૂર્તિ ન થવાથી, વિરોધાંશ ત્યક્ત જ છે, એમ વાક્યાર્થ છે.

13.સર્વ કંઈ સર્વકાલમાં ઉપલબ્ધ રહેશે તેવી આશંકાનો પરિહાર

પૂર્વપક્ષી:ઘટ-પટ વિગેરે પદાર્થ ભિન્ન-ભિન્ન છે. તેથી તેમના આવિર્ભાવ પણ ભિન્ન-ભિન્ન શક્તિ છે. તેથી એ સર્વ વસ્તુની જ શક્તિ છે એમ સ્વીકારવું જોઈએ.

સિદ્ધાન્તી:વસ્તુઓના આવિર્ભાવ એક જ શક્તિ છે, ભિન્ન-ભિન્ન શક્તિ નથી. "વિશ્લિષ્ટશક્તિ: બહુધેવભાતિ" -'વિશ્લેષથી શક્તિ બહુ જણાય છે' વાક્ય પ્રમાણે એક હોવા છતાં તે ભિન્ન-ભિન્ન જણાય છે.

આમ હોવાથી જે કાલમાં સર્વ પરસ્પર અનુભવના વિષય ન થાય અર્થાત્ સર્વનો પરસ્પર અનુભવ થઈ શકે નહિ તે કાલ 'પ્રલયકાલ' કહેવાય છે. પ્રલયકાલમાં વસ્તુ હોતી નથી એમ નથી; પરન્તુ વસ્તુ અનુભવનો વિષય થતી નથી. જે કાલમાં સર્વ પરસ્પર અનુભવનો વિષય થાય, અર્થાત્ જે કાલમાં વસ્તુનો અનુભવ થાય, તે કાલ 'સૃષ્ટિકાલ' કહેવાય છે. આ પ્રમાણે વસ્તુ અનુભવનો વિષય ન થાય અથવા અનુભવનો વિષય થાય તે ભગવાન્ની ઇચ્છાને અધીન છે. સર્વે સ્થળે "હું બહુ થાઉં, પ્રજનન કરું" એવી ભગવાન્ની વિશિષ્ટ ઇચ્છા જ નિયામક છે.

વાદની સમાપ્તિ દર્શાવવા મંગલ શ્લોક કહે છે:

શ્રીમદાચાર્યચરણના ચરણકમલની રેણુ આવિર્ભાવ પામે ત્યાં અરવિન્દના જેવા નયનવાળા શ્રીકૃષ્ણચન્દ્રની ભક્તિનો આવિર્ભાવ કરે છે. તે રેણુ અમારું રક્ષણ કરો અને દુર્જનોનો તિરોભાવ કરો.

આ પ્રમાણે વાદ સમાપ્ત થયો તો પણ પૂર્વપક્ષી ક્રમવાર આવતા દેશ અને કાલ નું નિત્યપણુ ધ્યાનમાં રાખી શંકા કરે છે.

પૂર્વપક્ષી:વસ્તુ સર્વ નિત્ય છે એમ તમે માનો છો. ભિન્ન-ભિન્ન વસ્તુના આવિર્ભાવ અને તિરોભાવ વાળા દેશ અને કાલ પણ નિત્ય છે. તેથી સર્વ વસ્તુનો એક સાથે આવિર્ભાવ થવો જોઈએ અથવા સર્વનો એક સાથે તિરોભાવ થવો જોઈએ. દરેક વસ્તુમાં રહેલાં ભાવિપણુ, ભૂતપણુ અને વર્તમાનપણુ સર્વનો એક સાથે જ અનુભવ થવો જોઈએ, અથવા કોઈનો પણ અનુભવ થાય નહિ એમ એક સાથે થવું જોઈએ.

સિદ્ધાન્તી:તે-તે દેશ અને કાલ ના તે-તે પુરુષોના તે-તે વ્યવહારો પણ છે જ એમાં અયોગ્ય શું છે?

પૂર્વપક્ષી:ત્યારે તે વ્યવહારો વર્તમાનકાલમાં પણ થવા જોઈએ. તેથી એક પદાર્થમાં રહેલા ભાવિપણું, ભૂતપણુ અને વર્તમાનપણુ એ ત્રણેનો હાલ પણ ઉપલમ્ભ થવો જોઈએ.

સિદ્ધાન્તી:ભાવિપણુ, ભૂતપણુ અને વર્તમાનપણુ એ ત્રણે ગુણનો ઉપલમ્ભ અને અનુપલમ્ભ એક સાથે થાય તેમાં કાંઈ પણ વિરોધ નથી. કારણ કે આપણે સાધારણ પુરુષોને તે વ્યવહારનો ઉપલમ્ભ થતો નથી, કેમકે આપણને માટે તેનો ઉપલમ્ભ ન થાય તેવા કાલ છે. પરન્તુ યોગીઓને તેનો ઉપલમ્ભ થાય છે, કારણ કે તેમને માટે તેનો ઉપલમ્ભ થાય તેવો કાલ છે. કાલ ભિન્ન-ભિન્ન છે. દરેક કાલની ઉપાધિ ભિન્ન છે. વળી એક જ કાલ-ઉપાધિમાં રહેલા પુરુષો પણ ભિન્ન-ભિન્ન છે. એક જ કાલ ઉપાધિમાં રહેલા આપણા જેવા સામાન્ય પુરુષો અને યોગીઓ ભિન્ન છે. તેથી આ ભિન્ન-ભિન્ન પુરુષો એક જ કાલ-ઉપાધિમાં સાથે જ રહેલાં છે તેમાંથી યોગી પુરુષોને એવા વ્યવહારનો ઉપલમ્ભ થાય, અને સામાન્ય પુરુષોને તેવા વ્યવહારનો ઉપલમ્ભ ન થાય તે સર્વ એક જ કાલ-ઉપાધિમાં થાય છે, અર્થાત્ એક જ કાલમાં કેટલાક પુરુષોને તે વ્યવહાર થાય છે અને કેટલાકને થતો નથી. તેથી તે વ્યવહારનો ઉપલમ્ભ અને અનુપલમ્ભ એક સાથે જ થાય છે એમાં કાંઈ પણ વિરોધ નથી. જેમ એક જ

સમયે કોઈ સ્થળે 'સૂર્ય ઉગશે' એવો વ્યવહાર થાય છે અન્ય સ્થળે 'સૂર્ય ઉગે છે' એવો વ્યવહાર થાય છે, અને અન્ય સ્થળે 'સૂર્ય ઉગ્યો છે' એવો વ્યવહાર થાય છે તેમાં કાંઈ પણ વિરોધ નથી, તેમ અહીં પણ એક જ સમયે ભૂતપણું, ભાવિપણું, વર્તમાનપણાના વ્યવહારનો ઉપલમ્ભ થાય અને ઉપલમ્ભ ન થાય તેમાં કાંઈ પણ વિરોધ નથી.

પૂર્વપક્ષી:ઉપલમ્ભ અને અનુપલમ્ભ એક સાથે થાય છે એમ તમે સિદ્ધ કર્યું, પરન્તુ પુરુષભેદથી એમ થાય છે, અર્થાત્ કોઈ પુરુષને જ્યારે ઉપલમ્ભ થતો હોય તે જ સમયે અન્ય પુરુષને અનુપલમ્ભ હોય એમ કહ્યું. પરન્તુ એક જ પુરુષને એક સાથે ઉપલમ્ભ અને અનુપલમ્ભ થાય એમ તમે સિદ્ધ કર્યું નથી, અને જ્યાં સુધી એમ સિદ્ધ થાય નહિ ત્યાં સુધી ઉપલમ્ભ અને અનુપલમ્ભ નિત્ય કહેવાય નહિ. એક જ પુરુષને એક સાથે એક પદાર્થનો ઉપલમ્ભ અને અનુપલમ્ભ થતો નથી, કારણ કે "હું, જેણે પ્રથમ ઘટનો અનુભવ કર્યો તે હમણાં ઘટનો અનુભવ કરતો નથી" એવી પ્રત્યભિજ્ઞા થાય છે. આ પ્રત્યભિજ્ઞામાં એક પુરુષને એક સમયે ઉપલમ્ભ અને અન્ય સમયે અનુપલમ્ભ થાય છે, પરન્તુ એક જ સમયે ઉપલમ્ભ અને અનુપલમ્ભ થતા નથી. "હું, જે ઘટનો અનુભવ કરું છું તે ઘટનો અનુભવ કરતો નથી" એવી પ્રત્યભિજ્ઞા થતી નથી ત્યાં સુધી ઉપલમ્ભ અને અનુપલમ્ભ નિત્ય સિદ્ધ થતા નથી.

સિદ્ધાન્તી:સર્વ પુરુષ બ્રહ્મરૂપ છે. સર્વ જગત્ બ્રહ્મરૂપ છે, તેથી સર્વ પુરુષ બ્રહ્મરૂપ છે. બ્રહ્મ એક જ છે. તેથી એક પુરુષને ઘટનો ઉપલમ્ભ થાય ત્યારે અન્યને અનુપલમ્ભ થાય છે તો પણ ઉભય પુરુષ બ્રહ્મરૂપ હોવાથી અને બ્રહ્મ એક જ હોવાથી એક જ બ્રહ્મને એક જ સમયે ઘટનો ઉપલમ્ભ અને અનુપલમ્ભ થાય છે. તેથી ઉપલમ્ભ અને અનુપલમ્ભ નિત્ય છે. તુલ્ય બલવાળા પ્રમાણમાં વિરોધ અને અવિરોધ ની ચિન્તા રહે છે. અહીં તો પ્રત્યક્ષ અને શ્રુતિ પ્રમાણો છે. દેહમાં આત્માનું અભિમાન રાખનાર પુરુષનું પ્રત્યક્ષ નિર્બલ જ છે. શ્રુતિ આવા અભિમાનરહિત પરમ આપ્ત પુરુષનું વાક્ય હોવાથી પ્રબલ છે. ઉપલમ્ભ અને અનુપલમ્ભ નું નિત્યપણુ અને એક સાથે હોવાપણું ધર્મિગ્રાહક શ્રુતિપ્રમાણથી સિદ્ધ થાય છે. તેથી તે મૂલનો સ્પર્શ નહિ કરનાર ઉપર-ઉપરથી રમણીય દેખાતા સહસ્રાવધિ અનુભવ અને લક્ષાવધિ યુક્તિથી અન્યથા થઈ શકે નહિ.

પૂર્વપક્ષી:એમ હોય તો પણ દૂષણ દૂર થતું નથી. એક પુરુષને ઘટનો ઉપલમ્ભ થાય છે, તે બ્રહ્મરૂપ છે. તેમજ અન્ય સર્વ પુરુષો બ્રહ્મરૂપ છે. તેથી સર્વ પુરુષ બ્રહ્મરૂપ હોવાથી એક જ હોય તો જ્યારે એકને ઘટનો ઉપલમ્ભ થાય ત્યારે સર્વને તેનો ઉપલમ્ભ થવો જોઈએ. વળી અલ્પજ્ઞ પુરુષને એક પદાર્થનું જ્ઞાન થાય ત્યારે સર્વ પદાર્થ બ્રહ્મરૂપ હોવાથી એક જ છે તેથી તેને સર્વનું જ્ઞાન થવું જોઈએ, અર્થાત્ તે સર્વજ્ઞ થવો જોઈએ. આ પ્રમાણે સર્વ સર્વજ્ઞ હોવા જોઈએ. તેથી તમારા કહ્યા પ્રમાણે માનીએ તો સર્વ સર્વજ્ઞ થવા જોઈએ એમ અતિપ્રસંગ થાય છે.

સિદ્ધાન્તી:એમ નથી. કારણ કે ઉપલમ્ભ અને અનુપલમ્ભ પણ બ્રહ્માત્મક જ છે. ભગવાન્ જ્યાં નિજ ઇચ્છાથી જેના ઉપલમ્ભરૂપથી આવિર્ભાવ પામે છે તેનો ઉપલમ્ભ થાય છે અને જ્યાં જેના અનુપલમ્ભરૂપથી આવિર્ભાવ પામે છે ત્યાં તેનો અનુપલમ્ભ થાય છે, એકના જ્ઞાનથી સર્વને જ્ઞાન થાય અથવા એકના જ્ઞાનથી સર્વજ્ઞ થાય એમ જ્ઞાનનો અતિપ્રસંગ થાય એવો દોષ કહ્યો તે તમારા મતમાં પણ છે. તમે જેમ આત્મામાં સમવાય સમ્બન્ધથી રહેલું જ્ઞાન અમુક પ્રદેશમાં જ રહેલું છે એમ માનો છો તેમ અમે ભગવાન્ની ઇચ્છાથી જ્ઞાન નિયમમાં રહે છે એમ માનીએ છીએ. તમારા મતમાં આત્મા વિભુ અથવા સર્વવ્યાપક છે તો પણ તેને સર્વનું જ્ઞાન થઈ જતું નથી એમ માનો છો તેમ અમે ભગવાન્ની ઇચ્છાથી તેનું જ્ઞાન નિયત છે એમ માનીએ છીએ, તમારા મતમાં ઘટના પ્રાગભાવ અથવા અત્યન્તાભાવમાં ઘટનું જ્ઞાન થતું નથી તેથી ઘટનું જ્ઞાન ન થવાનું કારણ તેનો પ્રાગભાવ વિગેરે છે, તેમ અમારા મતમાં ભગવાન્ની ઇચ્છા જ કારણ છે. તમે પ્રાગભાવ વિગેરેની કલ્પના ફલના બલથી કરો છો તેમ અમે પણ ભગવદિચ્છાની કલ્પના ફલના બલથી કરીએ છીએ. અમારા મતને ટેકો આપનાર શ્રુતિ અને પુરાણ ના વાક્યો છે એટલું અમારું આધિક્ય છે.

જ્યાં ભગવાન્ નિજ ઇચ્છાથી જેના ઉપલમ્ભરૂપે આવિર્ભાવ પામે ત્યાં તેનો ઉપલમ્ભ થાય છે અને જ્યાં નિજ ઇચ્છાથી જેના અનુપલમ્ભરૂપથી આવિર્ભાવ પામે ત્યાં તેનો અનુપલમ્ભ થાય છે. આનું દૃષ્ટાન્ત પણ સુલભ છે. ભગવાન્ પૃથિવીમાં જ ગન્ધરૂપથી આવિર્ભાવ પામે છે. જલ વિગેરેમાં ગન્ધરૂપથી આવિર્ભાવ પામતા નથી. આ પ્રમાણે બ્રહ્મવાદમાં રૂપપ્રપઞ્ચમાં કોઈ પણ પ્રકારની અનુપપત્તિ રહેતી નથી.

પૂર્વપક્ષી:(રૂપપ્રપઞ્ચમાં બ્રહ્મવાદમાં અનુપપત્તિ ભલે ન હોય પરન્તુ નામપ્રપઞ્ચમાં અનુપપત્તિ રહે છે. બ્રહ્મ સર્વરૂપ છે તેથી અમુક ધર્મ અને તેનો અભાવ ઉભય બ્રહ્મમાં રહેલાં છે. તેથી અજ્ઞ પુરુષ બ્રહ્માત્મક હોવાથી સર્વજ્ઞ છે. તે જ પ્રમાણે સર્વજ્ઞ અજ્ઞ છે. નિત્ય પદાર્થ કાર્ય છે અને કાર્ય નિત્ય છે. આ પ્રમાણે એક જ પદાર્થ અથવા પુરુષ માં આવા વિપરીત પ્રયોગ કરીએ તો પણ પ્રામાણ્ય દૂર થતું નથી. તેથી વાક્યના પ્રમાણ્ય અને અપ્રામાણ્ય ની વ્યવસ્થાનો ભંગ થઈ જાય છે.)

સિદ્ધાન્તી:એ અનુપપત્તિ ઇષ્ટ જ છે. તેથી શ્રીમદાચાર્યચરણે પણ "અથવા (ભગવાન્) સર્વરૂપ હોવાથી નામલીલાના વિભેદથી વિરુદ્ધ અંશનો ત્યાગ કરવાથી સર્વ જ પ્રમાણ છે" એમ શ્રીભાગવતતત્ત્વદીપમાં નિરૂપણ કરેલું છે. પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરતી વખતે અથવા અજ્ઞાન અવસ્થામાં જે પ્રમાણો છે તેનું નિરૂપણ કરેલું છે. વેદો, શ્રીકૃષ્ણવાક્યો (શ્રીમદ્ભગવદ્ગીતા), વ્યાસસૂત્રો તથા સમાધિભાષા(શ્રીમદ્ભાગવત) એ (પ્રમાણચતુષ્ટય) જ્ઞાન પ્રાપ્ત કરતી વખતે પ્રમાણ છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી વિદ્વાનને સર્વ પ્રમાણ છે. સર્વ પદાર્થમાત્ર બ્રહ્મરૂપ છે. સર્વ પદાર્થ બ્રહ્મના રૂપ છે. તેથી વહ્નિ બ્રહ્મનું રૂપ છે, તેમ અનુષ્ણપણુ પણ બ્રહ્મરૂપ છે. તેથી વહ્નિ અને અનુષ્ણ નું અધિકરણ બ્રહ્મ એક જ છે. તેથી "વહ્નિ અનુષ્ણ છે" એ વાક્યમાં પણ વિરોધ નથી. કારણ કે જ્ઞાનાવસ્થામાં સર્વ સ્થળે અખંડ બ્રહ્મનું જ ભાન થાય છે. તેથી વિરુદ્ધ

અંશની સ્ફૂર્તિ ન થવાથી તેનો ત્યાગ થઈ ચુક્યો જ છે. તેથી સર્વત્ર માત્ર અખંડ બ્રહ્મનું ભાન થાય છે. તેથી વાક્યમાત્ર પ્રમાણ છે. "પૂર્વવદ્ વા" અધિકરણમાં જણાવ્યું તે પ્રમાણે, જેમ રૂપલીલામાં નિરાકાર બ્રહ્મ પ્રથમ પુરુષરૂપ થાય છે પછી શક્તિરૂપ થાય છે અને ત્યાર પછી કાર્યરૂપ થાય છે તેમ નામ પણ ક્રમવાર ભિન્ન-ભિન્ન વાક્યરૂપ થાય છે. તેથી સર્વ વાક્ય બ્રહ્મનો જ બોધ કરે છે. તેથી વિરોધ નથી અને સર્વ વાક્ય પ્રમાણ છે.

14.મહાવાક્યાર્થનું નિરૂપણ :

તેથી જ "વાચારમ્ભણ વિકાર નામમાત્ર છે, મૃત્તિકારૂપે જ સત્ય છે" (છાન્દો.ઉપ.6।5) એમ પ્રથમ જ નિરૂપણ કર્યું. પછી પૂર્વોત્તર જડ-જીવના સદાત્મકત્વનો હેતુ "તે આત્મા" એમ મધ્યે કહ્યો. એમ જડનું બ્રહ્માત્મકત્વ કહી "તે તું છે" એમ જીવનું પણ કહ્યું. "ઉપદેશ હોવાથી વારંવાર આવૃત્તિ" (બ્રહ્મસૂ.4। 1) એ બ્રહ્મસૂત્ર હોવાથી આ ઉપદેશ છે તેથી વારંવાર કહ્યું. તેથી સમ્પૂર્ણ મહાવાક્ય ઉપદેશ છે. તેમાં જેમ 'ઐતદાત્મ્ય' એમાં સદંશમાં ભાગત્યાગલક્ષણા નથી, તેમ "તે તું છે" એમાં ચિદંશમાં પણ તે નથી એમ જાણવું. તેથી સર્વ જ બ્રહ્મવાક્ય હોવાથી તેનો એક ભાગ જ "તે તું છે" વાક્ય જ જીવ-બ્રહ્મના અભેદનો બોધ કરે છે એમ કહી શકાય નહિ, કારણ કે વાક્યભેદ થઈ જાય. વળી ઉપક્રમનો વિરોધ થાય. વળી તમારા મતમાં જીવ આભાસ હોવાથી અલીક છે તેથી "તે આત્મા" ત્યાં સુધી 'તત્' પદાર્થનું નિરૂપણ કરી, "તું નથી" એમ જ કહે પરન્તુ "તે તું છે" એમ કહે નહિ. સત્તાવાચક ધાતુનો મધ્યમ પુરુષ સાથે પ્રયોગ સમ્ભવે જ નહિ.

14.મહાવાક્યાર્થનું નિરૂપણ

સર્વ પદાર્થ બ્રહ્માત્મક છે ને તેથી એકરૂપ છે, પરન્તુ ભિન્ન-ભિન્ન કાર્ય હોવાથી ભિન્નરૂપ નથી એવો શ્રુતિનો પણ અભિપ્રાય હોવાથી છાન્દોગ્ય ઉપનિષદ્માં પ્રપાઠકના આરમ્ભમાં જ "વાચારમ્ભણ વિકાર નામમાત્ર છે મૃત્તિકારૂપે જ સત્ય છે" એમ પ્રથમ નિરૂપણ કરેલું છે. 'વાચારમ્ભણ' અર્થાત્ ઘટ-પટ વિગેરે વ્યવહાર. 'વિકાર' અર્થાત્ વિકૃતિ. એ 'નામમાત્ર' છે. તે વસ્તુ તે રૂપથી છે એમ નથી. પરન્તુ મૃત્તિકા એમ કારણરૂપથી જ સત્ય છે. તેથી અવિદ્વદ્દશામાં વસ્તુ ભિન્ન-ભિન્ન છે, પરન્તુ વિદ્વદ્દશામાં નથી. પછી પ્રપાઠકના મધ્યમાં ક્રમવાર વર્ણવેલા જડ અને જીવ સત્ય હોવાનું કારણ "તે આત્મા" એમ કહ્યું. 'તે' અર્થાત્ ભગવાન્ જડ અને જીવ ના આત્મા છે. આરોપરહિત નૈસર્ગિક સ્વરૂપ ભગવાન્ જડ અને જીવ ના

આત્મા છે. તેથી જડ અને જીવ સત્ય છે. એ પ્રમાણે જડ બ્રહ્માત્મક છે એમ કહે છે. આ સર્વ ઉપદેશ હોવાથી છાન્દોગ્ય ઉપનિષદ્ના આઠમા પ્રપાઠકમાં વારંવાર કહેલું છે એમ "ઉપદેશ હોવાથી વારંવાર આવૃત્તિ" બ્રહ્મસૂત્રથી સિદ્ધ થાય છે. તેથી "સ ય એષો અણિમૈતદાત્મ્યમ્ ઇદં સર્વં, તત્ સત્યં, સ આત્મા તત્ ત્વમ્ અસિ શ્વેતકેતો" એ સમ્પૂર્ણ મહાવાક્ય ઉપદેશ છે અને માત્ર 'તત્ત્વમસિ' એટલું જ ઉપદેશ નથી એમ સિદ્ધ થાય છે.

તેથી જેમ આ સર્વ ઐતદાત્મ્ય છે એમાં સદંશમાં તમે ભાગત્યાગલક્ષણા કરતા નથી તેમ "તે તું છે" ત્યાં ચિદંશમાં પણ તે કરવી જોઈએ નહિ. સર્વ જડ અને જીવ બ્રહ્માત્મક સિદ્ધ થાય છે, તેથી લક્ષણા વિના જ તાદાત્મ્ય સિદ્ધ થાય છે, અને સર્વ બ્રહ્મ ઉપપન્ન થવાથી પ્રતિજ્ઞા સિદ્ધ થાય છે. તેથી સર્વ બ્રહ્મ છે એમ કહેવું યોગ્ય છે, પરન્તુ ભાગત્યાગલક્ષણાથી જીવ અને બ્રહ્મ અભિન્ન છે, અને જડ અને બ્રહ્મ ભિન્ન છે એમ કહેવું ઉચિત નથી; કારણ કે એમ અર્થભેદ કરવાથી વાક્યભેદ થાય છે. રજ્જુમાં સર્પનો આભાસ થાય તે દૂર કરીએ તેમ જડમાં ભેદબુદ્ધિ થાય તે જડનો નિષેધ કરી દૂર કરવો અને 'તે તું છે' સ્થળે જીવમાં ભેદબુદ્ધિ થાય તે લક્ષણાથી દૂર કરવો, એમ ઉભય સ્થળે ભિન્ન-ભિન્ન અર્થ ભેદથી વાક્યનો ભેદ થઈ જાય છે.

વળી એ પ્રમાણે અર્થ કરવાથી ઉપક્રમવિરોધ થાય છે. "સદેવ સૌમ્ય! ઇદમ્ અગ્ર આસીત્" સૌમ્ય આ પૂર્વે સત્ જ હતું' એમ જડનું અને "સન્મૂલા: સૌમ્ય! ઇમા: પ્રજા:" સૌમ્ય! આ પ્રજાનું મૂલ સત્ છે' એમ જીવનું ઉપાદાનકારણ બ્રહ્મ છે એમ ઉપક્રમ અર્થાત્ આરમ્ભમાં કહેલું છે. પરન્તુ તમે જડ અને જીવ ને બ્રહ્મના વિવર્ત જ કહો છો. વિવર્ત એ જ ઉપાદાન એમ તમે સ્વીકારતા પણ નથી. તેથી તમારો મત આ ઉપક્રમથી પણ વિરુદ્ધ છે.

વળી તમારા મતમાં જીવ સત્ય નથી પરન્તુ આભાસ છે. જીવ આભાસ હોવાથી અલીક અર્થાત્ મિથ્યા છે. પરન્તુ એમ હોય તો શ્રુતિ "સ ય એષોડણિમૈતદાત્મ્યમ્ ઇદં સર્વં તત્ સત્યં સ આત્મા" સુધી તત્ પદાર્થ અર્થાત્ બ્રહ્મનું નિરૂપણ કરી 'ન ત્વમસિ' 'તે તું નથી' એમ કહેત, પરન્તુ 'તત્ત્વમસિ' 'તે તું છે' એમ ન કહેત. "હેયત્વાવચનાચ્ચ" સૂત્રમાં સાંખ્યનું જે દૂષણ કહ્યું તે તમારામાં પણ છે. વળી 'છે' એ સત્તાવાચક 'હો' ધાતુનું રૂપ, તમારા મત પ્રમાણે જીવ અલીક હોય તો મધ્યમ પુરુષ અર્થાત્ બીજા પુરુષને લાગી શકે જ નહિ. જીવ અલીક અર્થાત્ મિથ્યા હોવાથી 'તું છે' એમ કહી શકાય જ નહિ.

15.જગત્ આવિદ્યક નથી. બ્રહ્મ અકર્તા નથી.

વળી જેમ છીપમાં રજતની પ્રતીતિ થાય છે તેમ અવિદ્યાથી બ્રહ્મમાં આરોપિત જગતની પ્રતીતિ થાય છે એવો તમારો મત છે, તે પણ સમ્ભવતો નથી. કારણ કે આરોપમાં અધિષ્ઠાનજ્ઞાન કારણ છે. અત્ર "પરાઙ્મુખ ઇન્દ્રિયો" 2।1) એ શ્રુતિથી બ્રહ્મ અવિષય હોવાથી આરોપ ક્યાં થાય?

જગત્ જ્ઞાનથી નાશ્ય કહેલું છે અને બ્રહ્મજ્ઞાન અજ્ઞાનમાત્રનું નિવર્તક છે તેથી જગત્ને પણ અજ્ઞાનકાર્ય કહીએ છીએ.

એમ કહેવું પણ યોગ્ય નથી કારણ કે વિષ્ણુસ્મરણાદિથી અજ્ઞાનકાર્ય સિવાયના પાપ પણ નાશ પામે છે. અથવા બ્રહ્મજ્ઞાન જ અજ્ઞાનમાત્રનું નિવર્તક ભલે હોય, તે અજ્ઞાન સંસારરૂપ જ પરન્તુ પ્રપઞ્ચ નહિ, કારણ કે તે ભગવત્કાર્ય છે. તેથી સ્વરૂપાજ્ઞાન, દેહાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, અન્ત:કરણાધ્યાસ અને પ્રાણાધ્યાસ રૂપી પઞ્ચ પર્વવાળી અવિદ્યાના નાશવડે તેના કાર્યરૂપ અહન્તા-મમતારૂપ સંસારનો નાશ એ જ જ્ઞાનનું કાર્ય છે પરન્તુ પ્રપઞ્ચનો પણ નાશ (જ્ઞાનકાર્ય) નથી. નહિ તો બ્રહ્મવિત્ને સ્વપુત્રાદિનું દર્શન પણ થાય નહિ, પરન્તુ એમ નથી ઇત્યાદિ સર્વ પિતૃચરણે ભાગવતતત્ત્વદીપનિબન્ધમાં કહેલું છે તેથી અહીં વિસ્તાર કરતા નથી. વસ્તુત: બ્રહ્મજ્ઞાન અજ્ઞાનનું જ નિવર્તક નથી. કારણ કે (તેથી) "આના કર્મનો ક્ષય થાય છે" એવી શ્રુતિ-સ્મૃતિના વચનને લીધે પુણ્યપાપની પણ નિવૃત્તિ થાય છે. આના પણ અજ્ઞાનકાર્યત્વનો પ્રથમ નિરાસ કર્યો છે.

વળી અવિદ્યાનો અસત્ તરીકે સ્વીકાર કરેલો હોવાથી, અજ્ઞાનનો નાશ પણ કહી શકાય નહિ. તેથી જ બ્રહ્મને તેનો સમ્બન્ધ છે એમ પણ કહી શકાય નહિ. કારણ કે સમ્બન્ધ દ્વિનિષ્ઠ છે અને પ્રકૃતમાં તેનો અસમ્ભવ છે. તેથી કોની, કોને, શાથી પ્રતીતિ થાય? વિભાગ કરનારીના જ અભાવને લીધે, વિભાગનો પણ અભાવ જ છે તેથી જ અસત્ની જ પ્રતીતિ થાય છે એમ કહીએ છીએ. અહો સ્વપ્નપ્રતીત સૂર્યકિરણના તાપથી તપી ગએલા અને પછી ઉઠી જાગરિત દૃશાદૃષ્ટ મરુમરીચિ-જલધિના વીચિવિભ્રમવડે તેના ઉપશમના અભિમાનથી સુખિતાનું અભિમાન કરનાર મિથ્યાવાદીની મૂઢતા! કારણ કે અસત્નો પણ પ્રત્યય કરાવનારી અવિદ્યા અને તે પણ અસત્, ત્યારે પ્રત્યય કોણ કરાવે? ઇત્યાદિ પૂર્વોક્ત સાંભળીને પણ આમ બોલતાં મૂર્ખતાની સીમા ઉલ્લંઘતો નથી.

કાર્યના અનુરૂપ કારણ હોવું જોઈએ, કાર્ય તુચ્છ હોવાથી તેનું કારણ એવી જ અવિદ્યા કહીએ છીએ, ઇત્યાદિનો પણ આથી જ નિરાસ થયો. કાર્યના તુચ્છત્વ-અતુચ્છત્વનો પછી વિચાર કરીશું. હાલ તો તમારી રીતથી જ વિચાર કરીએ છીએ. કલ્પના લોકાનુસારિણી (હોવી જોઈએ). માયાવી નટ મણિમન્ત્રાદિથી આમ્ર-કદમ્બ વૃક્ષ દર્શાવે છે, તેમાં તેમણે દર્શાવેલાં આમ્રાદિ જ તત્ક્ષણ જ દૃષ્ટ થતાં બંધ થાય છે તેથી અસત્ જોયાં એમ જણાય છે; પરન્તુ તે મન્ત્રાદિસામર્થ્ય પણ અસત્ ગણાતાં નથી. એમ હોય તો આમ્રાદિનું દર્શન પણ ન

થાત, અને વિશેષ ન હોવાથી સર્વ પણ એમ દર્શાવત. તેથી તમારી માનેલી અવિદ્યાથી જગત્પ્રતીતિ અથવા જીવવિભાગ યુક્તિસહ નથી. તેથી બ્રહ્મમાં કર્તૃત્વનો નિષેધ કહી શકાય નહિ.

15.જગત્ આવિદ્યક નથી. બ્રહ્મ અકર્તા નથી

વળી છીપમાં જેમ રજતની પ્રતીતિ થાય છે તેમ બ્રહ્મમાં આરોપેલા જગતની પ્રતીતિ થાય છે એમ તમે માનો છો તે પણ સમ્ભવતું નથી, કારણ કે જ્યાં આરોપથી પ્રતીતિ થતી હોય ત્યાં અધિષ્ઠાન દૃષ્ટિગોચર થવું જોઈએ. શુક્તિ આપણે જોતા જ ન હોઈએ, શુક્તિને આપણી ચક્ષુ ઇન્દ્રિય સાથે સમ્બન્ધ જ થતો ન હોય તો તેમાં આપણને રજતની ભ્રાન્તિ કેમ થાય? તેથી જ્યાં આરોપથી પ્રતીતિ થતી હોય ત્યાં અધિષ્ઠાન પ્રત્યક્ષ હોવું જોઈએ. અહીં બ્રહ્મમાં જગતનો આરોપ છે એમ તમે કહો છો તેમાં બ્રહ્મ અધિષ્ઠાન છે તો બ્રહ્મ પ્રથમ પ્રત્યક્ષ હોવું જોઈએ. બ્રહ્મ પ્રત્યક્ષ ન હોય તો તેમાં જગતની આરોપથી પ્રતીતિ ક્યાંથી થાય? પરન્તુ વસ્તુત: બ્રહ્મ પ્રત્યક્ષ નથી. આપણી ચક્ષુ: ઇન્દ્રિયનો બ્રહ્મ સાથે સમ્બન્ધ થતો નથી. "પરાઞ્ચિ ખાનિ વ્યતૃણત્ સ્વયંભૂ:" ઇન્દ્રિયો પરાંઙ્મુખ રચી' શ્રુતિપરથી સ્પષ્ટ થાય છે કે આપણી ઇન્દ્રિયને બ્રહ્મ સાથે સમ્બન્ધ નથી. તેથી બ્રહ્મ સાથે ચક્ષુ: ઇન્દ્રિયનો સન્નિકર્ષ નહિ હોવાથી, બ્રહ્મમાં આરોપથી જગતની પ્રતીતિ થાય છે એમ કહી શકાય નહિ.

પૂર્વપક્ષી:જગતની પ્રતીતિનો બ્રહ્મના જ્ઞાનથી નાશ થાય છે. બ્રહ્મજ્ઞાન સર્વ અજ્ઞાન તથા તેના કાર્યને દૂર કરનાર છે. બ્રહ્મજ્ઞાન અજ્ઞાનકાર્યને દૂર કરે છે અને તે જગતની પ્રતીતિને પણ દૂર કરે છે તેથી જગતની પ્રતીતિ અજ્ઞાનનું કાર્ય છે એમ અમે કહીએ છીએ.

સિદ્ધાન્તી:બ્રહ્મજ્ઞાન માત્ર અજ્ઞાનના કાર્યને જ દૂર કરે છે એમ નથી. પરન્તુ "ન માં કર્માણિ લિમ્પન્તિ ન મે કર્મફલે સ્પૃહા. ઇતિ માં યો અભિજાનાતિ કર્મભિ: ન સ બધ્યતે" 'મને કર્મ લેપતા નથી, મને કર્મના ફલની સ્પૃહા નથી એમ જે મને જાણે છે તે કર્મથી બંધાતો નથી' વિગેરે સ્મૃતિથી એમ સ્પષ્ટ જણાય છે કે અજ્ઞાનનું કાર્ય ન હોય એવા કર્મના બંધ અથવા પાપની પણ નિવૃત્તિ જ્ઞાન કરે છે. વિષ્ણુસ્મરણ અને જ્ઞાન પાપની પણ નિવૃત્તિ કરે છે. પાપ અજ્ઞાનનું કાર્ય નથી. પાપ પણ અજ્ઞાનનું કાર્ય માનો તો વિષ્ણુસ્મરણ અથવા જ્ઞાન થાય ત્યારે પાપ દૂર થાય તેમ પ્રપઞ્ચ વિગેરે પણ દૂર થવા જોઈએ અને તેથી જગતની પ્રતીતિ થવી જોઈએ નહિ. પરન્તુ વિષ્ણુસ્મરણ અને જ્ઞાન પછી પણ પ્રપઞ્ચ અથવા જગતની પ્રતીતિ થાય છે.

પૂર્વપક્ષી:(જ્ઞાન અથવા વિષ્ણુસ્મરણ થી અજ્ઞાનના સર્વ કાર્ય નિવૃત્ત થતા નથી. પાપ દૂર થાય છે, પરન્તુ જગતની પ્રતીતિ દૂર થતી નથી; પણ બ્રહ્મજ્ઞાનથી અજ્ઞાનના સર્વ કાર્ય જગતની પ્રતીતિ વિગેરે દૂર થાય છે).

સિદ્ધાન્તી:ભલે માત્ર બ્રહ્મજ્ઞાન જ અજ્ઞાનને દૂર કરનાર હોય પરન્તુ બ્રહ્મજ્ઞાનથી દૂર થતું અજ્ઞાન તે સંસાર જ છે, પ્રપઞ્ચ નહિ. પ્રપઞ્ચ અથવા જગત્ ભગવાન્નું કાર્ય છે, તે

બ્રહ્મજ્ઞાનથી દૂર થાય નહિ. તેથી સ્વરૂપાજ્ઞાન, દેહાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, અન્ત:-કરણાધ્યાસ અને પ્રાણાધ્યાસ એ પાંચ પ્રકારની અવિદ્યાનો નાશ થાય ત્યારે તે અવિદ્યાના કાર્ય અહન્તા-મમતાનું નિરૂપણ કરનાર સંસારનો જ નાશ થાય, પરન્તુ જગતનો પણ નાશ થાય નહિ. બ્રહ્મજ્ઞાનથી સંસાર દૂર થાય છે પણ જગતનો નાશ થતો નથી. જગતનો પણ બ્રહ્મજ્ઞાનથી નાશ થતો હોય તો બ્રહ્મજ્ઞાનીઓને પોતાના પુત્ર વિગેરેનું દર્શન પણ થાય નહિ. બ્રહ્મજ્ઞાનીઓ પોતાના સ્ત્રી-પુત્ર ઇત્યાદિને જોઈ પણ શકે નહિ. પરન્તુ એમ થતુ નથી. બ્રહ્મજ્ઞાનીઓ પોતાના સ્ત્રી, પુત્ર વિગેરેને જોઈ શકે છે. તેથી બ્રહ્મજ્ઞાનથી જગતનો અથવા પ્રપઞ્ચનો પણ નાશ થાય છે એમ કહી શકાય નહિ. આ સર્વ ભાગવતતત્ત્વદીપ નિબન્ધમાં શ્રીમદાચાર્યચરણે વિસ્તારથી સમજાવેલું છે તેથી તેનો અહીં વિસ્તાર કર્યો નથી.

વસ્તુત: બ્રહ્મજ્ઞાન માત્ર અજ્ઞાન અને તેના કાર્યોને જ દૂર કરતું નથી પરન્તુ "ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ" કર્મનો ક્ષય થાય છે' શ્રુતિ અનુસાર પુણ્ય-પાપનો પણ નાશ કરે છે. પુણ્ય-પાપ પણ અજ્ઞાનના કાર્ય છે, એમ કહી શકાય નહિ એ પ્રથમ જ સિદ્ધ કરી ગયા છીએ.

વળી અવિદ્યાને પણ તમે અસત્ય અથવા મિથ્યા માનો છો તેથી તેનો નાશ બ્રહ્મજ્ઞાનથી થાય છે; એમ પણ તમે કહી શકો નહિ. કારણ કે જે પદાર્થ છે જ નહિ તેનો નાશ ક્યાંથી થાય? વળી અવિદ્યાને મિથ્યા કહો છો તેથી જ તેને અને બ્રહ્મને કાંઈ સમ્બન્ધ પણ સિદ્ધ કરી શકાય નહિ; કારણ કે સમ્બન્ધ બે પદાર્થમાં હોય છે. એક જ પદાર્થમાં સમ્બન્ધ સમ્ભવતો નથી. બ્રહ્મ એક પદાર્થ છે પરન્તુ અવિદ્યા અસત્ય અથવા મિથ્યા હોવાથી બે પદાર્થ થતા નથી. તેથી સમ્બન્ધ પણ સમ્ભવતો નથી. અવિદ્યાને અને બ્રહ્મને સમ્બન્ધ નહિ હોવાથી "અવિદ્યાથી બ્રહ્મ અનેક હોય તેમ ભાસે છે ને બે ત્રણ વિગેરે સઙ્ખ્યાવાળું થઈ જીવ કહેવાય છે" એ તમારું જીવનું સ્વરૂપ સમ્ભવતું નથી. જીવનું સ્વરૂપ જ સમ્ભવતું નથી તો પછી કયા પુરુષને કયા પદાર્થની કયા રૂપથી પ્રતીતિ થાય? વિભાગ કરનારી અવિદ્યા જ મિથ્યા હોવાથી વિભાગ પણ થતો નથી.

પૂર્વપક્ષી:વિભાગ કરનારી અવિદ્યા મિથ્યા છે, અને તેથી જ વિભાગ પણ અસત્ય છે. અમે પણ આ જ કારણથી અસત્ની જ પ્રતીતિ થાય છે એમ કહીએ છીએ.

સિદ્ધાન્તી:અહો મિથ્યાવાદીની મૂઢતા! સ્વપ્નામાં જોએલા સૂર્યના કિરણના તાપથી તપી જઈ પછી જાગી ઉઠી, જાગતાં દેખાએલા ઝાંઝવાના જળના સાગરના મોજાઓના વિભ્રમથી સ્વપ્નમાં થએલા તાપની શાન્તિના અભિમાનથી સુખનું કેવું અભિમાન ધરાવે છે! અસત્ય અથવા મિથ્યા માત્ર આભાસરૂપ જીવનો પ્રત્યય કરાવનારી અવિદ્યા છે, અને તે પોતે પણ મિથ્યા છે, ત્યારે પ્રત્યય કોણ કરાવે? એમ પ્રથમ કહ્યું તે સાંભળીને પણ આ પ્રમાણે કહેતાં મૂર્ખતાની હદ બહાર જતો નથી! આથી જ "કાર્યના જેવું કારણ હોવું જોઈએ, તેથી કાર્ય તુચ્છ હોવાથી તેનું કારણ પણ તેવી જ અવિદ્યા છે એમ કહીએ છીએ" એનો પણ નિરાસ થાય છે. કાર્ય જગત્ તુચ્છ છે કે નહિ તે આપણે પછી વિચારીશું. વસ્તુત: જગત્

તુચ્છ નથી એ પછી સિદ્ધ કરીશું. હાલ તો તમારા મત પ્રમાણે જગત્ તુચ્છ સ્વીકારીને જ તમારો મત યોગ્ય છે કે નહિ તેનો વિચાર કરીએ છીએ.

કાર્ય તુચ્છ હોય તો કારણ પણ તુચ્છ જ કલ્પવું જોઈએ એવો નિયમ નથી. જે કલ્પના કરીએ તે લોકને અનુસરીને કરવી જોઈએ. લોકમાં માયાવી નટ વિગેરે પુરુષો મણિ અથવા મન્ત્ર થી આંબા-કદમ્બ વિગેર વૃક્ષો અલ્પ સમયમાં દર્શાવે છે. ત્યાં આંબો અથવા કદમ્બ મિથ્યા છે એમ આપણે કહીએ છીએ, કારણ કે તે જ ક્ષણે તે દેખાતા બંધ થાય છે. પરન્તુ તે વૃક્ષ દર્શાવનાર મન્ત્રનું સામર્થ્ય મિથ્યા છે એમ આપણે કહેતા નથી, અને કહી શકીએ પણ નહિ, કારણ કે મન્ત્ર અને તેનું સામર્થ્ય મિથ્યા હોય તો આંબો અથવા કદમ્બ દેખાય જ નહિ, અને માયાવી અને સામાન્ય પુરુષમાં કાંઈ પણ ભેદ નહિ રહેવાથી સર્વ પુરુષો આંબો અને કદમ્બ દેખાડી શકે. પરન્તુ તેમ થતું નથી; તેથી મન્ત્ર અને તેનું સામર્થ્ય સત્ય છે, તેનું કાર્ય આમ્બો અને કદમ્બ મિથ્યા છે. તેથી કાર્ય તુચ્છ હોય તો પણ તેનું કારણ સત્ય હોઈ શકે છે. તેથી તમારી માનેલી મિથ્યા અવિદ્યાથી જગતની પ્રતીતિ અથવા જીવનો વિભાગ યુક્તિપૂર્વક નથી. તેથી બ્રહ્મ કર્તૃ નથી એમ પણ કહી શકાય નહિ.

આ પ્રમાણે અવિદ્યા તુચ્છ સ્વીકારવા છતાં તેનાથી જગત્પ્રતીતિ વિગેરે તેના કાર્ય થતાં નથી એમ દર્શાવી "ઉપાધિ નહિ હોવાથી" એ હેતુ સિદ્ધ કર્યો. તેમાં મહાવાક્યમાં ભાગત્યાગલક્ષણા નથી પરન્તુ જીવ અને બ્રહ્મ નો અભેદ છે એમ કહ્યું. પરન્તુ જીવનું સ્વરૂપ વર્ણવ્યું નથી. તેથી જીવ અને બ્રહ્મ નો અભેદ ઉચિત નથી એમ માની પોતાનો મત દૃઢ કરવા પુન: પૂર્વપક્ષી શંકા કરે છે.

16.જીવ-બ્રહ્મનો અભેદ નથી. બ્રહ્મનું કર્તૃત્વ ઉપાધિપ્રયુક્ત નથી.

પૂર્વપક્ષ:શુદ્ધ બ્રહ્મજ જગત્નું કારણ ભલે હો. તેની સાથે જીવના અભેદનો શ્રુતિ ક્યા પ્રકારે બોધ કરે છે? કારણ કે ઉભય પરસ્પર વિરુદ્ધધર્મવાળા છે. અને પરમાર્થત: ભિન્નનો અભેદ સમ્ભવે નહિ. ભેદ ઔપાધિક હોવાથી તે દૂર થાય ત્યારે અભેદ સમ્ભવે છે એમ પણ ન કહેવાય કારણ કે પૂર્વોક્ત ન્યાયથી ઉપાધિથી જ કહી શકાય નહિ તાત્ત્વિકભેદવાળા પણ જલ મળે ત્યારે અભેદ પ્રતીયમાન થાય છે તેમ પ્રકૃતમાં પણ "નામ-રૂપ (તજી) પ્રવેશ કરેલી નદીઓ પેઠે" એ વાક્યથી બ્રહ્મસમ્બન્ધ થાય ત્યારે જીવ બ્રહ્મથી ભિન્ન પ્રતીયમાન થતો નથી એવા આશયથી શ્રુતિ અભેદનો બોધ કરે છે એમ પણ ન કહેવાય; કારણ કે અનન્ત્યાવયવિ, સાવયવિ અને એકજાતીય દ્રવ્ય હોવાથી ઉભય જલ એક સ્વસજાતીય કાર્ય ઉત્પન્ન કરે છે તેથી તેમનું અભેદદર્શન યોગ્ય છે, પરન્તુ પ્રકૃતમાં ઉભય પણ મહત્ હોવાથી નિરવયવ છે અને તેથી કાર્યારમ્ભ કરી શકે નહિ. તેથી "આ આત્મા અવિનાશી અને અનુચ્છિત્તિ-ધર્મવાળો છે" શ્રુતિને લીધે તેના નાશનો અસમ્ભવ હોવાથી એમ કહી શકાય નહિ. વળી જીવબ્રહ્મને ક્યા પ્રકારનો સમ્બન્ધ છે? સંયોગ તો નહિ, કારણ કે ઉભય વિભુ

હોવાથી તેનો અંગીકાર થતો નથી. સમવાય (પણ) નહિ, કારણ કે ઉભય અનાશ્રિત છે. સ્વરૂપસમ્બન્ધ પણ નહિ, કારણ કે તે સર્વ દિશામાં હોવાથી જીવ સર્વદા અનુપલબ્ધ જ રહે. વળી જીવ અણુ ગણીએ તો પણ બ્રહ્મ વ્યાપક હોવાથી સકલ જીવનો સમ્બન્ધ સાર્વદિક હોવાથી તે કદાપિ પ્રતીત થાય નહિ. "બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે" (મુણ્ડકોપ.3।9) ઇત્યાદિ શ્રુતિ બ્રહ્મ-સાક્ષાત્કાર પછી જ જીવના બ્રહ્મભાવનું પ્રતિપાદન કરે છે તેથી જ્ઞાતૃ-જ્ઞેયભાવ જ સમ્બન્ધ છે એમ પણ ન કહેવાય; કારણ કે આ પારમાર્થિક ભેદ દૂર કરી શકે નહિ. અન્યથા દેવદત્ત અને વિષ્ણુમિત્ર નો પણ અભેદ થઈ જાય. વળી સમ્બન્ધ દ્વિનિષ્ઠ હોવાથી સંસારી જીવને પણ બ્રહ્મ જાણે છે તેથી એવા જીવમાં પણ જ્ઞાતૃત્વસમ્બન્ધ હોવાથી તેનો પણ અભેદ થાય. બ્રહ્મ નિરૂપણ કરનાર જ્ઞાતૃત્વ જ અભેદસાધક છે એમ પણ નહિ. કારણ કે "જ્યાંથી વાણી મનની સાથે પહોંચ્યા વિના નિવર્તે છે" (તૈત્તિ.ઉપ.2। "અદૃશ્ય દૃષ્ટૃ" ઇત્યાદિ શ્રુતિ બ્રહ્મના જ્ઞેયત્વનો નિષેધ કરે છે. જીવ-બ્રહ્મનો અભેદ તાદાત્મ્યરૂપ પણ નથી, કારણ કે તે ધર્મ-ધર્મિભાવમાં હોય છે, અને અહીં તે સમ્ભવતો નથી. પારમાર્થિક ભેદવાળાનો પારમાર્થિક અભેદ સમ્ભવતો નથી એમ કહેલું છે. વળી એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા અનુપપન્ન છે. આથી જ ચેતનત્વ વિગેરે ધર્મથી સારૂપ્ય હોવાથી અભેદ ઔપચારિક જ કહેલો છે એનો પણ નિરાસ થયો. બ્રહ્મ વિકારી હોવાથી પ્રતિજ્ઞાની ઉપપત્તિ કહેવાય નહિ, કારણ કે શ્રુતિ તેને અવિકારી કહે છે. "કદાચિત્ જન્મતો નથી અથવા મૃત્યુ પામતો નથી" ઇત્યાદિ વાક્યથી જીવ પણ વિકારી નથી. બ્રહ્મ નિરવયવ હોવાથી જીવ બ્રહ્મનો અંશ પણ કહેવાય નહિ. "નાનાવ્યપદેશને લીધે જીવ બ્રહ્મનો અંશ છે" (બ્રહ્મસૂ.2।3) તત્ત્વસૂત્રાદિ ઔપચારિક અંશત્વ કહે છે. મુખ્યમાં બાધક કહ્યું જ છે. તેથી બ્રહ્મનો વિભાગ કરનારી ઉપાધિ જ જીવ છે એમ અભેદનો બોધ કરનારી શ્રુતિના અનુરોધથી માનવું જોઈએ. ઉક્ત ન્યાયથી અવિદ્યાનું ઉપાધિત્વ સમ્ભવતું નથી તેથી એમ કહેવાય નહિ એમ ન કહેવાય; કારણ કે શ્રૌતાનુપપત્તિ બલિષ્ઠ છે. તેથી ઉપહિતના જ અભેદનો અસમ્ભવ હોવાથી અભેદ સિદ્ધિ માટે ઉપાધિનું પણ પ્રાતીતિક જ સત્ત્વ સ્વીકારવું. કારણ કે પારમાર્થિક સત્ત્વ હોય તો જ્ઞાનથી નાશ થવાનો સમ્ભવ રહે નહિ. તેથી "જ્યાં દ્વૈત જેવું હોય તો એક બીજાને જુએ" ઇત્યાદિથી અવિદ્યાવસ્થામાં જ દ્વૈતદર્શન કહી, તેના અભાવની દશામાં "જ્યાં આનું સર્વ આત્મા જ થયું ત્યાં કોનાથી કોને જુએ?" ઇત્યાદિથી શ્રુતિ તેનો નિષેધ કરે છે. તેથી પ્રપઞ્ચ પણ આવિદ્યક સિદ્ધ થાય છે, અને "જેમાંથી આ ભૂતો" ઇત્યાદિથી બ્રહ્મ પ્રપઞ્ચનું કર્તૃ છે એમ કહે છે, તેથી ઉભયના સામંજસ્ય માટે અવિદ્યોપહિત જ બ્રહ્મ જગત્નું કારણ કહીએ. તેથી જ "આનાથી અન્ય દ્રષ્ટા નથી" (બૃહદા.ઉપ.3।23) ઇત્યાદિ શ્રુતિ પણ ઉપપન્ન થાય છે.

16.જીવ-બ્રહ્મનો અભેદ નથી. બ્રહ્મનું કર્તૃત્વ ઉપાધિપ્રયુક્ત નથી

પૂર્વપક્ષી:શુદ્ધ જ બ્રહ્મ જગતનું કારણ ભલે હોય પરન્તુ શ્રુતિ તેનો અને જીવનો અભેદ છે એમ બોધ કરે છે એ સમ્ભવતું નથી. જીવ અને બ્રહ્મ

1.એકરૂપ છે તેથી તેમનો અભેદ છે? અથવા
2.તેમનામાં ભેદ નથી તેથી અભેદ છે? અથવા
3.આવિર્ભાવરૂપથી અભેદ છે અથવા
4.બ્રહ્મનો સમ્બન્ધ થાય ત્યારે તેમના અભેદની પ્રતીતિ થાય છે તેથી અભેદ છે? અથવા
5.જીવ અને બ્રહ્મ ને તાદાત્મ્યસમ્બન્ધ છે તેથી અભેદ છે? અથવા
6.અવિનાભાવથી અભેદ છે? અથવા
7.ઉપચારથી અભેદ છે? અથવા
8. જીવ બ્રહ્મનો અંશ હોવાથી અભેદ છે?

આ આઠમાંથી એક પણ પ્રકારનો જીવ અને બ્રહ્મ માં અભેદ નથી.

1.જીવ અને બ્રહ્મ એકરૂપ નથી; કારણ કે ઉભયના ધર્મ પરસ્પર વિરુદ્ધ છે. તેથી પ્રથમ પ્રકારનો અભેદ નથી.

2.બીજા પ્રકારનો અભેદ પણ સમ્ભવતો નથી કારણ કે પરમાર્થરીતે જે ભિન્ન હોય તેમાં ભેદ ન હોય એ સમ્ભવતું નથી. ભેદ ઉપાધિથી થએલો છે ને ઉપાધિ દૂર થાય ત્યારે ભેદ રહેશે નહિ તેથી અભેદ છે એમ પણ કહેવાય નહિ; કારણ કે પ્રથમ તમે કહ્યું તે જ ન્યાયથી ઉપાધિ જ સિદ્ધ થઈ શકે નહિ. તેથી ભેદ નહિ હોવાથી અભેદ છે એમ પણ કહેવાય નહિ.

3-4.તાત્ત્વિક ભેદવાળા પણ બે જલ મળે ત્યારે તેમનો અભેદ જણાય છે તેમ અહીં પણ "નામરૂપ તજી પ્રવેશ કરેલી નદીઓ પેઠે" એ ન્યાયે જીવ અને બ્રહ્મ નો જ્યારે સમ્બન્ધ થાય ત્યારે જીવ બ્રહ્મથી ભિન્ન દેખાતો નથી તેથી અભેદ છે. "નામરૂપ તજી" એ શ્રુતિ જ અભેદનો બોધ કરે છે એમ પણ કહેવાય નહિ; કારણ કે બે જલ અનન્ત્યાવયવિ અર્થાત્ પરમાણુરૂપ અને સાવયવિ અર્થાત્ દ્વ્યણુક આદિરૂપ અવયવોવાળા અને એક જાતના દ્રવ્ય છે, તેથી ઉભય મળી એક તેમની જાતનું કાર્ય ઉત્પન્ન થાય છે. તેથી તેમનો અભેદ જણાય છે. અહીં તેમની જાતનું કાર્ય ઉત્પન્ન થાય છે અથવા આવિર્ભાવ પામે છે તેથી અભેદ જણાય છે અને બે જલ મળવાથી અભેદ જણાય છે. પરન્તુ જીવ અને બ્રહ્મ નો વિચાર કરતાં આ હેતુઓ નિરર્થક છે. જીવ અને બ્રહ્મ ઉભય મહત્ અથવા વિભુ છે. વિભુ હોવાથી તે અવયવરહિત છે. અવયવરહિત હોવાથી તે કોઈ કાર્ય ઉત્પન્ન કરતા નથી. તેથી તેમનાથી કોઈ કાર્ય ઉત્પન્ન ન થવાથી અથવા આવિર્ભાવ ન પામવાથી તેમનો અભેદ સિદ્ધ થતો નથી. અવયવરહિત પદાર્થનું કાંઈ કાર્ય થઈ શકે નહિ. તેથી જીવ અને બ્રહ્મ ને અવયવવાળા કહો તો તે પણ ઉચિત નથી; કારણ કે જીવ અને બ્રહ્મ નો નાશ થતો નથી, પરન્તુ અવયવવાળા સર્વ પદાર્થનો નાશ થાય છે. "રે આ આત્મા અવિનાશી અને અનુચ્છિત્તિધર્મવાળો છે" શ્રુતિથી આત્મા નાશરહિત હોવાથી અવયવવાળો સમ્ભવતો નથી.

વળી જીવ અને બ્રહ્મ ને સમ્બન્ધ હોય તો તેમનો અભેદ સમ્ભવે પણ તેમને સમ્બન્ધ જ નથી. જીવ અને બ્રહ્મ ને કયા પ્રકારનો સમ્બન્ધ છે? તેમનામાં સંયોગસમ્બન્ધ નથી; કારણ કે જીવ અને બ્રહ્મ ઉભય વિભુ અર્થાત્ સર્વવ્યાપક હોવાથી તેમનામાં સંયોગસમ્બન્ધ

સમ્ભવતો નથી. સમવાયસમ્બન્ધ પણ નથી; કારણ કે ઉભય આશ્રયરહિત છે. અયુતસિદ્ધ બે પદાર્થમાં જ સમવાય સમ્ભવે. નાશ પામતી ક્ષણ વિના જે બેમાંથી એક બીજાનો આશ્રય કરીને જ રહેલું હોય તે અયુતસિદ્ધ કહેવાય. અહીં જીવ અને બ્રહ્મ ઉભય નિરાશ્રિત અર્થાત્ આશ્રયરહિત છે, તેથી તે અયુતસિદ્ધ નથી અને તેમનામાં સમવાયસમ્બન્ધ નથી. તેમનામાં સ્વરૂપસમ્બન્ધ પણ નથી, કારણ કે બ્રહ્મ અને જીવ વિભુ હોવાથી જો તેમનામાં સ્વરૂપસમ્બન્ધ હોય તો તે સર્વ દિશામાં રહેલો હોવો જોઈએ અને તેથી બ્રહ્મ-જીવ એક હોવાથી બ્રહ્મની પેઠે જીવની કદાપિ પણ ઉપલબ્ધિ થવી જોઈએ નહિ. જીવને અણુ માનીએ તો પણ બ્રહ્મ વિભુ અર્થાત્ સર્વવ્યાપક હોવાથી બ્રહ્મ અને સર્વ જીવનો સમ્બન્ધ સર્વ દિશામાં રહેલો હોવાથી તે કદાપિ પણ પ્રતીયમાન થાય નહિ. તેથી બ્રહ્મ અને જીવ માં સ્વરૂપસમ્બન્ધ નથી. "બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે" શ્રુતિન્યાયે બ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી જ જીવ બ્રહ્મ થાય છે તેથી જીવ અને બ્રહ્મમાં જ્ઞાતૃજ્ઞેયભાવ જ સમ્બન્ધ છે એમ પણ કહેવાય નહિ; કારણ કે જીવ અને બ્રહ્મ નો ભેદ પારમાર્થિક છે અને જ્ઞાતૃજ્ઞેયભાવ સમ્બન્ધ પારમાર્થિક ભેદ દૂર કરી શકે નહિ. આવા સમ્બન્ધથી અભેદ સિદ્ધ થાય નહિ. જો જ્ઞાતૃજ્ઞેયભાવ સમ્બન્ધથી અભેદ સિદ્ધ થતો હોય તો કોઈ બે પુરુષ દેવદત્ત અને વિષ્ણુમિત્ર માં પણ જ્ઞાતૃજ્ઞેયભાવ હોય તો તેમનામાં પણ અભેદ હોવો જોઈએ; પરન્તુ જ્ઞાતૃજ્ઞેયભાવવાળા પુરુષોમાં અભેદ દેખાતો નથી. તેથી જ્ઞાતૃજ્ઞેયભાવ સમ્બન્ધથી અભેદ સિદ્ધ થતો નથી. જ્ઞાતૃજ્ઞેયભાવ સમ્બન્ધથી અભેદ સિદ્ધ થતો હોય તો સંસારી જીવને પણ બ્રહ્મ જાણે છે તેથી બ્રહ્મ અને સંસારી જીવમાં પણ જ્ઞાતૃજ્ઞેયભાવ સમ્બન્ધ હોવાથી તેમનામાં પણ અભેદ હોવો જોઈએ. બ્રહ્મ જીવને જાણે તેથી અભેદ સિદ્ધ થાય નહિ, પરન્તુ જીવ બ્રહ્મને જાણે ત્યારે તેમનો અભેદ સિદ્ધ થાય છે એમ પણ કહેવાય નહિ. કારણ કે "જ્યાંથી વાણી મનસહિત પહોંચ્યા વિના પાછી ફરે છે" 'અદૃશ્ય દૃષ્ટૃ' વિગેરે શ્રુતિઓ સ્પષ્ટ કથે છે કે બ્રહ્મ જ્ઞેય નથી. બ્રહ્મ જ્ઞેય ન હોવાથી બ્રહ્મનું જ્ઞાન જીવને થાય નહિ. તેથી એ પ્રકારનો જ્ઞાતૃજ્ઞેયભાવસમ્બન્ધ તેમનામાં સમ્ભવતો નથી.

5.બ્રહ્મ અને જીવ નો અભેદ તાદાત્મ્ય પ્રકારનો નથી; કારણ કે તાદાત્મ્ય સમ્બન્ધ ધર્મ અને ધર્મી માં રહેલો છે. જીવ બ્રહ્મનો ધર્મ નથી. જીવ અને બ્રહ્મ માં ધર્મ-ધર્મિભાવ નથી, તેથી તેમનામાં તાદાત્મ્ય સમ્બન્ધ પણ નથી. વળી તાદાત્મ્ય પ્રકારનો અભેદ એટલે પારમાર્થિક અભેદ. પરમાર્થત: ભિન્ન જીવ અને બ્રહ્મ માં પારમાર્થિક અભેદ સમ્ભવતો નથી એમ પ્રથમ જ કહી ચુક્યા છીએ.

6.જીવ અને બ્રહ્મ માં અવિનાભાવથી અભેદ પણ નથી. અવિનાભાવ અર્થાત્ છૂટા ન પડાય એવો સમ્બન્ધ. બ્રહ્મ અને જીવ માં અવિનાભાવ સમ્બન્ધ હોવાથી અભેદ છે એમ પણ કહેવાય નહિ; કારણ કે તેમનામાં અવિનાભાવ સમ્બન્ધ જ હોય તો એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન થાય એ પ્રતિજ્ઞા ઉપપન્ન થાય નહિ. કેમકે જીવને અને બ્રહ્મને માત્ર અવિનાભાવ

સમ્બન્ધ હોય તો માત્ર બ્રહ્મના જ્ઞાનથી જીવનું જ્ઞાન થાય નહિ. અને તેથી એકના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય એ પ્રતિજ્ઞાનો ભંગ થાય.

7.આજ કારણે જીવ અને બ્રહ્મ માં ચેતનપણુ વિગેરે ધર્મ સમાન હોવાથી તેમનામાં ઔપચારિક અભેદ છે એમ પણ કહેવાય નહિ; કારણ કે વસ્તુત: જીવ અને બ્રહ્મ માં અભેદ ન હોય, પરન્તુ માત્ર સમાનધર્મને લીધે ઔપચારિક અભેદ જ હોય તો બ્રહ્મના જ્ઞાનથી જીવનું જ્ઞાન થાય નહિ. અને એકના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય એ પ્રતિજ્ઞાનો ભંગ થાય. જીવ બ્રહ્મનો વિકાર છે અને તેથી એકના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય એ પ્રતિજ્ઞા પૂરી પડે છે એમ પણ કહેવાય નહિ, કારણ કે બ્રહ્મ વિકારી નથી. "નિષ્કલ, નિષ્ક્રિય, શાન્ત, નિરવદ્ય, નિરઞ્જન, અમૃતનો પરસેતુ, દગ્ધ ઇંધનવાળા અગ્નિ જેવું" શ્રુતિ બ્રહ્મ અવિકારી છે એમ સ્પષ્ટ ઉપદેશ કરે છે. બ્રહ્મમાં વિકાર નથી એટલું જ નહિ પરન્તુ "કદાપિ પણ જન્મતો નથી અથવા મૃત્યુ પામતો નથી" વિગેરે વાક્યોથી જીવમાં પણ વિકાર નથી એમ સિદ્ધ થાય છે.

8.જીવ બ્રહ્મનો અંશ છે એમ પણ કહેવાય નહિ; કારણ કે બ્રહ્મ અવયવરહિત છે તેથી તેને અંશ હોઈ શકે નહિ. "નાના વ્યપદેશને લીધે જીવ બ્રહ્મનો અંશ છે" તત્ત્વસૂત્ર વિગેરે જીવને બ્રહ્મનો અંશ કહે છે. પરન્તુ એ અંશપણું ઔપચારિક જ છે, કારણ કે વસ્તુત: જો જીવ બ્રહ્મનો અંશ હોય તો બ્રહ્મ અવયવરહિત હોઈ શકે નહિ એમ પ્રથમ કહેલું છે.

તેથી આમાંથી કોઈ પણ રીતે જીવ અને બ્રહ્મ નો અભેદ સિદ્ધ થતો નથી. તેથી અભેદ સિદ્ધ કરવા જીવ બ્રહ્મનો વિભાગ કરનારી ઉપાધિ જ છે એમ સ્વીકારવું જોઈએ; કારણ કે એમ સ્વીકારીએ નહિ તો અભેદનો બોધ કરનારી શ્રુતિ વ્યર્થ થાય. તમે પ્રથમ કહ્યું તે પ્રમાણે અવિદ્યા ઉપાધિ સમ્ભવતી નથી પરન્તુ શ્રૌતાનુપપત્તિ સર્વથી બલવતી છે. ઉપાધિ સમ્ભવતી ન હોય પરન્તુ શ્રુતિ વ્યર્થ ન થાય તે માટે તેની કલ્પના અવશ્ય કરવી જોઈએ. વળી તે જ કારણથી અર્થાત્ અભેદની અન્યથા સિદ્ધિ થતી નથી અને સિદ્ધિ ન થાય તો શ્રુતિ વ્યર્થ થાય તે માટે ઉપાધિ પણ પ્રાતીતિક જ છે સત્ય નથી એમ સ્વીકારવું જોઈએ; કારણ કે ઉપાધિ સત્ય હોય તો ઉપહિત બ્રહ્મ અને જીવ નો અભેદ સમ્ભવે નહિ. તેથી અભેદ ઘટાવવા ઉપાધિ પ્રાતીતિક જ સ્વીકારવી જોઈએ. ઉપાધિ સત્ય હોય તો જ્ઞાનથી તેનો નાશ પણ સમ્ભવે નહિ. જ્ઞાનથી નાશ થતી ઉપાધિ અસત્ય હોવાથી તેનું કાર્ય પ્રપઞ્ચ પણ અસત્ય જ છે. "જ્યાં દ્વૈત જેવું હોય ત્યાં એક બીજાને જુએ" શ્રુતિ માત્ર અવિદ્યાવાળી અવસ્થામાં જ દ્વૈતદર્શન થાય છે એમ કહે છે, અને "જ્યાં આનું સર્વ આત્મા જ થયું ત્યાં કોનાથી કોને જુએ" શ્રુતિ જ્ઞાનવાળી અવસ્થામાં દ્વૈતદર્શન થતું નથી એમ કહે છે. તેથી દ્વૈતદર્શન વસ્તુત: મિથ્યા છે ને પ્રપઞ્ચ પણ અવિદ્યાથી જ થાય છે એમ સિદ્ધ થાય છે. વળી "જ્યાંથી આ ભૂતો" ઇત્યાદિ શ્રુતિ પ્રપઞ્ચનું કર્તૃ બ્રહ્મ છે એમ કહે છે. તેથી સર્વ શ્રુતિની ઘટના કરતાં અવિદ્યા ઉપાધિવાળું જ બ્રહ્મ જગત્નું કારણ છે એમ માનવું જોઈએ. આ પ્રમાણે માનવાથી "આનાથી બીજું કોઈ દ્રષ્ટા નથી" વિગેરે શ્રુતિની પણ ઉપપત્તિ થાય છે. ઉપાધિવાળા બ્રહ્મ વિના અન્ય કોઈ દ્રષ્ટા નથી એમ તે શ્રુતિ કહે છે તેથી ઉપાધિવાળું બ્રહ્મ જ દ્રષ્ટૃ, જગત્કર્તૃ વિગેરે છે એમ સિદ્ધ થાય છે.

17.જીવ બ્રહ્મનો અંશ: સિદ્ધાન્ત:અહીં કહીએ છીએ :

શ્રુતિતસ્તત્ત્વસૂત્રૈશ્ચ સ્મૃતિભ્યશ્ચાંશ એવ સ:।
સ્વાર્થે પ્રમાણ્યતસ્તેષાં તેભ્ય એવાણુરેવ ચ॥

શ્રુતિથી તત્ત્વસૂત્રોથી અને સ્મૃતિથી જીવ અંશ જ છે અને તેમનું સ્વાર્થમાં પ્રામાણ્ય હોવાથી તેમનાથી જ (તે) અણુ જ છે.

જીવ આવિદ્યક હોત તો એમ થાત, પરન્તુ એમ નથી, પણ પારમાર્થિક છે. અભેદનો બોધ કરનારી શ્રુતિની અનુપપત્તિથી પણ એમ નથી, કારણ કે અંશાંશિ-ભાવથી જ તે ઉપપન્ન થાય છે. નિરવયવત્વ બાધક કહેલું છે. ખરે, કહેલું છે. ત્યાંજ આ વિચાર કરીએ છીએ. બ્રહ્મસ્વરૂપ અને જીવસ્વરૂપ શ્રુતિગમ્ય છે કે લૌકિક પ્રમાણગમ્ય છે? એમાં દ્વિતીય (પક્ષ) નથી, કારણ કે રૂપ ન હોવાથી ચાક્ષુષ તો નથી. સ્પર્શગુણરહિત હોવાથી સ્પાર્શન પણ નથી. ગુણ ન હોવાથી ગન્ધાદિ પેઠે ઘ્રાણેન્દ્રિયાદિથી પ્રત્યક્ષ નથી. અનુમાનગમ્ય પણ નથી.

પરિશેષથી જ્ઞાન અને પ્રયત્ન ના આધાર તરીકે આત્માની સિદ્ધિ કરતાં આવશ્યક્તા અને લાઘવને લીધે પ્રાણની જ સિદ્ધિ થવાથી, અર્થાન્તર તરીકે તેની સિદ્ધિ થતી નથી. જેમ-તેમ સિદ્ધ થાય તો પણ ઉપનિષદ્વિચારિત રૂપની સિદ્ધિ થાય નહિ. તેથી સ્વત:સિદ્ધ પ્રામાણ્ય ઉપનિષદ્ના વિરોધથી બાધિત થવાથી અનુમાન તેની સિદ્ધિ કરી શકે નહિ. શબ્દગમ્ય પણ નથી. શબ્દ આપ્તના વચનરૂપ હોવાથી, આપ્ત યથાદૃષ્ટાર્થવાદી હોવાથી, અને આત્મા અદૃશ્ય હોવાથી તે અનુપપન્ન છે. તેથી ઉપમાનગમ્ય પણ નથી; પરન્તુ "તે ઔપનિષદ્ પુરુષ પૂછુ છું" (બૃહદા.ઉપ. 3।26) શ્રુતિથી "સર્વે વેદ જેના પદનું મનન કરે છે" (કઠોપ.2।) "સર્વ વેદથી હું જ વેદ્ય છું" 15।) ઇત્યાદિ સ્મૃતિથી માત્ર શ્રુતિગમ્ય છે. તેના અર્થનો લૌકિક રીતથી નિર્ણય કરી શકાય નહિ. કારણ કે અલૌકિક છે અને તે લોકથી વિલક્ષણ છે; પરન્તુ પોતે જ વેદનો વિભાગ કરી પ્રતિજ્ઞાપૂર્વક તેની મીમાંસા કરનાર વેદવ્યાસના સૂત્રથી (તેના અર્થનો નિર્ણય કરી શકાય), કારણ કે તે એના અર્થ જાણનાર છે. તેમાં જીવ-બ્રહ્મના સમ્બન્ધના વિચારમાં જીવ બ્રહ્મનો અંશ જ છે એમ "નાનાવ્યપદેશને લીધે જીવ બ્રહ્મનો અંશ છે" (બ્રહ્મસૂ.2।43) સૂત્રમાં નિર્ણય કરેલો છે. આનો અર્થ નીચે પ્રમાણે છે. જીવ બ્રહ્મનો અંશ જ છે. કેમ? નાનાવ્યપદેશને લીધે ક્વચિત્ બ્રહ્મ તરીકે, ક્વચિત્ ઉત્પન્ન તરીકે, ક્વચિત્ અજ્ઞ તરીકે, ક્વચિત્ ચિદ્રૂપ તરીકે, ક્વચિત્ ઈશિતવ્ય તરીકે, અણુ તરીકે અને વ્યાપક તરીકે નિરૂપણ કરેલું હોવાથી નાનાવ્યપદેશ છે. આમ બ્રહ્મવ્યતિરિક્ત એક જ વિરુદ્ધ ધર્મનો આશ્રય સમ્ભવે નહિ તેથી જીવ બ્રહ્માંશ જ છે, આવો અર્થ છે. અથવા નાનાવ્યપદેશ અર્થાત્ ભેદથી વ્યપદેશ, તેથી અંશ, એવો અર્થ છે. "જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલિંગ વ્યુચ્ચરે છે તેમજ આ આત્મામાંથી સર્વ પ્રાણો" એમ ઉપક્રમ કરી, "સર્વે આત્માઓ વ્યુચ્ચરે છે" એવી અને "કપૂયચરણ રમણીયચરણ" (ત્યાંજ) એમ શ્રુતિ છે. જીવનો બ્રહ્મોપાધિ તરીકે અંગીકાર

કરી, વિસ્ફુલિંગના ઔષ્ણ્યની પેઠે જીવ અને ઈશ્વર માં ચેતનપણું એ સાધારણ ધર્મ છે તેથી ઔપચારિક અંશત્વ કહી, "જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલિંગ" "જે આત્મામાં રહી, આત્માનું અન્તરથી યમન કરે છે" (બૃહદા.ઉપ.3।23)ઇત્યાદિ શ્રુતિથી નાના-વ્યપદેશનું દર્શન થાય છે એમ કહેવું તે પૂર્વાપરવિરોધને લીધે વિદ્વાનોએ ઉપેક્ષા કરવાયોગ્ય છે; કારણ કે આભાસ હોવાથી અથવા પ્રતિબિમ્બ હોવાથી તેના મતના અલીક જીવનું નિયમન અથવા તેમાં સ્થિતિ જ્ઞાનૈકઘન પરમાત્માના સમ્ભવતા નથી. તે જ કારણે વિસ્ફુલિંગ ઔષ્ણ્યના દૃષ્ટાન્તથી ચેતનત્વ સાધારણ ધર્મ લઈ ઔપચારિક અંશત્વ પણ કહી શકાય નહિ. "જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર" ઇત્યાદિ શ્રુતિએ જ અંશત્વાવગમપ્રકાર કહેલો છે.

17.જીવ બ્રહ્મનો અંશ

સિદ્ધાન્ત:શ્રુતિ, તત્ત્વસૂત્ર અને સ્મૃતિ થી જીવ બ્રહ્મનો અંશ છે અને તેમનું તેમના અર્થમાં પ્રામાણ્ય હોવાથી, તેમનાથી જ જીવ અણુ જ છે એમ સિદ્ધ થાય છે.

તમે કહ્યું તે પ્રમાણે જીવ આવિદ્યક હોત તો ઉપહિત બ્રહ્મ જગત્કર્તૃ થાત પણ જીવ આવિદ્યક નથી, પરન્તુ સત્ય છે. જીવ સત્ય હોય તો અભેદનો બોધ કરનારી શ્રુતિ વ્યર્થ થાય એમ જે તમે કહ્યું તે પણ સત્ય નથી, કારણ કે જીવ બ્રહ્મના અંશ છે અને જીવ અને બ્રહ્મ ને અંશાંશિભાવનો સમ્બન્ધ છે એમ સ્વીકારવાથી અભેદ પણ સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી:જીવ બ્રહ્મનો અંશ હોય તો બ્રહ્મ અવયવરહિત કેમ કહેવાય? બ્રહ્મ અવયવરહિત છે તેથી જીવ તેનો અંશ સમ્ભવતો નથી એમ અમે પ્રથમ કહ્યું છે.

સિદ્ધાન્તી:ખરે, તમે એમ કહેલું છે, પરન્તુ તે સમ્બન્ધમાં નીચે પ્રમાણે વિચાર કરીએ : બ્રહ્મસ્વરૂપ અને જીવના સ્વરૂપ નું જ્ઞાન શ્રુતિથી થાય છે કે પ્રત્યક્ષ વિગેરે લૌકિક પ્રમાણથી? લૌકિક પ્રમાણથી એ જ્ઞાન થતું નથી; કારણ કે ચક્ષુ: વિગેરે ઇન્દ્રિયથી એ જ્ઞાન થતું નથી. ચક્ષુ: ઇન્દ્રિયથી રૂપવાળા પદાર્થોનું જ જ્ઞાન થાય છે પરન્તુ આત્માને રૂપ નથી, તેથી ચક્ષુથી તેનું જ્ઞાન થાય નહિ. ત્વક્ ઇન્દ્રિયથી અર્થાત્ ત્વચાથી તેનું જ્ઞાન થતું નથી, કારણ કે ત્વક્થી સ્પર્શવાળા પદાર્થોનું જ્ઞાન થાય છે પરન્તુ આત્મામાં સ્પર્શગુણ પણ નથી. તેમ જ નાસિકાથી પણ તેનું જ્ઞાન થતું નથી, કારણ કે તેમાં ગન્ધ નથી. તે જ પ્રમાણે આત્મા રસ અને શબ્દ નહિ હોવાથી જીહ્વા અથવા કર્ણ થી પણ તેનું જ્ઞાન થતું નથી. તેથી આત્મા પ્રત્યક્ષ નથી.

જેમ પ્રત્યક્ષ પ્રમાણથી આત્માનું જ્ઞાન થતું નથી તેમજ અનુમાનથી પણ તેનું જ્ઞાન થતું નથી. આત્માની અનુમાનથી સિદ્ધિ કરવી હોય તો જ્ઞાન, પ્રયત્ન વિગેરેના આધાર તરીકે સિદ્ધિ કરવા યત્ન કરવા જોઈએ. આત્મા નહિ માનનાર બાહ્ય લોકોના મત પ્રમાણે પૃથ્વી-જલ વિગેરેના સમૂહરૂપી શરીરનો ગુણ ચેતના જ છે. જેમ કાથો, ચુનો, તામ્બૂલ અને સોપારી એકલા-એકલા ખાઈએ તો મદ અથવા આનન્દ ઉત્પન્ન થતો નથી પરન્તુ સર્વ અમુક પ્રમાણમાં લઈને ખાઈએ તો આનન્દ ઉત્પન્ન થાય છે, તે જ પ્રમાણે પૃથ્વી-જલ વિગેર ભૂતો એક-એક હોય તો તેથી ચેતના ઉત્પન્ન થતી નથી, પરન્તુ સર્વ જ્યારે અમુક પ્રમાણમાં મળે છે

ત્યારે ચેતના ઉત્પન્ન થાય છે. તેને લોકો આત્માનો ગુણ કહે છે, પણ વસ્તુત: આત્મા એવો કોઈ પદાર્થ જ નથી.

આ મતનું કેટલાક નીચે પ્રમાણે ખંડન કરે છે. બહાર દેખાતા પૃથ્વી વિગેરેના સમૂહનો ચેતના ધર્મ છે કે અંદર રહેલા? "બહારનો સમૂહ શરીરરૂપે દેખાય છે તે જ આત્મા છે, કારણ કે તે જ્ઞાન અને પ્રયત્ન નો આધાર છે. જે જ્ઞાન અને પ્રયત્ન નો આધાર નથી તે આત્મા નથી ઘટની પેઠે" એ પ્રમાણે બહારના સમૂહ શરીરનો ચેતના ધર્મ છે, અર્થાત્ શરીર જ આત્મા છે, એમ સિદ્ધ કરવા માગતા હો તો તમારો હેતુ સત્પ્રતિપક્ષ છે, અર્થાત્ તેથી ઉલટું સિદ્ધ કરનાર પણ હેતુ છે. "શરીર આત્મા નથી, કારણ કે તે જ્ઞાન અને પ્રયત્ન નો આધાર નથી. જે જ્ઞાન અને પ્રયત્ન નો આધાર નથી તે આત્મા નથી, મરણ પામેલાના શરીર પેઠે" એ પ્રમાણે તેથી ઉલટું પણ સિદ્ધ થાય છે. તેથી શરીર આત્મા નથી. તે જ પ્રમાણે અંદર રહેલો પૃથ્વી વિગેરેનો સમૂહ પણ આત્મા નથી એમ સિદ્ધ થાય છે. તેથી દેહ આત્મા નથી.

પછી ચક્ષુ: વિગેરે ઇન્દ્રિય આત્મા છે એમ સિદ્ધ કરવા માંડે તો પણ તે સિદ્ધ થઈ શકે નહિ, કારણ કે ચક્ષુ: વિગેરે ઇન્દ્રિય આત્મા છે એમ સિદ્ધ કરવા નીચે પ્રમાણે અનુમાન થાય. "ચક્ષુ: આત્મા છે, પ્રાણનો આધાર છે તેથી, અથવા જ્ઞાન અને પ્રયત્ન નો આધાર છે તેથી. જે પ્રાણનો અથવા જ્ઞાન અને પ્રયત્ન નો આધાર છે તે આત્મા છે, શ્રોત્રની પેઠે" આ પ્રમાણે દરેક ઇન્દ્રિય આત્મા છે એમ સિદ્ધ કરનાર અનુમાન કરીએ તો પણ અનુમાન બરાબર નથી કારણ કે ગોલકરહિત અર્થાત્ ચક્ષુ: ઇન્દ્રિયરહિત પુરુષને પણ ક્ષુધા-તૃષા વિગેરે લાગે છે અને તેમનું જ્ઞાન પણ થાય છે. તે જ પ્રમાણે ત્વક્ ઇન્દ્રિય પણ પ્રાણ નથી, કારણ કે અમુક અંશે જે પુરુષની ત્વચા નાશ પામેલી હોય તેને પણ ક્ષુધા-તૃષા વિગેરેનું જ્ઞાન થાય છે. એ પ્રમાણે ઇન્દ્રિય આત્મા નથી એમ સિદ્ધ થાય છે.

મન પણ આત્મા નથી કારણ કે મન જ્ઞાનનું કરણ છે પરન્તુ જ્ઞાનનો આધાર નથી.

પછી માત્ર પ્રાણ અવશિષ્ટ રહે છે. પ્રાણ આત્મા નથી એમ સિદ્ધ કરવું અતિશય કઠિન છે, કારણ કે પ્રાણ હોય ત્યાં સુધી જીવ રહે છે, અને પ્રાણ ન હોય ત્યારે જીવ પણ હોતો નથી એમ આપણે અનુભવીએ છીએ. તેથી પ્રાણ જ જ્ઞાન અને પ્રયત્ન નો આધાર છે એમ નિર્ણય પણ થઈ શકે છે. સુષુપ્તિમાં જ્ઞાન હોતું નથી પરન્તુ પ્રાણ હોય છે એમ શ્વાસોચ્છ્વાસ પરથી સિદ્ધ થાય છે. તેથી પ્રાણ પણ જ્ઞાન વિગેરેનો આધાર નથી એમ નિશ્ચય થાય છે. તેથી "પ્રાણ આત્મા નથી, જ્ઞાન અને પ્રયત્ન નો આધાર નથી તેથી, દેહની પેઠે" એ પ્રમાણે પ્રાણ આત્મા નથી એમ સિદ્ધ થાય છે, એમ પણ કહેવાય નહિ, કારણ કે સુષુપ્તિમાં પણ શ્વાસોચ્છ્વાસ છે અને તેથી પ્રાણ તે સમયે પણ પ્રયત્નનો આધાર છે. સુષુપ્તિમાં જ્ઞાન નથી તે માત્ર જ્ઞાનના કરણ મન અને આત્મા નો સંયોગ ન હોવાથી જ; તેથી કાંઈ આત્મા જ્ઞાનનો આધાર હોવાની યોગ્યતાવાળો નથી એમ સિદ્ધ થતું નથી. તેથી જ્ઞાન વિગેરેનો આધાર પ્રાણ હોવાથી પ્રાણ જ આત્મા અનુમાનથી સિદ્ધ થાય. અનુમાનથી પ્રાણથી ભિન્ન આત્મા સિદ્ધ થઈ શકે નહિ. દેહ અને પ્રાણ નો વિયોગ જ મૃત્યુ છે. તેથી જીવતાં પ્રાણીના દેહમાં અવશ્ય પ્રાણ રહેલો છે. તેથી

પ્રાણથી ભિન્ન આત્મા-પદાર્થ માનવાનું કાંઈ કારણ રહેતું નથી, અને પ્રાણને જ આત્મા માનવામાં લાઘવ રહેલું છે. તેથી અનુમાનથી આત્મા સિદ્ધ કરવા માગીએ તો આત્માને બદલે પ્રાણની સિદ્ધિ થાય, અને એ પ્રમાણે હેત્વાભાસ થાય. યોગીઓ પ્રાણનો નિરોધ કરે છે તો પણ તેમને જ્ઞાન હોય છે અને તેઓ જીવે છે એ ખરું, પરન્તુ તે સમયે નિરોધ પામેલા પણ પ્રાણ તેમના દેહમાં રહેલો છે તેથી તેઓ જીવે છે અને તેમને જ્ઞાન થાય છે. કદાપિ નિરોધને ઉત્પન્ન કરનાર કોઈ પ્રાણથી વ્યતિરિક્ત હોવો જોઈએ એમ વિભાવના કરવામાં આવે તો પણ તેથી માત્ર ચેતનાધર્મવાળો જ આત્મા સિદ્ધ થાય પરન્તુ ઉપનિષદ્માં વર્ણવેલા ચિદ્ ગુણવાળો આત્મા સિદ્ધ થાય નહિ. તેથી જે આત્માના સ્વરૂપની સિદ્ધિ અનુમાનથી થાય તે સ્વરૂપનો સ્વત:સિદ્ધ પ્રામાણ્યવાળા ઉપનિષદ્થી બાધ થાય. તેથી અનુમાનથી પણ આત્માની સિદ્ધિ થતી નથી.

તે જ પ્રમાણે આત્માનું શબ્દ પ્રમાણથી પણ જ્ઞાન થતું નથી, કારણ કે શબ્દ એટલે આપ્તનું વાક્ય. આપ્ત એટલે જેવું જોયું હોય તેવું જ કહેનાર. અનુભવથી જ વસ્તુના તત્ત્વનો પૂરેપૂરો નિશ્ચય કરે, અને રાગ વિગેરે કારણથી પણ અનુભવથી વિરુદ્ધ કહે નહિ તે આપ્ત એ પ્રમાણે પતઞ્જલિ આપ્તનું લક્ષણ કહે છે. આપ્તને પણ પ્રથમ અનુભવ થવો જોઈએ. અનુભવ થયા વિના આપ્તનું વાક્ય સમ્ભવે નહિ. પરન્તુ આત્મા અદૃશ્ય છે તેથી આપ્તને આત્માનો અનુભવ થતો નથી. તેથી આપ્તવાક્યથી પણ આત્માનું જ્ઞાન થઈ શકે નહિ.

આત્માનું જ્ઞાન પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દથી થતું નથી, તેથી જ તેનું ઉપમાનથી પણ જ્ઞાન થાય નહિ, કારણ કે ઉપમાન પ્રત્યક્ષ વિગેરે પ્રમાણપર આધાર રાખે છે.

તેથી આત્માનું જ્ઞાન માત્ર શ્રુતિથી જ થાય છે. "તે ઔપનિષદ્ પુરુષ પુછુ છું" "સર્વે વેદ જેના પદનું મનન કરે છે" "સર્વ વેદથી હું જ વેદ્ય છું" ઇત્યાદિ શ્રુતિ અને સ્મૃતિ પણ તેમજ કહે છે.

આત્માનું જ્ઞાન માત્ર ઉપનિષદ્ અર્થાત્ વેદથી જ થાય છે. વેદ અલૌકિક છે તેથી તેનો અર્થ લૌકિક રીતે કરવો ઉચિત નથી. વેદ લૌકિકથી વિલક્ષણ પ્રકારનો અર્થાત્ અલૌકિક હોવાથી તેનો અર્થ લૌકિક રીતિથી કરવો ન જોઈએ પરન્તુ વેદના વિભાગ કરનાર અને પ્રતિજ્ઞાપૂર્વક બ્રહ્મમીમાંસા રચનાર વેદવ્યાસજીના સૂત્રથી જ વેદનો અર્થ કરવો જોઈએ. કારણ કે વ્યાસજી જ વેદનાં અર્થ જાણનાર છે. માત્ર વ્યાસજી જ વેદનો અર્થ જાણનાર હોવાથી વેદનો અર્થ કરવાની કુઞ્ચી અર્થાત્ બ્રહ્મસૂત્ર તેમણે રચ્યાં છે, તે પ્રમાણે જ વેદનો અર્થ કરવો જોઈએ.

આત્માનું જ્ઞાન વેદમાંથી જ થાય છે, અને વેદનો અર્થ બ્રહ્મસૂત્ર પ્રમાણે જ કરવો જોઈએ એમ સિદ્ધ થયું. તેથી જીવ અને બ્રહ્મ નો અર્થાત્ જીવાત્મા અને પરમાત્મા નો સમ્બન્ધ કેવા પ્રકારનો છે અને તેમનો અભેદ કેમ સમ્ભવે છે તેનો પણ આપણે બ્રહ્મસૂત્રથી જ નિર્ણય કરવો જોઈએ. બ્રહ્મસૂત્રમાં જીવ અને બ્રહ્મ ના સમ્બન્ધનો વિચાર કરતાં વ્યાસજી નીચે પ્રમાણે સૂત્ર યોજે છે : "નાના વ્યપદેશને લીધે જીવ બ્રહ્મનો અંશ છે" તેથી જીવ બ્રહ્મનો

અંશ છે એમ જ વ્યાસજીએ નિર્ણય કરેલો છે. આ સૂત્રનો અર્થ નીચે પ્રમાણે થાય છે. "જીવ બ્રહ્મનો અંશ છે" જીવ બ્રહ્મનો અંશ હોવાનું શું કારણ? નાના વ્યપદેશને લીધે. કારણ કે જીવનું ભિન્ન-ભિન્ન પ્રકારનું વર્ણન કરેલું છે :

1.કોઈ સ્થળે જીવને બ્રહ્મ કહેલો છે. જેમકે "આ આત્મા સર્વાનુભૂ બ્રહ્મ છે"

2.કોઈ સ્થળે ઉત્પન્ન થએલો કહેલો છે. જેમકે "સર્વ આત્માઓ વ્યુચ્ચરણ પામે છે"

3.કોઈ સ્થળે તેને અજ્ઞ કહેલો છે. જેમકે "બે જ્ઞ અને અજ્ઞ, ઈશ અને અનીશ"

4.કોઈ સ્થળે તેને ચિદ્રૂપ કહેલો છે. જેમકે "આ ભૂતોમાંથી વિજ્ઞાનઘન જ"

5.કોઈ સ્થળે તેને ઈશિતવ્ય અર્થાત્ નિયમ્ય કહેલો છે. જેમકે "એક દેવ ક્ષર આત્માઓને નિયમમાં રાખે છે"

6.કોઈ સ્થળે તેને અણુ કહેલો છે. જેમકે "આ આત્મા મનથી અણુ જાણવો"

7.કોઈ સ્થળે તેને વ્યાપક પણ કહેલો છે. જેમકે "આ જે વિજ્ઞાનમય છે તે મહાન અજ આત્મા છે"

આ પ્રમાણે જીવને વિરુદ્ધ ધર્મવાળો કહેલો છે. બ્રહ્મ વિના કોઈ પણ એક જ પદાર્થ વિરુદ્ધ ધર્મવાળો સમ્ભવતો નથી. પરન્તુ જીવને પણ વેદમાં વિરુદ્ધ ધર્મવાળો કહેલો છે. તેથી જીવ બ્રહ્મનો અંશ જ છે.

અથવા નીચે પ્રમાણે પણ અર્થ થાય છે : જીવ બ્રહ્મનો અંશ જ છે, કારણ કે તેનો નાનાવ્યપદેશ વેદમાં કરેલો છે; અર્થાત્ વેદમાં તેનું ભેદથી નિરૂપણ કરેલું છે. શ્રુતિ પણ "જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલ્લિંગ વ્યુચ્ચરે છે તેમજ આ આત્મામાંથી સર્વે પ્રાણો..." એમ આરમ્ભ કરી "સર્વે આત્માઓ વ્યુચ્ચરે છે" એમ કહે છે. તેમજ "કપૂયચરણ રમણીય-ચરણ" એવી પણ શ્રુતિ છે. 'વ્યુચ્ચરે છે' અર્થાત્ વ્યુચ્ચરણ પામે છે, બહાર નીકળે છે અથવા આવિર્ભાવ પામે છે. 'કપૂયચરણ' અર્થાત્ અસત્ આચરણવાળા. 'રમણીયચરણ' એટલે સદાચરણ-વાળા. આ શ્રુતિ જીવો પરમાત્મામાંથી વ્યુચ્ચરે છે એમ કહે છે. 'આત્માઓ' એમ બહુ વચનનો પ્રયોગ કર્યો છે તેથી જીવાત્મા પરસ્પર ભિન્ન છે એમ આ શ્રુતિ કહે છે. વળી જીવાત્માઓ પરમાત્માંથી વ્યુચ્ચરે છે એમ ઉપદેશ કરે છે તેથી જીવાત્માઓ પરમાત્માથી ભિન્ન છે એવો તેનો ભાવાર્થ છે. તેથી આ શ્રુતિ જીવાત્માઓ પરમાત્માથી અને પરસ્પર પણ ભિન્ન છે એમ કહે છે. વળી વિસ્ફુલ્લિંગની પેઠે જીવોનો બ્રહ્મમાંથી વિભાગ થયો છે એમ શ્રુતિ નિરૂપણ કરે છે તેથી જીવાત્માઓ પરમાત્માના અંશો જ છે એવો શ્રુતિનો બોધ છે.

પૂર્વપક્ષી:જીવ બ્રહ્મની ઉપાધિ છે એમ સ્વીકારવું જોઈએ. એ પ્રમાણે સ્વીકારવાથી પણ આ શ્રુતિઓનો અર્થ કરી શકાય છે. જેમ અગ્નિ અને વિસ્ફુલ્લિંગ ઉભયમાં ઉષ્ણતા રહેલી છે, તેમજ બ્રહ્મ અને જીવ ઉભયમાં ચેતનપણું રહેલું છે. ચેતનપણું જીવ અને ઈશ્વર નો સામાન્ય ધર્મ હોવાથી જીવનું અંશપણું ઔપચારિક છે, સત્ય નથી. આ અંશપણુ ઔપચારિક હોવાથી "જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલ્લિંગ" "જે આત્મામાં રહી આત્માનું અન્તરથી યમન કરે છે" ઇત્યાદિ શ્રુતિઓ નાના અર્થાત્ ભેદથી વ્યપદેશ કરે છે. વસ્તુત: જીવ

અને બ્રહ્મ માં અભેદ છે, અને અભેદ-શ્રુતિ વિશેષ બલવતી હોવાથી આ પ્રમાણે અર્થ કરવો ઉચિત છે.

સિદ્ધાન્તી:આ વિદ્વાનોએ ઉપેક્ષા કરવા જેવું છે, કારણ કે તેમાં પૂર્વાપર વિરોધ આવે છે; કારણ કે તમારા મત પ્રમાણે જીવ માત્ર આભાસ અથવા પ્રતિબિમ્બ છે અને તેથી મિથ્યા છે. કેવલ જ્ઞાનઘન પરમાત્મા મિથ્યા જીવનું નિયમન કરે અથવા મિથ્યા જીવમાં સ્થિતિ કરે એ સમ્ભવતું નથી. વળી જીવ અલીક અર્થાત્ મિથ્યા હોવાથી, તેને વસ્તુત: ચેતનપણું ગુણ હોઈ શકે નહિ. તેથી ચેતનપણું જીવ અને ઈશ્વર નો સામાન્ય ગુણ હોવાથી જીવમાં ઔપચારિક અંશપણું રહેલું છે એમ પણ કહેવાય નહિ. જીવનું અંશપણું કેવા પ્રકારનું છે તે "જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલ્લિંગ" શ્રુતિ જ કહે છે.

18.તાદાત્મ્ય સંબંધથી જીવ-બ્રહ્મનો અભેદ :

અહીં આ ધ્યાનમાં રાખવાનું છે. બ્રહ્મનું નિરંશત્વ અથવા સાંશત્વ લોકસિદ્ધ નથી કે તેના અનુરોધે કાંઈ કહી શકાય, પરન્તુ માત્ર વેદથી જ અધિગમ્ય છે. એમ હોવાથી, જેમ તે નિરૂપણ કરે તેમજ તે માનવું જોઈએ. તેથી જ "આ મતિ તર્કથી હરવી નહિ" "જે અલૌકિક ભાવ છે તેને તર્કથી સાધવા નહિ" ઇત્યાદિ શ્રુતિ લૌકિક યુક્તિથી આના બાધનો નિષેધ કરે છે. નહિ તો લૌકિક યુક્તિને અનુસરનાર અર્થમાં જ શ્રુતિનું તાત્પર્ય હોય તો "આ મતિ" ઇત્યાદિ શ્રુતિ વ્યર્થ અને વિરુદ્ધાર્થ થાય. લોકમાં પણ અય:કાન્તની સન્નિધિમાં લોહનું પરિભ્રમણ ઇત્યાદિ સ્થળે જ્યાં વસ્તુસ્વભાવ જ કાર્યહેતુ છે ત્યાં યુક્તિની સમ્ભાવના નથી. ત્યાં મણિનિષ્ઠ દેવતા આકર્ષિકા છે એમ કહેવાય નહિ, કારણ કે દેવતા પણ લોહને જ આકર્ષે તેના હેતુની અપેક્ષામાં દેવતાનો સ્વભાવ જ હેતુ કહેવો પડે, તેથી આવશ્યક્તા અને લાઘવ ને લીધે મણિનો સ્વભાવ જ હેતુ કહેવો ઉચિત છે. તેમજ અહીં પણ શ્રુતિબલથી વસ્તુસ્વભાવ જ એવો છે એમ માનવું, યુક્તિની અપેક્ષા કરવી નહિ. તેથી શ્રુતિ જ "નિષ્કલ નિષ્ક્રિય" ઇત્યાદિથી સાંશત્વનો નિરાસ કરી, "જેમ અગ્નિમાંથી" ઇત્યાદિથી જીવને બ્રહ્મનો અંશ કહે છે. તેથી જ વ્યાસે પણ આજ અર્થને દૃઢ કરવા "મન્ત્રવર્ણને લીધે" "અને સ્મૃતિ છે" (બ્રહ્મસૂ.) એમ અન્ય હેતુ કહ્યા. મન્ત્રવર્ણ "સર્વ ભૂત આનો પાદ છે" ભૂત જીવોને પાદ હોવાથી અંશ જ કહે છે. "જીવલોકમાં જીવ થએલો મારો જ સનાતન અંશ છે" (ભગ.ગીતા 15। સ્મૃતિ પણ જીવને બ્રહ્મનો અંશ જ કહે છે. આથી જ અભેદશ્રુતિ ઉપપન્ન છે, કારણ કે વિસ્ફુલિંગ અગ્નિ નથી એમ નથી. એમ જીવ પણ બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મ જ છે.

18.તાદાત્મ્ય સંબંધથી જીવ-બ્રહ્મનો અભેદ

પૂર્વપક્ષી:(પણ બ્રહ્મ અવયવરહિત હોવાથી જીવ તેનો અંશ વસ્તુત: હોઈ શકે નહિ તેથી જીવનું અંશપણું ઔપચારિક જ સ્વીકારવું જોઈએ).

સિદ્ધાન્તી:બ્રહ્મ અવયવરહિત છે કે અવયવવાળું છે તે લોકથી સિદ્ધ થતું નથી, કારણ કે બ્રહ્મનું માત્ર વેદથી જ જ્ઞાન થાય છે. લોકથી અર્થાત્ લૌકિક પ્રત્યક્ષ વિગેરે પ્રમાણથી બ્રહ્મનું જ્ઞાન થતું નથી તેથી લૌકિક પ્રમાણથી બ્રહ્મના સ્વરૂપ વિષે કાંઈ પણ કહી શકાય નહિ. બ્રહ્મનું જ્ઞાન માત્ર વેદથી જ થાય છે. તેથી જે સ્વરૂપવાળા બ્રહ્મનું વેદ નિરૂપણ કરે તેવા જ સ્વરૂપવાળું બ્રહ્મ છે એમ માનવું જોઈએ. લૌકિક પ્રમાણથી વેદે વર્ણવેલા બ્રહ્મના સ્વરૂપમાં કાંઈ પણ ફેરફાર કરી શકાય નહિ. "આ મતિ તર્કથી હરવી નહિ" "જે અલૌકિક ભાવ છે તેને તર્કથી સાધવા નહિ" વિગેરે શ્રુતિઓ પણ એ જ ઉપદેશ કરે છે તેથી લૌકિક પ્રમાણ અથવા યુક્તિથી વેદે વર્ણવેલા સ્વરૂપનો બાધ કરવો ઉચિત નથી. જો લૌકિક યુક્તિથી બ્રહ્મના સ્વરૂપનો નિર્ણય થતો હોય અને વેદનું પણ તાત્પર્ય એ જ અર્થમાં હોય તો "આ મતિ તર્કથી હરવી નહિ" વિગેરે શ્રુતિઓ વ્યર્થ થઈ જાય. અરે, વ્યર્થ એટલું જ નહિ પણ વિરુદ્ધ અર્થવાળી થાય, કારણ કે એ શ્રુતિઓ તેથી વિરુદ્ધ જ કહે છે. લોકમાં પણ જ્યાં વસ્તુસ્વભાવથી જ કાર્યની સિદ્ધિ થાય છે ત્યાં યુક્તિની સમ્ભાવના કરવામાં આવતી નથી. જેમકે લોહચુમ્બકની તરફ લોઢું ખેંચાય છે. ત્યાં લોઢાનું આકર્ષણ કરવું એ લોહચુમ્બકનો સ્વભાવ જ છે એમ આપણે માનીએ છીએ પરન્તુ લોઢાનું આકર્ષણ કરનાર અન્ય કોઈ હોવું જોઈએ એવી કોઈ પણ પ્રકારની યુક્તિની સમ્ભાવના કરતા નથી ત્યાં પણ લોહચુમ્બકમાં રહેલા દેવતા લોઢાનું આકર્ષણ કરે છે એવી યુક્તિ કરી શકાય એમ કહેવાય નહિ. કારણ કે લોહચુમ્બકમાં રહેલા દેવતા માત્ર લોઢાનું જ કેમ આકર્ષણ કરતા હશે એનું કારણ અવશ્ય કહેવું જોઈએ. એ કારણ માત્ર દેવતાનો સ્વભાવ જ છે એમ કહો ત્યારે આખરે સ્વભાવની સત્તા સ્વીકાર્યા વિના ચાલ્યું નહિ તો લોહચુમ્બકનો જ એવો સ્વભાવ છે એમ સ્વીકારીએ તો દેવતા અને દેવતાનો સ્વભાવ એ બે પદાર્થ ઓછા સ્વીકારવા પડે. તેથી લાઘવને લીધે, અને સ્વભાવની અવશ્ય સત્તા સ્વીકારવી પડે તેથી લોહચુમ્બકનો જ લોઢાનું આકર્ષણ કરવાનો સ્વભાવ છે એમ સ્વીકારવું ઉચિત છે. તેમજ અહીં પણ શ્રુતિના બલથી બ્રહ્મ જ એવા પ્રકારનું છે અર્થાત્ બ્રહ્મ અવયવરહિત છે અને જીવ અંશ છે એમ સ્વીકારવું ઉચિત છે અને યુક્તિની સમ્ભાવના કરવાની આવશ્યક્તા નથી. કારણ કે શ્રુતિ જ "નિષ્કલ નિષ્ક્રિય" વિગેરેથી બ્રહ્મના અંશિપણાનો નિરાસ કરે છે અર્થાત્ બ્રહ્મ અવયવવાળું નથી એમ કહે છે અને "જેમ અગ્નિમાંથી" વિગેરેથી જીવને બ્રહ્મનો અંશ પણ કહે છે. તેથી જ વ્યાસજીએ પણ જીવ બ્રહ્મનો અંશ છે એ અર્થ દૃઢ કરવા "મન્ત્રવર્ણને લીધે" "અને સ્મૃતિ છે" એ બે સૂત્ર કહ્યાં છે. "પાદો અસ્ય વિશ્વા ભૂતાનિ" ભૂત આનો પાદ છે' એ મન્ત્રવર્ણ છે. પાદ અર્થાત્ ભાગ. ભાગ એટલે અંશ. સર્વ ભૂત અર્થાત્ સર્વ જીવો આ બ્રહ્મનો અંશ છે એવો એ મન્ત્રનો અર્થ છે. 'પાદ' 'ભાગ' 'અંશ' એ સર્વ પર્યાય છે અર્થાત્ તેમનો અર્થ એક જ છે. "મમૈવાંશો

જીવલોકે જીવભૂત: સનાતન:" લોકમાં જીવ થએલો મારો જ સનાતન અંશ છે' એ સ્મૃતિ પણ જીવ પરમાત્માનો અંશ જ છે એમ કહે છે. આ પ્રમાણે જીવ બ્રહ્મનો અંશ હોવાથી જીવને અને બ્રહ્મને તાદાત્મ્યસમ્બન્ધ છે અને તેમને તાદાત્મ્ય સમ્બન્ધ હોવાથી અભેદશ્રુતિની પણ ઉપપત્તિ થાય છે. જેવો સમ્બન્ધ વિસ્ફુલ્લિંગને અગ્નિ સાથે છે તેવો જ સમ્બન્ધ જીવને બ્રહ્મ સાથે છે. વિસ્ફુલ્લિંગ અગ્નિ નથી એમ કહી શકાય નહિ. તે જ પ્રમાણે જીવ પણ બ્રહ્મ જ છે કારણ કે તે બ્રહ્મનો અંશ છે. જીવને અને બ્રહ્મને તાદાત્મ્યસમ્બન્ધ છે. 'તાદાત્મ્ય' એટલે ભેદસહિષ્ણુ અભેદ, અથવા ભેદ સહી શકે તેવો અભેદ. તેથી જીવ બ્રહ્મનો અંશ છે અને જીવને અને બ્રહ્મને અભેદ પણ છે.

19.શ્રુતિ-સૂત્રો દ્વારા જીવ-બ્રહ્મના અભેદનું મંડન:

પૂર્વપક્ષ: ત્યારે અસર્વજ્ઞતાની અનુપપત્તિ થાય છે. કારણ કે વિસ્ફુલિંગ દાહક અથવા પ્રકાશક નથી એમ નથી. (વિસ્ફુલિંગના) અલ્પપ્રકાશ પેઠે અલ્પજ્ઞત્વની ઉપપત્તિ થાય તો પણ ભ્રમની ઉપપત્તિ કદાપિ થાય જ નહિ.

અનીશત્વ આદિ દેહસમ્બન્ધથી થએલા છે.

એમ પણ કહેવાય નહિ, કારણ કે દેહ પણ જીવભાવથી ઉત્તરકાલીન છે. તેથી ઈશ્વરથી ભિન્ન જ અનીશત્વાદિથી વિશિષ્ટ નિત્યબદ્ધ જ જીવ ઈશ્વરપ્રસાદથી થતા જ્ઞાનથી મુક્ત થાય છે. તેથી અંશ થઈ શકે નહિ. શ્રુતિ પણ વિસ્ફુલિંગ દૃષ્ટાન્તથી પ્રલયસમયે ભગવાનના ઉદરમાં રહેલા જીવોનો સર્ગસમયે પુન: તેમાંથી જ નિર્ગમનપ્રકાર જ કહે છે. "આનાથી અન્ય દ્રષ્ટા નથી" (બૃહદા. ઉપ.3।23) ઇત્યાદિ શ્રુતિ પણ જીવ આદિ સર્વ પદાર્થના દર્શન આદિનો સર્વદા અન્યમાં નિષેધ કરે છે, પરન્તુ પરિચ્છિન્ન દર્શન આદિનો (નિષેધ કરતી) નથી. જેમ "પાર્થ જ ધનુર્ધર છે" એમાં પાર્થથી અન્ય ધનુર્ધર નથી એમ નહિ, પરન્તુ જેવો પાર્થ ધનુર્ધર છે તેવો અન્ય નથી, એમ અહીં પણ છે.

સિદ્ધાન્ત : ભલે, જો તમારું કહેલું "નાનાવ્યપદેશને લીધે જીવ બ્રહ્મનો અંશ છે" (બ્રહ્મસૂ.) ઇત્યાદિ વેદાર્થતામરસતરણિ ભગવાન્ બાદરાયણના સૂત્ર અને સપ્રમાણ નિદર્શનથી જ વિરુદ્ધ ન હોય તો એમ અંગીકાર કરીએ, પરન્તુ એમ નથી. વળી વિસ્ફુલિંગ દૃષ્ટાન્તથી જો આત્માની જ ઉત્પત્તિ કહેત તો તમારો કહેલો પ્રકાર ઉપપન્ન પણ થાત. પરન્તુ એમ નથી. વળી સર્વ પ્રાણ, લોક, દેવ અને ભૂત ની પણ સૃષ્ટિ કહી, સર્વ જ આત્મામાંથી વ્યુચ્ચરે છે એમ કહ્યું. તમે પ્રાણ આદિનું નિત્યત્વ અથવા એવા પ્રકારની સૃષ્ટિ માનતા નથી કે તે પ્રક્રમમાં પઠિત આત્માઓને એવા કહ્યા. આત્માઓનો નિર્ગમનપ્રકાર જ કહ્યો, અને પ્રાણઆદિની જ ઉત્પત્તિ કહી એમ પણ કહી શકાય નહિ; કારણ કે વાક્યભેદ થઈ જાય, અને વિનિગમક નથી. ચિન્તામણિ, કલ્પતરુ, કામધેનુ આદિની પેઠે અહીં બ્રહ્મમાંથી પણ પ્રાણાદિની ઉત્પત્તિ સમ્ભવે છે. તેથી જો કે "જેમ અગ્નિમાંથી" એ શ્રુતિથી જ જીવના અંશત્વ

અથવા તેના અભાવનો નિશ્ચય થઈ શકે નહિ, તો પણ સૂત્રોથી અને તેમનાથી ઉપદર્શિત શ્રુતિ અને સ્મૃતિ થી અંશત્વ જ નિર્ધારાય છે. એમ અસાર્વજ્ઞની અનુપપત્તિ આદિ દૂષણગ્રાસ થાય છે એમ પણ નહિ; કારણ કે સર્વજ્ઞત્વ આદિ ધર્મો ભગવદિચ્છાથી જ તિરોભૂત થએલા છે, કેમકે સૂત્રકાર પણ આજ શંકા દૂર કરવાને "પણ પરના અભિધ્યાનથી આના તિરોહિત છે, તેથી બંધ અને વિપર્યય યુક્ત છે" એમ કહે છે. 'આના' અર્થાત્ જીવના, ઐશ્વર્ય આદિ તિરોહિત છે. "પરના અભિધ્યાનથી" તેનો હેતુ છે. 'પરનું' ભગવાન્નું 'અભિધ્યાન' અર્થાત્ સ્વકીય અને જીવના સર્વત: ભોગની ઇચ્છા. તે કારણથી જ ઐશ્વર્યાદિના સદ્ભાવમાં વૈચિત્ર્યના અભાવથી ભોગ ન થાય તેથી જીવમાં સ્વધર્મોનો તિરોભાવ કર્યો. તેથી જ તિરોભાવથી બંધ અને ભગવાન્ના ધર્મથી વિપરીતધર્મ, એવો અર્થ છે. ઐશ્વર્યના તિરોભાવથી દીનતા અને પરાધીનતા, વીર્યના તિરોભાવથી સર્વદુ:ખસહનતા, યશના તિરોભાવથી સર્વહીનતા, શ્રીના તિરોભાવથી જન્મઆદિ સર્વ આપદ્રી વિષયતા, જ્ઞાનના તિરોભાવથી દેહાદિમાં અહં બુદ્ધિ અને અપસ્મારગ્રસ્તની પેઠે સર્વનું વિપરીતજ્ઞાન, વૈરાગ્યના તિરોભાવથી વિષયમાં આસક્તિ. આનન્દાંશ તો પૂર્વે જ તિરોહિત થએલો જેથી જીવભાવ થયો. તેથી જ "અનુપપત્તિને લીધે ઇતર નહિ" "ભેદવ્યપદેશને લીધે" (બૃહ્મસૂ. 1।16) ઇત્યાદિથી જીવમાં આનન્દનો સૂત્રકારે નિષેધ કર્યો.

19.શ્રુતિ-સૂત્રો દ્વારા જીવ-બ્રહ્મના અભેદનું મંડન

જીવ અને બ્રહ્મ નો તાદાત્મ્ય સમ્બન્ધ નહિ સ્વીકારનાર અને તેઓમાં વાસ્તવિક ભેદ છે એમ માનનાર વાદી મધ્વાચાર્ય શંકા કરે છે.

પૂર્વપક્ષી:જીવ અને બ્રહ્મ માં વસ્તુત: અભેદ હોય તો જીવ બ્રહ્મ જ છે એમ સિદ્ધ થાય. તેથી બ્રહ્મ સર્વજ્ઞ જ હોવાથી, જીવ પણ સર્વજ્ઞ જ હોવો જોઈએ. તેથી જીવ અને બ્રહ્મમાં કર અને શરીર પેઠે અભેદ હોય તો જીવ અજ્ઞ હોઈ શકે નહિ. તમે વિસ્ફુલ્લિંગ અને અગ્નિનું ઉદાહરણ આપ્યું તેમાં પણ વિસ્ફુલ્લિંગનો દાહ અને પ્રકાશ થતાં નથી એમ કહેવાય નહિ. વિસ્ફુલ્લિંગનો દાહ અને પ્રકાશ અગ્નિ કરતાં ન્યૂન છે એમ કહો તો કદાચ તે પ્રમાણે જીવનું જ્ઞાન બ્રહ્મના જ્ઞાન કરતાં ન્યૂન સમ્ભવે અર્થાત્ જીવ અલ્પજ્ઞ સમ્ભવે પરન્તુ જીવને ભ્રમ થાય છે તે કદાપિ સમ્ભવે નહિ. તેથી ભાસ્કરાચાર્યના મત પ્રમાણે જીવ બ્રહ્મથી ભિન્નાભિન્ન છે એમ કહો તો ઉપર કહ્યું તેમ જીવનું અજ્ઞત્વ સમ્ભવે પરન્તુ ભ્રમ સમ્ભવે નહિ. જીવનું અનીશપણું, ભ્રમ વિગેરે દેહના સમ્બન્ધથી થાય છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે દહનો સમ્બન્ધ જીવભાવ થયા પછી થાય છે. પ્રથમ જીવભાવ થાય છે પછી તેને દેહનો સમ્બન્ધ થાય છે. તેથી જીવના ગુણ દેહના સમ્બન્ધને લીધે છે એમ કહી શકાય નહિ. તેથી અનીશપણું, ભ્રમ વિગેરે ગુણવાળો જીવ નિત્યબદ્ધ જ છે, અને ભગવાન્ના પ્રસાદથી જ્ઞાન પ્રાપ્ત કરી મુક્ત થાય છે એમ સ્વીકારવું જોઈએ. તેથી જીવ ઈશ્વરનો અંશ હોઈ શકે નહિ. વિસ્ફુલ્લિંગના દૃષ્ટાન્તથી જીવ અને બ્રહ્મ ના સમ્બન્ધનું નિરૂપણ શ્રુતિ કરતી નથી, પરન્તુ

પ્રલય સમયે ભગવાન્ના ઉદરમાં રહેલા જીવો સર્ગ સમયે તેમાંથી કેવા પ્રકારથી બહાર નીકળે છે તે કહે છે, અર્થાત્ સર્ગ સમયે જીવનો ભગવાન્ના ઉદરમાંથી બહાર નીકળવાનો પ્રકાર જ કહે છે. "આનાથી અન્ય દ્રષ્ટા નથી" શ્રુતિ પણ જીવ, જડ વિગેરે સર્વનો દ્રષ્ટા ઈશ્વરથી અન્ય કોઈ નથી એમ કહે છે, પરન્તુ અલ્પદ્રષ્ટા પણ ઈશ્વરથી અન્ય નથી એમ કહેતી નથી. જીવ દ્રષ્ટા છે પરન્તુ અલ્પદ્રષ્ટા છે. જીવથી સર્વનું દર્શન થતું નથી. તેથી જીવ ભગવાન્ની પેઠે સર્વ દ્રષ્ટા નથી. તેથી જ શ્રુતિ ભગવાન્થી અન્ય સર્વદ્રષ્ટા કોઈ નથી એમ કહે છે. જેમ "પાર્થ જ ધનુર્ધર છે" વાક્યનો પાર્થ વિના અન્ય કોઈ ધનુર્ધર નથી એવો અર્થ થતો નથી પરન્તુ જેવો પાર્થ ધનુર્ધર છે તેવો અન્ય કોઈ ધનુર્ધર નથી એવો અર્થ થાય છે, તેમજ "આનાથી અન્ય દ્રષ્ટા નથી" શ્રુતિનો ભગવાન્ના જેવો સર્વદ્રષ્ટા અન્ય કોઈ નથી એવો અર્થ થાય છે. તેથી જીવ બ્રહ્મનો વસ્તુત: અંશ નથી પરન્તુ જેમ પુત્ર પિતાના અંશ છે તેમ જીવો બ્રહ્મના ભિન્ન અંશ છે અથવા ઉપચારથી જીવને અંશ કહેલા છે.

સિદ્ધાન્તી:ભલે તમે કહ્યું તે "નાનાવ્યપદેશને લીધે જીવ બ્રહ્મનો અંશ છે" વિગેરે પદાર્થના કનકસૂર્ય ભગવાન્ બાદરાયણના સૂત્રથી વિરુદ્ધ ન હોત તો અમે સ્વીકારત, પરન્તુ તે સર્વ સૂત્રથી વિરુદ્ધ છે. વેદના નિ:સન્દિગ્ધ અર્થનો પ્રકાશ કરનાર કનકના સૂર્યરૂપી ભગવાન્ બાદરાયણ પ્રણીત સૂત્રથી વિરુદ્ધ કાંઈ સ્વીકારવું ઉચિત નથી. જો શ્રુતિ વિસ્ફુલ્લિંગ દૃષ્ટાન્તથી માત્ર આત્માની જ ઉત્પત્તિનું વર્ણન કરતી હોત તો તમે કહ્યું તે કદાચ ઉચિત ગણાત, પરન્તુ શ્રુતિ સર્વ પ્રાણ, લોક, દેવ અને ભૂતો ની ઉત્પત્તિ કહે છે અને પછી "સર્વે આત્માઓ વ્યુચ્ચરે છે" એમ કહે છે. પ્રાણ, ભૂત, લોક વિગેરેને કાંઈ તમે નિત્ય માનતા નથી તેમજ આત્માના જેવી તેમની ઉત્પત્તિ પણ માનતા નથી. તો તે જ પ્રકરણમાં વર્ણવેલા આત્માને નિત્ય માનવાનું અને તેના વિશેષ પ્રકારની સૃષ્ટિ માનવાનું કાંઈ કારણ નથી. વળી શ્રુતિ પ્રાણ, લોક, ભૂત વિગેરેની ઉત્પત્તિ કહે છે અને આત્માની ઉત્પત્તિ કહેતી નથી પરન્તુ તેના બહાર નીકળવાનો પ્રકાર માત્ર કહે છે એમ પણ તમારાથી કહી શકાય નહિ. કારણ કે તેથી એક જ પ્રકરણમાં વર્ણવેલા પ્રાણ-લોક વિગેરે અને આત્માના સમ્બન્ધમાં ભિન્ન-ભિન્ન અર્થ કરવાથી વાક્યભેદ થાય છે. વળી પ્રાણ વિગેરેની ઉત્પત્તિ કહી અને આત્માના નિર્ગમનનો પ્રકાર કહ્યો એવો નિશ્ચય કરવાનું કાંઈ પણ કારણ નથી. તેથી પ્રાણ વિગેરેના નિર્ગમનનો પ્રકાર કહ્યો અને આત્માની ઉત્પત્તિ કહી એવો નિશ્ચય કેમ ન કરવો તેનું કાંઈ કારણ તમે કહી શકો તેમ નથી.

ચિન્તામણિ, કલ્પતરૂ, કામધેનુ વિગેરેમાંથી પદાર્થોની ઉત્પત્તિ થાય છે, પરન્તુ તે પદાર્થો ચિન્તામણિ વિગેરેના અંશ નથી. તેથી જેમાંથી અમુક પદાર્થની ઉત્પત્તિ થાય તેનો તે પદાર્થ અંશ છે અથવા અંશ નથી એમ નિશ્ચય કરી શકાય નહિ. તેથી બ્રહ્મમાંથી જીવનું નિર્ગમન થાય છે તેથી જ બ્રહ્મના જીવ અંશ છે એમ કહી શકાય નહિ એ ખરું, પરન્તુ ભગવાન્ બાદરાયણના સૂત્રો અને તેમાં કહેલી શ્રુતિ તથા સ્મૃતિઓ થી જીવ બ્રહ્મનો અંશ જ છે એવો નિશ્ચય થાય છે. જીવ બ્રહ્મનો અંશ હોય તો અસર્વજ્ઞ હોઈ શકે નહિ એવી ભીતિ

રાખવાનું કારણ નથી, કારણ કે સર્વજ્ઞતા વિગેરે ભગવાન્ના ધર્મો ભગવાન્ની ઇચ્છાથી જીવમાંથી તિરોભૂત થયા છે. સૂત્રકાર પણ "પરના અભિધ્યાનથી આના તિરોહિત છે, તેથી બંધ અને વિપર્યય યુક્ત છે" સૂત્રથી ભગવાન્ની ઇચ્છાથી જીવમાંથી સર્વજ્ઞતા વિગેરે ભગવાન્ના ગુણ તિરોભૂત થયા છે એમ કહે છે. 'આના' અર્થાત્ જીવના, ઐશ્વર્ય વિગેરે ભગવદ્ગુણ તિરોભૂત થએલા છે. જીવમાં પણ ઐશ્વર્ય વીંય યશ: શ્રી જ્ઞાન અને વૈરાગ્ય એ ભગવાન્ના છ ગુણ હોય તો જીવ અને ઈશ્વર સમાન ગુણવાળા હોવાથી વૈચિત્ર્ય થાય નહિ, અને વૈચિત્ર્ય ન હોય તો ભોગ પણ સમ્ભવે નહિ. તેથી ભગવાને જીવમાંથી એ છ ભગવદ્ગુણનો તિરોભાવ કર્યો. આ તિરોભાવનું કારણ પણ સૂત્રમાં "પરના અભિધ્યાનથી" એમ કહેલું છે. 'પર' અર્થાત્ ભગવાન્ અને 'અભિધ્યાન' એટલે પોતાના અને જીવના સર્વત: ભોગની ઇચ્છા. તેથી જ ઐશ્વર્ય વિગેરે ભગવદ્ગુણો જીવમાં પણ હોય તો વૈચિત્ર્ય ન હોવાથી ભોગ થાય નહિ. તેથી ભોગની ઇચ્છાથી જીવના ઐશ્વર્ય વિગેરેનો ભગવાને તિરોભાવ કર્યો. તેથી ભગવદ્ધર્મના તિરોભાવને લીધે જીવને બંધ અને ભગવદ્ધર્મથી વિપરીત ધર્મ પ્રાપ્ત થયા. ભગવાન્ના

1.ઐશ્વર્ય ધર્મના તિરોભાવથી જીવ દીન અને પરાધીન થયો.

2.વીર્યના તિરોભાવથી સર્વ દુ:ખ સહન કરનાર થયો.

3.યશના તિરોભાવથી સર્વથી હીન થયો.

4.શ્રીના તિરોભાવથી તેને જન્મ વિગેરે સર્વ આપત્તિ પ્રાપ્ત થઈ.

5.જ્ઞાનના તિરોભાવથી દેહ વિગેરેમાં અહંબુદ્ધિ થઈ અને અપસ્મારથી પીડિતની પેઠે સર્વ વિપરીત જ્ઞાન થયું.

6.વૈરાગ્યના તિરોભાવથી વિષયમાં આસક્તિ થઈ.

આનન્દ અંશનો પ્રથમ જ જીવભાવ થયાં પહેલાં જ તિરોભાવ થયો હતો, કારણ કે આનન્દ અંશના તિરોભાવથી જ જીવભાવ થયો હતો. તેથી જ સૂત્રકાર પણ "અનુપ-પત્તિને લીધે ઇતર નહિ" "ભેદવ્યપદેશને લીધે" ઇત્યાદિ સૂત્રોથી જીવમાં આનન્દ અંશ નથી એમ કહે છે.

20.ભગવદિચ્છા હોવાથી એક કારણથી અનેક કાર્યો સમ્ભવ:

કારણસામ્ય છે તો એક જડ અને એક ચેતન કેમ? જ્ઞાન તિરોહિત થવાથી જીવમાં અલ્પજ્ઞતા પણ કેમ?

અહીં આચાર્યોએ કહેલું છે. સચ્ચિદનન્દરૂપ બ્રહ્મમાં "સત્ય વિજ્ઞાન આનન્દ બ્રહ્મ" ( )શ્રુતિથી ત્રણ સ્વરૂપભૂત ધર્મ છે. "જે સર્વજ્ઞ" (મુણ્ડકોપ.1।9) શ્રુતિથી અને 'ભગવાન્' એ નામની વ્યુત્પત્તિથી ધર્મરૂપ પણ જ્ઞાન છે એમ માનવું. તેમાં સ્વરૂપાત્મક સદંશથી જડનો ઉદ્ગમ પ્રથમ કહેલો છે. પછી તેવા જ ચિદંશમાંથી તદ્રૂપ જ જીવનો ઉદ્ગમ કહેલો છે તેથી જડ

સન્માત્રકાર્ય હોવાથી તેમાં ચિત્નો તિરોભાવ છે. જીવ ચિત્કાર્ય હોવાથી ચિદ્રૂપ છે તેથી અને સત્ત્વથી ઉપલભ્યમાન થાય છે તેથી તેમાં આનન્દનો જ તિરોભાવ છે. આ સચ્ચિત્નો પણ તિરોભાવ હોય તો સ્વરૂપહાનિ જ થાય. તિરોહિત થએલું તો 'ભગ'શબ્દવાચ્ય ધર્મરૂપ જ્ઞાન છે, તેથી સર્વ અનવદ્ય છે. અત્ર ભગવદિચ્છા જ નિયામિકા છે એમ માનવું. આનો (જડ-જીવનો) ભેદાભેદવિચાર અગ્રે કહીશું.

20.ભગવદિચ્છા હોવાથી એક કારણથી અનેક કાર્યો સમ્ભવ:

પૂર્વપક્ષી:જડ અને જીવ ઉભયનું કારણ બ્રહ્મ સમાન છે તથાપિ એક જડ થાય છે અને એક ચેતન થાય છે. વળી જીવમાં જ્ઞાન પણ તિરોહિત થયું છે તો પણ અલ્પ જ્ઞાન તો છે, જડમાં અલ્પ પણ જ્ઞાન નથી. કારણ સમાન હોવા છતાં આ ભેદ કેમ સમ્ભવે?

સિદ્ધાન્તી:આ શંકાનું સમાધાન આચાર્યે કરેલું છે. "સત્યં જ્ઞાનમ્ અનન્તં બ્રહ્મ" શ્રુતિને લીધે બ્રહ્મના સ્વરૂપભૂત ત્રણ અંશ છે : 1.સત્ 2.ચિત્ 3.આનન્દ. આ ત્રણ અંશ બ્રહ્મના સ્વરૂપ જ છે. તેથી અધિક બ્રહ્મનો ધર્મ પણ જ્ઞાન છે એમ "જે સર્વજ્ઞ છે" શ્રુતિથી સ્પષ્ટ જણાય છે. વળી 'ભગવાન્' શબ્દની વ્યુત્પત્તિ કરીએ : "ભગવાન્ અર્થાત્ 'ભગ'વાળા. ઐશ્વર્ય, વીર્ય, યશ:, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ને 'ભગ' કહે છે. તેથી ભગવાન્ એટલે આ છ ગુણવાળા. આ છ માં 'જ્ઞાન' ગુણનો પણ સમાવેશ થાય છે, તેથી પણ ભગવાન્નો ગુણ જ્ઞાન પણ છે. બ્રહ્મના સ્વરૂપભૂત ત્રણ અંશ છે. તેમાંથી 1.સત્ અંશમાંથી જડ પદાર્થનો ઉદ્ગમ થાય છે એ પ્રાણ-લોક વિગેરેનો ઉદ્ગમ થાય છે એમ શ્રુતિ પ્રથમ કહે છે. 2.પછી બ્રહ્મના સ્વરૂપભૂત ચિત્ અંશમાંથી ચિદ્રૂપ જીવોનો ઉદ્ગમ થાય છે, એમ વિસ્ફુલ્લિંગ દૃષ્ટાન્તથી શ્રુતિ કહે છે. તેથી જડ માત્ર સત્ અંશના જ કાર્ય હોવાથી તેમનામાં ચિત્ અંશ (અને આનન્દ અંશનો) તિરોભાવ છે. જીવો ચિત્ અંશના કાર્ય છે અને સત્ અંશથી તેમની ઉપલબ્ધિ થાય છે, તેથી તેમનામાં માત્ર આનન્દ અંશનો જ તિરોભાવ છે. જો જીવોમાં આ બ્રહ્મના સ્વરૂપભૂત સત્ અંશ અને ચિત્ત્ અંશનો પણ તિરોભાવ હોય તો જીવના સ્વરૂપની જ હાનિ થાય. તેથી જીવમાં બ્રહ્મના સ્વરૂપભૂત ચિત્ત્ અંશનો તિરોભાવ નથી; પરન્તુ ભગવાન્ના ધર્મ એવા જ્ઞાનનો તિરોભાવ ભગવદિચ્છાથી થએલો છે, અને આ ભગવાન્ના ધર્મ એવા જ્ઞાનનો તિરોભાવ થવાથી જ તેને દેહ વિગેરેમાં અહંબુદ્ધિ વિગેરે દોષ પ્રાપ્ત થયા છે, પરન્તુ બ્રહ્મના સ્વરૂપભૂત ચિત્ અંશનો તિરોભાવ જીવમાંથી થયો નથી. તેથી આ સિદ્ધાન્તમાં કાંઈ પણ દોષ નથી. આ સર્વ તિરોભાવ વિગેરેનો નિયામક ભગવાન્ની ઇચ્છા જ એમ જાણવું. જડ અને જીવ ના ભેદાભેદનો વિચાર આગળ લીલાના નિત્યપણાનો વિચાર કરતી વખતે કરીશું.

21.પરમાત્મામાં કૃતહાનિ અને અકૃતાભ્યાગમ પ્રયુક્ત દૂષણનો વિચાર :

બ્રહ્મરૂપ જ જીવના સહજગુણ તિરોહિત કરી મિથ્યાજ્ઞાન આદિ દોષયુક્ત કરવાથી ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ થશે એમ નહિ. તે જીવકૃતિમાં જ અને જીવમાં જ દૂષણ થાય. તેમાં પણ લોકમાં પણ અસ્વતન્ત્ર જીવની કૃતિમાં જ; કારણ કે લોકમાં પણ સ્વતન્ત્ર રાજાઓ સ્વવિહારાર્થ પ્રાચીન વિચિત્ર ભવન પ્રાકાર ગોપુર આદિ ભંગ કરી ત્યાં જ અજીરોદ્યાનાદિ કરે છે, અને નિજસેવકમાં પણ કદાચિત્ સ્થિતના પણ ઐશ્વર્ય આદિ હરે છે અને સેવાથી સન્તોષ પામી પુનર્દાન કરે છે, એમ જોઈએ છીએ. તો પછી સકલલોકનિયામક સકલજગત્કારણના કારણ ભગવાન્ સ્વદાસ જીવના (ઐશ્વર્યાદિ) અન્યથા કરે એમાં શંકા પણ કેવી? વળી સર્ગ-સ્થિતિ-સંહારમાં પણ ભગવાન્ જ કર્તા હોવાથી સ્થિતિનો સંહાર કરી, પુન: તેમ કરવામાં પણ આ દોષો થશે. કર્તા ન હોય તો જગત્ નિત્ય થાય, અથવા તેનો અસમ્ભવ જ થાય. ભગવાન્ પોતે જ "જે સાત્ત્વિક ભાવો છે અને જે રાજસ અને તામસ છે તે મારામાંથી છે એમ તેમને જાણ. હું તેમનામાં નથી, તે મારામાં છે. એ ત્રણ ગુણમય ભાવથી મોહિત થએલું આ સર્વ જગત્ મને તેમનાથી પણ અવ્યય જાણતું નથી" (ભગ.ગીતા 7।) એમ માયાના મોહથી સ્વાજ્ઞાન કહી, માયા સ્વેચ્છાથી જ મોહ કરે છે એમ કહેવા "આ ગુણમયી દૈવી માયા મારી છે" 7।) એમ માયાની સ્વાધીનતાનું નિરૂપણ કરે છે, તેથી પણ બંધ પણ ભગવદિચ્છાને જ અધીન છે. આમ હોવાથી જે જીવવિષે જેવી ઇચ્છા તેને અનુરૂપ જ અવિદ્યા આદિ શક્તિઓ સત્ત્વઆદિ ભેદથી તેને વ્યાપે છે એ ભગવાન્નું મહત્ ઐશ્વર્ય છે. તેથી જ

"હે પાર્થ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ તો મને અવ્યય ભૂતાદિ જાણી, અનન્યમન થઈ ભજે છે"

"ભૂતોના પૃથગ્વિધ ભાવો મારામાંથી જ થાય છે" 18।)

"મારામાંથી સ્મૃતિ, જ્ઞાન અને અપોહન થાય છે" (ભગ.ગીતા 15।)

એમ પણ ભગવાને કહ્યું છે. વળી, સ્વયૌક્તિક અર્થમાં આ દૂષણ ઉદ્ભવે જેથી એમ કલ્પના ન કરે, પરન્તુ શ્રુતિસિદ્ધ અર્થમાં નહિ, કારણ કે રાજાની આજ્ઞા આક્ષેપયોગ્ય નથી.

"આ જ જેનો આ લોકમાંથી ઉદ્ધાર કરવા ઇચ્છે તેની પાસે સારા કર્મ કરાવે છે, આ જ જેનો અધ:પાત કરવા ઇચ્છે તેની પાસે દુષ્ટ કર્મ કરાવે છે" 3। શ્રુતિ અને "જે આત્મામાં રહી, આત્માનું અન્તરથી યમન કરે છે" 3।23) શ્રુતિપણ અમે કહ્યો તે જ અર્થ કહે છે. તેથી જ "આનાથી અન્ય દ્રષ્ટા નથી" ઇત્યાદિની પણ સંગતિ થાય છે, કારણ કે અન્ય સ્વતન્ત્રકર્તા નથી. તેથી જ સૂત્રકાર પણ જીવના કર્તૃત્વનું નિરૂપણ કરી, તે સ્વત: અથવા ઈશ્વરથી છે એમ આશંકા કરી, "તે પરથી છે, શ્રુતિને લીધે" એમ સિદ્ધાન્ત કહે છે. તેથી જીવ સર્વથા પરતન્ત્ર હોવાથી અકૃતાભ્યાગમ તેમાં દોષરૂપ નથી.

21.પરમાત્મામાં કૃતહાનિ અને અકૃતાભ્યાગમ પ્રયુક્ત દૂષણનો વિચાર

(જીવ બ્રહ્મનો અંશ છે અને જીવ અને બ્રહ્મને તાદાત્મ્યસમ્બન્ધ છે એમ સ્વીકારી ભગવાન્ની ઇચ્છાથી જીવમાં ભગવદ્ગુણનો તિરોભાવ થાય છે એમાં પૂર્વપક્ષી શંકા કરે છે)

પૂર્વપક્ષી:બ્રહ્મસ્વરૂપ જીવોના સહજ ગુણ ઐશ્વર્ય-વીર્ય વિગેરેનો ભગવાન્ તિરોભાવ કરે અને જીવોમાં મિથ્યાજ્ઞાન-અનીશતા વિગેરે દુર્ગુણ સ્થાપન કરે તો ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ પ્રાપ્ત થાય. ઐશ્વર્ય-વીર્ય વિગેરે ભગવાન્ના છ ગુણ જીવમાં ઉપસ્થિત થયા હતા, અથવા જીવને પ્રાપ્ત થયા હતા, તેની કાંઈ પણ કારણ વિના જીવને હાનિ થાય છે, અને જીવે પૂર્વે કાંઈ પણ દોષ કર્યા ન હતા તો પણ દોષના દંડરૂપ મિથ્યાજ્ઞાન-અનીશતા વિગેરેનો તેને અભ્યાગમ થાય છે અર્થાત્ મિથ્યાજ્ઞાન વિગેરેની કાંઈ પણ કારણ વિના તેને પ્રાપ્તિ થાય છે. તેથી ભગવાન્ પોતાની ઇચ્છાથી જીવના ભગવદ્ગુણનો તિરોભાવ કરે એ સમ્ભવતુ નથી.

સિદ્ધાન્તી:ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ કૃતિના વિષયમાં દૂષણ છે કે કૃતિમાં દોષ આણનાર હોઈ દૂષણ છે? અથવા કર્તામાં દોષ આણનાર હોઈ દૂષણ છે? અર્થાત્ તે જીવના દોષ છે, કે ભગવાન્ની કૃતિના દોષ છે, કે ભગવાન્ના દોષ છે? જીવના દોષ નથી, કારણ કે કૃતિના વિષય જીવના દોષ ગણીએ તો સજ્જનને લૂંટારા લૂંટે તેમાં સજ્જનનો દોષ ગણાય. કૃતિના અથવા કર્તાના દોષ છે એમ કહો તો તે જીવની કૃતિ હોય તો જ અથવા જીવ તેમનો કર્તા હોય તો જ તે દોષ છે. તેમાં પણ અસ્વતન્ત્ર જીવની કૃતિ હોય તો જ તે દોષરૂપ છે, સ્વતન્ત્ર જીવની કૃતિમાં દોષ નથી. લોકમાં પણ આપણે જોઈએ છીએ કે સ્વતન્ત્ર રાજાઓ પોતાના વિહારમાટે પ્રાચીન વિચિત્ર ભવન, પ્રાકાર, ગોપુર વિગેરેનો ભંગ કરે છે, અને ત્યાં વાડ અથવા ઉદ્યાન કરે છે. આ પ્રમાણે સ્વતન્ત્ર રાજાઓ માત્ર જડ પદાર્થનો જ ભંગ કરે છે એટલું જ નહિ પણ પોતાના સેવકોના પણ ઐશ્વર્ય વિગેરેનું કોઈ સમયે હરણ કરે છે, અને નિરપેક્ષ સેવાથી સન્તોષ પામી પાછું તેનું દાન પણ કરે છે. જ્યારે રાજાઓ આ પ્રમાણે કરી શકે છે તો પછી સકલ લોકને નિયમમાં રાખનાર, સકલ જગતના કારણ, પિતામહ વિગેરેના પણ કારણ એવા ભગવાન્ પોતાના દાસ જીવના સમ્બન્ધમાં ઉપસ્થિત હાનિ અને અકૃતાભ્યાગમ કરે તેમાં દોષ ક્યાં જ સમ્ભવે?

વળી ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ જો ભગવાન્માં પણ દોષરૂપ હોય તો ભગવાન્ જગતની સર્ગ, સ્થિતિ અને લયના કર્તા હોવાથી ભગવાન્ સર્ગ કરે ત્યારે જીવોને અમુક સ્થિતિમાં મૂકે, તેથી જીવોને અકૃતનો અભ્યાગમ અર્થાત્ પ્રાપ્તિ થાય છે, અને લય કરે ત્યારે તેમની સ્થિતિનો નાશ થાય છે અર્થાત્ તેમને ઉપસ્થિતની હાનિ થાય છે. એ પ્રમાણે સર્ગ અને લય કરવામાં પણ ભગવાન્ને એ જ દોષ પ્રાપ્ત થાય. સર્ગ અને લય કરવામાં

ભગવાન્ને એ દોષ પ્રાપ્ત ન થાય તે માટે ભગવાન્ સર્ગ અને લય ના કર્તા નથી, એમ કહીએ તો અન્ય કોઈ તેમનો કર્તા નહિ હોવાથી, લય ન થવાથી, જગત્ નિત્ય જ સિદ્ધ થાય. અથવા જગતના સર્ગનો કોઈ કર્તા ન હોવાથી જગત્ સમ્ભવે જ નહિ. પરન્તુ આપણને જગતનો અનુભવ થાય છે, તેથી તે પ્રત્યક્ષથી બાધિત છે. તેથી ભગવાન્માં ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ નથી. તેથી મોક્ષ પણ ભગવાન્ને જ આધીન છે. તે જ પ્રમાણે જીવોનો બંધ પણ ભગવાન્ની જ ઇચ્છાને આધીન છે, કારણ કે ભગવાન્ પોતે જ "જે સાત્ત્વિક ભાવો છે અને જે રાજસ અને તામસ છે તે મારામાંથી જ છે એમ તેમને જાણ. હું તેમનામાં નથી તે મારામાં છે. એ ત્રણ ગુણમય ભાવથી મોહિત થએલું આ સર્વ જગત્ મને તેમનાથી પર અવ્યય જાણતું નથી" એ પ્રમાણે સર્વ જગત્ માયાના મોહથી જ ભગવાન્ને જાણતું નથી એમ કહે છે. ભગવાન્ની ઇચ્છા પ્રમાણે જ માયા મોહ કરે છે એમ દર્શાવવા "આ ગુણમયી દૈવી માયા મારી છે" એમ માયા પોતાને અધીન છે એમ કહે છે. માયા ભગવાન્ને આધીન છે અને માયાથી સર્વ જગત્ મોહ પામી ભગવાન્ના સ્વરૂપને જાણતું નથી ને બદ્ધ થાય છે. તેથી બંધનું કારણ માયા, ભગવાન્ને આધીન હોવાથી બંધ પણ ભગવાન્ની ઇચ્છાને જ અધીન છે. તેથી જે જીવને જેવી સ્થિતિમાં મૂકવાની ભગવાન્ની ઇચ્છા હોય તે જીવને એવી સ્થિતિમાં મૂકાવનારી અવિદ્યા વિગેરે શક્તિઓ સત્ત્વ-રજ: વિગેરે ભેદથી વ્યાપે છે. સર્વ જીવને ભિન્ન-ભિન્ન શક્તિઓ ભગવાન્ની ઇચ્છા પ્રમાણે વ્યાપે છે એ ભગવાન્નું ઘણું ઐશ્વર્ય છે! તેથી જ ભગવાન્ પણ

"હે પાર્થ, દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ તો મને અવ્યય ભૂતાદિ જાણી અનન્યમન થઈ ભજે છે"

"ભૂતોના પૃથગ્વિધ ભાવો મારામાંથી જ થાય છે"

"મારામાંથી સ્મૃતિ જ્ઞાન અને અપોહન થાય છે"

એમ કહે છે. 'અનન્યમન થઈ ભજે છે' અર્થાત્ મારી અનન્ય ભક્તિ કરે છે, મારા સિવાય અન્યને ભજતા નથી. 'પૃથગ્વિધ' અર્થાત્ ભિન્ન-ભિન્ન પ્રકારના. 'અપોહન' અર્થાત્ નિવૃત્તિ દૂર થવું તે.

વળી આપણી પોતાની યુક્તિથી કલ્પેલા અર્થમાં ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષની કલ્પના કરી શકાય. જે યુક્તિનો આશ્રય કરવાથી એ દોષ આવે તે યુક્તિનો ત્યાગ કરવા પોતાની યુક્તિથી કલ્પેલા અર્થમાં એ દોષની કલ્પના કરી શકાય. પરન્તુ શ્રુતિએ કહેલા અર્થમાં એ દોષની કલ્પના કરવી ઉચિત નથી, કારણ કે રાજાની આજ્ઞામાં કાંઈ પ્રશ્ન કરી શકાય તેમ નથી. રાજાની આજ્ઞા, આજ્ઞા જ છે અને તે પ્રમાણે વર્તન કરવું જ જોઈએ, તેમાં કાંઈ પણ દોષ સમ્ભવતો નથી. તે જ પ્રમાણે શ્રુતિ ભગવાન્નું વાક્ય અથવા ભગવાન્ની આજ્ઞા હોવાથી તેણે કહેલા અર્થમાં કાંઈ દૂષણ સમ્ભવતું નથી.

અમે કહ્યો તે અર્થ શ્રુતિ પણ કહે છે. "આજ જેનો આ લોકમાંથી ઉદ્ધાર કરવા ઇચ્છે તેની પાસે સારા કર્મ કરાવે છે; આજ જેનો અધ:પાત કરવા ઇચ્છે તેની પાસે દુષ્ટ કર્મ કરાવે

છે" "જે આત્મામાં રહી, આત્માનું અન્તરથી યમન કરે છે" શ્રુતિઓ પણ ભગવાન્ની ઇચ્છાને અધીન જ જીવોના બંધ અને મોક્ષ છે એમ કહે છે. આમ હોવાથી "આનાથી અન્ય દ્રષ્ટા નથી" વિગેરે શ્રુતિઓની સંગતિ થાય છે, કારણ કે માત્ર ભગવાન્ જ સ્વતન્ત્ર કર્તા છે. ભગવાન્ વિના અન્ય કોઈ સ્વતન્ત્ર કર્તા નથી. તેથી સ્વતન્ત્ર દ્રષ્ટા પણ ભગવાન્ જ છે. ભગવાન્ જ સ્વતન્ત્ર કર્તા છે એમ સિદ્ધ કરવા સૂત્રકાર પ્રથમ જીવના કર્તૃત્વનું વર્ણન કરે છે. પછી જીવ સ્વત: કર્તા છે કે તેનું કર્તૃત્વ ભગવાન્ને અધીન છે એવી શંકા કરી "તે પરથી શ્રુતિને લીધે" એમ સૂત્ર યોજે છે. 'તે' અર્થાત્ જીવનું કર્તૃત્વ. 'પરથી' એટલે જીવથી પરથી. જીવનું કર્તૃત્વ ભગવાન્થી છે અથવા જીવનું કર્તૃપણું ભગવાન્ને અધીન છે, કારણ કે "આજ જેનો અલોકમાંથી ઉદ્ધાર કરવા ઇચ્છે" વિગેરે શ્રુતિ છે. તેથી જીવ સ્વતન્ત્ર કર્તા નથી. જીવ પરતન્ત્ર હોવાથી જીવોને ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ થાય એ દોષ નથી.

22.પ્રવૃત્તિ તથા નિવૃત્તિ જીવના અદૃષ્ટસાપેક્ષ નહીં પરન્તુ ભગવાનની તેવી ક્રીડા કરવાની ઇચ્છાને કારણે જ :

જે લોકો આ શંકાનો પરિહાર કરવા, જીવે પૂર્વે કરેલા ધર્માધર્મ-સાપેક્ષ જ ઈશ્વર કર્મ કરાવે છે, અન્યથા ઈશ્વર જ પ્રવર્તક અને નિવર્તક હોવાથી "સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો" "બ્રાહ્મણને હણવો નહિ" ઇત્યાદિ વિધિ-નિષેધ અનર્થક થાય. તેથી વિધિ-નિષેધથી જ પ્રવર્તમાન અથવા નિવર્તમાન ની ઈશ્વર પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરાવે છે. કોઈની વિહિતમાં પ્રવૃત્તિ હોય છે કોઈની હોતી નથી, કોઈની નિષિદ્ધમાંથી નિવૃત્તિ હોય છે કોઈની હોતી નથી એમાં પણ પૂર્વ-પૂર્વ એવા પ્રકારનું કર્મ જ નિમિત્ત છે, કારણ કે પ્રવાહ અનાદિ છે. તેથી જીવમાં અકૃતાભ્યાગમ નથી એમ કહે છે, તેમને અનીશ્વરવાદ જ થાય છે.

કર્મ જડ હોવાથી ફલસમર્પક હોઈ શકે નહિ તેથી ફલ સમર્પક તરીકે ઈશ્વરની સિદ્ધિ થાય એમ નથી. અન્યથાનુપપત્તિથી કલ્પ્યમાન કર્મ એવા જ પ્રકારનું કલ્પી શકાય.

"ઈશ્વર કૃતપ્રયત્નની અપેક્ષાવાળા છે. વિહિત-પ્રતિષિદ્ધના અવૈયર્થ્યને લીધે" 2।42) તત્ત્વસૂત્રને લીધે એમ કહીએ છીએ એમ નથી, તેનો અર્થ તમે જાણતા નથી. કારણ કે પૂર્વોક્ત ન્યાયથી "તે પરથી છે શ્રુતિને લીધે" (બ્રહ્મસૂ.2।41) પૂર્વસૂત્રથી ઈશ્વરમાંથી જ કર્તૃત્વનું નિરૂપણ થયું, એટલે પ્રવર્તક અથવા નિવર્તક તરીકે અભિમત વિધિ અને નિષેધ નું વૈયર્થ્ય થયું. ત્યાં ઈશ્વર સાક્ષાત્ કોઈની પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરતા નથી તેથી વિધિ-નિષેધદ્વારા જ એમ કરે છે એ સમાધાન યોગ્ય નથી, કારણ કે એમ હોય તો સર્વ જ સન્માર્ગમાં જ રહે. તેથી વિધિ-નિષેધ હોવા છતાં અપ્રવૃત્તિ અને અનિવૃત્તિ છે તેની ઉપપત્તિમાટે પૂર્વ-પૂર્વ કર્મની કલ્પના પણ અયુક્ત છે, કારણ કે પ્રવાહ અનાદિ હોવાથી પૂર્વ-પૂર્વ કર્મથી જ પ્રવૃત્તિ-નિવૃત્તિની ઉપપત્તિ થવાથી વિધિ-નિષેધ વ્યર્થ થાય. આમ હોવાથી

પ્રામાણિકત્વના અભાવથી યાગાદિકરણ અન્ધપરમ્પરા થઈ જાય, અને ધર્મત્વની હાનિ થાય. ફલોપદેશના અભાવને લીધે, ફલજનકત્વના નિર્વાહક અપૂર્વની કલ્પના કરવામાં પ્રયોજન ન રહેવાથી, અને આ કર્મ નષ્ટ થવાથી અગ્રિમ કર્મની પ્રવૃત્તિના નિમિત્તનું પણ નિરૂપણ થઈ શકે નહિ. આના સમાધાનમાટે વિધ્યાદિ જ પ્રવર્તક તથા નિવર્તક છે, અને તેમને જાણનારની પણ અપ્રવૃત્તિ તથા અનિવૃત્તિ વિચિત્ર ઈશ્વરેચ્છાથી છે એમ કહેવું જોઈશે. એમ પણ હોવાથી, આવશ્યક્તા અને લાઘવને લીધે ઈશ્વરેચ્છા જ એવી હો, એમનું પ્રયોજન નથી. એમ હોવાથી અન્ધપરમ્પરાનો પણ સમ્ભવ નથી, કારણ કે પ્રવૃત્તિ-નિવૃત્તિ ઈશ્વરેચ્છાજન્ય છે. વિધિ ન જાણનાર બાલની પણ નૈસર્ગિકી ધર્મપ્રવૃત્તિ દેખાય પણ છે એમ પણ નિસ્તાર નથી; કારણ કે ઈશ્વર સ્વતન્ત્ર પુરુષાર્થ તરીકે કર્મ કરાવતા નથી, પરન્તુ સ્વર્ગ આદિ સધાવવા કરાવે છે. એમ હોવાથી પોતે જ તેનું દાન કરવા સમર્થ હોવાથી વિહિત-નિષિદ્ધના ફલની ઉપપત્તિ થાય છે, તેથી વિધિ=યાગ, અને નિષેધ=બ્રાહ્મણહનન વ્યર્થ થાય છે. અકૃતાભ્યાગમદોષના પરિહારાર્થ એમ કરે છે એમ પણ કહેવાય નહિ, કારણ કે જીવ સ્વત: કર્તા હોય તો કર્મફલના નિરૂપણમાં તે દોષ (ન) રહે, (મૂલમાં 'ન' છે પરન્તુ તે અધિક હોય તેમ લાગે છે) પરન્તુ તાદૃશ ફલનું દાન કરવા (ઈશ્વર) તાદૃશ કર્મ કરાવે ત્યાં એમ નથી. જીવ સ્વત: સર્વથા અસમર્થ હોવાથી તેણે કરેલું પણ ન કર્યા જેવું છે. તેથી એ દોષનો પરિહાર થતો નથી, તેથી ઈશ્વરાધીન જીવકર્તૃત્વ ઉપપન્ન નથી.

અત્ર સૂત્રકાર "કૃતપ્રયત્નની અપેક્ષાવાળા" 2।42) ઇત્યાદિ કહે છે. આનો અર્થ નીચે પ્રમાણે છે. "એક હું બહુ થાઉં " (છાન્દો.ઉપ.6।30) એમ પ્રપઞ્ચમાં રમણ કરવાની ઇચ્છાથી ભગવાને ક્રીડાર્થ ઉદ્યમ કર્યો. તેથી ક્રીડા જ મુખ્ય છે, અન્ય સર્વ ઉપસર્જનીભૂત છે. તેથી તેની અપેક્ષાવાળા ભગવાને પોતે જ વિચિત્ર રસના અનુભવમાટે "જે આમ કરશે તેને આમ કરીશ" એમ મર્યાદા કરી. "સ્વકૃત સેતુની પરીપ્સાથી" "ધર્મસેતુના વક્તા કર્તા અભિરક્ષિતા" ઇત્યાદિ વાક્યશ્રવણથી એમ નિશ્ચય થાય છે. પછી સ્વકૃતમર્યાદાના રક્ષણમાટે અને તે જણાવવા વેદ કર્યા, અને જીવના ઉત્પાદન સમયે જ "આ જીવને, આ દેશમાં આ કાલમાં, એણે કરેલી પ્રવૃત્તિ-નિવૃત્તિવાળો કરી, આ-આ ફલ આપીશ" એમ મોક્ષપર્યન્ત પ્રત્યેક જીવ વિષે વિચાર કર્યો, તેને અનુસરીને જ તે એમ થાય છે; તેથી એવા પ્રકારથી જીવ આદિમાં વૈચિત્ર્ય આદિ કરવામાં જે પ્રયત્ન અર્થાત્ ઉદ્યમ કર્યો તેની અપેક્ષાવાળા અર્થાત્ તેને અધીન જ ભગવાન્ કર્મ કરાવે છે. એમ કેમ? કારણ કે યાગ આદિ વિહિત અને વિપ્રહનન આદિ પ્રતિષિદ્ધનું અવૈયર્થ્ય આમ જ થાય. અન્યથા ઈશ્વર જ કારયિતા અને ફલદાતા હોય તો ઉક્તન્યાયથી તે વ્યર્થ થાય. 'આદિ' પદથી કર્મવિના તેથી જ ફલદાન પણ નથી. તેથી શ્રુતિ પણ "જેનો ઉદ્ધાર કરવાની ઇચ્છા હોય, ...જેનો અધ:પાત કરવાની ઇચ્છા હોય" (કૌષિ.ઉપ.3। એમ કર્મ કરાવવામાં ફલદાનેચ્છાનો જ હેતુ તરીકે અનુવાદ કરે છે.

"જેમ પુત્ર અથવા યત્ન કરતા બાલ પાસે પદાર્થના ગુણદોષનું વર્ણન કરતાં પણ જે પ્રયત્નાભિનિવેશ (તેનો) જુએ છે તેમ જ કરાવે છે, તેમ ફલદાનાર્થ શ્રુતિમાં કર્મની અપેક્ષાનું

કથન હોવાથી ફલદાનમાં કર્માપેક્ષ, કર્મ કરાવવામાં જીવકૃત પ્રયત્નાપેક્ષ, પ્રયત્નમાં જીવકામાપેક્ષ, સ્વર્ગ આદિ કામમાં લોકપ્રવાહાપેક્ષ (ભગવાન્) કરાવે છે તેથી બ્રહ્મને દોષની ગન્ધ પણ નથી. આમ અનીશ્વરતા પણ થતી નથી કારણ કે મર્યાદામાર્ગ એમ જ નિર્માણ કરેલો છે; પરન્તુ જ્યાં અન્યથા હોય ત્યાં પુષ્ટિમાર્ગનો અંગીકાર છે"

એમ આચાર્યચરણ કહે છે. ઈશ્વરાકૃત મર્યાદા જ હેતુ કહેલી હોવાથી, અને મર્યાદા કરવામાં ક્રીડાની ઇચ્છા સિવાય અન્ય હેતુનો અસમ્ભવ જ હોવાથી આ પણ માર્ગ અમારા કહેલા માર્ગથી ભિન્ન નથી. તેથી અમે કહેલો જ માર્ગ છે, તમે કહેલો નહિ.

વળી ક્રિયાપૂર્વકાલીન આત્મધર્મ જ 'પ્રયત્ન' શબ્દનો અર્થ કહેવો ઉચિત હોવાથી, તે શબ્દથી ધર્માધર્મ વાચ્ય નથી. વળી તમારો કહેલો પ્રકાર હોય તો, "વિધિ-નિષેધ અવૈયર્થ્યને લીધે" એમ જ લખે, પરન્તુ 'વિહિત...' ઇત્યાદિ ન લખે એમ જાણવું.

22.પ્રવૃત્તિ તથા નિવૃત્તિ જીવના અદૃષ્ટસાપેક્ષ નહીં પરન્તુ ભગવાનની તેવી ક્રીડા કરવાની ઇચ્છાને કારણે જ

(અહીં પૂર્વમીમાંસાવાળા પૂર્વપક્ષ કરે છે.)

પૂર્વપક્ષી:પૂર્વે જીવે કરેલા ધર્મ-અધર્મ અથવા પુણ્ય-પાપ ધ્યાનમાં લઈ જીવ પાસે ઈશ્વર સુકૃત્ અથવા દુષ્કૃત્ કરાવે છે. ઈશ્વર સ્વતન્ત્રતાથી માત્ર પોતાની ઇચ્છાને જ અનુસરી જીવ પાસે કર્મ કરાવતા નથી, પરન્તુ જીવના પૂર્વના કર્મને અનુસરી તેમની પાસે કર્મ કરાવે છે. જો ઈશ્વર એ પ્રમાણે જીવ પાસે કર્મ કરાવતા ન હોય, પરન્તુ પોતાની ઇચ્છા પ્રમાણે સ્વતન્ત્રતાથી કર્મ કરાવતા હોય તો "સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો" "બ્રાહ્મણને હણવો નહિ" વિગેરે વિધિ અને નિષેધ નિરર્થક થઈ જાય, કારણ કે જીવ પોતાની ઇચ્છા પ્રમાણે સ્વતન્ત્રતાથી કર્મ કરી શક્તો નથી તો પછી "સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો" "બ્રાહ્મણને હણવો નહિ" વિગેરે ઉપદેશ તેને નિરર્થક જ છે. તેથી જીવ વિધિ અને નિષેધ ધ્યાનમાં લઈ કર્મ કરવા પ્રવૃત્ત થાય છે અથવા નિવૃત્ત થાય છે, અને ઈશ્વર તેની પાસે તે પ્રમાણે કર્મ કરાવે છે અથવા તેની કર્મમાંથી નિવૃત્તિ કરાવે છે. કોઈ જીવની વિહિત કર્મમાં પ્રવૃત્તિ થાય છે, કોઈની થતી નથી; કોઈ જીવ નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્ત થાય છે કોઈ નિવૃત્ત થતો નથી; તેનું કારણ તે-તે જીવના પૂર્વે કરેલાં કર્મ જ છે. પૂર્વે કરેલા કર્મને અનુસાર પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ થાય છે અથવા થતી નથી. પ્રવાહ અનાદિ હોવાથી પૂર્વ-પૂર્વના કર્મ પ્રવૃત્તિ અને નિવૃત્તિ વિગેરેના કારણ સુખેથી કલ્પી શકાય છે, તેથી જીવને અકૃતાભ્યાગમ થતો નથી, અથવા નહિ કરેલા કર્મના ફલ ભોગવવા પડતાં નથી, તેમજ તેને ઉપસ્થિતહાનિ પણ નથી, કારણ કે પૂર્વ કરેલાં કર્મ પ્રમાણે તેની પ્રવૃત્તિ-નિવૃત્તિ થયા કરે છે અને કરેલાં કર્મ નિષ્ફળ થતાં નથી.

સિદ્ધાન્તી:એમ માને તે અનીશ્વરવાદી સિદ્ધ થાય છે. તમારા મત પ્રમાણે ઈશ્વરની કાંઈ આવશ્યક્તા રહેતી નથી. કર્મ જડ હોવાથી પોતાના ફલ આપી શકે નહિ અને તેથી

ફલના આપનાર ઈશ્વરની સિદ્ધિ થાય છે એમ પણ કહેવાય નહિ. કારણ કે અન્યથાનુપપત્તિથી તમે કર્મની કલ્પના કરો છો તે કર્મ જ ફલ આપી શકે એવું કલ્પવું જોઈએ. કર્મની કલ્પના કરવી જ પડે છે તો પછી પોતાના ફલ આપવાની શક્તિવાળું જ કર્મ કલ્પવું જોઈએ.

પૂર્વપક્ષી: "ઈશ્વર કૃતપ્રયત્નની અપેક્ષાવાળા છે, વિહિત-પ્રતિષિદ્ધના ઐવયર્થ્યને લીધે" તત્ત્વસૂત્રને અનુસરી ભગવાન્ પૂર્વના કર્મની અપેક્ષાથી અથવા પૂર્વના કર્મને અનુસરી કર્મ કરાવે છે વિગેરે અમે કહીએ છીએ.

સિદ્ધાન્તી:એમ નથી. તમે એ સૂત્રનો અર્થ જાણતા નથી તેથી એમ કહો છો. કારણ કે અમે પ્રથમ સિદ્ધ કર્યું તેમ "તે પરથી છે. શ્રુતિને લીધે" તત્ત્વસૂત્રથી ભગવાન્ જ જીવ પાસે કર્મ કરાવે છે એમ સિદ્ધ થાય છે. ભગવાન્ જ જીવની કર્મમાં પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરાવે છે, તેથી વિધિ અને નિષેધ વ્યર્થ થાય છે. વિધિ અને નિષેધ વ્યર્થ ન થાય તે માટે "ભગવાન્ સાક્ષાત્ કોઈ જીવની પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરાવતા નથી, પરન્તુ વિધિ-નિષેધ દ્વારા જ; વિધિ-નિષેધની અપેક્ષાથી જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવે છે; અર્થાત્ વિધિ-નિષેધને લીધે જ જીવની પ્રવૃત્તિ અને નિવૃત્તિ થાય છે અને ભગવાન્ તે પ્રમાણે પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવે છે" એમ માનવું ઉચિત નથી. કારણ કે વિધિ અને નિષેધ જ જીવની પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવતાં હોય તો સર્વ જીવો સન્માર્ગમાં જ વર્તન કરત! સર્વ જીવો વિહિત કર્મમાં પ્રવૃત્ત થાત અને નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્તિ પામત! પરન્તુ તેવો અનુભવ થતો નથી. ઘણા જીવોની વિહિત કર્મમાં પ્રવૃત્તિ થતી નથી અને નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્તિ થતી નથી. વિધિ અને નિષેધ હોવા છતાં ઘણા જીવોની વિહિત કર્મમાં અપ્રવૃત્તિ અને નિષિદ્ધ કર્મમાંથી અનિવૃત્તિ જોવામાં આવે છે. તેથી પ્રવૃત્તિ અને નિવૃત્તિ વિધિ અને નિષેધથી થતી નથી પરન્તુ પૂર્વે કરેલાં કર્મથી થાય છે એમ પણ કહી શકાય નહિ. કારણ કે

1.કર્મનો પ્રવાહ અનાદિ છે તેથી કર્મથી જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ થાય છે એમ માનીએ તો વિધિ અને નિષેધ નિરર્થક થઈ જાય. જીવોની કર્મમાં પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ તેમણે પૂર્વે કરેલા કર્મથી જ થતી હોય તો "સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો" "બ્રાહ્મણને હણવો નહિ" વિગેરે વિધિ અને નિષેધ ની કાંઈ પણ આવશ્યક્તા રહેતી નથી.

2.વળી વિધિ અને નિષેધ નિરર્થક હોવાથી યજ્ઞ વિગેરે જે સારા પુરુષો કરે છે તે માત્ર અન્ધ પરમ્પરા જ કહેવાય, અને

3.ધર્મની હાનિ થઈ જાય. કારણ કે વિહિત કર્મ કરે તે ધર્મ પરન્તુ વિધિ જ નિરર્થક હોય તો ધર્મ ક્યાં રહે! તે પ્રમાણે અધર્મની પણ હાનિ થાય. કારણ કે નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્ત ન રહે તે અધર્મ. પરન્તુ નિષેધ જ નિરર્થક હોય તો અધર્મ ક્યાં રહે? વળી

4.વિધિ અને નિષેધ નિરર્થક હોવાથી, જીવ કર્મ કરે ત્યારે તે ફલની ઇચ્છા કરી શકે નહિ. ફલની ઇચ્છા વિના કર્મ કરવામાં આવે ત્યારે કર્મનું ફલ આપનાર અપૂર્વની કલ્પના કરવાની આવશ્યક્તા રહે નહિ. તેથી અપૂર્વ સમ્ભવે જ નહિ. એ કર્મ તો નાશ પામ્યું. કર્મ થયું કે

તરત નાશ પામે છે. તેથી કર્મનો નાશ થયો. અપૂર્વ છે જ નહિ. તો આવતાં કર્મમાં અર્થાત્ ભાવિ કર્મમાં પ્રવૃત્તિ કોણ કરાવે? ભાવિ કર્મમાં પ્રવૃત્તિ કરાવનાર કોઈ રહેતું નથી, એનું સમાધાન કરવા એમ માનવું જોઈએ કે વિધિ અને નિષેધ જ કર્મમાં પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરાવે છે, અને વિધિ અને નિષેધ નું જ્ઞાન હોવા છતાં પણ કોઈની વિહિત કર્મમાં પ્રવૃત્તિ થતી નથી અને કોઈની નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્તિ થતી નથી એ સર્વ ભગવાન્ની વિચિત્ર ઇચ્છાને લીધે જ થાય છે એમ માનો. અને વિધિ-નિષેધ અને ભગવાન્ની ઇચ્છા ત્રણનો સ્વીકાર કરો તે કરતાં ઈશ્વરની ઇચ્છા જ પ્રવૃત્તિ-નિવૃત્તિ વિગેરે કરાવે છે એમ માનવું વધારે સારું છે; કારણ કે ઈશ્વરની ઇચ્છા માન્યા વિના તો ગતિ જ નથી. ઈશ્વરની ઇચ્છા સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી તો વિધિ અને નિષેધ નિરર્થક સ્વીકારવાનું કાંઈ પ્રયોજન નથી. વિધિ, નિષેધ અને ઈશ્વરેચ્છા ત્રણ પ્રવૃત્તિ અને નિવૃત્તિ ના કારણ કહેવા કરતાં ઈશ્વરની ઇચ્છા એક જ કારણ માનવામાં લાઘવ પણ છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઈશ્વરની ઇચ્છાથી જ થાય છે એમ માનવાથી યજ્ઞ વિગેરે કરવામાં અન્ધપરમ્પરા પણ સમ્ભવતી નથી, કારણ કે ઈશ્વરની ઇચ્છાથી જ સર્વ થાય છે. વિધિને ન જાણનાર બાલકની પણ વિહિત કર્મમાં નિસર્ગથી જ પ્રવૃત્તિ જોવામાં આવે છે. તે સ્થળે પ્રવૃત્તિનું કારણ ઈશ્વરની ઇચ્છા જ માનવું જોઈએ, કારણ કે વિધિનું તો તેને જ્ઞાન પણ નથી.

પૂર્વપક્ષી:એમ માનવાથી પણ નિસ્તાર નથી. અર્થાત્ એમ માનવાથી પણ જે દૂષણ આવે છે તે દૂર થઈ શક્તાં નથી, કારણ કે ઈશ્વર જીવને કર્મ કરાવે છે અથવા જીવની કર્મમાં પ્રવૃત્તિ કરે છે તે માત્ર કર્મને જ સ્વતન્ત્ર પુરુષાર્થ ગણીને કરાવતા નથી પરન્તુ સ્વર્ગ વિગેરે ફલ આપવાને કર્મ કરાવે છે. કર્મ કરાવવા એ જ હેતુ નથી પરન્તુ સ્વર્ગ વિગેરે કર્મના ફલનું દાન કરવું એ હેતુ છે. પરન્તુ ભગવાન્ પોતે જ વિધિ અને નિષેધ ના ફલ આપવાને સમર્થ છે. કર્મ કરાવ્યા વિના જ ભગવાન્ પોતે વિહિત અને નિષિદ્ધ કર્મના ફલ જીવોને આપવાને શક્તિમાન્ છે. એમ હોવાથી "યજ્ઞ કરવો" "બ્રાહ્મણને ન હણવો" વિગેરે વિધિ અને નિષેધ વ્યર્થ થાય છે. અકૃતાભ્યાગમ અથવા જીવે નહિ કરેલાં કર્મના ફલ જીવને પ્રાપ્ત થાય. એ દોષ દૂર કરવા ભગવાન્ જીવે કરેલા પ્રયત્ન કર્મ વિગેરેની અપેક્ષા રાખી તે પ્રમાણે ફલ આપે છે એમ પણ કહેવાય નહિ, કારણ કે જીવ સ્વત: કર્તા હોય તો જીવે નહિ કરેલા કર્મના ફલ ભોગવે તો અકૃતાભ્યાગમ દોષ પ્રાપ્ત થાય. પરન્તુ જીવ સ્વત: કર્તા નથી. ભગવાન્ જેવા ફલનું તેને દાન કરવું હોય તેવાં કર્મ તેની પાસે કરાવે છે તેમાં ભગવાન્ને કે જીવને અકૃતાભ્યાગમ દોષ ક્યાંથી પ્રાપ્ત થાય? જીવ સ્વત: કર્તા નહિ હોવાથી તેણે કરેલું નહિ કરેલા જેવું જ છે, તેથી જીવનું કરેલું જ વસ્તુત: કાંઈ નથી તો અકૃતાભ્યાગમ દોષની સમ્ભાવના જ શી? તેથી અકૃતાભ્યાગમ દોષ જ નહિ હોવાથી અકૃતાભ્યાગમ દોષનું નિવારણ કરવા વિધિ-નિષેધની આવશ્યક્તા છે એમ પણ કહેવાય નહિ. તેથી વિધિ અને નિષેધ વ્યર્થ થાય છે. તેથી જીવનું કર્તૃત્વ ભગવાન્ને અધીન નથી એમ માનવું જોઈએ.

સિદ્ધાન્તી:એવી શંકા થાય તેનું સમાધાન કરવા "કૃતપ્રયત્નની અપેક્ષાવાળા" વિગેરે સૂત્ર

ભગવાન્ બાદરાયણ યોજે છે. એનો અર્થ નીચે પ્રમાણે છે. "એક હું બહુ થાઉં" વગેરે શ્રુતિથી એમ સિદ્ધ થાય છે કે ભગવાન્ને પ્રપઞ્ચમાં રમણ કરવાની ઇચ્છા થઈ. પ્રપઞ્ચમાં રમણ કરવાની ઇચ્છાથી ભગવાને ક્રીડામાટે ઉદ્યમ કર્યો. એમાં ભગવાન્ની ક્રીડા જ મુખ્ય છે, અન્ય સર્વ ગૌણ છે. તેથી ક્રીડાની અપેક્ષાવાળા ભગવાને ક્રીડામાં વિચિત્ર રસનો અનુભવ થાય તે માટે 'જે કોઈ આ પ્રમાણે કરશે તેને આ પ્રમાણે ફલ આપીશ' એવી મર્યાદા પોતાની મેળે રચી. "સ્વકૃત સેતુની પરીપ્સાથી" "ધર્મસેતુના વક્તા કર્તા અભિ-રક્ષિતા" વિગેરે વાક્યોથી પણ એમ જ સિદ્ધ થાય છે. પછી પોતાની કરેલી મર્યાદાનું રક્ષણ કરવા અને જીવોને તે જણાવવા ભગવાને વેદ રચ્યા. તેથી જીવની ઉત્પત્તિ કરતી વખતે જ "આ જીવને અમુક દેશમાં અમુક કાલમાં અમુક-અમુક કર્મમાં પ્રવૃત્ત કરી, અમુક-અમુક કર્મમાંથી નિવૃત્ત રાખી અમુક-અમુક ફલનું દાન કરીશ" એ પ્રમાણે પ્રત્યેક જીવ વિષે મોક્ષ સુધી ભગવાને વિચાર કરેલો છે; અને એ ભગવાને કરેલા વિચાર પ્રમાણે જ જીવ કર્મ કરે છે અને તેને ફલ પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રકારે ભગવાને ક્રીડામાં વિચિત્ર રસનો અનુભવ થાય તે માટે જે ઉદ્યમ કર્યો છે તેની અપેક્ષાથી અથવા તેને અધીન રહીને જ કર્મ વિગેરે કરાવે છે; કારણ કે એ પ્રમાણે માનીએ તો જ "યજ્ઞ કરવો" "બ્રાહ્મણ ન હણવો" વિગેરે વિધિ-નિષેધ, સ્વર્ગ અને નરક ની પ્રાપ્તિ કરાવનારા હોઈ નિરર્થક થતાં નથી. ઈશ્વર જ જો અન્ય રીતે જીવ પાસે કર્મ કરાવતા હોય અને ફલનું દાન કરતા હોય તો વિધિ અને નિષેધ વ્યર્થ થઈ જાય. સૂત્રમાં 'વિગેરે' શબ્દ છે તેથી આ જ કારણને લીધે કર્મ કરાવ્યા વિના ઈશ્વર ફલનું દાન કરતા નથી એમ સિદ્ધ થાય છે. તેથી "જેનો ઉદ્ધાર કરવાની ઇચ્છા હોય, જેનો અધ:પાત કરવાની ઇચ્છા હોય" વિગેરે શ્રુતિ પણ કહે છે કે ભગવાન્ને જીવ પાસે કર્મ કરાવવામાં ફલદાન કરવાની ઇચ્છા જ હેતુ છે. આ સૂત્રપર અણુભાષ્યમાં શ્રીમદાચાર્યચરણ કહે છે કે

"પુત્ર અથવા કોઈ પદાર્થ પ્રાપ્ત કરવા યત્ન કરતા બાલકને પદાર્થના ગુણ-દોષ વર્ણવવા છતાં જે પદાર્થમાટે તેની અતિશય દૃઢ ઇચ્છા હોય તે તેને પ્રાપ્ત થાય એમ કરાવે છે. પિતા પુત્રને દરેક પદાર્થના ગુણ અથવા દોષ કહે છે. તથાપિ જે પદાર્થમાટે પુત્રને દૃઢ ઇચ્છા થાય તે તેને પ્રાપ્ત કરાવે છે. તે જ પ્રમાણે ભગવાન્ પણ વિધિ અને નિષેધ થી સારા અને દુષ્ટ કર્મનું ભાન કરાવે છે. શ્રુતિમાં ફલદાન કરવામાં જીવના કર્મની અપેક્ષા કહેલી હોવાથી ભગવાન્ ફલદાન કરવામાં જીવના કર્મની અપેક્ષા રાખે છે, જીવપાસે કર્મ કરાવવામાં તેના કરેલા પ્રયત્નની અપેક્ષા રાખે છે, જીવ પાસે પ્રયત્ન કરાવવામાં તેના કામ અર્થાત્ તેની ઇચ્છાની અપેક્ષા રાખે છે અને તેને સ્વર્ગ વિગેરે પ્રાપ્ત કરવાની ઇચ્છા કરાવવામાં પ્રવાહની અપેક્ષા રાખે છે. એ પ્રમાણે ભગવાન્ જીવની જ ઇચ્છા, પ્રયત્ન, કર્મ વિગેરેની અપેક્ષાથી ફલદાન કરે છે તેથી તેમનામાં દોષની ગન્ધ પણ નથી. આ પ્રમાણે ભગવાન્ જીવની ઇચ્છા, પ્રયત્ન, કર્મ વિગેરેની અપેક્ષા રાખી ફલદાન કરે તો તેમનું ઐશ્વર્ય નષ્ટ થાય એવી શંકા રાખવી નહિ, કારણ કે તેમણે એવો જ મર્યાદામાર્ગ કરેલો છે. જ્યાં એ પ્રમાણે જીવની ઇચ્છા, પ્રયત્ન, કર્મ વિગેરેની

અપેક્ષા રાખ્યા વિના જ ભગવાન્ જીવને ફલદાન કરે છે ત્યાં પુષ્ટિમાર્ગનો અંગીકાર કર્યો છે" વિગેરે.

અહીં પણ ભગવાન્ને જીવના કર્મ વિગેરેની અપેક્ષા રાખવાનું કારણ પોતાની કરેલી મર્યાદા જ છે એમ શ્રીમદાચાર્યચરણ કહે છે. અને મર્યાદા કરવામાં ક્રીડા વિના અન્ય કોઈ પણ હેતુ નથી તેથી અમે એ સૂત્રનું વ્યાખ્યાન કર્યું તેથી આ ભિન્ન નથી; પરન્તુ એક જ છે. તેથી અમે કહ્યું તે જ સત્ય સિદ્ધાન્ત છે, તમારું કહેવું સત્ય નથી.

વળી જીવે કરેલા ધર્મ અને અધર્મ ની અપેક્ષાથી ભગવાન્ તેની પાસે કર્મ કરાવે છે એમ તમે કહ્યું. પરન્તુ સૂત્રમાં 'પ્રયત્ન' શબ્દ છે તેનો અર્થ ધર્મ અને અધર્મ સમ્ભવતો નથી, કારણ કે ક્રિયાથી પૂર્વના કાલમાં થએલો આત્માનો ધર્મ જ પ્રયત્ન છે. પ્રયત્ન પ્રથમ થાય છે, પછી ક્રિયા થાય છે. 'ધર્મ' અને 'અધર્મ' એ શબ્દ ક્રિયાને જ માટે યોજાય છે. પરન્તુ પ્રયત્ન તો ક્રિયાની પૂર્વે થએલો હોય છે. તેથી 'પ્રયત્ન' શબ્દનો અર્થ ધર્મ અને અધર્મ થાય નહિ.

વળી તમે વિધિ અને નિષેધ થી જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ થાય છે એમ કહ્યું છે. વિધિ અને નિષેધ થી પ્રવૃત્તિ અને નિવૃત્તિ ન થતી હોય તો તે નિરર્થક થાય એમ કહ્યું. પરન્તુ એ પ્રમાણે હોય તો સૂત્ર "કૃતપ્રયત્નાપેક્ષસ્તુ વિધિનિષેધાવૈયર્થ્યાદિભ્ય:" એ પ્રમાણે હોત. પરન્તુ ભગવાન્ બાદરાયણે સૂત્રમાં 'વિધિ', 'નિષેધ' શબ્દો ન યોજતાં 'વિહિત' 'પ્રતિષિદ્ધ' શબ્દો યોજ્યા છે અને "કૃતપ્રયત્નાપેક્ષસ્તુ વિહિત-પ્રતિષિદ્ધાવૈયર્થ્યાદિભ્ય:" એમ સૂત્ર યોજ્યું છે.

23.ઔપચારિક-અંશત્વ અને તેનો નિરાસ:

પૂર્વપક્ષ:નિત્યભિન્ન જ જીવ ચેતન હોવાથી, અને અણુ હોઈ એક દેશ સ્થાયી હોવાથી અંશત્વ ઔપચારિક જ છે.

સિદ્ધાન્ત: એમ નથી. કારણ કે મુખ્ય સમ્ભવે ત્યાં ગૌણ અન્યાય છે. સૂત્ર કૃત અંશત્વપ્રસક્ત-દૂષણોનો પરિહાર અનુપપન્ન થઈ જાય, અને જીવ સ્વતન્ત્ર ભિન્ન હોવાથી તો એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનપ્રતિજ્ઞા અનુપપન્ન થાય. યોગજધર્મ પ્રત્યાસત્તિ પેઠે તત્ત્વજ્ઞાન જનિત અલૌકિક ધર્મથી જ સર્વજ્ઞતાની ઉપપત્તિ થશે એમ પણ કહેવાય નહિ, કારણ કે "સૌમ્ય! જેમ એક મૃત્પિણ્ડના જ્ઞાનથી સર્વ મૃણ્મયનું જ્ઞાન થાય" ઇત્યાદિ શ્રૌતદૃષ્ટાન્ત અનુપપન્ન થાય, અને "સૌમ્ય! અગ્રે આ સત્ જ હતું" (છાન્દો.ઉપ.6।1) શ્રુતિનો વિરોધ થાય.

23.ઔપચારિક-અંશત્વ અને તેનો નિરાસ.

(મધ્વ અને પ્રભાકર ના મતથી પૂર્વપક્ષ કરે છે)

પૂર્વપક્ષી:જીવ પરમાત્માથી નિત્ય ભિન્ન જ છે. પરન્તુ તે ચેતન, અણુ અને એક સ્થળે માત્ર હૃદયમાં જ રહેનાર હોવાથી, તેમને પરમાત્માના અંશ કહ્યા છે. તેથી જીવનું અંશપણું મુખ્ય નથી પરન્તુ ઔપચારિક જ છે.

સિદ્ધાન્તી:એમ નથી. જ્યાંસુધી મુખ્ય અંશપણું સમ્ભવતું હોય ત્યાંસુધી ગૌણ માનવું ઉચિત નથી. "હું બહુ થાઉં" અને "આનો પાદ સર્વ ભૂતો છે" વિગેરે શ્રુતિઓથી જીવ બ્રહ્મનો અંશ મુખ્ય રીતે છે એમ જણાય છે. તેથી અંશપણું ગૌણ સ્વીકારવું ઉચિત નથી.

વળી જીવ પરમાત્માનો જો મુખ્ય રીતે અંશ ન હોય તો વસ્તુત: અંશ હોવાથી જે દૂષણ ઉદ્ભવે તેનો સૂત્રમાં નિરાસ અથવા પરિહાર કર્યો છે તે પણ સમ્ભવે નહિ. આ દૂષણનો પરિહાર કરવા સૂત્રો યોજેલાં છે :

1."પ્રકાશદિવદ્ નૈવં પર:"

જીવ વસ્તુત: ભગવાન્નો અંશ હોય તો જેમ પગમાં દુ:ખ હોય ત્યારે પુરુષને દુ:ખ લાગે છે તેમ અંશ જીવમાં દુ:ખ હોવાથી ભગવાન્ પણ દુ:ખી થાય એવી શંકાનો નિરાસ કરવા આ સૂત્ર યોજેલું છે. 'પર:' અર્થાત્ ભગવાન્ 'એવં' અર્થાત્ એ પ્રકારના એટલે જીવના જેવા પ્રકારના ભેદબુદ્ધિવાળા 'ન' નથી. ભગવાન્માં ભેદબુદ્ધિ નથી તેથી ભગવાન્ને દુ:ખ લાગે નહિ. ભેદબુદ્ધિ હોય ત્યાં જ દુ:ખ સમ્ભવે.

2."અનુજ્ઞા-પરિહારૌ દેહસમ્બન્ધાદ્ જ્યોતિરાદિવત્"

"ઋતુમાં ભાર્યાગમન કરવું" એ અનુજ્ઞા અથવા રજા, "ગુરુપત્નીગમન ન કરવું" એ પરિહાર, એ અનુજ્ઞા અને પરિહાર જીવને દેહના સમ્બન્ધથી છે. અગ્નિ-ઉદક વિગેરેનું આપણે ગ્રહણ કરીએ છીએ પરન્તુ શવનો અગ્નિ, ચણ્ડાલનું ઉદક વિગેરેનું ગ્રહણ કરતા નથી. અગ્નિ-ઉદક વિગેરે અંશીમાં કાંઈ પણ દોષ નથી પરન્તુ શવાગ્નિ, ચણ્ડાલનું ઉદક એવા

શવ અને ચણ્ડાલ ના સમ્બન્ધથી દોષ છે. તેથી અંશમાં દોષ હોવા છતાં અંશી દોષરહિત છે. એ પ્રમાણે જીવને દેહના સમ્બન્ધથી અનુજ્ઞા-પરિહાર વિગેરે છે. દેહના સમ્બન્ધથી જીવ દોષિત છે, પરન્તુ અંશી ભગવાન્માં દોષ નથી.

કેટલાક આ સૂત્રનું બીજી રીતે વ્યાખ્યાન કરે છે.
"જેમ કાલાગ્નિ અને ખદ્યોત, પૃથ્વી અને તેનો અંશ, મેરૂ અને પુરીષ, અમૃતસમુદ્ર અને મૂત્ર અંશી અને અંશ છે પરન્તુ એક પ્રકારના નથી, કારણ કે એક દોષરહિત છે અને બીજો દોષવાન્ છે, તે જ પ્રમાણે મત્સ્ય વિગેરે ભગવાન્ના સ્વરૂપાંશ છે અને ભિન્નાંશ જીવ છે. મત્સ્ય વિગેરે દોષવાળા નથી પરન્તુ જીવ દોષવાન્ છે. સ્વરૂપાંશ મત્સ્ય વિગેરે ભિન્નાંશ જીવા અને ભૂતો પણ વસ્તુત: ભિન્ન છે તો પણ અભિમાની દેવતાના ઐક્યથી તેમનું ઐક્ય છે" વિગેરે.

પરન્તુ આ વ્યાખ્યાન બરાબર નથી, કારણ કે પૃથ્વી સહન કરનાર હોવાથી દોષના સમ્બન્ધવાળી છે. એ પ્રમાણે તે દૃષ્ટાન્તો વિરુદ્ધ છે. વળી પૃથ્વી વિગેરે અભિમાની દેવતા હોવાથી તેમના અંશ સાથે તેમને ઐક્ય છે એમ કહ્યું. એ ન્યાયે ભગવાન્માં પણ જીવોની રાશિનું અભિમાનપણું સિદ્ધ થશે અર્થાત્ ભગવાન્ પણ જીવોના અભિમાની દેવતા સિદ્ધ થશે. આ સિવાય અન્ય પણ ઘણા દોષ હોવાથી આ વ્યાખ્યાન યોગ્ય નથી.

તેથી જીવ વસ્તુત: ઈશ્વરનો અંશ ન હોત તો એવો અંશ હોવાથી જે દૂષણ કલ્પાય તેનો પરિહાર સૂત્રમાં હોત નહિ. વળી જીવ સ્વતન્ત્ર ભિન્ન હોય, જીવ ઈશ્વરથી નિત્ય ભિન્ન હોય તો "એકના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય છે" એ પ્રતિજ્ઞા સિદ્ધ થાય નહિ. જીવ વસ્તુત: બ્રહ્મના અંશ હોય તો જ એ પ્રતિજ્ઞા સિદ્ધ થાય.

પૂર્વપક્ષી:જેમ નૈયાયિકો જ્ઞાનપ્રત્યાસત્તિ, સામાન્યપ્રત્યાસત્તિ અને યોગજધર્મ એ પ્રમાણે ત્રણ પ્રત્યાસત્તિ જ્ઞાન કરાવનારી માને છે તે પ્રમાણે તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થતાં અલૌકિક ધર્મથી જ સર્વનું જ્ઞાન થાય છે. તેથી યોગજ ધર્મની પેઠે તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થતી અલૌકિક પ્રત્યાસત્તિ માનવી. એ પ્રત્યાસત્તિથી સર્વનું જ્ઞાન થાય છે અને એ પ્રતિજ્ઞા સિદ્ધ થાય છે.

સિદ્ધાન્તી:ભલે એમ તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થતી પ્રત્યાસત્તિ માનો, પરન્તુ શ્રુતિ "સૌમ્ય! જેમ એક મૃત્પિણ્ડના જ્ઞાનથી સર્વ મૃણ્મયનું જ્ઞાન થાય" એ પ્રમાણે એક મૃત્પિણ્ડના જ્ઞાનથી સર્વ મૃત્ના પરિણામોનું જ્ઞાન થાય છે એમ દૃષ્ટાન્તે કહેલું છે. તેથી તે જ પ્રમાણે એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થવું જોઈએ. અલૌકિક પ્રત્યાસત્તિથી સર્વનું જ્ઞાન થાય તો પણ ઉપર કહેલા દૃષ્ટાન્તની રીતે સર્વનું જ્ઞાન તેનાથી થાય નહિ અને દૃષ્ટાન્ત નિરર્થક થઈ જાય.

વળી "હે સૌમ્ય, અગ્રે આ સત્ જ હતું" એ શ્રુતિનો પણ વિરોધ થાય છે. આ શ્રુતિ સુબાલ ઉપનિષદ્માં પ્રલય પ્રકરણમાં છે. ત્યાં "અવ્યક્તનો અક્ષરમાં લય થાય છે, અક્ષરનો તમ:માં લય છે" ત્યાં સુધી સર્વનો લય કહી "તમ: પરદેવ સાથે એક થાય છે" એમ કહ્યું છે. 'લય' એટલે શ્લેષ અર્થાત્ વિભાગનો અભાવ. તમ: પરદેવ સાથે એક થાય છે અર્થાત્ તેમનો

એકીભાવ થાય છે. તેમના સ્વરૂપનું ઐક્ય થાય ત્યારે જ એકીભાવ સમ્ભવે, માત્ર નામ અને રૂપ નો વિભાગ થઈ શકે નહિ, એવી સ્થિતિને એકીભાવ કહેવાય નહિ. તેથી સર્વનો બ્રહ્મ સાથે એકીભાવ થાય છે અર્થાત્ સર્વના સ્વરૂપનું ઐક્ય થાય છે. સૃષ્ટિપૂર્વના કાલમાં "હે સોમ્ય, અગ્રે આ સત્ જ હતું" એમ કહ્યું છે. તેમાં પણ 'જ' શબ્દથી બ્રહ્મથી અન્ય સર્વનો નિષેધ કર્યો છે. તે સર્વના સ્વરૂપનું બ્રહ્મ સાથે ઐક્ય હોય અર્થાત્ સર્વ માત્ર બ્રહ્મ જ હોય તો જ સમ્ભવે. તમારા મતમાં જીવ પરમેશ્વરથી નિત્ય ભિન્ન હોવાથી તેમ સમ્ભવે નહિ અને શ્રુતિનો વિરોધ થાય.

(ઉપર બ્રહ્મમાંથી જીવનું વ્યુચ્ચરણ થાય છે એમ કહ્યું. વ્યુચ્ચરણને જ ઉત્પત્તિ માની, જીવની ઉત્પત્તિ હોવાથી જીવ નિત્ય હોઈ શકે નહિ અને તેના નિત્યત્વનો બાધ થાય એવી શંકા કરે છે.)

24.વ્યુચ્ચરણને ઉત્પત્તિ ન જાણવી :

પૂર્વપક્ષ: "આત્મા નહિ, અશ્રુતિને લીધે, તેઓથી નિત્ય છે તેથી" (બ્રહ્મસૂ.2।17) તત્ત્વસૂત્રનો વિરોધ થાય છે. આનો અર્થ નીચે પ્રમાણે છે. આત્મા જીવ ઉપપન્ન થતો નથી. કેમ? અશ્રુતિથી. "દેવદત્ત જન્મ્યો" એમ દેહની જ ઉત્પત્તિનું શ્રવણ થાય છે, આત્માની નહિ. વળી નિત્ય હોવાથી પણ જીવની ઉત્પત્તિ સમ્ભવતી નથી. આનું નિત્યત્વ ક્યાંથી? ત્યાં કહે છે, 'તેમનાથી', અર્થાત્ શ્રૃતિથી.

સિદ્ધાન્ત: અત્ર એમ જણાય છે. "જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર" ઇત્યાદિ શ્રુતિઓનો વિચાર કરતાં સૂત્રકાર પોતે જ જીવને અંશ કહી, પછી ઉત્પત્તિનો નિષેધ કરે છે, તેથી વિસ્ફુલિંગન્યાયથી જીવના વ્યુચ્ચરણને સૂત્રકાર ઉત્પત્તિ તરીકે માનતા નથી, કારણ કે તે સમયે પરિછિન્ન શરીરના અભાવથી, તેમાં જીવના આગમનનો પણ અભાવ હોવાથી તેમાં ઉત્પત્તિસ્વરૂપનો પણ અભાવ છે.

"અનિત્યમાં જનન, નિત્ય અને પરિચ્છિન્નના સમાગમ, અને
નિત્ય અપરિચ્છિન્ન તનુમાં પ્રાકટ્ય એમ તે ત્રણ પ્રકારની છે"
(ભાગ.સુબો.કારિકા)

એમ કહેલું છે. તેથી અનિત્ય પ્રાણ આદિનો પ્રાદુર્ભાવ જ ઉત્પત્તિ છે તેથી તેમની જ ઉત્પત્તિ કહેલી છે. જીવનો બ્રહ્મમાંથી વિભાગ અને બ્રહ્માંશત્વ વાચ્ય હોવાથી, ઉભયની દુર્બોધતા જાણનાર શ્રુતિ, અંશત્વ, અંશીમાંથી વિભાગવત્વ, અણુત્વ, અંશીનું અંશથી મહત્ત્વ, અંશની પુન: અંશીમાં પ્રવેશયોગ્યતા, પ્રવેશ થયા પછી અભેદપ્રતીતિવિષયતા, અને પુન: નિર્ગમનયોગ્યતા અગ્નિવિસ્ફુલિંગમાં પ્રસિદ્ધ છે તેથી સર્વ ધર્મના બોધના સૌક્ર્યાર્થ અગ્નિવિસ્ફુલિંગના દૃષ્ટાન્તથી તે (દ્વિ ધર્મ) કહે છે. પ્રકૃતમાં પણ એમ દૃશ્યમાન થાય છે. બ્રહ્મનું જીવથી મહત્વ, એ "પરન્તુ ભેદનિર્દેશને લીધે અધિક" (બ્રહ્મસૂ.2।22) એમ કહેલું છે.

"બ્રહ્મ જ થઈ બ્રહ્મ પ્રાપ્ત કરે છે" 4।6) એમ પુન: પ્રવેશ પણ કહેલો છે. ભગવાને કહેલા સાધન કરવાથી સન્તુષ્ટ ભગવાનથી આનન્દનું પ્રાકટ્ય થવાથી, સ્વગુણસ્વરૂપૈશ્વર્ય આદિનું પ્રાકટ્ય થવાથી બ્રહ્મભાવ થાય છે. "આમાં આના તદ્યોગનું શાસન કરે છે" સૂત્રથી આ જ કહેલું છે. 'આમાં' આનન્દમય બ્રહ્મમાં 'આનો' જીવનો 'તદ્યોગ' તદ્રૂપનો યોગ બ્રહ્મભાવ આપન્નની પ્રાપ્તિ ફલ તરીકે કહે છે એવો આનો અર્થ છે. "બ્રહ્મભૂત શાન્ત આત્માવાળો સર્વ ભૂતમાં સમ શોક કરતો નથી, આકાંક્ષા રાખતો નથી" (ભગ.ગીતા 18।) ઇત્યાદિ કહી ભક્તિનો લાભ થયા પછી "પછી તેમાં પ્રવેશ કરે છે" એમ વિજયરથ કુટુમ્બ શ્રીદેવકીપુત્રે આ જ કહ્યું છે. પ્રવેશ પછી અભેદપ્રતીતિ પણ શ્રુતિ જ કહે છે. કારણ કે, સર્વનો સાક્ષાત્ અથવા પરમ્પરા ભેદથી ભગવાન્માં જ લય છે તેથી મોક્ષસ્થાન ભગવાન્ જ છે એમ નિરૂપણ કરવા "જેમ સર્વ જલનું એક અયન સમુદ્ર જ છે" (બૃહદા.ઉપ.2।11) એમ ઉપક્રમ કરી, "વાણી એક અયન છે" ત્યાં સુધી દૃષ્ટાન્તમાટે નિરૂપણ કરી, "જેમ જલમાં નાખેલો સૈન્ધવનો કટકો જલમાં લય પામે છે" ઇત્યાદિથી લયદૃષ્ટાન્તનું નિરૂપણ કરી, "વિજ્ઞાનઘન આ ભૂતોમાંથી ભોક્તૃભાવ પ્રાપ્ત કરી, તેમના વિનાશ પછી ભોક્તૃભાવનો ત્યાગ કરે છે." "મુક્તિ પછી સંજ્ઞા નથી" એમ લયનું નિરૂપણ કરી, તેનું નિરૂપણ કરવા "જ્યાં દ્વૈત જેવું હોય ત્યાં એક બીજાને જુએ છે" એમ ઉપક્રમ કરી "વિજ્ઞાતાને અરે કોનાથી જાણે" ત્યાં સુધી લયાવસ્થામાં લીન જીવની પોતામાં ભગવાન્થી ભિન્ન તરીકે પ્રતીતિ નથી એમ શ્રુતિએ નિરૂપણ કર્યું છે. "ગતિસામાન્યને લીધે" 1।9) એમ સૂત્રકાર પણ આ જ અર્થ કહે છે. 'ગતિ' અર્થાત્ મોક્ષ. સમાનનો ભાવ સામાન્ય તેથી; મોક્ષમાં જીવ અને બ્રહ્મ અભિન્ન છે તેથી, અભિન્ન તરીકે જ તેમનું નિરૂપણ છે તેથી, એવો અર્થ છે. તેથી આદિ, મધ્ય અને અવસાન માં શુદ્ધ બ્રહ્મ જ ઉપાદાન હોવાથી સર્વ વેદનો બ્રહ્મમાં સમન્વય છે એમ ફલિત થાય છે. સ્વકીય અવતાર સમયે ક્રીડામાટે સાક્ષાત્ યોગ્ય તે જ હોય છે તેથી તેમનો પણ અવતાર કરાવે છે, એ પુન:નિર્ગમનયોગ્યતા. આ જ "મુક્તોપસૃપ્યવ્યપદેશને લીધે" (બ્રહ્મસૂ.1।2) સૂત્રથી કહેલું છે. "તે પુન: આવતો નથી" " 'અનાવૃત્તિ' શબ્દને લીધે" (બ્રહ્મસૂ.4।22) એ શ્રુતિન્યાયનો વિરોધ પણ નથી, કારણ કે એ પ્રમાણમાર્ગના છે, અને પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરેલાને ભગવાન્ આ (પુન: આવૃત્તિ) કરે છે. નહિ તો, મર્યાદામાં પ્રવેશપર્યન્ત જ છે, કારણ કે તે અતિશય અનુગ્રહવિશેષથી જ સાધ્ય હોવાથી અતિદુર્લભ છે. "ભગવાન્ મુકુન્દ ભજન કરનારને કદાચ મુક્તિનું દાન કરે છે, પણ ભક્તિયોગનું નહિ" એમ આ કહેલું છે. વળી શ્રુતિ સંસારમાં પુન: અનાવૃત્તિ કહે છે, કારણ કે પછી તેમને સંસાર નથી. વળી "મુક્તોપણ લીલાવિગ્રહ ધારણ કરી ભજે છે" એમ વાક્ય છે. ચિરકાલથી વાવેલા અને સમુદિત થએલા પ્રાચીન નિરતિશય કૃપાફલના સારભૂત નિજ ચરણકમલાનુરાગના વિલાસની અભિલાષારૂપ બીજવાળી, પછી નિજપરિજનના નિરોધથી પ્રિયાવલોકનના નિમિત્તમાટે પ્રતિક્ષણ કરેલાં વિવિધ વ્યાજથી જનિત ગતાગતથી કર્ષિત થએલી, પછી દિવસે પ્રિયના વનગમનથી જનિત વિરહરૂપી તરણિતાપથી તપતાં અન્ત:કરણરૂપી કેદારવાળી, પછી નિશામુખે પ્રિયના આગમનથી સમ્પન્ન

થએલાં ઇષ્ટાવલોકનરૂપી સેચનથી ઉત્પન્ન થએલાં હસિતથી વલિત થએલાં, વિવશ અને તરલતાથી રુચિર વિલોચન યુગલથી વિદિત થએલાં વિવિધ નિરવધિ રસભાવરૂપી અંકુરોવાળી, અને પછી અતિવિપુલ કલિન્દજાના પુલિનરૂપી નભોવલયમાં થતા નિજ મુરલિકાના કલનિનદરૂપી ગર્જીતથી આનન્દિત થએલી કોઈ ભૂમિમાં જ શ્રીમન્નન્દરાજકુમારરૂપી નવજલદે નિજાનન્દરૂપી સુધાની વૃષ્ટિ કરી તેથી સર્વત્ર તેવી જ રીતે વૃષ્ટિ કરશે એમ જાણી શકાય નહિ. મર્યાદાથી તેનું ભજન એ જ સર્વનું કર્તવ્ય સિદ્ધ છે. તેનાથી જ સર્વ થાય છે એમ જાણવું. દશમસ્કધધ ના વિવરણમાં મૃત્સ્નાભક્ષણ વરદાનાર્થ આગમન આદિ સ્થલે પિતૃચરણે જ આનું સ્ફુટ નિરૂપણ કરેલું હોવાથી વિસ્તારની શી જરૂર? અથવા, જીવત્વ વિગેરે પેઠે અંશત્વ પણ શ્રુતિએ નિરૂપણ કરેલો જીવનો એક પૃથક્ ધર્મ છે તેથી કાંઈ અનુપપત્તિ નથી.

24.વ્યુચ્ચરણને ઉત્પત્તિ ન જાણવી

પૂર્વપક્ષી:"ન આત્મા, અશ્રુતે: નિત્યત્વાચ્ચ તાભ્ય:" નહિ, અશ્રુતિને લીધે. તેઓથી નિત્ય છે' સૂત્રનો વિરોધ થાય છે. આ સૂત્રનો અર્થ નીચે પ્રમાણે છે. 'આત્મા' અર્થાત્ જીવ ઉત્પન્ન થતો નથી. કેમ? 'અશ્રુતિને લીધે' જીવ ઉત્પન્ન થાય છે એમ કોઈ શ્રુતિ કહેતી નથી. "દેવદત્ત જનમ્યો" વિગેરે વાક્યમાં આત્માની અથવા જીવની ઉત્પત્તિ કહી નથી પરન્તુ દેહની ઉત્પત્તિ જ કહેલી છે. વળી જીવ નિત્ય હોવાથી તેની ઉત્પત્તિ સમ્ભવતી નથી. શ્રુતિઓ આત્મા નિત્ય છે એમ કહે છે. "નિત્યોના નિત્ય" વિગેરે શ્રુતિઓ આત્માને નિત્ય જ કહે છે. આત્મા નિત્ય હોવાથી તેની ઉત્પત્તિ સમ્ભવતી નથી. તેથી તમે વ્યુચ્ચરણ કહ્યું તે સ મ્ભવતું નથી.

સિદ્ધાન્તી:અહીં સત્ય નીચે પ્રમાણે જણાય છે. સૂત્રકાર "જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર" વિગેરે શ્રુતિનો વિચાર કરતાં જીવ બ્રહ્મનો અંશ છે એમ કહે છે અને પછી "ન આત્મા અશ્રુતે:" વિગેરે સૂત્રથી જીવની ઉત્પત્તિ નથી એમ કહે છે તેથી વિસ્ફુલ્લિંગની પેઠે જીવનું બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ થાય છે તે ઉત્પત્તિ નથી એમ સૂત્રકાર માને છે. વ્યુચ્ચરણ ઉત્પત્તિ હોઈ શકે નહિ, કારણ કે વ્યુચ્ચરણ સમયે પરિચ્છિન્ન અર્થાત્ અમુક હદવાળા કદવાળું શરીર ન હતું. વળી તે સમયે એવા શરીરમાં જીવનું આગમન પણ થતું નથી તેથી શરીરમાં જીવનું આગમન નહિ હોવાથી, ઉત્પત્તિ થઈ એમ કહી શકાય નહિ. પ્રાચીનોનો પણ જીવના વ્યુચ્ચરણને ઉત્પત્તિ કહેવાય નહિ એવો મત છે. "અનિત્યમાં જનન, નિત્ય અને પરિચ્છિન્નમાં સમાગમ અને નિત્ય અપરિચ્છિન્ન તનુમાં પ્રાકટ્ય એમ તે ત્રણ પ્રકારની છે" એમ પ્રાચીનો કહે છે. અનિત્ય પ્રાણ વિગેરેનો પ્રાદુર્ભાવ 'જનન' અથવા 'ઉત્પત્તિ' કહેવાય છે. નિત્ય અને પરિચ્છિન્ન પદાર્થ જેવા કે જીવ વિગેરેનો પ્રાદુર્ભાવ 'સમાગમ' કહેવાય. સમાગમ અર્થાત્ સમ્યક્ આગમ, સમ્યક્ આગમન. નિત્ય અને અપરિચ્છિન્ન પદાર્થ જેવા કે બ્રહ્મ એમનો પ્રાદુર્ભાવ 'પ્રાકટ્ય' કહેવાય છે. તે માત્ર ઇચ્છાથી થાય છે. જીવોનો બ્રહ્મમાંથી

વ્યુચ્ચરણથી વિભાગ થાય છે ત્યારે પણ તેમના સ્વરૂપ અને ધર્મ નો અન્યથાભાવ થએલો નહિ હોવાથી, તેમની ઉત્પત્તિ થઈ એમ કહેવાય નહિ. જીવો બ્રહ્મમાંથી વ્યુચ્ચરે છે અને બ્રહ્મના અંશ છે એમ કહેવાનો વ્યુચ્ચરણશ્રુતિનો અભિપ્રાય છે. જીવોનું વ્યુચ્ચરણ અને અંશપણું ઉભયનો બોધ કરવો અતિ કઠિન છે એમ પણ શ્રુતિ જાણે છે. તેથી 1.અંશપણું 2.અંશીમાંથી અંશનો વિભાગ થાય છે તે. 3.અણુપણું. 4.અંશી અંશથી મહાન્ હોય છે તે. 5.અંશ પુન: અંશીમાં પ્રવેશ કરવા યોગ્ય છે તે. 6.અંશ અંશીમાં પ્રવેશ કરે ત્યાર પછી તેમના અભેદની પ્રતીતિ થાય છે તે. 7.અંશ અંશીમાં પ્રવેશ કર્યા પછી, પુન: નિર્ગમન કરવા યોગ્ય છે તે સર્વ ધર્મ અગ્નિ અને વિસ્ફુલ્લિંગમાં પ્રસિદ્ધ છે; તેથી સર્વ ધર્મનો બોધ સહેલથી થાય તે માટે શ્રુતિ અગ્નિ અને વિસ્ફુલ્લિંગ નું દૃષ્ટાન્ત કહે છે. આ સર્વ ધર્મ જીવમાં પણ છે. અગ્નિ અંશી છે ને વિસ્ફુલ્લિંગ અંશ છે, તેમ બ્રહ્મ અંશી છે ને જીવ અંશ છે. ઉપર કહેલા સાતે ધર્મ જીવમાં પણ રહેલા છે.

1.જીવ બ્રહ્મનો અંશ છે અને

2.અંશી બ્રહ્મમાંથી અંશ જીવનો વિભાગ વ્યુચ્ચરણથી થાય છે એમ પ્રથમ સિદ્ધ કર્યું છે.

3.જીવ અણુ છે એમ આગળ સિદ્ધ કરીશું.

4.અંશી બ્રહ્મ અંશ જીવ કરતાં મહત્ છે. "પરન્તુ ભેદનિર્દેશને લીધે અધિક" બ્રહ્મસૂત્ર પણ બ્રહ્મ જીવથી અધિક અથવા મહત્ છે એમ કહે છે.

5.અંશી બ્રહ્મમાં અંશ જીવ પુન: પ્રવેશ કરવા યોગ્ય છે. "બ્રહ્મ જ થઈ બ્રહ્મ પ્રાપ્ત કરે છે" શ્રુતિ પણ જીવ બ્રહ્મમાં પુન: પ્રવેશ કરે છે એમ કહે છે. ભગવાને શ્રીમદ્ભગવદ્ગીતા તથા શ્રીમદ્ભાગવતના એકાદશસ્કધધમાં કહેલા સાધનો જીવ કરે ત્યારે ભગવાન્ સન્તુષ્ટ થાય છે અને જીવમાં ભગવદ્ગુણ સ્વરૂપૈશ્વર્ય વીર્ય વિગેરેનું પ્રાકટ્ય કરે છે તેથી જીવ બ્રહ્મભાવ પામે છે એમ જાણવું. આ પણ "આમાં આના તદ્યોગનું શાસન કરે છે" બ્રહ્મસૂત્રમાં કહેલું છે. 'આમાં' અર્થાત્ આનન્દમય બ્રહ્મમાં. 'આનો' અર્થાત્ જીવનો. 'તદ્યોગ' અર્થાત્ તદ્રૂપનો યોગ અથવા બ્રહ્મભાવની પ્રાપ્તિ. "શાસન કરે છે" અર્થાત્ ફલરૂપે કહે છે. તેથી જીવને બ્રહ્મભાવ ફલ તરીકે પ્રાપ્ત થાય છે. તેથી જીવ બ્રહ્મભાવ પામે છે. વિજયરથકુટુમ્બ શ્રીદેવકીપુત્ર પણ શ્રીમદ્ભગવદ્ગીતામાં "બ્રહ્મભૂત શાન્ત આત્માવાળો સર્વભૂતમાં સમ શોક કરતો નથી, આકાંક્ષા રાખતો નથી" એમ કહી ભક્તિ પ્રાપ્ત કર્યા પછી "પછી તેમાં પ્રવેશ કરે છે" એમ કહે છે. તેથી જીવ પુન: બ્રહ્મમાં પ્રવેશ કરવા યોગ્ય છે.

6.જીવનો બ્રહ્મમાં પ્રવેશ થયા પછી જીવ અને બ્રહ્મ ના અભેદની પ્રતીતિ થાય છે એમ શ્રુતિ પણ કહે છે. "જેમ સર્વ જલનું એક અયન સમુદ્ર જ છે" એમ આરમ્ભ કરી "વાણી એક અયન છે" ત્યાં સુધી દૃષ્ટાન્તમાટે નિરૂપણ કરી "જેમ જલમાં નાખેલો સૈન્ધવનો કટકો જલમાં લય પામે છે" વિગેરેથી લયનું દૃષ્ટાન્ત કહે છે. અને "મુક્તિ પછી સંજ્ઞા નથી" એમ લયનું નિરૂપણ કરે છે. ત્યાર પછી "વિજ્ઞાતાને અરે કોનાથી જાણે?" એમ શ્રુતિ ભગવાન્માં લય પામેલા જીવની પોતામાં ભગવાન્થી ભિન્ન તરીકે પ્રતીતિ નથી એમ નિરૂપણ કરે છે. તેથી

સમસ્ત શ્રુતિનો એવો અભિપ્રાય જણાય છે કે સાક્ષાત્ અથવા પરમ્પરાના ભેદથી સર્વનો ભગવાન્માં જ લય થાય છે, અને તેથી મોક્ષનું સ્થાન ભગવાન્ જ છે. "ગતિસામાન્યાત્" સૂત્રમાં સૂત્રકાર પણ આ જ અર્થનું નિરૂપણ કરે છે. 'ગતિ' અર્થાત્ મોક્ષ. સમાનનો ભાવ એ સામાન્ય. અર્થાત્ મોક્ષ સમયે જીવ અને બ્રહ્મ માં સમાનનો ભાવ છે. જીવને મોક્ષ પ્રાપ્ત થાય ત્યારે બ્રહ્મ અને જીવ અભિન્ન છે. મોક્ષાવસ્થામાં જીવનું બ્રહ્મથી અભિન્ન તરીકે જ નિરૂપણ કરેલું છે. તેથી આદિ, મધ્ય અને અન્ત સર્વેમાં શુદ્ધ બ્રહ્મ જ ઉપાદાનકારણ છે. તેથી સર્વે વેદનો બ્રહ્મમાં જ સમન્વય છે એમ સિદ્ધ થાય છે. આ પ્રમાણે મોક્ષાવસ્થામાં જીવ બ્રહ્મથી અભિન્ન છે.

7.પરન્તુ ભગવાન્ જ્યારે અવતાર ધારણ કરે ત્યારે ભગવાન્ની ક્રીડામાં સાક્ષાત્ યોગ્ય જીવ એ જ હોવાથી તેમને પણ ભગવાન્ અવતાર ધારણ કરાવે છે. ભગવાન્ અવતાર ધારણ કરે ત્યારે તેમની સાથે સાક્ષાત્ ક્રીડા કરવા, મોક્ષ પ્રાપ્ત કર્યા પછી પણ, જીવ અવતાર ધારણ કરે છે, અને તેથી જ તે ભગવાન્માંથી પુન: નિર્ગમન કરવા યોગ્ય છે. આ જ અર્થનું "મૃક્તોપસૃપ્યવ્યપદેશાત્" સૂત્રમાં પ્રતિપાદન કરેલું છે. "તે પુન: આવતો નથી" શ્રુતિ અને "અનાવૃત્તિ શબ્દને લીધે" બ્રહ્મસૂત્રનો વિરોધ થશે એવી શંકા કરવી નહિ, કારણ કે એ શ્રુતિ અને બ્રહ્મસૂત્ર પ્રમાણમાર્ગમાટે છે. પરન્તુ આ ભગવાન્માંથી પુન: નિર્ગમનયોગ્ય થવું એ સાતમો પુષ્ટિભક્તોનો જ ગુણ છે. પુષ્ટિમાર્ગમાં જે જીવોનો અંગીકાર કર્યો હોય તેમને જ ભગવાન્ પુન: સાક્ષાત્ ક્રીડામાટે નિર્ગમનયોગ્ય કરે છે. મર્યાદામાર્ગમાં પ્રવેશ પર્યન્ત પ્રથમના છ ગુણ જ છે. સાતમો પુન: નિર્ગમનયોગ્ય હોવાનો ગુણ ભગવાન્ના અતિશય અનુગ્રહથી જ સાધ્ય છે, અન્ય કોઈ પણ ઉપાયથી તે પ્રાપ્ત થતો નથી. "ભગવાન્ મુકુન્દ ભજન કરનારને કદાચ મુક્તિનું દાન કરે છે પણ ભક્તિયોગનું નહિ" એમ શ્રીમદ્ભાગવતમાં પણ આજ અર્થનું નિરૂપણ કરેલું છે. વળી "તે પુન: આવતો નથી" શ્રુતિ મુક્ત જીવ પુન: સંસારમાં આવતો નથી એમ જ કહે છે; કારણ કે જીવને મુક્તિ પ્રાપ્ત થયા પછી પુન: સંસાર પ્રાપ્ત થતો નથી. ભક્તો ભગવાન્માંથી પુન: નિર્ગમન કરે છે, પરન્તુ સંસારમાં આવતા નથી. "મુક્તો પણ લીલાવિગ્રહ ધારણ કરી ભજે છે" એવું વાક્ય હોવાથી મુક્તોનું ભગવાન્માંથી નિર્ગમન થાય છે પરન્તુ તે સંસારમાં આવતાં નથી. સ્વેચ્છાથી ભગવાન્નું ભજન કરવામાટે જ તે શરીર ધારણ કરે છે. આ ભગવાન્માંથી નિર્ગમનયોગ્ય હોવાનો સાતમો ગુણ ભગવાન્ની અતિશય કૃપાથી જ સાધ્ય છે. 'નવજલદ' અર્થાત્ નવા વાદળાંરૂપી શ્રીમન્નન્દરાજકુમાર શ્રીકૃષ્ણચન્દ્રે ગોપિકાઓરૂપી ભૂમિમાં નિજ આનન્દની સુધાનો વરસાદ વરસાવ્યો તેથી તે સર્વત્ર એવો વરસાદ વરસાવશે એમ કહી શકાય નહિ. અર્થાત્ ગોપિકાઓ પર શ્રીકૃષ્ણચન્દ્રે અતિશય અનુગ્રહ કર્યો તેવો અનુગ્રહ સર્વપર કરશે એમ કહી શકાય નહિ. ગોપિકારૂપી ભૂમિમાં ઘણા લાંબા સમયથી વાવેલાં અને એકત્ર થએલાં પ્રાચીન અતિશય કૃપાના સાર જેવાં ભગવાન્ના ચરણકમલમાં અનુરાગના વિલાસરૂપી અભિલાષા એ બીજ હતાં. એ ભૂમિ પોતાના શ્વસુર વિગેરે પરિજનના નિરોધથી પ્રિય ભગવાન્ના દર્શનના નિમિત્તમાટે ક્ષણે-ક્ષણે કરેલાં બહાનાથી

ઉત્પન્ન થએલાં ગમન અને આગમન થી કર્ષિત થએલી હતી. વળી એ ભૂમિમાં દિવસે પ્રિય ભગવાન્ના વનપ્રતિ ગમનથી ઉત્પન્ન થએલા વિરહરૂપી સૂર્યના તાપથી તપતાં અન્ત:કરણરૂપી કેદારો હતાં. વળી ત્યાર પછી સન્ધ્યા સમયે પ્રિય ભગવાન્ વનમાંથી આવતા તેથી ઇષ્ટનાં થતાં દર્શનરૂપી સેચનથી ઉત્પન્ન થએલાં હસિતથી વલિત થએલાં, વિવશ, તરલ અને તેથી રુચિ ઉત્પન્ન કરે એવાં વિલોચન અથવા નયનના યુગલથી જણાએલાં વિવિધ નિરવધિ રસભાવરૂપી અંકુરો તે ભૂમિમાં હતાં. ત્યાર પછી અતિવિપુલ શ્રીયમુનાજીના પુલિનના નભોવલયમાં થતાં ભગવાન્ની મુરલિકાના મધુર નાદરૂપી ગર્જનાથી તે ભૂમિને આનન્દ થતો હતો. એવી કોઈ અલ્પ ભૂમિમાં શ્રીમન્નન્દરાજકુમારે નિજ આનન્દની સુધાનો વરસાદ વરસાવ્યો તેથી તે સર્વ ભૂમિમાં એવો વરસાદ વરસાવે એમ કહી શકાય નહિ. જ્યાં અતિશય અનુગ્રહ હોય ત્યાં જ તે સમ્ભવે છે.

પૂર્વપક્ષી:(ભગવાન્ના અનુગ્રહથી જ આ ફલની પ્રાપ્તિ થતી હોય, તે પ્રાપ્ત કરવાના સાધન કાંઈ પણ ન હોય, "સાધનરહિતના ફલરૂપ ભગવાન્ ગોકુલમાં પ્રાદુર્ભાવ પામ્યા" એ નિબન્ધવાક્ય પ્રમાણે સાધન વિના ફલની પ્રાપ્તિ થતી હોય તો સાધનમાટે યત્ન કરવો જોઈએ નહિ એમ સિદ્ધ થાય).

સિદ્ધાન્તી:મર્યાદાથી ભગવાન્નું ભજન કરવું એ સર્વે જીવોનું કર્તવ્ય છે એમ સર્વત્ર બ્રહ્મસૂત્રભાષ્યમાં પણ કહેલું છે. ભગવાન્ કેવલ અનુગ્રહથી ફલ આપે છે. પરન્તુ મર્યાદાથી ભગવાન્નું ભજન કરવું એ સર્વ જીવોનું કર્તવ્ય છે. ભગવાન્ના ભજન વિના જીવોનું અન્ય કર્તવ્ય નથી. ભજનથી ભક્તના સર્વ મનોરથ સિદ્ધ થાય છે. મુક્ત જીવનું પણ ભગવાન્ની ક્રીડામાટે ભગવાન્માંથી નિર્ગમન થાય છે અને વિશેષ અનુગ્રહ હોય તેનું જ આ પ્રમાણે નિર્ગમન થાય છે એ સર્વનું દશમસ્કધધની સુબોધિનીજીમાં મૃત્સ્નાભક્ષણ વરદાનાર્થ આગમન વિગેરે પ્રસંગે શ્રીમદાચાર્યચરણે નિરૂપણ કરેલું છે. તેથી અહીં વિશેષ વિસ્તાર કરતા નથી.

અથવા, શ્રુતિ જેમ જીવમાં જીવત્વ ધર્મનું પ્રતિપાદન કરે છે તેમ અંશત્વ એ પૃથગ્ધર્મનું પ્રતિપાદન કરે છે. તેથી જ સ્મૃતિ અને સૂત્રમાં જીવને 'અંશ' કહેલો છે. શ્રુતિમાં 'પાદ' કહેલો છે. પરન્તુ 'અંશ' અને 'પાદ' ઉભય શબ્દમાં સન્દેહ રહે છે. પુત્ર, પત્ની, ખણ્ડ અથવા અવયવ, શિષ્ટવસ્તુનો એક દેશ, અને રાશિનો એક દેશ એ સર્વનેમાટે 'અંશ' શબ્દ યોજાય છે. પત્નીમાટે પ્રસિદ્ધ રીતે 'અંશ' શબ્દ યોજાતો નથી પરન્તુ "જે પત્ની છે તે આત્માનો અર્ધ છે" "તેણે આત્માને દ્વિધા કર્યો તેથી પતિ અને પત્ની થયાં" શ્રુતિઓથી પત્નીમાટે પણ 'અંશ' શબ્દ યોજાય છે એમ સિદ્ધ થાય છે. 'પાદ' શબ્દ પણ અવયવ અને એક દેશમાટે યોજાય છે. તેથી શ્રુતિમાં 'પાદ', અને સ્મૃતિ તથા સૂત્રમાં જીવમાટે 'અંશ' શબ્દ કયા અર્થમાં યોજ્યા છે એમ સન્દેહ થાય છે. એક દેશ અને અવયવ એ બે માંથી ગમે તે અર્થનું ગ્રહણ કરીએ તો પણ લક્ષણાદોષ પ્રાપ્ત થતો નથી. પરન્તુ શ્રુતિમાં "ઊર્ણનાભિ તન્તુથી વ્યુચ્ચરે છે. જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલ્લિંગ વ્યુચ્ચરે છે" એમ બે દૃષ્ટાન્તથી જીવ

બ્રહ્મમાંથી વ્યુચ્ચરે છે એમ કહ્યું છે. શ્રીમદ્ભાગવતમાં પણ દ્વિતીયસ્કધધમાં સૃષ્ટિપ્રકરણમાં ઊર્ણનાભિનું જ દૃષ્ટાન્ત આપેલું છે. તેથી 'અંશ' શબ્દનો અર્થ વ્યુચ્ચરણ યોગ્ય જ છે એમ માનવું જોઈએ. વળી જીવને શ્રુતિ નિત્ય કહે છે તેથી તેને અનુસરી આ અંશ અવિકૃત સ્વરૂપવાળો જ છે એમ માનવું જોઈએ. આ પ્રમાણે વ્યુચ્ચરણયોગ્ય અને અવિકૃત સ્વરૂપવાળો અંશ ખંડ અથવા અવયવરૂપ જ છે, નિત્ય ભિન્ન હોઈ શકે નહિ. "હું બહુ થાઉં" એવી ઇચ્છાથી ભગવાન્ બહુ થયા અને "પ્રજનન કરું" એવી ઇચ્છાથી પૂર્વે જણાવ્યું તેમ વૈચિત્ર્ય થયું. આ વૈચિત્ર્ય સમ્પાદન કરવા ભગવાને જેમ જીવમાં જીવત્વ, અણુત્વ વિગેરે ધર્મો મૂક્યા છે તે જ પ્રમાણે અંશત્વ એ પણ પૃથક્ ધર્મ મૂકેલો છે.

ઉપર પ્રમાણે હોવાથી અભેદ વાસ્તવિક છે અને ભેદ ઔપાધિક છે એવા ભાસ્કરાચાર્યના મતનું પણ ખણ્ડન થઈ જાય છે, કારણ કે ભેદ પણ સ્વાભાવિક સિદ્ધ થાય છે તો તેને ઔપાધિક કહેવાનું કાંઈ કારણ નથી. આ પ્રમાણે જીવ બ્રહ્મનો અંશ છે એમ સમર્થન કરવાથી જીવ અને બ્રહ્મનું તાદાત્મ્ય પણ દૃઢ થાય છે. તેથી આ મતમાં કાંઈ પણ અનુપપત્તિ નથી.

25.જીવના પ્રવેશ સંબંધે વિચાર:

પૂર્વપક્ષ:પૂર્ણ પુરુષોત્તમમાં જીવના પ્રવેશનું નિરૂપણ થઈ શકે નહિ; કારણ કે પ્રવેશ બહિ:સ્થના અન્તર્ગમનરૂપ છે અને પ્રવેશ અને નિર્ગમન પરિચ્છિન્ન પદાર્થમાં જ સમ્ભવે, તેથી બ્રહ્મ અપરિચ્છિન્ન હોવાથી તેનો સમ્ભવ નથી.

સિદ્ધાન્ત:હન્ત, એમ જીવના વિભાગ અંશત્વ આદિનું પણ નિરૂપણ કરી શકાય નહિ તેનો તો શ્રુતિન્યાયથી નિર્ણય થયો છે એ તુલ્ય છે. વસ્તુત: જેમ સર્વત: પાણિ પાદ અને અન્ત નું શ્રુતિ બ્રહ્મમાં નિરૂપણ કરે છે તેમ પ્રવેશ અને નિર્ગમ કહેલા હોવાથી અન્તસ્ત્વ અને બહિષ્ત્વ પણ ત્યાં છે એમ માનવું. એમ હોવાથી જેમ આ તેમ પ્રવેશ નિર્ગમ પણ છે તેથી ઉક્ત અનુપપત્તિ નથી. વળી ઉપાધિપક્ષમાં પ્રવેશ વધારે અસંગત છે. તે સમયે ઉપાધિનો નાશ અંગીકાર કરેલો હોવાથી પ્રવેશ કોનો થાય? શ્રુતિ પ્રવેશનું નિરૂપણ કરે છે એ સત્ય પરન્તુ અયોગ્યતા જ્ઞાનને લીધે આ વાક્યના અર્થનો બોધ જ સમ્ભવતો નથી.

અત્ર આ વિચારવાનું છે. દોષ શબ્દગત અથવા શ્રોતૃગત હોય. અત્ર શબ્દ અદુષ્ટ હોવાથી જ તે શ્રોતૃગત જ કહેવો જોઈએ. તેથી અપગતાવિદ્યાવાળા બ્રહ્મવિત્ ની જ અનુભૂતિના વિષય ઉપદેશથી જ સમધિગમ્ય બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિ, અવિદ્યાથી અલ્પબુદ્ધિઓના ગ્રહણાસામર્થ્ય અયોગ્યતાજ્ઞાનથી અન્યથા કરી શકાય નહિ, કારણ કે ઉપદેશથી જ ગમ્ય મણિમન્ત્રાદિનું માહાત્મ્ય સાધારણજનના અનુભવનો વિષય નથી તેથી તેના ગુરુઓની ઉપાસના જેણે કરી હોય તેનો વિષય નથી, એમ નથી. વળી પિત્તથી દુષ્ટ થએલી રસનેન્દ્રિયવાળા પ્રથમ જ સાકર ભક્ષણ કરનારનું "સાકર મીઠી છે" એ વાક્યમાં અયોગ્યતાજ્ઞાન વાક્યાર્થને અન્યથા કરી શકે નહિ. વળી તેનો જ દોષ દૂર થાય ત્યારે તેમાં

યોગ્યતાજ્ઞાનનો સમ્ભવ નથી, એમ પણ નથી. તેથી જ "આચાર્યવાન્ પુરુષ જાણે છે" શ્રુતિ પણ છે. તેથી જે શ્રુતિમાં હોય તે જ માનવું. તેથી જ સૂત્રકારે પણ બ્રહ્મ જગતનું ઉપાદાન હોવાથી થતી કૃત્સ્નપ્રસક્તિ આદિ શંકા દૂર કરવા, "શ્રુતિને લીધે, બ્રહ્મ શબ્દમૂલ હોવાથી" (બ્રહ્મસૂ.2।27) એમ જ કહ્યું.

25.જીવના પ્રવેશ સંબંધે વિચાર

(પુન: માયાવાદી અને ભટ્ટના મતથી શંકા કરે છે)

પૂર્વપક્ષી:પૂર્ણ પુરુષોત્તમમાં જીવના પ્રવેશનું નિરૂપણ કરી શકાય નહિ. જીવ પૂર્ણ પુરુષોત્તમમાં પ્રવેશ કરે છે એમ કહી શકાય નહિ, કારણ કે બહારના પદાર્થનું અંદર જવું તેને પ્રવેશ કહે છે. ઉભય પદાર્થ અર્થાત્ 1.પ્રવેશ કરનાર અને તે 2.જેની અંદર પ્રવેશ કરે છે તે પરિચ્છિન્ન અથવા હદવાળા હોય તો જ પ્રવેશ સમ્ભવે. પ્રવેશ પહેલાં પ્રવેશ કરનાર જેની અંદર તે પ્રવેશ કરનાર છે તેની બહાર હોવો જોઈએ. તેથી જીવ બ્રહ્મની બહાર હોવો જોઈએ. પરન્તુ બ્રહ્મ વિભુ હોવાથી સર્વત્ર છે. તેથી જીવ તેની બહાર હોઈ શકે નહિ. બ્રહ્મ અપરિચ્છિન્ન અથવા હદવિનાનું હોવાથી જીવ બ્રહ્મની બહાર હોઈ શકે નહિ. તેથી જીવનો બ્રહ્મમાં પ્રવેશ પણ સમ્ભવતો નથી.

સિદ્ધાન્તી:અરે, એ જ પ્રમાણે જીવનો બ્રહ્મમાંથી વિભાગ થાય છે, જીવ બ્રહ્મનો અંશ છે એ વિગેરે અન્ય ગુણ પણ જીવમાં છે એમ કહી શકાય નહિ.

પૂર્વપક્ષી:એ ગુણો જીવમાં છે એમ શ્રુતિથી નિર્ણય કર્યો છે તેથી તેમાં શંકા કરવાનું કારણ નથી પરન્તુ જીવ બ્રહ્મમાં પ્રવેશ કરે એ સમ્ભવતું નથી.

સિદ્ધાન્તી:જેમ એ ગુણો જીવમાં છે એ શ્રુતિથી નિર્ણય થાય છે તેમજ જીવ બ્રહ્મમાં પ્રવેશ કરે છે એ પણ શ્રુતિથી જ નિર્ણય થાય છે. તેથી "જ્યાં ઉભયનો દોષ સમાન હોય અથવા ઉભયનો દોષનો પરિહાર સમાન હોય ત્યાં તેવા અર્થનો વિચાર કરવામાં કોઈ નિન્દાપાત્ર નથી" એ ન્યાયથી જીવ બ્રહ્મમાં પ્રવેશ કરે છે એમ સ્વીકારવામાં કાંઈ ક્ષતિ નથી.

વસ્તુત: જેમ બ્રહ્મને સર્વત: પાણિ, પાદો અને અન્તો છે એમ શ્રુતિને લીધે સ્વીકારીએ છીએ તેમ જ તેને અન્તસ્ત્વ અને બહિષ્ટ્વ પણ છે એમ શ્રુતિ પ્રવેશ અને નિર્ગમ નું વર્ણન કરે છે તેથી સ્વીકારવું જોઈએ. તેથી જેમ બ્રહ્મમાં અન્તસ્ત્વ અર્થાત્ અંદરપણું અને બહિષ્ટ્વ અર્થાત્ બહારપણું છે તેમ જ તેમાં પ્રવેશ અને નિર્ગમ પણ છે. આ પ્રમાણે માનવાથી કાંઈ અનુપપત્તિ રહેતી નથી.

વળી બ્રહ્મની ઉપાધિ જીવ છે એમ તમે માનો છો. મોક્ષાવસ્થામાં ઉપાધિનો નાશ થાય છે એવો તમારો મત છે. એ તમારા મતમાં તો પ્રવેશ જરાપણ સમ્ભવતો નથી, કારણ કે મોક્ષ પ્રાપ્ત થાય ત્યારે ઉપાધિનો નાશ થવાથી બ્રહ્મમાં કોણ પ્રવેશ કરે? તેથી તમારા મતમાં પ્રવેશ સમ્ભવતો જ નથી અને પ્રવેશનું નિરૂપણ કરનારી શ્રુતિનો વિરોધ થાય છે. એ

શ્રુતિનો અર્થ કરતાં તમારે લક્ષણાનો આશ્રય લેવો પડે છે. એમાંથી એક પણ દોષ અમારા મતમાં નથી.

પૂર્વપક્ષી:પ્રવેશનું નિરૂપણ શ્રુતિ કરે છે એ ખરું પરન્તુ એ વાક્યમાં યોગ્યતા નહિ હોવાથી તેનો બોધ થઈ શકે નહિ. અર્થનો બાધ થાય તે અયોગ્યતા કહેવાય. બ્રહ્મ અપરિચ્છિન્ન છે તેથી તેમાં પ્રવેશ સમ્ભવે નહિ. પરન્તુ અહીં જીવનો તેમાં પ્રવેશ થાય છે એમ કહેલું છે. તેથી તે વાક્યના અર્થનો બાધ થાય છે, અર્થાત્ એ વાક્યમાં અયોગ્યતા છે તેથી તેનો અર્થ જ સમ્ભવતો નથી.

સિદ્ધાન્તી:અહીં નીચે પ્રમાણે વિચાર કરીએ. એ વાક્યમાં દોષ છે એમ તમે કહ્યું. દોષ શબ્દમાં હોય અથવા શ્રોતામાં હોય. અહીં શબ્દ વેદવાક્ય છે. વેદમાં દોષ નથી. વેદવાક્ય શ્રુતિમાં દોષ નથી. તેથી અહીં શ્રોતામાં જ દોષ હોવો જોઈએ. જેમની અવિદ્યા દૂર થઈ છે એવા બ્રહ્મને જાણનાર ઋષિઓની અનુભૂતિના વિષય, અને જેનું માત્ર ઉપદેશથી જ જ્ઞાન થઈ શકે એવા બ્રહ્મનું શ્રુતિ નિરૂપણ કરે છે. એવી શ્રુતિનું ગ્રહણ કરવાનું સામર્થ્ય અવિદ્યાથી લેપાએલી અલ્પબુદ્ધિવાળા સામાન્ય પુરુષોમાં ન હોય તેથી તેમને તેમાં અયોગ્યતા ભાસે. પરન્તુ તેથી જ શ્રુતિ અન્યથા થતી નથી. માત્ર ઉપદેશથી જ જેનું જ્ઞાન થાય એવા મણિ-મન્ત્ર વિગેરેના માહાત્મ્યનું જ્ઞાન સાધારણ પુરુષોને થતું નથી, તેથી કાંઈ એ માહાત્મ્યનું જ્ઞાન આપનાર ગુરુઓની જેમણે ઉપાસના કરી હોય તેમને પણ એ જ્ઞાન નથી એમ કહેવાય નહિ. જેની રસનેન્દ્રિય અથવા જીહ્વા પિત્તથી દુષ્ટ થઈ હોય એ પુરુષ સાકર ખાય તો તેને તીખી લાગે છે, તેથી એવી પિત્તથી દુષ્ટ થએલી રસનેન્દ્રિયવાળો પુરુષ પ્રથમ જ સાકર ખાય અને તેને તે તીખી લાગે; તેથી "સાકર મીઠી છે" એ વાક્ય અન્ય કોઈ ઉચ્ચરે તો તેમાં તેને અયોગ્યતા લાગે, પરન્તુ તેના અયોગ્યતાના જ્ઞાનથી એ વાક્યનો અર્થ અન્યથા થતો નથી. વળી તે જ પુરુષને પિત્ત મટી જાય ત્યારે પણ સાકર ખાવાથી તે વાક્યમાં યોગ્યતાનું જ્ઞાન ન થાય એવું નથી. પરન્તુ પિત્ત મટી ગયા પછી સાકર ખાવાથી એ વાક્યમાં યોગ્યતાનું જ્ઞાન થાય છે. તે જ પ્રમાણે સાધારણ પુરુષોની અવિદ્યા દૂર થાય ત્યારે બ્રહ્મમાં જીવનો પ્રવેશ થાય છે એવો બોધ કરનારી શ્રુતિમાં તેમને યોગ્યતાનું જ્ઞાન થશે. ત્યાર પહેલાં એ શ્રુતિમાં તેમને અયોગ્યતા લાગે તો પણ તેથી શ્રુતિ અન્યથા થતી નથી. તેથી જ શ્રુતિ પણ "આચાર્યવાન્ પુરુષ જાણે છે" એમ કહે છે. તેથી જેવા પ્રકારના બ્રહ્મનું શ્રુતિ વર્ણન કરે છે તેવા જ પ્રકારનું બ્રહ્મ છે એમ માનવું.

તેથી જ બ્રહ્મ જ જો જગતનું ઉપાદાનકારણ હોય તો કૃત્સ્ન અર્થાત્ સર્વ બ્રહ્મ માત્ર એક જ કાર્ય થઈ શકે, અંશના ભેદથી બ્રહ્મ જુદા-જુદા કાર્ય કરી શકે નહિ, કારણ કે તે અવયવરહિત છે એ શંકાઓ દૂર કરવા "શ્રુતેસ્તુ શબ્દમૂલત્વાત્" સૂત્ર સૂત્રકાર યોજે છે. બ્રહ્મ જગતનું કારણ છે અને અવયવરહિત છે એમ શ્રુતિ જ કહે છે. ઉભય બ્રહ્મના ધર્મનું શ્રુતિ જ પ્રતિપાદન કરે છે, તેથી તેમાં કાંઈ શંકા કરવા જેવું નથી. કારણ કે બ્રહ્મનું જ્ઞાન માત્ર

શ્રુતિથી જ થાય છે. એ પ્રમાણે આ સૂત્રનો અર્થ છે. તેથી જે પ્રકારના બ્રહ્મનું શ્રુતિ પ્રતિપાદન કરે તેવા જ પ્રકારનું બ્રહ્મ છે એમ માનવું જોઈએ.

26.જીવ અણુ નથી તેવો પૂર્વપક્ષ :

પૂર્વપક્ષ:પ્રવેશ કહેવાથી જીવના વ્યાપકત્વની હાનિ થશે.

સિદ્ધાન્ત:હન્ત, એમ શશનો પણ નિજશૃંગના ભંગની ભીતિથી તનૂદર ક્ધદરામાં પ્રવેશ થશે નહિ, કારણ કે જીવ અણુ જ છે. એમ ક્યાંથી? શ્રુતિથી જ; કારણ કે "આરના અગ્ર જેટલો જ અપર પણ દૃષ્ટ છે" "શત કટકા કરેલા બાલાગ્રના શતભાગનો ભાગ જીવ જાણવો. તે આનન્ત્યમાટે કલ્પેલો છે" (શ્વેતા.ઉપ.5। "આ આત્માને મનથી અણુ જાણવો, તેમાં પ્રાણે પઞ્ચધા પ્રવેશ કર્યો" (મુણ્ડકોપ.3।9) ઇત્યાદિ શ્રુતિઓથી એમ નિર્ણય થાય છે.

પૂર્વપક્ષ:આમ પણ હોય. શ્રુતિ સ્મૃતિ અને પુરાણ ના વિરોધને લીધે જીવને અણુ કહેવો યોગ્ય નથી. કારણ કે "આ તે મહાન્ અજ આત્મા જે પ્રાણોમાં વિજ્ઞાનમય આકાશપેઠે સર્વગત અને નિત્ય છે" "નિત્ય સર્વગત સ્થાણુ" (ભગ.ગીતા 2।) ઇત્યાદિ સ્થળે તેના વ્યાપકત્વનું શ્રવણ થાય છે અને "તે તું છે" (છાન્દો.ઉપ.6।7) ઇત્યાદિથી તેના બ્રહ્મથી અભેદનું નિરૂપણ થાય છે. તત્ત્વત: અણુનો વ્યાપકથી અભેદ સમ્ભવે નહિ. વળી જીવ અણુ હોય તો સર્વશરીરમાં ચૈતન્ય ઉપલબ્ધ થાય નહિ. જેમ એકદેશસ્થ ચન્દનબિન્દુના શૈત્યની ઉપલબ્ધિ સકલ શરીરના વ્યાપક તરીકે થાય છે, તેમ એક દેશસ્થ જીવના ચૈતન્યની પણ ઉપલબ્ધિ થાય એમ ન કહેવાય; કારણ કે દૃષ્ટાન્તમાં એકદેશ-સ્થાયિત્વ પ્રત્યક્ષ નિશ્ચિત થએલું છે, અને દાર્ષ્ટાન્તિકમાં સન્દિગ્ધ છે, તેથી ઉભયમાં વૈષમ્ય છે. સર્વ શરીરમાં વ્યાપનાર ચૈતન્ય સ્વધર્મીથી અધિક દેશમાં રહે છે, કારણ કે તે વિસર્પિગુણ છે, શરીરના એક દેશમાં રહેનાર ચન્દનથી ઉત્પન્ન થએલા સર્વ-શરીરમાં વ્યાપનાર શૈત્યની પેઠે એમ અનુમાનથી પણ અણુત્વ સાધી શકાય નહિ; કારણ કે હેતુ અસિદ્ધ છે અને સાધ્યસમ છે. જીવનું એકદેશવૃત્તિત્વ સિદ્ધ થાય, ત્યારે ચૈતન્યનું વિસર્પિગુણત્વ સિદ્ધ થાય અને આ સિદ્ધ તાય ત્યારે તે સિદ્ધ થાય એમ અન્યોન્યાશ્રય પણ છે. ચન્દનના સૂક્ષ્મ અવયવો સર્વદેહમાં પ્રસરવાથી પણ શૈત્યની ઉપલબ્ધિ સમ્ભવે તેથી દૃષ્ટાન્ત પણ અસિદ્ધ છે. આથી જ ચમ્પકગન્ધની પણ પ્રત્યુક્તિ થઈ; કારણ કે અતિપ્રસંગને લીધે ગુણીવિના ગુણમાં ક્રિયા સમ્ભવતી નથી. ચમ્પકદેશથી અધિકદેશમાં ગન્ધગ્રહ વાયુથી ઉપનીત તેના અવયવોના પણ તે સ્થળે સત્ત્વથી થાય છે. એમ તેનો નાશ થવો જોઈએ એમ પણ નહિ કારણ કે ભોગ્યાદૃષ્ટથી તેના અવયવો પુરાય એમ પણ સમ્ભવે છે; કારણ કે અન્યથાનુપપત્તિ બલિષ્ઠ છે, દૃષ્ટનો અસમ્ભવ હોય ત્યાં અદૃષ્ટની કલ્પના ન્યાય છે. મણિપ્રભાની પેઠે પણ તેની ઉપપત્તિ થાય નહિ, કારણ કે પ્રભા મણિજનિત વિરલ સજાતીય દ્રવ્યાન્તર છે. આથી જ

પ્રદીપ, સૂર્ય આદિની પ્રત્યુક્તિ થઈ. શ્રુતિમાં અણુત્વનું નિરૂપણ દુર્જ્ઞેયત્વના અભિપ્રાયથી છે. તેથી જીવ અણુ નથી.

26.જીવ અણુ નથી તેવો પૂર્વપક્ષ

પૂર્વપક્ષી:જીવ બ્રહ્મમાં પ્રવેશ કરે છે એમ કહીએ તો જીવ પણ વિભુ અથવા વ્યાપક હોઈ શકે નહિ, કારણ કે સર્વવ્યાપક અર્થાત્ સર્વત્ર વિદ્યમાન પદાર્થ કોઈ પણ પદાર્થમાં પ્રવેશ કરી શકે નહિ. તેથી જીવ બ્રહ્મમાં પ્રવેશ કરે છે એમ સ્વીકારવાથી જીવના વ્યાપકપણાની પણ ક્ષતિ થાય છે.

સિદ્ધાન્તી:ખરે, તે જ પ્રમાણે સસલું પોતાના શૃંગનો ભંગ થવાની ભીતિથી સાંકડા મોઢાની ગુફામાં પ્રવેશ નહિ કરે! જેમ જીવના વ્યાપકપણાની ક્ષતિની ભીતિથી બ્રહ્મમાં જીવનો પ્રવેશ સમ્ભવતો નથી તેમજ સસલાના શૃંગનો ભંગ થવાની ભીતિથી સાંકડા મોઢાની ગુફામાં તેનો પ્રવેશ સમ્ભવતો નથી. વસ્તુત: સસલાને શૃંગ જ નથી તેથી તેને શૃંગનો ભંગ થવાની ભીતિ નથી, અને તે સાંકડા મોઢાની ગુફામાં પ્રવેશ કરે છે. તે જ પ્રમાણે જીવ પણ વિભુ અથવા સર્વવ્યાપક નથી પરન્તુ અણુ જ છે, તેથી તેનો બ્રહ્મમાં પ્રવેશ સમ્ભવે છે.

પૂર્વપક્ષી:જીવ અણુ છે એમ કેમ જાણ્યું?

સિદ્ધાન્તી:શ્રુતિથી જ. "આરના અગ્ર જેટલો જ અપર પણ દૃષ્ટ છે" "શત કટકા કરેલા બાલાગ્રના શતભાગનો ભાગ જીવ જાણવો. તે આનન્ત્યમાટે કલ્પેલો છે" "આ આત્માને અણુ જાણવો" વિગેરે શ્રુતિઓ જીવ અણુ છે એમ કહે છે.

પૂર્વપક્ષી:જીવનું વ્યાપકપણું નીચે પ્રમાણે સિદ્ધ થાય છે. જીવને અણુ કહી શકાય નહિ, કારણ કે શ્રુતિ, સ્મૃતિ અને પુરાણો માં તેને વિભુ અથવા વ્યાપક કહેલો છે. જીવને અણુ માનીએ તો એ સર્વનો વિરોધ થાય. "આ તે મહાન્ અજ આત્મા જે પ્રાણોમાં વિજ્ઞાનમય આકાશપેઠે સર્વગત અને નિત્ય છે" "નિત્ય, સર્વગત, સ્થાણુ" વિગેરે શ્રુતિ-સ્મૃતિ જીવ વિભુ છે એમ કહે છે. "તે તું છે" શ્રુતિ જીવ અને બ્રહ્મ ને અભેદ છે એમ કહે છે. બ્રહ્મ વ્યાપક હોવાથી જીવ પણ વ્યાપક જ હોવો જોઈએ. જીવ અણુ હોય તો અણુ જીવનો વ્યાપક બ્રહ્મ સાથે અભેદ સમ્ભવે નહિ. તેથી જીવ વિભુ જ હોવો જોઈએ.

વળી જીવ અણુ હોય તો જીવના ગુણ ચૈતન્યની સર્વ શરીરમાં ઉપલબ્ધિ થાય નહિ. દ્રવ્ય હોય ત્યાં જ તેનો ગુણ રહે. દ્રવ્ય ન હોય ત્યાં તેનો ગુણ હોઈ શકે નહિ. જીવ વ્યાપક ન હોય પરન્તુ અણુ હોય તો સર્વ શરીરમાં જીવ છે એમ કહેવાય નહિ. જીવ સર્વ શરીરમાં નહિ હોવાથી તેનો ગુણ ચૈતન્ય પણ સર્વ શરીરમાં હોઈ શકે નહિ, પરન્તુ ચૈતન્યની સર્વ શરીરમાં ઉપલબ્ધિ થાય છે. તેથી પણ જીવ અણુ હોઈ શકે નહિ પરન્તુ વિભુ જ હોવો જોઈએ. જેમ શરીરના એક ભાગમાં ચન્દનનો લેપ કર્યો હોય તો પણ સર્વ શરીરમાં તેના શૈત્યની ઉપલબ્ધિ થાય છે તેમજ જીવ અણુ હોવાથી શરીરના એક ભાગમાં જ રહે છે તો પણ તેના ચૈતન્ય ગુણની સર્વ શરીરમાં ઉપલબ્ધિ થાય છે એમ પણ કહેવાય નહિ. કારણ કે

ચન્દનના દૃષ્ટાન્તમાં ચન્દન શરીરના એક દેશમાં છે એ આપણે પ્રત્યક્ષથી નિશ્ચય કરીએ છીએ પરન્તુ જીવ શરીરના એક જ દેશમાં છે એવો નિશ્ચય થતો નથી. કોઈ જીવને તમારી પેઠે અણુ કહે છે, કોઈ અમારી પેઠે વિભુ કહે છે. તેથી જીવ શરીરના એક ભાગમાં જ છે એવો નિશ્ચય થતો નથી પરન્તુ એમાં અતિશય સન્દેહ રહે છે. તેથી ચન્દનનું દૃષ્ટાન્ત વિષમતાને લીધે અહીં લાગુ પડતું નથી. જીવ અણુ છે એમ નીચે પ્રમાણે અનુમાન કરવાથી પણ સિદ્ધ થતું નથી. "(પ્રતિજ્ઞા :) સર્વ શરીરમાં વ્યાપી રહેલું ચૈતન્ય પોતાના ધર્મીથી અધિક દેશમાં રહેનાર છે. (હેતુ :) કારણ કે તે વિસર્પિ અર્થાત્ પ્રસરે તેવો ગુણ છે. (વ્યાપ્તિ:) જે-જે વિસર્પિગુણ છે તે પોતાના ધર્મીથી અધિક દેશમાં રહેનાર છે, (દૃષ્ટાન્ત:) શરીરના એક ભાગમાં રહેલા ચન્દનથી ઉત્પન્ન થતા સર્વ શરીરમાં વ્યાપી રહેલા શૈત્યની પેઠે" વિગેરે. કારણ કે હેતુ સિદ્ધ થતો નથી. ચૈતન્ય વિસર્પિ અર્થાત્ પ્રસરે તેવો ગુણ છે એમ સિદ્ધ થતું નથી. વળી હેતુ સાધ્યની સમાન જ છે અર્થાત્ વિસર્પિ એટલે જે અધિક દેશમાં રહેનાર. સાધ્યને જ હેતુ કહેલો છે. સાધ્યમાં અને હેતુમાં કાંઈ પણ ભેદ નથી. વળી જીવ શરીરના એક ભાગમાં રહે છે એમ સિદ્ધ થાય ત્યારે ચૈતન્ય વિસર્પિગુણ છે એમ સિદ્ધ થાય છે, અને ચૈતન્ય વિસર્પિગુણ છે એમ સિદ્ધ થાય ત્યારે જીવ શરીરના એક ભાગમાં રહે છે એમ સિદ્ધ થાય છે. તેથી એ બે નો અન્યોન્યાશ્રય થાય છે. વળી ચન્દનનું દૃષ્ટાન્ત પણ સિદ્ધ થતું નથી, કારણ કે ચન્દનનો શરીરના એક ભાગમાં જ લેપ કર્યો હોય તો પણ તેના સૂક્ષ્મ અવયવો સર્વ શરીરમાં પ્રસરે છે અને તેથી જ સર્વ શરીરમાં શૈત્યની ઉપલબ્ધિ થાય છે એમ સમ્ભવે છે પરન્તુ જીવ અણુ માનો છો તેથી તેને અવયવ જ હોઈ શકે નહિ. તેથી જીવના અવયવ સર્વ શરીરમાં પ્રસરવાથી સર્વ શરીરમાં ચૈતન્યની ઉપલબ્ધિ થાય છે એમ કહી શકાય નહિ. આ પ્રમાણે ચન્દનના દૃષ્ટાન્તનો નિરાસ થવાથી ચમ્પકગન્ધના દૃષ્ટાન્તનો પણ નિરાસ થાય છે. કારણ કે ચમ્પકથી તેની ગન્ધ અધિક દેશમાં રહે છે એમ કહી શકાય નહિ. ચમ્પકમાંથી સૂક્ષ્મ અવયવો દૂર દેશમાં વાયુથી પ્રસરે છે અને તેથી જ ચમ્પકની ગન્ધ દૂર આવે છે. પરન્તુ ત્યાં ચમ્પકના અવયવ છે તેથી જ ગન્ધ છે. તેથી ગન્ધ પણ ચમ્પકથી અધિક દેશમાં રહે છે એમ કહી શકાય નહિ. ગુણી અર્થાત્ દ્રવ્ય વિના કેવલ તેના ગુણમાં ક્રિયા સમ્ભવતી નથી. ચમ્પકનો ત્યાગ કરી કેવલ ગન્ધ દૂર જાય છે એમ સ્વીકારીએ તો જ્યાં ચમ્પક અથવા પૃથ્વી ન હોય ત્યાં પણ ગન્ધ આવે છે એમ સિદ્ધ થાય અને "ગન્ધવાળી પૃથ્વી" એ પૃથ્વીના લક્ષણનો નિરાસ થાય. તેથી દૂર દેશમાં ચમ્પકની ગન્ધ આવે છે તેનું કારણ ચમ્પકના અવયવો વાયુથી ત્યાં આવેલા છે એ જ છે. ચમ્પકના અવયવ હોવાથી જ ગન્ધની ઉપલબ્ધિ થાય છે. ચમ્પકના અવયવ આ પ્રમાણે વાયુથી દૂર જતા હોય તો સર્વ અવયવ જવાથી ચમ્પકનો નાશ થવો જોઈએ એમ પણ કહેવાય નહિ, કારણ કે જેમ અવયવ વાયુથી દૂર જાય છે તેમજ અદૃષ્ટ ચમ્પકમાં અવયવ પૂરે છે. અદૃષ્ટ ચમ્પકના અવયવ પૂરે છે એમ પણ સમ્ભવે છે, કારણ કે અદૃષ્ટથી અવયવ પૂરાતા ન હોય તો ચમ્પકનો નાશ થવો જોઈએ. પરન્તુ ચમ્પકનો નાશ થતો નથી. તેથી ચમ્પકની સ્થિતિની અન્યથાનુપપત્તિ

બલવતી હોવાથી અદૃષ્ટ તેના અવયવો પૂરે છે એમ કલ્પના કરવી જોઈએ. દૃષ્ટથી ચમ્પકની સ્થિતિ સમ્ભવતી નથી તેથી દૃષ્ટાર્થનો અસમ્ભવ થાય ત્યારે અદૃષ્ટની કલ્પના કરીએ તે ઉચિત જ છે.

વળી મણિ જ્યાં હોય ત્યાંથી અધિક દેશમાં તેની પ્રભાની ઉપલબ્ધિ થાય છે તેથી દ્રવ્યથી અધિક દેશમાં તેનો ગુણ રહે છે એમ કહેવાય નહિ, કારણ કે પ્રભા કાંઈ ગુણ નથી પરન્તુ મણિથી જ ઉત્પન્ન થતું તેના જેવું અન્ય વિરલ દ્રવ્ય છે. મણિ વિરલ નથી પરન્તુ પ્રભા વિરલ છે, એ જ બેમાં ભેદ છે. અન્ય રીતે પ્રભા મણિના જેવું જ અન્ય દ્રવ્ય છે. એ જ પ્રમાણે દીપ અને તેના પ્રકાશ, સૂર્ય અને તેના પ્રકાશનું સમજવું. દીપ અને સૂર્યના પ્રકાશ દ્રવ્ય છે, પરન્તુ ગુણ નથી. તેથી તેમના દૃષ્ટાન્તથી દ્રવ્યથી અધિક દેશમાં તેનો ગુણ રહે છે એમ કહી શકાય નહિ. ચૈતન્ય જીવનો ગુણ છે અને તે સર્વ શરીરમાં ઉપલબ્ધ થાય છે તેથી જીવ પણ સર્વ શરીરમાં રહેલો હોવો જોઈએ તેથી તે અણુ સમ્ભવતો નથી.

મધ્યમ પરિમાણવાળો જીવ છે એમ પણ કહેવાય નહિ કારણ કે શરીર વિગેરે મધ્યમ પરિમાણવાળા પદાર્થનો નાશ થાય છે પરન્તુ જીવ નિત્ય હોવાથી તેનો નાશ સમ્ભવે નહિ. તેથી જીવ વિભુ અથવા સર્વવ્યાપક જ છે. શ્રુતિમાં જીવને અણુ કહ્યો છે તે માત્ર જીવ દુર્જ્ઞેય છે અથવા તેનું જ્ઞાન થવું અતિ કઠિન છે એવા અભિપ્રાયથી જ કહેલું છે. તેથી જીવ અણુ નથી પરન્તુ વિભુ છે.

27.જીવ અણુ જ છે :

સિદ્ધાન્ત: અત્ર કહે છે.

તત્ત્વસૂત્રાનુસારેણ વેદાર્થસ્ય નિરૂપણે।
જીવોડણુરેવ સંસિદ્ધ્યત્યન્યથા ત્વન્યથૈવ હિ॥

તત્ત્વસૂત્રને અનુસરી વેદાર્થનું નિરૂપણ કરવામાં આવે તો જીવ અણુ જ સિદ્ધ થાય છે અન્યથા તો અન્યથા જ થાય.

જો "આ તે મહાન્ આત્મા" ઇત્યાદિથી જીવનું નિરૂપણ થતું હોય તો આ એમ થાય, પણ એજ સમ્ભવતું નથી; કારણ કે તે બ્રહ્મપ્રકરણમાં પઠિત છે. કેમકે બાદરાયણ પણ "વ્યાપક શ્રુતિને લીધે અણુ નહિ એમ નહિ, ઇતરના અધિકારને લીધે" એમ કહે છે. એમ સકલ શરીરમાં રહેલા ચૈતન્યની પણ અનુપપત્તિ નહિ થાય, કારણ કે ચમ્પકગન્ધની પેઠે જ તેની ઉપપત્તિ થશે. ગુણી વિના ગુણ સમ્ભવે નહિ તેથી એમ ન કહેવાય એમ પણ નથી; કારણ કે જેમ અક્ષપાદીય સમ્બન્ધી વિના પણ સમવાય સમ્બન્ધનો અંગીકાર કરે છે તેમ અહીં પણ તેની ઉપપત્તિ છે એમ રૂપ રસની પણ અન્યત્ર ઉપલબ્ધિ થાય. સ્વાશ્રયનો ત્યાગ કરી અન્યત્ર રહે તો ઉપલબ્ધિ થાય જ દ્રવ્યનો ત્યાગ કરી ગન્ધ અન્યત્ર રહે તો ગુણસત્ત્વમાં દ્રવ્યસત્ત્વ નિયામક રહે નહિ તેથી રસાદિનું પણ અન્યત્ર ગમન થાય; તેથી આનો અવશ્ય

નિયામક તરીકે અંગીકાર કરવો જોઈએ; તેથી ગન્ધની ઉપલબ્ધિના સ્થળમાં ચમ્પકના અવયવોના સત્ત્વનો પણ અંગીકાર કરવો જોઈએ એમ નહિ. સમવાયને પણ તેવો સ્વીકારવાથી સમ્બન્ધસત્ત્વમાં સમ્બન્ધિસત્ત્વ નિયામક રહે નહિ, તેથી સંયોગ આદિનો પણ અતિરેક થાય. તેના સમાધાનમાટે તેનું નિયામકત્વ સ્વીકારવું જોઈએ; અને સમવાયનો નિત્ય તરીકે અંગીકાર કરેલો હોવાથી તેના નિર્વાહમાટે ઘટ નષ્ટ થાય તો પણ સૂક્ષ્મઘટનું સત્ત્વ સ્વીકારો. જન્ય સમ્બન્ધના સત્ત્વમાં જ સમ્બન્ધિસત્ત્વનું નિયામકત્વ છે. અહીં પણ ગન્ધથી અતિરિક્ત જ ગુણમાં દ્રવ્યસત્ત્વનું નિયામકત્વ છે તેથી તુલ્ય છે. ત્યાં સમ્બન્ધી અનિત્ય હોવાથી અને સમ્બન્ધ નિત્ય હોવાથી, તેથી અન્યથાનુપપત્તિ હોવાથી 'જન્ય' પદ મૂકવું પડ્યું છે. અહીં અન્યત્ર ઉપલબ્ધિની અનુપપત્તિ છે તો પણ તેના અવયવના સત્ત્વથી ઉપપત્તિ થાય છે તેથી "ગન્ધથી અતિરિક્ત" એ વિશેષણ ગૌરવને લીધે વ્યર્થ છે નહિ, એ પ્રામાણિક છે; કારણ કે વણિક્સાર્થમાં વિવિધચર્મપુટથી વેષ્ટિત પણ મૃગમદની ગન્ધની ઉપલબ્ધિ થાય છે. ત્યાં તેના અવયવોનો નિર્ગમ અને અપૂર્વથી તેમનો પ્રવેશ સમ્ભવતા નથી. વળી એમ હોય તો ગન્ધની ઉપલબ્ધિના સમયે મુખ પ્રસારે તેને તેના રસની પણ ઉપલબ્ધિ થવી જોઈએ, કારણ કે તે અવયવો યોગ્ય છે; નહિ તો ગન્ધની પણ ઉપલબ્ધિ થાય નહિ કારણ કે ગન્ધની જ ઉપલબ્ધિ થાય એવો કોઈ નિયામક નથી. અદૃષ્ટ જ એવું (નિયામક) છે. અહો બહુબોલાની ગૌરવભીતિ! કે અવયવનું નિર્ગમન, પુનઃ તે અવયવોનું પૂરણ, તે હેતુથી અદૃષ્ટની કલ્પના, અને રસાદિ અનુભવના પ્રતિબન્ધક અદૃષ્ટાન્તરની કલ્પના કહેતાં પણ તેના તુંડને સંકોચ નથી અને "ગન્ધથી અતિરિક્ત" એટલું જ કહેતાં સંકોચ થાય છે! વળી ઉગ્ર ગન્ધવાળા કોઈ કુસુમનો અથવા લશુન આદિનો સ્પર્શ માત્ર થાય તો પણ પછી કરનું ત્યાંથી વારંવાર મૃત્સ્નાથી ક્ષાલન કરવામાં આવે તો પણ તેની ગન્ધનો અપગમ થતો નથી. સ્પર્શમાત્રથી લગ્ન તેના અવયવો એકવાર પ્રોચ્છન કરવાથી જ રહે નહિ તો એકવાર ક્ષાલન કરવાથી તેમની સ્થિતિ સમ્ભવે નહિ તો વારંવાર એમ કરવાથી ક્યાંથી જ સમ્ભવે? તેની ગન્ધ દ્રવ્યથી અધિકદેશવાળી છે એમ કહેવું જોઈએ. જેમ તમે વિનાશ થતી અવસ્થાવાળા (દ્રવ્યના) ગુણોનો આશ્રય વિના અંગીકાર કરો છો તેમ અનુભવથી પણ દ્રવ્યથી અધિક દેશમાં ગુણની વૃત્તિ સ્વીકારો. તેથી જ જીવનું અણુત્વ સાધતાં આજ આ શંકાનો પરિહાર કરવા "ગન્ધની પેઠે વ્યતિરેક" એમ સિદ્ધ દૃષ્ટાન્ત કહે છે. "જેમ સંપુષ્પિત વૃક્ષની ગન્ધ દૂરથી વાય છે તેમ પુણ્ય કર્મની ગન્ધ દૂરથી વાય છે" (મહાના. ઉપ.8। એમ શ્રુતિ પણ કહે છે. અહીં 'દૂર' પદ તેના અવયવના અસત્ત્વનું નિરૂપણ કરવા જ છે. દાર્ષ્ટાન્તિકમાં કીર્તિજ ગન્ધ છે. કીર્તિનું ગન્ધત્વ તેના અસાધારણ ધર્મ આદિ સાધર્મ્યથી છે. વળી "આ આત્મા હૃદયમાં" (પ્રશ્નોપ.3। "આ તે આત્મા હૃદયમાં છે. જે પ્રાણોમાં વિજ્ઞાનમય હૃદયમાં અન્તર્જ્યોતિ પુરુષ છે" (છાન્દો.ઉપ.8।3) "ગુહામાં પ્રવેશેલા" (બ્રહ્મસૂ.1।11) ઇત્યાદિ શ્રુતિઓ જીવની હૃદયદેશમાં સંસ્તિથિ કહે છે. તે અણુ હોય તો જ ઉપપન્ન થાય. ત્યાર પછી "લોમથી આરમ્ભી

નખાગ્રસુધી" એમ સ્વકીય ચૈતન્યગુણથી સકલ શરીરમાં વ્યાપકત્વ દર્શાવે છે. તેથી સર્વ અનવદ્ય છે.

27.જીવ અણુ જ છે

સિદ્ધાન્તી:આવી શંકા થાય ત્યારે પ્રાચીનો કહે છે કે તત્ત્વસૂત્રને અનુસરી વેદના અર્થનું નિરૂપણ કરવામાં આવે તો જીવ અણુ જ સિદ્ધ થાય છે અન્યથા, તત્ત્વસૂત્રને અનુસર્યા વિના, પોતાની ઇચ્છા પ્રમાણે વેદના અર્થ કરો તો જીવ અણુ સિદ્ધ ન થાય અને વિભુ પણ સિદ્ધ થાય.

"આ તે મહાન્ આત્મા" વિગેરે શ્રુતિઓ જીવને વ્યાપક કહે છે એમ તમે કહ્યું. એ શ્રુતિઓ જો જીવનું નિરૂપણ કરતી હોત તો તમે કહ્યું તેમ જીવને વ્યાપક કહેત. પરન્તુ એ શ્રુતિઓ જીવનું નિરૂપણ કરતી નથી. એ શ્રુતિઓ બ્રહ્મપ્રકરણમાં આવેલી છે. તેથી તે જીવનું નિરૂપણ કરે છે એમ કહેવાય નહિ. વસ્તુત: એ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે. "ન આણુ: અતચ્છ્રુતે: ઇતિ ચેદ્, ન ઇતરાધિકારાત્" સૂત્રથી ભગવાન્ બાદરાયણ પણ એ જ ઉપદેશ કરે છે. જીવ અણુ નથી, કારણ કે તે વ્યાપક છે એમ કહેતા હો તો તે સત્ય નથી, કારણ કે એ શ્રુતિ બ્રહ્મનું નિરૂપણ કરે છે. એવો આ સૂત્રનો અર્થ છે.

જીવ અણુ હોય તો સકલ શરીરમાં તેના ચૈતન્ય ગુણની ઉપલબ્ધિ થાય છે તે સમ્ભવે નહિ એમ પણ કહી શકાય નહિ; કારણ કે જેમ ચમ્પકની ગન્ધની ચમ્પકથી દૂર દેશમાં ઉપલબ્ધિ થાય છે તે જ પ્રમાણે જીવ અણુ હોવાથી શરીરના એક ભાગમાં જ રહે તો પણ તેના ચૈતન્ય ગુણની સકલ શરીરમાં ઉપલબ્ધિ થાય એ સમ્ભવે છે. ગુણીના વિના ગુણ રહી શકે નહિ તેથી જીવ ન હોય ત્યાં ચૈતન્ય સમ્ભવે નહિ એમ પણ કહી શકાય નહિ; કારણ કે ઘટરૂપમાં ઘટનો સમવાયસમ્બન્ધ છે એમ નૈયાયિકો માને છે. ઘટરૂપ સમ્બન્ધી નથી તો પણ તેમાં સમવાયસમ્બન્ધ છે એમ તેઓ માને છે. તેથી જેમ સમ્બન્ધી વિના, તેમના મતમાં, સમવાયસમ્બન્ધ રહે છે તેમજ અહીં પણ ગુણી વિના ગુણ રહે એ સમ્ભવે છે.

પૂર્વપક્ષી:ગુણી વિના ગુણ રહેતો હોય તો ગન્ધની પેઠે ગુણી વિના જ રૂપ-રસ વિગેરેની પણ અન્યસ્થળે ઉપલબ્ધિ થાય.

સિદ્ધાન્તી:પોતાના આશ્રયને તજી અન્ય સ્થળે રહેતા હોય તો અવશ્ય થાય જ. દ્રવ્યથી અધિક દેશમાં ગુણની ઉપલબ્ધિ થાય છે. દૂર રહેલી વહ્નિના ઔષ્ણ્યની પણ ઉપલબ્ધિ થાય છે. સૂર્ય વિગેરેથી દૂર દેશમાં તેમની પ્રભાની ઉપલબ્ધિ પણ થાય છે. તેમજ અમુક નિમ્બવૃક્ષ અથવા લીંબડાની છાયામાં માત્ર ઉભા રહેતાં મુખમાં કડવાશનો અનુભવ પણ થાય છે.

પૂર્વપક્ષી:દ્રવ્ય તજી ગન્ધ અન્ય સ્થળે રહે એમ સ્વીકારીએ તો ગુણ હોય ત્યાં દ્રવ્ય હોવું જ જોઈએ એ નિયમનો ભંગ થાય છે. તેથી રસ વિગેરે ગુણો પણ પોતાના દ્રવ્ય તજી અન્યત્ર રહે. એમ ન થાય તે માટે દ્રવ્ય હોય ત્યાં જ ગુણ રહે અર્થાત્ ગુણ પોતાનો આશ્રય

તજી અન્ય સ્થળે રહી શકે નહિ એમ અવશ્ય સ્વીકારવું જોઈએ. તેથી જ ચમ્પકની ગન્ધ દૂર આવે ત્યાં પણ ચમ્પકના અવયવ છે એમ માનવું.

સિદ્ધાન્તી:એમ નહિ. દ્રવ્ય હોય ત્યાં જ ગુણ રહે એમ માની શકાશે નહિ. કારણ કે એમ સ્વીકારીએ તો સમ્બન્ધી વિના સમ્બન્ધ પણ રહી શકે નહિ એમ માનવું પડે. પરન્તુ નૈયાયિકોના મત પ્રમાણે સમવાયસમ્બન્ધ સમ્બન્ધી વિના રહે છે. તેથી સમ્બન્ધી હોય ત્યાં જ સમ્બન્ધ રહે એવો નિયમ નથી. તેથી સંયોગસમ્બન્ધ પણ સમ્બન્ધી ન હોય ત્યાં હોવો જોઈએ. તેને પણ સમવાયની પેઠે ભિન્ન પદાર્થ ગણવો જોઈએ. પરન્તુ એમ ગણતા નથી. એનું સમાધાન કરવા સમ્બન્ધી હોય ત્યાં જ સમ્બન્ધ હોઈ શકે એવો નિયમ છે એમ સ્વીકારવું જોઈએ. પરન્તુ સમવાય નિત્ય સમ્બન્ધ છે. તેથી ઘટ અને તેના ગુણમાં સમવાય છે તે નિત્ય છે. સમ્બન્ધી હોય ત્યાં જ સમવાયસમ્બન્ધ રહી શકે એવો નિયમ સ્વીકાર્યો છે. સમવાય નિત્ય છે તેથી સમ્બન્ધી ઘટ અને તેના ગુણ પણ નિત્ય હોવા જ જોઈએ. તેથી ઘટ નાશ પામે તો પણ સૂક્ષ્મ ઘટ છે એમ સ્વીકારવું જોઈએ.

પૂર્વપક્ષી:જન્યસમ્બન્ધને જ એ નિયમ લાગુ પડે છે. સમવાય નિત્યસમ્બન્ધ હોવાથી તેને એ નિયમ લાગુ પડતો નથી. તેથી જન્યસમ્બન્ધ સમ્બન્ધી વિના રહી શકે નહિ એમ માનવું જોઈએ.

સિદ્ધાન્તી:જેમ નિત્યસમ્બન્ધને નિયમ લાગુ પડતો નથી તેમજ અહીં પણ ગન્ધને નિયમ લાગુ પડતો નથી. જેમ નિત્યસમ્બન્ધ સમ્બન્ધી વિના રહી શકે છે તેમ ગન્ધ પણ તેના આશ્રય ચમ્પક વિના રહી શકે છે એમ માનો. તેથી આપણે તુલ્ય જ છીએ.

(ગન્ધ તેના આશ્રય દ્રવ્ય વિના રહે છે એમ માત્ર પૂર્વપક્ષીને ઉત્તર તરીકે જ કહેલું છે. વસ્તુત: રસ વિગેરે ગુણ પણ આશ્રય વિના રહી શકે છે એમ ઉપર કહી ચુક્યા છીએ.)

પૂર્વપક્ષી:સમવાયસમ્બન્ધ નિત્ય છે પરન્તુ સમ્બન્ધીઓ અનિત્ય છે. તેથી જ્યાં-જ્યાં સમ્બન્ધ હોય ત્યાં-ત્યાં સમ્બન્ધીઓ હોવા જોઈએ એ નિયમ તેને લાગુ પડતો નથી. સમવાય સમ્બન્ધને આ નિયમ લાગુ પડતો નથી તેથી જ એ નિયમમાં 'જન્ય' પદ મૂકવું પડે છે. જ્યાં-જ્યાં જન્યસમ્બન્ધ હોય ત્યાં-ત્યાં સમ્બન્ધીઓ હોવા જોઈએ. એ પ્રમાણે અન્યથાનુપપત્તિને લીધે 'જન્ય' પદ મૂકવું પડે છે. ચમ્પકની ગન્ધના દૃષ્ટાન્તમાં અન્યથાનુપપત્તિ થતી નથી. ચમ્પકથી દૂરના પ્રદેશમાં ગન્ધનો અનુભવ થાય છે તે પ્રમાણે આશ્રયથી દૂર રસ વિગેરેનો અનુભવ થતો નથી. પણ ચમ્પકથી દૂર ગન્ધનો અનુભવ થાય છે તેનું કારણ ચમ્પકના અવયવો વાયુથી ત્યાં આવેલા છે. ચમ્પકના અવયવો ત્યાં હોવાથી જ ગન્ધ આવે છે, એમ માનવાથી કાંઈ અનુપપત્તિ તેથી નથી. તેથી "ગન્ધથી અતિરિક્ત" અર્થાત્ ગન્ધ વિનાના ગુણો જ્યાં-જ્યાં હોય ત્યાં-ત્યાં દ્રવ્ય હોવું જોઈએ એમ નિયમ કરી "ગન્ધથી અતિરિક્ત" પદ યોજવાનું કાંઈ કારણ નથી. પરન્તુ જ્યાં-જ્યાં ગુણ હોય ત્યાં-ત્યાં તેનો આશ્રય દ્રવ્ય હોવું જોઈએ એવો નિયમ છે એમ માનવું જોઈએ. "ગન્ધથી અતિરિક્ત" એ વિશેષણ વ્યર્થ છે અને નિરર્થક ગૌરવ કરવું જોઈએ નહિ.

સિદ્ધાન્તી:એ વિશેષણ પણ પ્રામાણિક છે. "ગન્ધથી વ્યતિરિક્ત" વિશેષણ વ્યર્થ નથી, કારણ કે આશ્રય દ્રવ્ય ન હોય ત્યાં ગન્ધનો અનુભવ થાય છે. વણિક્સાર્થમાં વિવિધ પ્રકારના ચર્મની કોથળીમાં વીંટાળેલી કસ્તુરીની ગન્ધનો અનુભવ થાય છે. આ સર્વ ચર્મનો ભેદ કરી કસ્તુરીના અવયવો બહાર નીકળે અને વળી અપૂર્વથી બીજા અવયવો એ કોથળીઓનો ભેદ કરી અંદર પ્રવેશ કરે એ સમ્ભવતું નથી.

વળી જો ત્યાં અવયવો બહાર નીકળતા હોય અને તેથી જ કસ્તુરીની ગન્ધ આવતી હોય તો કોઈ પોતાનું મુખ પ્રસારે તો તેને ગન્ધની પેઠે રસનો પણ અનુભવ થવો જોઈએ. કસ્તુરીના અવયવો ત્યાં હોય તો મુખ પ્રસારવાથી તેના રસનો પણ અનુભવ થવો જોઈએ, કારણ કે કસ્તુરીના અવયવો તેના રસનો અનુભવ કરાવવા સમર્થ છે. રસનો અનુભવ ન થાય તો ગન્ધનો અનુભવ પણ થાય નહિ. કારણ કે કસ્તુરીના અવયવ હોય ત્યાં તેની ગન્ધનો જ અનુભવ થાય અને રસનો અનુભવ ન થાય એવો કાંઈ નિયમ નથી.

પૂર્વપક્ષી:અદૃષ્ટથી જ એ પ્રમાણે થાય છે. કસ્તુરીના અવયવો ત્યાં છે પરન્તુ તેની ગન્ધનો જ અનુભવ થાય છે. અદૃષ્ટને લીધે તેના રસનો અનુભવ થતો નથી.

સિદ્ધાન્તી:અહો બહુબોલાની ગૌરવભીતિ! કસ્તુરીના અવયવો ચર્મની કોથળીઓ ભેદી બહાર નીકળે, વળી તે અવયવો પૂરાય, અવયવો પૂરનાર અદૃષ્ટની કલ્પના કરવી અને રસ વિગેરેનો અનુભવ ન થવા દેનાર અન્ય અદૃષ્ટની કલ્પના કરવી. એ સર્વ કરતાં કાંઈ બહુબોલાને ગૌરવ થતું નથી પરન્તુ "ગન્ધથી અતિરિક્ત" એ એક જ વિશેષણ મૂકતાં ગૌરવ થઈ જાય છે!

વળી ઉગ્ર ગન્ધવાળા કોઈ કુસુમ અથવા લસણ નો માત્ર સ્પર્શ જ કરીએ અને પછી વારંવાર માટીથી હાથ ધોઈએ તો પણ તે કુસુમની અથવા લસણની ગન્ધ દૂર થતી નથી. જો દ્રવ્યના સૂક્ષ્મ અવયવો રહેવાથી જ ગન્ધનો અનુભવ થતો હોય, સ્પર્શ કરતાં કુસુમ અથવા લસણના અવયવો હાથે લાગવાથી જ તેની ગન્ધ આવ્યા કરતી હોય તો તે અવયવો માત્ર એક વાર જ લૂછી નાખવાથી દૂર થવા જોઈએ. લૂછી નાખવાથી દૂર થાય તેવા અવયવો હાથ એકવાર જ ધોવામાં આવે તો જરૂર દૂર થાય. તો પછી વારંવાર માટીથી હાથ ધોવામાં આવે ત્યારે ત્યાં તે અવયવો કેમ રહી શકે? તેથી આ પ્રમાણે હાથ ધોયા પછી ત્યાં અવયવો હોઈ શકે નહિ તો પણ કુસુમ અથવા લસણની ગન્ધ દૂર થતી નથી તેથી ગન્ધ તેના આશ્રય દ્રવ્યથી અધિક દેશમાં રહે છે એમ અવશ્ય સ્વીકારવું જોઈએ.

વળી ગુણ પોતાના આશ્રયદ્રવ્ય વિના રહી શકે નહિ એમ કહી શકાય નહિ, કારણ કે જે ક્ષણે ગુણો તેમના આશ્રય દ્રવ્યનો નાશ થવાથી નાશ પામતા હોય છે તે ક્ષણે આશ્રયદ્રવ્ય વિના જ તે રહે છે એમ નૈયાયિકો પણ માને છે. દ્રવ્યનો નાશ પૂર્વની ક્ષણમાં થયો છે. દ્રવ્યનો નાશ તેના ગુણના નાશનું કારણ છે. કારણ કાર્યની પહેલા અવશ્ય હોવું જોઈએ. તેથી દ્રવ્યનો નાશ ગુણના નાશ પહેલાં થવો જોઈએ. જે ક્ષણે દ્રવ્યનો નાશ થયો ત્યાર પછીની ક્ષણે ગુણોનો નાશ થાય. તે ક્ષણે નાશ પામતા ગુણો તેમના આશ્રય વિના રહે

છે એ જ પ્રમાણે ગન્ધ પણ તેના આશ્રય વિના જ રહે છે. તેથી જ સૂત્રકાર પણ જીવ અણુ છે એમ સિદ્ધ કરતાં આ શંકા થાય તે દૂર કરવા પ્રસિદ્ધ દૃષ્ટાન્ત "ગન્ધની પેઠે વ્યતિરેક" સૂત્રથી કહે છે; અર્થાત્ ગન્ધની પેઠે પોતાના આશ્રયદ્રવ્યથી વ્યતિરિક્ત દેશમાં ચૈતન્ય પણ રહે છે. "જેમ સમ્પુષ્પિત વૃક્ષની ગન્ધ દૂરથી વાય છે તેમ પુણ્ય કર્મની ગન્ધ દૂરથી વાય છે" એવી શ્રુતિ પણ છે. આ શ્રુતિ 'દૂર' શબ્દનો પ્રયોગ કરે છે તેનો ભાવાર્થ એવો છે કે ત્યાં પુષ્પના અવયવો નથી. ત્યાં પુષ્પના અવયવો નથી જ એમ જણાવવા જ શ્રુતિ 'દૂર' પદ યોજે છે. પુણ્ય કર્મની ગન્ધ કીર્તિને કહેલી છે. પોતાના આશ્રય દ્રવ્યથી દૂર દેશમાં રહેવાનો ગુણ ગન્ધમાં અને કીર્તિમાં સમાન હોવાથી, સાધર્મ્યને લીધે કીર્તિને પણ ગન્ધ કહેલી છે. વળી

"આ આત્મા હૃદયમાં" "આ તે આત્મા હૃયદમાં છે જે પ્રાણોમાં વિજ્ઞાનમય હૃદયમાં અન્તર્જ્યોતિ પુરુષ છે" "ગુહામાં પ્રવેશેલા"

વિગેરે શ્રુતિઓ જીવ હૃદયમાં રહે છે એમ કહે છે. જીવ વ્યાપક હોય તો હૃદયમાં તેનો સમાવેશ થઈ શકે નહિ. તે અણુ હોય તો જ તે હૃદયમાં રહી શકે. આ પ્રમાણે જીવ હૃદયમાં રહે છે એમ કહી તે પોતાના ચૈતન્ય ગુણથી સર્વ શરીર વ્યાપે છે એમ "લોમથી આરમ્ભી નખાગ્ર સુધી" શ્રુતિ કહે છે. તેથી જીવ અણુ છે, હૃદયમાં રહે છે અને પોતાના ચૈતન્યગુણથી સર્વ શરીર વ્યાપે છે એમ સિદ્ધ થાય છે. એમ માનવામાં કાંઈ દોષ પણ નથી.

28. જીવના વ્યાપકત્વનું ખંડન, વિસર્પિ ગુણ હોવાથી જીવ અણુ જ.

ચૈતન્ય સર્વશરીરવ્યાપિ હોવાથી જીવ અણુ નથી, કારણ કે ઔષ્ણ્ય-પ્રકાશાત્મક અગ્નિ પેઠે તે ચૈતન્યમાત્રસ્વરૂપ છે એમ અગ્નિના દૃષ્ટાન્તથી જીવનું ચૈતન્યાત્મકત્વ સાધી અણુત્વનો બાધ કરી કેટલાક તેને વ્યાપક કહે છે, એ વિદ્વાનોએ આદર કરવા જેવું નથી; કારણ કે "પ્રજ્ઞાથી શરીરનો સમારોહ કરી" એમ શ્રુતિ પ્રજ્ઞાનું કરણ તરીકે નિરૂપણ કરે છે અને તે ભેદમાં જ યોગ્ય છે. "પ્રાણોનું વિજ્ઞાન વિજ્ઞાનથી લઈને" શ્રુતિમાં વિજ્ઞાનનું કર્મ તરીકે નિરૂપણ થએલું હોવાથી વિજ્ઞાન ગુણજ છે. તેથી જ "પૃથક્ ઉપદેશને લીધે" (બ્રહ્મ સૂ.2।28) એમ સૂત્રકાર પણ કહે છે. વળી ઔષ્ણ્ય માત્રને વહ્નિસ્વરૂપ કહેવું યોગ્ય નથી; કારણ કે મણિ-મન્ત્ર આદિથી ઔષ્ણ્યની ઉપલબ્ધિ ન થાય તો પણ વહ્નિની ઉપલબ્ધિ થાય છે. ઔષ્ણ્ય-શૈત્ય આદિ સ્પર્શધર્મ હોવાથી, વહ્નિના દ્રવ્યત્વની હાનિ થાય છે. વહ્નિ પ્રકાશાત્મક પણ નથી કારણ કે તપ્ત જલમાં રહેલા વહ્નિની અનુપલબ્ધિ થાય. વળી "જ્યારે તે આ શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે જે કોઈ આ લોકમાંથી પ્રયાણ કરે છે તે સર્વ ચન્દ્રમાં જ જાય છે" (કૌષિ.ઉપ.3। "એ લોકમાંથી પુન: આ લોકમાં કર્મમાટે આવીને" શ્રુતિઓએ કહેલી જીવની દેહમાંથી ઉત્ક્રાન્તિ, પરલોકગતિ અને પુન: આગતિ (જીવ) અણુ હોય તો જ ઘટે, પરન્તુ

વ્યાપક હોય તો ન ઘટે. "જેમ મહારાજ જાનપદોને લઈ સ્વજનપદમાં ઇચ્છા પ્રમાણે પરિવર્તન કરે છે તેમજ આ તે પ્રાણોને લઈ સ્વશરીરમાં ઇચ્છા પ્રમાણે પરિવર્તન કરે છે" "સ્વયં વિહાર કરી" (બૃહદા. ઉપ.4।9) ઇત્યાદિ શ્રુતિએ કહેલા પરિવર્તન અને વિહાર પણ અણુત્વ વિના ઉપપન્ન નથી.

પૂર્વપક્ષ:"તે તું છે" આદિ અભેદબોધક શ્રુતિ જીવનું બ્રહ્મ તરીકે નિરૂપણ કરે છે. જીવ અણુ હોય તો તે અનુપપન્ન થાય.

સિદ્ધાન્ત:એમ નહિ કારણ કે અમાત્યમાટે 'રાજા' પદના પ્રયોગ પેઠે તે ઔપચારિક છે. જીવમાં કોઈ સ્વાભાવિક ગુણ નથી, તેથી પ્રજ્ઞા દ્રષ્ટૃત્વ આદિ ભગવાન્ના જ ગુણ છે. તેથી ભગવાન્ના જ ગુણોથી આ ઉત્તમ હોવાથી અને અંશ હોવાથી બ્રહ્મ તરીકે વ્યપદેશ થાય છે. તેથી જ તેનું જડથી વૈલક્ષણ્ય છે. એમ કેમ જાણ્યું કે તે ઔપચારિક જ છે? કારણ કે "તેના ગુણ (તેમાં) સાર હોવાથી પ્રાજ્ઞની પેઠે તેનો વ્યપદેશ છે" એમ સૂત્રકારે પણ નિરૂપણ કર્યું છે. તેથી અણુપરિમાણ જ, પૂર્વોક્તન્યાયથી બ્રહ્મમાંથી નિર્ગત, બ્રહ્મે સ્વકીય સેવામાટે અને નિજ ઐશ્વર્ય નિર્વિષય ન થાય તે માટે એવો પ્રકટ કરેલો, અને તેથી જ સહજ હરિદાસ, અને બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મરૂપ જીવનો નિજનિસર્ગ પ્રભુ શ્રીગોકુલ-નાથના ચરણકમલનું દાસ્ય જ સ્વધર્મ છે. તેથી અતિસન્તુષ્ટ થઈ, સ્વયં પ્રકટ થઈ, નિજગુણનું તેને દાન કરી, સ્વરૂપાનન્દનો અનુભવ કરાવવા ભગવાન્ તેનો પોતામાં પ્રવેશ કરાવે છે, અથવા અતિશય અનુગ્રહ હોય તો તેથી પણ અધિક રસયુક્ત દાસ્ય કરાવવા નિકટમાં સ્થાપે છે એમ નિશ્ચય છે.

---

28. જીવના વ્યાપકત્વનું ખંડન, વિસર્પિ ગુણ હોવાથી જીવ અણુ જ

(સાઙ્ખ્ય પૂર્વપક્ષ કરે છે)

પૂર્વપક્ષી:ચૈતન્ય સર્વ શરીરે વ્યાપી રહે છે તેથી જીવ અણુ છે એમ કહેવાય નહિ. જીવ ચૈતન્ય જ છે. જીવ સ્વરૂપથી ચૈતન્ય જ છે. ચૈતન્ય એ જ જીવ, ચૈતન્ય સર્વ શરીરમાં વ્યાપી રહે છે તેથી તે અણુ છે એમ કહેવાય નહિ. તેથી જીવ પણ અણુ નથી અને વ્યાપક હોવો જોઈએ. જેમ સ્વરૂપથી અગ્નિ ઔષ્ણ્ય અને પ્રકાશ જ છે અર્થાત્ જેમ ઔષ્ણ્ય અને પ્રકાશ જ અગ્નિ છે તેમ ચૈતન્ય જ જીવ છે. એ પ્રમાણે અગ્નિના દૃષ્ટાન્તથી જીવ પણ ચૈતન્ય જ છે. ચૈતન્ય સર્વ શરીર વ્યાપી રહે છે તેથી તે અણુ હોઈ શકે નહિ. તેથી જીવ અણુ નથી પરન્તુ વ્યાપક છે.

સિદ્ધાન્તી:એ પણ વિદ્વાનોએ આદર કરવા જેવું નથી કારણ કે "પ્રજ્ઞાથી શરીરનો સમારોહ કરી" શ્રુતિ પ્રજ્ઞા અથવા ચૈતન્ય ને કરણ અથવા સાધન કહે છે. સમારોહ કરનાર

કર્તા જીવ છે, પ્રજ્ઞા સાધન છે. સાધન અને કર્તા અવશ્ય ભિન્ન હોવા જોઈએ તેથી ચૈતન્ય જીવથી ભિન્ન જ છે. જીવ અને ચૈતન્ય ભિન્ન હોય તો જ એ શ્રુતિની ઉપપત્તિ થાય.

વળી "તે પ્રાણોનું વિજ્ઞાન વિજ્ઞાનથી લઈને" શ્રુતિ "વિજ્ઞાન લઈને" એમ વિજ્ઞાનને કર્મ કહે છે તેથી પણ વિજ્ઞાન અથવા ચૈતન્ય જીવથી ભિન્ન છે. ચૈતન્ય અને જીવ ભિન્ન છે એમ આ પ્રમાણે ઉપદેશ કરેલો હોવાથી જ સૂત્રકાર પણ "પૃથક્ ઉપદેશને લીધે" સૂત્ર યોજે છે.

વળી માત્ર ઔષ્ણ્ય વહ્નિ છે એમ કહી શકાય નહિ. વહ્નિ સ્વરૂપથી ઔષ્ણ્ય જ છે એમ કહેવાય નહિ, કારણ કે પ્રતિબન્ધક મણિ અથવા મન્ત્રના પ્રભાવથી વહ્નિ હોય ત્યાં તેના ઔષ્ણ્યનો અનુભવ થતો નથી પરન્તુ વહ્નિનો અનુભવ થાય છે. તેથી વહ્નિ ઔષ્ણ્ય જ છે એમ કહેવાય નહિ. વળી વહ્નિ ઔષ્ણ્ય જ હોય તો ઔષ્ણ્ય-શૈત્ય વિગેરે સ્પર્શના ધર્મ હોવાથી, વહ્નિ પણ સ્પર્શનો ધર્મ અથવા ગુણ જ કહેવાય. તેથી એમ હોય તો વહ્નિ દ્રવ્ય છે એમ પણ કહેવાય નહિ અર્થાત્ વહ્નિ દ્રવ્ય જ રહે નહિ. તેમજ વહ્નિ પ્રકાશ જ છે, અર્થાત્ પ્રકાશ જ વહ્નિ છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે ઉષ્ણ જલમાં વહ્નિ રહેલો છે પરન્તુ પ્રકાશ નથી. તેથી પ્રકાશ જ વહ્નિ છે એમ કહીએ તો ત્યાં પ્રકાશ નહિ હોવાથી વહ્નિનો અનુભવ થવો ન જોઈએ. પરન્તુ જલ ઉષ્ણ લાગે છે અને વહ્નિનો અનુભવ થાય છે. તેથી પ્રકાશ જ વહ્નિ છે એમ પણ કહેવાય નહિ.

વળી "જ્યારે આ શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે ત્યારે આ સર્વની સાથે જ ઉત્ક્રમણ કરે છે. જે કોઈ આ લોકમાંથી પ્રયાણ કરે છે તે સર્વ ચન્દ્રમાં જ જાય છે" "એ લોકમાંથી પુન: આ લોકમાં કર્મમાટે આવીને" શ્રુતિઓ જીવ દેહમાંથી ઉત્ક્રમણ કરે છે, તે ચન્દ્રમામાં જાય છે અને પુન: આ લોકમાં આવે છે એમ કહે છે. આ જીવની દેહમાંથી ઉત્ક્રાન્તિ, ચન્દ્રપ્રતિ ગતિ અને પુન: આ લોકમાં આગતિ આ બધું જીવ જો અણુ હોય તો જ સમ્ભવે, કારણ કે વિભુ અર્થાત્ વ્યાપક દ્રવ્યને ક્રિયા હોઈ શકે નહિ. તેથી જીવ વ્યાપક હોય તો તેની ઉત્ક્રાન્તિ, ગતિ, આગતિ સમ્ભવે નહિ. એ જ કારણથી "જેમ મહારાજ જાનપદોને લઈ સ્વજનપદમાં ઇચ્છા પ્રમાણે પરિવર્તન કરે છે, તેમજ આ તે પ્રાણોને લઈ સ્વશરીરમાં ઇચ્છા પ્રમાણે પરિવર્તન કરે છે" "સ્વયં વિહાર કરી" શ્રુતિઓ જીવ પરિવર્તન અને વિહાર કરે છે એમ કહે છે તે પણ જીવ અણુ હોય તો જ સમ્ભવે. આ સર્વ યુક્તિથી સૂત્રકાર જીવ અણુ છે એમ સિદ્ધ કરે છે.

(માયાવાદી પૂર્વપક્ષી કરે છે.)

પૂર્વપક્ષી: "તે તું છે" વિગેરે શ્રુતિઓ જીવ અને બ્રહ્મમાં અભેદ છે એમ કહે છે. બ્રહ્મ વિભુ અથવા સર્વવ્યાપક છે એમાં કાંઈ સન્દેહ નથી. તેથી જીવ પણ જો વિભુ હોય તો જ તેમનામાં અભેદ સમ્ભવે. જીવ અણુ
હોય તો જીવ અને બ્રહ્મ માં અભેદ છે એમ બોધ કરનારી સર્વ શ્રુતિનો બાધ થાય.

સિદ્ધાન્તી:એમ નથી. અભેદ માત્ર ઔપચારિક જ છે. જેમ સમૃદ્ધિવાળા અમાત્યને 'રાજા' કહેવામાં આવે છે તે જ પ્રમાણે જીવને પણ બ્રહ્મ કહેલો છે. વસ્તુત: જીવ બ્રહ્મ

નથી. જીવનો કોઈ પણ ગુણ સ્વાભાવિક નથી. પ્રજ્ઞા અથવા ચૈતન્ય અથવા બુદ્ધિ, દ્રષ્ટૃત્વ વિગેરે જીવમાં છે તે સર્વ ભગવાન્ના જ ગુણ છે. તેથી ભગવાન્ના ગુણોથી જ જીવ ઉત્તમ છે. વળી તે ભગવાન્નો અંશ છે તેથી જ તેને 'બ્રહ્મ' કહેલો છે. જીવમાં ભગવાન્ના ગુણો હોવાથી અને તે ભગવાન્નો અંશ હોવાથી જ જડથી વિલક્ષણ છે અને તેથી જ તેને કોઈ સ્થળે બ્રહ્મ કહેલો છે.

પૂર્વપક્ષી:જીવને બ્રહ્મ ઉપચારથી જ કહેલો છે, વસ્તુત: તે બ્રહ્મ નથી એમ કેમ જણાય?

સિદ્ધાન્તી:કારણ કે "તેના ગુણ (તેમાં) સાર હોવાથી પ્રાજ્ઞની પેઠે તેનો વ્યપદેશ છે" સૂત્રથી સૂત્રકાર જ એમ કહે છે. 'તેના' અર્થાત્ બ્રહ્મના ગુણ જીવમાં 'સાર' અર્થાત્ જડથી જીવનું વૈલક્ષણ્ય કરનાર હોવાથી અમાત્યને માટે જેમ 'રાજા' પદ યોજાય છે તેમ જીવને માટે 'બ્રહ્મ' પદ યોજેલું છે એવો એ સૂત્રનો અર્થ છે.

તેથી જીવનું પરિમાણ અણુ જ છે, અર્થાત્ જીવ અણુ જ છે. અગ્નિમાંથી જેમ વિસ્ફુલ્લિંગ વ્યુચ્ચરે તેમ બ્રહ્મમાંથી જીવ વ્યુચ્ચરેલા છે. જીવો પોતાની સેવા કરે, અને પોતાનું ઐશ્વર્ય નિર્વિષય ન થાય અર્થાત્ પોતાનું ઐશ્વર્ય દર્શાવવાનો વિષય પ્રાપ્ત થાય એ બે હેતુથી ભગવાને ઉપર વર્ણવ્યા તેવા પ્રકારના જીવ પ્રકટ કર્યા છે. તેથી જીવ સહજ હરિના દાસ છે. વળી જીવ ભગવાન્ના અંશ હોવાથી બ્રહ્મરૂપ જ છે. એવા પ્રકારના જીવનો પોતાના નિસર્ગ પ્રભુ શ્રીગોકુલનાથના ચરણકમલની સેવા એ જ ધર્મ છે. જીવની સેવાથી સન્તુષ્ટ થઈ પ્રભુ પ્રકટ થઈ પોતાના ગુણોનું જીવને દાન કરે છે અને સ્વરૂપાનન્દનો અનુભવ કરાવવા પોતાની અંદર તેનો પ્રવેશ કરાવે છે. અથવા જીવ પર પોતાનો અતિશય અનુગ્રહ થાય તો સ્વરૂપાનન્દથી પણ અધિક રસયુક્ત દાસ્ય અથવા સેવા કરાવવા જીવને પોતાની પાસે રાખે છે એમ નિશ્ચય થાય છે. "સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને એકત્વ પણ આપવામાં આવે તો પણ લોકો મારી સેવા વિના લેતા નથી" શ્રીમદ્ભાગવતના વાક્યથી એકત્વ અથવા સ્વરૂપાનન્દ થી પણ સેવા અથવા દાસ્યમાં અધિક રસ છે એમ સ્પષ્ટ થાય છે.

પૂર્વે જીવનું સ્વરૂપ વર્ણવવાની પ્રતિજ્ઞા કરી તે પ્રમાણે જીવના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે.

---

29. 'ઉત્ક્રાન્તિ...' સૂત્ર વિષયક શાંકર મતનું ખંડન.

કેટલાક, જીવનો અણુત્વથી પ્રાપ્ત થતો ભગવાન્માં પ્રવેશ અને તેનાં સાધન ભગવદ્ભજન આદિ સહન ન કરનાર, અણુત્વ સાધનાર ઉત્ક્રાન્તિ આદિ દશ સૂત્ર પૂર્વપક્ષ તરીકે કહી, "તેના ગુણ સાર હોવાથી" સૂત્રને સિદ્ધાન્તીય તરીકે કહી, ઉપાધિના ગુણરૂપ અણુત્વ આદિથી વ્યપદેશ યોજાય છે. એમ તેનો અર્થ કહી જીવનું વ્યાપકત્વ સાધે છે.

ત્યાં આમ કહીએ છીએ. જીવ જો ઔપાધિક હોય તો આમ થાય, પણ તે જ સમ્ભવતું નથી; કારણ કે એ શ્રુતિ સ્મૃતિ અને ન્યાય થી વિરુદ્ધ છે એને તેનો પૂર્વે જ નિરાસ કરેલો છે. વળી બુદ્ધિની ઉત્ક્રાન્તિ આદિથી જ જીવની ઉત્ક્રાન્તિ આદિનો વ્યપદેશ અનુપપન્ન છે કારણ કે ઉપાધિની પૂર્વે જ ઉપહિતના ઉત્ક્રાન્તિ આદિ સમ્ભવતા નથી, અને શ્રુતિ "ઉત્ક્રમણ કરનાર તેની પાછળ પ્રાણ ઉત્ક્રમણ કરે છે" ઇત્યાદિથી જીવની ઉત્ક્રાન્તિથી સર્વની ઉત્ક્રાન્તિ કહે છે, તેથી વિરોધ થાય છે. વળી ઉપાધિગુણ અનર્થરૂપ હોવાથી સારત્વ યોગ્ય નથી, પરન્તુ ભગવદ્ગુણોનું જ (સારત્વ યોગ્ય છે). વિશેષ લખવાથી શું? પ્રસ્વાપ આદિમાં વિહાર આદિ ચેતન ધર્મનો બોધ કરનાર "સ્વયં વિહાર કરી" ઇત્યાદિ શ્રુતિન્યાયસહસ્રથી બાધિત હોવાથી કેવલ ભગવાને આજ્ઞા કરેલા ઉમાપરિવૃઢે પ્રવર્તાવેલા માર્ગને અનુસરનાર હોવાથી તેનો પક્ષ લખવાનું બહુ થઈ ગયું. જેમ અનાચારી બ્રાહ્મણમાં અખિલ બ્રાહ્મણ ધર્મનો અભાવ હોવાથી બ્રાહ્મણાભાસ પ્રયોગ થાય છે તેમ જીવમાં આનન્દાંશનો તિરોભાવ હોવાથી સર્વ બ્રહ્મના ધર્મનો અભાવ છે તેથી, અને તે બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મરૂપ છે તેથી તે બ્રહ્મનો આભાસ છે એવો "અને આભાસ જ" (બ્રહ્મસૂ.2।50) સૂત્રનો ભાવાર્થ છે, પરન્તુ તે અલીક છે એવો નથી, એમ અમે પૂર્વે જ કહ્યું છે.

29. 'ઉત્ક્રાન્તિ...' સૂત્ર વિષયક શાંકર મતનું ખંડન

જીવ અણુ છે, અણુ હોવાથી ભગવાન્માં તેનો પ્રવેશ થાય છે અને જીવનો ભગવાન્માં પ્રવેશ કરાવનાર સાધન ભગવાન્નું ભજન છે એ સિદ્ધાન્ત સહન ન થવાથી શંકરાચાર્ય આ સૂત્રોનું વ્યાખ્યાન જુદી જ રીતે કરે છે. જીવ અણુ છે એમ સિદ્ધ કરવા યોજેલાં "ઉત્ક્રાન્તિગત્યાગતીનામ્" સૂત્રથી આરમ્ભી પ્રથમ દશ સૂત્ર પૂર્વપક્ષ કરે છે અને ત્યાર પછીનું "તદ્ગુણસારત્વાત્તુ તદ્વ્યપદેશ:, પ્રાજ્ઞવત્" સૂત્ર સિદ્ધાન્તનું પ્રતિપાદન કરે છે એમ તે કહે છે. "તેના ગુણ" અર્થાત્ ઉપાધિ=બુદ્ધિના ગુણ અણુત્વ વિગેરે છે અને તેથી જીવને અણુ કોઈ સ્થળે શ્રુતિમાં કહેલો છે એવો આ સૂત્રનો તે અર્થ કરે છે. આ પ્રમાણે જીવ અણુ નથી પરન્તુ ઉપાધિ=બુદ્ધિ અણુ હોવાથી ક્વચિત્ જીવને અણુ કહેલો છે. વસ્તુત: જીવ વ્યાપક છે એમ તે કહે છે.

તે પરન્તુ યોગ્ય નથી. જીવ ઔપાધિક હોય તો કદાચ તેમનો અર્થ સમ્ભવે પરન્તુ જીવ ઔપાધિક હોય એ જ સમ્ભવતું નથી. જીવને ઔપાધિક કહેવામાં શ્રુતિ, સ્મૃતિ, બ્રહ્મસૂત્ર અને યુક્તિનો વિરોધ થાય છે એમ અમે પ્રથમ જ સિદ્ધ કરેલું છે. તેથી જીવ ઔપાધિક નથી. વળી ઉપાધિ=બુદ્ધિની ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિ થાય છે તેથી જ જીવની ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિ શ્રુતિમાં કહેલા છે એમ તે કહે છે તે પણ ઉચિત નથી કારણ કે "ઉત્ક્રમણ કરનાર તેની પાછળ પ્રાણ ઉત્ક્રમણ કરે છે" શ્રુતિ પ્રથમ જીવની ઉત્ક્રાન્તિ થાય છે અને પછી પ્રાણ વિગેરે સર્વની ઉત્ક્રાન્તિ થાય છે એમ કહે છે. તેથી

જીવની ઉત્ક્રાન્તિ પહેલાં ઉપાધિની ઉત્ક્રાન્તિ સમ્ભવતી નથી. તેથી જ ઉપાધિની ઉત્ક્રાન્તિ થાય છે તેથી જ જીવની ઉત્ક્રાન્તિ શ્રુતિમાં કહેલી છે એમ પણ કહેવાય નહિ, કારણ કે એમ માનીએ તો પ્રથમ જીવની ઉત્ક્રાન્તિ થાય છે કહેનાર શ્રુતિનો વિરોધ થાય છે.

વળી ઉપાધિ=બુદ્ધિના ગુણો સાર કહેવાય નહિ કારણ કે તે અનર્થ છે. અનર્થ હોય તે સાર કહેવાય નહિ. તેથી ભગવદ્ગુણને જ સાર કહેવા ઉચિત છે. તેથી પણ અમારું વ્યાખ્યાન તેના વ્યાખ્યાનથી ઉત્તમ છે. વધારે વર્ણન કરવાથી શું? પ્રસ્વાપ વિગેરેમાં વિહાર વિગેરે ચેતનના ધર્મનો બોધ કરનાર "સ્વયં વિહાર કરી" વિગેરે સહસ્રાવધિ શ્રુતિ અને બ્રહ્મસૂત્રોથી તેમનો મત બાધિત છે અને તે ભગવાન્ની આજ્ઞાથી શંકરે પ્રવર્તાવેલા માર્ગને અનુસરે છે તેથી તેનો મત આટલો લખ્યો તે બહુ થઈ ગયું.

"આભાસ એવ ચ" સૂત્રનો અર્થ પણ જીવ માત્ર અલીક છે એવો નથી. પરન્તુ જેમ અનાચારી બ્રાહ્મણમાં બ્રાહ્મણનો કોઈ ધર્મ નહિ હોવાથી તેને 'બ્રાહ્મણાભાસ' કહીએ તે પ્રમાણે જીવમાંથી આનન્દ અંશનો તિરોભાવ થવાથી બ્રહ્મના સર્વ ધર્મ તેમાંથી જતા રહે છે, પરન્તુ જીવ બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મરૂપ છે તેથી તે 'બ્રહ્માભાસ' જ છે. જેમ અનાચારી બ્રાહ્મણનો બ્રાહ્મણના કુલમાં જન્મ થએલો છે પરન્તુ તેનામાંથી બ્રાહ્મણના સર્વ ધર્મ અનાચારથી દૂર થયા છે તે પ્રમાણે જીવ પણ બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મરૂપ છે પરન્તુ આનન્દ અંશનો તિરોભાવ થવાથી તેનામાંથી સર્વ ભગવદ્ગુણ દૂર થયા છે. તેથી અનાચારી બ્રાહ્મણ 'બ્રાહ્મણાભાસ' કહેવાય છે તેજ પ્રમાણે જીવ પણ 'બ્રહ્માભાસ' કહેવાય છે એવો એ સૂત્રનો અર્થ છે. પરન્તુ જીવ અલીક છે એવો એ સૂત્રનો અર્થ થતો નથી એમ અમે પ્રથમ જ કહેલું છે.

30. બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મોનો આશ્રય : શંકા-સામાધાન.

પૂર્વપક્ષ:આમ હોય. શુદ્ધ જ કર્તૃ હોય તો પણ કુલાલન્યાયે માત્ર નિમિત્ત કારણ હોય, પરન્તુ સમવાયિકારણ પણ થાય નહિ; કારણ કે એમ હોય તો મૃત્પિણ્ડ પેઠે બ્રહ્મ વિકૃત અને સાવયવ થઈ જાય; અને કાર્ય અનર્થરૂપ હોવાથી બ્રહ્મને તદ્રૂપ કહેવું અયોગ્ય છે.

સિદ્ધાન્ત:એમ નહિ. બ્રહ્મનું કર્તૃત્વ જો સ્વબુદ્ધિકલ્પિત હોય તો સમવાયિત્વ ન થાય; પરન્તુ તે શ્રુતિસિદ્ધ છે, અને તેનો પ્રમાણભાવ સ્વત:સિદ્ધ છે. પ્રમાણનો આ સ્વભાવ છે કે યથાસ્થિત વસ્તુની પ્રમા કરાવે છે, પરન્તુ તેને પોતે નિર્મિત કરેલા પ્રકારવાળી બનાવતું નથી. તેથી શ્રુતિપણ યથાસ્થિત બ્રહ્મનું પ્રતિપાદન કરે છે તેથી પર્યનુયોગને લાયક નથી. વિકૃતત્વ આદિ ધર્મો લોકમાં સમવાયિ કારણમાં દૃશ્યમાન થાય છે. તેથી ઉભયની રક્ષામાટે બ્રહ્મ અવિકૃત જ સમવાયિ છે અને લોકમાં વિકૃત જ સમવાયી છે એમ માનવું. તેથી જ સૂત્રકાર પણ "શ્રુતિને લીધે (બ્રહ્મ) શબ્દમૂલ હોવાથી" એમ બ્રહ્મનું સમવાયિત્વ યુક્તિગમ્ય નથી, પરન્તુ કેવલ શ્રુતિથી જ ગમ્ય છે એમ કહે છે. બ્રહ્મ સમવાયિ અને અવિકૃત છે એ પણ ગુડજિહ્વિકા છે. વસ્તુત: તો તે વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય પણ છે, કારણ કે

"આત્માનું શ્રવણ કરવું, મનન કરવું"

"જ્યાંથી વાણી પાછી ફરે છે" (તૈત્તિ.ઉપ.2।

"તે હલે છે તે હલતું નથી"

"પાણિ અને પાદ વિના ઝડપવાળો અને ગ્રહણ કરનાર તે ચક્ષુ વિના જુએ છે, કર્ણ વિના સાંભળે છે" (શ્વેતા.ઉપ.3।)

"સર્વત: પાણિ અને પાદ ના અન્તવાળું" (ભગ.ગીતા 13।)

"અણુથી જીણું, મહત્થી મોટું"

"અસ્થૂલ અનણુ" (બૃહદા.ઉપ.3।8)

ઇત્યાદિ શ્રુતિ બ્રહ્મમાં પરસ્પર વિરુદ્ધ અનેક ધર્મનું પ્રતિપાદન કરે છે. શ્રૌત હોવાથી એકનો બાધ કહી શકાય નહિ, તેથી બ્રહ્મ જ તેવું છે એમ માનવું.

---

30. બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મોનો આશ્રય: શંકા-સામાધાન

પૂર્વપક્ષી:શુદ્ધ બ્રહ્મ જ ભલે જગત્કર્તૃ હોય પરન્તુ તે કુલાલની પેઠે જગતનું માત્ર નિમિત્તકારણ જ છે, પણ સમવાયિકારણ નથી. જેમ કુલાલ ઘટનું નિમિત્તકારણ છે પરન્તુ સમવાયિકારણ માટી છે, કુલાલ નથી, તે જ પ્રમાણે બ્રહ્મ જગતનું નિમિત્તકારણ છે પરન્તુ સમવાયિકારણ નથી. તેથી જેમ કુલાલ ઘટનો આધાર નથી તેમ ભગવાન્ પણ જગતનો આધાર નથી. કારણ કે ભગવાન્ જગતનું સમવાયિકારણ પણ છે અને તેથી જગતનો આધાર પણ છે એમ માનીએ તો ઘટના સમવાયિકારણ માટીના પિણ્ડ પેઠે ભગવાન્ પણ વિકારી થઈ જાય. વળી અવયવના ભેદથી સર્વ પદાર્થના સમવાયિકારણ ભગવાન્ થવા

જોઈએ તેથી તે અવયવવાળા થાય. વળી મૃત્પિણ્ડ જેમ ઘટ થાય છે તેમ ભગવાન્ જગત્ થાય છે એમ માનવું ઉચિત નથી, કારણ કે કાર્ય જગત્ અનર્થરૂપ છે તેથી ભગવાન્ જ જગત્ થતા હોય તો તે પણ અનર્થરૂપ થઈ જાય. તેથી બ્રહ્મ જગતનું નિમિત્તકારણ છે પરન્તુ સમવાયિકારણ નથી એમ અવશ્ય સ્વીકારવું જોઈએ.

સિદ્ધાન્તી:એમ ન કહો. જો બ્રહ્મ જગત્કર્તૃ છે એમ આપણે આપણી બુદ્ધિથી કલ્પ્યું હોત તો કુલાલના દૃષ્ટાન્તથી બ્રહ્મને માત્ર જગતનું નિમિત્તકારણ જ કહેત, અને બ્રહ્મ સમવાયિકારણ નથી એમ કહેત. પરન્તુ બ્રહ્મનું કર્તૃત્વ આપણી બુદ્ધિથી કલ્પેલું નથી પણ શ્રુતિસિદ્ધ છે. શ્રુતિ સ્વત:સિદ્ધ પ્રમાણ છે. શ્રુતિ કહે તેમાં કાંઈ શંકા કરવી ઉચિત નથી. કારણ કે તે સ્વત:સિદ્ધ પ્રમાણ છે. જેવી વસ્તુ હોય તેવી દર્શાવવી, જેવી વસ્તુ હોય તેવું જ તેનું જ્ઞાન કરાવવું એ પ્રમાણનો સ્વભાવ છે. પ્રમાણ પોતે જેવા પ્રકારની વસ્તુનું નિરૂપણ કરે તેવા પ્રકારની વસ્તુ બનાવતું નથી પરન્તુ જેવા પ્રકારની વસ્તુ હોય તેવા પ્રકારનું તેનું નિરૂપણ કરે છે. તેથી શ્રુતિ પણ પ્રમાણ હોવાથી જેવા પ્રકારનું બ્રહ્મ છે તેવા પ્રકારનું વર્ણન છે અને તેમાં શંકા કરવી ઉચિત નથી. બ્રહ્મ સમવાયિકારણ છે એમ શ્રુતિ કહે છે. બ્રહ્મમાં વિકાર નથી એમ પણ શ્રુતિ કહે છે. લોકમાં સમવાયિકારણ હોય તે સર્વ વિકારી હોય છે પરન્તુ બ્રહ્મ સમવાયિકારણ છે અને અવિકૃત છે એમ શ્રુતિ કહે છે. તેથી લોકની તેમજ શ્રુતિની રક્ષામાટે અવિકૃત જ બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે અને લોકમાં સમવાયિકારણો વિકારી જ હોય છે એવી વ્યવસ્થા માનવી જોઈએ. આ જ કારણથી બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે એમ યુક્તિથી જણાતુ નથી પરન્તુ માત્ર શ્રુતિથી જ જણાય છે એમ સૂત્રકાર "શ્રુતેસ્તુ શબ્દમૂલત્વાત્" સૂત્રથી કહે છે. બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે અને વિકારરહિત છે એમ શ્રુતિથી જ જણાય તેવું હોવાથી વેદ જેવું વર્ણવે તેવું જ માનવું જોઈએ એવો આ સૂત્રનો અર્થ છે.

બ્રહ્મ સમવાયિ અને અવિકૃત છે એ પણ માત્ર ગુડજિહ્વિકા જ છે. બાલકને ઓષધિનું પાન કરાવવા પ્રથમ ગોળ ચટાડે છે તેથી ઓષધિ કડવી નથી પરન્તુ મધુર રસવાળી છે એમ માની પછી તે ઓષધિનું પાન કરે છે. તેથી ઓષધિનું પાન કરાવવા પ્રથમ જીહ્વાને ગોળનો સ્વાદ કરાવે છે તે પ્રમાણે બ્રહ્મ સમવાયિ અને અવિકૃત છે એ માત્ર ગુડજીહ્વિકા જ છે. વસ્તુત: બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનું આશ્રય છે, કારણ કે "આત્માનું શ્રવણ કરવું મનન કરવું" શ્રુતિ બ્રહ્મનું શ્રવણ વિગેરે કરવાનું કહે છે અને "જ્યાંથી વાણી મનસહિત પહોંચ્યા વિના પાછી ફરે છે" શ્રુતિ બ્રહ્મને ઇન્દ્રિયો પહોંચી શક્તી નથી એમ કહે છે. વળી "તે હાલે છે, તે હાલતું નથી" શ્રુતિ બ્રહ્મને ક્રિયા છેતેને ક્રિયા નથી એમ કહે છે. વળી "પાણિ અને પાદ વિના ઝડપવાળો અને ગ્રહણ કરનાર તે ચક્ષુ વિના જુએ છે, કર્ણ વિના સાંભળે છે" શ્રુતિ પાણિ અર્થાત્ હાથ વિના તે ગ્રહણ કરે છે, પાદ વિના તે ઝડપથી ચાલે છે, ચક્ષુ વિના તે જુએ છે અને કર્ણ વિના શ્રવણ કરે છે એમ કહે છે. "સર્વત્ર પાણિ અને પાદ ના અન્તવાળું" શ્રુતિ સર્વ સ્થળે બ્રહ્મને પાણિ અર્થાત્ હાથના અને પાદના અન્ત છે એમ કહે

છે. "અણુથી ઝીણું મહત્થી મોટું" શ્રુતિ તેને ઝીણામાં ઝીણું અને વળી મોટામાં મોટું કહે છે. "અસ્થૂલ અનણુ" શ્રુતિ તે સ્થૂલ પણ નથી અને અણુ અર્થાત્ સૂક્ષ્મ પણ નથી એમ કહે છે. આ વિગેરે શ્રુતિઓ એ પ્રમાણે બ્રહ્મમાં વિરુદ્ધ સર્વ ધર્મ રહેલા છે એમ કહે છે. ઉભય પ્રકારના ધર્મ શ્રુતિસિદ્ધ હોવાથી એક પ્રકારના ધર્મ બ્રહ્મમાં છે, અન્ય પ્રકારના નથી એમ કહી શકાય નહિ. તેથી વિરુદ્ધ સર્વ ધર્મવાળું જ બ્રહ્મ છે એમ માનવું જોઈએ.

---

31. બ્રહ્મ નિર્વિશેષ હોવાથી તેનું વિરુદ્ધધર્માશ્રય હોવું અસમ્ભવ:

પૂર્વપક્ષ: આમ હોય. અહીં એમ નિર્ણય સમ્ભવતો નથી કારણ કે એક વસ્તુ સ્વત: જ સવિશેષ અને નિર્વિશેષ છે એમ વિરોધને લીધે નિશ્ચય કરી શકાય નહિ. બ્રહ્મ સર્વગત હોવાથી પૃથિવી આદિ ઉપાધિનો સમ્બન્ધ છે તેથી અથૂલત્વ આદિ તેને લીધે છે કારણ કે અસ્થૂલમાં અસ્થૂલ, અનણુમાં અનણુ, ઉચ્ચાવચકર્તૃમાં ઉચ્ચાવચકર્તૃ, ઉચ્ચાવચ કામમાં ઉચ્ચાવચકામ, પૃથિવીમાં સર્વગન્ધ, જલાદિમાં અગન્ધ, એમ (બ્રહ્મનું) ઉભયરૂપત્વ ઉપપન્ન છે તેથી વિરોધ નથી એમ નહિ, કારણ કે ઔપાધિકમાં વસ્તુસ્વભાવ સમ્ભવે નહિ. જપાકુસુમના અરૂણિમાનું ગ્રહણ કરનાર સ્ફટિક અરૂણ થતો નથી, પટ અરૂણ અથવા ચિત્ર કોઈ દ્વિરૂપ થતો નથી. ત્યાં અવયવના અવચ્છેદની કલ્પનાથી એમ કહીએ તો પણ બ્રહ્મ નિરવયવ હોવાથી તેમાં એમ કહી શકાય નહિ. તેથી ઉપાધિ આવિદ્યક હોવાથી તે સમસ્ત વિશેષથી રહિત છે એમ માનવું. સવિશેષ પણ શ્રૌત હોવાથી નિર્વિશેષનો જ બાધ છે એમ કહી શકાય નહિ, કારણ કે સવિશેષ પરિચ્છિન્ન હોવાથી પરિચ્છેદ થઈ જાય. પરિચ્છિન્ન પ્રત્યેક ભિન્ન હોવાથી બ્રહ્મ અનેક થઈ જાય, તેથી "એક જ અદ્વિતીય" 1) શ્રુતિનો વિરોધ થાય. "મશકથી સમ, નાગથી સમ" ઉપ.1। 22) ઇત્યાદિ શ્રુતિમાં એકનાં જ અનેક ઉપાધિના સમ્બન્ધથી થતાં પરિમાણનું શ્રવણ થાય છે અને તે સ્વત: નિર્વિશેષ હોય તો જ ઉપપન્ન થાય. નહિ તો ઉપાધિઓ અવ્યાપક હોવાથી અન્યોન્ય આશ્રયાશ્રયિભાવ નહિ હોવાથી, એક જ બ્રહ્મના સર્વપણિમાણપણાનો ભંગ થાય. વળી કર-ચરણ આદિ વિશેષ લૌકિક હોવાથી, અને સ્વરૂપ અલૌકિક હોવાથી બ્રહ્મમાં લૌકિકનો નિષેધ યોગ્ય જ છે, કારણ કે અલૌકિકની અપેક્ષાથી લૌકિક જઘન્ય છે.

તે પણ અલૌકિક હોવાથી કર-ચરણ આદિયુક્ત બ્રહ્મ કહી શકાય .

એમ નથી. કારણ કે તેમને અલૌકિક કલ્પવાથી, બ્રહ્મમાં સર્વભવનસામર્થ્ય વિરુદ્ધસર્વધર્માધારત્વ આદિ અલૌકિક શક્તિ કલ્પવાથી ગૌરવ થાય છે. 'અસ્થૂલ' આદિ શ્રુતિના વિરોધથી એવી કલ્પના કરી પણ શકાય નહિ. 'સર્વત:' ઇત્યાદિ શ્રુતિબલથી કરી શકાય તો પણ તેમનું દૌર્બલ્ય પણ કહેલું છે. વળી સવિશેષ નિરૂપણ કરનાર શ્રુતિ બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરવા પ્રવૃત્ત નથી, જેથી તેણે નિરૂપણ કરેલું એટલે અલૌકિકત્વ આદિ

કલ્પ્ય નહિ પરન્તુ કપ્ત છે, અને તેથી ગૌરવ આદિ દૂષણગ્રાસ નથી એમ કહેવાય. પરન્તુ તે (સવિશેષ શ્રુતિ) બ્રહ્મ દુર્જ્ઞેય હોવાથી જેમ-તેમ તેમાં પ્રવણતાથી ચિત્તની શુદ્ધિ થાય ત્યાર પછી સ્વયં જ પ્રત્યક્ બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરશે તેથી અધિકાર સિદ્ધ કરવા ઉપાસના દર્શાવવા અને ભાવના સુગમ કરવા બ્રહ્મનો લૌકિક પ્રસિદ્ધ વિશેષવત્ અનુવાદ કરે છે. પછી અધિકાર સિદ્ધ થાય ત્યારે કેવા પ્રકારનું તે અનુભવાય છે એવી આકાંક્ષા થાય તે માટે શ્રુતિ "અસ્થૂલ અનણુ" (બૃહદા.ઉપ. 3।8) ઇત્યાદિથી તેના સ્વરૂપનું નિરૂપણ કરે છે. તેથી જ "અરૂપવત્ જ તત્પ્રધાન હોવાથી" એમ સૂત્રકાર પણ કહે છે. આમ હોવાથી સવિશેષ નિરૂપણ કરનાર શ્રુતિપેઠે નિર્વિશેષ નિરૂપણ કરનાર શ્રુતિનું માત્ર સ્વરૂપ-નિરૂપણ સિવાય અન્ય પ્રયોજન ઘટતું નથી, કારણ કે "તેથી કોનાથી કોને જુએ?" (બૃહદા. ઉપ.2।14) શ્રુતિથી બ્રહ્મ *વૃત્તિનો વિષય નથી. તેથી જ "હવે અહીંથી નેતિ-નેતિ એમ આદેશ છે" "તે વિદિતથી અન્ય, અને અવિદિતથી અન્ય" (કેનોપ.1। ઇત્યાદિથી શ્રુતિ નિષેધમુખથી જ નિરૂપણ કરે છે. આમ હોવાથી નિર્વિશેષ જ્ઞાનના સ્વરૂપ પેઠે નિષ્પ્રતિયોગિક અભાવરૂપ જ થાય, તેથી તેની વ્યાવૃત્તિ કરવા "જેમ સૈન્ધવનો કટકો અનન્તર અને અબ્રાહ્મ સર્વ રસઘન છે તેમ આ આત્મા અનન્તર અબાહ્ય સર્વ પ્રજ્ઞાનઘન જ છે" એમ તેનું ચિત્સ્વરૂપ કહે છે. વળી "બ્રહ્મના બે રૂપ છે, મૂર્ત અને અમૂર્ત" (બૃહદા.ઉપ.2।1) એમ ઉપક્રમ કરી બે રૂપનું પ્રતિપાદન કરી, "હવે અહીંથી નેતિ-નેતિ એમ આદેશ છે" (બૃહદા.ઉપ.2।6) એમ પુન: કહે છે. ત્યાં 'ઇતિ' શબ્દ સન્નિહિતનું અવલમ્બન કરે છે એમ "ઇતિ ઉપાધ્યાયો બોલ્યા" ઇત્યાદિમાં દૃશ્યમાન થાય છે. પ્રકૃતમાં પણ પૂર્વે નિરૂપણ કરેલાં બે રૂપ સન્નિહિત હોવાથી "નેતિ-નેતિ" થી બ્રહ્મમાં તેમનાં નિષેધનું જ પ્રતિપાદન કરેલું છે. આમ હોવાથી વિશેષનું નિરૂપણ કરનાર શ્રુતિઓ નિષેધ્ય કોટિનું નિરૂપણ કરે છે એમ સિદ્ધ થાય છે. વિશેષો અવિદ્યાકલ્પિત હોય તો જ નિષેધ સંગત થાય; કારણ કે સત્ વસ્તુનો નિષેધ ઉચિત નથી. "તે જ બ્રહ્મ તું જાણ. જેની ઉપાસના કરે છે તે નહિ" (કેનોપ.1। શ્રુતિ ઉપાસનાવિષયને અબ્રહ્મ જ કહે છે. તેથી બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ માનવું.

એવું વિષય નહિ હોવાથી, અને "કોઈ ધીર" ઇત્યાદિ શ્રુતિ વિષય તરીકે નિરૂપણ કરે છે તેથી 'એમ નથી'.

એમ કહેવું ઉચિત નથી. પૂર્વોક્ત ન્યાયથી સર્વશ્રુતિના અવિરોધનો વિચાર કરતાં પ્રાપઞ્ચિક ધર્મ અવિદ્યાકલ્પિત છે એમ નિશ્ચય થવાથી, અહીં પણ તેની સમાન યોગક્ષેમ ઉચિત છે. ત્યારે દ્રષ્ટૃ-દૃશ્યભાવ કહેલો હોવાથી, અને નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થાય ત્યારે "ત્યારે કોનાથી કોને જુએ" (બૃહદા.ઉપ. 2।14) ઇત્યાદિથી તેનો નિષેધ કરેલો હોવાથી પણ એમ જણાય છે. તેના દર્શનરૂપી અવિદ્યાકાર્ય હોવાથી તે સમયે અવિદ્યાનો સમ્પૂર્ણ નાશ પણ થએલો નથી, જેથી અવિદ્યા તે સમયે નાશ પામેલી છે તેથી તેનું દૃશ્યત્વ આવિદ્યક નથી એમ કહેવાય. વળી સવિશેષ સૂર્ય, દીપ આદિથી પ્રકાશ્ય કહેલું છે, વ્યવહાર્ય, ચાક્ષુષ અને ક્રિયાદિમત્ છે તેથી તે બ્રહ્મ છે એમ કેમ નિશ્ચય થાય? કારણ કે

"ત્યાં સૂર્ય ચન્દ્ર તારાઓ અને વીજળીઓ પ્રકાશતી નથી, તો આ અગ્નિનું શું જ કહેવું? પ્રકાશનાર તેની જ પાછળ સર્વ પ્રકાશે છે. તેના પ્રકાશથી આ સર્વ પ્રકાશે છે" (કઠોપ.2।15)
"ચક્ષુથી, વાણીથી, અન્ય દેવોથી, તપથી કે કર્મથી તેનું ગ્રહણ થતું નથી"
"જે અદૃશ્ય અગ્રાહ્ય છે"
"નિષ્કલ નિષ્ક્રિય શાન્ત"

ઇત્યાદિ શ્રુતિઓ તેનાથી વિરુદ્ધ જ તેનું નિરૂપણ કરે છે. તેથી જ સૂત્રકાર પણ "પ્રકૃતૈતાવત્વનો પ્રતિષેધ કરે છે, અને પછી ભૂય: કહે છે" (બ્રહ્મસૂ.3।22) એમ કહે છે. આનો અર્થ નીચે પ્રમાણે છે. "નેતિ-નેતિ" શ્રુતિ, પ્રકૃત જે એતાવત્ અર્થાત્ પૂર્વે કહેલાં મૂર્ત અને અમૂર્ત એવાં બે રૂપ તેના ભાવનો બ્રહ્મમાં નિષેધ કરે છે. ત્યારે તેના સદ્ભાવમાં શું પ્રમાણ? તેથી "પછી ભૂય: કહે છે" એમ કહે છે. 'પછી' નિષેધ પછી, "આ બ્રહ્મથી પર અન્ય નથી" એમ ધર્મીનો સદ્ભાવ શ્રુતિ સ્વયં કહે છે, એ 'ભૂય:' આમ હોવાથી ધર્મીથી અન્યનું આવિદ્યકત્વ સિદ્ધ થાય છે તેથી તે નિર્વિશેષ જ છે.

31. બ્રહ્મ નિર્વિશેષ હોવાથી તેનું વિરુદ્ધધર્માશ્રય હોવું અસમ્ભવ

(વિરુદ્ધ સર્વ ધર્મનું આશ્રય બ્રહ્મ છે એમ માયાવાદી સ્વીકારતા નથી. પરન્તુ બ્રહ્મ નિર્વિશેષ છે એમ માને છે. તેથી તે પૂર્વપક્ષ કરે છે.)

પૂર્વપક્ષી:તમે કહ્યું તેમ નિર્ણય થઈ શકે નહિ. બ્રહ્મ નિર્વિશેષ અને સવિશેષ ઉભય છે એમ કહી શકાય નહિ. એક જ વસ્તુ સ્વત: સવિશેષ અને નિર્વિશેષ છે એમ કહી શકાય નહિ, કારણ કે એક જ વસ્તુનો સ્વત: સવિશેષ અને નિર્વિશેષ કહીએ તો વિરોધ થાય.

બ્રહ્મની તાત્ત્વિક ઉપાધિ માનનારનો ઉત્તર : બ્રહ્મ વ્યાપક છે. વ્યાપક હોવાથી બ્રહ્મ સર્વત્ર છે. તેથી બ્રહ્મને સર્વનો સમ્બન્ધ છે. તેથી અસ્થૂલ-અનણુ વિગેરે ગુણો ભિન્ન-ભિન્ન ઉપાધિના સમ્બન્ધથી બ્રહ્મમાં આવે છે. કારણ કે અસ્થૂલ પદાર્થમાં બ્રહ્મ અસ્થૂલ છે. અનણુ પદાર્થમાં બ્રહ્મ અનણુ છે. ઉચ્ચ અર્થાત્ સારા કાર્ય કરનારમાં બ્રહ્મ ઉચ્ચ કાર્ય કરનાર છે. અવચ અર્થાત્ નીચા કાર્ય કરનારમાં બ્રહ્મ અવચ કાર્ય કરનાર છે. ઉચ્ચકામમાં બ્રહ્મ ઉચ્ચકામ છે. અવચકામમાં બ્રહ્મ અવચકામ છે. પૃથિવીમાં બ્રહ્મ સર્વ ગન્ધયુક્ત છે. જલ વિગેરે અર્થાત્ જલ, અગ્નિ, વાયુ, આકાશ માં બ્રહ્મ ગન્ધરહિત છે, તેથી બ્રહ્મ અસ્થૂલ, અનણુ, ઉચ્ચકર્તૃ, અવચકર્તૃ વિગેરે સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે. તેથી બ્રહ્મ સવિશેષ અને નિર્વિશેષ ઉભય પ્રકારનું હોય તે યોગ્ય જ છે અને તેમાં કાંઈ પણ વિરોધ નથી.

પૂર્વપક્ષી:એમ કહેવાય નહિ. અસ્થૂલ-અનણુ વિગેરે ગુણો વસ્તુત: ઉપાધિના જ હોય તો માત્ર ઉપાધિના સમ્બન્ધથી જ બ્રહ્મના તે ગુણો છે એમ કહી શકાય નહિ, કારણ કે ઉપાધિના અથવા ઔપાધિક ગુણો વસ્તુનો સ્વભાવ છે એમ કહેવાય નહિ તેથી અસ્થૂલ વિગેરે ઉપાધિના ગુણો બ્રહ્મમાં સ્વાભાવિક છે એમ કહેવાય નહિ. જપાકુસુમના અરુણ

રૂપનું ગ્રહણ કરનાર સ્ફટિક અરુણ થતો નથી, પરન્તુ શ્વેત જ રહે છે. ઉપાધિ જપાકુસુમના રૂપથી સ્ફટિકના સ્વાભાવિક શ્વેત રૂપમાં વિકાર થતો નથી. તેમજ ઉપાધિના ગુણના સમ્બન્ધથી બ્રહ્મમાં તે ગુણો આવે છે એમ કહી શકાય નહિ. તેમજ પટને અરુણ અથવા ચિત્રરૂપથી રંગવામાં આવે તો તે બે રૂપવાળો થતો નથી. પોતાનું રૂપ અને અરુણ અથવા ચિત્ર રંગેલું રૂપ એમ બે રૂપ પટના થતાં નથી. કદાચ અમુક ભાગમાં પટ પોતાનું રૂપ રાખે અને અન્ય ભાગમાં રંગેલું અરુણ અથવા ચિત્રરૂપ હોય, એમ વિભાગના ભેદથી પટમાં બે રૂપ થાય, તો પણ બ્રહ્મમાં પોતાના ગુણ અને ઉપાધિ ના ગુણ વિભાગના ભેદથી સમ્ભવે નહિ, કારણ કે બ્રહ્મ અવયવરહિત છે. બ્રહ્મને વિભાગ નથી. તેથી પોતાના ગુણ અને તેથી વિરુદ્ધ ઉપાધિના ગુણ બ્રહ્મમાં હોવાથી બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનું આશ્રય છે એમ પણ કહી શકાય નહિ. તેથી ઉપાધિ આવિદ્યક હોવાથી, ઉપાધિના ગુણો બ્રહ્મમાં સમ્ભવતા નથી. તેથી બ્રહ્મ સર્વવિશેષરહિત છે. બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ માનવું જોઈએ. શ્રુતિ બ્રહ્મને સવિશેષ પણ કહે છે તેથી બ્રહ્મ નિર્વિશેષ નથી એમ કહી શકાય નહિ, કારણ કે સવિશેષ હોય તે પરિચ્છિન્ન અથવા હદવાળું હોવું જોઈએ. તેથી બ્રહ્મને સવિશેષ કહીએ તો તેને પરિચ્છેદ અથવા હદ થાય. વળી દરેક પરિચ્છેદ ભિન્ન છે. બ્રહ્મના સર્વ પરિચ્છેદ ભિન્ન-ભિન્ન હોવાથી અનેક બ્રહ્મ થઈ જાય, અને તેથી "એક જ અદ્વિતીય" શ્રુતિનો વિરોધ થાય. વળી બ્રહ્મ નિર્વિશેષ હોય તો તેને પરિચ્છેદ પણ ન હોય. બ્રહ્મને પરિચ્છેદ ન હોય તો જ નાગ અર્થાત્ હસ્તી, મશક અર્થાત્ મચ્છર વિગેરે ઉપાધિના સમ્બન્ધથી બ્રહ્મ પણ નાગ અથવા મશક સમાન કહેવાય, અને તેથી "મશકથી સમ, નાગથી સમ" શ્રુતિની ઉપપત્તિ થાય. નાગ-મશક વિગેરે ઉપાધિઓના સમ્બન્ધથી જ એક જ બ્રહ્મનું નાગ-મશક વિગેરે સમાન પરિમાણ છે એમ શ્રુતિ કહે છે. એક જ બ્રહ્મ પરિચ્છેદરહિત હોય તો જ એ શ્રુતિની ઉપપત્તિ થાય છે. બ્રહ્મ સવિશેષ હોય અર્થાત્ તેને પરિચ્છેદ હોય તો નાગ-મશક વિગેરે ઉપાધિ વ્યાપક નહિ હોવાથી એક જ બ્રહ્મનું નાગ-મશક વિગેરે સર્વની સમાન પરિમાણ છે એમ કહી શકાય નહિ. વળી નાગનું પરિમાણ મશકમાં નથી, મશકનું પરિમાણ નાગમાં નથી. એ પ્રમાણે ઉપાધિઓમાં અન્યોન્ય આશ્રયાશ્રયિભાવ નથી. તેથી બ્રહ્મમાં પરિચ્છેદ હોય તો એક જ બ્રહ્મનું નાગ-મશક વિગેરે સર્વની સમાન પરિમાણ છે એમ કહેવાય નહિ.

વળી કર-ચરણ વિગેરે વિશેષ લૌકિક છે, બ્રહ્મનું સ્વરૂપ અલૌકિક છે. તેથી અલૌકિક બ્રહ્મસ્વરૂપમાં લૌકિક કર-ચરણ વિગેરેનો નિષેધ કરવો એ જ ઉચિત છે. અલૌકિક સ્વરૂપમાં લૌકિક કર-ચરણ વિગેરે વિશેષ ન હોય એ સમ્ભવે છે. "સહસ્રશીર્ષા" વિગેરે શ્રુતિથી કર-ચરણ વિગેરે પણ અલૌકિક છે અને બ્રહ્મમાં તે સમ્ભવે છે એમ પણ કહેવાય નહિ, કારણ કે કર-ચરણ વિગેરેને અલૌકિક કલ્પવાથી, અને વળી બ્રહ્મ સર્વ થવાને સમર્થ છે અને સર્વ વિરુદ્ધ ધર્મનું આશ્રય છે એવી બ્રહ્મમાં અલૌકિક શક્તિ કલ્પવાથી ગૌરવ થાય છે. વળી કર-ચરણ વિગેરે અલૌકિક કલ્પવાથી અને બ્રહ્મમાં કર-ચરણ વિગેરે વિશેષ છે એમ માનવાથી "અસ્થૂલ, અનણુ" વિગેરે શ્રુતિનો વિરોધ થાય છે. તેથી કર-ચરણ વિગેરે

અલૌકિક છે એવી કલ્પના કરી શકાય નહિ. "સર્વત: પાણિ અને પાદ ના અન્તવાળું" વિગેરે વાક્યથી કર-ચરણ વિગેરે અલૌકિક છે એવી કલ્પના કરી શકાય ખરી, પરન્તુ નિર્વિશેષ શ્રુતિ બલવતી છે અને સવિશેષ શ્રુતિ તેનાથી દુર્બલ છે એમ પ્રથમ જ અમે "ઉપજીવ્યત્વત: શ્રૌતવાક્યૈશ્ચ" વિગેરે કારિકાથી જ કહેલું છે.

વળી બ્રહ્મ સવિશેષ છે એમ પ્રતિપાદન કરનાર શ્રુતિ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરતી નથી. જો સવિશેષશ્રુતિ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરતી હોય તો તેણે વર્ણવેલા કર-ચરણ વિગેરે અલૌકિક જ ગણાય, અને તેથી તે બ્રહ્મમાં કલ્પેલા નથી પરન્તુ સ્વાભાવિક જ છે એમ મનાય, અને તે અલૌકિક માનવામાં ગૌરવ રહે નહિ. પરન્તુ સવિશેષ શ્રુતિ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરતી નથી, તેથી કર-ચરણ વિગેરે અલૌકિક ગણાય નહિ; અને તેમને અલૌકિક માનવામાં ગૌરવ થાય છે. સવિશેષશ્રુતિ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરતી નથી પરન્તુ શુદ્ધ બ્રહ્મ દુર્જ્ઞેય છે, તેનું જ્ઞાન થવું અતિશય કઠિન છે; તેથી જેમ-તેમ સવિશેષ બ્રહ્મમાં ચિત્ત પરોવાય તો ચિત્તની શુદ્ધિ થાય, અને ચિત્તની શુદ્ધિ થયા પછી સ્વત: પ્રત્યક્ બ્રહ્મ અથવા નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થશે એવા અભિપ્રાયથી તે ઉપાસનાનો ઉપદેશ કરે છે. ઉપાસના કરવામાં પણ સહેલાઈથી ભાવના થાય તે માટે લૌકિક કર-ચરણ વિગેરે પ્રસિદ્ધ વિશેષથી તે બ્રહ્મનું નિરૂપણ કરે છે. લોકમાં કર-ચરણ વિગેરે વિશેષો પ્રસિદ્ધ છે તેનો જ સવિશેષશ્રુતિ અનુવાદ કરે છે. ઉપાસના કર્યા પછી કેવા પ્રકારના નિર્વિશેષ બ્રહ્મનો અનુભવ થાય છે એમ આકાંક્ષા થાય તેથી શ્રુતિ "અસ્થૂલ, અનણુ" વિગેરેથી નિર્વિશેષ બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરે છે. તેથી જ સૂત્રકાર પણ "અરૂપવદેવ હિ તત્પ્રધાનત્વાત્" સૂત્ર યોજે છે. આમ હોવાથી સવિશેષશ્રુતિ જેમ બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરતી નથી પરન્તુ ઉપાસના ના વિષયનું પ્રતિપાદન કરે છે તેમ જ નિર્વિશેષશ્રુતિ પણ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરતી નથી પરન્તુ તેનું પણ અન્ય કાંઈ પ્રયોજન છે એમ કહેવાય નહિ. નિર્વિશેષ શ્રુતિ બ્રહ્મના સ્વરૂપનું જ નિરૂપણ કરે છે. નિર્વિશેષ બ્રહ્મ *વૃત્તિનો વિષય નથી. "તેથી કોનાથી કોને જુએ" શ્રુતિ પણ નિર્વિશેષ બ્રહ્મ વૃત્તિનો વિષય નથી એમ કહે છે. તેથી જ "હવે અહીંથી નેતિ-નેતિ એમ આદેશ છે" "તે વિદિતથી અન્ય અને અવિદિતથી અન્ય" વિગેરે શ્રુતિઓ નિર્વિશેષ બ્રહ્મનું નિષેધથી જ નિરૂપણ કરે છે. તે વૃત્તિનો વિષય નહિ હોવાથી, વિશેષરહિત હોવાથી, તેનું નિષેધથી જ નિરૂપણ સમ્ભવે. કેવલ નિષેધથી જ નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવે તો વિષય-રહિત કેવલ જ્ઞાનના સ્વરૂપ પેઠે તેનું સ્વરૂપ પણ પ્રતિયોગી વિનાનો કેવલ અભાવ જ હોવું જોઈએ, અર્થાત્ ઘટાભાવ-પટાભાવ વિગેરે પ્રતિયોગી-વાળા અભાવ નહિ પરન્તુ પ્રતિયોગી વિનાનો કેવલ અભાવ જ હોવું જોઈએ એવી શંકા થાય તે દૂર કરવા શ્રુતિ તે ચિત્સ્વરૂપ છે એમ કહે છે. "જેમ સૈન્ધવનો કટકો અનન્તર અને અબાહ્ય સર્વ રસઘન છે, તેમ આ આત્મા અનન્તર અબાહ્ય સર્વ પ્રજ્ઞાનઘન જ છે" શ્રુતિ નિર્વિશેષ બ્રહ્મ ચિત્સ્વરૂપ જ છે, કેવલ પ્રતિયોગી વિનાનો અભાવ નથી એમ કહે છે.

વળી "બ્રહ્મનાં બે રૂપ છે : મૂર્ત અને અમૂર્ત" એ પ્રમાણે આરમ્ભમાં શ્રુતિ બ્રહ્મના બે રૂપ કહે છે. પછી "હવે અહીંથી નેતિ-નેતિ એમ આદેશ છે" એમ કહે છે. નેતિ= ન+ઇતિ અર્થાત્ 'એમ નહિ' અથવા 'એવા પ્રકારનું નહિ'. 'ઇતિ'થી કયો પ્રકાર કહ્યો તે હવે જોવું જોઈએ. "ઇતિ ઉપાધ્યાયો બોલ્યા" વિગેરે વાક્યોમાં પણ આપણે જોઈએ છીએ તો 'ઇતિ' શબ્દ તેની પૂર્વે જે આવ્યું હોય તેને માટે જ યોજાય છે. તેની પહેલાં તરત જે આવ્યું હોય તેને માટે જ 'ઇતિ' શબ્દ યોજાય છે. અહીં 'નેતિ' અર્થાત્ 'ન ઇતિ' માં 'ઇતિ' શબ્દ બ્રહ્મના તેની પૂર્વે મૂર્ત અને અમૂર્ત એવા બે રૂપ કહ્યાં તેને માટે યોજેલો છે. તેથી 'નેતિ-નેતિ' થી તેમની પૂર્વે વર્ણવેલાં મૂર્ત અને અમૂર્ત એ બે રૂપનો જ બ્રહ્મમાં નિષેધ કરેલો છે. પ્રથમ બે રૂપનું પ્રતિપાદન કર્યું અને પછી તે જ બે રૂપનો નિષેધ કર્યો છે. તેથી વિશેષનું નિરૂપણ કર્યું તે નિષેધ કરવા જ કરેલું છે. તેથી સવિશેષશ્રુતિઓ જેનો નિષેધ કરવાનો છે તેનું જ નિરૂપણ કરે છે. વિશેષો અવિદ્યાથી કલ્પેલા હોય તો જ તેમનો નિષેધ સમ્ભવે, કારણ કે વિશેષો સત્ય હોય તો તેમનો નિષેધ થઈ શકે નહિ. સત્ વસ્તુનો નિષેધ કરાય નહિ. તેથી વિશેષો અવિદ્યાથી કલ્પેલા જ હોવા જોઈએ. વળી "તે જ બ્રહ્મ તું જાણ, જેની ઉપાસના કરે છે તે નહિ" શ્રુતિ જેની ઉપાસના થાય છે તે બ્રહ્મ નથી એમ કહે છે. તેથી પણ વિશેષો અવિદ્યાથી કલ્પિત જ છે. સવિશેષ શ્રુતિઓ જેનો નિષેધ કરવાનો છે તેનું જ નિરૂપણ કરે છે તેથી, અને જેની ઉપાસના થાય છે તે બ્રહ્મ નથી તેથી બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ માનવું જોઈએ.

"કોઈ ધીરે પ્રત્યગાત્માને જોયો" આ શ્રુતિ બ્રહ્મનું દર્શન થાય છે એમ કહે છે, અને નિર્વિશેષ પદાર્થનું દર્શન થઈ શકે નહિ તેથી બ્રહ્મ નિર્વિશેષ છે એમ કહી શકાય નહિ એવી શંકા કરવી નહિ, કારણ કે "ઉપજીવ્યત્વત: શ્રૌતવાક્યૈશ્ચ" વિગેરે કારિકામાં જણાવ્યું તે પ્રમાણે સર્વ શ્રુતિના અવિરોધનો વિચાર કરતાં પ્રપઞ્ચના સર્વ ધર્મ અવિદ્યાથી કલ્પેલા છે એમ સિદ્ધ થાય છે. તેથી અહીં "કોઈ ધીરે પ્રત્યગાત્માને જોયો" શ્રુતિએ વર્ણવેલો દૃશ્યત્વ ધર્મ પણ અવિદ્યાથી કલ્પેલો જ હોવો જોઈએ એમ માનવું ઉચિત છે. વળી એ શ્રુતિ, ધીર દ્રષ્ટા છે અને પ્રત્યગાત્મા દૃશ્ય છે, એમ કહી દ્રષ્ટૃ-દૃશ્યભાવનું પ્રતિપાદન કરે છે. જ્યાં સુધી અવિદ્યા હોય ત્યાં સુધી જ દ્રષ્ટૃ-દૃશ્યભાવ સમ્ભવે છે, કારણ કે જ્યારે નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થાય ત્યારે દ્રષ્ટૃ-દૃશ્યભાવ રહેતો નથી. એમ "ત્યારે કોનાથી કોને જુએ" શ્રુતિ કહે છે. તેથી દૃશ્યત્વ ધર્મ પણ અવિદ્યાથી કલ્પેલો જ હોવો જોઈએ. તે સમયે ધીરની સર્વ અવિદ્યા દૂર થઈ નથી, કારણ કે અવિદ્યાનું કાર્ય-દર્શન તેનામાં જણાય છે. જો તેની અવિદ્યા નાશ થઈ હોત તો પ્રત્યગાત્મામાં દૃશ્યત્વધર્મ સિદ્ધ થાત અને તે અવિદ્યાથી કલ્પેલો છે એમ કહેવાત નહિ. પરન્તુ અવિદ્યા નાશ થઈ નથી તેથી પ્રત્યગાત્મામાં દૃશ્યત્વ ધર્મ પણ તેની અવિદ્યાથી કલ્પેલો જ છે એમ માનવું જ જોઈએ. વળી સવિશેષને સૂર્ય-દીપ વિગેરેથી પ્રકાશ્ય કહેલું છે, તેનો વ્યવહાર થાય છે, તે ચાક્ષુષ છે, અને ક્રિયાવાળું છે તેથી તે બ્રહ્મ સમ્ભવતું નથી. કારણ કે શ્રુતિઓ બ્રહ્મનું તેથી વિરુદ્ધ જ નિરૂપણ કરે છે. "ત્યાં સૂર્ય, ચન્દ્ર, તારાઓ આ વિજળીઓ પ્રકાશતી નથી તો આ અગ્નિનું શું જ કહેવું? પ્રકાશનાર તેની જ પાછળ સર્વ

પ્રકાશે છે. તેના પ્રકાશથી આ સર્વ પ્રકાશે છે" આ શ્રુતિ બ્રહ્મ પ્રકાશ્ય નથી એમ કહે છે. પ્રકાશ્ય નહિ હોવાથી બ્રહ્મ વ્યવહાર્ય પણ નથી. "ચક્ષુથી, વાણીથી અન્ય દેવોથી, તપથી કે કર્મથી તેનું ગ્રહણ થતું નથી" "જે અદૃશ્ય અગ્રાહ્ય છે" શ્રુતિઓ બ્રહ્મ ચાક્ષુષ નથી એમ કહે છે. "નિષ્કલ, નિષ્ક્રિય, શાન્ત" શ્રુતિ બ્રહ્મમાં ક્રિયા નથી એમ કહે છે. તેથી સવિશેષ પદાર્થ બ્રહ્મ હોઈ શકે જ નહિ. તેથી જ સૂત્રકાર પણ "પ્રકૃતૈતાવત્ત્વં હિ પ્રતિષેધતિ ત્તતો બ્રવીતિ ચ ભૂયઃ" સૂત્ર યોજે છે. આ સૂત્રનો અર્થ નીચે પ્રમાણે છે : પ્રકૃત જે એતાવત્ત્વ અથવા એટલાપણું, પૂર્વે વર્ણવેલાં મૂર્ત અને અમૂર્ત બે રૂપ, તેનો બ્રહ્મમાં પ્રતિષેધ અથવા નિષેધ 'નેતિ-નેતિ' શ્રુતિ કરે છે. ત્યાં સર્વનો નિષેધ કરવામાં આવે તો માત્ર શૂન્ય જ રહે, અને બ્રહ્મ શૂન્ય જ થાય એવી શંકા થાય તે માટે 'તતઃ' અર્થાત્ નિષેધ કર્યા પછી "આ બ્રહ્મથી પર અન્ય નથી" એમ શ્રુતિ ધર્મિ બ્રહ્મનો સદ્ભાવ સ્વયં કહે છે એવો સૂત્રનો અર્થ છે. આમ હોવાથી ધર્મિ બ્રહ્મથી અન્ય સવિશેષ આવિદ્યક જ છે એમ સિદ્ધ થાય છે. તેથી બ્રહ્મ નિર્વિશેષ જ છે.

32.તદુભયલિઙ્ગાધિકરણ દ્વારા પૂર્વપક્ષનું નિરાકરણ :

સિદ્ધાન્ત:અહીં અમે કહીએ છીએ, વિશેષો અવિદ્યાથી કલ્પિત છે એમ કહેનારને પૂછવું કે જે અવિદ્યાથી વિશેષ કલ્પિત છે તે અવિદ્યા જીવની છે કે બ્રહ્મની છે? પ્રથમ તો નથી જ, કારણ કે બ્રહ્મના ધર્મની કલ્પના કરવાનું તેનું સામર્થ્ય નથી, કારણ કે કલ્પના શુદ્ધ બ્રહ્મમાં જ કહેવી જોઈએ, અને તેવું (બ્રહ્મ) મન અને વાણી નો વિષય નહિ હોવાથી, અધિષ્ઠાનનું જ્ઞાન નથી તો જીવની અવિદ્યાનો સમ્બન્ધ તો ક્યાંથી હોય?

વળી "ઇન્દ્રિયો પરાંચિ છે" એમ અવિદ્યા સમ્બન્ધી ઇન્દ્રિયોનો તે વિષય નથી એમ કહી, અવિદ્યાથી રહિતની ઇન્દ્રિયોનો વિષય છે એમ "કોઈક આવૃત્તચક્ષુ અમૃતત્વની ઇચ્છા રાખનાર ધીરે પ્રત્યગાત્માનું દર્શન કર્યું" (કઠોપ.2।1) થી નિરૂપણ કર્યું. "જ્ઞાનના પ્રસાદથી વિશુદ્ધસત્ત્વ થાય છે, પછી ધ્યાન ધરનાર નિષ્કલનું દર્શન કરે છે" શ્રુતિમાં જ્ઞાનીને જ દર્શન થાય છે એમ કહ્યું. ત્યારે અવિદ્યા છે એમ તમારાથી કહી શકાય નહિ, કારણ કે તે જ્ઞાનથી નાશ પામે છે એમ તમે સ્વીકારો છો. વળી "સમાહિત મુનિઓ ગુણ દૂર થાય ત્યારે જે જુએ છે" (ભાગ.પુરા.10।1) ઇત્યાદિ સ્મૃતિનો વિરોધ થાય છે.

તે સમયે દ્રષ્ટૃ-દૃશ્યભાવ હોવાથી, અને નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થાય ત્યારે "કોનાથી કોને જુએ" એમ તેનો નિષેધ હોવાથી તે સમયે અવિદ્યાનો સમ્પૂર્ણ નાશ નથી; તેથી ત્યાં પણ દૃશ્યત્વની કલ્પના છે!

ત્યારે બ્રહ્મનું દૃશ્યત્વ પણ આવિદ્યક છે એમ તમે માનો છો. એમ હોવાથી, અવિદ્યાથી બ્રહ્મમાં વિશેષની કલ્પના થાય ત્યારે દૃશ્યત્વ થાય અને દૃશ્યત્વ થાય ત્યારે અધિષ્ઠાનજ્ઞાન

થાય ત્યારે વિશેષની કલ્પના થાય એમ અન્યોન્યાશ્રય થાય છે. 'નિષ્કલ' 'પ્રત્યગાત્માને' પદોથી અવિદ્યારહિત જ દર્શનવિષય કહેલું છે તેથી તેનો વિરોધ થાય છે.

ત્યાં ભેદનું નિરૂપણ હોવાથી વિષય આવિદ્યક જ છે. 'નિષ્કલ' આદિ પદ વાસ્તવરૂપના અભિપ્રાયથી છે.

એમ ન કહેવાય; કારણ કે પ્રકૃતમાં કર્મતાની અનુપપત્તિ થાય. "કોઈ ધીર" એમાં ઈક્ષણ ક્રિયાના કર્મનું વાચક 'પ્રત્યગાત્મ' પદ વિના કોઈ નહિ હોવાથી અને તે વાચક અહીં ન થાય તેથી ઈક્ષણક્રિયાનું નિરૂપણ અનુપપન્ન છે.

વળી એમ નિર્વિશેષ બ્રહ્મના દર્શનનો ઉચ્છેદ થવાથી, તેનું નિરૂપણ કરનાર
"બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે"
"તેને જ જાણીને મૃત્યુને તરે છે" (શ્વેતા.ઉપ.3।
"પરાવર તેનું દર્શન થાય ત્યારે" 2।8)
"કોઈ ધીરે પ્રત્યગાત્માનું દર્શન કર્યું"

ઇત્યાદિ શ્રુતિઓ અને
"સર્વ વેદથી હું જ વેદ્ય છું" 15।)
"ભક્તિથી મને જાણે છે" 11।)

ઇત્યાદિ સ્મૃતિઓનો ઉપપ્લવ થાય છે.

વળી 'અવાસ્તવ' એનો અર્થ શું? વસ્તુનો નૈસર્ગિક ધર્મ વાસ્તવ, અને તેથી ભિન્ન આગન્તુક ધર્મ અવાસ્તવ એમ જો હોય તો મૃદાના પૃથુબુધ્નોદર આદિ આકારો પણ અવિદ્યા કલ્પિત જ છે, પરન્તુ કુલાલે દણ્ડ આદિ સહકારિથી ઉત્પન્ન કરેલા નથી એમ સિદ્ધ થયું. તેથી પ્રત્યક્ષનો વિરોધ થાય છે. ક્વચિત્ કુલાલ આદિ વિના પણ તેની ઉત્પત્તિનો અનુભવ થાય અને જાગતો જ પુરુષ તેનાથી જલ પણ લાવે. જલ લાવવાની ઇચ્છાવાળાની નિયમથી ઘટમાટે પ્રવૃત્તિ પણ ન થાય, કારણ કે અજ્ઞાનકલ્પિત મરુમરીચિકાજલનું પાન કરવા પિપાસુની નિયમથી પ્રવૃત્તિ થતી નથી. દોષદશામાં પ્રતીયમાન થાય તે એ(અવાસ્તવ) એમ પણ ન કહેવાય. કારણ કે 'આ' અંશ પણ એવો થઈ જાય. દોષથી પ્રયુક્ત થઈ એમ પણ ન કહેવાય. કારણ કે તિમિરથી ઉપહત નયનવાળા પુરુષને નેત્રદર્પણનું આધાન કરવાથી, એકથી જ સૂક્ષ્મ વર્ણમાં પણ સ્થૂલત્વનો ભ્રમ, અને વર્ણની પ્રમા થાય છે તેથી વર્ણાંશમાં પણ ભ્રમ થાય. વર્ણાંશમાં નેત્રદર્પણનું ગુણત્વ જ છે એમ નહિ. સર્વશ્રુતિની એકવાક્યતામાટે બ્રહ્માંશમાં પણ અવિદ્યાનું ગુણત્વ જ સ્વીકારો. આ પણ તમારી રીતથી કહેલું છે. વસ્તુત: તો સર્વ બ્રહ્મધર્મ નિત્ય હોવાથી અનાગન્તુક જ છે, કારણ કે શ્રુતિ એમજ નિરૂપણ કરે છે. "તેનું કાર્ય કે કરણ નથી, તેની સમ અથવા અધિક દેખાતો નથી, તેની જ્ઞાન બલ અને ક્રિયાશક્તિ સ્વાભાવિક, પર અને વિવિધ છે" (શ્વેતા.ઉપ.6। એમ તેનું સમ્બન્ધિ જે કાંઈ છે તે કાર્ય અર્થાત્ જન્ય નથી, ક્ધિતુ અજન્ય જ છે. વળી 'તેનું' એમ ષષ્ઠીથી ભેદનું નિરૂપણ કરેલું છે. તેથી જીવની પેઠે સ્વરૂપથી અતિરિક્ત જ્ઞાન-ક્રિયા આદિમાં ઇન્દ્રિય આદિ કરણ પણ તેને

નથી, કારણ કે તેના કર પાદ મુખ ઉદર આદિ આનન્દમાત્ર છે. અથવા નિત્ય હોવાથી તેના હેતુરૂપ કરણ નથી. તેથી જ 'તેની સમ' ઇત્યાદિ; કારણ કે જીવો તેવા નથી. તેથી જ "સર્વનો ઈશાન" એવી શ્રુતિ છે. તેથી જ જીવો તેના દાસ જ છે એમ ફલિત થાય છે. 'પર' અર્થાત્ મન અને વાણી થી પણ 'આ આવું' એમ જાણી ન શકાય તેવી. 'વિવિધ' અર્થાત્ અનેકરૂપ શક્તિઓ. શક્તિસ્વરૂપનો વિચાર કરતાં, તે બ્રહ્મસ્વરૂપથી અતિરિક્ત નથી એમ જણાવવા એકવચન યોજ્યું છે. તેથી બ્રહ્મ અચિન્ત્ય અનન્ત શક્તિવાળું કહેલું છે. આ પણ શક્તિ સ્વાભાવિકી છે, આગન્તુક નથી. તેમજ જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ સ્વાભાવિકી જ છે એવો અર્થ છે, દેહ અને ઇન્દ્રિય વિના જ્ઞાન અને ક્રિયા થાય છે એવો અર્થ નથી. આમ હોવાથી, નિત્ય સત્ વસ્તુ અવિદ્યાથી કલ્પિત છે એમ વિરોધને લીધે કહી શકાય નહિ.

"તેને કાંઈ કાર્ય અર્થાત્ કર્તવ્ય નથી, ઇન્દ્રિય આદિ કરણ પણ નથી; તેથી જ તેનાથી સમ નથી" ઇત્યાદિ કર્તવ્યવિના પણ વિવિધ શક્તિઓનું અને કરણ વિના પણ જ્ઞાનાદિમત્ત્વનું શ્રવણ છે તેથી સર્વે શક્તિઓ સ્વાભાવિકી છે, એવું વ્યાખ્યાન પણ અતિદુષ્ટ નથી. શક્તિઓ નિત્ય હોવાથી સૃષ્ટિની પૂર્વે અને પછી તે વર્તમાન છે અને તે સમયે કાંઈ કર્તવ્ય નથી, તથાપિ સામાન્ય નિષેધ હોવાથી ઈક્ષત્યધિકરણના વિરોધને લીધે તે દુષ્ટ જ છે; કારણ કે
"સૌમ્ય અગ્રે આ એક જ અદ્વિતીય સત્ જ હતું" (શ્વેતા.ઉપ.6।1) થી ઉપક્રમ કરી,
"હું બહુ થાઉં, પ્રજનન કરું એમ તેણે ઇચ્છા કરી"
(છાન્દો.ઉપ.6।30)
"તેણે તેજને સર્જ્યું" (છાન્દો.ઉપ.2।3) તેમજ અન્યત્ર
"આ આત્મા એક જ અગ્રે હતો અન્ય કાંઈ ન હતું. વ્યાપાર કરતાં તેણે 'લોક સર્જું' એમ ઇચ્છા કરી. તેણે આ લોકો સર્જ્યા"
(ઐત.ઉપ.1।1-2)

ઇત્યાદિ શ્રુતિને લીધે મિથ્યાવાદીને પણ સૃષ્ટિ પહેલાં બ્રહ્મનું અશરીરત્વ અને તેજ આદિ લોકનું કર્તૃત્વ સ્વીકારવા પડશે. તેથી કર્તવ્ય અંશનો સામાન્ય નિષેધ ઉપપન્ન નથી; કારણ કે તે સમયે કોઈ જીવ નથી કે તે પોતાની અવિદ્યાથી તેના કર્તૃત્વરૂપી વિશેષની કલ્પના કરે. છે, એમ કહો તો "સત્ જ" શ્રુતિનો વિરોધ થાય છે. આમ હોવાથી 'આના' એમ ષષ્ઠીથી ભેદથી નિર્દેશ હોવાથી, જેમ ધર્મરૂપ સ્વાભાવિકી જ્ઞાન આદિ શક્તિઓનો શ્રુતિબલથી અંગીકાર કર્યો તેમ "સર્વત: પાણિ અને પાદ ના અન્તવાળું સર્વત: અક્ષિ શિર: અને મુખ વાળું" ઇત્યાદિ સ્મૃતિના બલથી સ્વરૂપભૂત કેવલ આનન્દના કર પાદ આદિનો પણ સમ્ભવ હોવાથી, કરણનો પણ સામાન્ય નિષેધ ઉપપન્ન નથી. તેથી અમે કહેલો જ અર્થ છે.

32.તદુભયલિઙ્ગાધિકરણ દ્વારા પૂર્વપક્ષનું નિરાકરણ

સિદ્ધાન્તી:યુક્તિથી બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનું આશ્રય છે એમાં દૂષણની ઉદ્ભાવના કરનાર પૂર્વપક્ષીને પ્રથમ પૂછીએ કે તમે જે અવિદ્યા કહી તે બ્રહ્મની છે કે જીવની? અવિદ્યા એટલે

અજ્ઞાન. આ અજ્ઞાન બ્રહ્મનું છે કે જીવનું? બ્રહ્મનું અજ્ઞાન છે એમ કહી શકાય નહિ. બ્રહ્મ અર્થાત્ દર્શનના વિષય માં આવરણ કરનાર અજ્ઞાન સમ્ભવતું નથી. શુક્તિની રજત તરીકે ભ્રાન્તિ થાય છે. ત્યાં પણ વિષયમાં આવરણ કરનાર અજ્ઞાન સમ્ભવતું નથી, કારણ કે જો શુક્તિ-વિષયમાં આવરણ કરનાર અજ્ઞાન હોય તો તે સર્વને હોવું જોઈએ, કારણ કે તે સર્વને સાધારણ છે. અજ્ઞાન સર્વને હોય તો જેણે પૂર્વે કદાપિ રજત જોયું ન હોય તેને પણ શુક્તિ જોતાં જ "આ રજત છે" એમ થવું જોઈએ. વળી કોઈને શુક્તિનું ભાન થાય અને તેનું અજ્ઞાન દૂર થાય ત્યારે સર્વનું અજ્ઞાન દૂર થવું જોઈએ. કારણ કે આવરણ કરનાર અજ્ઞાન વિષયમાં હતું તે દૂર થયું તેથી તે કોઈનામાં સમ્ભવે નહિ. તેથી આ દૃષ્ટાન્તમાં જેમ વિષયનું આવરણ કરનાર અજ્ઞાન રજતની ભ્રાન્તિ ઉત્પન્ન કરતું નથી તેમજ તમે જે અજ્ઞાન અથવા અવિદ્યા કહો છો તે બ્રહ્મનું આવરણ કરનાર હોઈ શકે નહિ, કારણ કે બ્રહ્મનું આવરણ અવિદ્યા કરતી હોય તો કોઈને બ્રહ્મનું જ્ઞાન હોઈ શકે જ નહિ અને સર્વ જીવ બદ્ધ જ હોવા જોઈએ. તેમજ એકને પણ બ્રહ્મનું આવરણ કરનાર અજ્ઞાન દૂર થવાથી સર્વને બ્રહ્મજ્ઞાન થાય અને સર્વ મુક્ત થઈ જાય. તેથી બ્રહ્મની અવિદ્યા સમ્ભવતી નથી.

શુક્તિના દૃષ્ટાન્તની પેઠે અહીં પણ અવિદ્યા જીવની છે એમ કહેવું જોઈએ, પરન્તુ એ પણ સમ્ભવતું નથી. કારણ કે જીવનું અજ્ઞાન બ્રહ્મમાં ધર્મની કલ્પના કરી શકે નહિ. શુક્તિના દૃષ્ટાન્તમાં જેમ જીવનું અજ્ઞાન છે તેમ અહીં પણ છે. એ જીવનું અજ્ઞાન શુક્તિમાં રજતની કલ્પના કરાવે છે. વિષયના સમ્બન્ધથી જ અજ્ઞાન કલ્પના કરાવે છે, કારણ કે વિષય-શુક્તિના સમ્બન્ધ વિના જ અજ્ઞાન રજતની કલ્પના કરાવતું હોય તો શુક્તિ ન હોય ત્યાં પણ રજતની કલ્પના થવી જોઈએ. તેથી વિષય-શુક્તિના સમ્બન્ધથી જ અજ્ઞાન તેમાં રજતની કલ્પના કરાવે છે. અજ્ઞાન અને વિષય નો સમ્બન્ધ મનદ્વારા થાય છે, કારણ કે જ્યારે મન અને ઇન્દ્રિય ને સંયોગ થાય, તેમજ ઇન્દ્રિય અને વિષયનો શુક્તિને સંયોગ થાય ત્યારે જ વિષયનું ભાન થાય છે. અહીં બ્રહ્મને અને જીવના અજ્ઞાનને સમ્બન્ધ સમ્ભવતો નથી, કારણ કે શુદ્ધ બ્રહ્મ મન અને વાણી નો વિષય નથી. "જ્યાંથી વાણી મન સહિત પહોંચ્યા વિના પાછી ફરે છે" શ્રુતિથી જણાય છે કે બ્રહ્મને અને જીવના મનને સમ્બન્ધ થતો નથી. તેથી મનને સમ્બન્ધ થતો નથી ત્યાં જીવના અજ્ઞાનને સમ્બન્ધ ક્યાંથી જ થાય?

મનને બ્રહ્મનો સમ્બન્ધ નથી થતો તેમજ ઇન્દ્રિયને પણ બ્રહ્મનો સમ્બન્ધ થતો નથી. "ઇન્દ્રિયો પરાંચિ છે" શ્રુતિથી જણાય છે કે અવિદ્યાવાળી ઇન્દ્રિયોને પણ બ્રહ્મનો સમ્બન્ધ થતો નથી. તેથી ઇન્દ્રિયોદ્વારા પણ જીવની અવિદ્યાને બ્રહ્મ સાથે સમ્બન્ધ થઈ શકે નહિ. જેની અવિદ્યા દૂર થઈ હોય તેની જ ઇન્દ્રિયોને બ્રહ્મ સાથે સમ્બન્ધ થાય છે એમ "કોઈક આવૃત્તચક્ષુ અમૃતત્વની ઇચ્છા રાખનાર ધીરે પ્રત્યગાત્માનું દર્શન કર્યું" "જ્ઞાનના પ્રસાદથી વિશુદ્ધસત્ત્વ થાય છે પછી ધ્યાન ધરનાર નિષ્કલનું દર્શન કરે છે" શ્રુતિઓ જણાવે છે. આ પ્રમાણે બ્રહ્મનું દર્શન જ્યારે થાય છે ત્યારે પણ જીવને અવિદ્યા છે એમ તમારાથી કહી શકાય નહિ, કારણ કે અવિદ્યાનો જ્ઞાનથી નાશ થાય છે એમ તમે માનો છો. વળી બ્રહ્મનું

દર્શન થાય ત્યારે પણ જીવને અવિદ્યા હોય છે એમ માનો તો "સમાહિત મુનિઓ ગુણ દૂર થાય ત્યારે જે જુએ છે" સ્મૃતિનો વિરોધ થાય. ગુણ દૂર થાય એટલે સત્ત્વ, રજ: અને તમ: એ ત્રણ ગુણવાળી અવિદ્યા દૂર થાય ત્યારે મુનિઓ બ્રહ્મનું દર્શન કરે છે. અવિદ્યા હોય ત્યાં સુધી બ્રહ્મનું દર્શન થતું નથી.

પૂર્વપક્ષી:જ્યારે બ્રહ્મનું દર્શન થાય છે ત્યારે પણ દ્રષ્ટૃ-દૃશ્યભાવ છે, તેથી સર્વ અવિદ્યાનો નાશ થએલો નથી. કારણ કે નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થાય ત્યારે દ્રષ્ટૃ-દૃશ્યભાવ રહેતો નથી એમ "કોનાથી કોને જુએ" શ્રુતિ કહે છે. તેથી "કોઈક ધીર" શ્રુતિ પ્રમાણે બ્રહ્મનું દર્શન થાય છે ત્યારે પણ જીવમાં અવિદ્યા રહેલી છે.

સિદ્ધાન્તી:ત્યારે તો બ્રહ્મનું દર્શન પણ આવિદ્યક જ છે એમ તમારો મત થયો. બ્રહ્મમાં અવિદ્યાથી વિશેષ કલ્પીએ ત્યારે બ્રહ્મ દૃશ્ય થાય અને બ્રહ્મ દૃશ્ય થાય ત્યારે અધિષ્ઠાન બ્રહ્મનું જ્ઞાન થવાથી તેમાં વિશેષની કલ્પના થાય. બ્રહ્મ દૃશ્ય થાય ત્યારે તેમાં વિશેષની કલ્પના થાય અને બ્રહ્મ માં વિશેષની કલ્પના થાય ત્યારે તે દૃશ્ય થાય એ પ્રમાણે અન્યોન્યાશ્રય થાય છે. વળી શ્રુતિઓ 'નિષ્કલ' અને 'પ્રત્યગાત્મા' નું દર્શન કરે છે એમ કહે છે. તેથી અવિદ્યારહિત બ્રહ્મનું દર્શન કરે છે એમ તેમનો અભિપ્રાય છે. તેથી તે શ્રુતિઓનો પણ વિરોધ થાય છે.

પૂર્વપક્ષી:એ શ્રુતિઓ દર્શનની વાત કરે છે. તેમાં દ્રષ્ટા અને દૃશ્ય ના ભેદનું નિરૂપણ છે. તેથી દર્શનનો વિષય પણ આવિદ્યક જ છે. 'નિષ્કલ' 'પ્રત્યગાત્મા' પદનો અભિપ્રાય બ્રહ્મનું વાસ્તવરૂપ કહેવાનો છે. તેથી "કોઈક ધીર" વિગેરે શ્રુતિઓમાં વર્ણવેલા દર્શન સમયે પણ જીવમાં અવિદ્યા રહેલી છે.

સિદ્ધાન્તી:તો એ શ્રુતિમાં 'પ્રત્યગાત્મા' ને જોવાની ક્રિયાનું કર્મ કહેલું છે તે સમ્ભવતું નથી. "કોઈક ધીરે પ્રત્યગાત્માને જોયા" વાક્યમાં 'જોયા'નું કર્મ પ્રત્યગાત્મા વિના કોઈ નથી. પ્રત્યગાત્મા નિર્વિશેષ બ્રહ્મ છે, કારણ કે એ પદનો અભિપ્રાય બ્રહ્મનું વાસ્તવરૂપ કહેવાનો છે એમ તમે કહ્યું છે. પરન્તુ નિર્વિશેષનું દર્શન સમ્ભવતું નથી. તેથી 'જોયા' પદથી શ્રુતિ જોવાની ક્રિયા કહે છે તે સમ્ભવતું નથી.

વળી એ પ્રમાણે નિર્વિશેષ બ્રહ્મનું દર્શન કદાપિ સમ્ભવે જ નહિ અને તેથી "બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે" "તેને જ જાણીને મૃત્યુને તરે છે" "પરાવર તેનું દર્શન થાય ત્યારે" "કોઈ ધીરે પ્રત્યગાત્માનું દર્શન કર્યું" વિગેરે શ્રુતિઓ અને "સર્વ વેદથી હું જ વેદ્ય છું" "ભક્તિથી મને જાણે છે" વિગેરે સ્મૃતિઓ બ્રહ્મના દર્શનનો ઉપદેશ કરે છે તે સર્વનો ઉપપ્લવ થાય છે.

વળી 'પ્રત્યગાત્મા' અને 'નિષ્કલ' પદનો અભિપ્રાય બ્રહ્મનું વાસ્તવરૂપ કહેવાનો છે એમ તમે કહ્યું. વાસ્તવ એટલે શું અને અવાસ્તવ એટલે શું? એ તમે બરાબર સ્પષ્ટ કરો ત્યારે જ ઉપરનું તમારું વાક્ય ઉપયુક્ત ગણાય.

પૂર્વપક્ષી:વસ્તુનો નૈસર્ગિક ધર્મ હોય તે 'વાસ્તવ' કહેવાય. તેથી ભિન્ન આગન્તુક ધર્મ હોય તે 'અવાસ્તવ' કહેવાય. નૈસર્ગિક ધર્મ વાસ્તવ હોવાથી કલ્પેલો નથી. અવાસ્તવ ધર્મ કલ્પેલા છે.

સિદ્ધાન્તી:પહોળો મધ્ય ભાગ, સાંકડું મોઢું વિગેરે જે ઘટનો આકાર છે તે માટીનો નૈસર્ગિક ધર્મ નથી પરન્તુ આગન્તુક ધર્મ છે. ઘટ કરવામાં આવે ત્યારે માટીમાં આ ધર્મ આવે છે તેથી તે માટીનો આગન્તુક ધર્મ છે. આગન્તુક ધર્મ અવિદ્યાથી કલ્પેલા હોવાથી એ પણ ધર્મ માટીમાં અવિદ્યાથી કલ્પેલો હોવો જોઈએ. જેમ શુક્તિમાં રજતની કલ્પના અજ્ઞાનથી થાય છે તેમ અવિદ્યાથી માટીમાં ઘટનો આકાર કલ્પેલો હોવો જોઈએ; પરન્તુ કુંભારે દંડ-ચક્ર વિગેરે સહકારી કારણોવડે ઉત્પન્ન કરેલો હોવો જોઈએ નહિ. એમ માનવાથી પ્રત્યક્ષનો વિરોધ થાય છે. આપણે જોઈએ છીએ કે માટીમાં એ આકાર કુમ્ભાર દણ્ડ-ચક્ર વિગેરે સહકારી કારણોવડે ઉત્પન્ન કરે છે. તેથી તે અવિદ્યાથી કલ્પેલો છે એમ માનીએ તો પ્રત્યક્ષનો વિરોધ થાય છે. વળી અવિદ્યાથી કલ્પેલો જ હોય તો કોઈ સ્થળે કુલાલ વિગેરે ન હોવા છતાં ઘટની ઉત્પત્તિ થઈ એવો અનુભવ પણ થવો જોઈએ, કારણ કે અવિદ્યાથી ઘટનો આકાર કલ્પવામાં કુંભાર વિગેરેની આવશ્યક્તા નથી. વળી એવા કુંભાર વિગેરે કારણ વિના ઉત્પન્ન થએલા ઘટથી જાગતા-જાગતાં જ જલ પણ કોઈવાર લવાય. વળી જેને જલ લાવવું હોય તેને ઘટ પ્રાપ્ત કરવા પ્રવૃત્તિ કરવી જ જોઈએ એવો નિયમ પણ રહે નહિ, કારણ કે ઘટ અવિદ્યાથી કલ્પિત હોવાથી જલ લાવવાની ઇચ્છાવાળાની અવિદ્યાથી કલ્પેલા ઘટમાટે પ્રવૃત્તિ થવી જ જોઈએ એવો નિયમ નથી. જેમ અજ્ઞાનથી કલ્પેલા ઝાંઝવાના જલનું પાન કરવા તૃષાવાળા પુરુષને પ્રવૃત્તિ થવી જ જોઈએ એવો નિયમ નથી તેમજ અજ્ઞાનથી કલ્પેલા ઘાટમાટે જલ લાવવાની ઇચ્છાવાળા પુરુષની પ્રવૃત્તિ થવી જ જોઈએ એવો નિયમ હોઈ શકે નહિ.

પૂર્વપક્ષી:દોષદશામાં જે ગુણ દેખાય તે અવાસ્તવ એવું 'અવાસ્તવ'નું લક્ષણ કરવાથી ઉપરના દોષો રહેશે નહિ. શુક્તિમાં રજતની ભ્રાન્તિ થાય ત્યાં પણ શુક્તિમાં રજતત્વની ભ્રાન્તિ દોષદશામાં થાય છે. તેથી તે અવાસ્તવ ગુણ છે.

સિદ્ધાન્તી:એમ ન કહેવાય. દોષદશામાં જે દેખાય તે અવાસ્તવ એવું લક્ષણ કરવાથી શુક્તિ પણ અવાસ્તવ થશે. કારણ કે શુક્તિ જોતાં "આ રજત છે" એવી ભ્રાન્તિ થાય છે. તે સમયે દોષદશા છે. દોષદશામાં જ 'આ' અથવા શુક્તિ દેખાય છે તેથી તે પણ અવાસ્તવ થઈ જાય.

પૂર્વપક્ષી:દોષથી પ્રયુક્ત થઈ દોષદશામાં દેખાય તે અવાસ્તવ એવું લક્ષણ કરવાથી એ દોષ રહેશે નહિ, કારણ કે 'આ' અથવા શુક્તિ દોષદશામાં દેખાય છે પરન્તુ તે દોષથી પ્રયુક્ત નથી. પરન્તુ રજતત્વ દોષથી પ્રયુક્ત છે, અને દોષદશામાં દેખાય છે તેથી તે અવાસ્તવ છે.

સિદ્ધાન્તી:એમ પણ કહેવાય નહિ કારણ કે તિમિરદોષથી જેનાં નયન પીડાતાં હોય તે પુરુષ નેત્રદર્પણ અર્થાત્ ચશ્મા પહેરે ત્યારે તેને સૂક્ષ્મ વર્ણ લખ્યા હોય તે પણ ભ્રમથી સ્થૂળ

જણાય છે અને તેને વર્ણની પ્રજ્ઞા થાય છે. વર્ણનું તેને જ્ઞાન થાય છે. તે પુસ્તક વિગેરે વાંચી તેનો ભાવાર્થ પણ સમજે છે. આ સર્વ માત્ર નેત્રદર્પણથી થાય છે. સૂક્ષ્મ અક્ષર સ્થૂળ જણાય છે તે ભ્રમ છે. તેથી તે પુરુષ દોષ અવસ્થામાં છે. વળી નેત્રદર્પણ દોષ છે. નેત્રદર્પણ દોષથી વર્ણની પ્રજ્ઞા થાય છે અને તે સમયે તે પુરુષ દોષ અવસ્થામાં પણ છે. તેથી વર્ણની પ્રજ્ઞા થાય છે તે પણ તમારા આ લક્ષણ પ્રમાણે વર્ણનો આગન્તુક ધર્મ થઈ જાય. પ્રજ્ઞા કરાવવાનો ધર્મ પણ વર્ણમાં આગન્તુક તમારા લક્ષણથી થઈ જાય છે.

પૂર્વપક્ષી:વર્ણની પ્રજ્ઞા કરાવવાની બાબતમાં નેત્રદર્પણ માત્ર ગુણ છે દોષ નથી.

સિદ્ધાન્તી:ત્યારે અવિદ્યા પણ બ્રહ્મનો ગુણ છે એમ સ્વીકારો. તેથી સર્વ શ્રુતિની પણ એકવાક્યતા થશે. તેથી જ માર્કણ્ડેય પુરાણમાં "ઉપાયથી યોજેલી અવિદ્યા પણ વિષની પેઠે લોકોને ઉપકાર કરે છે. અન્યાયથી તે બંધ પ્રાપ્ત કરાવે છે" એમ કહેલું છે. જેમ વિષ ક્ષુધા લગાડે છે તેમ અવિદ્યા પણ બ્રહ્મના કર-ચરણ વિગેરે સત્ય વિશેષોનું દર્શન કરાવે છે.

આ પણ અમે તમારા મત પ્રમાણે બ્રહ્મદર્શન આવિદ્યક છે એમ સ્વીકારીને કહેલું છે. વસ્તુત: બ્રહ્મના સર્વ ધર્મ નૈસર્ગિક છે, આગન્તુક નથી. બ્રહ્મના સર્વ ધર્મ નિત્ય છે તેથી તે આગન્તુક હોઈ શકે નહિ. "તેનું કાર્ય કે કરણ નથી, તેથી સમ અથવા અધિક દેખાતો નથી. તેની જ્ઞાન, બલ અને ક્રિયાશક્તિ સ્વાભાવિક પર અને વિવિધ છે" શ્રુતિ પણ બ્રહ્મ સમ્બન્ધિ જે કાંઈ છે તે સર્વ જન્ય નથી પરન્તુ સર્વ અજન્ય અથવા નિત્ય છે એમ કહે છે. વળી 'તેનુ' એમ છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ કરી શ્રુતિ ભેદથી નિર્દેશ કરે છે. તેથી જેમ જીવને જ્ઞાન અને ક્રિયાના કરણ ઇન્દ્રિયો પોતાના સ્વરૂપથી ભિન્ન છે તેમ બ્રહ્મને નથી, કારણ કે બ્રહ્મના કર પાદ મુખ ઉદર વિગેરે માત્ર આનન્દના જ છે. બ્રહ્મના કર પાદ મુખ ઉદર વિગેરે સર્વ માત્ર આનન્દના હોવાથી બ્રહ્મના સ્વરૂપથી ભિન્ન નથી. અથવા બ્રહ્મનું જ્ઞાન અને બ્રહ્મની ક્રિયા ઉભય નિત્ય છે, તેથી તે ઉત્પન્ન કરનાર કોઈ કરણ નથી. બ્રહ્મના જ્ઞાન અને ક્રિયા નિત્ય હોવાથી તેમનું કરણ કોઈ નથી. તેથી જ બ્રહ્મની સમાન પણ કોઈ નથી. કારણ કે જીવનું જ્ઞાન અને જીવ ની ક્રિયા નિત્ય નથી. તેથી જ જીવો માત્ર ભગવાન્ના દાસ જ છે એમ "સર્વનો ઈશાન" શ્રુતિએ કહેલું છે.

"પરાડસ્યશક્તિર્વિવિધૈવ શ્રૂયતે" એમ શ્રુતિ ઉપદેશ કરે છે. 'પરા' અર્થાત્ મન અને વાણી થી પણ જેનો પ્રકાર જાણી શકાય નહિ તેવી 'વિવિધા' અર્થાત્ અનેક પ્રકારની શક્તિઓ. વસ્તુત: બ્રહ્મને એક જ શક્તિ નથી પરન્તુ અનન્ત શક્તિઓ છે. પરન્તુ શક્તિઓના સ્વરૂપનો વિચાર કરતાં તે બ્રહ્મના સ્વરૂપથી ભિન્ન નથી એમ જણાવવા શ્રુતિમાં 'શક્તિ:' એમ એકવચનનો પ્રયોગ કરેલો છે. તેથી વિચાર ન કરી શકાય તેવી અનન્ત શક્તિઓ બ્રહ્મમાં છે એમ શ્રુતિ કહે છે. એ શક્તિઓ પણ આગન્તુક નથી પરન્તુ બ્રહ્મની સ્વાભાવિક શક્તિઓ જ છે. તે જ પ્રમાણે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને બલશક્તિ પણ બ્રહ્મમાં સ્વાભાવિક જ છે એવો આ શ્રુતિનો અર્થ છે. બ્રહ્મને દેહ અને ઇન્દ્રિય વિના જ્ઞાન અને ક્રિયા થાય છે એવો આ શ્રુતિનો અર્થ નથી. તેથી બ્રહ્મની સર્વ શક્તિઓ નિત્ય અને

સ્વભાવિક જ છે. આમ હોવાથી બ્રહ્મની નિત્ય શક્તિઓ અવિદ્યાથી કલ્પેલી છે એમ કહેવાય નહિ. કારણ કે જે વસ્તુ નિત્ય હોય તે અવિદ્યાથી કલ્પેલી છે એમ કહી શકાય નહિ. નિત્ય વસ્તુ અવિદ્યાથી કલ્પેલી છે એમ કહીએ તો વિરોધ થાય, કારણ કે અવિદ્યાથી કલ્પેલી વસ્તુનો અવિદ્યાનો નાશ અથવા જ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારે નાશ થવો જ જોઈએ. તેથી અવિદ્યાથી કલ્પેલી વસ્તુ નિત્ય હોઈ શકે જ નહિ. બ્રહ્મની શક્તિઓ નિત્ય છે તેથી તે અવિદ્યાથી કલ્પેલી હોઈ શકે નહિ.

આ શ્રુતિનો કોઈ નીચે પ્રમાણે અર્થ કરે છે.

"તેનું કાંઈ કાર્ય અર્થાત્ કર્તવ્ય નથી અને તેને કાંઈ કરણ અર્થાત્ ઇન્દ્રિય વિગેરે પણ નથી. તેને કાંઈ કાર્ય અને કરણ નહિ હોવાથી કોઈ તેની સમાન નથી. કારણ કે તેને કર્તવ્ય નથી તો પણ વિવિધ શક્તિઓ છે અને કરણ નથી તો પણ જ્ઞાન ક્રિયા વિગેરે છે. કર્તવ્ય ન હોવા છતાં બ્રહ્મને વિવિધ શક્તિઓ છે અને કરણ ન હોવા છતાં જ્ઞાન ક્રિયા વિગેરે છે. તેથી તે સર્વ શક્તિઓ સ્વાભાવિક જ હોવી જોઈએ"

આ વ્યાખ્યાન અતિદુષ્ટ નથી. આ વ્યાખ્યાનમાં પણ દોષ તો છે જ. બ્રહ્મની સર્વ શક્તિઓ નિત્ય હોવાથી, સૃષ્ટિની પૂર્વે અને સૃષ્ટિની પછી પણ વિદ્યમાન છે, અને તે સમયે તેમને કાંઈ કર્તવ્ય પણ નથી. પરન્તુ તેમને કોઈ પણ સમયે કર્તવ્ય નથી એમ કર્તવ્યનો સામાન્ય નિષેધ કરવો એ ઉચિત નથી, કારણ કે સૃષ્ટિસમયે તેમને કર્તવ્ય છે એમ ઈક્ષત્યધિકરણથી સિદ્ધ થાય છે. તેથી કર્તવ્યનો સામાન્ય નિષેધ કરવાથી ઈક્ષત્યધિકરણનો વિરોધ થાય છે. "સૌમ્ય આ અગ્રે એક જ સત્ હતું" વિગેરેથી શ્રુતિ સૃષ્ટિ પ્રકરણનો આરમ્ભ કરે છે. પછી "હું બહુ થાઉં, પ્રજનન કરું એમ તેણે ઇચ્છા કરી" "તેણે તેજ સર્જ્યું" વિગેરે શ્રુતિઓ સૃષ્ટિસમયે કર્તવ્યનું નિરૂપણ કરે છે. તે જ પ્રમાણે અન્ય સ્થળે "આ આત્મા એક જ અગ્રે હતો. અન્ય કાંઈ ન હતું. વ્યાપાર કરતાં તેણે લોક સર્જું એમ ઇચ્છા કરી" "તેણે આ લોકો સર્જ્યા" વિગેરે શ્રુતિઓ પણ સૃષ્ટિ સમયે કર્તવ્યનું જ નિરૂપણ કરે છે. આ શ્રુતિઓથી મિથ્યાવાદીને પણ સ્વીકારવું પડશે કે સૃષ્ટિ પહેલાં બ્રહ્મ શરીરરહિત જ હતું અને તેણે તેજ વિગેરે લોક સર્જ્યા, અર્થાત્ અશરીરિ અથવા નિર્વિશેષ બ્રહ્મે જ તેજ વિગેરે લોક સર્જ્યા એમ આ શ્રુતિઓથી મિથ્યાવાદીને પણ અવશ્ય સ્વીકારવું પડશે. આ પ્રમાણે સૃષ્ટિસમયે કર્તવ્ય હોવાથી "તેને કર્તવ્ય નથી" એમ કર્તવ્યનો સામાન્ય નિષેધ કરવો ઉચિત નથી. વળી સૃષ્ટિના સર્જન સમયે કોઈ જીવ પણ ન હતો કે તેની અવિદ્યાથી બ્રહ્મમાં કર્તૃત્વ વિશેષની કલ્પના થાય. તે સમયે જીવ હતો એમ કહી શકાય નહિ, કારણ કે જીવ હોય તો "સૌમ્ય આ અગ્રે એક જ સત્ હતું" શ્રુતિનો વિરોધ થાય. 'આના' એમ શ્રુતિમાં છઠ્ઠી વિભક્તિથી ભેદનું નિરૂપણ કર્યું છે. તેથી આ સ્વાભાવિક જ્ઞાન-ક્રિયા વિગેરે બ્રહ્મની શક્તિઓ બ્રહ્મના ધર્મ જ છે. આ શ્રુતિને લીધે બ્રહ્મની જ્ઞાન-ક્રિયા વિગેરે ધર્મરૂપ શક્તિઓનો સ્વીકાર કર્યો તેમજ "સર્વત: પાણિ અને પાદ ના અન્તવાળું, સર્વત: અક્ષિ શિર: અને મુખવાળું" વિગેરે શ્રુતિને લીધે બ્રહ્મના સ્વરૂપભૂત માત્ર આનન્દના જ કર-પાદ વિગેરે પણ છે એમ સમ્ભવે છે. તેથી

"ન તસ્ય કાર્યં કરણં ચ વિદ્યતે" શ્રુતિ બ્રહ્મમાં કર-ચરણ વિગેરે કરણનો સામાન્ય નિષેધ કરે છે એમ કહેવાય નહિ. તેથી બ્રહ્મને કર-ચરણ વિગેરે નથી એમ સામાન્ય નિષેધ કરી શકાય નહિ. તેથી "ન તસ્ય કાર્યં કરણં ચ વિદ્યતે" શ્રુતિ બ્રહ્મમાં કરણનો સામાન્ય નિષેધ કરતી નથી પરન્તુ બ્રહ્મને કાર્ય-કરણ નથી એમ કહે છે. જેમ જીવને કાર્ય અથવા અનિત્ય કરણ છે તેમ બ્રહ્મને કાર્ય-કરણ નથી પરન્તુ નિત્ય કરણ જ છે એવો શ્રુતિનો અભિપ્રાય છે. તેથી અમે શ્રુતિનો અર્થ કર્યો તે જ ઉચિત છે.

33.બ્રહ્મનું સવિશેષત્વ જીવની અવિદ્યાકલ્પિત નહીં :

વળી અવિદ્યાથી કલ્પિત હોય એમ માનીએ તો ભગવાન્ના પ્રસાદથી ભગવત્પ્રાકટ્ય ભગવદ્દર્શન આદિની અનુપપત્તિ થાય, અને તેને માટે તપસ્યા આદિ તેના સાધનમાં પ્રવૃત્તિ પણ અનુપપન્ન થાય. તપસ્યા આદિ સાધનોનું ફલ દોષનો ઉદ્ભવ જ નથી, જેથી તે કરાય ત્યારે જ અવિદ્યાથી એવો ભ્રમ ઉત્પન્ન થાય છે એમ કહેવાય. એમ હોય તો સાધનો ચિત્તના દોષના શોધક છે એમ સર્વત્ર શ્રવણ થાય છે તેની વ્યાહતિ થાય. અધિક દોષના જનક હોવાથી તે નિન્દિત થાય.

વળી "ઇન્દ્રિયો પરાઞ્ચિ છે" શ્રુતિ બ્રહ્મ અવિદ્યાવાળી ઇન્દ્રિયોનો અવિષય અને અવિદ્યાથી રહિત ઇન્દ્રિયોનો વિષય છે એમ પ્રતિપાદન કરે છે. શ્રીમદ્દેવકીગર્ભરત્ને પણ "જેવાં તને મારાં દર્શન થયાં છે એવા દર્શન વેદો તપ, દાન, યજ્ઞ થી પણ થઈ શકે નહિ" 11।) એમ ઇતર સાધનથી દર્શન આદિ અસાધ્ય છે એમ કહી, "પરન્તુ હે અર્જુન! મારાં આવાં દર્શન અનન્ય ભક્તિથી થઈ શકે છે" એમ કેવલ ભક્તિથી સાધ્ય છે એવો નિર્ણય કરેલો છે. તેથી આવા પ્રકારની શ્રુતિ અને સ્મૃતિ નો ઉપપ્લવ કરનાર પારલૌકિક સર્વ સન્માર્ગનો ઉચ્છેદ કરવામાં પ્રવૃત્ત આસુરી છે, તેથી સારા પુરુષોએ તેની ઉપેક્ષા કરવી. કલ્પના અન્ત સમયે શરીર અને ઇન્દ્રિયો નો અભાવ હોવાથી જીવોનો ભગવાન્માં પ્રવેશ હોવાથી, કલ્પનાસામર્થ્ય નથી તો પણ નારાયણશયનનું કથન છે તેથી કલ્પનાપક્ષ ઉચિત નથી. તેથી જ પ્રલયની અનુપપત્તિ પણ કલ્પનાપક્ષના દૂષણરૂપ જાણવી. વળી "જે બ્રહ્માને પ્રથમ બનાવે છે" શ્રુતિ આદિએ કહેલી પ્રાથમિક બ્રહ્મસૃષ્ટિ અનુપપન્ન થાય છે, કારણ કે તે સમયે ઈશ્વરથી અતિરિક્ત કોઈ નહિ હોવાથી તે સૃષ્ટિનો કલ્પનાર કોઈ નથી. ઈશ્વરને કલ્પક કહી શકાય નહિ, કારણ કે ઈશ્વરત્વની જ વ્યાહતિ થાય અને "જે બનાવે છે" શ્રુતિએ કહેલું ઈશ્વરનું કર્તૃત્વ નાશ પામે. વળી બ્રહ્મમાં સર્વ વેદના સમન્વયની પ્રતિજ્ઞા કરી તેનું નિરૂપણ કરવાં પ્રવૃત્ત થએલા સૂત્રકાર, નિ:સન્દિગ્ધ બ્રહ્મપર વાક્યો નિશ્ચિત જ હોવાથી તેમના સમન્વયનું નિરૂપણ ન કરતાં,

"જેઆદિત્યમાં આ હિરણ્મય હિરણ્યશ્મશ્રુ પુરુષ દેખાય છે" (છાન્દો.ઉપ.1।6)

"આ લોકની શી ગતિ? 'આકાશ' એમ તેણે કહ્યુ" (છાન્દો.ઉપ. 1।1)

"તે દેવતા કોણ? પ્રાણ એમ તેણે કહ્યુ" જે અહીંથી પર આકાશનું જ્યોતિ: દીપે છે" (છાન્દો.ઉપ.1।4)

ઇત્યાદિ સન્દિગ્ધ બ્રહ્મપર વાક્યોના (સમન્વયનું),

"અન્દર (રહેલો પુરુષ બ્રહ્મ), તેના ધર્મના ઉપદેશને લીધે" (બ્રહ્મસૂ.1।19)

"આકાશ (બ્રહ્મ); તેના ચિહ્નને લીધે" (બ્રહ્મસૂ.1।21)

"તેથી જ પ્રાણ (બ્રહ્મ)" (બ્રહ્મસૂ.1।22)

"જ્યોતિ: (બ્રહ્મ), ચરણ કહેલો છે તેથી" (બ્રહ્મસૂ.1।23)

ઇત્યાદિ અધિકરણોથી મહાન્ પ્રબન્ધથી નિરૂપણ કરે છે, તેથી જેવા પ્રકારનું શ્રુતિ નિરૂપણ કરે છે તેવા જ પ્રકારનું બ્રહ્મ છે, એવો સૂત્રકારનો અનુશય છે એમ જણાય છે. નહિ તો, "આદિત્યમાં જે આ" ઇત્યાદિ શ્રુતિનિરૂપીત સ્વરૂપો એવા જીવના સ્વરૂપ હો અથવા બ્રહ્મના સ્વરૂપ હો તો પણ તમારા મત પ્રમાણે તેમાં અવિદ્યા કલ્પિતત્વ અવશિષ્ટ હોવાથી, તે બ્રહ્મપર જ છે એવો નિર્ણય કરે નહિ.

33.બ્રહ્મનું સવિશેષત્વ જીવની અવિદ્યાકલ્પિત નહીં

વળી બ્રહ્મમાં કર-ચરણ વિગેરે અવિદ્યાથી જણાય છે એમ માની શકાય નહિ કારણ કે એમ હોય તો "જ્ઞાનપ્રસાદેન વિશુદ્ધસત્ત્વ:" "તમક્રતું પશ્યતિ વીતશોકો ધાતુ: પ્રસાદાત્" વિગેરે શ્રુતિઓ ભગવાન્ના પ્રસાદથી ભગવાન્નું પ્રાકટ્ય તથા દર્શન થાય છે એમ કહે છે તે સમ્ભવે નહિ. દર્શન અવિદ્યાનું કાર્ય હોય તો શ્રુતિ ભગવાન્ના પ્રસાદથી દર્શન થાય છે એમ કહે નહિ. ભગવાન્નો પ્રસાદ જે જીવપર હોય તેની અવિદ્યા દૂર થવી જોઈએ. પરન્તુ તેની અવિદ્યા દૂર ન થતાં તેને અવિદ્યાનું કાર્ય દર્શન થાય એ સમ્ભવે નહિ. તેથી દર્શન આવિદ્યક નથી. તેથી કર-ચરણ વિગેરે અવિદ્યાથી જણાતાં નથી. વળી દર્શન આવિદ્યક હોય તો દર્શનમાટે દર્શનના સાધન તપસ્યા વિગેરેમાં કોઈની પ્રવૃત્તિ થાય નહિ. તપસ્યા વિગેરે સાધન કરે તેને દર્શનરૂપ દોષ જ પ્રાપ્ત થાય, અથવા તપસ્યાનું ફલ દોષ જ છે એમ સમ્ભવતું નથી. તપસ્યા વિગેરે સાધનો કરે ત્યારે જ અવિદ્યાથી બ્રહ્મમાં કર-ચરણ વિગેરેનો ભ્રમ થાય એ સમ્ભવતું નથી. કારણ કે એમ હોય તો તપસ્યા વિગેરે સાધનનું ફલ દોષનો ઉદ્ભવ જ થાય. વળી એમ હોય તો સર્વ સ્થળે શ્રુતિમાં સાધનો ચિત્તના દોષનો નાશ કરે છે એમ કહ્યું છે તે અસત્ય ઠરે. તપસ્યા વિગેરે સાધન અધિક દોષ ઉત્પન્ન કરનાર હોવાથી નિન્દિત ગણાવા જોઈએ, પરન્તુ એમ નથી. તેથી કર-ચરણ વિગેરે બ્રહ્મમાં અવિદ્યાથી કલ્પેલાં છે, એમ કહેવાય નહિ.

વળી "સ્વયંભૂએ ઇન્દ્રિયો પરાઞ્ચિ નિર્માણ કરી" આ શ્રુતિ અવિદ્યાવાળી ઇન્દ્રિયો બ્રહ્મને પહોંચી શક્તી નથી પરન્તુ અવિદ્યારહિત ઇન્દ્રિયો બ્રહ્મને પહોંચે છે એમ કહે છે. શ્રીમદ્દેવકીગર્ભરત્ન શ્રીકૃષ્ણચન્દ્ર પણ "જેવાં તને મારાં દર્શન થયા છે એવા દર્શન વેદો, તપ,

દાન, યજ્ઞથી પણ થઈ શકે નહિ" એમ વેદ વિગેરે સર્વ સાધનથી બ્રહ્મનાં દર્શન થતાં નથી એમ કહે છે, અને પછી "પરન્તુ હે અર્જુન, મારાં આવાં દર્શન અનન્ય ભક્તિથી થઈ શકે છે" એમ માત્ર અનન્યભક્તિથી બ્રહ્મનાં દર્શન થાય છે એવો નિર્ણય કરે છે. તેથી આવા પ્રકારની શ્રુતિ-સ્મૃતિ સર્વનો વિપ્લવ કરનાર, માત્ર પારલૌકિક સન્માર્ગનો ઉચ્છેદ કરવામાં જ પ્રવૃત્ત રહેનાર આસુર જ છે એમ જાણી સારા પુરુષોએ તેની ઉપેક્ષા કરવી.

વળી કલ્પાંત સમયે જીવનો ભગવાન્માં પ્રવેશ થઈ જાય છે એમ કહ્યું છે. અને બ્રહ્મને શરીર અને ઇન્દ્રિય નથી એમ પણ તમે માનો છો તેથી તે સમયે કલ્પના સમ્ભવતી જ નથી. તે સમયે જીવ નહિ હોવાથી જીવથી કલ્પના થઈ શકે નહિ. બ્રહ્મને શરીર અને ઇન્દ્રિય નહિ હોવાથી તે પણ કલ્પના કરી શકે નહિ. તેથી કલ્પાન્ત સમયે કલ્પના સમ્ભવતી જ નથી. તો પણ તે સમયે નારાયણ શયન કરે છે એમ કહેલું છે. તેથી નારાયણશયન કલ્પેલું નથી પરન્તુ સત્ય જ હોવું જોઈએ. શરીર વિગેરે બ્રહ્મને ન હોય તો શયન પણ કેમ સમ્ભવે? તેથી પ્રલય જ સમ્ભવતો નથી.

વળી "જે બ્રહ્માને પ્રથમ બનાવે છે" શ્રુતિ પ્રાથમિક બ્રહ્મે કરેલી સૃષ્ટિનું નિરૂપણ કરે છે તે પણ સમ્ભવતું નથી. કારણ કે તે સૃષ્ટિ સમયે ઈશ્વર વિના અન્ય કોઈ ન હતું. બ્રહ્મા વિગેરે કોઈ ન હતું. તેથી સૃષ્ટિ અવિદ્યાથી કલ્પનાર કોઈ ન હતું. સૃષ્ટિની કલ્પના કરનાર કોઈ ન હોવાથી કલ્પેલી સૃષ્ટિ સમ્ભવે જ કેમ? ઈશ્વર જ સૃષ્ટિની કલ્પના કરે છે એમ કહેવાય નહિ, કારણ કે એમ હોય તો ઈશ્વરનું ઈશ્વરપણું જ રહે નહિ. સર્વ કલ્પિત જ હોય તો "જે બ્રહ્માને પ્રથમ બનાવે છે" એમ બનાવવાની ક્રિયાના કર્તા ઈશ્વર કહ્યા છે તે પણ સમ્ભવે નહિ. વળી સૂત્રકાર પણ "સર્વ વેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય છે" એમ પ્રથમ પ્રતિજ્ઞા કરે છે. પછી તે પ્રતિજ્ઞાનું નિરૂપણ કરવા પ્રવૃત્ત થાય છે. જે વેદાન્તવાક્યો સન્દેહ વિના બ્રહ્મનું જ નિરૂપણ કરે છે તેઓમાં બ્રહ્મનો સમન્વય છે એ નિશ્ચિત જ હોવાથી તેનું નિરૂપણ પણ સૂત્રકાર કરતા નથી. પરન્તુ જે વાક્યોમાં સન્દેહ છે તેનું જ નિરૂપણ કરે છે.

"જે આદિત્યમાં આ હિરણ્મય હિરણ્યશ્મશ્રુ પુરુષ દેખાય છે" વેદાન્તવાક્યમાં સન્દેહ થાય છે કે એ બ્રહ્મનું નિરૂપણ કરે છે કે આદિત્યનું? તેથી "અન્તસ્તદ્ધર્મોપદેશાત્" સૂત્રથી તે બ્રહ્મનું જ નિરૂપણ કરે છે એમ કહે છે. 'અન્ત:' અર્થાત્ જે પુરુષ આદિત્યમાં છે તે પરમાત્મા જ છે. કારણ કે "સ એવ સર્વેભ્ય: પાપ્મભ્ય ઉદિત:" એમ શ્રુતિ આગળ બ્રહ્મના ધર્મનું નિરૂપણ કરે છે.

"આ લોકની શી ગતિ? આકાશ, એમ તેણે કહ્યું" વેદાન્તવાક્યમાં સન્દેહ થાય છે કે અહીં આકાશનું નિરૂપણ કર્યું છે કે બ્રહ્મનું? તેથી "આકાશસ્તલ્લિંગાત્" સૂત્રથી ત્યાં બ્રહ્મનું જ નિરૂપણ કર્યું છે એમ સૂત્રકાર કહે છે. આકાશ બ્રહ્મ જ છે, કારણ કે "સર્વાણિ ભૂતાનિ હ વા ઇમાનિ આકાશાદેવ સમુત્પદ્યન્તે આકાશં પ્રત્યસ્તં યન્તિ" શ્રુતિ સર્વ ભૂતો આકાશમાંથી ઉત્પન્ન થાય છે અને અકાશમાં લીન થાય છે એમ આકાશમાં બ્રહ્મધર્મનું નિરૂપણ કરે છે.

"તે દેવતા કોણ? પ્રાણ એમ તેણે કહ્યું" વેદાન્તવાક્યમાં સન્દેહ થાય છે કે તે બ્રહ્મનું નિરૂપણ કરે છે કે પ્રાણનું? "અત એવ પ્રાણ:" સૂત્રથી તે બ્રહ્મનું જ નિરૂપણ કરે છે એમ સૂત્રકાર કહે છે. "સર્વાણિ હ વા ભૂતાનિ પ્રાણમેવ અભિવિશન્તિ પ્રાણમ્ અભ્યુપ-જિહતે" શ્રુતિ પ્રાણમાં બ્રહ્મના ધર્મનું પ્રતિપાદન કરે છે તેથી પ્રાણ બ્રહ્મ જ છે.

"જે અહીંથી પર આકાશનું જ્યોતિ: દીપે છે" વેદાન્તવાક્યમાં સન્દેહ થાય છે કે તે બ્રહ્મનું નિરૂપણ કરે છે કે જ્યોતિનું? "જ્યોતિશ્ચરણાભિધાનાત્" સૂત્રથી તે બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ સૂત્રકાર કહે છે. ત્યાં 'જ્યોતિ:' શબ્દ બ્રહ્મમાટે જ યોજાયો છે, કારણ કે ચરણનું અભિધાન છે. "એતાવાન્ અસ્ય મહિમા અતો જ્યાયાંશ્ચ પુરુષ:. પાદો અસ્ય વિશ્વા ભૂતાનિ ત્રિપાદ્ અસ્યામૃતં દિવિ" શ્રુતિમાં સર્વ ભૂતને તેના પાદ અથવા ચરણ કરેલા છે. તેથી 'જ્યોતિ:' શબ્દ બ્રહ્મમાટે યોજેલો છે.

એ પ્રમાણે મહાન પ્રબન્ધથી સૂત્રકાર સર્વવેદાન્તમાં બ્રહ્મનો સમન્વય છે એમ સિદ્ધ કરે છે. તેથી જેવા પ્રકારનું બ્રહ્મનું શ્રુતિ નિરૂપણ કરે છે તેવા પ્રકારનું જ બ્રહ્મ છે એવો વ્યાસનો અભિપ્રાય છે એમ જણાય છે.

જો વ્યાસજીનો એવો અભિપ્રાય ન હોય તો "જે આદિત્યમાં આ હિરણમય" વિગેરે વેદાન્તવાક્યો બ્રહ્મનું જ નિરૂપણ કરે છે એમ મહાન પ્રબન્ધથી કહેત નહિ, કારણ કે તમારા મત પ્રમાણે આદિત્યની અંદરનો પુરુષ વિગેરે એવા પ્રકારના જીવ હોય, અથવા બ્રહ્મ હોય તો પણ અવિદ્યાથી કલ્પેલા જ હોવા જોઈએ. અવિદ્યાથી કલ્પેલા હોવાથી તે બ્રહ્મ અથવા જીવ હોય તો પણ તેમાં કાંઈ ભેદ નથી. તેથી આવા મહાન પ્રબન્ધથી તે બ્રહ્મ જ છે એમ નિશ્ચય કરવાની વ્યાસજીને કાંઈ આવશ્યક્તા ન હતી.

34.પરમતાભિમત ઉપાસના દોષયુક્ત:

બ્રહ્મપરત્વે હોય તો જ ઉપાસનાથી તે-તે ફલ પ્રાપ્ત થાય નહિ, તેથી તે બ્રહ્મ જ છે એમ બોધ કરવા સૂત્રકારે એવો નિર્ણય કર્યો એમ નહિ. કારણ કે વસ્તુત: તે અબ્રહ્મ હોવાથી તેમનું નિરૂપણ કરનાર શ્રુતિ અબ્રહ્મપર થઈ જાય અને તેથી તે નિયમની વ્યાહતિ થાય. વળી તે પ્રતારક થાય. વળી અવિદ્યાકલ્પિતત્વ સમાન હોવાથી, પ્રસિદ્ધ અર્થોનો જ અનુવાદ કરી 'આ નહિ' એમ નિષેધ જ કરે, અને સમન્વય પ્રતિજ્ઞા જ ન કરે કારણ કે તે અબ્રહ્મ હોવાથી તેમનું નિરૂપણ કરનારી શ્રુતિઓ પણ અબ્રહ્મનું નિરૂપણ કરનારી થાય. તેથી "સર્વે વેદો જેના પદનું ધ્યાન ધરે છે" શ્રુતિનો વિરોધ થાય. સવિશેષનું નિરૂપણ કરનાર શ્રુતિ બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરવા પ્રવૃત્ત થએલી નથી ઇત્યાદિનો આથી નિરાસ થયો. વળી "કૃતમાં શુક્લ અને ચતુર્બાહુ" અને ઇલાવૃત્ત આદિ અમુક દેશોમાં "તુરીય તામસી મૂર્તિ" ઇત્યાદિથી નિયત કાલ અને નિયત દેશ માં નિયત અનેક રૂપ કહેલાં છે તે અનુપપન્ન થાય, કારણ કે એક જ અવિદ્યા નિયત સમયમાં નિયત વસ્તુની કલ્પના કરે અને અન્ય સમયમાં અન્ય સદૃશની કલ્પના કરે

એમાં કાંઈ હેતુ કહી શકાય નહિ. કાલ આદિ જ હેતુ છે એમ નહિ, કારણ કે તે પણ અવિદ્યાતુલ્ય જ છે. તેવો તેનો સ્વભાવ જ છે એમ પણ કહેવાય નહિ. અદ્વૈતશ્રુતિના અનુરોધથી તમે તેને અસદ્રૂપ જ માનો છો, તેથી તેનો સ્વભાવ પણ એવો જ હોવાથી કારણ કોણ? કાર્ય પણ તેવું જ છે એમ યક્ષબલિ-ન્યાય છે. કાર્ય ભલે તેવું હોય, પરન્તુ કારણ તો મણિમન્ત્રાદિ ન્યાયથી સત્ જ હોવું જોઈએ એમ પૂર્વે જ અમે કહેલું છે. વળી બ્રહ્મજિજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી, બ્રહ્મ તરીકે નિરૂપણ કરેલા સવિશેષો કલ્પિત કહેતાં વ્યાસની પ્રતિજ્ઞાહાનિનું પણ ભાન થતું નથી તેથી તું ઉન્મત્ત છે.

34.પરમતાભિમત ઉપાસના દોષયુક્ત

પૂર્વપક્ષી:તેમને બ્રહ્મ જાણીને તેમની ઉપાસના કરવામાં આવે તો ઉપાસનાનું ફલ પ્રાપ્ત થાય પરન્તુ તેમને ઈશ્વરપુરુષ, આકાશ, પ્રાણ, જ્યોતિ: જાણી; તે બ્રહ્મ નથી એમ જાણી, તેમની ઉપાસના કરવામાં આવે તો કોઈ પણ ફલ પ્રાપ્ત થાય નહિ. તેથી તેમને બ્રહ્મ જાણીને તેમની ઉપાસના કરવામાં આવે એવા હેતુથી સૂત્રકાર તે સર્વ બ્રહ્મ જ છે એવો નિર્ણય કરે છે.

સિદ્ધાન્તી:એમ ન કહો. કારણ કે તે બ્રહ્મ વસ્તુત: ન હોય તો તેમનું નિરૂપણ કરનારા વેદાન્તવાક્યો બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ કહેવાય નહિ. તેથી સર્વ વેદાન્તવાક્યો બ્રહ્મનું નિરૂપણ કરે છે એ નિયમનો ભંગ થાય છે. વળી ઈશ્વરપુરુષ, આકાશ વિગેરે બ્રહ્મ નથી તે સર્વ બ્રહ્મ જ છે એમ આપણને અસત્ય ઉપદેશ કરનાર હોવાથી વ્યાસજી અને બ્રહ્મસૂત્ર પ્રતારક જ ગણાય. વળી ઈશ્વરપુરુષ વગેરે બ્રહ્મ હોય કે જીવ હોય તો પણ તમારા મત પ્રમાણે અવિદ્યાથી કલ્પેલા હોવા જોઈએ. તેથી ઈશ્વરપુરુષ આકાશ વિગેરે પ્રસિદ્ધ પદાર્થોનો અનુવાદ કરી તેમના નામ લઈ 'આ બ્રહ્મ નથી' એમ જ શ્રુતિ નિષેધ કરત. વ્યાસજી પણ સર્વ વેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય છે એવી અસત્ય પ્રતિજ્ઞા જ ન કરત; કારણ કે એમ હોય તો સર્વે વેદાન્તોનો બ્રહ્મમાં જ સમન્વય છે એવી સમન્વયપ્રતિજ્ઞા અસત્ય જ ઠરે. ઈશ્વરપુરુષ વિગેરે વસ્તુત: બ્રહ્મ ન હોવાથી તેમનું નિરૂપણ કરનારા વેદાન્તવાક્યો બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ કહેવાય નહિ. તેથી સમન્વયપ્રતિજ્ઞા અસત્ય ઠરે. વળી આ પ્રમાણે સર્વ વેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય નહિ હોવાથી "સર્વે વેદો જેના પદનું ધ્યાન ધરે છે" શ્રુતિનો વિરોધ થાય. વસ્તુત: બ્રહ્મસૂત્રનું તાત્પર્ય સર્વ વેદાન્તનો બ્રહ્મમાં સમન્વય સિદ્ધ કરવો એ જ છે. તેથી 'સવિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિઓ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરતી નથી' વિગેરે તમારા સિદ્ધાન્તનો નિરાસ થાય છે. વળી "કૃતમાં શુક્લ અને ચતુર્બાહુ" ભગવાન્ છે અને ઈલાવૃત્ત વિગેરે દેશોમાં "તુરીય તામસી મૂર્તિ છે" એવા વાક્યો હોવાથી ભગવાન્ જુદા-જુદા યુગમાં જુદા-જુદા રૂપ ધારણ કરે છે અને જુદા-જુદા દેશમાં પણ જુદા-જુદા રૂપ ધારણ કરે છે એમ સિદ્ધ થાય છે. એ પ્રમાણે અમુક કાલે અમુક દેશમાં ભગવાન્ના અમુક રૂપો છે

એમ દર્શાવનારા સર્વ વાક્યો નિરર્થક થાય, કારણ કે આ સર્વ રૂપ તમારા મત પ્રમાણે અવિદ્યાથી કલ્પેલા હોવા જોઈએ. અમુક સમયે અમુક વસ્તુની અમુક પ્રકારની જ કલ્પના કરવી અને ત્યાર પછી અન્ય સમયે તે જ વસ્તુની અમુક અન્ય પ્રકારની કલ્પના કરવી એ સર્વ કાર્ય માત્ર એક જ જડ અવિદ્યા કરે એ સમ્ભવતું નથી. તેથી આ સર્વ કલ્પનાનું કારણ પણ તમારાથી કહી શકાય તેમ નથી.

પૂર્વપક્ષી:"જન્યોનો જનક કાલ જગત્નો આશ્રય માનેલો છે" વાક્યને લીધે કાલ જ આ સર્વ કલ્પના કરે છે.

સિદ્ધાન્તી:કાલ પણ અવિદ્યાનું જ કાર્ય હોવાથી અવિદ્યાસમાન જ છે. તેથી કાલ પણ આ સર્વ કલ્પના કરવા સમર્થ નથી.

પૂર્વપક્ષી:અવિદ્યાનો સ્વભાવ જ એવો છે કે આ સર્વ કલ્પનાઓ તે કરે. આ સર્વ કલ્પના કરવા અવિદ્યા જ સમર્થ છે.

સિદ્ધાન્તી:"એક જ અદ્વિતીય બ્રહ્મ" શ્રુતિના અનુરોધથી તમે એમ માનો છો કે બ્રહ્મ સિવાય સર્વ અસત્ છે. તેથી અવિદ્યા પણ તમારા મત પ્રમાણે અસતી છે. તેથી અવિદ્યાનો સ્વભાવ પણ અસત્ જ છે. તેથી આ સર્વ કલ્પના કરવાને જડ અવિદ્યાનો જડ અસત્ સ્વભાવ સમર્થ નથી. ત્યારે આ સર્વ કલ્પનાઓ કોનાથી થાય છે?

35.બ્રહ્મ વિરુદ્ધધર્માશ્રય હોવા છતાં તેનું એકરસત્વ સમ્ભવ :

બ્રહ્મ એકરસ હોવાથી અને સવિશેષ અનેકરસ હોવાથી તે બ્રહ્મ હોઈ શકે નહિ એમ નહિ; કારણ કે ધર્મિગ્રાહક પ્રમાણથી સિદ્ધ થાય છે. બ્રહ્મ કેવલ વેદથી સમધિગમ્ય છે. તેમાં "સર્વકામવાળા સર્વગન્ધવાળા સર્વરસવાળા" (છાન્દો.ઉપ. 3।14) એમ તેનું નિરૂપણ છે.
"સર્વત: પાણિ અને પાદ ના અન્તવાળું સર્વત: અક્ષિ-શિર અને મુખવાળું, સર્વત: શ્રુતિવાળું લોકમાં સર્વનું આવરણ કરી રહે છે. સર્વ ઇન્દ્રિય અને ગુણના જેવા પ્રકાશવાળું, સર્વ ઇન્દ્રિયથી વિવર્જિત, અસક્ત, સર્વભૃત્, નિર્ગુણ અને ગુણભોક્તૃ" (ભગ.ગીતા 13।)

ઇત્યાદિથી ભગવાને જ સ્વકીય સ્વરૂપનું પ્રતિપાદન કરેલું છે. અહીં 'અન્ત' પદથી કર અને ચરણ ના અવચ્છેદ કહેલા છે. તેથી જ "પૌગણ્ડલીલા સમયનું જેટલા પરિમાણનું સ્વરૂપ છે તેટલા જ પરિમાણનું તે જ સ્વરૂપ પૂતનામુક્તિદાન દશામાં પણ છે" એની સંગતિ થાય છે કારણ કે સર્વરૂપો નિત્ય છે અને આગળ ક્રમથી આવિર્ભાવ થાય છે; કારણ કે બાલ્યમાં કરઆદિના અલ્પદેશાવચ્છેદનો અને પૌગણ્ડ આદિમાં અધિકદેશાવચ્છેદનો ભક્તો અનુભવ કરે છે.
"બાલકે ઉલૂકિકાનો જીવ હર્યો, ત્રૈમાસિકના પદથી શકટ ઉંધું પડ્યું, હારની અંદર જઈ આકાશનો સ્પર્શ કરનાર અર્જુનોનું ઉન્મૂલન કર્યું તે અન્યથા થાય નહિ"

ઇત્યાદિથી દ્વિતીય સ્કધધમાં તેઓના શુદ્ધ બ્રહ્મત્વનો બ્રહ્માએ જ વિચાર કર્યો છે. દશમા સ્કધધમાં પણ દામોદરલીલાના પ્રસ્તાવમાં

"જેની અન્દર અથવા બહાર પૂર્વ અને અપર પણ કાંઈ નથી, જે જગતની પૂર્વ અને અપર, અન્દર અને બહાર છે અને જે જગત્ છે એવા મર્ત્યલિંગ અવ્યક્ત અધોક્ષજને પુત્ર માની પ્રાકૃતની પેઠે ગોપિકાએ રજ્જુથી ઉલૂખલ સાથે બાંધ્યા" (ભાગ.પુરા.10।13)

એમ કહી રજ્જુની ન્યૂનતાના નિરૂપણથી પણ તેના જ પૂર્ણત્વનું પ્રતિપાદન કરેલું છે. "ત્રણ વેદ, ઉપનિષદો, સાઙ્ખ્ય યોગ અને વૈષ્ણવ તન્ત્રો જેના માહાત્મ્યનું ગાન કરે છે એવા હરિને તેણે પુત્ર માન્યા" (ભાગ.પુરા. 10।45) એ વાક્યથી અને મૃત્સ્નાભક્ષણ પછી યશોદાની પ્રાર્થનાથી નિજ વદનનું વ્યાદાન કરી પોતાના અને વ્રજના સહિત દર્શાવેલા સકલ લોકના અવલોકનથી વસ્તુજિજ્ઞાસા થઈ ત્યારે પક્ષાન્તરનું નિરાકરણ કરી કહેલા યશોદાના "આ જ મારા પુત્રનો કોઈક ઔત્પત્તિક આત્મયોગ છે" વાક્યથી (તેનું જ પ્રતિપાદન કરેલું છે). આથી જ

"જે પૃથિવીમાં રહી, પૃથિવીના અન્તર છે, જેને પૃથિવી જાણતી નથી, જેનું પૃથિવી શરીર છે, જે અન્દર રહી પૃથિવીનું યમન કરે છે તે ત્યાં આત્મા અન્તર્યામી અમૃત છે"

શ્રુતિએ કહેલા ધર્મ હોવાથી પણ બ્રહ્મત્વ જ સિદ્ધ થાય છે; કારણ કે એક પણ અસાધારણ ધર્મ હોય તે શિષ્ટ સન્દિગ્ધનો પણ બ્રહ્મધર્મ તરીકે જ નિશ્ચય કરાવે છે. આ જ શ્રુતિના અભિપ્રાયનો અંગીકાર કરી સૂત્રકારે સર્વત્ર બ્રહ્મવાક્યનો નિર્ણય કહેલો છે. આ સર્વ ભાગવતના વિવરણમાં અને તત્ત્વસૂત્રભાષ્યમાં પિતૃચરણે વિસ્તારથી કહેલું છે તેથી અહીં દિગ્માત્ર જ દર્શાવી છે.

વળી, ચક્ષુ: વાણી આદિ સર્વ ઇન્દ્રિયો અને તેમનાથી ગ્રાહ્ય અલૌકિક ગુણો તેમજ શુદ્ધ જ બ્રહ્મ પ્રકાશે છે; પરન્તુ લૌકિક ઇન્દ્રિયો ત્યાં નથી એ "સર્વેન્દ્રિયથી વિવર્જિત" એમ કહે છે. 'અસક્ત' વિગેરે સ્પષ્ટ છે. તેથી જ "વૈશ્વાનર (બ્રહ્મ); સાધારણ શબ્દથી વિશેષને લીધે" અધિકરણમાં "જે આ પ્રાદેશમાત્ર અભિવિમાન આત્મા વૈશ્વાનરની ઉપાસના કરે છે" શ્રુતિએ કહેલા પ્રાદેશપરિમાણવત્ત્વ અને વાજસનેયિશાખામાં કહેલું સર્વત્ર માનરહિત લક્ષણવાળું વ્યાપકત્વ "તે આ અગ્નિ વૈશ્વાનર જે પુરુષ (છે). જે તે પુરુષવિધ પુરુષની અંદર પ્રતિષ્ઠિત અગ્નિ વૈશ્વાનરને જાણે" શ્રુતિથી તેવું જ પુરુષત્વ, પુરુષવિધત્વ અને પુરુષની અંદર પ્રતિષ્ઠિતત્વ એ પરસ્પર વિરુદ્ધ ધર્મ બ્રહ્મ જ વિરુદ્ધ સર્વ ધર્મનું આશ્રય હોવાથી તેમાં જ સમ્ભવે, અગ્નિ આદિમાં સમ્ભવતા નથી એમ નિરૂપણ કરતાં, જૈમિનિ આદિના મતનો ઉપન્યાસ કરી, અન્ય પક્ષોમાં અરુચિ ઉદ્ભાવી, "એનું આમાં મનન કરે છે" એમ સૂત્રકારે સિદ્ધાન્ત કહ્યો. એનો અર્થ, 'એનું' વ્યાપક જ પરમેશ્વરનું, 'આમાં' શિર અને ચિબુક ના અન્તરાલમાં "આ અનન્ત અવ્યક્ત આત્મા જે અવિમુક્તમાં પ્રતિષ્ઠિત છે, તે અવિમુક્ત કોનામાં પ્રતિષ્ઠિત છે? વરણા અને નાસિકા ની મધ્યે પ્રતિષ્ઠિત છે" (જાબાલોપ.6) ઇત્યાદિથી જાબાલો પ્રાદેશમાત્ર તરીકે વર્ણન કરે છે. તેથી 'અનન્ત' પદને લીધે દેશકાલથી

અપરિચ્છિન્નની જ સંકુચિતસ્થાનમાં સ્થિતિ શ્રુતિ કહે છે. તેથી પ્રાદેશમાત્રનું પણ અભિમાનિત્વ યોગ્ય છે. આથી બ્રહ્મનું વિરુદ્ધધર્માશ્રયત્વ શ્રુતિથી અભિમત છે એમ માનવું. અન્યથા 'અનન્ત' એમ પ્રયોજન ન હોવાથી ન કહેત.

35.બ્રહ્મ વિરુદ્ધધર્માશ્રય હોવા છતાં તેનું એકરસત્વ સમ્ભવ

પૂર્વપક્ષી:કાર્ય કલ્પિત રૂપો અસત્ છે, તેમ જ કારણ પણ અસતી અવિદ્યા હોય તેમાં કાંઈ ક્ષતિ નથી. જેવું કાર્ય તેવું જ કારણ છે. જેવા યક્ષ છે તેવું જ તેમને બલિ અપાય છે. તેન્યાયે જેવું કાર્ય તેવું જ કારણ હોય તેમાં કાંઈ ક્ષતિ નથી.

સિદ્ધાન્તી:કાર્ય કદાપિ અસત્ હોય પરન્તુ કારણ તો સત્ હોવું જોઈએ. જેમ મણિ-મન્ત્ર વિગેરેના કાર્ય આમ્રતરુ તથા કદમ્બતરુ અસત્ છે તો પણ કારણ મણિ-મન્ત્ર વિગેરે સત્ જ છે, તે જ પ્રમાણે અહીં પણ ભગવાન્નાં ભિન્ન-ભિન્ન રૂપ કાર્ય અસત્ ભલે હોય પરન્તુ તેમનું કારણ સત્ હોવું જ જોઈએ. કાર્ય અસત્ છે એ પણ તમારા મત પ્રમાણે જ કહ્યું છે. વસ્તુત: કાર્ય પણ સત્ જ છે. વળી "અથાતો બ્રહ્મજિજ્ઞાસા" એમ બ્રહ્મવિચારની પ્રતિજ્ઞા કરી, વ્યાસજીએ જે સવિશેષ રૂપો વર્ણવ્યા છે તે કલ્પેલા છે એમ કહેતાં વ્યાસજીની પ્રતિજ્ઞાની હાનિ થાય છે એ ભાન પણ તમને રહેતું નથી તેથી તમે ઉન્મત્ત જ છો.

પૂર્વપક્ષી:બ્રહ્મ એકરસ જ છે. શ્રુતિમાં ઈશ્વરપુરુષ, આકાશ વિગેરે જે સવિશેષ રૂપો વર્ણવ્યા છે તે એકરસ નથી પરન્તુ સવિશેષ હોવાથી અનેકરસ છે. તેથી તે બ્રહ્મ હોય એ સમ્ભવતું નથી.

સિદ્ધાન્તી:એમ ન કહો કારણ કે એ સર્વ સવિશેષ રૂપ અનેકરસ હોય તેમ જણાય છે તો પણ તે સર્વની એકરસતાની ક્ષતિ થતી નથી, એમ ધર્મીનું ગ્રહણ કરાવનાર પ્રમાણ વેદથી સિદ્ધ થાય છે. બ્રહ્મનું જ્ઞાન માત્ર વેદથી જ થાય છે. વેદની નિર્વિશેષ શ્રુતિથી જ નહિ પરન્તુ સવિશેષ અને નિર્વિશેષ ઉભય પ્રકારની શ્રુતિઓ અર્થાત્ નિખિલ વેદથી બ્રહ્મનું જ્ઞાન થાય છે. વેદમાં "સર્વકામવાળા, સર્વગન્ધવાળા, સર્વરસવાળા" એમ બ્રહ્મનું નિરૂપણ કરેલું છે. વળી ભગવાને પોતે "સર્વત: પાણિ અને પાદ ના અન્તવાળું, સર્વત: અક્ષિ શિર: અને મુખવાળું, સર્વત: શ્રુતિવાળું, લોકમાં સર્વનું આવરણ કરી સર્વ ઇન્દ્રિય અને ગુણના જેવા પ્રકાશવાળું, સર્વ ઇન્દ્રિયથી વિવર્જિત, અસક્ત, સર્વભૃત્, નિર્ગુણ અને ગુણભોક્તૃ" વિગેરેથી સમાપ્તિપર્યન્ત પોતાના સ્વરૂપનું શ્રીમદ્ભગવદ્ગીતામાં નિરૂપણ કરેલું છે. "સર્વત: પાણિ અને પાદ ના અન્તવાળું" વિશેષમાં 'અન્ત' શબ્દ અવચ્છેદ અથવા હદના અર્થમાં યોજેલો છે. તેથી બ્રહ્મના પાણિ અને પાદ ના અન્ત સર્વત્ર છે. તેથી જ "પૌગણ્ડલીલા સમયનું જેટલા પરિમાણનું સ્વરૂપ છે તેટલા જ પરિમાણનું તે જ સ્વરૂપ પૂતનામુક્તિદાન દશામાં પણ છે" એ શ્રીમદાચાર્યચરણના વાક્યની પણ સંગતિ થાય છે. કારણ કે ભગવાન્ના સર્વરૂપ નિત્ય છે. તેથી જે રૂપ પૌગણ્ડલીલા સમયે હતું તે જ રૂપ તેટલા જ પરિમાણનું પૂતનાને મુક્તિનું દાન

કર્યું તે સમયે પણ હતું. ભગવાન્ના સર્વ રૂપ નિત્ય છે તેથી સર્વ રૂપ સર્વદા વિદ્યમાન છે. આગળ તેમનો ક્રમથી પ્રાદુર્ભાવ થાય છે. બાલ્યાવસ્થામાં ભગવાન્ના કર-ચરણ વિગેરેનો અલ્પ પ્રદેશમાં અને પૌગણ્ડ વિગેરે અવસ્થામાં તેથી અધિક પ્રદેશમાં અવચ્છેદ હતો. એ પ્રમાણે ભક્તોને ભગવાન્નાં દર્શન થતાં હતાં તેમ પણ બ્રહ્માએ જ શ્રીમદ્ભાગવતના દ્વિતીયસ્કધધમાં સાતમા અધ્યાયમાં જણાવેલું છે. "બાલકે ઉલૂકિકાનો જીવ હર્યો, ત્રૈમાસિકના પદથી શકટ ઉંધું પડ્યું, હારની અંદર જઈ આકાશનો સ્પર્શ કરનાર અર્જુનોનું ઉન્મૂલન કર્યું તે અન્યથા થાય નહિ" એમ બ્રહ્મા કહે છે. શ્રીકૃષ્ણ બ્રહ્મ ન હોય તો આ સર્વ કાર્ય થાય નહિ. વળી દશમા સ્કધધમાં પણ દામોદરલીલાના પ્રસ્તાવમાં "જેની અંદર અથવા બહાર, પૂર્વ અને અપર પણ કાંઈ નથી જે જગતની પૂર્વ અને અપર, અંદર અને બહાર છે અને જે જગત્ છે એવા મર્ત્યલિંગ અવ્યક્ત અધોક્ષજને પુત્ર માની, પ્રાકૃતની પેઠે ગોપિકાએ રજ્જુથી ઉલૂખલ સાથે બાંધ્યા" વાક્ય છે. તેમાં પણ બ્રહ્મના ગુણનું પ્રતિપાદન હોવાથી શ્રીકૃષ્ણ બ્રહ્મ જ છે. વળી બાંધતા સર્વ રજ્જુ ન્યૂન થયાં. સર્વ રજ્જુનું સન્ધાન કરીને પણ શ્રીકૃષ્ણને બાંધી શકાય તેમ ન હતું. એ પ્રમાણે રજ્જુની ન્યૂનતાનું પ્રતિપાદન કરેલું છે તેથી પણ શ્રીકૃષ્ણ પૂર્ણ જ એમ સિદ્ધ થાય છે. વળી "ત્રણ વેદ, ઉપનિષદો અને સાઙ્ખ્ય-યોગ અને વૈષ્ણવતન્ત્રો જેના માહાત્મ્યનું ગાન કરે છે એવા હરિને તેણે પુત્ર માન્યા" વાક્ય પણ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જ છે એમ કહે છે. વળી શ્રીકૃષ્ણે મૃત્તિકાનું ભક્ષણ કર્યું ત્યાર પછી તેમણે માટી ખાધી છે કે નહિ તે જાણવા યશોદાએ તેમને મુખ દેખાડવા પ્રાર્થના કરી ત્યારે શ્રીકૃષ્ણે પોતાનું મુખ દેખાડ્યું, ત્યારે યશોદાજીએ તેમાં શ્રીકૃષ્ણને, પોતાને, વ્રજ અને સકલ લોકને જોયાં. પછી યશોદાજીને વસ્તુતત્ત્વ જાણવાની ઇચ્છા થઈ. ત્યારે અન્ય સર્વ પક્ષનો નિરાસ કરી "આજ મારા પુત્રનો કોઈક ઔત્પત્તિક આત્મયોગ છે" વાક્ય યોજેલું છે, તેથી પણ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જ છે એમ સિદ્ધ થાય છે. કારણ કે "જે પૃથિવીના અન્તર છે, જેને પૃથિવી જાણતી નથી, જેનું પૃથિવી શરીર છે, જે અંદર રહી પૃથિવીનું યમન કરે છે" શ્રુતિ બ્રહ્મના જે ધર્મનું નિરૂપણ કરે છે તે જ ધર્મ અહીં પણ કહેલો છે. તેથી શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જ છે એમ સિદ્ધ થાય છે. એક પણ બ્રહ્મનો અસાધારણ ધર્મ હોય તો બીજા સન્દિગ્ધ ધર્મો પણ બ્રહ્મના જ છે એમ સિદ્ધ થાય છે. શ્રીકૃષ્ણમાં બ્રહ્મના અસઙ્ખ્ય અસાધારણ ધર્મોનું શ્રીમદ્ભાગવતમાં નિરૂપણ કરેલું છે એમ ઉપર જણાવ્યું છે, તેથી શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જ છે. બ્રહ્મનો એક પણ અસાધારણ ધર્મ બાકીના સર્વ સન્દિગ્ધ ધર્મો પણ બ્રહ્મના છે એમ સિદ્ધ કરે છે એ જ સિદ્ધાન્ત અંગીકાર કરી વ્યાસજીએ બ્રહ્મસૂત્રમાં સર્વવેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય છે એમ સિદ્ધ કર્યું છે. આ સર્વનું તત્ત્વસૂત્રભાષ્ય તથા શ્રીભાગવતવિવરણમાં શ્રીમદાચાર્યચરણે વિસ્તારથી નિરૂપણ કરેલું છે તેથી અહીં માત્ર સંક્ષેપમાં સૂચના કરેલી છે.

વળી "સર્વેન્દ્રિયગુણાભાસં સર્વેન્દ્રિય વિવર્જિતમ્" વિગેરે શ્રીમદ્ભગવદ્ગીતાનું વાક્ય ઉપર કહેલું છે તે પણ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જ છે એમ કહે છે. ઇન્દ્રિયો, ચક્ષુ:, વાણી વિગેરે અને ગુણો=ઇન્દ્રિયગુણા: સર્વે ઇન્દ્રિયગુણા: =સર્વેન્દ્રિયગુણા:. 'આ' અર્થાત્ સર્વ દિશામાં

ભાસે તે આભાસ અર્થાત્ પ્રકાશ. સર્વ ઇન્દ્રિય અને અલૌકિક ગણોની પેઠે જ શુદ્ધ બ્રહ્મ પ્રકાશે છે. અર્થાત્ કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયરૂપથી બ્રહ્મ જ પ્રકાશે છે એવો તેનો અર્થ છે. બ્રહ્મ કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયરૂપે પ્રકાશે છે પરન્તુ તેને લૌકિક ઇન્દ્રિયો નથી એમ પણ 'સર્વેન્દ્રિયવિવર્જિતમ્' શબ્દથી કહે છે. બ્રહ્મ સર્વ લૌકિક ઇન્દ્રિય વિનાનું છે. 'અસક્તમ્' વિગેરેનો અર્થ સ્પષ્ટ જ છે. આ પ્રમાણે બ્રહ્મ ઇન્દ્રિયોના રૂપથી પ્રકાશે છે છતાં તેને લૌકિક ઇન્દ્રિયો નથી. એમ બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે. વૈશ્વાનર અધિકરણથી પણ એ જ સિદ્ધ થાય છે.

બ્રહ્મસૂત્રના પ્રથમાધ્યાયના દ્વિતીય પાદમાં "વૈશ્વાનર: સાધારણશબ્દવિશેષાત્" સૂત્રથી આ અધિકરણનો પ્રારમ્ભ થાય છે. "આત્માનમેવ ઇમં વૈશ્વાનરં સમ્પ્રત્યધ્યેષિ તમેવ નો બૂહિ" વિગેરે શ્રુતિમાં 'વૈશ્વાનર' શબ્દ છે. વૈશ્વાનર શબ્દના ચાર પ્રસિદ્ધ અર્થ છે. 1.જઠરાગ્નિ. અન્ન પચાવનાર જઠરમાં રહેલો અગ્નિ. 2.તૃતીય મહાભૂત. 3.અમુક દેવતા. "વૈશ્વાનરસ્ય સુમતૌ સ્યામ રાજા હિ કં ભુવનાનામભિશ્રી:" શ્રુતિમાં 'વૈશ્વાનર' શબ્દ વૈશ્વાનર દેવતામાટે યોજેલો છે. 4.સંવત્સર અથવા પ્રજાપતિ.

"આત્માનમેવ ઇમં વૈશ્વાનરં સમ્પ્રત્યધ્યેષિ તમેવ નો બૂહિ" શ્રુતિમાં 'વૈશ્વાનર' શબ્દનો અર્થ બ્રહ્મ થાય છે કે અન્ય કાંઈ એ સન્દેહ થાય છે. આ સૂત્રથી વ્યાસજી કહે છે કે 'વૈશ્વાનર' શબ્દ બ્રહ્મમાટે જ યોજેલો છે. સાધારણ શબ્દથી જે વિશેષ અથવા આધિક્ય થાય તેથી 'વૈશ્વાનર' શબ્દ બ્રહ્મમાટે જ યોજેલો છે. તે જ સ્થળે આગળ "યસ્તુ એતમ્ એવં પ્રાદેશમાત્રમ્ અભિવિમાનમ્ આત્માનમ્ ઉપાસ્તે" શ્રુતિ છે, તેમાં વૈશ્વાનરને પ્રાદેશમાત્ર અર્થાત્ અંગુઠાના જેટલા પરિમાણવાળો અને 'અભિવિમાન' અર્થાત્ પરિમાણથી અતીત અથવા વ્યાપક કહેલો છે. અંગુઠા જેટલો અને વ્યાપક કહેલો હોવાથી વૈશ્વાનર વિરુદ્ધ ધર્મનો આશ્રય છે. તેથી વૈશ્વાનર પરમાત્મા જ છે. વળી વાજસનેયિશાખામાં પણ "તે આ અગ્નિ વૈશ્વાનર છે પુરુષ છે. જે તે પુરુષવિધ પુરુષની અન્દર પ્રતિષ્ઠિત અગ્નિ વૈશ્વાનરને જાણે" શ્રુતિ છે, તે પણ વૈશ્વાનર પુરુષ છે. પુરુષવિધ છે, અને પુરુષની અંદર પ્રતિષ્ઠિત છે એમ તે સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે એમ કહે છે. પરમાત્મા જ વિરુદ્ધધર્મના આશ્રય છે, અગ્નિ વિગેરે નથી. તેથી 'વૈશ્વાનર' શબ્દ પરમાત્મા માટે જ યોજેલો છે. આ પ્રમાણે "વૈશ્વાનર: સાધારણશબ્દવિશેષાત્" સૂત્રથી વ્યાસજી વૈશ્વાનર પરમાત્મા જ છે એમ કહે છે.

પછી "સાક્ષાદપિ અવિરોધં જૈમિનિ:" "અભિવ્યક્તે: ઇતિ આશ્મરથ્ય:" "અનુસ્મૃતે: બાદરિ:" સૂત્રોથી જૈમિનિ, આશ્મરથ્ય અને બાદરિ ના મતનું નિરૂપણ કરી તેમાં પોતાની અરૂચિ જણાવી, "આમનન્તિ ચૈનમ્ અસ્મિન્" સૂત્રથી પોતાનો સિદ્ધાન્ત કહે છે. 'એનમ્' અર્થાત્ પરમેશ્વરનું 'અસ્મિન્' અર્થાત્ મૂર્ધન્, ચિબુક વિગેરેમાં 'આમનન્તિ' અર્થાત્ મનન કરે છે. જાબાલો પરમેશ્વરનું મૂર્ધન્, ચિબુક વિગેરેમાં વ્યાપક તરીકે જ મનન કરે છે. "આ અનન્ત અવ્યક્ત આત્મા જે અવિમુક્તમાં પ્રતિષ્ઠિત છે" "તે અવિમુક્ત કોનામાં પ્રતિષ્ઠિત છે?" "વરણા અને નાસિકા ની મધ્યે પ્રતિષ્ઠિત છે" વિગેરે શ્રુતિથી જાબાલો તેનું પ્રાદેશમાત્ર અર્થાત્

અંગુઠા જેટલા પરિમાણવાળા તરીકે વર્ણન કરે છે, અને પ્રથમ તેને 'અનન્ત' કહેલો છે. અનન્ત એટલે દેશ અને કાલ ની હદ વિનાનો, સર્વ દેશ અને સર્વ કાલમાં રહેલો. આ અનન્ત જ સંકુચિત સ્થાનમાં રહે છે એમ શ્રુતિ કહે છે. તેથી અંગુઠા જેટલો જ આત્મા વ્યાપક છે એવી સંગતિ થાય છે. તેથી બ્રહ્મ વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે એવો શ્રુતિનો અભિપ્રાય છે એમ જણાય છે. બ્રહ્મ વિરુદ્ધધર્મનો આશ્રય છે એવો શ્રુતિનો અભિપ્રાય ન હોત તો શ્રુતિ તેને 'અનન્ત' કહેત નહિ; કારણ કે તેને અનન્ત કહેવાનું કાંઈ પ્રયોજન ન હતું.

36.સવિશેષ શ્રુતિઓ ની બ્રહ્મપરતા કેવળ ઉપાસનાર્થ જ, તેનું ખંડન :

મેં પૂર્વે જ કહેલું છે કે સવિશેષનિરૂપણ ઉપાસનામાટે છે. અનુપહતકર્ણે મેં પણ સાંભળ્યું છે ત્યારે શું અનુપપન્ન છે? તમારી માનેલી ઉપાસનાર્થતા જ, કેમ?

નીચે પ્રમાણે. ઉપાસનામાં ત્યાં એવા પ્રકારની ભાવનામાત્ર છે પરન્તુ વસ્તુ એવી નથી એમ તમે માનો છો. "આત્મા એમ જ ઉપાસના કરવી" (બૃહદા.ઉપ. 1।7) "તે અન્ય છે, હું અન્ય છું એમ જે અન્ય દેવની ઉપાસના કરે છે તે પશુ પેઠે જાણતો નથી. આમ તે દેવોનો પશુ છે" ઇત્યાદિ શ્રુતિને લીધે આત્મા તરીકે જ ઉપાસના કરવી, પરન્તુ અનાત્મા તરીકે નહિ. આમ હોવાથી "જે અન્યથા હોનાર આત્માને અન્યથા માને છે, તે આત્માપહારી ચોરે શું પાપ નથી કર્યું?" (મહાભા.પર્વ.3।।2). શ્રુતિથી ન હોય તેવી કલ્પના નિન્દિત હોવાથી બ્રહ્મનું રૂપ એ જ પ્રકારનું છે એમ માનવું. આમ હોવાથી બ્રહ્મ અનન્તરૂપ જ શ્રુતિએ માનેલું છે. તેથી "આ રૂપથી આવા ઉપાસકોને આવું ફલ આપીશ" એવી ઈશ્વરેચ્છાથી જ થાય છે એમ જણાવનારી શ્રુતિ ઉપાસનાભેદથી ફલભેદ પણ કહે છે. વળી તમારી કહેલી રીતિથી ઉપાસનાનો વિષય એવા પ્રકારનો નહિ હોવાથી અબ્રહ્મત્વ થયું. તેથી તેનું નિરૂપણ કરનારી શ્રુતિઓ અબ્રહ્મપર થવાથી, "સર્વત્ર પ્રસિદ્ધનો જ ઉપદેશ હોવાથી" એ તત્ત્વસૂત્રનો વિરોધ થાય. અસત્ની ભાવનાથી અસત્ જ ફલ થાય. તેથી "તેમાં નિષ્ઠાવાળાના મોક્ષના ઉપદેશને લીધે" (બ્રહ્મસૂ. 1।7) એ તત્ત્વસૂત્રનો વિરોધ થાય. "બ્રહ્મને અસત્ જાણે તો તે અસત્ જ થાય છે" (તૈત્તિ.ઉપ.2।1) શ્રુતિથી ઉપાસનાના વિષયને અસત્ તરીકે જાણનાર તમારો અન્ધતમ:માં પ્રવેશ થવાથી આસુરત્વ ફલ થાય છે એમ અમે પ્રતિજ્ઞા કરીએ છીએ. તમારા જેવા અનેક અસુરચમૂપતિ સકલ પ્રમાણથી નિષિદ્ધ હોવાથી અધર્મબુદ્ધિથી શ્રુતિ સ્મૃતિ અને આચારપરાયણ નો તથા નિજબન્ધુ અને મિત્રોનો પણ વધ કરવા યત્ન કરે છે ત્યારે તેમના વધથી વિમુખ વિજય શીખવતા, અને તેમના(અસુરચમૂપતિના) વધથી સકલ સજ્જનોનું પાલન કરતાં શ્રીદેવકી પુત્રે પણ "મારો પર ભાવ નહિ જાણનાર મૂઢ માનુષી તનુનો આશ્રય કરેલા ભૂતમહેશ્વરની મારી અવજ્ઞા કરે છે" 9। ઇત્યાદિથી આસુરોનું સ્વકીય અભજન કહી "પરન્તુ હે પાર્થ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ અનન્યમનવાળા થઈ ભૂતાદિ અને

અવ્યય મને ભજે છે" 91) એમ એ જ કહેલું છે. અસુરભાવના નિરૂપણમાં પણ "તેઓ જગત્ને અસત્ય, અપ્રતિષ્ઠ અને અનીશ્વર કહે છે" (ભગ.ગીતા 16। ઇત્યાદિથી "હે કૌન્તેય! આસુરી યોનિને પામેલા મૂઢો જન્મેજન્મ મને પ્રાપ્ત કર્યા વિના જ ત્યાંથી અધમ ગતિ પામે છે" 16। સુધી તેમજ કહેલું છે. અહીં "માનુષી તનુનો આશ્રય કરેલા" એમ તેના જ્ઞાનનો પ્રકાર જ કહેલો છે પરન્તુ સ્વરૂપ કહેલું નથી, કારણ કે પૂર્વોક્ત યુક્તિથી તે આનન્દરૂપ જ નિર્ણીત છે. આ જેમ છે તેમ પિતૃચરણે ભાષ્યમાં આનન્દમય અધિકરણના વિચારમાં નિરૂપણ કરેલું છે. તેથી જ ભગવાન્ આગળ "પર ભાવને નહિ જાણનાર" એમ કહે છે. પરભાવ આનન્દમાત્રત્વરૂપ છે. આથી વિશેષો લૌકિક હોવાથી તેમનો નિષેધ બ્રહ્મમાં યોગ્ય છે તેઓને પણ અલૌકિક કલ્પીએ અને બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનું આધાર હોવાથી તેમાં અલૌકિક શક્તિ કલ્પીએ તો ગૌરવ થાય ઇત્યાદિનો નિરાસ થયો, કારણ કે સર્વ જ પ્રમાણસિદ્ધ હોવાથી કલ્પેલાં નથી. સ્વયુક્તિથી કલ્પના કરીએ તો તમારું કહેલું દૂષણ થાય. અન્યથા, બ્રહ્મના અંગીકારમાં પણ ગૌરવ થાય તેથી તેનો પણ અનંગીકાર થઈ જાય. એમ શૂન્યવાદ થઈ જાય. તેથી ગંગાતરંગના સંગવાળા કમલના પરાગથી ધૂસરિત અનિલના સુખની ભીતિથી જનતા સમક્ષ સ્વકીય વૈરાગ્ય દર્શાવવા પલાયન કરનાર માયાવાદીના કુહકથી ખિન્ન થએલાનો શૂકરગર્તમાં નિપાત થાય છે.

વળી "અસ્થૂલ" આદિ વાક્યના વિરોધને લીધે વિશેષોને કલ્પિત કહો છો. ત્યાં વિરોધ કોનો છે? એમ અમે પૂછીએ છીએ.

પરસ્પર અત્યન્તાભાવ અને સમાનાધિકરણ નો.

અહીં પણ પૂછીએ છીએ કે જ્યાં ત્યાં તેમ હોય તો પણ સામાન્યવિરોધ થાય અથવા જ્યાં તેવી પ્રતીતિ ત્યાં જ તેમની પ્રતીતિમાં વિરોધ છે અને અન્યત્ર નથી? ત્યાં પ્રથમ પક્ષ નથી, કારણ કે નિષ્ક્રમણ અને પ્રવેશન ના પરસ્પર અત્યન્તા-ભાવ અને સમાનાધિકરણ નો એક ધર્મીમાં અનુભવ થાય છે. ત્યાં પ્રમાણથી પ્રતીતિસિદ્ધ હોવાથી વિરોધ નથી એમ કહો તો બ્રહ્મમાં ઉભય ધર્મો અપ્રામાણ્ય-શંકાકલંકરહિત વેદથી સિદ્ધ હોવાથી વિરોધ નથી તેથી તુલ્ય જ છે. તેથી દ્વિતીય જ પક્ષ સાધુ છે એમ માનવું. તેથી લોકમાં જ એવી પ્રતીતિ હોવાથી લૌકિક પદાર્થોમાં એમ હોય ત્યારે વિરોધ છે. પરન્તુ અલૌકિક બ્રહ્મધર્મ ધર્મિગ્રાહક પ્રમાણથી સિદ્ધ હોવાથી તેમાં એમ નથી.

36.સવિશેષ શ્રુતિઓ ની બ્રહ્મપરતા કેવળ ઉપાસનાર્થ જ, તેનું ખંડન

પૂર્વપક્ષી:પ્રથમ જ મેં કહ્યું છે કે બ્રહ્મને ઉપાસનામાટે સવિશેષ વર્ણવેલું છે. તેથી અનન્ત કહેવામાં પણ એ જ પ્રયોજન હતું.

સિદ્ધાન્તી:ખરે, મેં પણ કાન સાવધાન રાખી તમે કહ્યું તે સાંભળ્યું છે. પણ તમે કહ્યું તે ઉચિત નથી.

પૂર્વપક્ષી:અમારા કહેવામાં શી અનુપપત્તિ છે?

સિદ્ધાન્તી:તમે ઉપાસનામાટે સવિશેષ તરીકે વર્ણન કર્યું છે એમ માનો છો તેમાં જ અનુપપત્તિ છે. કારણ કે માત્ર ઉપાસનામાટે જ બ્રહ્મનું સવિશેષ તરીકે વર્ણન કરેલું છે તેથી બ્રહ્મમાં માત્ર વિશેષોની ભાવના જ કરેલી પરન્તુ બ્રહ્મ સવિશેષ નથી એમ તમે માનો છો. ઉપાસના આત્મા તરીકે જ કરવામાં આવે છે, અનાત્મા તરીકે ઉપાસના કરવામાં આવતી નથી. "આત્મા, એમ જ ઉપાસના કરવી" "તે અન્ય છે, હું અન્ય છું એમ જે અન્યદેવની ઉપાસના કરે છે તે પશુ પેઠે જાણતો નથી. આમ તે દેવોનો પશુ છે" શ્રુતિઓ આત્મા તરીકે જ ઉપાસના કરવી જોઈએ એવો ઉપદેશ કરે છે. વળી "જે અન્યથા હોનાર આત્માને અન્યથા માને છે તે આત્માપહારી ચોરે શું પાપ નથી કર્યું?" શ્રુતિ આત્મા વસ્તુત: ન હોય તેવા પ્રકારનો માનનાર નિન્દિત છે એમ કહે છે. તેથી આત્મા જેવા પ્રકારનો હોય તેવા પ્રકારનો જ માનવો જોઈએ. આત્મા જેવા પ્રકારનો ન હોય તેવા પ્રકારની તેમાં ભાવના કરવાથી નિન્દાપાત્ર થવાય છે. તેથી જેવા પ્રકારનો આત્મા વસ્તુત: હોય તેવા જ પ્રકારના આત્માની ઉપાસના પણ કરવી જોઈએ અને જેવા પ્રકારના આત્માની ઉપાસના કરવામાં આવે છે તેવા જ પ્રકારનો આત્મા છે. અનન્તરૂપની ઉપાસના કરવામાં આવે છે તેથી બ્રહ્મના અનન્તરૂપ છે. એવો શ્રુતિનો અભિપ્રાય છે તેથી 'અમુકરૂપથી ઉપાસના કરનારને અમુક ફલ આપીશ' એવી ભગવાન્ની ઇચ્છાથી જ ભગવાન્ અનન્તરૂપ ધારણ કરે છે અને ભિન્ન-ભિન્ન રૂપથી ઉપાસના કરનારને ભિન્ન-ભિન્ન ફલ આપે છે, એમ શ્રુતિઓ જણાવે છે. વળી તમારા મત પ્રમાણે ઉપાસનાનો વિષય કલ્પેલો છે. જેની ઉપાસના કરવામાં આવે છે તે કરનારી સર્વ શ્રુતિઓ બ્રહ્મનું નિરૂપણ કરતી નથી એમ તમારા મત પ્રમાણે સિદ્ધ થાય છે. તેથી તમારો મત "સર્વત્ર પ્રસિદ્ધોપદેશાત્" તત્ત્વસૂત્રથી વિરુદ્ધ છે. સર્વત્ર વેદાન્તમાં પ્રસિદ્ધ બ્રહ્મનો જ ઉપદેશ છે એવો એ સૂત્રનો અર્થ છે. વળી બ્રહ્મ જેવું વસ્તુત: નથી તેવી ભાવના ઉપાસનામાટે કરવામાં આવે છે એમ તમે માનો છો તેથી અસત્ય ભાવનાથી ફલ પણ અસત્ જ થવું જોઈએ. બ્રહ્મની ઉપાસનાનું ફલ "તન્નિષ્ઠસ્ય મોક્ષોપદેશાત્" સૂત્રમાં વ્યાસજીએ કહ્યું છે તેવું ફલ થતું નથી. તેથી તે સૂત્રથી પણ તમારો મત વિરુદ્ધ છે. "બ્રહ્મને અસત્ જાણે તો તે અસત્ જ થાય છે" શ્રુતિ કહે છે તે પ્રમાણે જેની ઉપાસના કરો છો તેને તમે અસત્ માનો છો તેથી તમારો અન્ધતમ: નરકમાં જ પ્રવેશ થશે અને તમને ફલમાં અસુરપણું જ પ્રાપ્ત થશે એમ અમે કહીએ છીએ. તમારા જેવા અનેક અસુર સેનાપતિઓ સર્વ પ્રમાણથી વિરુદ્ધ મત અધર્મબુદ્ધિથી ચલાવે છે અને શ્રુતિ, સ્મૃતિ અને આચારપરાયણ લોકો પોતાના બન્ધુઓ અને મિત્રો ને પણ આવો કલ્પિત મત સમજાવી તેમનો વધ કરવા પ્રયત્ન કરે છે. આ સર્વ શ્રુતિ સ્મૃતિ અને આચારપરાયણ લોકોને તેમનો વધ ન થાય તેવો વિજય શીખવતાં અને તમારા જેવા અસુર સેનાપતિઓનો વધ કરી સર્વ સજ્જનોનું પાલન કરતાં શ્રીદેવકીપુત્ર શ્રીમદ્ભગવદ્ગીતામાં સત્ય ઉપદેશ કરે છે. "મારો પરભાવ નહિ જાણનાર મૂઢ માનુષી તનુનો આશ્રય કરેલા ભૂતમહેશ્વરની મારી અવજ્ઞા કરે છે" વાક્યથી અસુરો મારું-પરમેશ્વરનું ભજન

કરતા નથી એમ શ્રીકૃષ્ણચન્દ્ર કહે છે. પછી "પરન્તુ હે પાર્થ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ અનન્યમનવાળા થઈ ભૂતાદિ અને અવ્યય મને ભજે છે" વાક્યથી મહાત્માઓ પરમેશ્વર શ્રીકૃષ્ણચન્દ્રની ભક્તિ કરે છે એમ કહે છે. પછી અસુરભાવનું નિરૂપણ કરતાં ભગવાન્ પ્રથમ અસુરોનો મત "તેઓ જગતને અસત્ય, અપ્રતિષ્ઠ અને અનીશ્વર કહે છે" વાક્યથી જણાવે છે અને ત્યાંથી "હે કૌન્તેય! આસુરી યોનિને પામેલા મૂઢો જન્મેજન્મ મને પ્રાપ્ત કર્યા વિના જ ત્યાંથી અધમ ગતિ પામે છે" વાક્યપર્યન્ત અસુરોનું નિરૂપણ કરે છે. તેથી જ અસુરોની અધમ ગતિ થાય છે એમ અમે પૂર્વે કહ્યું છે. "માનુષી તનુનો આશ્રય કરેલા" વિશેષણ ભગવાને યોજ્યું છે, તે અસુરો ભગવાન્ને કેવા પ્રકારના જાણે છે તે જણાવે છે. અસુરો ભગવાન્ને માત્ર મનુષ્ય જાણે છે. શ્રીકૃષ્ણચન્દ્ર પરબ્રહ્મ છે પરન્તુ અસુરો તેમને મનુષ્ય જાણે છે. એ વિશેષણથી અસુરોને પોતાનું કેવા પ્રકારનું જ્ઞાન છે એમ ભગવાન્ જણાવે છે પરન્તુ પોતાનું સત્ય સ્વરૂપ કહેતા નથી; કારણ કે શ્રીકૃષ્ણચન્દ્રનું સ્વરૂપ વસ્તુત: આનન્દમય જ છે એમ પ્રથમ શ્રીમદ્ભાગવતમાંથી દામોદરલીલા પ્રસ્તાવના વાક્યોથી નિર્ણય કરેલો છે. આ સર્વનો શ્રીમદાચાર્યચરણે આનન્દમય અધિકરણમાં શ્રીમદણુભાષ્યમાં વિસ્તારથી વિચાર કરેલો છે. ભગવાન્ વસ્તુત: મનુષ્ય નથી. તેથી જ ભગવાન્ પણ તે જ સ્થળે "માનુષીં તનુમાશ્રિતમ્" પછી જ "પરં ભાવમજાનન્ત:" એમ કહે છે. અસુર લોકો ભગવાન્ને માનુષી તનુનો આશ્રય કરેલા જાણે છે તેનું કારણ એ છે કે તેઓ ભગવાન્ના પરભાવ જાણતા નથી. ભગવાન્ માત્ર આનન્દમય જ છે એ જ તેમનો પરભાવ છે. તેથી ભગવાન્ના સર્વ વિશેષ અલૌકિક જ છે અને સ્વત:સિદ્ધ પ્રમાણ વેદથી જ તે અલૌકિક છે એમ જણાય છે. તેથી "વિશેષો લૌકિક હોવાથી અને બ્રહ્મ અલૌકિક હોવાથી બ્રહ્મમાં વિશેષોનો નિષેધ જ ઉચિત છે. વિશેષોને અલૌકિક કલ્પવામાં અને બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય છે એવી તેમાં અલૌકિક શક્તિ કલ્પવામાં ગૌરવ થાય છે" એમ તમે કહેતા હતા તેનો નિરાસ થાય છે, કારણ કે બ્રહ્મની અલૌકિક શક્તિ અને વિશેષોનું અલૌકિકપણું સર્વ પ્રમાણસિદ્ધ જ છે, કાંઈ કલ્પેલું નથી. પોતાની યુક્તિથી કલ્પના કરી હોય તો તેમાં ગૌરવદોષ આવે પરન્તુ પ્રમાણસિદ્ધ અર્થમાં ગૌરવદોષ સમ્ભવતો નથી. પ્રમાણસિદ્ધ અર્થમાં પણ ગૌરવદોષ જો સમ્ભવતો હોય તો બ્રહ્મનો અંગીકાર કરવામાં પણ ગૌરવદોષ થાય તેથી બ્રહ્મનો પણ અંગીકાર કરવો જોઈએ નહિ. એમ કરો તો શૂન્યવાદ થઈ જાય અને ગંગાજીના તરંગના સંગવાળા કમલની પરાગથી ધૂસર થએલા વાયુના સુખની ભીતિથી પોતાનો વૈરાગ્ય લોકોને જણાવવા તેમની સમક્ષ એવા વાયુથી દૂર નાસતાં તમારો નિર્વિણ્ણ થએલા ધૂર્ત માયાવાદીનો શૂકરની ખાઈમાં પાત થાય છે.

વળી "અસ્થૂલમ્ અનણુ" વિગેરે વાક્યનો વિરોધ આવે તેથી વિશેષો કલ્પિત છે એમ તમે કહો છો. બ્રહ્મને વિશેષો હોય તો 'અસ્થૂલમનણુ' વિગેરે વાક્યથી શ્રુતિ બ્રહ્મનું નિરૂપણ કરે નહિ એમ તમે કહો છો પરન્તુ વિરોધ કાંઈ શબ્દમાં હોતો નથી, વિરોધ અર્થમાં રહેલો છે. ત્યારે અહીં વિરોધ કયા-કયા અર્થમાં છે એમ કહો.

પૂર્વપક્ષી:પરસ્પર અત્યન્તાભાવ અને સમાનાધિકરણ નો વિરોધ છે. અશ્વમાં ગોત્વ નથી અને ગાયમાં અશ્વત્વ નથી, તેથી અશ્વ અને ગો નો પરસ્પર અત્યન્તાભાવ છે. આવા પદાર્થનું સમાનાધિકરણ કરવામાં આવે, અર્થાત્ અશ્વ ગાય છે એમ કહેવામાં આવે તો અવશ્ય વિરોધ થાય જ. અહીં પણ એમ જ થાય છે. જેનામાં ગુણ હોય તે સવિશેષ કહેવાય અને તેમાં નિર્ગુણપણું નથી, અને જે નિર્ગુણ હોય તેમાં વિશેષ નથી. તેથી વિશેષ અને નિર્વિશેષ નો પરસ્પર અત્યન્તાભાવ છે. એ ઉભયનું સમાનાધિકરણ કરવામાં અર્થાત્ બ્રહ્મ સવિશેષ અને નિર્વિશેષ ઉભય છે એમ કહેવામાં વિરોધ થાય છે.

સિદ્ધાન્તી:એક સ્થળે પરસ્પર અત્યન્તાભાવ અને સમાનાધિકરણ નો વિરોધ જોઈએ તો સર્વત્ર તેમનો વિરોધ જ છે એમ માનો છો કે જ્યાં તેમનો વિરોધ જોવામાં આવે ત્યાં જ તેમનો વિરોધ છે એમ માનો છો? એક સ્થળે તેમનામાં વિરોધ જોવાથી સર્વત્ર તેમનામાં વિરોધ છે એમ કહી શકાય નહિ, કારણ કે અશ્વ અને ગાય માં એવો વિરોધ જોયો તેથી સર્વત્ર તેમનો વિરોધ છે એમ કહેવું પડે. ઘરમાંથી બહાર નીકળી અથવા નિષ્ક્રમણ કરી ચોકમાં આપણે પ્રવેશ કરીએ ત્યારે આપણે એક જ ક્રિયા ચલન અર્થાત્ ચાલવાની કરીએ છીએ. એ ક્રિયામાં નિષ્ક્રમણ અને પ્રવેશ ઉભય છે. નિષ્ક્રમણમાં પ્રવેશનો અત્યન્તાભાવ છે અને પ્રવેશમાં નિષ્ક્રમણનો અત્યન્તાભાવ છે. તેથી પ્રવેશ નિષ્ક્રમણ છે અથવા નિષ્ક્રમણ પ્રવેશ છે એમ કહેવું જોઈએ નહિ. તથાપિ આ એક જ ક્રિયામાં નિષ્ક્રમણ અને પ્રવેશ ઉભય છે. અહીં પણ તેમના સમાનાધિકરણનો વિરોધ હોવો જોઈએ, પરન્તુ વિરોધ નથી. તેથી એક જ સ્થળે તેમનો વિરોધ જોવાથી સર્વત્ર તેમનો વિરોધ છે એમ કહેવાય નહિ.

પૂર્વપક્ષી:ત્યાં એક જ ક્રિયા નિષ્ક્રમણ અને પ્રવેશ ઉભય છે એમ પ્રત્યક્ષથી સિદ્ધ થાય છે તેથી તેમનામાં વિરોધ નથી.

સિદ્ધાન્તી:બ્રહ્મ પણ સવિશેષ અને નિર્વિશેષ ઉભય છે એમ વેદથી જ સિદ્ધ થાય છે. વેદમાં અપ્રામાણ્યની શંકા પણ સમ્ભવતી નથી. તેથી બ્રહ્મ સવિશેષ અને નિર્વિશેષ ઉભય છે એમ કહેવામાં કાંઈ વિરોધ નથી. તેથી પરસ્પર અત્યન્તાભાવ અને સમાનાધિકરણ નો વિરોધ જ્યાં જોવામાં આવે ત્યાં જ તેમનો વિરોધ છે એમ માનવું ઉચિત છે. લોકમાં તેમનો વિરોધ ઘણે સ્થળે જણાય છે તેથી લૌકિક પદાર્થમાં તેમનો વિરોધ ગણવો ઉચિત છે. પરન્તુ બ્રહ્મનું જ્ઞાન કરાવનાર પ્રમાણ વેદથી સિદ્ધ થએલા બ્રહ્મના અલૌકિક ધર્મોમાં તેમનો વિરોધ ગણવો ઉચિત નથી.

---

37. બ્રહ્મના ધર્મો અપ્રાકૃત :

જો શ્રુતિ કેવલ પરસ્પર વિરુદ્ધ અનેક ધર્મવત્વનો બોધ કરત, પરન્તુ નિષેધ ન કરત તો એમ થાત પરન્તુ એમ નથી પણ "નેતિ નેતિ" એમ નિષેધ કરે છે. તેથી સર્વ શ્રુતિની ઉપપત્તિમાટે બ્રહ્મ નિર્ધર્મક છે, કારણ કે સ્વયં જ ધર્મ કહી સ્વયં જ તેનો નિષેધ કરે છે. ધર્મનું નિરૂપણ તો જેમ તેમ ધર્મીનું પ્રતિપાદન કરવામાટે છે કારણ કે અન્યથા ધર્મીનું નિરૂપણ થઈ

શકે જ નહિ. અને તેના અજ્ઞાનથી સર્વના મોક્ષનો ઉચ્છેદ થાય. તેથી તે સિદ્ધ થાય ત્યારે ધર્મના નિષેધદ્વારા શુદ્ધ બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ માનવું.

બરાબર, જો પોતે કહેલા જ ધર્મનો શ્રુતિ નિષેધ કરતી હોત તો એમ માનવાનું થાત; પરન્તુ એમ નથી. પણ બ્રહ્મધર્મનું નિરૂપણ થયા પછી તેમાં પ્રાકૃતત્વ આદિની શંકા થાય તેની નિવૃત્તિમાટે પ્રાપઞ્ચિક ધર્મોનો જ બ્રહ્મમાં નિષેધ કરે છે. અન્યથા, અસત્પદાર્થના નિરૂપક હોવાથી અને પ્રતારક હોવાથી શ્રુતિનું અપ્રામાણ્ય થાય. લોકપ્રસિદ્ધ દુ:ખિતત્વ આદિ ધર્મના નિષેધથી પણ નિર્ધર્મક બ્રહ્મનું નિરૂપણ થઈ શકે.

શ્રુતિએ કહેલા ધર્મ પણ લૌકિક જ છે.

રે મૂઢ, લોકમાં કોઈ સ્થળે તે અથવા તારા પિતાએ એક ધર્મીમાં સર્વપાણિપાદાન્તત્વ, સર્વેશિતૃત્વ ઇત્યાદિ જોયા છે, અથવા બ્રહ્મથી અતિરિક્તમાં સાંભળ્યા છે કે તેઓમાં પણ લૌકિક ધર્મનો અનુવાદ છે એમ કહે છે?

અપ્રસિદ્ધ પણ બોધ કરવા પોતે જ કહી તેનો નિષેધ કરે છે!

એમ ન કહેવાય, કારણ કે તેનો ઉત્તર આપેલો જ છે અને શ્રુતિએ કહેલાં બ્રહ્મમાં પણ અનાશ્વાસન થવાથી મહાન્ અનય(અપરાધ) થાય. વળી "આદ્યનો જન્મ જેમાંથી" ઇત્યાદિ લક્ષણવાળા બ્રહ્મનું નિરૂપણ કરનાર બાદરાયણ, પૂર્વે "અથ તેથી બ્રહ્મજિજ્ઞાસા" એમ કહી અસ્થૂલાદિ શ્રુતિનો વિચાર કરતાં "અથ બ્રહ્મજિજ્ઞાસા" એમ કહેત. આમ હોવાથી સર્વ વેદાન્તોના બ્રહ્મ-પરત્વની તિલાઞ્જલિ થઈ જાય; તેથી સમન્વય અધ્યાયની અસંગતિ થાય. સૂત્રમાં સવિશેષ નિરૂપણ કરનાર શ્રુતિના પરસ્પર વિરોધનું ચિન્તન પણ અપ્રયોજક થાય, કારણ કે નિષેધ્યના અવિરોધ અથવા વિરોધ માં કાંઈ વિશેષ નથી.

"તત્પ્રધાન હોવાથી અરૂપવત્ જ" "પ્રકૃતૈતાવત્ત્વનો પ્રતિષેધ કરે છે પછી ભૂય: કહે છે" ઇત્યાદિ સૂત્રોમાં પણ નિર્વિશેષનું મુખ્ય તરીકે નિરૂપણ કરેલું છે.

એમ નથી. તમે તેનો અર્થ જાણતા નથી. કારણ કે ત્યાં જડ અને જીવ ના ધર્મો બ્રહ્મમાં છે કે નહિ એમ વિચાર કરતાં તેમનું નિરૂપણ કરનાર અને નિષેધ કરનાર શ્રુતિઓના પરસ્પર વિરોધના પરિહારનો વિચાર કરતાં, ઉભય શ્રુતિવાક્ય હોવાથી એકનો પણ બાધ અશક્ય છે એમ જાણી, ઔપાધિક બ્રહ્મ સવિશેષશ્રુતિનો વિષય છે અને નિરૂપાધિસ્વરૂપ બ્રહ્મ નિર્વિશેષશ્રુતિનો વિષય છે એ મતનો "સ્થાનથી પણ પરનું ઉભયલિંગ નથી, કારણ કે તે સર્વત્ર છે" સૂત્રથી ઔપાધિક હોય તો બ્રહ્મનો એવો સ્વભાવ સમ્ભવે નહિ તેથી એ શ્રુતિઓ અબ્રહ્મનિરૂપક થઈ જાય એમ નિરાસ કરી, વળી ઉપહિત અને અનુપહિત ના ભેદના અંગીકારથી બ્રહ્મનું ઉભયરૂપ થશે એવા મતની ઉપપત્તિની આશંકા કરી "ભેદને લીધે નહિ એમ નહિ, પ્રત્યેકમાં એતદ્વચનને લીધે" સૂત્રથી અને "અને કેટલાક એમ પણ" એમ અગ્રિમથી અભેદબોધક શ્રુતિના વિરોધના નિરૂપણથી (તેનો) નિરાસ કરી, વળી આકાર પ્રપઞ્ચમધ્યપાતી હોવાથી અને પ્રપઞ્ચ જન્ય હોવાથી તે પણ જન્ય છે તેથી તેઓમાં બ્રહ્મના અભેદનો બોધ ઔપચારિક છે તેથી સાકારનું નિરૂપણ કરનાર શ્રુતિઓ બ્રહ્મનું નિરૂપણ કરતી

નથી એમ શંકા થાય, ત્યારે "તત્પ્રધાનને લીધે અરૂપવત્ જ" (બ્રહ્મસૂ.3।14)એમ કહે છે. જો આકાર પ્રાપઞ્ચિક હોય તો એમ થાય પરન્તુ તેમ નથી; કારણ કે પ્રપઞ્ચમાં સ્થિતિ હોવાથી જ પ્રાપઞ્ચિક કહી શકાય નહિ, કેમકે તમારું માનેલું પણ એવું જ થઈ જાય. તેથી નિરાકારવાદિની પેઠે સાકારવાદિની શ્રુતિમાં પણ તે અરૂપવત્ જ પ્રતિપાદન કરેલું છે. જેનું રૂપ અથવા નિરૂપણ કરવામાં આવે અથવા જેનો વ્યવહાર થાય તે રૂપ, અર્થાત્ સર્વવ્યવહારનું વિષયત્વ. તેનાથી યુક્ત રૂપવત્ વિશ્વ. બ્રહ્મ તો તેનાથી વિલક્ષણ છે એવો અર્થ છે. જેમ આ છે તેમ મૃત્સ્નાભક્ષણ આદિ પ્રસંગના નિરૂપણથી તેનું નિરૂપણ થએલું છે અથવા જેનાથી રૂપ અથવા વ્યવહાર થાય તે કર-ચરણ આદિ કહેલાં છે. તેથી જેમ લોકમાં કર આદિ ભિન્ન અને કરાદિવાળો અભિમાની ભિન્ન છે તેમ કર આદિથી ભિન્ન તેમના અભિમાની તરીકે શ્રુતિમાં બ્રહ્મનું નિરૂપણ કરેલું નથી; પરન્તુ કર આદિ પણ બ્રહ્મ જ હોવાથી ભેદના અભાવને લીધે રૂપનું જ નિરૂપણ કરેલું છે રૂપવત્નું નહિ, એવો અર્થ છે. કર આદિ પણ બ્રહ્મ જ છે તેનાથી ભિન્ન નથી એમ કેમ જાણ્યું? તેથી તેનો નિશ્ચય કરાવનાર "તત્પ્રધાનને લીધે" એમ કહે છે; કારણ કે સર્વ વેદાન્તનું પ્રાધાન્યથી બ્રહ્મ જ પ્રતિપાદ્ય છે. કર આદિ અબ્રહ્મ હોય તો તેમનું નિરૂપણ કરનાર વેદાન્ત અબ્રહ્મપર થાય અને બ્રહ્મપરત્વના નિયમની વ્યાહતિ થાય. તેથી કર આદિનું નિરૂપણ કરનાર પણ સાક્ષાત્ બ્રહ્મનું નિરૂપણ કરનાર જ છે એવો અર્થ છે. "સર્વત્ર પ્રસિદ્ધના ઉપદેશને લીધે" "એનું આમાં આમનન કરે છે" 32) ઇત્યાદિ અધિકરણરૂપ ઉપ
પત્તિ 'હિ' શબ્દથી કહે છે.

"જેમ સૌન્ધવઘન અનન્તર અને અબાહ્ય સર્વ રસઘન છે તેમ અરે આ આત્મા અનન્તર અબાહ્ય સર્વ પ્રજ્ઞાનઘન જ છે" 4।13)

"સત્ય વિજ્ઞાન આનન્દ બ્રહ્મ" ( )

"કેવલ આનન્દના કર પાદ મુખ ઉદર આદિવાળા" પઞ્ચ.)

"અભ્યાસને લીધે આનન્દમય બ્રહ્મ" (બ્રહ્મસૂ.1।11)

એ શ્રુતિ સ્મૃતિ અને ન્યાય ની એકવાક્યતાથી કર આદિ પણ સચ્ચિદાનન્દ રૂપ જ માનવા. તેથી જ સૂત્રકાર પણ આગળ "અને તન્માત્ર જ કહે છે" 3।16) એમ કહે છે. આ શ્રુતિઓનું જ અત્ર અનુસન્ધાન કરવાનું છે. તમારા માનેલા વ્યાખ્યાનમાં તો 'અરૂપમ્' એટલાથી જ ચારિતાર્થ્ય થાય, રૂપવત્વ ઉભયવાદીને અસમ્મત હોવાથી વિવાદાસ્પદ ન હોવાથી તેનો નિષેધ અનુપપન્ન થાય, કારણ કે સિદ્ધાન્તમાં રૂપરૂપ માનેલું છે. આમ હોવાથી તેમ કહેલું છે. તેથી અમારો કહેલો જ અર્થ સૂત્રકારે માનેલો છે એમ જણાય છે.

વળી "અને દર્શનને લીધે" સુધી શ્રુતિ-સ્મૃતિ અને પ્રત્યક્ષ થી સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય હોવાથી વિરોધનો પરિહાર કરી 'પ્રકૃતૈતાવત્વ' એમ યુક્તિથી તેનો પ્રતિષેધ કરે છે. અસ્થૂલાદિ વાક્યથી એતાવત્વ (અર્થાત્) સ્થૂલત્વ, અણુત્વ, હ્રસ્વત્વ આદિનો શ્રુતિ બ્રહ્મમાં પ્રતિષેધ કરે છે તે પ્રકૃતમાં લોકમાં અથવા પ્રકૃત જે લૌકિક એતાવત્વ તેનો જ પ્રતિષેધ કરે છે, પરન્તુ પોતે કહેલા સર્વેશિતૃત્વ આદિ ધર્મોનો નહિ એવો અર્થ છે. આમ જ 'ન ઇતિ' એમાં

‘ઇતિ’ શબ્દ પ્રકારવાચી છે. તેથી "જે આમ જાણે છે” સુધી પ્રથમ બ્રહ્મના વિભૂતિરૂપ મૂર્તામૂર્તનું નિરૂપણ કરી "જેના આ બે રૂપ છે” અને ષષ્ઠ્યન્ત પદથી જેના ભેદનું પૂર્વે નિરૂપણ કરેલું છે તેમાં નિરૂપણ કરેલા "સર્વત: પાણિપાદાન્તત્વ” આદિનું લૌકિક તરીકે જ્ઞાન ન થાય તેથી ભિન્ન પ્રક્રમથી એવા પ્રકારના જ્ઞાનનો બ્રહ્મમાં "હવે અહીથી” ઇત્યાદિથી નિષેધ કરે છે. અર્થ નીચે પ્રમાણે છે. "સર્વત: પાણિ” ઇત્યાદિ શ્રુત્યુક્ત અમૂર્ત રૂપ જાણવાં પરન્તુ "બહ્મનાં આ રૂપ છે” એ પ્રકારથી ન જાણવાં પરન્તુ ‘બ્રહ્મ જ છે’ એમ જાણવાં એવો અર્થ છે. અહીં "પછી ભૂય: કહે છે” એમ સૂત્રકાર નિશ્ચયકારક વાક્ય કહે છે. જે વાક્યમાં અથવા પ્રકરણમાં નિષેધ કરે છે તેમાં જ નિષેધ પછી શ્રુતિ પુન: તે ધર્મ કહે છે; જેમકે "ઇન્દ્રિયો પરાઞ્ચિ છે” 2। 1) કહી "પ્રત્યગાત્માનું ઈક્ષણ કર્યું” કહે છે; "જેમાંથી વાણી મન સહિત પહોંચ્યા વિના પાછા ફરે છે” કહી "બ્રહ્મનો આનન્દ જાણનાર” કહે છે; "અસ્થૂલ” ઇત્યાદિ કહી "હે ગાર્ગિ! આ અક્ષરની આજ્ઞાથી દ્યાવાપૃથિવી વિધૃત રહે છે” કહે છે. ઇત્યાદિ તમારા વ્યાખ્યાનમાં તો ‘પ્રકૃત’પદ વ્યર્થ થઈ જાય કારણ કે ‘એતાવત્’ પદથી જ સાન્નિધ્યને લીધે ઉભય રૂપની પ્રતીતિનો સમ્ભવ છે.

‘એતાવત્’ પદ સામાન્યવાચક હોવાથી તે વિશેષવાચક છે.

એમ નથી, કારણ કે તે તુલ્ય છે. અથવા ‘નેતિ નેતિ’ વાક્યનો અત્ર વિચાર કરવામાં આવે છે કે નિષેધ કોનો છે? ત્યાં સૂત્રમાં ‘પ્રકૃત’ શબ્દથી "બ્રહ્મના બે રૂપ” (બૃહદા.ઉપ. 2।1) ઇત્યાદિથી કહેલાં મૂર્ત અને અમૂર્ત બે રૂપનો પરામર્શ થાય છે એવો તમારો મત છે. તેથી "પ્રકૃતત્વનો પ્રતિષેધ કરે છે” એટલાથી જ ચારિતાર્થ્ય થવાથી ‘એતાવત્’ પદ વ્યર્થ થાય છે. તેથી અમારો કહેલો અર્થ જ વ્યાસજીએ ધારેલો છે એમ માનવું. તેથી સવિશેષ અને નિર્વિશેષ નિરૂપણ કરનારી શ્રુતિઓમાં વિરોધ ન હોવાથી બ્રહ્મ પ્રાપઞ્ચિક ધર્મરહિત સહજ અનન્ત ધર્મયુક્ત છે એમ સિદ્ધ થાય છે.

---

37. બ્રહ્મના ધર્મો અપ્રાકૃત

પૂર્વપક્ષી:શ્રુતિ પરસ્પર વિરુદ્ધ અનેક ધર્મનો જ માત્ર બોધ કરતી હોત તો તમે કહ્યું તેમ બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે એમ સ્વીકારત. પરન્તુ શ્રુતિ બ્રહ્મમાં વર્ણવેલા ધર્મોનો નિષેધ પણ કરે છે. ‘નેતિ-નેતિ’ કહી શ્રુતિ પૂર્વે વર્ણવેલા ધર્મનો બ્રહ્મમાં નિષેધ કરે છે. તેથી બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય નથી એટલું જ નહિ પરન્તુ બ્રહ્મ નિર્ધર્મક છે એમ માનવું જોઈએ, કારણ કે બ્રહ્મને નિર્ધર્મક માનીએ તો જ સર્વ શ્રુતિની ઉપપત્તિ થાય. બ્રહ્મના ધર્મનું શ્રુતિ પોતે નિરૂપણ કરે છે અને પછી પોતે જ તે ધર્મોનો નિષેધ કરે છે. ધર્મિ બ્રહ્મનું કોઈ પણ પ્રકારે જ્ઞાન પ્રાપ્ત કરાવવા બ્રહ્મમાં ધર્મોનું નિરૂપણ કરે છે, કારણ કે વસ્તુત: બ્રહ્મ નિર્ધર્મક છે અને નિર્ધર્મક પદાર્થનું જ્ઞાન થઈ શકે નહિ. બ્રહ્મનું જ્ઞાન ન થાય તો મોક્ષ પણ સમ્ભવે નહિ. તેથી બ્રહ્મનું જ્ઞાન કોઈ પણ પ્રકારે પ્રાપ્ત કરાવવા શ્રુતિ પ્રથમ બ્રહ્મમાં ધર્મોનું નિરૂપણ કરે છે.

પછી સવિશેષ બ્રહ્મનું જ્ઞાન થાય ત્યારે ધર્મોનો નિષેધ કરી શુદ્ધ બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ અવશ્ય માનવું જોઈએ.

સિદ્ધાન્તી:ખરે જો શ્રુતિ પોતે વર્ણવેલા જ ધર્મોનો નિષેધ કરતી હોય તો અવશ્ય એમ માનવું જોઈએ, પરન્તુ શ્રુતિ પોતે વર્ણવેલા ધર્મોનો નિષેધ કરતી નથી. પરન્તુ બ્રહ્મના ધર્મ વર્ણવ્યા તે ધર્મ આપણે લોકમાં અનુભવીએ છીએ તેવા પ્રાકૃત હોવા જોઈએ એવી શંકા થાય તે દૂર કરવા પ્રપઞ્ચના પ્રાકૃત ધર્મોનો જ બ્રહ્મમાં નિષેધ કરે છે. તમો કહો છો તે પ્રમાણે માની શકાય તેમ નથી, કારણ કે બ્રહ્મમાં કોઈ પણ પ્રકારના ધર્મ નથી એમ તમારો કહેવાનો ભાવાર્થ છે. તેથી બ્રહ્મ અસત્ પદાર્થ જ કહેવાય. શ્રુતિ અસત્ પદાર્થનું નિરૂપણ કરનારી હોવાથી પ્રમાણ ગણાય નહિ. વળી બ્રહ્મમાં ન હોય તેવા ધર્મનું બ્રહ્મમાં નિરૂપણ કરનારી હોવાથી શ્રુતિ પ્રતારણા કરે છે એમ જ કહેવાય, અને તેથી પણ તે પ્રમાણ ગણાય નહિ. વળી જો ધર્મનો નિષેધ કરી બ્રહ્મનું જ્ઞાન શ્રુતિને કરાવવું હોય તો દુ:ખીપણુ વિગેરે લોકમાં પ્રસિદ્ધ ધર્મનો બ્રહ્મમાં નિષેધ કરત. તેથી જ આપણને બ્રહ્મનું જ્ઞાન થાત. શ્રુતિને બ્રહ્મમાં અલૌકિક ધર્મનું નિરૂપણ કરવાનું કાંઈ કારણ ન હતું.

પૂર્વપક્ષી:શ્રુતિએ જે ધર્મનું બ્રહ્મમાં નિરૂપણ કર્યું છે તે સર્વ લૌકિક જ છે. અલૌકિક ધર્મનું શ્રુતિઓ બ્રહ્મમાં નિરૂપણ કર્યું નથી.

સિદ્ધાન્તી:રે મૂઢ! એક ધર્મી અથવા એક જ પદાર્થ સર્વત: પાણિ-પાદ ના અન્તવાળો, સર્વને નિયમમાં રાખનાર અને માત્ર આનન્દના જ કર-પાદ વિગેરે અવયવ-વાળો હોય એવું તમે અથવા તમારા બાપે લોકમાં કદાપિ જોયું છે? અથવા બ્રહ્મ વિના કોઈ પણ પદાર્થ વિષે એવું સાંભળ્યું છે? લોકમાં આવા ધર્મોનો કોઈ પણ સમયે અનુભવ કર્યા વિના શ્રુતિએ વર્ણવેલા આ સર્વ ધર્મ લૌકિક જ છે એમ કહેવું અતિશય અનુચિત જ છે. તેથી આ ધર્મોનું નિરૂપણ કરવામાં શ્રુતિ માત્ર લૌકિક ધર્મોનો અનુવાદ જ કરે છે એમ કહેવાય નહિ.

પૂર્વપક્ષી:આ ધર્મો લોકમાં પ્રસિદ્ધ નથી તો પણ શ્રુતિ તેમનું બ્રહ્મમાં નિરૂપણ કરી પછી નિષેધ કરે છે.

સિદ્ધાન્તી:એમ પણ કહેવાય નહિ. કારણ કે શ્રુતિ એમ કરતી હોય તો બ્રહ્મ વસ્તુત: અસત્ જ ગણાય, અને અસત્ પદાર્થનું નિરૂપણ કરનારી શ્રુતિ પ્રમાણ ગણાય નહિ. વળી બ્રહ્મમાં ન હોય તેવા ધર્મોનું તેમાં શ્રુતિ નિરૂપણ કરે તો તેણે પ્રતારણા કરી કહેવાય અને તેથી પણ તે પ્રમાણ ગણાય નહિ. આ પ્રમાણે પ્રથમ પણ અમે ઉત્તર આપી ચુક્યા છીએ.

વળી શ્રુતિ પ્રસિદ્ધ લૌકિક ધર્મોનું જ બ્રહ્મમાં નિરૂપણ કરી પછી તેમનો નિષેધ કરતી હોય તો બ્રહ્મ અસત્ થાય અને તે પણ આશ્વાસનનું સ્થાન રહે નહિ એવો મહાન્ દોષ પ્રાપ્ત થાય. વળી આ જગતના જન્મ વિગેરે જેમાંથી થાય છે એવું બ્રહ્મનું લક્ષણ કરતાં પ્રથમ 'અર્થાતો બ્રહ્મજિજ્ઞાસા' પ્રતિજ્ઞા કરી પુન: 'અસ્થૂલમનણુ' શ્રુતિનો વિચાર કરતી વખતે 'અથ બ્રહ્મજિજ્ઞાસા' એવી પ્રતિજ્ઞા કરત. બ્રહ્મનું સ્વરૂપ વસ્તુત: તમે કહો છો તેવું હોત તો 'અસ્થૂલમ્' વિગેરે શ્રુતિનું નિરૂપણ કરતી વખતે 'અથ બ્રહ્મજિજ્ઞાસા' એવી પ્રતિજ્ઞા સૂત્રકાર

અવશ્ય કરત. વળી સર્વ સવિશેષ વાક્યો વસ્તુત: બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ કહેવાય નહિ. તેથી સર્વ વેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય થાય છે એમ કહેવાય નહિ, પરન્તુ એ સમન્વયના સિદ્ધાન્તનો અવશ્ય ત્યાગ કરવો પડે. તેથી બ્રહ્મસૂત્રના પ્રથમ અધ્યાયમાં સર્વ વેદાન્તોના બ્રહ્મમાં સમન્વયનું પ્રતિપાદન કરેલું છે તે સર્વ અસંગત ગણાય. વળી "સદેવ સૌમ્યેદમગ્ર આસીત્" "અસદ્વા ઇદમગ્ર આસીત્" શ્રુતિઓ છે તે પરસ્પર વિરુદ્ધ જણાય છે, પરન્તુ દ્વિતીય શ્રુતિમાં કારણ બ્રહ્મ અવ્યાકૃત અવસ્થામાં હોવાથી તેને 'અસત્' કહેલું છે. તેથી વસ્તુત: આ શ્રુતિઓમાં વિરોધ નથી. આ પ્રમાણે શ્રુતિમાં અવિરોધ છે એવો નિર્ણય બ્રહ્મસૂત્રના દ્વિતીયાધ્યાયના પ્રથમ પાદમાં "અસદ્-વ્યપદેશાદ્, ન, ઇતિ ચેદ્, ન, ધર્માન્તરેણ વાક્યશેષાત્" સૂત્રમાં કરેલો છે. "અસદ્વા ઇદમગ્ર આસીત્" શ્રુતિમાં કારણને કાર્યની ઉત્પત્તિ પહેલાં અસત્ કહેલું છે એમ કહો તો તે સત્ય નથી, કારણ કે કાર્યની ઉત્પત્તિ પહેલાં કારણ અવ્યાકૃત અવસ્થામાં હોવાથી જ તેને અસત્ કહેલું છે. આજ કારણથી તેને 'અસત્' કહેલું છે એમ વાક્યશેષ અર્થાત્ બાકીના વાક્યથી જણાય છે. "તદ્ આત્માનં સ્વયમ્ અકુરુત" પોતાને પોતાની મેળે કર્યા' વાક્યશેષ છે. તેથી કારણ અસત્ ન હતું પરન્તુ અવ્યાકૃત અવસ્થામાં હોવાથી જ તેને અસત્ કહેલું છે. આ પ્રમાણે શ્રુતિમાં બ્રહ્મના વિશેષોના વિરોધનો સૂત્રમાં પરિહાર કરેલો છે. તમે કહો છો તેમ સર્વ વિશેષનો નિષેધ કરવાનો હોય તો આવો વિરાધનો પરિહાર કરવાની આવશ્યક્તા ન હતી. આ સર્વ અવિરોધચિન્તન વ્યર્થ થઈ જાય, કારણ કે જે ગુણોનો નિષેધ કરવાનો છે તે પરસ્પર વિરુદ્ધ હોય અથવા ન હોય તેમાં કાંઈ ક્ષતિ નથી.

પૂર્વપક્ષી:પણ તૃતીયાધ્યાયમાં "અરૂપવદેવ હિ તત્પ્રધાનત્વાત્" "પ્રકૃતૈતાવત્ત્વં હિ પ્રતિષેધતિ તતો બ્રવીતિ ચ ભૂય:" સૂત્રો મુખ્યતાથી જ નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરે છે. તેથી બ્રહ્મ નિર્વિશેષ માનવું જ જોઈએ.

સિદ્ધાન્તી:એમ ન કહો. તમે સૂત્રોનો અર્થ જાણતા નથી તેથી જ એમ કહો છો. ત્યાં પ્રથમ જીવ અને જડ પદાર્થના ધર્મો બ્રહ્મમાં છે કે નહિ એ વિચાર સૂત્રકાર કરે છે. જે શ્રુતિઓ બ્રહ્મમાં આ ધર્મોનો નિષેધ કરે છે તે શ્રુતિઓના અવિરોધના પરિહારનો સૂત્રકાર વિચાર કરે છે. ઉભય શ્રુતિઓ છે અને તેથી કોઈ એક પ્રકારની શ્રુતિઓ અન્ય પ્રકારની શ્રુતિઓનો બાધ કરવાને સમર્થ નથી એમ પણ તે ધ્યાનમાં રાખે છે. વિરોધના પરિહારનો વિચાર કરતાં પ્રથમ "સવિશેષ શ્રુતિઓ તાત્ત્વિક ઉપાધિવાળા બ્રહ્મનું નિરૂપણ કરે છે અને નિર્વિશેષ શ્રુતિઓ ઉપાધિરહિત બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરે છે" એ મતનું "ન સ્થાનતોડપિ પરસ્યોભયલિંગં સર્વત્ર હિ" સૂત્રથી ખણ્ડન કરે છે. સવિશેષશ્રુતિઓ તાત્ત્વિક ઉપાધિવાળા બ્રહ્મનું નિરૂપણ કરતી હોય, વસ્તુત: એ ગુણો તાત્ત્વિક ઉપાધિના જ હોય, તો તે બ્રહ્મના ગુણો કહેવાય નહિ. તેથી એ સવિશેષશ્રુતિઓ બ્રહ્મસ્વરૂપનું અર્થાત્ બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ કહેવાય નહિ, પરન્તુ તે અબ્રહ્મનું જ નિરૂપણ કરે છે એમ સ્વીકારવું પડે. તે મત સમન્વયાધ્યાયથી વિરુદ્ધ છે.

પછી આ શ્રુતિઓના વિરોધનો અન્ય રીતે પરિહાર સૂચવે છે.

ઉપહિત અર્થાત્ ઉપાધિવાળું અને અનુપહિત અર્થાત્ ઉપાધિરહિત બ્રહ્મ ભિન્ન છે. પ્રપઞ્ચથી વિલક્ષણ બ્રહ્મ ભિન્ન છે અને પ્રપઞ્ચના ધર્મવાળું બ્રહ્મ ભિન્ન છે. એ પ્રમાણે બ્રહ્મમાં ભેદ માનવાથી વિરોધ રહેશે નહિ. આ મતનો પણ નિરાસ કરે છે. આમ પણ માની શકાય નહિ, કારણ કે બ્રહ્મનો અભેદ શ્રુતિ કહે છે. આ મતનું નિરૂપણ તથા તેનું ખણ્ડન સૂત્રકાર "ન ભેદાદિતિ ચેન્ન પ્રત્યેકમતદ્વચનાત્" સૂત્રથી કરે છે. બ્રહ્મ ભિન્ન હોવાથી વિરોધ રહેતો નથી એમ કહો તો તે ઉચિત નથી કારણ કે દરેક બ્રહ્મના સ્વરૂપમાં અભેદ છે એમ "અયમેવ સ યોઽયમ્" "સ યચાયં પુરુષે યશ્ચાસાવાદિત્યે સ એક:" શ્રુતિઓ કહે છે. "અપિ ચૈવમેકે" એ પછીના સૂત્રમાં પણ કોઈ શાખાવાળાઓ ભેદનો નિષેધ કરી અભેદનું જ નિરૂપણ કરે છે એમ કહે છે. "મનસૈવ ઇદમ્ આપ્તવ્યં ન ઇહ નાના અસ્તિ કિઞ્ચન મૃત્યો: સ મૃત્યુમાપ્નોતિ ય ઇહ નાનેવ પશ્યતિ" શ્રુતિ ધ્યાનમાં રાખી આ સૂત્ર સૂત્રકારે યોજેલું છે.

પછી "આકાર પ્રપઞ્ચમાં હોય છે તેથી પ્રાપઞ્ચિક છે. આકાર પ્રાપઞ્ચિક હોવાથી જન્ય અથવા અનિત્ય છે, કારણ કે પ્રપઞ્ચ જ જન્ય છે. તેથી સવિશેષ અથવા આકારવાળા પદાર્થનો બ્રહ્મની સાથે અભેદ સમ્ભવતો નથી. તેથી શ્રુતિ અભેદનું નિરૂપણ કરે છે તે અભેદ ઔપચારિક જ હોવો જોઈએ. વસ્તુત: અભેદ સમ્ભવતો નથી, તેથી ઉપચારથી જ અભેદ છે એમ કહેવાનો શ્રુતિનો અભિપ્રાય હોવો જોઈએ" એવી શંકા થાય તે દૂર કરવા "અરૂપવદેવ હિ તત્પ્રધાનત્વાત્" સૂત્ર સૂત્રકાર યોજે છે.

શ્રુતિ જે આકારનું બ્રહ્મમાં પ્રતિપાદન કરે છે તે તમે કહ્યું તેમ પ્રાપઞ્ચિક હોત તો તમારો મત કદાચ સત્ય ગણાત, પરન્તુ તે આકાર પ્રાપઞ્ચિક નથી. પ્રપઞ્ચમાં રહેલા હોય તેથી જ પ્રાપઞ્ચિક કહેવાય નહિ, કારણ કે એમ માનો તો તમે બ્રહ્મ માનો છો તે પણ પ્રપઞ્ચમાં રહેલું હોવાથી પ્રાપઞ્ચિક ગણાય. તેથી જેમ બ્રહ્મ નિરાકાર છે એમ કહેનારી શ્રુતિ બ્રહ્મ 'અરૂપ' કહે છે તે જ પ્રમાણે બ્રહ્મ સાકાર છે એમ કહેનારી શ્રુતિ બ્રહ્મ 'અરૂપ' જ કહે છે. જેનું રૂપ અથવા નિરૂપણ અર્થાત્ વ્યવહાર કરવામાં આવે તે 'રૂપ' કહેવાય, તેથી 'રૂપ' એટલે જે પદાર્થનો સર્વ વ્યવહાર થઈ શકે તે. 'રૂપવત્' એટલે રૂપવાળું અર્થાત્ વિશ્વ. બ્રહ્મ 'અરૂપવત્' અથવા રૂપવત્ વિશ્વથી વિલક્ષણ છે. બ્રહ્મ વિશ્વથી વિલક્ષણ છે એનું નિરૂપણ પ્રથમ મૃત્સ્નાભક્ષણના પ્રસંગનું નિરૂપણ કરતાં કરેલું છે. તેથી જે ધર્મોનું શ્રુતિ બ્રહ્મમાં નિરૂપણ કરે છે તે વિશ્વથી વિલક્ષણ અથવા અલૌકિક જ છે. અથવા જેનાથી રૂપ અર્થાત્ વ્યવહાર થાય છે તે કર-ચરણ વિગેરે 'રૂપ' છે. લોકમાં કર-ચરણ વિગેરે ભિન્ન હોય છે અને જેના તે કર-ચરણ વિગેરે છે તેઓ અર્થાત્ કર-ચરણ વિગેરેના અભિમાની ભિન્ન છે. તેથી લોકમાં કર-ચરણ વિગેરે જેને હોય છે તે રૂપવાળા છે પરન્તુ બ્રહ્મ 'અરૂપવત્' અથવા રૂપરહિત છે, કારણ કે બ્રહ્મના કર-ચરણ વિગેરે બ્રહ્મથી ભિન્ન નથી પરન્તુ બ્રહ્મનું સ્વરૂપ જ છે; કારણ કે શ્રુતિ બ્રહ્મને બ્રહ્મના કર-ચરણ વિગેરેથી ભિન્ન અને કર-ચરણ અને વિગેરેનું અભિમાની હોય તેમ વર્ણવતી નથી. પરન્તુ બ્રહ્મના કર-ચરણ વિગેરે પણ બ્રહ્મથી ભિન્ન નહિ

હોવાથી કર-ચરણ વિગેરેનું નિરૂપણ કરનારી શ્રુતિ બ્રહ્મના રૂપ અથવા સ્વરૂપ નુંજ નિરૂપણ કરે છે, બ્રહ્મને રૂપવત્ કહેતી નથી એવો અર્થ 'અરૂપવત્' શબ્દનો છે. કર-ચરણ વિગેરે બ્રહ્મ જ છે, બ્રહ્મથી ભિન્ન નથી, એવું જ્ઞાન કેમ થાય છે તે જણાવવા 'તત્પ્રધાનત્વાત્' શબ્દ સૂત્રકારે આ સૂત્રમાં યોજેલો છે. કર-ચરણ વિગેરે બ્રહ્મ જ છે, બ્રહ્મથી ભિન્ન નથી; કારણ કે સર્વ વેદાન્ત પ્રધાનતાથી બ્રહ્મનું જ નિરૂપણ કરે છે. નીચે પ્રમાણે અર્થ છે. કર-ચરણ વિગેરે બ્રહ્મ ન હોય પરન્તુ બ્રહ્મથી ભિન્ન હોય તો તેમનું નિરૂપણ કરનારી શ્રુતિઓ બ્રહ્મનું નિરૂપણ કરતી નથી પરન્તુ અબ્રહ્મનું નિરૂપણ કરે છે એમ સ્વીકારવું જોઈએ. આ પ્રમાણે કેટલીક શ્રુતિઓ અબ્રહ્મનું નિરૂપણ કરે છે એમ માનીએ તો "સર્વ વેદાન્ત બ્રહ્મનું જ નિરૂપણ કરે છે, સર્વ વેદાન્તનો બ્રહ્મમાં સમન્વય છે" એ સિદ્ધાન્તનો ભંગ થાય. તેથી કર-ચરણ વિગેરેનું નિરૂપણ કરનારી શ્રુતિઓ પણ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે એમ માનવું જોઈએ. આ પ્રમાણે માનવાથી "સર્વત્ર પ્રસિદ્ધોપદેશાત્" "આમનન્તિ ચૈનમ્ અસ્મિન્" એ અધિકરણોની પણ સંગતિ થાય છે એમ જણાવવા સૂત્રમાં 'હિ' શબ્દ યોજેલો છે. "જેમ સૈન્ધવઘન અનન્તર અને અબાહ્ય સર્વ રસઘન છે તેમ અરે આ આત્મા અનન્તર અબાહ્ય સર્વ પ્રજ્ઞાનઘન જ છે" "સત્યવિજ્ઞાન આનન્દ બ્રહ્મ" શ્રુતિઓ "કેવલ આનન્દના કર, પાદ, મુખ, ઉદર આદિવાળા" શ્રીમદ્ભગવદ્ગીતા વાક્ય "આનન્દમયો અભ્યાસાત્" ન્યાય અથવા બ્રહ્મસૂત્ર સર્વ કર-ચરણ વિગેરે સચ્ચિદાનન્દ-રૂપ જ છે અર્થાત્ બ્રહ્મ જ છે એવો ઉપદેશ કરે છે. વળી સૂત્રકાર પણ "આહ ચ તન્માત્રમ્" સૂત્ર યોજે છે. ઉપર કહેલી શ્રુતિઓનું જ આ સૂત્રમાં અનુસન્ધાન કરવાનું છે. તેથી આ સૂત્રમાં કર-ચરણ વિગેરે બ્રહ્મ જ છે, બ્રહ્મથી ભિન્ન નથી એવો સૂત્રકાર ઉપદેશ કરે છે.

વળી તમે કહો છો તેમ બ્રહ્મ રૂપરહિત છે એમ ઉપદેશ કરવાનો સૂત્રકારનો આશય હોત તો સૂત્રકાર 'અરૂપમ્' શબ્દ જ યોજત પરન્તુ 'અરૂપવત્' શબ્દ યોજત નહિ. 'અરૂપમ્' એટલે રૂપરહિત. બ્રહ્મ રૂપરહિત છે એમ ઉપદેશ કરવાનો સૂત્રકારનો આશય હોત તો સૂત્રકાર 'અરૂપમ્' શબ્દ જ યોજત. કારણ કે એ શબ્દથી સમ્પૂર્ણ રીતે એવો ઉપદેશ થાય છે. તમે બ્રહ્મને રૂપ નથી અર્થાત્ બ્રહ્મ રૂપવત્ નથી એમ માનો છો. અમે પણ કર-ચરણ વિગેરે બ્રહ્મના રૂપ નથી અર્થાત્ બ્રહ્મ રૂપવત્ નથી એમ માનીએ છીએ. તેથી બ્રહ્મ રૂપવત્ નથી એમ ઉભયવાદી માનીએ છીએ અને એ વિષે વિવાદ નથી. તેથી બ્રહ્મના રૂપવત્પણાના નિષેધની આવશ્યક્તા નથી અને તેની અનુપપત્તિ થાય છે. પરન્તુ સૂત્રકાર 'અરૂપવત્' શબ્દ યોજી, રૂપવત્પણાનો નિષેધ કરે છે તેથી અમે આ સૂત્રનો જે અર્થ કર્યો છે તે જ અર્થ સૂત્રકારે માનેલો છે એમ જણાય છે.

વળી "દર્શનાચ્ચ" સૂત્રપર્યન્ત બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય છે એમ માનવામાં જે વિરોધ આવે તેનો શ્રુતિ, સ્મૃતિ અને પ્રત્યક્ષથી સૂત્રકાર પરિહાર કરે છે. પછી એ જ વિરોધનો યુક્તિ અથવા અનુમાનથી પરિહાર કરવા "પ્રકૃતૈતાવત્ત્વં હિ પ્રતિષેધતિ તતો બ્રવીતિ ચ ભૂયઃ" સૂત્ર યોજે છે. "અસ્થૂલ અનણુ" વિગેરે શ્રુતિ બ્રહ્મમાં જે સ્થૂલપણું,

અણુપણું, હ્રસ્વપણું વિગેરે 'એતાવત્ત્વ' અર્થાત્ આટલાપણાનો નિષેધ કરે છે તે પ્રકૃત અથવા લૌકિક એતાવત્ત્વ છે; અર્થાત્ લૌકિક સ્થૂલપણું વિગેરે ગુણોનો શ્રુતિ બ્રહ્મમાં નિષેધ કરે છે. અથવા પ્રકૃત જે લૌકિક 'એતાવત્વ' અર્થાત્ આટલાપણું તેનો જ શ્રુતિ બ્રહ્મમાં નિષેધ કરે છે, પરન્તુ પોતે વર્ણવેલા સર્વેશિતૃત્વ અર્થાત્ સર્વના ઈશ્વર હોવાપણું અથવા સર્વ નિયન્તૃત્વ વિગેરે ગુણોનો શ્રુતિ નિષેધ કરતી નથી. તે જ પ્રમાણે 'નેતિ-નેતિ' શ્રુતિ 'ઇતિ' શબ્દ પ્રકારવાચી છે. તેથી શ્રુતિ પ્રથમ બ્રહ્મના મૂર્ત અને અમૂર્ત એ બે વિભૂતિરૂપનું નિરૂપણ કરે છે. આ નિરૂપણ "જે આમ જાણે છે" પર્યન્ત શ્રુતિ કરે છે. પછી ષષ્ઠી વિભક્તિથી જેના બે રૂપનું ભેદથી નિરૂપણ કર્યું તે જ બ્રહ્મમાં અન્ય સ્થળે સર્વત: પાણિ અને પાદ ના અન્ત વિગેરેનું નિરૂપણ કરેલું છે. તે સર્વમાં લૌકિકપણાના જ્ઞાનનો "અથાત આદેશો નેતિ નેતિ" શ્રુતિ નિષેધ કરે છે. નીચે પ્રમાણે અર્થ છે. "સર્વત: પાણિ અને પાદ ના અન્તવાળું" વિગેરે વાક્યોમાં બ્રહ્મનું વર્ણન કર્યું છે તે બ્રહ્મમાં પણ મૂર્ત અને અમૂર્ત એવા બે રૂપ છે એમ જાણવું. પરન્તુ "આ બ્રહ્મના રૂપ છે" એ પ્રકારનું જ્ઞાન રાખવું નહિ. મૂર્ત અને અમૂર્ત બ્રહ્મના રૂપ છે એમ માનવું નહિ, પરન્તુ તે બ્રહ્મ જ છે એમ તેમને જાણવા. આ પ્રમાણે નિશ્ચય કરાવનારનું સૂત્રકાર "ततो ब्रवीति च भूय:" થી નિરૂપણ કરે છે. કારણ કે શ્રુતિ જે વાક્યમાં અથવા જે પ્રકરણમાં ધર્મનો નિષેધ કરે છે તે જ વાક્યમાં અને તે જ પ્રકરણમાં નિષેધ પછી તે ધર્મનું નિરૂપણ કરે છે; જેમકે શ્રુતિ પ્રથમ "ઇન્દ્રિયો પરાઞ્ચિ છે" કહી "પ્રત્યાગાત્માનું ઈક્ષણ કર્યું" એમ કહે છે. વળી "જ્યાંથી વાણી મનસહિત પહોંચ્યા વિના પાછી ફરે છે" કહી "બ્રહ્મનો આનન્દ જાણનાર" વિગેરે કહે છે. વળી 'અસ્થૂલ' વિગેરે વાક્યથી બ્રહ્મમાં ધર્મનો નિષેધ કરી "હે ગાર્ગિ! આ અક્ષરની આજ્ઞાથી દ્યાવાપૃથ્વી વિધૃત રહે છે" વાક્યથી ગુણનું નિરૂપણ કરે છે. તેથી મૂર્ત-અમૂર્ત બ્રહ્મના રૂપ છે એમ માનવું નહિ, પરન્તુ બ્રહ્મ જ છે એમ માનવું જોઈએ. 'નેતિ નેતિ' નિષેધશ્રુતિનો આ જ અભિપ્રાય છે કારણ કે ત્યાં 'ઇતિ' શબ્દ પ્રકારવાચી છે.

તમે આ સૂત્રનો જે અર્થ કરો છો તે ઉચિત નથી કારણ કે તે વ્યાખ્યાન પ્રમાણે 'પ્રકૃત' શબ્દ વ્યર્થ થઈ જાય છે. 'એતાવત્' અર્થાત્ 'એટલા' શબ્દથી જ પૂર્વે તરત જ વર્ણવેલા બે રૂપની પ્રતીતિ થાય એ સમ્ભવે છે. તેથી 'પ્રકૃત' શબ્દ વ્યર્થ થઈ જાય છે.

પૂર્વપક્ષી:'એતાવત્' શબ્દ સામાન્યરીતે અને 'પ્રકૃત' શબ્દ મૂર્ત અને અમૂર્ત બે રૂપનું વિશેષતાથી ભાન કરાવે છે.

સિદ્ધાન્તી:એમ નથી. તમે 'નેતિ નેતિ' શ્રુતિ માત્ર લૌકિક જ મૂર્ત અને અમૂર્ત પણાનો નિષેધ કરે છે એમ માનતા નથી, પરન્તુ સામાન્ય રીતે જ તેમનો નિષેધ કરે છે એમ તમે માનો છો. તેથી 'એતાવત્' શબ્દ સામાન્યરીતે નિષેધ કરે છે અને 'પ્રકૃત' શબ્દ વિશેષતાથી નિષેધ કરે છે એમ કહેવું ઉચિત નથી. 'પ્રકૃત' અને 'એતાવત્' ઉભય શબ્દ તુલ્ય જ છે. દરેક શબ્દ સામાન્યરીતે નિષેધ કરવા સમર્થ છે તેથી એક શબ્દ વ્યર્થ છે. 'નેતિ નેતિ' શ્રુતિનો આ સૂત્રમાં વિચાર કર્યો છે કે એ શ્રુતિ કોનો નિષેધ કરે છે? તેમાં સૂત્રમાં 'પ્રકૃત' શબ્દ છે તે "બ્રહ્મના બે

રૂપ” વિગેરેથી બ્રહ્મના મૂર્ત અને અમૂર્ત રૂપો વર્ણવ્યા તેમનો પરામર્શ કરે છે એમ તમે માનો છો. તેથી સૂત્રકારનો પણ એવો જ અભિપ્રાય હોત તો "પ્રકૃતત્વં પ્રતિષેધતિ” શબ્દો યોજત, કારણ કે એ શબ્દોથી તમારો માનેલો સર્વ અર્થ સમજાય છે. તેથી ‘એતાવત્’ પદ વ્યર્થ થાય છે. તેથી તમારો અર્થ ઉચિત નથી. તેથી સવિશેષ અને નિર્વિશેષ શ્રુતિઓમાં વિરોધ જ નથી. સવિશેષ શ્રુતિઓ બ્રહ્મમાં અલૌકિક ધર્મનું પ્રતિપાદન કરે છે, નિર્વિશેષ શ્રુતિઓ બ્રહ્મમાં લૌકિક ધર્મોનો નિષેધ કરે છે, તેથી તેઓમાં વિરોધ નથી. તેથી બ્રહ્મ સર્વ પ્રાપઞ્ચિક અથવા લૌકિક ધર્મરહિત છે અને સહજ અનન્ત અલૌકિક ધર્મવાળું છે એમ સિદ્ધ થાય છે.

38. બ્રહ્મના દર્શનાદિ સ્વેચ્છાથી જ, અન્યથા નહીં :

બ્રહ્મ દૃશ્ય અને પ્રકાશ્ય (થવાથી) અને "અદૃશ્ય અગ્રાહ્ય" 1।6) "ત્યાં સૂર્ય પ્રકાશતો નથી" 2।15) ઇત્યાદિ શ્રુતિઓનો વિરોધ હોવાથી તેને સવિશેષ કહેવું યોગ્ય નથી એ અસત્ય છે, કારણ કે દૃશ્યત્વ પણ શ્રુતિ અને સ્મૃતિ થી સિદ્ધ છે કેમકે
"કોઈક અમૃતત્વ ઇચ્છનાર આવૃત્તચક્ષુ ધીરે પ્રત્યગાત્માનું ઈક્ષણ એ છે"
"હે અર્જુન! પરન્તપ! અનન્ય ભક્તિથી મારા આવા પ્રકારનું જ્ઞાન દર્શન અને મારામાં તત્ત્વથી પ્રવેશ શક્ય છે" 11।).
"લોકો તમારા ચરિત્રનું વારંવાર શ્રવણ કરે છે, સ્તુતિ કરે છે, સ્મરણ કરે છે અને તેમાં આનન્દ માને છે. તે જ અલ્પ સમયમાં તમારા ભવ-પ્રવાહમાં સ્મરણ કરતાં ચરણામ્બુજના દર્શન કરે છે"
(ભાગ.પુરા.1।36)

ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિ છે. આમ હોવાથી ઉભયના અવિરોધમાટે અદૃશ્યત્વ આદિનું નિરૂપણ કરનારી શ્રુતિ ઇન્દ્રિય આદિના સામર્થ્યથી દૃશ્યત્વનો નિષેધ કરે છે. દૃશ્યત્વનું નિરૂપણ કરનારી શ્રુતિ ઇન્દ્રિય આદિના સામર્થ્યથી દૃશ્યત્વનો નિષેધ કરે છે. દૃશ્યત્વનું નિરૂપણ કરનારી શ્રુતિ ભગવદનુગ્રહથી જ ભગવાન્નું દૃશ્યત્વ કહે છે એમ નિશ્ચય કરવો; કારણ કે ભગવાને જ કહ્યું છે કે "હે અર્જુન! મેં આત્મયોગથી પ્રસન્ન થઈ આ પર રૂપનાં દર્શન કરાવ્યાં" આથી આત્મયોગથી પ્રસન્ન થઈ સ્વસામર્થ્યનું દાન કરી દર્શન કરાવે છે એમ જણાય છે. "મારા લોકનું અવલોકન કરવું એ મનીષિતનો અનુભાવ છે" એવું બ્રહ્મા પ્રતિ ભગવાન્નું વાક્ય છે. તેથી જ દૃશ્યત્વ પૂર્વપક્ષમાં સૂત્રકાર પણ "વળી સંરાધનથી, પ્રત્યક્ષ અને અનુમાનને લીધે" એમ કહે છે. 'વળી' એ પૂર્વપક્ષી મૂર્ખ છે એમ પૂર્વપક્ષની નિન્દામાં (યોજેલો છે) કારણ કે સારી રીતે આરાધનાથી દર્શન કરે છે એમ કેમ? પ્રત્યક્ષ અને અનુમાનવડે. "અનેક બાહુ ઉદર વક્ત્ર અને નેત્ર વાળાનું દર્શન કરું છું" 11।) એ પ્રત્યક્ષ. ધ્રુવાદિક અનુમાપક છે. તેમનાથી. અથવા, શ્રુતિ અને સ્મૃતિ ને લીધે. આમ હોવાથી "સર્વ મારાં દર્શન કરો" એવી સાધારણ ઇચ્છાથી થએલા પ્રાદુર્ભાવથી અવતારદશામાં સર્વને દર્શનસામર્થ્ય છે. પરન્તુ અન્ય સમયે "વેદોથી નહિ ... પરન્તુ અનન્ય ભક્તિથી" 11।) એ વાક્યથી ભક્તિથી જ દર્શન થાય છે, એવો નિર્ણય થાય છે. ભક્તોને તો અવતારદશામાં પણ ભક્તિથી જ દર્શન થાય છે, સાધારણ ઇચ્છાથી થતાં નથી; કારણ કે તેમની ભક્તિથી જ તેમના માટે જ પ્રાદુર્ભાવ થએલો હોય છે, અને લોકની મધ્યમાં તેમને સુખની ઉત્પત્તિ કરાવવાની છે. તેથી સાધારણ ઇચ્છા પણ તેમને માટે જ થએલી હોય છે. અન્યથા લોકમાં સ્વપ્રાકટ્ય નિષ્પ્રયોજન થઈ જાય. સર્વને ભગવાન્નાં દર્શન થાય છે તો પણ તેમનો મોહ દૂર થતો નથી તેમાં પણ ભગવાન્ સત્યસંકલ્પ હોવાથી તેમની ઇચ્છા જ પ્રતિબન્ધક છે. એ જ રીતે તેમને ભગવાન્ના સ્વરૂપનું અજ્ઞાન પણ રહે છે. ભગવાન્ અલૌકિક તેજ દર્શાવતાં નથી અને લૌકિકનું અનુકરણ કરે છે

તે પણ લીલાર્થ જ. અન્યથા લીલા જ સમ્ભવે નહિ અને સર્વનો તે જ સમયે મોક્ષ થાય. એમ થવાથી સૃષ્ટિ અને મર્યાદા નો ઉચ્છેદ થઈ જાય. પ્રકાશ્યત્વ પણ એવી જ રીતે જાણવું. "આદિત્યનું જે તેજ આખા જગતનો પ્રકાશ કરે છે, ચન્દ્રમા અને અગ્નિમાં જે તેજ છે તે તેજ મારું છે એમ જાણ" એ વાક્યથી સ્વતેજથી સ્વપ્રકાશ્યત્વ પણ અતિવિરોધિ નથી. સર્વ વ્યવહારનું વિષયત્વ પણ ભગવાને જ કરેલું છે, જીવથી સ્વત: કરી શકાય નહિ. તેથી જ "પ્રકાશની પેઠે અવૈયર્થ્યને લીધે" 3।28) એમ સૂત્રકાર પણ કહે છે. આનો અર્થ પૂર્વ સૂત્રથી આકારનું પ્રતિપાદન થયું તો પણ "જ્યાંથી વાણી" (તૈત્તિ.ઉપ.2। "તે ઔપનિષદ પુરુષને" ઉપ.3।26) ઇત્યાદિથી નિરૂપિત વ્યવહારવિષયત્વ અને વ્યવહારાવિષયત્વ નો વિરોધ દૂર થયો નહિ; અને શાસ્ત્ર વિફલ થાય છે. તેથી આ સૂત્ર યોજે છે. જેમ સૂર્ય વિગેરેનો પ્રકાશ વ્યવહાર્ય છે અને અવ્યવહાર્ય પણ છે, કારણ કે પોતાની મેળે તે સમ્પાદન થતો નથી તેમ તેની સ્થાપના પણ થતી નથી, પણ સૂર્ય આવે અને મેઘ વિગેરે ન હોય ત્યારે કેવલ સાન્નિધ્યથી જ વ્યવહાર કરી શકાય છે, તેમ લૌકિક વાણી અને મન વડે વ્યવહાર કરી શકાતો નથી પણ ઈશ્વરસાન્નિધ્યમાં કરી શકાય છે, એમ શ્રુતિ ઉભય કહે છે. એમ કેમ? અવૈયર્થ્યને લીધે; નહિ તો એક શ્રુતિ વ્યર્થ થઈ જાય. દર્શનવ્યવહાર શ્રુતિસિદ્ધ છે એમ કહેલું જ છે. તે પ્રમાણે દર્શનવ્યવહારના ન્યાયથી બીજા વ્યવહારનો પણ નિર્ણય છે. એ પ્રમાણે શ્રીમદ્ભાગવતમાં "તેઓ દર્શન કરે છે" 35) એમ ઉપક્રમ કરી "સાથે સ્પૃહણીય વાણી વદે છે" એમ કહેલું છે અને "આ જેનું વરણ કરે છે તેનાથી લભ્ય છે" ઇત્યાદિ શ્રુતિથી આજ નિર્ણય થાય છે.

દર્શન જ્ઞાન જ છે. બ્રહ્મ અરૂપ હોવાથી ચાક્ષુષ દર્શનનું શ્રુતિ નિરૂપણ કરતી નથી.

એમ નથી. કારણ કે "પણ અનન્ય ભક્તિવડે" (ભગ.ગીતા 11।) એ વાક્યમાં "હે પરન્તપ! તત્ત્વથી જ્ઞાન થવાને, દર્શન થવાને અને પ્રવેશ થવાને" (ત્યાંજ) એમ જ્ઞાન, દર્શન અને પ્રવેશ નું ભિન્નતાથી નિરૂપણ કરેલું છે. રાસ વિગેરે વ્યવહાર તો પ્રમાણસિદ્ધ છે. તેમાં પ્રસિદ્ધ કામ, તદ્ભાવ, રમવાની ઇચ્છા, રમણ વિગેરે પણ શુદ્ધ બ્રહ્મના જ ધર્મ છે એમ જાણવું. "સર્વશક્તિ" શ્રુતિમાં અને "આની શક્તિ પરા છે વિવિધ સંભળાય છે સ્વાભાવિક જ્ઞાન બલ અને ક્રિયારૂપ છે" શ્રુતિમાં બ્રહ્મનું સહજ અનન્ત શક્તિમાત્ તરીકે નિરૂપણ કરેલું હોવાથી સર્વ અર્થ ઉપપન્ન છે. તેથી કામ સમયે જ અકામ પણ છે. પોતાના ચરણના નખના સૌન્દર્યના લેશથી સર્વ સુરસુન્દરીઓનો જીતનાર, સર્વ સ્ત્રીઓના રત્નભૂત વ્રજની ઉત્તમ વધૂઓના અનવદ્ય હૃદ્ય કુચરૂપી કનકાચલમાં વિહાર કરતાં પણ આત્મારામ જ છે. તેથી જ ત્યાં "આત્મારામ પણ" એમ કહેલું છે. પ્રિયાના વિપ્રયોગથી અવસાદ વિગેરે ભાવ પામે છે તથાપિ "તે હું જાણતો નથી" ઇત્યાદિ વચનથી જાણતા નથી તથાપિ વ્યાપક જ છે, પરમાનન્દરૂપ જ છે, સર્વજ્ઞ જ છે.

---

38. બ્રહ્મના દર્શનાદિ સ્વેચ્છાથી જ, અન્યથા નહીં

પૂર્વપક્ષી:બ્રહ્મ સવિશેષ હોય તો તે દૃશ્ય અને પ્રકાશ્ય ગણાય. પરન્તુ "અદૃશ્ય અગ્રાહ્ય" શ્રુતિ બ્રહ્મ અદૃશ્ય છે એમ કહે છે. વળી "ત્યાં સૂર્ય પ્રકાશતો નથી" વિગેરે શ્રુતિ બ્રહ્મ પ્રકાશ્ય નથી એમ ઉપદેશ કરે છે. તેથી બ્રહ્મ સવિશેષ માનીએ તો આ શ્રુતિઓનો વિરોધ થાય છે. તેથી બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ માનવું જોઈએ.

સિદ્ધાન્તી:એ પણ સત્ય નથી. કારણ કે શ્રુતિ અને સ્મૃતિઓ જ બ્રહ્મ દૃશ્ય પણ છે એમ કહે છે. "કોઈક અમૃતત્વ ઇચ્છનાર આવૃત્તચક્ષુ ધીરે પ્રત્યગાત્માનું ઈક્ષણ કર્યું" "જ્ઞાનના પ્રસાદથી વિશુદ્ધસત્ત્વ થયા પછી ધ્યાન કરનાર નિષ્કલને જુએ છે" શ્રુતિઓ અને "હે અર્જુન! પરંતપ! અનન્ય ભક્તિથી મારા આવા પ્રકારનું જ્ઞાન, દર્શન અને મારામાં તત્ત્વથી પ્રવેશ શક્ય છે" "લોકો તમારા ચરિત્રનું વારંવાર શ્રવણ કરે છે" વિગેરે સ્મૃતિઓ પણ બ્રહ્મ દૃશ્ય છે એમ ઉપદેશ કરે છે. તેથી દૃશ્યત્વ અને અદૃશ્યત્વ ઉભયનું શ્રુતિ બ્રહ્મમાં નિરૂપણ કરે છે. આ ઉભયમાં વિરોધ ન આવે તે માટે બ્રહ્મ અદૃશ્ય છે એવો બોધ કરનારી શ્રુતિ, આપણી ઇન્દ્રિયોના સામર્થ્યથી બ્રહ્મ દૃશ્ય નથી એમ કહે છે. અને બ્રહ્મ દૃશ્ય છે એવો બોધ કરનારી શ્રુતિ ભગવાન્ના અનુગ્રહથી જ બ્રહ્મ દૃશ્ય છે એમ કહે છે એવો નિશ્ચય થવો જોઈએ. "હે અર્જુન! મેં આત્મયોગથી પ્રસન્ન થઈ આ પર રૂપનાં દર્શન કરાવ્યાં" એમ ભગવાન્ પોતે જ ઉપદેશ કરે છે. તેથી આત્મયોગથી પ્રસન્ન થઈ પોતાના સામર્થ્યનું દાન કરી ભગવાન્ દર્શન કરાવે છે એમ જણાય છે. વળી શ્રીમદ્ભાગવતના દ્વિતીયસ્કધધમાં ભગવાન્ બ્રહ્માને "મારા લોકનું અવલોકન કરવું એ મનીષિતનો અનુભાવ છે" એમ કહે છે. 'મનીષિત' એટલે જેના વિષે ભગવાન્ની મનીષા અથવા ઇચ્છા થઈ હોય તે. "આ મારા લોકનું અવલોકન કરે" એવી ભગવાન્ની જેના વિષે ઇચ્છા થાય તે મનીષિત છે. ભગવાન્ના લોકનું અવલોકન કરવું એ મનીષિતનો અનુભાવ અથવા પ્રભાવ છે. તેથી ભગવાન્ના અનુગ્રહથી ભગવાન્નાં દર્શન થાય છે એમ સિદ્ધ થાય છે. તેથી જ સૂત્રકાર પણ બ્રહ્મ દૃશ્ય છે એ વિષે પૂર્વપક્ષ થાય તેમાં ઉત્તર આપતાં "અપિ સંરાધને પ્રત્યક્ષાનુમાનાભ્યામ્" સૂત્ર યોજે છે. આ સૂત્રજ્ઞાં 'અપિ' શબ્દ પૂર્વપક્ષની નિન્દામાટે યોજેલો છે. પૂર્વપક્ષી મૂર્ખ છે એવો તેનો આશય છે. બ્રહ્મનું દર્શન થતું જ નથી એમ નથી પરન્તુ સારી રીતે આરાધન થાય ત્યારે બ્રહ્મનું દર્શન થાય છે. બ્રહ્મનું દર્શન સારી રીતે આરાધન કરવાથી પ્રત્યક્ષ અને અનુમાન થી થાય છે. "અનેક બાહુ ઉદર વક્ત્ર અને નેત્રવાળાનું દર્શન કરું છું" એ અર્જુનવાક્યથી અર્જુનને પ્રત્યક્ષથી ભગવાન્નાં દર્શન થયાં એમ સિદ્ધ થાય છે. ધ્રુવ વિગેરેને અનુમાનથી જ્ઞાન થયું. ભગવાન્ની ઇચ્છાથી પછી ધ્રુવને પણ પ્રત્યક્ષ દર્શન થયાં છે. તેથી બ્રહ્મના પ્રત્યક્ષ અને અનુમાન થી દર્શન થાય છે. અથવા પ્રત્યક્ષ એટલે શ્રુતિ અને અનુમાન એટલે સ્મૃતિ. શ્રુતિ અને સ્મૃતિ થી એમ જણાય કે બ્રહ્મનું સારી રીતે આરાધન કરવાથી બ્રહ્મનું દર્શન થાય છે. "કોઈક ધીર" વિગેરે શ્રુતિઓ અને "અનન્ય ભક્તિથી" વિગેર સ્મૃતિઓ આવો બોધ કરે છે. ભગવાન્ની ઇચ્છા જ દર્શનનું કારણ છે. "મારા લોકનું અવલોકન કરવું એ મનીષિતનો પ્રભાવ છે" એ શ્રીમદ્ભાગવતના દ્વિતીય સ્કધધના વાક્યથી ભગવાન્ની ઇચ્છા જ ભગવાન્ના દર્શનનું કારણ છે એમ જણાય છે. તેથી

"મને સર્વ જુએ" એવી સાધારણ ઇચ્છા થાય ત્યારે ભગવાન્નો પ્રાદુર્ભાવ થાય છે. તેથી ભગવાન્નો અવતાર થાય ત્યારે પણ સર્વ લોક ભગવાન્નું દર્શન કરવા સમર્થ નથી, પરન્તુ "મને સર્વ જુએ" એવી સાધારણ ઇચ્છા હોવાથી સર્વને ભગવાન્નાં દર્શન થાય છે. જ્યારે અવતાર ન હોય ત્યારે માત્ર ભક્તિથી જ ભગવાન્નાં દર્શન થાય છે. "હું વેદોથી નહિ ... પણ અનન્ય ભક્તિથી" વિગેરે વાક્યોથી ભક્તિથી જ ભગવાન્નું દર્શન થાય છે એમ સિદ્ધ થાય છે. જ્યારે અવતાર થાય ત્યારે અન્ય સર્વને ભગવાન્ની સાધારણ ઇચ્છાથી જ ભગવાન્નાં દર્શન થાય છે, પરન્તુ ભક્તોને તેમની ભક્તિથી જ દર્શન થાય છે. ભગવાન્ની સાધારણ ઇચ્છાથી દર્શન થતા નથી; કારણ કે ભક્તોને માટે જ ભગવાન્નો પ્રાદુર્ભાવ થાય છે. ભગવાન્ની સાધારણ ઇચ્છા પણ ભક્તોને માટે જ થાય છે. ભક્તોને લોકમાં જ સુખ આપવું એવા હેતુથી ભગવાન્ને એવી સાધારણ ઇચ્છા પણ થાય છે. જો ભક્તોને લોકમાં સુખ આપવાનો હેતુ ન હોય તો ભગવાન્નું પ્રાકટ્ય પ્રયોજનરહિત થઈ જાય. તેથી ભક્તોને લોકમાં સુખ આપવાના હેતુથી ભગવાન્ સાધારણ ઇચ્છા કરી, અવતાર ધારણ કરે છે. અવતાર સમયે સર્વને ભગવાન્ના દર્શન થાય છે, તો પણ તેમનો મોહ દૂર થતો નથી, તેનું કારણ પણ ભગવાન્ની ઇચ્છા જ છે. ભગવાન્ની ઇચ્છાનો પ્રતિબન્ધ હોવાથી અવતાર સમયે ભગવાન્નાં દર્શન થવા છતાં લોકોનો મોહ દૂર થતો નથી. ભગવાન્ સત્યસંકલ્પ છે તેથી પોતાનું દર્શન થવા છતાં લોકોનો મોહ દૂર ન થાય એમ પણ તેમની ઇચ્છા પ્રમાણે થાય છે. તે જ પ્રમાણે ભગવાન્ની ઇચ્છાનો પ્રતિબન્ધ હોવાથી, લોકોને અવતાર સમયે ભગવાન્નું દર્શન થાય છે તો પણ તેમના સ્વરૂપનું અજ્ઞાન જ રહે છે. તેમને સ્વરૂપજ્ઞાન થતું નથી ભગવાન્ અલૌકિક તેજ દર્શાવે છે અને લૌકિકનું અનુકરણ કરે છે તે પણ માત્ર લીલામાટે જ કારણ કે એમ ન કરે તો લીલા જ સમ્ભવે નહિ. ભગવાન્ પોતાનું દર્શન થવા છતાં લોકના અજ્ઞાનને દૂર થવા દેતા નથી તથા પોતાનું સ્વરૂપજ્ઞાન થવા દેતા નથી. જો એમ ન કરે અને માત્ર દર્શનથી સર્વને સ્વરૂપજ્ઞાન થવા દે તો સર્વને તરત જ મોક્ષ પ્રાપ્ત થાય અને લીલા સમ્ભવે નહિ. સર્વને મોક્ષ પ્રાપ્ત થવાથી સૃષ્ટિની મર્યાદાનો પણ ઉચ્છેદ થઈ જાય. તેથી ભગવાન્ પોતાની ઇચ્છાથી દર્શન આપે છે એમ જ અવશ્ય માનવું જોઈએ. એ જ પ્રમાણે ભગવાન્ પ્રકાશ્ય પણ છે. અવતારસમયે સૂર્ય-ચન્દ્ર વિગેરેના તેજથી ભગવાન્ પ્રકાશ્ય છે તેથી તે બ્રહ્મ નથી એમ પણ માનવું નહિ કારણ કે "આદિત્યનું જે તેજ આખા જગતનો પ્રકાશ કરે છે, ચન્દ્રમાં અને અગ્નિમાં જે તેજ છે તે તેજ મારું છે એમ જાણ" વાક્યથી સર્વ ભગવાન્ના તેજથી પ્રકાશે છે. આદિત્ય-ચન્દ્ર વિગેરેમાં જે તેજ છે તે પણ ભગવાન્નું જ છે. તેથી ભગવાન્ અતવાર સમયે આદિત્ય-ચન્દ્ર વિગેરેમાં રહેલા પોતાના જ તેજથી પ્રકાશ્ય હોય તેમાં કાંઈ ક્ષતિ નથી. તે જ પ્રમાણે અવતાર સમયે ભગવાન્નો વ્યવહાર થાય છે તેથી પણ કાંઈ ક્ષતિ નથી કારણ કે જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયથી જે કાંઈ કરવામાં આવે તે વ્યવહાર કહેવાય. તેમાં પણ કર્તા ભગવાન્ જ છે. વ્યવહારનું વિષયપણું અર્થાત્ અમુક પદાર્થનો અમુક વ્યવહાર થાય એવો નિયમ પણ ભગવાને જ કરેલો છે, જીવ પોતાની મેળે તે કરી શકે નહિ. તેથી અવતાર સમયે ભગવાન્ વ્યવહારના

વિષય થાય તેથી પણ તેમના બ્રહ્મત્વની ક્ષતિ થતી નથી કારણ કે વ્યવહારનું વિષયપણુ પણ ભગવાને જ કરેલું છે. તેથી જ "પ્રકાશવચ્ચાવૈયર્થ્યાત્" સૂત્ર સૂત્રકાર યોજે છે. આનો અર્થ નીચે પ્રમાણે છે. આની પહેલાં 'અરૂપવત્તુ' વિગેરે સૂત્ર બ્રહ્મમાં આકારનું પ્રતિપાદન કરે છે. પરન્તુ "જ્યાંથી વાણી પહોંચ્યા વિના મનસહિત પાછી ફરે છે" શ્રુતિ બ્રહ્મનો વ્યવહાર થતો નથી એમ કહે છે અને "હું તે ઔપનિષદ પુરુષને પૂછુ છું" શ્રુતિ બ્રહ્મનો વ્યવહાર થાય છે એમ ઉપદેશ કરે છે. 'અરૂપવત્' સૂત્રથી બ્રહ્મના આકારનું પ્રતિપાદન થયું પરન્તુ આ શ્રુતિઓનો વિરોધ દૂર થયો નહિ. વળી બ્રહ્મ સર્વ વ્યવહારથી અતીત હોય અર્થાત્ બ્રહ્મનો વ્યવહાર થતો જ ન હોય તો બ્રહ્મસૂત્ર પણ નિષ્ફળ થઈ જાય. તેથી આ વિરોધ દૂર કરવા અને બ્રહ્મનો વ્યવહાર પણ થાય છે એમ ઉપદેશ કરવા "પ્રકાશવચ્ચાવૈયર્થ્યાત્" સૂત્ર સૂત્રકારે યોજેલું છે. જેમ સૂર્ય વિગેરેના પ્રકાશનો વ્યવહાર થાય છે અને વળી તેનો વ્યવહાર નથી પણ થતો, તેમ બ્રહ્મનો વ્યવહાર થાય છે અને નથી પણ થતો. સૂર્ય વિગેરેના પ્રકાશનો વ્યવહાર નથી થતો, કારણ કે આપણે સ્વત: તે સમ્પાદન કરી શકીએ તેમ નથી અથવા તેનું સ્થાપન કરી શકીએ તેમ નથી. પરન્તુ જ્યારે સૂર્ય ઉગે અને મેઘ વિગેરે ન હોય ત્યારે માત્ર સૂર્યની સન્નિધિથી જ તેનો વ્યવહાર આપણે કરી શકીએ છીએ. તે જ પ્રમાણે લૌકિક મન વાણી વિગેરેથી બ્રહ્મનો વ્યવહાર થઈ શક્તો નથી પરન્તુ માત્ર ઈશ્વરની સન્નિધિથી તેમનો વ્યવહાર થઈ શકે છે. શ્રુતિ જ આ પ્રમાણે બ્રહ્મનો વ્યવહાર થતો નથી અને થાય છે એમ ઉભય કહે છે તેથી એ પ્રમાણે માનવું જોઈએ. નહિ તો એક શ્રુતિ વ્યર્થ થઈ જાય. તેથી બ્રહ્મનો વ્યવહાર પણ થાય છે. બ્રહ્મનો દર્શન-વ્યવહાર થાય છે અર્થાત્ બ્રહ્મનાં દર્શન થાય છે એ શ્રુતિસિદ્ધ છે એમ પ્રથમ કહી ચુક્યા છીએ. જેમ બ્રહ્મનો દર્શન-વ્યવહાર થાય છે તે જ પ્રમાણે અન્ય વ્યવહાર પણ થાય છે. શ્રીમદ્ભાગવતમાં આ અન્ય વ્યવહારનું પણ પ્રતિપાદન કરેલું છે. "તેઓ દર્શન કરે છે" એમ આરમ્ભમાં કહી "સાથે સ્પૃહણીયવાણી વદે છે" એમ પણ કહેલું છે. વળી "આ જેનું વરણ કરે છે તેનાથી લભ્ય છે" શ્રુતિ પણ પ્રાપ્તિરૂપ વ્યવહારનું નિરૂપણ કરે છે તેથી બ્રહ્મ વ્યવહાર્ય પણ છે અર્થાત્ બ્રહ્મનો વ્યવહાર પણ થાય છે.

પૂર્વપક્ષી:બ્રહ્મનું દર્શન થાય છે એમ શ્રુતિ કહે છે, ત્યાં દર્શનનો અર્થ જ્ઞાન જ થાય છે. ચાક્ષુષ દર્શનનું શ્રુતિ નિરૂપણ કરતી નથી. બ્રહ્મ રૂપરહિત છે તેથી બ્રહ્મનું ચાક્ષુષ દર્શન સમ્ભવતું જ નથી. તેથી ત્યાં દર્શનનો અર્થ જ્ઞાન જ કરવો ઉચિત છે.

સિદ્ધાન્તી:એમ નથી કારણ કે શ્રીમદ્ભગવદ્ગીતામાં "હે પરન્તપ! અનન્ય-ભક્તિવડે મારું જ્ઞાન થાય છે, તત્ત્વથી મારું દર્શન થાય છે અને મારામાં પ્રવેશ થાય છે" વાક્યમાં ભગવાન્નું જ્ઞાન, દર્શન અને પ્રવેશ થાય છે એમ જ્ઞાન, દર્શન અને પ્રવેશ ત્રણેનો ભિન્ન તરીકે ઉપદેશ કરેલો છે. તેથી દર્શન જ્ઞાનને જ કહે છે એમ કહી શકાય નહિ.

વળી ભગવાન્નો રાસ વિગેરે વ્યવહાર પણ પ્રમાણસિદ્ધ જ છે. રાસલીલામાં કામ, અન્યનું રૂપ લેવું અથવા અન્ય થવું તે રમણ કરવાની ઇચ્છા, રમણ વિગેરે સર્વ ધર્મ શુદ્ધ

બ્રહ્મના જ છે એમ જાણવું. શ્રુતિ પણ બ્રહ્મને 'સર્વશક્તિ' કહે છે અને "આની શક્તિ પરા છે, વિવિધ સંભળાય છે સ્વાભાવિક જ્ઞાન બલ અને ક્રિયારૂપ છે" એમ ઉપદેશ કરે છે. તેથી શ્રુતિના ઉપદેશ પ્રમાણે બ્રહ્મને સહજ અનન્ત શક્તિઓ છે. તેથી કામ વિગેરે સર્વ ધર્મની તેમાં ઉપપત્તિ થાય છે. તેથી ભગવાન્ કામ સમયે જ કામરહિત પણ છે. પોતાના ચરણના નખના સૌન્દર્યના અંશથી જ સર્વસુન્દરીઓને સૌન્દર્યમાં જીતનાર, સર્વ સ્ત્રીઓના રત્ન વ્રજની ઉત્તમ વધૂઓ છે. તેઓના અનવદ્ય રુચિકર કુચરૂપી કનકાચલ અથવા મેરૂપર વિહાર કરવા છતાં ભગવાન્ આત્મારામ જ છે. તેથી જ રાસલીલાનું જ વર્ણન કરતાં "આત્મારામ પણ" શબ્દો યોજેલા છે. રાસલીલામાં પ્રિયાના વિપ્રયોગથી ભગવાન્ને અવસાદ અથવા ખેદ પણ થાય છે. "તે હું જાણતો નથી" વિગેરે વચનો ભગવાન્ કહે છે, તેથી ભગવાન્ને લીલા સમયે અમુક જ્ઞાન ન હોવા છતાં ભગવાન્ વ્યાપક જ છે, પરમાનન્દરૂપ જ છે, અને સર્વજ્ઞ જ છે. તેથી રાસલીલામાં પ્રિયાના વિપ્રયોગથી ખેદ થવા છતાં ભગવાન્ પરમાનન્દરૂપ જ છે. તે સમયે અમુક જ્ઞાન ન હોવા છતાં ભગવાન્ સર્વજ્ઞ જ છે.

39.શ્રુતિપ્રમાણથી બ્રહ્મ વિરુદ્ધધર્માધાર, તેમાં લોકરીતિથી વિચારેલા દોષોનું નિરાકરણ :

પ્રતિયોગી અને તેના અભાવની એક અવચ્છેદથી સ્થિતિ કહી શકાય નહિ, તે જ પ્રમાણે વિરુદ્ધ ધર્મોની પણ (એક અવચ્છેદથી સ્થિતિ કહી શકાય નહિ); તેથી એમ વદવું યોગ્ય નથી.

અમે વદતા નથી, પરન્તુ અનુવાદ કરીએ છીએ. અમે અહીં નિન્દાપાત્ર નથી. જેનો અનુવાદ છે તે શ્રુતિની નિન્દા (નિરાસ) કરવા તત્પર થતો હોય તો ઉદયાચલના એક દેશમાં કેવલ સ્થિતિથી જ સકલ જગતના અન્ધકારના દ્વાર તોડવામાં ચતુર સૂર્યની, પોતાથી (તે કાર્ય) અશક્ય હોવાથી, નિન્દા કરનાર ખદ્યોતના જેવું તારું સાહસ મોટું છે.

લોકમાં એમ દેખાય છે તેથી, તેને અનુસરીને જ તેનો અર્થ કહેવો ઉચિત હોવાથી, શ્રુતિ તરીકે ઉભય તુલ્ય હોવાથી, (તેમના) સગુણ અને નિર્ગુણ પરત્વની કલ્પના કરીએ છીએ.

હન્ત, એમ લોકને અનુસરી તેનો નિર્ણય કરીએ તો નિર્ધર્મક પદાર્થ પણ લોકમાં દેખાતો નથી તેથી, સત્તાદિનાં પણ કાલ વિગેરે આધાર અને સમવાય વિગેરે ધર્મ હોવાથી તારું માનેલું બ્રહ્મ પણ સિદ્ધ થશે નહિ.

શ્રુતિબલથી. એ તુલ્ય જ છે. આમ હોવાથી, લોકમાં અપ્રતીત નિર્ધર્મક વસ્તુનો અંગીકાર કરે છે, ત્યારે લોકમાં અપ્રતીત છે તો પણ પ્રતિયોગી અને તેના અભાવની એક અવચ્છેદકથી સ્થિતિનો અંગીકાર કર. આમ હોવાથી શ્રુતિના અર્થનો લોકરીતિથી નિર્ણય કરી શકાય નહિ એમ સિદ્ધ થયું. તેથી જ "આ મતિ તર્કથી આડે દોરવી નહિ" એમ શ્રુતિ અને "જે અલૌકિક ભાવ છે તેમને તર્કથી યોજવા નહિ" ( ) એમ સ્મૃતિ કહે છે એ અમે

પ્રથમ જ કહ્યું. વળી ભગવાન્ શ્રીયશોદાસ્તનન્ધયમાં મૃત્સ્ના ઉલૂખલ વિગેરે પ્રસંગોમાં સર્વ વિરુદ્ધ ધર્મો દેખાય છે. જે દેખાય તેમાં કાંઈ અનુપપન્ન નથી, કારણ કે વિરોધ થાય. માયા વિગેરે પક્ષોનો ત્યાં જ નિરાસ કરેલો, છે કારણ કે "હવે આના" એનાથી તેના ધર્મ તરીકે જ નિરૂપણ કરેલું છે. તેથી જ સૂત્રકાર "અને દર્શનને લીધે" (બ્રહ્મસૂ.3।20) એમ કહે છે.

39.શ્રુતિપ્રમાણથી બ્રહ્મ વિરુદ્ધધર્માધાર, તેમાં લોકરીતિથી વિચારેલા દોષોનું નિરાકરણ

પૂર્વપક્ષી:દૃશ્યત્વ-અદૃશ્યત્વ, વ્યવહાર્યત્વ-અવ્યવહાર્યત્વ એવા વિરુદ્ધ ગુણો એક જ પદાર્થમાં રહી શકે નહિ. જેમ પ્રતિયોગી ઘટ અને તેનો અભાવ એક જ પદાર્થમાં રહી શકે નહિ તેમ વિરુદ્ધ ધર્મ પણ એક જ પદાર્થમાં રહી શકે નહિ. તેથી બ્રહ્મ દૃશ્ય અને અદૃશ્ય છે અથવા બ્રહ્મ વ્યવહાર્ય અને અવ્યવહાર્ય છે એમ કહી શકાય નહિ. તેથી એમ વદવું ઉચિત નથી.

સિદ્ધાન્તી:અમે વદતા નથી પરન્તુ અનુવદીએ છીએ, અથવા અનુવાદ કરીએ છીએ. બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મ છે એમ અમે કહેતા નથી પરન્તુ શ્રુતિ બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મ છે એમ કહે છે, અમે તો માત્ર શ્રુતિ જે બોધ કરે છે તે જ કહીએ છીએ. તેથી અમે નિન્દાપાત્ર નથી. જેનો અમે અનુવાદ કરીએ છીએ તે શ્રુતિની નિન્દા કરવા ઇચ્છા હોય અથવા શ્રુતિનો નિરાસ કરવાની તમારી ઇચ્છા હોય તો સૂર્યની નિન્દા કરવા પ્રવૃત્ત થએલા ખદ્યોતના જેવું તમારું સાહસ મહાન્ છે! ઉદયાચલના એક ભાગમાં સ્થિતિમાત્રથી સકલ જગતના અન્ધકારનાં દ્વાર તોડવામાં સૂર્ય ચતુર છે એ કાર્ય ખદ્યોતથી થઈ શકે એમ નથી. તે સૂર્યની નિન્દા કરવા પ્રવૃત્ત થાય એવું સાહસ તમે કરો છો.

પૂર્વપક્ષી:લોકમાં વિરુદ્ધ ધર્મો કોઈ એક જ પદાર્થમાં જોવામાં આવતા નથી. લોક પ્રમાણે જ અથવા લોકમાં જે અનુભવ થાય તે પ્રમાણે જ શ્રુતિનો અર્થ કરવો ઉચિત છે. તેથી એક જ બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મ છે એવું કહી શકાય નહિ. પરન્તુ બ્રહ્મમાં વિશેષનું નિરૂપણ કરનારી અને બ્રહ્મને નિર્વિશેષ કહેનારી ઉભય પ્રકારની શ્રુતિઓ સમાન છે. તેથી સવિશેષ શ્રુતિઓ સગુણ બ્રહ્મનું નિરૂપણ કરે છે અને નિર્વિશેષ શ્રુતિઓ નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ કરે છે એવી અમે કલ્પના કરીએ છીએ.

સિદ્ધાન્તી:હન્ત, એ પ્રમાણે લોકમાં જે અનુભવ થાય તેને આધારે શ્રુતિના અર્થ કરતા હો તો પણ લોકમાં કદાપિ નિર્વિશેષ પદાર્થનો અનુભવ થતો નથી. કેવલ સત્તા પણ ધર્મરહિત નથી, કાલ તેનો આધાર છે અને સમવાય તેનો ધર્મ છે. તેથી નિર્વિશેષ પદાર્થનો જગતમાં કદાપિ અનુભવ થતો નથી. જગતના અનુભવ પ્રમાણે તમે શ્રુતિનો અર્થ કરતા હો તો બ્રહ્મ નિર્વિશેષ છે એમ તમે કહી શકો જ નહિ અને તમારા માનેલા બ્રહ્મની જ સિદ્ધિ થાય નહિ.

પૂર્વપક્ષી:જગતમાં નિર્વિશેષ પદાર્થનો અનુભવ થતો નથી પરન્તુ શ્રુતિ નિર્વિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. તેથી શ્રુતિના બલથી બ્રહ્મ નિર્વિશેષ માનીએ છીએ.

સિદ્ધાન્તી:જગતનો અનુભવ તજી તમે જેમ બ્રહ્મને શ્રુતિબલથી નિર્વિશેષ માનો છો તેમજ અમે પણ શ્રુતિના જ બલથી બ્રહ્મને વિરુદ્ધ ધર્મનો આશ્રય માનીએ છીએ. તેથી લોકમાં અપ્રતીત ધર્મરહિત પદાર્થનો તમે અંગીકાર કરો છો ત્યારે લોકમાં અપ્રતીત પ્રતિયોગી અને તેના અભાવની એક જ પદાર્થમાં સ્થિતિનો પણ અંગીકાર કરો. આમ હોવાથી શ્રુતિનો અર્થ લૌકિક રીતથી થતો નથી એમ પણ સિદ્ધ થાય છે. "આ મતિ તર્કથી આડે દોરવી નહિ" શ્રુતિ અને "જે અલૌકિક ભાવ છે તેમને તર્કથી યોજવા નહિ" સ્મૃતિ પણ આજ કારણથી એવો ઉપદેશ કરે છે. આ અમે પ્રથમ પણ કહી ચુક્યા છીએ.

વળી યશોદાના સ્તનનું પાન કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રમાં માટીનું ભક્ષણ તથા ઉલૂખલ સાથે બન્ધન વિગેરે પ્રસંગોમાં સર્વ વિરુદ્ધ ધર્મ જણાય છે. જો જોવામાં આવે તેમાં કાંઈ અયોગ્ય છે એમ કહેવાય નહિ, કારણ કે એમ કહીએ તો પ્રત્યક્ષનો વિરોધ થાય. ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રમાં વિરુદ્ધ ધર્મો જોવામાં આવે છે તેથી ભગવાન્માં વિરુદ્ધ ધર્મો છે એમ અવશ્ય માનવું જોઈએ. ભગવાન્ માયાથી પોતામાં વિરુદ્ધ ધર્મો દર્શાવે છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે માયા વિગેરેનો તે જ સ્થળે શ્રીમદ્ભાગવતમાં નિરાસ કરેલો છે. વળી "હવે આના" એમ ભગવાન્ના ધર્મોનું જ નિરૂપણ કરેલું છે. તેથી જ સૂત્રકાર પણ "દર્શનાચ્ચ" સૂત્ર યોજે છે. ભગવાન્માં સર્વ વિરુદ્ધ ધર્મોનું દર્શન થાય છે તેથી પણ બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે એવો આ સૂત્રનો અર્થ છે

40.વિશ્વરૂપાદિનું દર્શન માયિક નહીં :

વળી "માયાવડે દર્શાવે છે" એમ કહેનાર વાદીને પૂછવું કે 'માયા' શબ્દથી ભગવાન્નું સામર્થ્ય કહે છે, કે તેનાથી ભિન્ન અસદ્રૂપ અસત્કાર્ય કરનારી?

ભગવાન્નું સામર્થ્ય કહેતો હોય તો અમને પણ ઇષ્ટ જ છે. પોતાના સામર્થ્યથી જ અસત્ દર્શાવે છે એમ ન કહેવું, કારણ કે "જે પૃથ્વીમાં રહી પૃથ્વીને" (બૃહદા.ઉપ. 3।23) ઇત્યાદિ શ્રુતિ તેનું બ્રહ્મધર્મ તરીકે જ નિરૂપણ કરે છે. બ્રહ્મ જો એવું ન હોત તો એમ કહેવાનો અવસર રહેત, પરન્તુ કહેલી યુક્તિને લીધે એમ નથી. અસત્ અસુરોને જ દર્શાવે છે, કારણ કે ભગવાન્ તેમને જ મોહ કરે છે. અહીં તેવાનો અભાવ હોવાથી એવું દર્શાવેલું નથી એ સાર છે. બીજો પક્ષ (ભગવદ્ભિન્ન અસદ્રૂપ અસત્કાર્ય કરનારી માયા) વિકલ્પ સહન ન કરવાથી યોગ્ય નથી, કારણ કે તે સ્વતન્ત્ર જ કર્ત્રી છે કે બ્રહ્માધીન? પ્રથમ નહિ, કારણ કે તે જડ છે, ચેતન તરીકે તમે સ્વીકારી નથી. દ્વિતીય પક્ષમાં તો વાશી પેઠે કરણત્વ હોય. તેથી સહજ અનન્ત શક્તિવાળા ઈશ્વરની પોતાનું સ્વરૂપ દર્શાવવામાં કઈ અશક્તિ હતી કે તેનો સ્વીકાર કરે? "સ્વાભાવિક, જ્ઞાન બલ અને ક્રિયા" એ શ્રુતિને લીધે (આ સામર્થ્ય નથી એમ કહી શકાય નહિ). વળી ઉપર કહેલી યુક્તિ અને શ્રુતિ ને લીધે અસદ્રૂપ માયાથી સદ્રૂપ સ્વરૂપ

દર્શાવે છે એમ કહી શકાય નહિ. આથી જ સગુણત્વનો પણ નિરાસ થયો, કારણ કે સગુણત્વ પ્રાકૃત સત્ત્વ આદિ ગુણના અંગીકારરૂપ છે. તે સ્વત:શક્તિમાનમાં અનુપપન્ન છે એમ કહેલું છે. આથી "બ્રહ્મગત અવિદ્યા બ્રહ્મગત વિશેષ કલ્પનારી છે" એ પૂર્વ વિકલ્પના દ્વિતીય પક્ષનો પણ નિરાસ થયો, કારણ કે જીવથી ભિન્ન બ્રહ્મમાં તમે અવિદ્યાનું ઉપાધિપણું સ્વીકારતા નથી. સ્વીકારતા હો તો તેના ઉપાધિપણામાં પ્રયોજક ઈશ્વરેચ્છા જ કહેવી જોઈએ. વળી સર્વભવનસમર્થ ઈશ્વરને તમારી માનેલી રીતે અસત્ જગત્ કરવામાં હેતુ નથી. ઇચ્છા વિગેરે પણ તમારા મતમાં ઉપાધિભાવથી ઉત્તરકાલના હોવાથી (ઉપાધિનો) અસમ્ભવ છે. આવિદ્યક હોય તો સ્વાભાવિકપણાની હાનિ થવાથી શ્રુતિવિરોધ થાય છે એમ દિશા માત્ર દર્શાવી છે.

40.વિશ્વરૂપાદિનું દર્શન માયિક નહીં

વળી માયાથી ભગવાન્ વિરુદ્ધ ધર્મો દર્શાવે છે એમ જે કહે તેને પૂછવું કે માયા એટલે શું? 1.ભગવાન્ના સામર્થ્યને તમે માયા કહો છો કે 2.માયા ભગવાન્ના સ્વરૂપથી ભિન્ન અસદ્રૂપ અને અસત્ કાર્ય કરનારી છે?

1.જો ભગવાન્ના સામર્થ્યને જ માયા કહેતા હો તો અમને પણ ઇષ્ટ જ છે, કારણ કે અમારા મતમાં શક્તિ અને શક્તિમાન નો અભેદ છે. તેથી અમારા અદ્વૈતની પણ ક્ષતિ થતી નથી. ભગવાન્ પોતાના સામર્થ્ય માયાથી જગતનું કર્તૃત્વ વિગેરે ગુણો પોતામાં નથી તો પણ દર્શાવે છે એમ કહી શકાય નહિ. પોતાના સામર્થ્યથી ભગવાન્ વિરુદ્ધ ધર્મ પોતામાં નથી તો પણ દર્શાવે છે એમ કહેવાય નહિ કારણ કે "જે પૃથિવીમાં રહી પૃથિવીને" વિગેરે શ્રુતિ બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મનું પ્રતિપાદન કરે છે. શ્રુતિ બ્રહ્મને પૃથિવીનો આધાર અને આધેય ઉભય કહે છે તેથી બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મનું પ્રતિપાદન કરે છે. તે જ પ્રમાણે કર્તૃત્વ અને અકર્તૃત્વ ઉભય બ્રહ્મમાં રહેલાં છે. બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય છે. બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય ન હોત તો તે નિર્ધર્મક હોવાથી ગુણરહિત છે એમ કહેવાને અવસર થાત. પરન્તુ "જે પૃથ્વીમાં રહી" વિગેરે શ્રુતિઓ બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે એમ પ્રતિપાદન કરે છે તેથી એમ કહી શકાય નહિ. જે ગુણ પોતામાં ન હોય તેવા ગુણ ભગવાન્ માત્ર અસુરોને જ દર્શાવે છે, કારણ કે અસુરોનો જ મોહ કરવાની ભગવાન્ની ઇચ્છા છે. શ્રીમદ્ભાગવત વિગેરેમાં ભગવાન્ પોતામાં વિરુદ્ધ ધર્મ દર્શાવે છે. ત્યાં અસુરો નથી તેથી ભગવાન્ અસુરોને વિરુદ્ધધર્મ દર્શાવે છે તેથી વસ્તુત: ભગવાન્માં વિરુદ્ધધર્મ નથી એમ કહી શકાય નહિ. 2.માયા ભગવાન્ના સ્વરૂપથી ભિન્ન, અસદ્રૂપ અને અસત્ કાર્ય કરનારી છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે નીચેના વિકલ્પનો ઉત્તર આપી શક્તો નથી. માયા બ્રહ્મને અધીન

રહીને અસત્ કાર્ય કરે છે કે સ્વતન્ત્રતાથી? માયા સ્વતન્ત્રતાથી કાર્ય કરે છે એમ કહી શકાય નહિ, કારણ કે તે જડ છે. તમે માયાને ચેતન માનતા નથી. તેથી જડ માયા સ્વતન્ત્રતાથી કાર્ય કરી શકે નહિ. બ્રહ્મને અધીન રહી માયા કાર્ય કરે છે, એમ કહો તો માયા કાર્યની કર્ત્રી કહેવાય નહિ પણ સૂતારના વાંસલા પેઠે તે 'કરણ' કહેવાય. સૂતારમાં વાંસલા વિના કાર્ય કરવાની શક્તિ નથી તેથી તેને તેનો ઉપયોગ કરવો પડે છે, પરન્તુ ભગવાન્ સહજ અનન્ત શક્તિવાળા છે. સહજ અનન્ત શક્તિવાળા ભગવાન્માં પોતાનું સ્વરૂપ દર્શાવવાની શક્તિ નથી એમ કહી શકાય નહિ. ભગવાન્ પોતાનું સ્વરૂપ દર્શાવવા સ્વત: શક્તિમાન્ હોવાથી તે કાર્યમાટે તેમને માયાનો ઉપયોગ કરવાની આવશ્યક્તા નથી. "સ્વાભાવિક જ્ઞાન, બલ અને ક્રિયા" ભગવાન્માં છે એમ શ્રુતિ કહે છે, તેથી પોતાનું સ્વરૂપ સ્વત: દર્શાવવાની શક્તિ તેમનામાં નથી એમ કહેવું ઉચિત નથી. વળી ઉપર કહેલી શ્રુતિઓ અને યુક્તિઓ થી ભગવાન્માં સર્વ વિરુદ્ધ ધર્મો છે. તેથી પોતાની અંદર વસ્તુત: રહેલા અથવા સત્ વિરુદ્ધ ધર્મોનું ભગવાન્ અસદ્રૂપ માયાથી દર્શન કરાવે છે એમ કહી શકાય નહિ, કારણ કે અસત્માં સત્નું દર્શન કરાવવાનું સામર્થ્ય નથી. બ્રહ્મમાં જ્ઞાન, ક્રિયા વિગેરે શક્તિઓ સ્વાભાવિક જ છે એમ કહેવાથી બ્રહ્મના સગુણપણાનો પણ નિરાસ થાય છે. સત્ત્વ, રજ: અને તમ: ત્રણ પ્રાકૃત ગુણ છે. એ પ્રાકૃત ગુણ જેનામાં હોય તે 'સગુણ' કહેવાય. બ્રહ્મમાં એ પ્રાકૃત ગુણ નથી. બ્રહ્મ સ્વત: શક્તિમત્ હોવાથી આ ગુણોની તેને આવશ્યક્તા નથી. સ્વત: શક્તિમત્ બ્રહ્મમાં સત્ત્વ વિગેરે પ્રાકૃત ગુણો છે એમ કહેવું અનુચિત છે. તેથી જ બ્રહ્મમાં રહેલી અવિદ્યા બ્રહ્મમાં વિશેષની કલ્પના કરાવે છે, અર્થાત્ બ્રહ્મસ્વરૂપથી ભિન્ન, બ્રહ્મમાં રહેલી અવિદ્યા અથવા માયા, બ્રહ્મમાં ન હોય તેવા વિશેષો દર્શાવે છે, એવો બીજો પક્ષ પણ અયોગ્ય જ છે. વળી જીવથી ભિન્ન બ્રહ્મમાં અવિદ્યા રહેલી છે એમ પણ તમે માનતા નથી. તેથી બ્રહ્મમાં અવિદ્યા નહિ હોવાથી, તેમાં વિરુદ્ધ ધર્મનું ભાન તે કરાવે નહિ. વળી બ્રહ્મમાં અવિદ્યા છે એમ તમે માનો તો પણ તે બ્રહ્મની ઉપાધિ જ છે એમ તમારે માનવું જોઈએ. બ્રહ્મમાં અવિદ્યા ઉપાધિ યોજનાર પણ ઈશ્વરની ઇચ્છા જ અવશ્ય માનવી જોઈએ. અવિદ્યા ઉપાધિની યોજના ઈશ્વરની ઇચ્છા કરે છે એમ ન માનીએ તો અવિદ્યા બ્રહ્મની સ્વાભાવિક ઉપાધિ થઈ જાય. તેથી અવિદ્યાનો કદાપિ નાશ થાય નહિ અને મોક્ષનો અસમ્ભવ થઈ જાય. તેથી અવિદ્યા ઉપાધિ યોજનાર ઈશ્વરની ઇચ્છા જ છે. ઈશ્વર સર્વભવનસમર્થ છે. પોતાની અંદર ન હોય તેવા વિરુદ્ધ ધર્મ તમે કહો છો તેમ અવિદ્યા ઉપાધિની યોજના કરી તેનાથી પોતાની અંદર દર્શાવવાનું ઈશ્વરને કાંઈ કારણ નથી. વળી તમારા મત પ્રમાણે ઈશ્વરની ઇચ્છા પણ ઉપાધિ પછી જ થાય છે. તેથી અવિદ્યા ઉપાધિનું કારણ કાંઈ તમે કહી શક્તા નથી. અવિદ્યાને ઈશ્વર સાથે યોજનાર કોણ? ઈશ્વરની ઇચ્છા અવિદ્યા ઈશ્વરમાં યોજે છે એમ તમે કહી શકો નહિ કારણ કે તમારા મત પ્રમાણે ઈશ્વરની ઇચ્છા અવિદ્યાનું જ કાર્ય છે. તેથી કારણ નહિ હોવાથી, અવિદ્યા ઉપાધિ જ સમ્ભવતી નથી. વળી ઈશ્વરની ઇચ્છા અવિદ્યાનું કાર્ય છે એમ તમે માનો છો. તેથી ઇચ્છા પણ તમારા મત પ્રમાણે ઈશ્વરનો

સ્વાભાવિક ગુણ નથી. તેથી તમારો મત "સ્વાભાવિકી જ્ઞાન બલ અને ક્રિયા" વિગેરે શ્રુતિથી વિરુદ્ધ છે.

41.બ્રહ્મ રસરૂપ હોવાથી કામાદિલીલા અનુકરણમાત્ર નથી :

કામાદિ લીલા કેવલ અનુકરણરૂપ હોવાથી પ્રિયાનો વિપ્રયોગ, અને તેનાથી થતા ક્લેશ વિગેરે પૂર્ણ જ્ઞાનૈકઘન પરમાનન્દસ્વરૂપમાં કહેવા યોગ્ય નથી.

સત્ય, વિપ્રયુક્તત્વ વિગેરેથી પૂર્ણત્વ વિગેરેનો ભંગ થાય તો તે યોગ્ય નથી જ, પરન્તુ એમ નથી. એ પ્રાદેશમાત્રનું જ અભિવિમાનિત્વ વિગેરે નિરૂપણથી કહેલું છે. લીલાનું કેવલ અનુકરણરૂપ પણ અયોગ્ય છે, કારણ કે ભગવાન્નું સ્વરૂપ કેવલ શ્રુતિથી સમધિગમ્ય છે. તેમાં "સર્વકામ સર્વરસ" એથી બ્રહ્મના સર્વકામરૂપત્વ અને સર્વકામવત્ત્વ, સર્વરસરૂપત્વ અને સર્વરસવત્ત્વથી સર્વરસભોક્તૃત્વનું પ્રતિપાદન કરેલું છે. તૈત્તિરીયકમાં પણ "તે રસ છે. આ રસ પ્રાપ્ત કરી આનન્દી થાય છે" 216) એમ પાઠ છે. અને રસમાં શૃંગારરસ મુખ્ય હોવાથી અને તે 'રતિ' નામના સ્થાયીભાવરૂપ હોવાથી બ્રહ્મનું રસરૂપત્વ અને રસવત્ત્વ અવશ્ય કહેવા જોઈએ. તેમાં વ્રજસુન્દરીના ભાવના આલમ્બનવિભાવ હોવાથી, તેમના ભાવને અનુસરી સર્વ કરવાથી બ્રહ્મ રસરૂપ છે. આ "બર્હાપીડ" "અક્ષણ્વતામ્" (ભાગ.પુરા.10।। "ચૂતપ્રવાલ" એ શ્લોકના વિવરણમાં પિતાએ વર્ણવેલું હોવાથી અહીં માત્ર દિશા જ દર્શાવી છે. ભગવાન્ પણ તેઓમાં એવા ભાવવાળા હતા. તેથી રસવત્ત્વ ભગવાન્નું સ્વરૂપ છે, કારણ કે ભગવાન્માં સ્વરૂપથી રહિત ભાવ જ નથી. આમ ન હોય તો શ્રુતિએ કહેલાં રસભોક્તૃત્વ અને રસરૂપત્વનો ભંગ થાય. આ(ભગવદ્રૂપ) રસ એ એવા પ્રકારનો હોવાથી એમ માનવું. તેથી જેટલી તે રસની મર્યાદા છે તે સર્વ ભગવાન્માં છે એમ માનવું, નહિતો રસત્વની ક્ષતિ થાય એમ કહેલું છે. અનુકરણમાં પોતાને તે રસ પ્રાપ્ત થાય નહિ, અને તેઓમાં પણ રસની ઉત્પત્તિ થાય નહિ. અન્યોન્ય આવિર્ભાવ ન થવાથી રસ જ ત્યાં નથી, કારણ કે રસશાસ્ત્રની એવી મર્યાદા છે. તેથી જ

"આત્તગજેન્દ્રના જેવી લીલાવાળા"

"હાથણીઓ સાથે મદઝરતા હાથી પેઠે"

"હાથણીઓથી શ્રાન્ત હાથી પેઠે ભિન્નસેતુ"

ઇત્યાદિ સર્વત્ર ગજનું દૃષ્ટાન્ત છે. તેથી શૃંગારરસનું સ્વરૂપ હોવાથી પ્રિયા-વિપ્રયોગ અને તેનાં કાર્યો, પ્રિયાસંગમ અને તેનાં કાર્યો સર્વ જ સમ્ભવે છે. તેથી બ્રહ્મત્વની ક્ષતિ નથી, કારણ કે વસ્તુ જ એવા પ્રકારની છે. ઉલટા બ્રહ્મત્વના સાધક છે, કારણ કે બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનો આધાર છે.

"વાસ્તવિક રીતે બ્રહ્મના ધર્મોમાં વિરોધ જ નથી, કારણ કે તે શ્રુતિ અને ભક્તો ના અનુભવથી જ સિદ્ધ છે. આધુનિક જનોના વિતર્કયુક્ત વિચારે પ્રમાણાભાસ અને કુતર્ક થી મલિન થએલાં

અન્ત:કરણવાળાં દુરાગ્રહવાદીઓનાં વિવાદનો જેમાં અવસર નથી એવા અપરિમિત ગુણગણયુક્ત ભગવાન્ ઈશ્વરમાં વિરોધ નથી, ઉભય છે. તેથી સર્વ દોષરહિત છે" (ભાગ.પુરા.6।36).

હવે પરમત સ્વીકાર કરી શ્રુતિના અર્થના વિચારથી કહીએ છીએ. જો દુરાગ્રહથી 'આત્મારામ' ઇત્યાદિ ધર્મ જ બ્રહ્મમાં છે, અન્ય નથી, એમ માનો, તો પણ અમે કહીએ છીએ કે તમારું કહેલું ભલે હો. પરન્તુ તે બ્રહ્મધર્મમર્યાદા છે. અહીં ભક્તોપર અતિશય અનુગ્રહ હોવાને લીધે અને તેઓની અતિશય ભક્તિ હોવાને લીધે, સ્વરૂપની મર્યાદાનું અતિક્રમણ કરી તેઓને અધીન થઈ જેમ તેઓ ઇચ્છે તેમજ લીલા કરતાં-કરતાં ઉપર કહેલા સર્વ ભાવ પોતે ભજે છે એ આ ભગવાન્નું પુષ્ટિરૂપ કહેવાય છે. "હે દ્વિજ! હું અસ્વતન્ત્ર હોઉં તેમ ભક્તને પરાધીન છું" (ભાગ. પુરા. 9।63) એમ ઉપક્રમ કરી "સત્સ્ત્રીઓ જેમ સત્પતિને વશ કરે તેમ ભક્તિથી વશ કરે છે" પર્યન્ત આ ભગવાને દુર્વાસાને કહેલું છે. અહીં 'સત્' પદ બે વાર આવવાથી, પોતે તેઓ પ્રતિ એવા પ્રકારના છે, અને તેઓની પ્રપત્તિ માયાથી નથી એમ દર્શાવે છે. એમ હોય તો સત્ય ન હોય. અનીશત્વ પણ થાય તેમ નથી, કારણ કે આજ મહત્ ઐશ્વર્યરૂપ છે, કેમકે અન્ય કોઈ સ્વરૂપની મર્યાદા ત્યજવા સમર્થ નથી. તેથી જ 'ભિન્નસેતુ' એ વિશેષણ છે. તેથી જ શ્રુતિ પણ "જ્યાંથી વાણી પાછી ફરે છે" ઇત્યાદિથી અચિન્ત્ય મહિમા કહે છે. તેથી જેમ-જેમ શંકા કરે છે તેમ-તેમ અધિક બ્રહ્મત્વ આવે છે, તેથી ચિરઞ્જીવ!

41.બ્રહ્મ રસરૂપ હોવાથી કામાદિલીલા અનુકરણમાત્ર નથી

પૂર્વપક્ષી:કામાદિ લીલા માત્ર લોકનું અનુકરણ છે. લીલામાં પ્રિયાનો વિપ્રયોગ અને તેનાથી ઉત્પન્ન થતા ક્લેશ વિગેરે જણાય છે. કેવલ જ્ઞાનઘન, પૂર્ણ, પરમાનન્દરૂપ બ્રહ્મને પ્રિયાનો વિપ્રયોગ અને તેથી ક્લેશ વિગેરે થાય છે એમ કહી શકાય નહિ.

સિદ્ધાન્તી:સત્ય, જો વિપ્રયોગ, ક્લેશ વિગેરેથી પૂર્ણત્વની ક્ષતિ થતી હોય તો અવશ્ય એમ કહેવાય નહિ. પરન્તુ પ્રાદેશમાત્ર અર્થાત્ માત્ર અંગુઠા જેટલું બ્રહ્મ અભિવિમાનિ અર્થાત્ વ્યાપક પણ છે એમ વિરુદ્ધ ધર્મનું બ્રહ્મમાં પ્રતિપાદન કરેલું છે. તેથી વિપ્રયોગ વિગેરેથી પૂર્ણત્વની ક્ષતિ થતી નથી. વળી ભગવાન્ની લીલા માત્ર લોકનું અનુકરણ છે એમ કહેવું ઉચિત નથી કારણ કે ભગવાન્ના સ્વરૂપનું જ્ઞાન માત્ર શ્રુતિથી જ થાય છે. "સર્વકામ સર્વ રસ" વિગેરે શ્રુતિઓ ભગવાન્ના સ્વરૂપનું નિરૂપણ કરે છે. તેથી ભગવાન્ સર્વ કામરૂપ અને સર્વ કામવાળા, સર્વ રસરૂપ અને સર્વ રસવાળા અર્થાત્ સર્વ રસના ભોક્તા છે એમ શ્રુતિ કહે છે. 'સર્વરસ:' શબ્દનો સર્વ રસ જેમાં છે તે એવો બહુવ્રીહિ સમાસથી જ અર્થ કરવામાં આવે તો પણ ભગવાન્ રસ છે એવો ઉપદેશ કરનાર બીજી શ્રુતિઓ પણ છે. તૈત્તિરીય ઉપનિષદ્માં "તે રસ છે" "આ રસ પ્રાપ્ત કરી આનન્દી થાય છે" શ્રુતિઓ છે. "તે રસ છે" શ્રુતિ

ભગવાન્ રસસ્વરૂપ જ છે એવો ઉપદેશ કરે છે. રસનું પર્યવસાન કામમાં થાય છે, તેથી ભગવાન્નું રસસ્વરૂપ સિદ્ધ થવાથી કામસ્વરૂપ પણ સિદ્ધ થયું. ભગવાન્ના રસસ્વરૂપની સિદ્ધિ થઈ પરન્તુ ભગવાન્ રસવાન્ છે કે નહિ એમ સન્દેહ રહે તે માટે બીજી "આ રસ પ્રાપ્ત કરી આનન્દી થાય છે" શ્રુતિ યોજેલી છે. "આ પૂર્વે અસત્ હતું" થી આરમ્ભી બ્રહ્મનું વર્ણન કરેલું છે. તે બ્રહ્મ જ રસસ્વરૂપ છે એવો "તે રસ છે" શ્રુતિ ઉપદેશ કરે છે. 'રસ' શબ્દના ઘણા અર્થ થાય છે. 1.રસનાથી ગ્રહણ થતો ગુણ અથવા સ્વાદ 2.પ્રવાહી પદાર્થમાં સારભૂત અર્થ વિગેરે. આ શ્રુતિમાં કયા અર્થમાં 'રસ' શબ્દ યોજેલો છે તે જોઈએ. આ શ્રુતિ પછી "રસં હ્યેવાયં લબ્ધ્વા આનન્દીભવતિ. કો હ્યેવાન્યાત્ ક: પ્રાણ્યાદ્ યદેષ આકાશ આનન્દો ન સ્યાત્. એષ હ્યેવ અનન્દયાતિ" શ્રુતિ છે. આ શ્રુતિ એ રસ આનન્દ છે, પ્રાણ ધારણ કરાવે છે, હૃદયાકાશમાં રહે છે, આનન્દ ઉત્પન્ન કરે છે એમ કહે છે. તેથી હૃદયમાં રહી પ્રાણીઓના આનન્દને ઉત્પન્ન કરનાર આનન્દ જ રસ છે એમ સિદ્ધ થાય છે. તેનાથી ઉત્પન્ન થએલા પ્રાણીઓના આનન્દનો સર્વ શરીરમાં અનુભવ થાય છે તો પણ "સ માનસીન આત્મા જનાનામ્" શ્રુતિ તે મનમાં રહે છે એમ કહે છે. તેથી મનમાં જ તેની વિશેષ સ્થિતિ છે એમ નિશ્ચય થાય છે. તેથી "આજ આનન્દ કરાવે છે" શ્રુતિથી એવો નિર્ણય થાય છે કે મનમાં 'પ્રમોદ' નામનો જે વિકાર થાય છે તે આ ભગવાન્ રસનું જ કાર્ય છે અને તેનો અંશ છે કારણ કે "આ જ આનન્દની માત્રાપર અન્યભૂતો રહે છે" એવી શ્રુતિ છે.

ભગવાન્ રસરૂપ છે અને રસવાન્ પણ છે. રસોમાં શૃંગારરસ મુખ્ય છે અને તે 'રતિ' નામનો સ્થાયીભાવ જ છે. કાવ્યપ્રકાશમાં પણ "વ્યક્ત: સ તૈ: વિભવાદ્યૈ: સ્થાયીભાવો રસ: સ્મૃત:" એવું તેનું લક્ષણ આપેલું છે.

ભગવાન્ રસરૂપ છે અને રસવાન્ છે એમ અવશ્ય સ્વીકારવું જોઈએ. ભગવાન્ વ્રજસુન્દરીઓના આલમ્બનવિભાવ અને વ્રજસુન્દરીઓના ભાવને અનુસરી સર્વ કરે છે. તેથી ભગવાન્ રસરૂપ છે. "બર્હાપીડ" "અક્ષણ્વતામ્" "ચૂતપ્રવાલ" વિગેરે ભાગવતના શ્લોકપર શ્રીસુબોધિનીજીમાં આ સર્વનું શ્રીમદાચાર્યચરણે નિરૂપણ કરેલું હોવાથી અહીં માત્ર ઉલ્લેખ જ કર્યો છે. વળી ભગવાન્નો પણ વ્રજસુન્દરીઓ પ્રતિ એવા પ્રકારનો ભાવ હતો તેથી ભગવાન્ રસવાન્ પણ છે. ભગવાન્ના ધર્મ પેઠે ભાવ પણ સ્વરૂપથી ભિન્ન નથી. તેથી ભગવાન્ રસવાન્ હોવા છતાં રસસ્વરૂપ પણ છે. જો ભગવાન્ના ભાવ સ્વરૂપથી ભિન્ન હોય તો ભગવાન્ રસસ્વરૂપ છે, અને રસભોક્તા છે એમ શ્રુતિ કહે છે તેની ઉપપત્તિ થાય નહિ. આ શ્રુતિમાં કહેલો ભગવદ્રસ એવા પ્રકારનો છે તેથી ભગવાન્ રસસ્વરૂપ અને રસવાન્ ઉભય છે એમ માનવું. તેથી રસશાસ્ત્રમાં શૃંગારરસની જેટલી મર્યાદા કહેલી છે તે સર્વ ભગવાન્માં છે એમ માનવું જોઈએ, કારણ કે એમ ન માનીએ તો ભગવાન્ના રસસ્વરૂપની ક્ષતિ થાય એમ કહી ચુક્યા છીએ.

લીલા એ માત્ર લોકનું અનુકરણ હોય તેવું સમ્ભવતું નથી, કારણ કે ભગવાન્ જો માત્ર અનુકરણ જ કરતા હોય તો તેમને રસ પ્રાપ્ત થાય નહિ, અને વળી વ્રજસુન્દરીઓમાં

પણ રસની ઉત્પત્તિ થાય નહિ. કારણ કે રસશાસ્ત્રની એવી મર્યાદા છે કે જ્યાં સુધી અન્યોન્ય રસનો આવિર્ભાવ થાય નહિ ત્યાં સુધી ત્યાં રસ નથી. કેવલ અનુકરણમાં રસનો આવિર્ભાવ થતો નથી એ રસશાસ્ત્રનો સિદ્ધાન્ત છે. તેથી લીલા જો માત્ર લોકનું અનુકરણ હોય તો ત્યાં રસનો આવિર્ભાવ થાય નહિ. રસનો પરસ્પર આવિર્ભાવ ન થાય તો ત્યાં રસ જ નથી. રસ ન હોય તો ભગવાન્ રસસ્વરૂપ છે એમ કહી શકાય નહિ, પરન્તુ ભગવાન્ રસસ્વરૂપ અને રસવાન્ છે એ શ્રુતિસિદ્ધ છે. તેથી લીલા માત્ર લોકનું અનુકરણ નથી. લીલા અનુકરણ નથી તેથી જ લીલામાં સર્વત્ર ગજેન્દ્રનું દૃષ્ટાન્ત આપેલું છે. "આત્તગજેન્દ્રના જેવી લીલાવાળા" "હાથણીઓ સાથે મદઝરતા હાથી પેઠે" "હાથણીઓથી શ્રાન્ત હાથી પેઠે ભિન્નસેતુ" વિગેરે સર્વત્ર ગજેન્દ્રનું દૃષ્ટાન્ત આપેલું છે. તેથી જેમ ગજેન્દ્રની લીલા અનુકરણ નથી, તેમ ભગવાન્ની લીલા પણ અનુકરણ નથી. તેથી ભગવાન્ શૃંગારરસનું સ્વરૂપ હોવાથી, ભગવાન્ને પ્રિયાનો વિપ્રયોગ, ક્લેશ વિગેરે વિપ્રયોગનાં કાર્ય, પ્રિયાનો સંગમ અને સંગમના સર્વ કાર્ય થાય છે તો પણ બ્રહ્મત્વની ક્ષતિ થતી નથી, કારણ કે બ્રહ્મ જ એવા પ્રકારનું અર્થાત્ રસસ્વરૂપ અને રસવત્ છે. પ્રિયાવિપ્રયોગ, પ્રિયાસંગમ અને તેમના કાર્યો એ સર્વ ધર્મોથી બ્રહ્મત્વની ક્ષતિ થતી નથી એટલું જ નહિ, પરન્તુ તેમનાથી બ્રહ્મત્વની સિદ્ધિ થાય છે, કારણ કે બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય છે એમ સિદ્ધ કરેલું છે. આ સર્વ વિરુદ્ધ ધર્મો બ્રહ્મત્વની સિદ્ધિ જ કરે છે. વસ્તુત: આ બ્રહ્મના ધર્મો હોવાથી તેમનામાં વિરોધ પણ નથી. બ્રહ્મધર્મોમાં વિરોધ જ નથી. કારણ કે શ્રુતિ અને ભક્તો ના અનુભવથી તે સિદ્ધ થાય છે એમ પણ અમે પ્રથમ કહી ચુક્યા છીએ. શ્રીમદ્ભાગવતમાં પણ આ ઉપદેશ કરેલો છે. હાલના લોકોના વિતર્કવાળા વિચારો, વસ્તુત: પ્રમાણ નહિ પરન્તુ પ્રમાણ જેવા ભાસતા, પ્રમાણાભાસ અને દુષ્ટ તર્કથી મલિન થઈ ગએલા અન્ત:કરણ-વાળા દુરાગ્રહ રાખનાર વાદીઓના વિવાદનો બ્રહ્મમાં અવસર નથી. આવા અપરિમિત ગુણગણવાળા ભગવાન્-ઈશ્વરમાં વિરોધ નથી, ઉભય પ્રકારના ધર્મો વિરોધ વિના રહેલાં છે. તેથી અમારા મતમાં કાંઈ દોષ નથી.

હવે તમારા મત પ્રમાણે ભગવાન્ આત્મારામ પૂર્ણકામ છે અને પ્રિયાના વિપ્રયોગ તથા સંયોગના ધર્મો ભગવાન્માં નથી એમ સ્વીકારી, શ્રુતિના અર્થનો વિચાર કરી, અમારા સિદ્ધાન્તનું જ પ્રતિપાદન કરીશું. દુરાગ્રહ કરી તમે એમ માનો છો કે બ્રહ્મમાં આત્મારામત્વ પૂર્ણકામત્વ વિગેરે ધર્મો જ છે, અને અન્ય : પ્રિયાના સંયોગ-વિપ્રયોગ અને તેમના કાર્ય નથી. ભલે! એમ માનો. તો પણ અમુક ધર્મો બ્રહ્મમાં છે એમ અમુક નથી એવી બ્રહ્મધર્મની મર્યાદા છે એમ કહેવું જોઈએ. ભગવાન્ના ધર્મની આવી મર્યાદા ભલે હોય તો પણ ભક્તો પર અતિશય અનુગ્રહ હોવાથી અને ભક્તોની અતિશય ભક્તિ હોવાથી ભગવાન્ પોતાની મર્યાદાનો ત્યાગ કરી, મર્યાદાનું ઉલ્લંઘન કરી, ભક્તોને અધીન થઈ, ભક્તોને જેવી ઇચ્છા થાય તે પ્રમાણે લીલા કરે છે, અને પ્રિયાનો વિપ્રયોગ, ક્લેશ, પ્રિયાનો સંગમ તેના કાર્ય વિગેરે સર્વ ગુણ ભગવાન્ પોતે ધારણ કરે છે. આ જ ભગવાન્નું પુષ્ટિરૂપ કહેવાય છે. તેથી જ

ભગવાને પોતે "હે દ્વિજ! હું અસ્વતન્ત્ર હોઉં તેમ ભક્તને પરાધીન છું" એમ આરમ્ભ કરી "સત્સ્ત્રીઓ જેમ સત્પતિને વશ કરે તેમ મને ભક્તિથી વશ કરે છે" પર્યન્ત દુર્વાસાને આ પુષ્ટિલક્ષણ કહેલું છે. અહીં 'સત્સ્ત્રીઓ' અને 'સત્પતિ' એમ બે વાર 'સત્' પદ ભગવાને યોજેલું છે. તેથી એમ જણાય છે કે જેમ સત્સ્ત્રીઓને વશ સત્પતિ હોય છે તેમ ભગવાન્ ભક્તને અધીન છે, અને ભક્તોને ભગવાન્ની પ્રાપ્તિ સત્ય પ્રપત્તિથી થાય છે, માયાથી થતી નથી. કારણ કે પ્રપત્તિ માયાથી થતી હોય તો તે સત્ય કહેવાય નહિ. ભગવાન્ ભક્તોને વશ થાય તેથી તે અનીશ્વર પણ થતા નથી અથવા ભક્તોને વશ થવાથી તેમના ઐશ્વર્યની ક્ષતિ થતી નથી. ઈશ્વર પોતાની મર્યાદાનું અતિક્રમણ કરી ભક્તને અધીન થાય એ મોટું ઐશ્વર્ય જ છે, કારણ કે અન્ય કોઈ પોતાના સ્વરૂપની મર્યાદાનો ત્યાગ કરવા સમર્થ નથી. એ સામર્થ્ય પણ ઈશ્વરમાં છે એ ઈશ્વરનું ઐશ્વર્ય જ છે. તેથી જ સર્વત્ર ઈશ્વરને 'ભિન્નસેતુ' અથવા મર્યાદાનું ઉલ્લંઘન કરનાર પણ કહેલા છે. તેથી જ "જ્યાંથી વાણી પાછી ફરે છે" વિગેરેથી શ્રુતિ પણ ઈશ્વરના અચિન્ત્ય મહિમાનું નિરૂપણ કરે છે. તેથી જેમ-જેમ તમે શંકા કરો છો તેમ-તેમ શ્રીકૃષ્ણચન્દ્રમાં બ્રહ્મત્વની સિદ્ધિ જ થતી જાય છે તેથી ચિરં જીવો!

(લીલા માત્ર અનુકરણ જ છે એ મતનું ખણ્ડન કરતાં, પ્રસંગ હોવાથી, ભગવાન્ રસસ્વરૂપ અને રસવાન્ છે એમ કહ્યું. નૈયાયિકો આ પ્રમાણે માનતા નથી તેથી તેમને ઉત્તર આપવા પ્રથમ તેમનો મત ટૂંકામાં કહે છે.)

---

42. ઈશ્વરનું શરીર સ્વાભાવિક નથી એવા ન્યાયમતનું નિરાકરણ :

જીવના અદૃષ્ટથી પ્રાપ્ત શરીરમાં ભૂતાવેશન્યાયથી ઈશ્વર પ્રવેશ કરી, કાર્ય કરી, આવેશ ત્યજે છે. પરન્તુ ઈશ્વરમાં સ્વાભાવિક શરીર વિગેરે નથી, કારણ કે તેમને જ્ઞાન ઇચ્છા અને પ્રયત્નથી અતિરિક્ત ધર્મ નથી

આ ઉપેક્ષા કરવા યોગ્ય છે, કારણ કે ઈશ્વર અકર્તા થઈ જાય છે, કેમકે તેના મતમાં અવયવવાળી હોવાથી જેના કાર્યત્વનું અનુમાન થએલું છે એવી ક્ષિતિ વિગેરે જેમાં પક્ષ છે, કર્તૃ પૂર્વકત્વ જેમાં સાધ્ય છે, અને કાર્યત્વ જેમાં લિંગ છે એવા અનુમાનથી જગતના કર્તા તરીકે ઈશ્વરની સિદ્ધિ થાય છે.

વળી લોકમાં ઉપાદાનના ગોચર અને અપરોક્ષજ્ઞાન, ચિકીર્ષા અને કૃતિવાળો જ કર્તા દેખાય છે તેથી, અને દ્વ્યણુકથી આરમ્ભી નગ-સાગર પર્યન્ત પક્ષ હોવાથી તેમના કર્તા તરીકે સિદ્ધ થનાર તેમના ઉપાદાનના ગોચર અને અપરોક્ષ જ્ઞાનવાળો નિત્ય અને સર્વજ્ઞ જ હોવો જોઈએ. તેથી એવા પ્રકારના ઈશ્વરની સિદ્ધિ થાય છે. વળી, જેમ લોકમાં જ્ઞાનાદિવાન્ જ કર્તા દેખાય છે તેથી ઈશ્વરમાં જ્ઞાન આદિ સિદ્ધ થાય છે, તેમજ લોકમાં શરીરી જ કર્તા દેખાય છે તેથી ઈશ્વરમાં પણ શરીરિત્વની સિદ્ધિ નિષ્પ્રત્યૂહ છે, કારણ કે કર્તૃત્વ શરીરિત્વથી વ્યાપ્ય

છે. એ પ્રમાણે કાર્યત્વથી અનિત્યત્વનું અનુમાન કરતાં ઘટ વિગેરેમાં લિંગનું રૂપસાહચર્ય દેખાય છે, તેથી રૂપ વિશિષ્ટ જ કાર્યત્વ વ્યાપ્ય હોવાથી રૂપરહિત વાયુમાં અનિત્યત્વની અસિદ્ધિ છે. તેની સિદ્ધિ થાય તો વાયુમાં રૂપની પણ સિદ્ધિ થાય. પરન્તુ એમ નથી, કારણ કે પ્રત્યક્ષનો બાધ થાય છે.

કેવલ સાહચર્ય (અનુમાનમાં) પ્રયોજક નથી, પરન્તુ વ્યાપ્તિ પ્રયોજક છે. એ વ્યાપ્તિ કાર્યત્વ અને અનિત્યત્વ ની જ છે, તેથી વાયુમાં પણ તેની (અનિત્યત્વ ની) સિદ્ધિ થાય છે. તેથી ઈશ્વરમાં પણ શરીરિત્વની સિદ્ધિ થાય છે એમ કહો તો પ્રકૃતમાં પણ કર્તૃત્વનું પ્રયોજક જ્ઞાનેચ્છાપ્રયત્નવત્વ જ છે. તેથી શરીરિત્વમાં તેમનું સાહચર્ય છે તો પણ પ્રયોજકત્વ નથી, તેથી ઈશ્વરમાં તેની સિદ્ધિ થતી નથી. નહિ તો પક્ષમાં દૃષ્ટાન્તના સર્વ ધર્મ હોવા જોઈએ. તેથી ઘટના દૃષ્ટાન્તથી જલમાં અનિત્યત્વ સાધતાં પૃથ્વીત્વ વિગેરે પણ સિદ્ધ થાય. વળી ચેષ્ટા વિના કેવલ પ્રયત્નથી કુલાલ વિગેરેનું ઘટ વિગેરે કરવાનું સામર્થ્ય નથી. તેથી ચેષ્ટાશ્રય શરીરને સહકારી થવા દો. પરન્તુ ઈશ્વર કેવલ પ્રયત્નથી સર્વ કરવાને સમર્થ છે તેથી તેની અપેક્ષા નથી. વળી શરીર પરિચ્છિન્ન હોય એવો નિયમ હોવાથી સઘળા દેશમાં રહેલા કાર્ય સાથે ઉત્પન્ન થઈ શકે નહિ. આ ઠીક નથી, કારણ કે જ્ઞાનાદિમત્ત્વ પેઠે શરીરિત્વ પણ અન્વય-વ્યતિરેકથી સિદ્ધ થાય છે. કારણ કે જ્યાં-જ્યાં કુલાલ વિગેરેમાં કર્તૃત્વ છે ત્યાં શરીરિત્વ છે અને જ્યાં મુક્ત આત્માઓમાં શરીરિત્વ નથી ત્યાં કર્તૃત્વ નથી. તેથી ઈશ્વર પણ કર્તા હોવાથી શરીરી છે એમ અવશ્ય સ્વીકારવું જોઈએ, કારણ કે લોકમાં એમ દેખાય છે. નહિ તો વિશેષ ન હોવાથી ઇચ્છા વિગેરેની પણ સિદ્ધિ થાય નહિ. ચેષ્ટા વિના કેવલ પ્રયત્નથી કાર્ય કરવાને ઈશ્વર સમર્થ હોવાથી, ઈશ્વરમાં ચેષ્ટાશ્રય શરીરની સિદ્ધિ થતી નથી એમ કહે તો ઇચ્છા અને પ્રયત્ન વિના પણ ઈશ્વર કેવલ જ્ઞાનથી જ એમ કરવા સમર્થ હોવાથી તેમને ઇચ્છા વિગેરે પણ નથી એમ પણ કહેવું સહેલું છે. શરીર પરિચ્છિન્ન હોવાથી ઉપર કહેલો દોષ છે એમ પણ ન કહેવાય, કારણ કે અન્યથાનુપપત્તિથી સિદ્ધ થતું શરીર જે વડે અનુપપત્તિનો પરિહાર થાય તેવા પ્રકારનું જ સિદ્ધ થાય. શરીરના પરિચ્છેદ અને અનિત્યત્વનો નિયમ પણ અનુપપન્ન છે, કારણ કે પક્ષધર્મતાના બલથી અપરિચ્છિન્ન અને નિત્ય શરીરની જ સિદ્ધિ થાય છે. વસ્તુત: પરિચ્છેદ અને અનિત્યત્વ વિગેરે અનુપપત્તિની ઉદ્ભાવના શરીર સિદ્ધિથી જ વ્યાહત હોવાથી સમ્ભવતી નથી. નહિ તો જ્ઞાન પણ નિત્ય હોવું જોઈએ એ નિયમ પ્રમાણે ઈશ્વરનું જ્ઞાન પણ અનિત્ય થઈ જાય.

ઈશ્વરના કર્તૃત્વવડે શરીર સાધતાં ઈશ્વરની અસિદ્ધિ થવાથી આશ્રયાસિદ્ધિ થાય છે, અને ઈશ્વર સિદ્ધ થાય તો ધર્મિગ્રાહક પ્રમાણથી અશરીર જ સિદ્ધ થાય તેથી શરીરિત્વનો બાધ થાય!

એ વિચાર ન કરવાથી રમણીય લાગે છે, કારણ કે અહીં ધર્મિગ્રાહક પ્રમાણ ક્યું છે? એ તમને પૂછીએ છીએ.

કાર્ય જેમાં લિંગ છે એ અનુમાન!

એમ કહો તો તેનાથી કર્તા પર સિદ્ધ થાય, અન્ય નહિ.

એ સત્ય છે, પરન્તુ કર્તા તરીકે પોતે સિદ્ધ થતો કર્તા પોતાના કર્તૃત્વના નિર્વાહક લઈને જ સિદ્ધ થાય એમ અમે કહીએ છીએ.

અહો! તેના નિર્વાહક કોણ?

જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન જ.

એમ કેમ?

કારણ કે લોકમાં એ ગુણવાળા જ કાર્યના કર્તા દેખાય છે, એ ગુણથી રહિત નહિ.

ત્યારે શરીર પણ તેમની સમાન યોગક્ષેમવાળું હોવાથી જ્ઞાન ઇચ્છા પ્રયત્ન અને શરીરવાળો જ સિદ્ધ થશે. નહિ તો જ્ઞાન વિગેરે પણ સિદ્ધ થશે નહિ, કારણ કે લોકમાં તે પણ સમાન જ દેખાય છે એમ જાણ.

શરીર મહત્ અને ઉદ્ભૂતરૂપવાળું હોવાથી ચાક્ષુષ કેમ ન થાય?

લૌકિક પ્રત્યક્ષનો વિષય નથી તેથી એમ કહીએ છીએ. વિગ્રહવાળા ઇન્દ્રાદિ દેવના પણ અપ્રત્યક્ષપણાનું શ્રવણ થાય છે, ત્યારે સર્વ દેવના દેવના અપ્રત્યક્ષ-પણામાં શી શંકા? વળી (ઈશ્વરશરીર પ્રત્યક્ષ વિષય છે) એ સિદ્ધિથી ઉત્તરકાલીન હોવાથી, અને એ સિદ્ધિના અનવસરથી જ પરાહત જ હોવાથી, શંકાનો ઉદય જ સમ્ભવતો નથી એમ સંક્ષેપ છે. આથી "કાર્યનો શરીર વિગેરેવાળો કર્તા પૂર્વે હોવો જોઈએ એ નિયમનો, દરેક તૃણના અગ્રભાગમાં ઉત્પન્ન થતાં અંકુર વિગેરેમાં જ શરીરી કર્તાનો ઉપલમ્ભ થતો નથી તેથી નિરાસ થયો" એનો નિરાસ થયો, કારણ કે ઉપર કહેલી યુક્તિથી ત્યાં પણ શરીરી કર્તાની જ સિદ્ધિ થાય છે. તેથી જ્ઞાનથી દુર્બલના માત્ર વ્યામોહનમાટે એ મત છે, પરન્તુ સચ્છાસ્ત્રીય નથી તેથી વિદ્વાનોએ તેની ઉપેક્ષા કરવી. આ પણ તમારા મતને જ અનુસરી કહેલું છે. અમારે તો સર્વત: પાણિપાદાન્તવાળા અચિન્ત્ય અનન્ત શક્તિવાળા જ ભગવાન્ દરેક સત્કર્ણમાં અને જીહ્વાગ્રમાં જાગરૂક ઉપર કહેલા શ્રુતિ સ્મૃતિ અને પુરાણ ના વાક્ય અને તત્ત્વસૂત્ર રૂપી ભેરીના ઘોષથી ઉદ્ઘુષ્ટ થઈ સિદ્ધ થાય છે, તેથી અનુમાનરૂપી મચ્છરના ગણગણાટની અપેક્ષા નથી તેથી અવિરત તર્કની હદ થઈ ગઈ.

---

42. ઈશ્વરનું શરીર સ્વાભાવિક નથી એવા ન્યાયમતનું નિરાકરણ

પૂર્વપક્ષી:(નૈયાયિકો)જીવના અદૃષ્ટથી પ્રાપ્ત થએલા શરીરમાં ઈશ્વર ભૂતાવેશન્યાયથી પ્રવેશ કરે છે. જેમ ભૂતો મનુષ્યના શરીરમાં પ્રવેશ કરે છે તેમ જીવના અદૃષ્ટથી પ્રાપ્ત થતા શરીરમાં ઈશ્વર કાર્ય કરવા પ્રવેશ કરે છે. એ પ્રમાણે શરીરમાં પ્રવેશ કરી, ઈશ્વરકાર્ય કરે છે અને પછી આવેશ તજે છે, પરન્તુ ઈશ્વરને સ્વાભાવિક શરીર વિગેરે નથી. ઈશ્વરને જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન વિના વિશેષ ધર્મો પણ નથી. તેથી ઈશ્વરને સ્વાભાવિક શરીર પણ નથી.

સિદ્ધાન્તી:આ મત ઉપેક્ષા કરવા જેવો જ છે, કારણ કે એમ સ્વીકારીએ તો ઈશ્વર અકર્તા થઈ જાય. કર્તાને શરીર અવશ્ય હોવું જોઈએ એમ તમે માનો છો. તેથી જ કાર્ય

કરવા ઈશ્વરને ભૂતાવેશન્યાયથી જીવના અદૃષ્ટથી પ્રાપ્ત થએલા શરીરમાં પ્રવેશ કરવાની આવશ્યક્તા છે એમ તમે માનો છો. કર્તાને શરીર અવશ્ય હોવું જોઈએ. ઈશ્વરને સ્વાભાવિક અથવા અજન્ય શરીર ન હોય અને માત્ર જન્ય શરીર હોય તો તે જગત્કર્તા થઈ શકે નહિ. તમે ઈશ્વર જગતના કર્તા છે એમ સિદ્ધ કરવા નીચે પ્રમાણે અનુમાનો કરો છો.

1.ક્ષિતિ વગેરે કાર્ય છે, કારણ કે અવયવવાળા છે.

જે-જે અવયવવાળું હોય તે કાર્ય છે, જેમ કે ઘટ.

જે-જે કાર્ય નથી તે અવયવરહિત છે, જેમ કે આકાશ.

તેથી ક્ષિતિ વિગેરે કાર્ય છે.

2.ક્ષિતિ વિગેરેનો કર્તા તેમની પૂર્વે છે, કારણ કે તે કાર્ય છે.

જે-જે કાર્ય છે તેમની પૂર્વે તેમનો કર્તા છે, જેમ કે ઘટ.

જેમની પૂર્વે તેમનો કર્તા નથી તે કાર્ય નથી, જેમ કે આકાશ.

તેથી ક્ષિતિ વિગેરેની પૂર્વે તેમનો કર્તા છે.

3.દ્વ્યુણુકથી આરમ્ભી નગ, સાગર પર્યન્ત ક્ષિતિ વિગેરેનો કર્તા તેમના ઉપાદાનના ગોચર અને અપરોક્ષ જ્ઞાન-ચિકીર્ષા અને કૃતિવાળો છે, કારણ કે તે તેમનો કર્તા છે.

જે જેમનો કર્તા હોય તે તેમના ઉપાદાનના ગોચર અને અપરોક્ષ જ્ઞાન-ચિકીર્ષા અને કૃતિમાન્ છે, જેમ કે ઘટકર્તા કુમ્ભાર.

તેથી ક્ષિતિ વિગેરેના કર્તા તેમના ઉપાદાનના ગોચર અને અપરોક્ષ જ્ઞાન-ચિકીર્ષા અને કૃતિમાન્ છે.

દ્વ્યુણુકથી આરમ્ભી નગ-સાગર પર્યન્ત પૃથિવી, જલ, તેજ અને વાયુ સર્વનો કર્તા તે સર્વના ઉપાદાનના ગોચર અને અપરોક્ષ જ્ઞાન ચિકીર્ષા અને કૃતિમાન્ છે તેથી તે નિત્ય અને સર્વજ્ઞ જ છે. કારણ કે જે નિત્ય અને સર્વજ્ઞ હોય તેને જ આ સર્વના ઉપાદાનનું ગોચર અને અપરોક્ષ જ્ઞાન, ચિકીર્ષા અને કૃતિ સમ્ભવે. તેથી જગત્કર્તા નિત્ય અને સર્વજ્ઞ ઈશ્વર જ છે.

આ પ્રમાણે ઈશ્વર જગત્કર્તા છે એમ સિદ્ધ કરવા મુખ્ય ત્રણ અનુમાન યોજ્યાં છે. પ્રથમ અનુમાનથી ક્ષિતિ વિગેરે અર્થાત્ જગત્ કાર્ય છે એમ સિદ્ધ કરો છો. દ્વિતીય અનુમાન મુખ્ય છે અને તેથી જગતનો કર્તા છે એમ સિદ્ધ કરો છો. ત્રીજા અનુમાનથી જગતનો કર્તા કેવા પ્રકારનો છે એ સિદ્ધ કરો છો. આ ત્રણમાં સર્વથી મુખ્ય અનુમાન બીજું છે. એ અનુમાનમાં પ્રથમ અનુમાનથી કાર્ય સિદ્ધ થએલાં ક્ષિતિ વિગેરે પક્ષ છે, તેમનો કર્તા તેમની પૂર્વ છે એ સાધ્ય છે, અને કાર્ય છે એ લિંગ અથવા હેતુ છે. આ અનુમાનથી જગત્કર્તાની તમે સિદ્ધિ કરો છો. ત્રીજા અનુમાનથી જગત્કર્તા નિત્ય અને સર્વજ્ઞ છે એમ સિદ્ધ કરો છો.

તેથી લોકમાં જેમ જ્ઞાનવાળો પુરુષ જ કર્તા થાય છે એવો અનુભવ થાય છે તેથી ઈશ્વરમાં પણ જ્ઞાનની સિદ્ધિ થાય છે, તે જ પ્રમાણે લોકમાં શરીરવાળો પુરુષ જ કર્તા થાય છે એવો અનુભવ થાય છે તેથી ઈશ્વરને શરીર પણ અવશ્ય હોવું જ જોઈએ; કારણ કે કર્તૃત્વ શરીરિત્વથી વ્યાપ્ય જોઈએ. શરીરિત્વ વ્યાપક છે, કર્તૃત્વ વ્યાપ્ય છે. તેથી જ્યાં-જ્યાં

કર્તૃત્વ હાય ત્યાં-ત્યાં શરીરિત્વ અવશ્ય હોવું જોઈએ. ઈશ્વરમાં કર્તૃત્વ છે તેથી શરીરિત્વ અવશ્ય હોવું જોઈએ. ઈશ્વરમાં શરીરિત્વની સિદ્ધિ નીચેના અનુમનાથી થાય છે : "ઈશ્વર શરીરી છે, કારણ કે તે કર્તા છે. જે-જે કર્તા છે તે-તે શરીરી છે, જેમકે ઘટ કર્તા કુલાલ. જે-જે શરીરી નથી તે કર્તા નથી, જેમકે પરમમુક્ત જીવ"

વળી, "સર્ગના આરમ્ભમાં દ્વ્યુણુક ઉત્પન્ન કરનાર બે પરમાણુઓનો સંયોગ ઉત્પન્ન કરનારી ક્રિયા શરીરથી ઉત્પન્ન થએલી છે, કારણ કે તે ચેતનનું કર્મ છે. જે-જે ચેતનનું કર્મ છે તે શરીરથી ઉત્પન્ન થએલું છે, જેમકે આપણા શરીરથી ઉત્પન્ન થએલી ક્રિયા. તેથી સર્ગના આરમ્ભમાં બે પરમાણુઓનો સંયોગ ઉત્પન્ન કરનારી ક્રિયા પણ શરીરથી ઉત્પન્ન થએલી છે, તેથી ઈશ્વરને શરીર અવશ્ય હોવું જોઈએ"

કાર્ય કરવામાટે ઈશ્વર ભૂતાવેશ ન્યાયથી શરીર ગ્રહણ કરે છે એમ તમે પણ માનો છો. તેથી ઈશ્વરને શરીર છે એ આપણને ઉભયને માન્ય છે. માત્ર ઈશ્વરનું શરીર નિત્ય કે અનિત્ય એ વિષયમાં વિવાદ છે. "ઈશ્વરનું શરીર નિત્ય છે, કારણ કે સર્ગના આરમ્ભમાં દ્વ્યણુક ઉત્પન્ન થયું તે પૂર્વનું તે દ્રવ્ય છે. જે-જે સર્ગના આરમ્ભમાં દ્વ્યણુકની ઉત્પત્તિ થઈ તે પૂર્વના દ્રવ્ય છે તે નિત્ય છે, જેમકે પરમાણુઓ. જે-જે અનિત્ય દ્રવ્યો છે તે સર્ગના આરમ્ભમાં દ્વ્યણુકની ઉત્પત્તિ થઈ તે પૂર્વે ન હતા, જેમકે આપણાં શરીર. તેથી ઈશ્વરનું શરીર નિત્ય છે" આ પ્રમાણે ઈશ્વરનું શરીર નિત્ય સિદ્ધ થાય છે, તેથી તમે જીવના અદૃષ્ટથી પ્રાપ્ત થએલું શરીર ઈશ્વર ગ્રહણ કરે છે એમ માનો છો તે સિદ્ધ થતું નથી અને ઈશ્વર ભૂતાવેશ ન્યાયથી આવા શરીરમાં પ્રવેશ કરે છે એમ તમે માનો છો તે પણ સિદ્ધ થતું નથી. તમે માનો છો તેવા શરીરની ઈશ્વરમાં સિદ્ધિ થતી નથી. તેથી ઈશ્વર શરીરરહિત જ રહે છે અને તેથી તે જગતના કર્તા પણ નથી.

પૂર્વપક્ષી:એમ નથી. કર્તૃત્વ સિદ્ધ કરવામાં શરીરિત્વની આવશ્યક્તા નથી. લોકમાં કર્તા હોય છે તે ઉપાદનના ગોચર અને અપરોક્ષ જ્ઞાન, ચિકીર્ષા અને કૃતિમાન્ હોય છે. તેને શરીર હોય છે, પરન્તુ તે કર્તૃત્વનું પ્રયોજક નથી. નહિ તો આપણે ઘટ વિગેરે કાર્ય હોવાથી અનિત્ય છે એવું અનુમાન કરીએ છીએ, ત્યાં ઘટ વિગેરે કાર્યને રૂપ છે તેથી રૂપવાળાં કાર્ય જ અનિત્ય છે એમ માનવું જોઈએ. રૂપવાળાં જ કાર્ય અનિત્ય છે એમ માનીએ તો વાયુમાં રૂપ નથી તેથી તે અનિત્ય છે એમ સિદ્ધ થાય નહિ. વાયુ કાર્ય છે પરન્તુ તેમાં રૂપ નથી તેથી તે અનિત્ય સિદ્ધ થાય નહિ. કાર્ય સર્વ અનિત્ય છે એમ માનીએ તો વાયુ અનિત્ય સિદ્ધ થાય. પરન્તુ ઘટ વિગેરે કાર્ય રૂપવાળાં છે, વાયુ પણ કાર્ય છે, તેથી તેને પણ રૂપ હોવું જોઈએ, એ પ્રમાણે વાયુમાં રૂપ સિદ્ધ થાય. પરન્તુ એમ પણ કહેવાય નહિ. વાયુને રૂપ છે એમ મનાય નહિ કારણ કે પ્રત્યક્ષનો બાધ થાય છે.

સિદ્ધાન્તી:માત્ર સાહચર્યથી સાધ્યની સિદ્ધિ થતી નથી. માત્ર સાહચર્ય અનુમાનનું પ્રયોજક નથી પરન્તુ વ્યાપ્તિ અનુમાનપ્રયોજક છે. "જે-જે કાર્ય છે તે અનિત્ય છે" એવી જ વ્યાપ્તિ છે. વાયુ પણ કાર્ય છે તેથી તે અનિત્ય સિદ્ધ થાય છે. ઘટ વિગેરે કાર્યમાં રૂપનું માત્ર

સાહચર્ય જ છે, અર્થાત્ ઘટમાં કાર્યત્વ સાથે રૂપ માત્ર રહેલું છે. તેથી રૂપ અનુમાનનું પ્રયોજક નથી. તેથી અનિત્યત્વ સિદ્ધ કરવામાં રૂપની આવશ્યક્તા નથી.

પૂર્વપક્ષી:જો એમ કહો તો અહીં પણ ઉપાદાનનું ગોચર અને અપરોક્ષજ્ઞાન, ચિકીર્ષા અથવા કરવાની ઇચ્છા અને કૃતિમત્ત્વ અથવા પ્રયત્નવાળા હોવું એ જ કર્તૃત્વનું પ્રયોજક છે. ક્ષિતિ વિગેરેની પૂર્વે તેમનો કર્તા છે, કારણ કે તે કાર્ય છે એમ જગત્કર્તાની સિદ્ધિ થઈ. પછી દ્વ્યણુકથી આરમ્ભી નગ-સાગર પર્યન્ત ક્ષિતિ વિગેરેનો કર્તા તેમના ઉપાદાનના ગોચર અને અપરોક્ષજ્ઞાન, ચિકીર્ષા અને કૃતિવાળો છે, કારણ કે તે તેમનો કર્તા છે એવું અનુમાન કર્યું છે તે બરાબર છે, કારણ કે કર્તાપણાનું પ્રયોજક ઉપાદાનનું ગોચર અને અપરોક્ષ જ્ઞાન, ચિકીર્ષા અને કૃતિ જ છે. શરીર પ્રયોજક નથી પરન્તુ તેનું માત્ર સાહચર્ય જ છે. જેમ ઘટ વિગેરે કાર્ય હોવાથી અનિત્ય છે એ અનુમાનમાં રૂપનું માત્ર સાહચર્ય જ છે તેમ આ અનુમાનમાં શરીરનું માત્ર સાહચર્ય જ છે. તેથી ઈશ્વરમાં શરીર સિદ્ધ થતું નથી. ઘટકર્તા કુલાલને શરીર છે તેથી જગત્કર્તાને શરીર હોવું જોઈએ એમ કહેવાય નહિ, કારણ કે ઘટકર્તામાં શરીરનું માત્ર સાહચર્ય જ છે. શરીર ઘટકર્તૃત્વનું પ્રયોજક નથી. છતાં "જગત્કર્તા શરીરવાળા છે, કારણ કે તે કર્તા છે, જે-જે કર્તા છે તે શરીરવાળા છે, જેમકે ઘટકર્તા" એવું અનુમાન કરી, ઘટકર્તા શરીરી છે, તેથી જગત્કર્તાને પણ શરીર હોવું જોઈએ એમ માનીએ તો દૃષ્ટાન્ત ઘટકર્તાના સર્વ ધર્મ પક્ષ-જગત્કર્તામાં આવે. દૃષ્ટાન્તમાં સર્વ ધર્મ પક્ષમાં આવે તે ઇષ્ટ નથી, કારણ કે "જલ અનિત્ય છે, કારણ કે તે કાર્ય છે, જે-જે કાર્ય છે તે અનિત્ય છે, જેમકે ઘટ" એવું અનુમાન કરીએ છીએ તેમાં ઘટ દૃષ્ટાન્ત છે અને જલ પક્ષ છે. દૃષ્ટાન્તના સર્વ ધર્મ પક્ષમાં હોય તો ઘટના સર્વ ધર્મ જલમાં હોવા જોઈએ. ઘટ પાર્થિવ અથવા પૃથ્વીનો બનેલો છે તેથી જલ પણ આ પ્રમાણે પાર્થિવ સિદ્ધ થઈ જાય. વળી કેવલ પ્રયત્નથી, ચેષ્ટા વિના કુલાલ ઘટ વિગેરે કરવા સમર્થ નથી, તેથી કુલાલમાં ચેષ્ટા છે. ચેષ્ટા હોવાથી ચેષ્ટાનું આશ્રય શરીર પણ તેમાં છે. પરન્તુ તે સહકારી જ છે. ચેષ્ટા વિના કુલાલ ઘટ વિગેરે કરી શક્તો નથી તેથી ચેષ્ટાનો આશ્રય શરીર કુલાલમાં ઘટ કરવામાં માત્ર સહકારી જ છે, પરન્તુ જગકર્તા ઈશ્વર માત્ર પ્રયત્નથી સર્વ કાર્ય કરી શકે છે. ઈશ્વર પ્રયત્નથી જ જગત્ કરે છે, તેમને ચેષ્ટાની આવશ્યક્તા નથી. વળી ઈશ્વરને શરીર હોય તો તે પરિચ્છિન્ન અથવા હદવાળું જ હોવું જોઈએ. "ઈશ્વરનું શરીર પરિચ્છિન્ન છે, કારણ કે તે શરીર છે. જે-જે શરીર છે તે પરિચ્છિન્ન છે, જેમકે આપણા શરીર" એ પ્રમાણે અનુમાન કરવાથી ઈશ્વરને શરીર હોય તો તે પરિચ્છિન્ન અથવા હદવાળું હોવું જ જોઈએ. હદવાળું શરીર એક સાથે સર્વ દેશમાં કાર્ય કરી શકે નહિ. તેથી ઈશ્વરને શરીર હોય તો સર્વત્ર એક સાથે કાર્યની ઉત્પત્તિ થઈ શકે નહિ. તેથી ઈશ્વરને શરીર નથી એમ જ માનવું જોઈએ.

સિદ્ધાન્તી:આ પણ ઠીક નથી. કારણ કે જેમ ઈશ્વર જગતના ઉપાદાનના ગોચર અને અપરોક્ષ જ્ઞાનવાળા છે એમ સિદ્ધ કરો છો તે જ પ્રમાણે અનુમાન કરવાથી અન્વય અને વ્યતિરેક થી ઈશ્વર શરીરવાળા છે એમ પણ સિદ્ધ થાય છે. "ઈશ્વર શરીરવાળા છે, કારણ કે

તે કર્તા છે. જે-જે કર્તા છે તે શરીરવાળા છે, જેમકે ઘટ કર્તા કુલાલ" "જે-જે શરીરરહિત છે તે કર્તા નથી, જેમકે મુક્તજીવ" એ પ્રમાણે અન્વયવ્યાપ્તિ અને વ્યતિરેક-વ્યાપ્તિથી પણ ઈશ્વરને શરીર છે એમ સિદ્ધ થાય છે. લોકમાં પણ જે કર્તા હોય તે સર્વ શરીરવાળા છે એવો અનુભવ થાય છે તેથી ઈશ્વરને શરીર છે એમ અવશ્ય સ્વીકારવું જોઈએ. વ્યાપ્તિના બલથી સિદ્ધ થતું શરીર સ્વીકારો, નહિ તો ઈશ્વરમાં ઇચ્છા પણ સિદ્ધ થાય નહિ, કારણ કે તે પણ વ્યાપ્તિના બલથી જ સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી:ઈશ્વર ચેષ્ટા વિના માત્ર પ્રયત્નથી જ કાર્ય કરવા સમર્થ છે. તેથી જગત્ રચવામાં ઈશ્વરને ચેષ્ટાની આવશ્યક્તા નથી. ચેષ્ટાની આવશ્યક્તા ન હોવાથી ચેષ્ટાના આશ્રય શરીરની પણ આવશ્યક્તા નથી. તેથી ઈશ્વરને શરીર નથી એમ માનીએ છીએ.

સિદ્ધાન્તી:એક હોય તો ઇચ્છા પ્રયત્ન વિના માત્ર જ્ઞાનથી જ ઈશ્વર જગત્ રચવા સમર્થ છે તેથી ઈશ્વરને ઇચ્છા અને પ્રયત્નની પણ અપેક્ષા નથી એમ માનો. ઈશ્વરને પ્રયત્ન છે તો પણ શરીરની અપેક્ષા નથી એમ તમે માનો છો, ત્યારે ઈશ્વરને જ્ઞાન છે તેથી અન્ય કોઈની અપેક્ષા નથી એમ માનો. પરન્તુ એમ કહી શકાય તેમ નથી. તેથી ઈશ્વરને અન્વય-વ્યતિરેકથી સિદ્ધ થતું શરીર નથી એમ પણ કહી શકાય નહિ.

પૂર્વપક્ષી:ઈશ્વરને શરીર હોય તો તે પરિચ્છિન્ન હોવું જોઈએ, અને પરિચ્છિન્ન શરીરથી સર્વત્ર એક સાથે કાર્ય થઈ શકે નહિ. તેથી પરિચ્છિન્ન શરીરથી જગત્ રચી શકાય નહિ. તેથી ઈશ્વરને શરીર નથી એમ અમે કહીએ છીએ.

સિદ્ધાન્તી:એમ કહેવાય નહિ. કારણ કે ઈશ્વરને શરીર ન હોય તો તે જગત્ રચી શકે નહિ. ઈશ્વરને શરીર ન હોય તો જગતની અનુપપત્તિ થાય છે તેથી શરીર માનીએ છીએ. ઈશ્વરને શરીર છે એમ ન માનીએ તો જગતની અનુપપત્તિ થાય છે, અર્થાત્ અન્યથાનુપપત્તિથી ઈશ્વરને શરીર છે એમ સિદ્ધ થાય છે. અન્યથાનુપપત્તિથી સિદ્ધ થતું ઈશ્વરનું શરીર, જેવા શરીરથી અનુપપત્તિ દૂર થાય તેવા પ્રકારનું જ સિદ્ધ થાય છે. પરિચ્છિન્ન શરીરથી અનુપપત્તિ દૂર ન થાય તો જેવા પ્રકારના જેટલા પરિમાણવાળા શરીરથી સર્વત્ર એક સાથે કાર્ય થઈ શકે તેવા પ્રકારનું અને તેવા પરિમાણવાળું સિદ્ધ થાય છે. તેથી "ઈશ્વરનું શરીર પરિચ્છિન્ન અને અનિત્ય છે, કારણ કે તે શરીર છે. જે-જે શરીર છે તે-તે પરિચ્છિન્ન અને અનિત્ય છે, જેમકે આપણું શરીર" એવા અનુમાનથી ઈશ્વરનું શરીર પરિચ્છિન્ન અને અનિત્ય છે એમ પણ કહી શકાય નહિ. કારણ કે પરિચ્છિન્ન અને અનિત્ય શરીરથી જગતની ઉત્પત્તિ થાય નહિ. એવા પ્રકારની અન્યથાનુપપત્તિથી જગત્કર્તાનું શરીર અપરિચ્છિન્ન અને નિત્ય જ સિદ્ધ થાય છે. તેથી શરીર અપરિચ્છિન્ન અને નિત્ય જ સિદ્ધ થાય છે. તેથી શરીર પરિચ્છિન્ન અને અનિત્ય હોવું જોઈએ એ નિયમનો ભંગ થાય છે. વસ્તુત: ઈશ્વર અશરીરી છે અને જગતકર્તા છે એમ માનનારના મત પ્રમાણે ઈશ્વરનું શરીર પરિચ્છિન્ન અને અનિત્ય હોવું જોઈએ એવી અનુપપત્તિની ઉદ્ભાવના થતી નથી, કારણ કે તેમના મત પ્રમાણે શરીરની જ સિદ્ધિ થતી નથી. શરીરી જ કર્તા હોય અને તેથી ઈશ્વરને શરીર છે એમ માને છે તેમના

મત પ્રમાણે પણ ઈશ્વરનું શરીર અન્યથાનુપપત્તિથી સિદ્ધ થાય છે, તેથી અન્યથાનુપપત્તિને લીધે સર્વ અનુપપત્તિ દૂર કરી શકે તેવા શરીરની જ સિદ્ધિ થાય. તેથી "આકાશશરીરં બ્રહ્મ" "યદ્યેષ આકાશ આનન્દો ન સ્યાત્" વિગેરે શ્રુતિઓથી સર્વ અનુપપત્તિ દૂર કરનારું શરીર, સત્-ચિત્ અને આનન્દાત્મક છે, અને ઈશ્વરથી અભિન્ન છે. આ મત પ્રમાણે પણ ઈશ્વરનું શરીર નિત્ય અપરિચ્છિન્ન સિદ્ધ થાય છે તેથી શરીર અનિત્ય અને પરિચ્છિન્ન હોવું જોઈએ એ નિયમનો ભંગ જ થાય છે. જો આ નિયમ સાર્વત્રિક હોય તો જ્ઞાન અનિત્ય છે એ નિયમ પણ સાર્વત્રિક હોવો જોઈએ. તેથી જેમ આપણું જ્ઞાન અનિત્ય છે તેમ ઈશ્વરનું જ્ઞાન પણ અનિત્ય થઈ જાય.

પૂર્વપક્ષી:(નૈયાયિક એકદેશી) "ઈશ્વર શરીરવાળા છે, કારણ કે તે કર્તા છે, જે-જે કર્તા છે તે શરીરવાળા છે, જેમકે કુલાલ" વિગેરે રીતે ઈશ્વર કર્તા છે તેથી તેમને શરીર છે એમ સિદ્ધ કરવામાં આવે છે. પરન્તુ આમ અનુમાન કરતાં શરીર સિદ્ધ થાય તો તે શરીરી ઈશ્વર નહિ પરન્તુ શરીર હોવાથી જીવસમાન છે. તેથી કોઈ એવા શરીરવાળો જીવ હોવો જોઈએ. તેથી ઈશ્વરનું શરીર સિદ્ધ કરતાં આશ્રય ઈશ્વરની અસિદ્ધિ થાય છે. ઈશ્વરની જગત્કર્તા તરીકે સિદ્ધિ થાય છે તો ધર્મી-ઈશ્વરનું ગ્રહણ કરાવનાર અનુમાનથી શરીરરહિત જ ઈશ્વર સિદ્ધ થાય છે. તેવી ઈશ્વરના શરીરનો બાધ થાય છે અર્થાત્ ઈશ્વરને શરીર નથી.

સિદ્ધાન્તી:જ્યાં સુધી વિચાર કરાય નહિ ત્યાં સુધી જ તમારો મત રમણીય લાગે છે. પ્રથમ ધર્મિગ્રાહક પ્રમાણ ક્યું એમ તમને પૂછીએ છીએ. "ક્ષિતિ વિગેરેની પૂર્વે તેમનો કર્તા હોવો જોઈએ, કારણ કે તે કાર્ય છે. જે-જે કાર્ય છે તેની પૂર્વે તેનો કર્તા હોય છે, જેમકે ઘટ" વિગેરે અનુમાન ધર્મિગ્રાહક પ્રમાણ છે. આ અનુમાનમાં 'કાર્ય' લિંગ અથવા હેતુ છે. આ અનુમાન ધર્મી જગત્કર્તાનું ગ્રહણ કરાવનાર હોવાથી ધર્મિગ્રાહક પ્રમાણ છે. એમ કહો તો અમે ઉત્તર આપીએ છીએ કે આ અનુમાનથી માત્ર જગત્કર્તા સિદ્ધ થાય છે. પરન્તુ અન્ય કાંઈ સિદ્ધ થતું નથી.

પૂર્વપક્ષી:સત્ય એ અનુમાનથી કર્તા જ સિદ્ધ થાય છે પરન્તુ કર્તા સિદ્ધ થાય ત્યારે તેના કર્તૃત્વનો નિર્વાહ કરનાર સર્વ ધર્મવાળો જ સિદ્ધ થાય. કર્તૃત્વનો નિર્વાહ કરનાર ધર્મ વિના કર્તા સિદ્ધ થાય જ નહિ.

સિદ્ધાન્તી:અહો, કર્તૃત્વનો નિર્વાહ કરનાર ધર્મ ક્યાં છે?

પૂર્વપક્ષી:જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન જ.

સિદ્ધાન્તી:જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન એ ત્રણ જ ધર્મો કર્તૃત્વનો નિર્વાહ કરે છે એમ કેમ જાણ્યું?

પૂર્વપક્ષી:કારણ કે લોકમાં આ ત્રણ ધર્મવાળા પુરુષ જ કાર્ય કરે છે એવો આપણને અનુભવ થાય છે. આ ત્રણ ધર્મથી રહિત હોય તે કાર્ય કરતા નથી એમ પણ આપણને અનુભવ થાય છે. તેથી આ ત્રણ ધર્મ જ કર્તૃત્વના પ્રયોજક છે.

સિદ્ધાન્તી:ત્યારે જે-જે કર્તા છે તેમને શરીર છે અને જે-જે શરીરરહિત છે તે કર્તા નથી એવો પણ લોકમાં અનુભવ થાય છે. તેથી શરીર પણ જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન ના સમાન જ છે. તેથી જગત્કર્તા જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્નવાળો જ સિદ્ધ થતો નથી, પરન્તુ જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન અને શરીરવાળો જ સિદ્ધ થાય છે. જો જગત્કર્તામાં શરીર સિદ્ધ ન થાય તો જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન પણ સિદ્ધ ન થાય.

પૂર્વપક્ષી:જગત્કર્તામાં જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન સિદ્ધ થાય છે પરન્તુ શરીર સિદ્ધ થતું નથી કારણ કે શરીર હોય તો તે ઉદ્ભૂતરૂપવાળું અને મહત્ હોવું જોઈએ. જે-જે પદાર્થ મહત્ અને ઉદ્ભૂતરૂપવાળાં હોય તે ચાક્ષુષ છે તેથી ઈશ્વરને શરીર હોય તો તે ચાક્ષુષ હોવું જોઈએ. "ઈશ્વરનું શરીર ચાક્ષુષ છે, કારણ કે તે મહત્ અને ઉદ્ભૂતરૂપવાળું છે. જે-જે મહત્ અને ઉદ્ભૂતરૂપવાળાં છે તે ચાક્ષુષ છે, જેમકે આપણા શરીર" આ પ્રમાણે અનુમાન કરવાથી પણ ઈશ્વરને શરીર હોય તો તે ચાક્ષુષ જ હોવું જોઈએ એમ સિદ્ધ થાય છે. પરન્તુ ઈશ્વરનું શરીર આપણે દેખી શક્તા નથી. તેથી ઈશ્વરને શરીર હોય તો આપણે તે કેમ જોઈ શકીએ નહિ?

સિદ્ધાન્તી:આપણે તે જોઈ શક્તા નથી કારણ કે તે લૌકિક પ્રત્યક્ષનો વિષય નથી. ઇન્દ્ર વિગેરે દેવોને પણ શરીર છે અને છતાં તે અપ્રત્યક્ષ છે એમ આપણે શાસ્ત્રમાંથી જાણીએ છીએ. તે જ પ્રમાણે ઈશ્વરને શરીર છે છતાં તે આપણે જોઈ શક્તા નથી. "ઈશ્વરનું શરીર અચાક્ષુષ છે, કારણ કે તે લૌકિક પ્રત્યક્ષનો વિષય નથી. જે-જે લૌકિક પ્રત્યક્ષનો વિષય નથી તે અચાક્ષુષ, છે જેમકે ઇન્દ્ર વિગેરે દેવોના શરીર" જ્યારે ઇન્દ્ર વિગેરે દેવોનાં શરીર પણ અચાક્ષુષ છે ત્યારે સર્વ દેવના દેવ ઈશ્વરનું શરીર અચાક્ષુષ હોય તેમાં શંકા પણ કેવી? વળી ઈશ્વરનું શરીર આપણા પ્રત્યક્ષનો વિષય છે એમ સિદ્ધ થાય ત્યાર પછી તેને આપણે જોઈ કેમ શક્તા નથી? એવી શંકા સમ્ભવે. પરન્તુ તે આપણા પ્રત્યક્ષનો વિષય છે એમ જ સિદ્ધ થતું નથી તો આ શંકા પણ કેમ સમ્ભવે?

જે-જે કાર્ય છે તેની પૂર્વે તેનો શરીર વિગેરેવાળા કર્તા છે એવી નૈયાયિકોની વ્યાપ્તિનો પૂર્વમીમાંસાવાળા આદર કરતા નથી. દરેક ઘાસના તણખલાના અગ્રભાગ પર જે અંકુર ઉત્પન્ન થાય છે તે કાર્ય છે તો પણ તેનો ઉત્પન્ન કરનાર કોઈ શરીરવાળો કર્તા જણાતો નથી. તેથી આ વ્યાપ્તિ યોગ્ય નથી. એ પ્રમાણે પૂર્વમીમાંસકો આ વ્યાપ્તિનું ખણ્ડન કરે છે તેમનો પણ આથી નિરાસ થાય છે. પૂર્વે જે યુક્તિઓ ઈશ્વરનું શરીર સિદ્ધ કરવા કહી તેથી જ અહીં પણ અંકુર ઉત્પન્ન કરનાર શરીરી કર્તા સિદ્ધ થાય છે. તે લૌકિક પ્રત્યક્ષનો વિષય નહિ હોવાથી આપણે તેને જોઈ શક્તા નથી પરન્તુ શરીરવાળો કર્તા સિદ્ધ થાય છે. આ પ્રમાણે યુક્તિથી તેમના મતનું ખણ્ડન કર્યું છે. બૌદ્ધ વિગેરે મતનું ખણ્ડન કરેલું હોવાથી જ આ નૈયાયિકના મતનો શિષ્ટ મતમાં આદર કરેલો છે પરન્તુ તે શાસ્ત્રીય મત નથી. તેથી વિદ્વાનોએ તેની ઉપેક્ષા કરવી જોઈએ. આ ખણ્ડન પણ યુક્તિથી તેના મત પ્રમાણે જ કરેલું છે. વસ્તુત: ઈશ્વરને શરીર છે કે નહિ, ઈશ્વરનું શરીર નિત્ય છે કે અનિત્ય એ સર્વ અનુમાનનો વિષય નથી પરન્તુ શાસ્ત્રથી જ એ સર્વનું જ્ઞાન થાય છે. દરેક સત્કર્ણમાં અને

જીહ્વાના અગ્રભાગમાં જાગરૂક રહેલાં ઉપર વર્ણવેલાં શ્રુતિ, સ્મૃતિ, પુરાણના વાક્ય અને તત્ત્વસૂત્રરૂપી ભેરીના ઘોષથી ઈશ્વર સર્વત: પાણિ અને પાદ ના અન્તવાળા અચિન્ત્ય અનન્ત શક્તિવાળા સિદ્ધ થાય છે તેવા જ અમે માનીએ છીએ. અમે ઈશ્વરનું જે સ્વરૂપ માનીએ છીએ તે આ શ્રુતિ-સ્મૃતિ-પુરાણવાક્ય અને તત્ત્વસૂત્રરૂપી ભેરીના ઘોષથી ઉદ્ઘુષ્ટ છે તેથી અનુમાનરૂપી મશકના શુંકારની અમારે લેશ પણ અપેક્ષા નથી. તેથી હવે એ વાત બહુ થઈ ગઈ.

43. બ્રહ્મના ધર્મો બ્રહ્મથી ભિન્નાભિન્ન :

આ થાય. બ્રહ્મના ધર્મ બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન? પ્રથમ નહિ, કારણ કે તેમને પણ નિત્ય તરીકે જ સ્વીકાર્યા છે. "એક જ અદ્વિતીય" 6।1) "આ પુરુષ અસંગ છે" એ શ્રુતિનો વિરોધ થાય. દ્વિતીય પણ નહિ, કારણ કે ધર્મત્વનો નાશ થાય. તેથી એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાનની ઉપપત્તિમાટે પ્રપઞ્ચ જેવા બ્રહ્મના કાર્ય જ ધર્મ છે એમ માનવું જોઈએ. આમ હોવાથી બ્રહ્મ સર્વ કલ્પનારહિત જ સિદ્ધ થશે.

અહીં કહીએ છીએ. જેમ તેજરૂપ સૂર્યનો પ્રકાશ પણ સૂર્યરૂપ જ હોઈ તેના ધર્મરૂપ છે. સૂર્ય અને પ્રકાશ તેજ તરીકે જ મૂલાવિચ્છેદથી પ્રતીયમાન થાય છે તેથી (પ્રકાશ) અસૂર્યરૂપ નથી, અને તેનાથી ભિન્ન અને તેના તરીકે પ્રતીયમાન હોવાથી તેના ધર્મરૂપ છે. તેથી પ્રતીતિના અનુરોધથી ઉત્પત્તિવિશિષ્ટ છે તો પણ તે વસ્તુ જ એવા પ્રકારની છે એમ સ્વીકારીએ છીએ. તે જ પ્રમાણે બ્રહ્મના ધર્મો પણ અભેદ બોધ કરનાર શ્રુતિના અનુરોધથી બ્રહ્મરૂપ જ છે. "આની શક્તિ પર" 8) ઇત્યાદિમાં ષષ્ઠીવડે ભેદથી પ્રતિપાદન કરેલા હોવાથી બ્રહ્મથી ભિન્ન પણ છે. તેથી ઉભય પ્રકારની શ્રુતિના બલથી જ એ વસ્તુ જ એવા પ્રકારની છે એમ માનવું, કારણ કે લૌકિક અનુવાદ કરી થતા નિષેધપક્ષનો પ્રથમ નિરાસ કરેલો છે. પ્રકાશ સૂર્યજન્ય જ બીજું તેજ છે એમ ન કહેવું, કારણ કે "જે આદિત્યનું તેજ" ગીતા 15।) વાક્યથી ભગવત્તેજ હોવાથી અજન્ય છે, ભેદની કલ્પનામાં પ્રમાણ નથી, અને ગૌરવ થાય છે. પ્રલયમાં સૂર્યનો નાશ થાય તો પણ તેજ ભગવદ્દત્ત હોવાથી તેને ફરીથી ભગવાન્માં સ્થિતિ થાય છે, અથવા તેજસહિત સૂર્યનો જ ભગવાન્માં લય થાય છે. "પ્રકાશાશ્રયવદ્ વા તેજસ્ત્વાદ્" એમ સૂત્રકાર પણ ધર્મના સ્વરૂપના નિરૂપણમાં એમ જ કહે છે. 'વા' શબ્દ પૂર્વપક્ષનો નિરાસ કરે છે. પ્રકાશ અને તેનો આશ્રય સૂર્ય વિગેરે તેમનો જેમ અભેદ છે તેમ બ્રહ્મધર્મ અને બ્રહ્મનો પણ છે એવો અર્થ છે. પ્રકાશ તેના આશ્રય તેજથી ભિન્ન છે એવી શંકાનો નિરાસ કરવા હેતુ કહેલો છે. આમ હોવાથી "પોતાના આશ્રયથી અભિન્ન તેજ હોવાથી" એવો અર્થ થાય છે. અથવા, તેજથી ભિન્ન વસ્તુમાં એમ દેખાતું નથી તેથી 'તેજસ્ત્વાત્' એમ બ્રહ્મમાં જ હેતુ કહ્યો. "આદિત્યનું જ" વાક્યમાં તેજનું બ્રહ્મના ધર્મ તરીકે જ નિરૂપણ હોવાથી બ્રહ્મ પણ તેજરૂપ છે એવો ભાવ છે. તેથી એવા ધર્મથી વિશિષ્ટ જ એ વસ્તુનું શ્રુતિ 'એક જ' એમ પ્રતિપાદન કરે

છે. તેથી 'જ' શબ્દથી ભગવાન્ અને તેમના ધર્મથી અતિરિક્ત જ વસ્તુનો વ્યેવચ્છેદ થાય છે, પરન્તુ તેમનો પણ વ્યવચ્છેદ થતો નથી, કારણ કે તેમનો સ્વરૂપમાં સમાવેશ થાય છે. કારણ કે મધ્યાહને "નભોમણ્ડલમાં સૂર્ય જ છે" એ વાક્યથી સૂર્યની પ્રભાની સત્તાનો નિષેધ થતો નથી. તેથી જ દ્વિતીય સ્કન્ધમાં બ્રહ્મસ્વરૂપના નિરૂપણમાં રાજાએ પૂછવાથી શ્રીશુકદેવે તેનું નિરૂપણ કરતાં "જ્યાં સુર અને અસુર થી પૂજાએલા હરિનું વ્રત પાળનારા છે, જ્યાં માયા નથી તો બીજાનું શું કહેવું?" એમ ઉપક્રમ કરી, "પોતાના ધામમાં પોતાથી અભિન્ન ભગથી યુક્ત અને અન્યત્ર અધ્રુવથી યુક્ત રમતા ઈશ્વરને" (ભાગ. પુરા.2।16) એમ કહ્યું. તેથી ભગવાન્ના ધર્મો ભગવાનમાં જ નિત્ય જ છે. જેમને ભગવાન્ પોતના ઐશ્વર્ય વિગેરે ધર્મો આપે છે તેઓમાં જ્યાં સુધી ભગવાન્ની ઇચ્છા હોય ત્યાંસુધી તે રહે છે એમ ફલિત થાય છે. દશમા સ્કધધમાં અક્રૂરે દર્શન કરેલા સ્વરૂપના નિરૂપણમાં "શ્રી પુષ્ટિ ગી: કાન્તિ કીર્તિ તુષ્ટિ ઇલા ઊર્જા વિદ્યા અવિદ્યા અને માયા શક્તિથી સેવાએલા" એ વાક્યની એકવાક્યતા માં, અને લોકમાં સમ્મત ત્રણ અધ્યાયમાં "ઝીણાથી આરમ્ભી મોટાઓથી" (ભાગ. પુરા.10।।) એમ ઉપક્રમ કરી "મૂર્તિવાળાઓથી ઉપાસિત માત્ર સત્ય જ્ઞાન અનન્ત આનન્દની એકરસ મૂર્તિઓ" વાક્યની એકવાક્યતામાં સર્વધર્મોનું સચ્ચિદાનન્દત્વ સિદ્ધ થાય છે. લીલા પણ એવા પ્રકારની હોવાથી જ નિત્ય માનવી.

---

43. બ્રહ્મના ધર્મો બ્રહ્મથી ભિન્નાભિન્ન

હવે માયાવાદી પૂર્વપક્ષ કરે છે.

પૂર્વપક્ષી:બ્રહ્મના ધર્મો બ્રહ્મથી ભિન્ન હોઈ શકે નહિ, કારણ કે બ્રહ્મધર્મો નિત્ય છે એમ તમે માનો છો. નિત્ય બ્રહ્મધર્મ બ્રહ્મથી ભિન્ન હોય તો "એક જ અદ્વિતીય" "આ પુરુષ અસંગ છે" વિગેરે શ્રુતિઓનો વિરોધ થાય. બ્રહ્મ અને બ્રહ્મના ધર્મો એ સર્વ નિત્ય પદાર્થ હોવાથી કોઈ સમયે "એક જ અદ્વિતીય" એમ કહી શકાય નહિ. બ્રહ્મના ધર્મો બ્રહ્મથી અભિન્ન પણ હોઈ શકે નહિ, કારણ કે દ્રવ્ય અને તેના ધર્મ અથવા ગુણો સર્વદા ભિન્ન જ છે. બ્રહ્મધર્મો બ્રહ્મથી અભિન્ન હોય તો તે દ્રવ્ય જ ગણાય, ધર્મ ગણાય જ નહિ. તેમના ધર્મત્વનો નાશ થાય. આ પ્રમાણે બ્રહ્મધર્મ બ્રહ્મથી ભિન્ન અથવા અભિન્ન છે એમ કહી શકાય નહિ; તેથી એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન થાય એ પ્રતિજ્ઞાની ઉપપત્તિમાટે પ્રપઞ્ચ જેવા બ્રહ્મના કાર્ય જ બ્રહ્મધર્મ છે એમ માનવું જોઈએ. તેથી બ્રહ્મ સર્વ કલ્પનારહિત અથવા સર્વ ધર્મ રહિત અર્થાત્ નિર્વિશેષ જ સિદ્ધ થાય છે.

સિદ્ધાન્તી:એમ નથી. સૂર્ય તેજરૂપ છે. તેનો પ્રકાશ પણ તેજરૂપ જ અથવા સૂર્યરૂપ જ છે અને વળી તેનો ધર્મ પણ છે. મૂલ સૂર્યથી વિચ્છેદ વિના તેજ તરીકે જે પ્રકાશની પ્રતીતિ થાય છે, તે પ્રકાશ સૂર્યરૂપ નથી એમ કહી શકાય નહિ. વળી સૂર્યથી ભિન્ન અને સૂર્યનો પ્રકાશ એવી તેની પ્રતીતિ થાય છે તેથી પ્રકાશ સૂર્યનો ધર્મ પણ છે. તેથી પ્રકાશ ઉત્પત્તિવાળો હોવા છતાં તેની પ્રતીતિ થાય છે તેને અનુસરી પ્રકાશ સૂર્યરૂપ અને સૂર્યધર્મરૂપ

છે એમ માનીએ છીએ. તે જ પ્રમાણે બ્રહ્મના ધર્મો પણ બ્રહ્મથી અભિન્ન અથવા બ્રહ્મરૂપ અને બ્રહ્મથી ભિન્ન પણ છે. બ્રહ્મ અને બ્રહ્મના ધર્મોના અભેદનો બોધ કરનારી શ્રુતિને લીધે બ્રહ્મધર્મો બ્રહ્મરૂપ જ છે. વળી "આની શક્તિ પર" વિગેરે શ્રુતિમાં ષષ્ઠી વિભક્તિથી બ્રહ્મધર્મો બ્રહ્મથી ભિન્ન કહ્યા છે તેથી બ્રહ્મથી ભિન્ન પણ છે. તેથી અભેદનો બોધ કરનારી અને ભેદનો બોધ કરનારી ઉભય પ્રકારની શ્રુતિને અનુસરી બ્રહ્મધર્મો બ્રહ્મથી અભિન્ન અને ભિન્ન પણ છે. ધર્મનું નિરૂપણ કરનારી શ્રુતિ લૌકિક ધર્મોનો અનુવાદ કરે છે, અને પછી નિષેધશ્રુતિ તે જ ધર્મોનો નિષેધ કરે છે તેથી બ્રહ્મ નિર્વિશેષ છે એમ માની શકાય નહિ. આ પક્ષનો પ્રથમ જ અમે નિરાસ કરેલો છે. તેથી બ્રહ્મધર્મો બ્રહ્મથી અભિન્ન અને ભિન્ન ઉભય છે એમ માનવું જોઈએ. સૂર્ય અને પ્રકાશ ના દૃષ્ટાન્તથી એમ જ સિદ્ધ થાય છે. પ્રકાશ સૂર્યથી ઉત્પન્ન થએલું અન્યજ તેજ છે એમ કહેવાય નહિ, કારણ કે "જે આદિત્યનું તેજ અખિલ જગત્ પ્રકાશે છે જે ચન્દ્રમામાં અને અગ્નિમાં તેજ છે તે તે જ મારું જાણ" વાક્યને લીધે પ્રકાશ ભગવાન્નું જ તેજ છે, અને ભગવાન્નું તેજ હોવાથી તે નિત્ય અથવા અજન્ય છે. પ્રકાશ સૂર્યથી ભિન્ન અન્ય જ તેજ છે એમ માનવામાં કાંઈ પ્રમાણ નથી અને નિરર્થક ગૌરવ થાય છે. પ્રલય સમયે જ્યારે સૂર્યનો નાશ થાય છે ત્યારે પણ તેનો પ્રકાશ અથવા તેજ તેને ભગવાને જ આપેલું હોવાથી તે ભગવાન્માં જ લય પામે છે. અથવા પોતાના પ્રકાશ સહિત સૂર્ય જ ભગવાન્માં લય પામે છે. તેથી પ્રકાશ સૂર્યથી ઉત્પન્ન થએલું અન્યજ તેજ છે એમ કહેવાય નહિ. સૂત્રકાર પણ બ્રહ્મના ધર્મના સ્વરૂપનું નિરૂપણ કરતાં "પ્રકાશાશ્રય-વદ્વા તેજસ્ત્વાત્" સૂત્ર યોજે છે. આ સૂત્રમાં 'વા' શબ્દ પૂર્વપક્ષનો નિરાસ કરવા યોજેલો છે. પ્રકાશ અને તેનો આશ્રય સૂર્ય વિગેરે. તેમનો જેમ અભેદ છે તેમ બ્રહ્મધર્મ અને બ્રહ્મનો પણ અભેદ છે. 'પ્રકાશાશ્રયવત્' શબ્દનો આ પ્રમાણે અર્થ છે. પછી પ્રકાશ પોતાના આશ્રય સૂર્ય વિગેરેથી ભિન્ન છે એવી શંકા થાય તેનો નિરાસ કરવા 'તેજસ્ત્વાત્' હેતુ યોજે છે. "પોતાના આશ્રયથી અભિન્ન તેજ હોવાથી" એવો આ પ્રમાણે હેતુનો અર્થ થાય છે. અથવા તેજથી વ્યતિરિક્ત કોઈ પણ પદાર્થમાં આ પ્રમાણે ધર્મનો અભેદ જણાતો નથી. માત્ર સૂર્ય, ચન્દ્ર વિગેરે જ તેમના તેજ અથવા પ્રકાશથી અભિન્ન છે. તેથી બ્રહ્મમાં જ 'તેજસ્ત્વાત્' હેતુ કહે છે. બ્રહ્મ 'તેજ:' કહેવાય છે તેથી એવો હેતુનો અર્થ થાય છે. "જે સૂર્યનું તેજ અખિલ જગત્ પ્રકાશે છે" વિગેરે વાક્યમાં તેજ બ્રહ્મનો જ ધર્મ છે એમ કહેલું છે, તેથી બ્રહ્મ પણ સૂર્ય વિગેરે પેઠે તેજરૂપ જ છે. તેથી જેમ સૂર્ય અને તેનો પ્રકાશ અભિન્ન છે તેમ બ્રહ્મ અને બ્રહ્મધર્મો અભિન્ન છે. તેથી "એક જ અદ્વિતીય" શ્રુતિ પણ બ્રહ્મથી અભિન્ન બ્રહ્મધર્મથી વિશિષ્ટ જ બ્રહ્મના સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. તેથી "એક જ અદ્વિતીય" શ્રુતિમાં 'જ' શબ્દ છે તે બ્રહ્મ અને બ્રહ્મધર્મથી વ્યતિરિક્ત પદાર્થોનો જ વ્યવચ્છેદ કરે છે, અર્થાત્ બ્રહ્મ અને બ્રહ્મધર્મ સિવાય કોઈ પદાર્થ તે સમયે ન હતા એમ આ શ્રુતિ ઉપદેશ કરે છે. પરન્તુ બ્રહ્મધર્મનો વ્યવચ્છેદ 'જ' શબ્દથી થતો નથી, કારણ કે બ્રહ્મધર્મનો બ્રહ્મના સ્વરૂપમાં જ સમાવેશ થાય છે. મધ્યાહ્ન સમયે "આકાશમાં સૂર્ય જ છે" એમ કહીએ છીએ. સૂર્યની પ્રભા

પણ તે સમયે નથી, એવો ભાવાર્થ આ વાક્યનો નથી. સૂર્યની પ્રભાનો આ વાક્યથી નિષેધ થતો નથી. તે જ પ્રમાણે "એક જ અદ્વિતીય બ્રહ્મ" શ્રુતિથી બ્રહ્મધર્મોનો નિષેધ થતો નથી. તેથી જ શ્રીમદ્ભાગવતના દ્વિતીયસ્કધધમાં રાજાએ શ્રીશુકદેવજીને પ્રશ્ન કર્યો ત્યારે બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરેલું છે ત્યાં પણ "જ્યાં સુર અને અસુર થી પૂજાએલા હરિનું વ્રત પાળનારા (છે) જ્યાં માયા નથી તો બીજાનું શું કહેવું?" એ પ્રમાણે શ્રીશુકદેવજી બ્રહ્મધર્મના નિરૂપણનો આરમ્ભ કરે છે અને પછી "પોતાના ધામમાં પોતાથી અભિન્ન ભગથી યુક્ત અને અન્યત્ર અધ્રુવથી યુક્ત રમતા ઈશ્વરને" એમ કહે છે. તેથી ભગવાન્ના ધર્મ ભગવાન્માં જ રહેલા છે અને નિત્ય જ છે. ભગવાન્ પોતાની ઇચ્છાથી પોતાના ઐશ્વર્ય વિગેરે ધર્મોનું જેને દાન કરે છે તેનામાં તે ધર્મો ભગવાન્ની ઇચ્છા હોય ત્યાં સુધી જ રહે છે. ભગવદ્ધર્મ માત્ર ભગવાન્માં જ નિત્ય છે એમ સિદ્ધ થાય છે. દશમસ્કધધમાં અક્રૂરે જે સ્વરૂપનાં દર્શન કર્યા તેનું નિરૂપણ કરતાં "શ્રી, પુષ્ટિ, ગી:, કાન્તિ, કીર્તિ, તુષ્ટિ, ઇલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા અને માયા શક્તિથી સેવાએલા" શ્લોક યોજેલો છે. આ વાક્યમાં તૃતીયા વિભક્તિથી શક્તિઓ અને ઈશ્વરના ભેદનું નિરૂપણ કરેલું છે. લોકમાં સમ્મત ત્રણ અધ્યાયમાં "ઝીણાઓથી આરમ્ભી મોટાઓથી" એમ આરમ્ભ કરી "મૂર્તિવાળાઓથી ઉપાસિત માત્ર સત્ય, જ્ઞાન, અનન્ત આનન્દ ની એકરસ મૂર્તિઓ" વિગેરે વાક્ય છે. આ વાક્યમાં 'મૂર્તિઓ' પદથી આકારનો ઉલ્લેખ કર્યો છે. તેથી કર-ચરણ વિગેરે બ્રહ્મધર્મો બ્રહ્મથી અભિન્ન છે એવો ઉપદેશ કરેલો છે. તેથી સર્વ વાક્યની એકવાક્યતા કરતાં બ્રહ્મના સર્વ ધર્મો સચ્ચિદાનન્દરૂપ છે એમ સિદ્ધ થાય છે. ભગવાન્ની લીલા પણ સચ્ચિદાનન્દરૂપ હોવાથી અને માત્ર ભગવાન્માં જ રહેલી હોવાથી નિત્ય જ છે. "ભગવાન્ની લીલા નિત્ય છે, કારણ કે તે ભગવાન્માં રહેલી છે. ભગવાન્ના જ્ઞાનની પેઠે" એમ અનુમાનથી પણ લીલા નિત્ય સિદ્ધ થાય છે.

44. લીલાવિશિષ્ટ ભગવાનની નિત્યતા :

લીલા ગિરિ, વન, યમુનાપુલિન, પશુ, પક્ષી, મનુષ્ય વિગેરેના સમ્બન્ધ-વાળી છે, તેઓ અનિત્ય હોવાથી લીલા નિત્ય કેમ થાય?

ખરે! તારી વાણી સારી છે કે તારી નિત્યતાનું શ્રવણ કરવાની ઇચ્છા પણ દર્શાવે છે. તેની નિત્યતાનો પણ પ્રમાણથી જ નિશ્ચય થાય છે. કારણ કે
"જનના આશ્રય, દેવકીજન્મવાદ, યદુવરપરિષત્, સ્થિર અને ચર ના દુ:ખના નાશ કરનાર, પોતાના હાથથી અધર્મનો નાશ કરતાં શોભીતાં સ્મિતયુક્ત શ્રીમુખથી વ્રજપુરની વનિતાના કામદેવની વૃદ્ધિ કરતાં જય પામે છે"

વાક્યમાં દ્વારિકા, ગોકુલ અને મથુરા ના અધિકરણવાળી ભિન્ન કાલની પણ લીલાના કર્તા ભગવાન્ની ઉત્કર્ષથી સ્થિતિના પોતાના કથન સમયે પણ વર્તમાનપણાનું "જય પામે છે" એમ વર્તમાન પ્રયોગથી નિરૂપણ કરતાં જ, શ્રીશુકદેવે ત્યાં-ત્યાં લીલાઓના પણ

વર્તમાનપણાનો બોધ કરવા એકકાલીન-પણાના વાચક શતૃપ્રત્યયાન્ત 'નાશ કરતાં' 'વૃદ્ધિ કરતાં' એમ બે પદ યોજ્યાં. તેથી કથન સમયે અતીત તરીકે પ્રતીત થએલી પણ લીલાનું તે સમયે વર્તમાનપણું પ્રતીત થાય છે અને એ (લીલા જો) નિત્ય હોય તો જ ઘટે નહિ તો ન ઘટે. વળી આ સમયે કર્તાનું જ અસ્તિત્વ ઇષ્ટ હોત અને લીલાનું ન હોત તો તેમનું નિરૂપણ જ ન કરત, અને જ્ઞાપક તરીકે તેમનું નિરૂપણ કરવું હોત તો "તેઓનો કર્તા જય પામે છે" એમ જ કહેત. આમ હોવાથી અન્ય ગતિ હોવા છતાં શત્રન્ત પદનું જ નિરૂપણ કર્યું તેથી લીલાનું જ વર્તમાનપણું મુખ્ય રીતે ઇષ્ટ છે એમ નિશ્ચય થાય છે.

વિશેષણ હોવાથી મુખ્ય નથી.

એમ કહેવાય નહિ. "દણ્ડી હુકમ પછી કહે છે" એમાં જેમ હુકમ પછી કહેલાનું અને "લાલ પાઘડીવાળા ઋત્વિજો પ્રચરે છે" એમાં તેઓના પ્રચારનું, પૂર્વસિદ્ધ હોવાથી વિધાન નથી, પરન્તુ દણ્ડિપણુ અને લાલ પાઘડીવાળાપણું એ વિશેષણનું જ અપૂર્વ હોવાથી વિધાન છે, તેમજ ભગવાન્ના વર્તમાનપણામાં સન્દેહ ન હોવાથી તેમના લીલાકાર્યના જ વર્તમાનપણાનું જ અહીં નિરૂપણ છે. જો કે "અથવા વર્તમાનની પેઠે" એ નિયમને લીધે વર્તમાનના સામીપ્યને જ લીધે અહીં પણ એવો પ્રયોગ છે એમ કહી શકાય તો પણ આગળ કહીશું તે વાક્યોથી સન્દેહ ન રહે તેમ નિત્ય તરીકે જ વર્ણન કરેલું હોવાથી અહીં પણ તેઓની એકવાક્યતામાટે વર્તમાનના અર્થમાં જ પ્રયોગ છે એમ નિશ્ચય થાય છે. વળી ત્યાં તેના સામીપ્યમાં પણ એવા પ્રયોગનું સાધુપણું જણાય છે. સામીપ્યગુણના યોગથી પ્રયોગ ગૌણ જ છે પણ મુખ્ય નથી; અને મુખ્યાર્થનો બાધ હોય ત્યારે જ તેની કલ્પના યોગ્ય છે. તેના અબાધનો પ્રકાર આગળ કહીશું.

---

44. લીલાવિશિષ્ટ ભગવાનની નિત્યતા

પૂર્વપક્ષી:ગિરિ, કાનન, યમુનાપુલિન, પશુ, પક્ષી, મનુજ વિગેરેનો લીલાનો સમ્બન્ધ છે. ગિરિ વિગેરેના સમ્બન્ધની લીલાને અપેક્ષા છે. આમ હોવાથી, ગિરિ વિગેરે અનિત્ય છે ત્યારે લીલા નિત્ય કેમ સમ્ભવે?

સિદ્ધાન્તી:ધર્મસહિત બ્રહ્મ નિત્ય છે એમ પ્રથમ સિદ્ધ કરી ચુક્યા છીએ. તેથી લીલા પણ બ્રહ્મનો ધર્મ હોવાથી નિત્ય જ સિદ્ધ થઈ ચુકી છે અને તે નિત્ય સિદ્ધ કરવાની અત્ર આવશ્યક્તા ન હતી. પરન્તુ તમે શંકા કરી તેથી હવે લીલા પણ નિત્ય છે એમ સિદ્ધ કરવું પડશે. તમારી વાણી લીલા નિત્ય સિદ્ધ કરાવે છે. તેથી તે વાણી લીલાના નિત્યત્વનું શ્રવણ કરવાની ઇચ્છા દર્શાવનારી હોવાથી સારી જ છે.

લીલા નિત્ય છે એમ પ્રમાણથી જ નિશ્ચય થાય છે. "જનના આશ્રય, દેવકીજન્મવાદ, યદુવરપરિષત્, સ્થિર અને ચરના દુ:ખોના નાશ કરનાર, પોતાના હાથથી અધર્મનો નાશ કરતાં, શોભીતાં સ્મિતયુક્ત શ્રીમુખથી વ્રજપુરની વનિતાના કામદેવની વૃદ્ધિ કરતાં જય પામે છે" આ વાક્ય શ્રીમદ્ભાગવતમાં છે. આ વાક્યમાં દ્વારિકા, ગોકુલ અને મથુરામાં ભિન્ન-ભિન્ન

કાલે કરેલી લીલાના કર્તા ભગવાન્ની ઉત્કૃષ્ટ સ્થિતિ શ્રીશુકદેવજી પોતે આ શ્લોક કહે છે ત્યારે પણ છે એમ "જય પામે છે" એ વર્તમાન કાલવાળા પદથી ઉપદેશ કરેલો છે. વળી આ સર્વ લીલાઓ પણ નિત્ય જ છે એવો બોધ કરવાનો શ્રીશુકદેવજીનો આશય છે. તેથી આ સર્વ લીલાઓ પણ પોતે આ વાક્ય યોજે છે તે સમયે પણ છે એવો બોધ કરવા, સર્વ એક જ કાલની છે એવો બોધ કરનાર શતૃપ્રત્યય જેમને અન્તે છે એવા 'અસ્યન્' 'વર્ધયન્' એ પદ યોજ્યાં છે. 'અસ્યન્' એટલે નાશ કરતાં. અર્ધમનો નાશ કરતાં. 'વર્ધયન્' એટલે વૃદ્ધિ કરતાં. શ્રીશુકદેવજી આ વાક્ય યોજે છે તે સમયે પણ ભગવાન્ પોતાના હાથથી અધર્મનો નાશ કરતાં અને વ્રજપુરની વનિતાઓના કામદેવની વૃદ્ધિ કરતાં જય પામે છે એવો આ વાક્યનો અર્થ છે. તેથી શ્રીશુકદેવજી જ્યારે આ વાક્ય યોજે છે ત્યારે 1.ભગવાન્ જય પામે છે અથવા ભગવાન્ની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. 2.તે સમયે ભગવાન્ પોતાના હાથથી અધર્મનો નાશ કરે છે અથવા દાનવોનો સંહાર કરે છે. 3.તે સમયે ભગવાન્ વ્રજપુરની વનિતાઓના કામદેવની વૃદ્ધિ પણ કરે છે. આ સર્વ લીલા શ્રીશુકદેવજી આ વાક્ય યોજે છે તે સમયે પણ છે. આ સર્વ લીલા ભૂતકાલમાં થઈ ચુકી એવી સર્વની આ વાક્ય યોજ્યું ત્યારે પ્રતીતિ હતી. તથાપિ તે સમયે સર્વ લીલા વર્તમાન જ હતી એમ આ વાક્યથી જણાય છે. જો ભગવાન્ની લીલાઓ નિત્ય હોય તો જ આ સમ્ભવે અન્ય કોઈ રીતે આ સમ્ભવે નહિ. જો આ વાક્ય યોજવામાં તે સમયે એ સર્વ લીલાઓના કર્તા ભગવાન્ જ હતા પરન્તુ લીલાઓ ન હતી, એવો બોધ કરવાનો શ્રીશુકદેવજીનો આશય હોત તો તે લીલાઓનું આ વાક્યમાં નિરૂપણ ન કરત. આ સર્વ લીલાઓના કર્તા ભગવાન્ જય પામે છે એમ લીલાઓથી ભગવાન્ને ઓળખાવવા જ લીલાઓનું નિરૂપણ કર્યું છે એમ પણ કહેવાય નહિ, કારણ કે શ્રીશુકનો જો અવો જ આશય હોત તો "આ લીલાઓના કર્તા જય પામે છે" એમ જ કહેત પરન્તુ શતૃપ્રત્યય જેમને અન્તે છે એવાં 'અસ્યન્' 'વર્ધયન્' એ બે પદો યોજત નહિ. તેથી આ પ્રમાણે 'અસ્યન્' 'વર્ધયન્' એ પદ યોજ્યા વિના પણ ચાલે તેમ હતું તથાપિ તેજ પદનો પ્રયોગ કર્યો છે તેથી ભગવાન્ની લીલા પણ તે સમયે હતી એમ મુખ્યતાથી ઉપદેશ કરવાનો શ્રીશુકનો આશય છે એવો નિશ્ચય થાય છે.

પૂર્વપક્ષી:આ બે પદ વિશેષણ તરીકે યોજેલાં છે તેથી તેમનું નિરૂપણ મુખ્ય નથી. તેથી વ્યાસજીનો આશય અહીં લીલાના નિત્યત્વનું પ્રતિપાદન કરવાનો હોત તો એ અર્થનું જ્ઞાન કરાવવા વિશેષણોની યોજના કરત નહિ.

સિદ્ધાન્તી:એમ કહેવાય નહિ. વિશેષણથી પણ મુખ્ય અર્થનું પ્રતિપાદન થાય છે. અગ્નિષ્ટોમ યજ્ઞમાં 'મૈત્રાવરૂણ' નામનો એક ઋત્વિગ્ છે. આ યજ્ઞમાં "મૈત્રાવરુણાય દણ્ડં પ્રયચ્છતિ" દણ્ડ આપે છે' શ્રુતિથી તેને દણ્ડ આપવાનો છે. "અધ્વર્યુણા દત્તાનગ્નયે અનુબ્રૂહિ" એવો આ યજ્ઞમાં પ્રૈષ અથવા હુકમ છે. ત્યાર પછી "દણ્ડી પ્રૈષાનન્વાહ" 'દણ્ડી પ્રૈષ પછી કહે છે' એવું વાક્ય છે. દણ્ડી મૈત્રાવરૂણ આ પ્રૈષ અથવા હુકમ પછી આની પછીનું વાક્ય કહે છે. આ પછીનું કહેવાનું વાક્ય પ્રથમ પણ કહેલું છે. તેથી એ વાક્ય કહેવાનો અહીં મુખ્ય

ઉપદેશ નથી. પરન્તુ "દણ્ડી કહે છે" એ મુખ્ય ઉપદેશ કરેલો છે. તે જ પ્રમાણે વાજપેય યજ્ઞમાં "લોહિતોષ્ણીષા ઋત્વિજ: પ્રચરન્તિ" પાઘડીવાળા ઋત્વિજો પ્રચરે' શ્રુતિ છે. ત્યાં પ્રચાર અથવા કર્મકરણ પ્રથમ પણ કહેલું છે, તેથી તે ઉપદેશ મુખ્ય નથી. પરન્તુ "લાલ પાઘડીવાળા" ઉપદેશ જ નવીન હોવાથી મુખ્ય છે. આ પ્રમાણે અહીં પણ 'લોહિતોષ્ણીષા:' વિશેષણથી જ મુખ્ય ઉપદેશ કરેલો છે. તેમ અહીં પણ ભગવાન્ નિત્ય હોવાથી તે સમયે પણ હતા એમાં કાંઈ પણ સન્દેહ જ નથી. તેથી ભગવાન્ તે સમયે હતા એમ કહેવાનો શ્રીશુકનો આશય નથી પરન્તુ તે સમયે પણ ભગવાન્ તે સર્વ લીલા કરતા હતા એમ જ શ્રીશુક અહીં નિરૂપણ કરે છે. "વર્તમાનવદ્ વા" "અથવા વર્તમાન પેઠે" એવો નિયમ હોવાથી 'શતૃ' અન્તે હોય તેવાં પદ સામીપ્યનાં અથવા નજીકનાં ભૂતકાલમાં થએલી ક્રિયામાટે પણ યોજાય છે, તેથી અહીં પણ શ્રીશુકદેવ આ વાક્ય યોજે છે તે સમયથી સમીપના સમયમાં ભગવાને આ સર્વ લીલાઓ કરેલી હોવાથી આવો પ્રયોગ શ્રીશુકે કર્યો છે એમ કહી શકાય, તો પણ અમે લીલાનું નિત્યત્વ સિદ્ધ કરનાર શ્રુતિ અને પુરાણ વાક્યો આગળ કહીશું. તે અલ્પ પણ સંશય ન રહે તે પ્રમાણે લીલાના નિત્યત્વનું નિરૂપણ કરે છે. તેથી અહીં પણ એ સર્વ વાક્યોની એકવાક્યતા કરવા 'અસ્યન્' 'વર્ધયન્' પદો શ્રીશુકે વર્તમાનકાલમાટે જ યોજેલાં છે, સમીપના ભૂતકાલમાટે યોજ્યાં નથી એવો નિશ્ચય થાય છે. વળી આ 'વર્તમાનવદ્વા' સૂત્રથી વર્તમાનકાલની સમીપના કાલમાટે વર્તમાનકાલનો પ્રયોગ યોજાય છે એમ કહેલું છે. સામીપ્યના ગુણને લીધે જે પ્રયોગ કરવામાં આવે તે પ્રયોગ મુખ્ય નહિ પરન્તુ ગૌણ જ છે. મુખ્યનો જ્યારે અસમ્ભવ હોય અથવા પ્રયોગ મુખ્ય માનવાથી અર્થ સમ્ભવતો ન હોય ત્યાં જ ગૌણ પ્રયોગ માની શકાય. મુખ્ય અર્થનો બાધ થતો હોય ત્યાં જ ગૌણ પ્રયોગની કલ્પના કરી શકાય. પરન્તુ અહીં પ્રયોગને મુખ્ય ગણવાથી અર્થનો બાધ થતો નથી. અહીં શતૃપ્રત્યય જેમને અન્તે છે એવાં પદોનાં મુખ્ય અર્થનો કેવી રીતે બાધ નથી તે આગળ કહીશું.

45. ભગવાનના નામો પણ નિત્ય અને લોકવિલક્ષણ :

વળી દશમ સ્કધધમાં જ નામકરણના પ્રસ્તાવમાં "ગુણ અને કર્મ ને અનુરૂપ તારા સુતનાં બહુ નામ અને રૂપ છે. હું તે જાણું છું, લોકો જાણતા નથી" (ભાગ.પુરા. 10115) એમ સર્વજ્ઞ ગર્ગાચાર્યે નિરૂપણ કરેલું છે. અહીં 'છે' એ પદથી બહુ નામ અને રૂપ ના વર્તમાનપણાનો બોધ થાય છે. તેમાં પણ ઔદાર્ય વિગેરે ગુણો અને કાલીયદમન વિગેરે કર્મોને અનુરૂપ તેઓના એવા પ્રકારનો બોધ છે. 'અનુરૂપ' એટલે તે સમયને યોગ્ય આકાર ક્રિયા વિગેરેવાળું. જેમકે ગોવર્ધનોદ્ધરણ કર્મમાં ઉભા હોવું, ઉંચા બાહુવાળા હોવું, તેના ધારણની ક્રિયાવાળા હોવું, સર્વ ગોકુલજનોના આપ્યાયક હોવું વિગેરે. તેથી જો તેમના પ્રયોજક સ્વરૂપ ક્રિયા વિગેરે વર્તમાન હોય તો જ આવાં નામો વર્તમાન હોય. નહિ તો કોઈ સમયે એ ક્રિયાની નિવૃત્તિ હોય તો તેનાથી પ્રયુક્ત તે નામ પાચક-પાઠક પેઠે ન હોય. જેમ લોકમાં પાકને અનુકૂલ ક્રિયાથી રહિત દશામાં પણ "પાચકને બોલાવ" એમ કોઈ સમયે ક્રિયાવાળા હોવાથી તેવા ન હોય ત્યારે પણ તેવો પ્રયોગ ઉપચારથી થાય છે, તેમ અહીં પણ કોઈ સમયે ગુણ અને કર્મ ના યોગથી પ્રવૃત્ત નામનો પ્રયોગ ગુણ અને કર્મ થી રહિત દશામાં પણ સમ્ભવે છે, તેથી 'છે' પદ ઉપપન્ન થાય છે. તેથી લીલાનું નિત્યત્વ સિદ્ધ થતું નથી એમ નહિ. કારણ કે ઔપચારિક પ્રયોગ નામ નથી, નામ મુખ્ય વૃત્તિથી જ બોધ કરે છે. લોકમાં 'નરસિંહ' વિગેરે નામો 'ડિત્થ' 'કપિત્થ' વિગેરે નામ પેઠે રૂઢિથી જ તેના વાચક છે, ઉપચારથી નથી; કારણ કે કેવલ અશૂર નરમાં પણ એવો પ્રયોગ થાય છે. તેથી જ લૌકિક પુરુષમાં યોજેલાં 'શ્રીકૃષ્ણ' ઇત્યાદિ નામો ભગવાન્નાં નામ નથી. તે (ભગવાન્ના નામ) સદાનન્દરૂપ વિગેરે અર્થના વાચક હોવાથી અને લૌકિક પુરુષમાં તેનો અભાવ હોવાથી એ તેના જેવો શબ્દ વિશેષ જ છે એમ માનવું. ભગવાન્ના નામ તો અખણ્ડ શબ્દબ્રહ્મરૂપ છે. જેમ ભગવાન્ના સ્વરૂપમાં ગ્રાહકના દોષથી શરીરનું ભાન થાય છે તેમ નામમાં પણ લૌકિક શબ્દનું ભાન તેના દોષથી જ છે આ બધું પિતાએ શ્રીમદ્ભાગવત વિવરણમાં કહેલું છે. તેથી સ્વરૂપ પેઠે સર્વ નામ પણ નિત્ય માનવાં.

"ગુણ અને કર્મ ને અનુરૂપ" એમ કહેવાથી ગુણ અને કર્મ કર્યા પછી થએલા નામ બ્રહ્મ કેમ હોઈ શકે? કારણ કે નિત્યત્વ ત્રણે કાલમાં બાધનો વિષય નથી, એમ નહિ. સ્વરૂપ પેઠે કર્મનો પણ પ્રાદુર્ભાવ હોવાથી તેને અનુરૂપ નામનો પણ પ્રાદુર્ભાવ જ છે પરન્તુ ઉત્પત્તિ નથી. નહિ તો પોતાના યજ્ઞના નાશથી કોપેલા ઇન્દ્રે કરેલા વિજળી સહિત વરસાદની ધારાથી પીડિત પોતાના વ્રજજનના રક્ષણમાટે વામ કરકમલના નખના અગ્રપર શિખરિવર ગોવર્ધન પર્વત મૂકનાર શ્રીગોકુલનાથમાં નાશ પામેલા સર્વ ગર્વવાળા શક્ર અને સુરભિ વિગેરેએ કરેલા મહાભિષેક સમયે અનુભૂત ભવિષ્યમાં થનાર 'ગોવિન્દ' નામ, પૂતના અસુરૂપી પયના પાન પછી પોતાના પ્રાણથી પણ અતિ વલ્લભમાં બીજન્યાસ કરતી વ્રજની ઉત્તમ વધુઓ, "રમતાં ગોવિન્દ રક્ષણ કરો" એમ, અને ગુણગાનમાં "ગોવિન્દની વેણુ પ્રમાણે મત્તમયૂરના નૃત્ય થતું" એમ કેમ કહે? તેથી જ કર્મવિશિષ્ટ જે રૂપનું જે નામ છે તે કર્મવિશિષ્ટ તે રૂપ નિત્ય જ છે,

પણ લોકમાં જુદા-જુદા ભક્તો જુદા-જુદા રસનો અનુભવ કરે તે માટે કોઈક અંશનો ક્રમથી આવિર્ભાવ થાય છે અને કોઈક તિરોહિત રહે છે એમ જ માનવું. તેથી ભગવાન્ ગોવર્ધનને ધારણ કરી સદા રહે છે તેથી ગોવર્ધનોદ્ધરણધીર છે, એટલે ક્રિયા અને નામ સહિત ગોવર્ધનોદ્ધરણરૂપ સદા રહે છે. તેથી જ હાલ પણ ક્વચિત્ ભક્તોને એવો અનુભવ થાય છે, એવી પ્રતિમાનું ભજન અને એવું સ્મરણ થાય છે. નહિ તો, એવા પ્રકારના ન હોય તેની એવી ભાવનાથી "જે એક પ્રકારના આત્માને" (મહાભા. પર્વ 3।। 725) એ વાક્ય પ્રમાણે અપરાધ થાય, પરન્તુ પ્રસાદનું કારણ ભજન થાય નહિ. એવા ભજનથી પ્રસાદનો અનુભવ થાય છે. આમ હોવાથી રૂપમાં નામ આવશ્યક હોવાથી એ કર્મને અનુરૂપ નામ પણ નિત્ય જ છે. તેથી ઉપચારશંકાની ગન્ધનો લેશ પણ નથી.

વળી નામની પેઠે રૂપ પણ ગુણ અને કર્મ ને અનુરૂપ કહેલું હોવાથી તેમાં જેમ ઔપચારિક સત્ત્વની શંકા નથી તેમ નામમાં પણ જાણ. ગુણ અને કર્મ ના પણ નિત્યત્વનું પ્રતિપાદન કરવા જ "ગુણ અને કર્મ ને અનુરૂપ" 15) એમ યોજ્યું છે એમ જણાય છે. નહિ તો "દ્વિજાતિનો સંસ્કાર કરો" પુરા.10।10) એમ પ્રાર્થના કરેલી હોવાથી માત્ર નામકરણ નામનો સંસ્કાર જ કરવાનો હોવાથી નામ અને રૂપ ના અને તેમાં પણ ગુણ અને કર્મ ને અનુરૂપ તેઓના વર્તમાનપણાનું પ્રયોજન ન હોવાથી નિરૂપણ ન કરત. એમ હોવાથી તેનું નિરૂપણ કર્યું છે તેથી જ મારા કહેલા નામ પણ મેં કરેલા નથી પરન્તુ પૂર્વસિદ્ધ જ છે, હું માત્ર અનુવાદ કરું છું એમ દર્શાવે છે. "તારા સુતનાં બહુ નામ અને રૂપ છે" 10।15) એમ સાથે જ કહેલું હોવાથી નન્દસુતપણું પણ અનાદિ છે એમ દર્શાવાય છે. તેથી નન્દનું પણ હવે "હમણાં મારો પુત્ર અવતર્યો" એ જ્ઞાન પણ અનાદિ છે એમ જાણવું. ગર્ગનો પણ નામકરણ લીલામાં સમાવેશ હોવાથી તેમનાં આગમન અને વચન પણ નિત્ય હોવાથી અનાદિ જ છે. પૂર્વસિદ્ધ જ લીલા ભગવદિચ્છાથી ક્રમે-ક્રમે આવિર્ભાવ પામે છે એમ પ્રથમ જ કહેલું હોવાથી સર્વ યોગ્ય છે. શ્રુતિ પણ ગુણ અને કર્મ ને અનુરૂપ પ્રત્યેક નિત્ય છે એવા અભિપ્રાયથી "તે ચાલે છે, તે ચાલતું નથી. તે દૂર છે, તે સમીપ છે" ઇત્યાદિ કહે છે. નહિ તો એકના જ એક જ કાલે ક્રિયાવત્ત્વ અને ક્રિયારહિતત્વ એ વિરુદ્ધ ધર્મનો કેમ બોધ કરે? તેથી જે રૂપથી ચાલે છે તે રૂપ અને તેનું ચાલવું નિત્ય હોવાથી બ્રહ્મ એવા પ્રકારનું છે અને જે રૂપ સ્થિર છે તે રૂપ અને તેનું સ્થૈર્ય નિત્ય હોવાથી બ્રહ્મ નથી પણ ચાલતું. ક્રિયાસહિત અને ક્રિયારહિત સ્વરૂપના ભેદની શંકા કરવી નહિ, કારણ કે એના પરિહારમાટે જ પૂર્વના 'તે' શબ્દનો સર્વત્ર સમ્બન્ધ સમ્ભવે છે તો પણ પુન:-પુન: બ્રહ્મવાચક 'તે' શબ્દની આવૃત્તિ કરે છે તેથી અનેક નિત્યરૂપવાળું અનેક નિત્યક્રિયાવાળું અને અનેક નિત્યનામવાળું બ્રહ્મ છે એમ ફલિત થાય છે.

---

45. ભગવાનના નામો પણ નિત્ય અને લોકવિલક્ષણ

વળી શ્રીમદ્ભાગવતના દશમસ્કધધમાં જ નામકરણના પ્રસ્તાવમાં સર્વજ્ઞ ગર્ગાચાર્ય નીચે પ્રમાણે કહે છે. "ગુણ અને કર્મ ને અનુરૂપ તારા સુતનાં બહુ નામ છે. હું તે જાણું છું લોકો

જાણતા નથી" અહીં પણ "ભગવાન્ના બહુ નામો અને રૂપો છે" એમ ગર્ગાચાર્ય કહે છે તે સમયે પણ તે સર્વ વર્તમાન છે એમ કહેલું છે. આ સર્વ નામ અને રૂપ, ગુણ અને કર્મ ને અનુરૂપ છે. ઔદાર્ય વિગેરે ભગવાન્ના ગુણ અને કાલીયદમન વિગેરે કર્મ ને અનુરૂપ બહુ નામ અને રૂપ ગર્ગાચાર્ય કહે છે તે સમયે પણ વર્તમાન છે એ એવો બોધ કરેલો છે. 'અનુરૂપ' એટલે તે સમયને યોગ્ય આકાર, ક્રિયા અને ગુણ વાળું. જેમકે ભગવાને ગોવર્ધનનું ઉદ્ધરણ કર્યું, તે સમયે ભગવાન્ ઉભા હતા તેમનો હસ્ત ઉંચો કરેલો હતો, ભગવાન્ ગોવર્ધનને ધારણ કરવાની ક્રિયા કરતા હતા અને સકલ ગોકુલના લોકોનું રક્ષણ કરતા હતા. તે પરથી ભગવાન્નું 'ગોવર્ધનધારી' નામ છે. આ ભગવાન્ની ગોવર્ધનના ઉદ્ધરણની ક્રિયાને અનુરૂપ ભગવાન્ના બહુ નામો અને રૂપો છે. આ સર્વ નામો અને રૂપો વર્તમાન છે એમ ગર્ગાચાર્ય કહે છે. તેથી જો સર્વ નામોનાં પ્રયોજક ભગવાન્ના રૂપ અને ક્રિયા તે સમયે વર્તમાન અથવા નિત્ય હોય તો જ આ સર્વ નામો પણ નિત્ય હોઈ શકે. જો ક્રિયા વિગેરે નિત્ય ન હોય તો જે સમયે તે ક્રિયા ન હોય તે સમયે તે ક્રિયાથી યોજાએલું નામ પણ પાચક-પાઠક વિગેરેની પેઠે ન હોય. તેથી આ સર્વ ક્રિયા અથવા લીલા નિત્ય છે એમ માનવું જોઈએ.

પૂર્વપક્ષી:લોકમાં પાચક-પાઠક વિગેરે નામ ક્રિયાથી પડે છે. પરન્તુ એ ક્રિયા જ્યારે થતી ન હોય ત્યારે પણ પૂર્વે ક્રિયાથી પડેલું નામ યોજાય છે. પચન ક્રિયા કરતો ન હોય ત્યારે પણ "પાચકને બોલાવો" વાક્ય યોજાય છે. પ્રથમ પચન ક્રિયા તેણે કરેલી છે તેથી આ સમયે તે પચન ક્રિયા કરતો નથી તો પણ ઉપચારથી તેને 'પાચક' કહે છે. તે જ પ્રમાણે ભગવાન્ની ક્રિયા પણ નિત્ય ન હોય તો પણ નામ નિત્ય સમ્ભવે છે. કોઈ સમયે ક્રિયા અને ગુણને લીધે નામ પડે તે નામ ગુણ અને ક્રિયા ન હોય ત્યારે પણ ઉપચારથી યોજાય. તેથી ગર્ગાચાર્ય "બહુ નામો છે" એમ કહે તે પણ સમ્ભવે છે. તેથી આ વાક્યથી લીલા નિત્ય છે એમ સિદ્ધ થતું નથી.

સિદ્ધાન્તી:એમ ન કહો. જે ઉપચારથી પ્રયોગ કરવામાં આવે છે તે નામ નથી. પાચક-પાઠક એ કાંઈ નામ નથી. નામ ઉપચારથી બોધ કરતું નથી, પરન્તુ મુખ્ય વૃત્તિથી જ બોધ કરે છે. લોકમાં 'નરસિંહ' વિગેરે નામો ઉપચારથી તે-તે પુરુષોનો બોધ કરતાં નથી, પરન્તુ ડિત્થ-કપિત્થ વિગેરે નામની પેઠે રૂઢિથી જ તે-તે પુરુષોનો બોધ કરે છે. જો નરસિંહ નામ ઉપચારથી જ એ નામવાળા પુરુષનો બોધ કરતું હોય તો તે પુરુષમાં નરસિંહનું સાદૃશ્ય હોવું જોઈએ. પરન્તુ સાદૃશ્ય પણ હોતું નથી. મોટા નખ વિગેરે નરસિંહ જેવો જેનો આકાર ન હોય અને જે શૂર પણ ન હોય તેવા પુરુષનું પણ લોકમાં 'નરસિંહ' નામ હોય છે. તેથી લોકમાં ડિત્થ, કપિત્થ વિગેરે નામો કલ્પિત જ હોય છે. તેથી જ લોકમાં 'શ્રીકૃષ્ણ' વિગેરે નામો પણ હોય છે પરન્તુ તે ભગવાન્ના નામ નથી. ભગવાન્ના નામનો અર્થ સદાનન્દરૂપ છે. લૌકિક પુરુષો સદાનન્દરૂપ નથી. તેથી લોકમાં 'શ્રીકૃષ્ણ' વિગેરે નામ હોય છે તે ભગવાન્ના નામ નથી કારણ કે એ લૌકિક 'શ્રીકૃષ્ણ' વિગેરે નામનો અર્થ પણ સદાનન્દરૂપ નથી. અલૌકિક ભગવાન્નાં નામ શ્રીકૃષ્ણ જેવો માત્ર તે લૌકિક 'શ્રી કૃ ષ્ણ' અમુક શબ્દ જ છે એમ

માનવું જોઈએ. પરન્તુ ભગવાન્ના નામ સ્વરૂપથી અખણ્ડ શબ્દબ્રહ્મ છે. જેમ ભગવાન્ના સ્વરૂપમાં માનુષી તનુનું ભાન ગ્રાહકના દોષથી થાય છે અર્થાત્ જેમ લોકો પોતાના દોષથી ભગવાન્ના સત્ય સ્વરૂપને જાણતા નથી, પરન્તુ તેને લૌકિક શરીર જ માને છે, તેમ ગ્રાહકના દોષથી જ ભગવાન્ના નામ પણ લૌકિક શબ્દ જ હોય તેવી પ્રતીતિ થાય છે. આ સર્વનું શ્રીમદાચાર્યચરણે શ્રીમદ્ભાગવતવિવરણમાં વિસ્તારથી નિરૂપણ કરેલું છે. તેથી જેમ ભગવાન્નું સ્વરૂપ નિત્ય માનીએ છીએ તે જ પ્રમાણે ભગવાન્નાં સર્વ નામ પણ નિત્ય જ છે એમ અવશ્ય માનવું જોઈએ.

પૂર્વપક્ષી:ભગવાન્ના નામનો કદાપિ ધ્વંસ થતો નહિ હોય પરન્તુ તેમને ઉત્પત્તિ છે. ભગવાન્ના નામ ગુણ અને કર્મ ને અનુરૂપ છે એમ કહેલું છે. તેથી ગુણ અને કર્મ ભગવાન્ કરે ત્યારે નામો ઉત્પન્ન થાય છે. ગુણ અને કર્મ કર્યા પછી તેમને અનુરૂપ નામો ઉત્પન્ન થાય છે. તેથી ઉત્પત્તિવાળાં નામો બ્રહ્મસ્વરૂપ જ છે એમ કેમ કહેવાય? નિત્ય હોય તેનો ત્રણે કાલમાં બાધ થાય નહિ. ગુણ અને કર્મ કર્યાં તે પહેલાં ભગવાન્નાં નામો ન હતાં. તેથી ભૂતકાલમાં અમુક સમયે તેમનો બાધ હતો. તેથી ભગવાન્ના નામો નિત્ય છે એમ કહી શકાય નહિ.

સિદ્ધાન્તી:ભગવાન્નાં સ્વરૂપનો પણ અમુક સમયે જ પ્રાદુર્ભાવ થાય છે. ભગવાન્નું સ્વરૂપ નિત્ય છે. પરન્તુ ભગવાન્ની ઇચ્છાનુસાર તેનો અમુક સમયે પ્રાદુર્ભાવ થાય છે. તે જ પ્રમાણે ભગવાન્ના કર્મ પણ નિત્ય છે પરન્તુ ભગવાન્ની ઇચ્છાનુસાર અમુક સમયે તેમનો પ્રાદુર્ભાવ થાય છે. કર્મ નિત્ય હોવાથી, કર્મને અનુરૂપ નામ પણ નિત્ય જ છે અને તેમનો પણ પ્રાદુર્ભાવ જ થાય છે પરન્તુ ઉત્પત્તિ થતી નથી. જો નામની ઉત્પત્તિ થતી હોત, જો ભગવાન્ કર્મ કરે ત્યાર પછી તે કર્મને અનુરૂપ ભગવાન્નું નામ ઉત્પન્ન થતું હોત, તો ભગવાન્ શ્રીગોકુલનાથે ઇન્દ્રના યજ્ઞનો ભંગ કર્યો અને તેથી ઇન્દ્રને કોપ થયો ત્યારે તેણે વિદ્યુતસહિત મેઘની અતિશય વૃષ્ટિ કરી તે સમયે પોતાના વ્રજજનોનું રક્ષણ કરવા ભગવાને સ્વકીય વામ કરકમલના અગ્રભાગપર શિખરિવર ગોવર્ધન પર્વત ધારણ કર્યો અને ઇન્દ્રનો સર્વ ગર્વ દૂર કર્યો. તેથી ઇન્દ્ર, સુરભિ વિગેરેએ તેમનો મહાભિષેક કર્યો ત્યારે ભગવાન્નું 'ગોવિન્દ' નામ ઉત્પન્ન થવું જોઈએ. તે સમય પૂર્વે ભગવાન્નું 'ગોવિન્દ' નામ સમ્ભવે નહિ. પરન્તુ ભગવાને પૂતનાના અસુરૂપી પયનું પાન કર્યું ત્યાર પછી વ્રજની ઉત્તમ વધૂઓ પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય ભગવાન્નું ગુણગાન કરતાં "ગોવિન્દની વેણુ પ્રમાણે મત્તમયૂરનું નૃત્ય થતું" એમ કહે છે અને ભગવાન્નાં બીજ ન્યાસ કરતાં "રમતાં ગોવિન્દ રક્ષા કરો" એમ કહે છે તે સમ્ભવે નહિ. તેથી ઇન્દ્ર વિગેરેએ મહાભિષેક કર્યો તે પહેલાં પણ ભગવાન્નું 'ગોવિન્દ' નામ હતું જ. તેથી ભગવાન્ના નામની ઉત્પત્તિ થતી નથી, પરન્તુ પ્રાદુર્ભાવ જ થાય છે. તેથી રૂપ, કર્મ, નામ સર્વ નિત્ય છે. જે કર્મવાળા જે રૂપનું જે નામ છે તે કર્મવાળા તે રૂપ પણ નિત્ય છે. પરન્તુ ભિન્ન-ભિન્ન ભક્તોને ભિન્ન-ભિન્ન રસનો અનુભવ કરાવવા કોઈ રૂપનો ભગવાન્ આવિર્ભાવ ક્રમથી કરે છે અને કોઈ રૂપનું આચ્છાદન અથવા તિરોભાવ કરે છે એમ માનવું. ભગવાન્ ગોવર્ધન પર્વત ધારણ કરી સદા રહે છે તેથી 'ગોવર્ધનોદ્ધરણધીર' એવું ભગવાન્નું નામ છે.

ભગવાન્ સદા વામકરકમલના નખાગ્ર પર ગોવર્ધન ધારણ કરે છે એ ભગવાન્નું રૂપ નિત્ય છે, ધારણ ક્રિયા પણ નિત્ય છે અને 'ગોવર્ધનધારી' નામ પણ નિત્ય છે. ભગવાન્નું આ રૂપ નિત્ય છે તેથી જ આધુનિક સમયમાં પણ કોઈ-કોઈ સમયે ભક્તોને આ રૂપનાં દર્શન થાય છે. ભગવાન્ની એવા રૂપની પ્રતિમા કરી, ભક્તો ભજન પણ કરે છે અને ભગવાન્નાં એ રૂપનું સ્મરણ પણ કરે છે. તેથી ભગવાન્નું એ રૂપ આ સમયે પણ છે. ભગવાન્નું એ રૂપ આ સમયે ન હોય તો એ સ્વરૂપની ભાવના કરી તેનું ભજન અને સ્મરણ કરવાથી અપરાધ થાય, પરન્તુ ભગવાન્ને પ્રસન્ન કરનાર ભગવદ્ભજન થાય નહિ. કારણ કે "જે એક પ્રકારના આત્માને અન્ય પ્રકારનો માને છે" વિગેરે શ્રુતિ ન હોય તેવા સ્વરૂપની ભાવના કરવાથી અપરાધ થાય છે એમ સ્પષ્ટ ઉપદેશ કરે છે. પરન્તુ એ સ્વરૂપનું ભજન અને સ્મરણ કરવાથી ભગવાન્ પ્રસન્ન થાય છે એવો આપણને અનુભવ થાય છે. તેથી એ રૂપ નિત્ય છે એમ અવશ્ય માનવું જોઈએ. દરેક રૂપનું નામ પણ અવશ્ય જોઈએ. તેથી જ્યારે-જ્યારે રૂપ હોય ત્યારે તેનું નામ પણ અવશ્ય હોવું જોઈએ. તેથી એ રૂપના કર્મને અનુરૂપ નામ પણ નિત્ય જ છે. તેથી ભગવાન્નું નામ માત્ર ઉપચારથી જ યોજાય છે એવી શંકાની લેશ પણ ગન્ધ સમ્ભવતી નથી. વળી જેમ નામને ગુણ-કર્મને અનુરૂપ કહેલાં છે તેમ રૂપને પણ ગુણ-કર્મને અનુરૂપ ગર્ગાચાર્યે કહેલાં છે. તેથી જેમ રૂપમાં ઔપચારિકપણાની શંકા થતી નથી તેમ નામમાં પણ એવી શંકા કરવી ઉચિત નથી. ભગવાન્ના નામ અને રૂપ નિત્ય છે. ભગવાન્નાં ગુણ અને કર્મ પણ નિત્ય છે, એવો ઉપદેશ કરવા જ નામ-રૂપ ને ગુણ અને કર્મ ને અનુરૂપ કહેલાં છે એમ સ્પષ્ટ જણાય છે. કારણ કે નામ-રૂપને ગુણ અને કર્મ ને અનુરૂપ કહેવામાં ગર્ગાચાર્યનો એવો આશય ન હોત તો નન્દજીએ માત્ર "દ્વિજાતિના સંસ્કાર કરો" એવી પ્રાર્થના ગર્ગાચાર્યને કરી હતી તેથી ગર્ગાચાર્ય માત્ર નામકરણ સંસ્કાર જ કરત પરન્તુ નામ-રૂપ નિત્ય છે અને ગુણ અને કર્મ ને અનુરૂપ છે, એમ કહેત નહિ. કારણ કે એવું કહેવાનું કાંઈ પ્રયોજન ન હતું. આમ હોવા છતાં તે નામ અને રૂપ નિત્ય છે અને ગુણ અને કર્મ ને અનુરૂપ છે, એમ કહે છે તેથી ગર્ગાચાર્ય એમ જ કહે છે કે તમારા સુતના જે નામો હું કહું છું તે મારાં કરેલાં નથી પરન્તુ પૂર્વના સમયના અથવા નિત્ય છે. હું તારા સુતના નામ કરતો નથી, પરન્તુ તેના નિત્ય નામનો માત્ર અનુવાદ કરું છું. "તારા સુતના બહુ નામ અને રૂપ છે" એમ ગર્ગાચાર્ય કહે છે તેથી 'નન્દસુત' એ ભગવાન્નું નામ પણ અનાદિ છે. આ નામ અનાદિ હોવાથી "મને પુત્ર પ્રાપ્ત થયો" એવું નન્દજીનું જ્ઞાન પણ અનાદિ છે એમ જાણવું. ગર્ગાચાર્યનો પણ નામકરણલીલામાં સમાવેશ થાય છે. તેથી ગર્ગાચાર્યનું નન્દજીને દ્વારે આગમન અને તેમના વચન પણ નિત્ય છે. તેથી ગર્ગાચાર્ય પણ નિત્ય છે. ભગવાન્ની લીલા પૂર્વથી સિદ્ધ અથવા નિત્ય છે અને તેનો માત્ર ક્રમથી આવિર્ભાવ થાય છે એમ અમે પ્રથમ કહ્યું તે લક્ષમાં રાખવાથી આ સર્વ યોગ્ય જ છે. "તે ચાલે છે, તે ચાલતું નથી, તે દૂર છે, તે સમીપ છે" ઇત્યાદિ શ્રુતિનો પણ ગુણ અને કર્મ ને અનુરૂપ નામ અને રૂપ નિત્ય છે એવો જ આશય છે. શ્રુતિનો આવો અભિપ્રાય ન હોત તો એક જ બ્રહ્મ એક જ કાલે, ક્રિયાવાળું અને ક્રિયારહિત છે એમ ન કહેત. તેથી જે રૂપથી

બ્રહ્મ ચાલે છે તે રૂપ નિત્ય છે, અને ચાલવાની ક્રિયા પણ નિત્ય છે. વળી જે રૂપ સ્થિર છે તે રૂપ નિત્ય છે અને તેનું સ્થૈર્ય પણ નિત્ય છે. તેથી બ્રહ્મ ચાલે છે અને ચાલતું નથી એમ ઉભય સમ્ભવે છે. તેથી બ્રહ્મના ગુણ અને કર્મ ને અનુરૂપ રૂપ અને નામ છે એવા બોધ કરવાનો આ શ્રુતિનો પણ અભિપ્રાય છે. બ્રહ્મનું જે રૂપ ચાલે છે અને જે સ્થિર છે તે ભિન્ન છે એવી શંકા કરવી નહિ. કારણ કે "તે ચાલે છે તે ચાલતું નથી" એમ શ્રુતિમાં વારંવાર બ્રહ્મવાચક 'તે' શબ્દ યોજેલો છે. પ્રથમ 'તે' શબ્દ યોજ્યો તો 'ચાલે છે' અને 'ચાલતું નથી' ઉભય સાથે સમ્બન્ધ ધરાવી શકે પરન્તુ 'ચાલે છે' અને 'ચાલતું નથી' વિરુદ્ધ ધર્મ હોવાથી એ ધર્મવાળા સ્વરૂપનો ભેદ હશે એવી શંકા દૂર કરવા જ શ્રુતિ 'તે' શબ્દ પુન: યોજે છે. તેથી બ્રહ્મને અનેક નિત્ય રૂપ છે અનેક નિત્ય ક્રિયા છે અને અનેક નિત્ય નામ છે એમ સિદ્ધ થાય છે.

46. લીલાની નિત્યતા પ્રતિપાદક પ્રમાણો :

ઋગ્વેદમાં પણ

"તા વાં વાસ્તૂન્યુષ્મસિ ગમધ્યૈ યત્ર ગાવો ભૂરિશૃંગા અયાસ:. અત્ર આહ તદુરુગાયસ્ય વૃષ્ણ: પરમં પદમ્ અવભાતિ ભૂરિ"

(ઋગ્વેદ.1।4।

મન્ત્ર છે. 'તા:' તે, 'વાં' તમારા બેના, કૃષ્ણ અને રામ ના, અથવા ગોપી અને માધવ ના, 'વાસ્તૂનિ' (ધામ) 'ગમધ્યૈ' પ્રાપ્ત કરવાને, 'ઉષ્મસિ' ઇચ્છીએ છીએ. તે ક્યાં એ આકાંક્ષાને લીધે ગૂઢ અભિસન્ધિનું ઉદ્ઘાટન કરે છે. 'યત્ર' (જ્યાં) ગોકુલમાં, 'ભૂરિશૃંગા:' મોટા શૃંગવાળી, 'ગાવ:' (ગાયો), વસે છે એ શેષ છે. અથવા અરણ્યના અને ગામના પશુઓના ઉપલક્ષણમાટે 'ભૂરિશૃંગા:' મોટા શૃંગવાળા રૂરૂ વિગેરે મૃગો અને ગાયો એવો અર્થ છે. 'અયાસ:' શુભ. 'અત્રાહ'. 'અત્ર' સ્થાનમાં ભૂમિપર, 'તત્' લોકવેદ પ્રસિદ્ધ, 'ઉરુગાયસ્ય' બહુ કીર્તિવાળા ભગવાન્નું, 'વૃષ્ણ:' ગોપીના કામના વર્ષાવનાર, કામને વર્ષાવે તે વૃષા, એવા પ્રકારના તેનું, 'તત્' (તે) ગોકુલ, 'પરમં પદમ્' સ્થાન વૈકુણ્ઠ તેનાથી પણ અધિક પરમ પદ, પ્રકૃતિ કાલ વિગેરેથી પણ અતીત હોવાથી, વૈકુણ્ઠની અપેક્ષાથી પણ અતિ પ્રિય હોવાથી, પરમ એવું પદ 'અવભાતિ' પ્રકાશે છે. 'ભૂરિ' ઘણું જ. તેથી એવા પ્રકારનું તે બેનું સ્થાન. તે સ્થાન સમ્બન્ધી પ્રસાદ તરીકે પ્રાપ્ત કરવાને ઇચ્છીએ છીએ, અન્ય નહિ એવો વાક્યાર્થ થાય છે. 'ભૂરિ' શબ્દ બાહુલ્ય અર્થનો હોવાથી અનેક પ્રકારના નિકુઞ્જ, ગુફાનો પ્રદેશ, શ્રીયમુનાજીના પુલિન, ગોવર્ધનનું શિખર વિગેરેમાં નિરન્તર ભગવાન્ની સ્થિતિ હોવાથી એવા પ્રકારનું (સ્થાન) પ્રકાશે છે એવો તાત્પર્યાર્થ છે. અથવા 'ભૂ' ધાતુનો આપ્ત અર્થ હોવાથી વ્યાપક, તેથી પરમ તરીકે ભગવત્સ્થાન તરીકે અને ભૂરિ તરીકે ગોકુલનું નિત્યત્વ જ સિદ્ધ થાય છે.

વળી તૈત્તિરીયકમાં પણ

"તે તે ધામાનિ ઉષ્મસિ ગમધ્યૈ ગાવો યત્ર ભૂરિશૃંગા અયાસ:. અત્ર આહ તદુરુગાયસ્ય વિષ્ણો: પરમં પદમ્ અવભાતિ ભૂરે:"
(તૈત્તિ.સં.1।6)

મન્ત્ર છે. 'તે' તારા (તે) તે 'ધામાનિ' સ્થાનો, 'ગમધ્યૈ' પ્રાપ્ત કરવાને, 'ઉષ્મસિ' ઇચ્છીએ છીએ. બાકીનો અર્થ પ્રથમ પેઠે સમજવો. 'ભૂરે:' રાસ ઉત્સવ વિગેરેમાં એવી રીતે પ્રાકટ્ય હોવાથી બહુરૂપવાળા, અહીં પોતે નિત્ય વેદ 'શોભે છે' એમ કહેતાં પોતાના ભાનના વિષય ગોકુલનું પણ નિત્યત્વ જ કહે છે. અન્યના અવભાન પક્ષમાં પણ વર્તમાન પ્રયોગથી વિષય પણ વર્તમાન જ થાય છે. આની પછી જ

"વિષ્ણો: કર્માણિ પશ્યત યતો વ્રતાનિ પસ્પશે. ઇન્દ્રસ્ય યુજ્ય: સખા"

"તદ્વિષ્ણો: પરમં પદં સદા પશ્યન્તિ સૂરય:. દિવીવ ચક્ષુરાતતમ્"
(ઋગ્વેદ 1।।-20)

એમ બે મન્ત્ર છે. તેથી પૂર્વે મન્ત્રમાં "જ્યાં શુભ મોટા શૃંગવાળી ગાયો (રહે છે) તે બહુ કીર્તિવાળાનું પરમ પદ છે" (તૈત્તિ.સં.1।6) એમ કહી ત્યાર પછી ત્યાં કરેલા કર્મનું પણ "વિષ્ણુના કર્મ જુઓ" એ મન્ત્રથી નિરૂપણ કરી, પૂર્વે વર્ણવેલા લીલાસ્થાનનો "તે વિષ્ણુનું પરમ પદ (છે)" એ મન્ત્રથી પુન: અનુવાદ કરી તેના નિત્યત્વનું નિરૂપણ કરવા "સૂરિઓ સદા જુએ છે" એમ કહે છે. સૂરિઓ (અર્થાત્) વિદ્વાનો. સૂરિપણું એટલે શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મનું સ્વરૂપ જાણનારપણું. પરબ્રહ્મનું જ્ઞાન ભક્તિથી જ થાય છે એવો "ભક્તિથી મને જાણે છે" 11।) એ વાક્યને લીધે, અને "માત્ર ભક્તિથી જ હું ગ્રાહ્ય છું" 11।।) એ વાક્યને લીધે નિર્ણય છે. તેથી 'સૂરિ' શબ્દથી ભક્ત કહેલા છે. ખરે! "અહીં તે બહુ કીર્તિવાળાનુ" અને "સૂરિઓ સદા જુએ છે" એ વાક્યોની એકવાક્યતા કરતાં ભૂમિપર તે પરમ પદ ભક્ત જ સદા જુએ છે એવો અર્થ થાય છે. તેથી વન, કાલિન્દી, તેના પુલિન, ગિરિગહ્વર વિગેરે રૂપી હોઈ મહત્ અને ઉદ્ભૂતરૂપવાળું તે પરમ પદ માત્ર ભક્તોથી દૃશ્ય છે, સાધારણ જનના ચક્ષુઓનો વિષય નથી? એવી શંકા કરી તેનો નિરાસ કરવા "દિવિ આતત ચક્ષુની પેઠે" એમ દૃષ્ટાન્ત કહે છે. "જેમ 'દિવિ' (અર્થાત્) સ્વર્ગમાં, 'આ' (અર્થાત્) ચારે બાજુએ, 'તત' અર્થાત્ વ્યાપ્ત "જે દુ:ખ સાથે નહિ" (આપ. શ્રૌ.સૂત્ર) એ વાક્યથી માત્ર સુખનું સાધન સુખરૂપ તે પદાર્થ, ત્યાં જ રહેલાના જ ચક્ષુ જુએ છે, બીજાનાં નહિ તે પ્રમાણે" એવો અર્થ છે. તેથી તે લીલામાં જેનો સમાવેશ થયો હોય તેઓથી જ તે દૃશ્ય છે તેથી સાધારણ જનનો વિષય ન હોય તો પણ દોષ નથી એવો ભાવ છે.

અથવા પૂર્વે કહેલી શંકામાં જ કહે છે. પ્રથમ અહીંથી જ સ્વર્ગસ્થ પદાર્થનું દર્શન ન થાય તો પણ યોગની ધારણાથી દૂરગ્રહણ નામની સિદ્ધિ સમ્પાદન થાય ત્યારે યોગીનું ચક્ષુ 'આતત' (અર્થાત્) સર્વત: વ્યાપ્ત સર્વગ્રહણસમર્થ થઈ જેમ અહીંથી જ સ્વર્ગમાંના પદાર્થ જુએ છે, તેમ આ પણ પ્રથમ અદૃશ્ય હોવા છતાં એવા પ્રકારના ભગવાન્ના અનુગ્રહથી એવા પ્રકારની ભક્તિનો લાભ થાય ત્યારે એ અધિકાર પ્રાપ્ત થયો તેથી તે માટે એવા પ્રકારના

ભગવાન્ પ્રકટ થાય છે તેથી તે સમયે દૃશ્ય થાય છે એવો અર્થ છે. તેથી હાલ આધુનિકને પણ પૂર્વે કહેલો અધિકાર પ્રાપ્ત થાય ત્યારે તેનું દર્શન થાય છે એમ સિદ્ધ થયું. અથવા અહીં ત્રણ દૃષ્ટાન્ત છે. કારણ કે પૂર્વે વર્ણવેલું પરમ પદ લોકરૂપ હોવાથી, ઇતરલોકધયાયે દુ:ખનો પણ ત્યાં સમ્ભવ હોવાથી અને ભગવાન્ની લીલા આનન્દરૂપ હોવાથી આ માત્ર આનન્દરૂપ કેમ હોય, તેથી 'દિવિ પેઠે' એમ કહ્યું. જેમ અન્ય લોકમાં દુ:ખ મિશ્રિત સુખ હોવા છતાં સ્વર્ગમાં દુ:ખના મિશ્રણ રહિત સુખ છે, તેમ ગોકુલમાં માત્ર આનન્દરૂપ છે એવો અર્થ છે.

'ખરે' વિગેરેથી કહેલી શંકામાં 'ચક્ષુપેઠે' એમ કહે છે. જેમ શ્રોત્ર વિગેરે નહિ પણ ચક્ષુ જ રૂપનું ગ્રહણ કરે છે, કારણ કે ઇન્દ્રિયત્વ સમાન છે તથાપિ તેનું જ તેમાં સામર્થ્ય છે. વસ્તુ જ એવા પ્રકારની છે. તેમ અહીં પણ છે એવો અર્થ છે. જેમ દોષરહિત જ ચક્ષુ વસ્તુતત્ત્વનું ગ્રહણ કરે છે પરન્તુ ભ્રમ-કામલ વિગેરે દોષયુક્ત મહીભ્રમ શથપીતિમાં વિગેરે ગ્રહણ કરે છે તેમ અવિદ્યાદોષથી રહિત સૂરિઓ જ ગોકુલ વિગેરેનું સ્વરૂપ જુએ છે, અન્ય નહિ, એવો પણ ચક્ષુ દૃષ્ટાન્તનો અભિપ્રાય છે એમ જાણવું. આથી ત્યાં વૃક્ષ-સ્થલ વિગેરેના વ્રશ્ચન અન્યથાભાવ દર્શન વિગેરેમાં ઉપપત્તિ વર્ણવેલી થાય છે.

અથવા ચક્ષુ: એ દ્વિતીયાના એકવચનનું પદ છે. જેમ ચક્ષુ ઇન્દ્રિય પોતે અતીન્દ્રિય જ કોઈ ગોલકમાં રહે છે, સર્વ દર્શાવે છે, ગોલકને પણ 'ચક્ષુ' શબ્દ વાચ્ય કરે છે અને યોગિપ્રત્યક્ષનો વિષય થાય છે, તેમ ગોકુલ વિગેરે પણ પોતે અલૌકિક અતીન્દ્રિય જ હોઈ, સાધારણ જનથી દૃશ્ય સ્વકીય યોગ્ય સ્થાનમાં રહી તે સ્થાનનો પ્રકાશ કરે છે અને તેને વ્યપદેશ પ્રાપ્ત કરાવે છે, ત્યાં જ રહે છે, અને પૂર્વે વર્ણવેલા સૂરિઓથી દૃશ્ય થાય છે. તેથી આવા પ્રકારના પરમ પદનું સૂરિઓ સદા દર્શન કરે છે એવા સમ્બન્ધ છે. સાધારણ જનથી દૃશ્ય અધિષ્ઠાન છે એ પક્ષમાં અને તેનું જ કરણદોષથી અન્યથાભાન થાય છે એ પક્ષમાં પણ ત્યાં રહેતા લોકોના દુ:ખ કામ-ક્રોધ વિગેરે અનુપપન્ન છે, કારણ કે તે પરમાનન્દરૂપ અને ગુણાતીત છે.

દ્રષ્ટાના કરણદોષથી જ ત્યાં રહેતા લોકોના દુ:ખ વિગેરેનું દર્શન થાય છે

એમ પણ કહેવાય નહિ, કારણ કે કરણદોષ પણ ત્યાં કહેવો ઉચિત નથી. ત્યાં જ અન્યોન્ય એવા પ્રકારનું દર્શન થાય છે. તેથી "આતત ચક્ષુ પેઠે" એમ કહે છે. જેમ દેવદત્તની ચક્ષુ ઇન્દ્રિય વિષ્ણુમિત્રના શરીરમાં 'આ' (અર્થાત્) ચારે બાજુએ વ્યાપ્ત હોવા છતાં, તૈજસ છે તોપણ તેના રૂપ અને સ્પર્શ અનુદ્ભૂત હોવાથી અન્ધતમમાં પ્રકાશ કરતી નથી અને તાપ કરતી નથી તેમ ભગવાન્ની ઇચ્છાથી ગોકુલ અપ્રકટ અનુભાવવાળું હોવાથી ઉભયે પક્ષમાં આધુનિક તેના લોકોમાં દોષદર્શન ઉપપન્ન છે એવો અર્થ છે. એવા પ્રકારની ભગવાન્ની ઇચ્છા સર્વનો મોક્ષ ન થાય તે માટે અને અસુરજીવોને વ્યામોહ થાય તે માટે છે. જેમ તે યોગીને જ પ્રત્યક્ષ છે તેમ આ પણ ભક્તોને જ પ્રત્યક્ષ છે એમ પ્રથમ જ કહ્યું છે.

---

46. લીલાની નિત્યતા પ્રતિપાદક પ્રમાણો

આ પ્રમાણે ભગવાન્ની લીલા નિત્ય છે એમ સિદ્ધ કર્યું. હવે ભગવાન્ની લીલાના સર્વ પદાર્થ પણ નિત્ય છે એમ સિદ્ધ કરવા પ્રથમ "તા વાં વાસ્તૂનિ" વિગેરે ઋગ્વેદનો મન્ત્ર યોજીએ છીએ. આ મન્ત્રનો અર્થ નીચે પ્રમાણે છે.

તમારા બે ના, કૃષ્ણ અને બલરામ ના અથવા કૃષ્ણ અને ગોપીઓ ના તે પ્રસિદ્ધ ધામ પ્રાપ્ત કરવાને અમે ઇચ્છીએ છીએ. આ ધામ અથવા ગોકુલ કેવું છે તે આગળ વર્ણવેલું છે. આ ધામમાં મોટા શૃંગવાળી સારી ગાયો વસે છે; અથવા મોટા શૃંગવાળા સારા અરણ્યના અને ગામના પશુઓ જેવા કે 'રુરુ' વિગેરે વસે છે. આ સ્થાનમાં અથવા ભૂમિપર ગોપીઓના કામને વર્ષાવનાર બહુ કીર્તિવાળા ભગવાન્નું તે લોક અને વેદ માં પ્રસિદ્ધ પરમ પદ ગોકુલ ઘણું જ પ્રકાશે છે. ભગવાન્નું ધામ વૈકુણ્ઠ છે, તેથી પણ અધિક પરમ પદ ગોકુલ છે. અથવા ગોકુલ પ્રકૃતિ અને કાલ થી પણ અતીત છે, અર્થાત્ પ્રકૃતિ અને કાલ પણ ગોકુલમાં બાધ કરી શક્તા નથી. ગોકુલ ભગવાન્નું વૈકુણ્ઠથી પણ અધિક પરમ પદ છે. આવું ભગવાન્નું પરમ પદ ગોકુલ છે તે ધામનો સમ્બન્ધ ભગવાન્ના પ્રસાદ તરીકે પ્રાપ્ત કરવા અમે ઇચ્છા રાખીએ છીએ, અન્ય ધામ પ્રાપ્ત કરવાની ઇચ્છા નથી એવો આ મન્ત્રનો વાક્યાર્થ છે. આ મન્ત્રમાં 'ભૂરિ' શબ્દ છે. 'ભૂરિ' એટલે બહુ. તેથી અનેક પ્રકારના નિકુંજ, ગુફાઓના પ્રદેશ, યમુનાપુલિન, ગોવર્ધનનું શિખર વિગેરે સ્થળોમાં નિરન્તર ભગવાન્ની સ્થિતિ છે. એવા પ્રકારનું ગોકુલ પ્રકાશે છે એવો 'ભૂરિ' શબ્દનો તાત્પર્યાર્થ છે. અથવા ભૂરિ એટલે મહત્ અથવા મોટું. તેથી 'ભૂરિ'નો અર્થ વ્યાપક અથવા સર્વવ્યાપી એવો થાય છે. તેથી ગોકુલ પરમ હોવાથી, ભગવાન્નું ધામ હોવાથી, અને ભૂરિ હોવાથી નિત્ય જ છે એમ સિદ્ધ થાય છે.

આ મન્ત્રનું નિરુક્તમાં અન્ય રીતે વ્યાખ્યાન આપ્યું છે, અને આ મન્ત્ર સૂર્યનો છે તેવો અર્થ કરેલો છે. પરન્તુ અહીં પ્રકરણ પ્રમાણે અમે ગોકુલનો મન્ત્ર છે એવો અર્થ કરેલો છે. "સર્વે વેદોથી હું જ વેદ્ય છું" "સર્વ વેદો જેના પદનું મનન કરે છે" એ સ્મૃતિ અને શ્રુતિ હોવાથી આ મન્ત્ર ભગવાન્નો છે અને તેથી અમારું વ્યાખ્યાન યોગ્ય જ છે. વળી "અદો યદ્દારુ પ્લવતે" મન્ત્ર લક્ષ્મીનો છે પરન્તુ વ્યાસજીએ તેને પુરુષોત્તમ માહાત્મ્યમાં યોજ્યો છે, અને વિદ્યારણ્યે જગન્નાથનો છે એવું વ્યાખ્યાન કર્યું છે. તેથી પ્રકરણને અનુસારે મન્ત્રનું વ્યાખ્યાન કરવું એ માર્ગ પ્રચલિત જ છે. વસ્તુત: નિરુક્તમાં યાસ્કાચાર્યે આ મન્ત્ર સૂર્યનું નિરૂપણ કરે છે એવી પ્રતિજ્ઞા કરી નથી પરન્તુ મન્ત્રમાં 'ગાવ:' શબ્દ છે. 'ગો' શબ્દનું બહુવચન 'ગાવ:' છે. ગો શબ્દના ભિન્ન-ભિન્ન અર્થ આપતાં તેનો અર્થ રશ્મિ અથવા કિરણ પણ થાય છે એવી યાસ્કાચાર્યે પ્રતિજ્ઞા કરી છે, અને દૃષ્ટાન્તમાં આ મન્ત્ર આપેલો છે. વળી આ મન્ત્રનું વ્યાખ્યાન કરતાં 'શૃંગ' શબ્દની વ્યુત્પત્તિ કરે છે. "શિરસો નિર્ગતમ્ શૃંગમ્" માથામાંથી બહાર નીકળે તે શૃંગ એવો તેનો અર્થ કર્યો છે. આ અર્થ અમારા વ્યાખ્યાન પ્રમાણે જ છે. તેથી અમારું વ્યાખ્યાન યાસ્કાચાર્યના વ્યાખ્યાનથી વિરુદ્ધ નથી.

વળી તૈત્તિરીયકમાં પણ "તે તે ધામાનિ" વિગેરે મન્ત્ર છે. આ મન્ત્રમાં પ્રથમના મન્ત્રથી અલ્પ જ પાઠભેદ છે. આ મન્ત્રનો અર્થ નીચે પ્રમાણે છે.

"તમારા તે ધામો અમે પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખીએ છીએ" પછી ધામોનું વર્ણન પ્રથમ કર્યું છે તે જ છે. પ્રથમ મન્ત્રમાં અન્તિમ શબ્દ 'ભૂરિ' હતો. આ મન્ત્રમાં અન્તે 'ભૂરે:' શબ્દ છે. 'ભૂરે:' એટલે બહુરૂપવાળાના રાસોત્સવમાં ભગવાન્ બહુરૂપ ધારણ કરે છે. તેથી ભગવાન્ને માટે અહીં 'ભૂરે:' શબ્દ યોજેલો છે. અન્ય સર્વ પ્રથમના મન્ત્ર પેઠે જ છે.

આ ઉભય મન્ત્રમાં ભગવાન્નું પરમપદ પ્રકાશે છે એમ વેદ કહે છે. 'અવભાતિ' શબ્દનો વર્તમાનકાલમાં વેદ પ્રયોગ કરે છે, તેથી શ્રીગોકુલ નિત્ય પ્રકાશે છે એમ કહેવાને વેદનો આશય છે. સામાન્ય પુરુષ વિગેરે કોઈ વર્તમાનકાલમાં ક્રિયાપદોનો પ્રયોગ કરે તો તેનો કર્તા તે સમયે વિદ્યમાન અથવા વર્તમાન છે એવો અર્થ થાય પરન્તુ નિત્ય વેદ 'અવભાતિ' એમ વર્તમાનકાલમાં પ્રયોગ કરે છે તેથી આભાસ અથવા પ્રકાશનો વિષય ભગવાન્નું પરમધામ શ્રીગોકુલ નિત્ય જ છે એમ જણાય છે. આ મન્ત્ર પછી આજ પ્રકરણમાં અને આજ સૂક્તમાં "વિષ્ણો: કર્માણિ પશ્યત" અને "તદ્વિષ્ણો: પરમં પદમ્" એ બે મન્ત્ર છે. પ્રથમના મન્ત્રમાં "જ્યાં મોટા શૃંગવાળી ગાયો રહે છે તે વિષ્ણુનું પરમ પદ છે" એમ કહેલું છે. પછી ત્યાં કરેલા કર્મ પણ ભગવાન્નાં જ કર્મ છે એમ જાણ એવો બોધ અહીં પ્રથમ મન્ત્રમાં છે. પછી દ્વિતીય મન્ત્રમાં પૂર્વે જે લીલાસ્થાન શ્રીગોકુલનું વર્ણન કર્યું તે વિષ્ણુનું પરમ પદ છે એમ અનુવાદ કરી, શ્રીગોકુલ નિત્ય છે એમ પ્રતિપાદન કરવા "સદા પશ્યન્તિ સૂરય:" એમ વેદ કહે છે. 'સૂરય:' એટલે વિદ્વાનો. જે શબ્દબ્રહ્મ અથવા વેદ અને પરબ્રહ્મ અથવા શ્રીપુરુષોત્તમ નું સ્વરૂપ જાણે તે વિદ્વાન્ કહેવાય. તેથી વેદનું અને શ્રીપુરુષોત્તમનું સ્વરૂપ જાણનાર વિદ્વાનો સદા આ ભગવાન્ના પરમ પદ શ્રીગોકુલનું દર્શન કરે છે, એવો અર્થ થાય છે. શ્રીગોકુલ સદા વર્તમાન હોય અર્થાત્ શ્રીગોકુલ નિત્ય હોય તો જ શ્રીગોકુલનું સદા દર્શન થાય. તેથી શ્રીગોકુલ નિત્ય છે એમ કહેવાનો જ આ મન્ત્રનો આશય છે. વેદ અને શ્રીપુરુષોત્તમનું સ્વરૂપ જાણે તે વિદ્વાન કહેવાય. શ્રીપુરુષોત્તમનું જ્ઞાન માત્ર ભક્તિથી જ થાય છે કારણ કે "ભક્તિથી મને જાણે છે" "માત્ર ભક્તિથી જ હું ગ્રાહ્ય છું" વિગેરે વાક્યોથી માત્ર ભક્તિથી જ પરબ્રહ્મ શ્રીપુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન થાય છે એવો નિશ્ચય થાય છે. અહીં શંકા થાય કે પ્રથમના મન્ત્રમાં "તે બહુકીર્તિવાળાનું" પદ યોજ્યું છે. પછી આ મન્ત્રમાં "સૂરિઓ સદા જુએ છે" એમ કહ્યું છે. તેથી સર્વ એક સાથે વાંચતાં ભૂમિપર ભગવાન્નાં પરમપદ શ્રીગોકુલનું માત્ર ભક્તો જ દર્શન કરે છે એવો અર્થ થાય છે. શ્રીગોકુલમાં વન, કાલિન્દી, તેના પુલિન, ગિરિવર, શ્રીગોવર્ધન, ગુફાઓ વિગેરે સર્વ છે. આવું ગોકુલ મહત્ અને ઉદ્ભૂત રૂપવાળું છે, તેથી તેનું દર્શન સર્વને થવું જોઈએ, તો પણ તે પરમપદનું માત્ર સૂરિ અથવા ભક્તોને જ દર્શન થાય છે, પરન્તુ સાધારણ પુરુષોને દર્શન થતું નથી એમ કેમ સમ્ભવે? આ શંકાનો નિરાસ "દિવીવ ચક્ષુરાતતમ્" એ પાદથી થાય છે. "જે દુ:ખ સાથે નહિ" વાક્યથી સુખના સાધનો અને સુખરૂપ પદાર્થો સ્વર્ગમાં છે તેનું દર્શન સ્વર્ગમાં રહેનારાને જ માત્ર થાય છે, સામાન્ય પુરુષોને થતું નથી. 'દિવિ' અથવા સ્વર્ગમાં 'આ' સર્વ દિશામાં 'તતમ્' વ્યાપી રહેલા સુખસાધન અને સુખરૂપ પદાર્થો ત્યાં રહેનારાઓના 'ચક્ષુ'=ચક્ષુ જુએ છે, અન્યના

ચક્ષુઓથી દેખાતા નથી, તેમ શ્રીગોકુલનું માત્ર ભક્તોને જ દર્શન થાય છે, સામાન્ય પુરુષોને થતું નથી. ભગવાન્ની લીલામાં જેમનો સમાવેશ થયો હોય તે શ્રીગોકુલનું દર્શન કરે છે અન્ય લોકો શ્રીગોકુલના દર્શન કરી શક્તા નથી એમ માનવામાં કાંઈ દોષ નથી.

અથવા એજ શંકાનો નિરાસ આ પાદથી બીજી રીતે પણ થાય છે. સાધારણ પુરુષ અહીંથી અથવા ભૂમિપરથી સ્વર્ગના પદાર્થનું દર્શન કરવા શક્તિમાન્ નથી પરન્તુ તે યોગનો અભ્યાસ કરે અને યોગસિદ્ધિ પ્રાપ્ત કરે તો તેનું ચક્ષુ: 'આતત' અથવા સર્વ દિશામાં વ્યાપ્ત અર્થાત્ સર્વનું ગ્રહણ કરવા સમર્થ થાય. તેથી અહીં ભૂમિપર જ રહી તે સ્વર્ગના સર્વ પદાર્થનું દર્શન કરી શકે છે. તે જ પ્રમાણે સાધારણ પુરુષ ભગવાન્ના પરમધામ શ્રીગોકુલનું દર્શન કરવા સમર્થ નથી પરન્તુ ભગવાન્ના અતિશય અનુગ્રહથી ભક્તિ પ્રાપ્ત કરે તો તેને શ્રીગોકુલનું દર્શન કરવાનો અધિકાર પ્રાપ્ત થાય. તેથી ભગવાન્ તેને દર્શન આપવા આવરણનો ભંગ કરી પ્રકટ થાય છે, અને પોતાના પરમ ધામ શ્રીગોકુલનાં પણ દર્શન કરાવે છે. તેથી માત્ર ભક્તોને જ ભગવાન્ના પરમ ધામ શ્રીગોકુલનું દર્શન થાય છે એવો આ પાદનો અર્થ છે. તેથી આધુનિક પુરુષો પણ ભગવદનુગ્રહ અને ભક્તિથી અધિકાર પ્રાપ્ત કરે તો તેમને પણ શ્રીગોકુલનું દર્શન અવશ્ય થાય એમ સિદ્ધ થાય છે.

અથવા આ પાદમાં ત્રણ દૃષ્ટાન્તો આપેલાં છે : 1.દિવિ ઇવ 2.ચક્ષુ: ઇવ 3.આતતં ચક્ષુ: ઇવ.

1.પ્રથમ એવી શંકા થાય કે આગળ શ્રીગોકુલનું વર્ણન કર્યું તે પણ એક લોક અથવા દેશ છે. અન્ય સર્વ લોકમાં દુ:ખ હોય છે, તેથી શ્રીગોકુલ પણ લોક હોવાથી તેમાં પણ દુ:ખ હોવું જોઈએ. ભગવાન્ની લીલામાત્ર આનન્દરૂપ છે પરન્તુ શ્રીગોકુલમાં અવશ્ય દુ:ખ હોવું જોઈએ, તેથી તે આનન્દરૂપ સમ્ભવતું નથી. શ્રીગોકુલ આનન્દરૂપ ન હોય તો ભગવાન્ની સર્વ લીલા પણ આનન્દરૂપ ગણાય નહિ. પરન્તુ શ્રીગોકુલ એક લોક હોવાથી અન્ય લોક પેઠે માત્ર આનન્દરૂપ હોઈ શકે નહિ. આ શંકાનો નિરાસ કરવા "દિવિ ઇવ" દૃષ્ટાન્ત આપેલું છે. અન્ય લોકમાં સુખ સાથે દુ:ખ મળેલું જોવામાં આવે છે પરન્તુ સ્વર્ગમાં જેમ દુ:ખ રહિત જ સુખ જોવામાં આવે છે, તેમ શ્રીગોકુલમાં પણ અલ્પ પણ દુ:ખ નથી અને તે માત્ર આનન્દરૂપ જ છે. જેમ સ્વર્ગ માત્ર સુખમય જ છે અને ત્યાં લેશ પણ દુ:ખ નથી તેમ શ્રીગોકુલમાં પણ અલ્પ પણ દુ:ખ નથી અને તે કેવલ આનન્દરૂપ જ છે.

2.પછી શ્રીગોકુલનું માત્ર ભક્તોને જ દર્શન થાય એ કેમ સમ્ભવે? શ્રીગોકુલ મહત્ અને ઉદ્ભૂત રૂપવાળું છે તેથી તેનું સામાન્ય પુરુષોને પણ અવશ્ય દર્શન થવું જ જોઈએ, એવી પૂર્વે કહી તેવી શંકા થાય તેનો નિરાસ કરવા દ્વિતીય 'ચક્ષુરિવ' દૃષ્ટાન્ત આપેલું છે. (અ) જેમ માત્ર ચક્ષુ જ રૂપનું ગ્રહણ કરે છે, અન્ય ઇન્દ્રિયો ચક્ષુની પેઠે ઇન્દ્રિયો હોવા છતાં રૂપ ગ્રહણ કરતી નથી, કારણ કે રૂપ ગ્રહણ કરવાનું તેમનામાં સામર્થ્ય નથી. વસ્તુ જ એવા પ્રકારની છે. રૂપ જ એવું છે કે માત્ર ચક્ષુ જ તેનું ગ્રહણ કરી શકે. તે જ પ્રમાણે શ્રીગોકુલનું માત્ર ભક્તો જ દર્શન કરી શકે છે અન્ય પુરુષોમાં શ્રીગોકુલનું દર્શન કરવાનું સામર્થ્ય નથી.

(બ) આ દૃષ્ટાન્તનો બીજો પણ અભિપ્રાય છે. જેમ દોષરહિત જ ચક્ષુ: વસ્તુતત્ત્વનું ગ્રહણ કરે છે અથવા ભ્રમ-કામલ વિગેરે દોષરહિત ચક્ષુ: હોય તે જ વસ્તુનું યથાર્થ દર્શન કરી શકે છે, દોષયુક્ત ચક્ષુ: વસ્તુનું યથાર્થ દર્શન કરતું નથી. ભ્રમયુક્ત ચક્ષુને પૃથિવી ભ્રમણ કરતી હોય એવી ભ્રાન્તિ થાય છે. કામલ દોષયુક્ત ચક્ષુ: શશિના જેવા શ્વેત શંખમાં પણ પીળા રંગનો અનુભવ કરે છે. તેથી દોષયુક્ત ચક્ષુ: વસ્તુતત્ત્વનું ગ્રહણ કરતું નથી. તે જ પ્રમાણે અવિદ્યા દોષરહિત સૂરિઓ જ શ્રીગોકુલના સ્વરૂપનું દર્શન કરી શકે છે, અન્ય લોકો કરી શકતા નથી. શ્રીગોકુલમાં વૃક્ષનું છેદન અથવા સ્થળના અન્યથાભાવનું જે દર્શન થાય છે તેની પણ આથી ઉપપત્તિ થાય છે. વસ્તુત: વૃક્ષનું છેદન અથવા સ્થળનો અન્યથાભાવ ત્યાં થતો નથી. પરન્તુ આપણાં ચક્ષુઓ દોષયુક્ત હોવાથી વસ્તુતત્ત્વનું ગ્રહણ કરી શક્તા નથી તેથી આપણને એવી પ્રતીતિ થાય છે. આ પ્રમાણે અર્થ કરતાં કર્મ અધ્યાહાર રહે છે. "ચક્ષુની પેઠે" એમ દૃષ્ટાન્ત છે. ચક્ષુ: કોનું દર્શન કરે છે એ અધ્યાહાર છે. તેથી આ પક્ષ પણ બહુ સમ્મત નથી. તેથી તૃતીય રીતિથી આનો અર્થ કરીએ છીએ.

(ક) 'ચક્ષુ: ઇવ' દૃષ્ટાન્ત છે. 'ચક્ષુ:' શબ્દ દ્વિતીયા વિભક્તિના એકવચનમાં યોજેલો છે. તેથી નીચે પ્રમાણે અર્થ થાય છે. જેમ ચક્ષુ ઇન્દ્રિય પોતે અતીન્દ્રિય અથવા અદૃશ્ય છે, ગોલકમાં રહે છે, સર્વનું દર્શન કરાવે છે, ગોલકને પણ ચક્ષુ: કહેવરાવે છે અર્થાત્ પોતાનું નામ ગોલકને પણ આપે છે, અને વળી યોગીઓના જ પ્રત્યક્ષનો વિષય છે, અર્થાત્ યોગીઓ જ તેનું દર્શન કરી શકે છે, તે જ પ્રમાણે શ્રીગોકુલ વિગેરે લીલાસ્થાન પણ પોતે અલૌકિક હોઈ અતીન્દ્રિય જ હોઈ સાધારણ લોકો જોઈ શકે એવા પોતાના યોગ્ય સ્થાનમાં રહે છે, તે સ્થાનને પ્રકાશે છે અને તેને શ્રીગોકુલ કહેવરાવે છે; અથવા પોતાનું નામ તેને આપે છે, ત્યાં જ રહે છે અને પૂર્વે વર્ણવ્યા તેવા સૂરિઓ જે થાય તેઓ જ તેનું દર્શન કરી શકે છે. આવા ભગવાન્ના પરમ પદ શ્રીગોકુલનું સૂરિઓ સદા દર્શન કરે છે એમ સમ્બન્ધ ઘટે છે. આ પ્રમાણે અર્થ કરતાં દૃષ્ટાન્તમાં ચક્ષુ: અને ગોલક આવે છે તેને સ્થાને દૃષ્ટાન્તમાં અલૌકિક ગોકુલ અને ભૂમિપરનું ગોકુલ છે એ ધ્યાનમાં રાખવું. જેમ ચક્ષુ-ઇન્દ્રિય અણુ હોવાથી આપણા સામાન્ય પુરુષોથી અદૃશ્ય છે, પરન્તુ ગોલક દૃશ્ય છે તેમ અલૌકિક ગોકુલ અતીન્દ્રિય હોવાથી આપણા સામાન્ય પુરુષોથી દૃશ્ય નથી પરન્તુ ભૂમિપરનું ગોકુલ આપણાથી દૃશ્ય છે. 3.વળી એવી શંકા થાય કે:સાધારણ લોકો જે શ્રીગોકુલનું દર્શન કરે છે તે અલૌકિક ગોકુલ નથી પરન્તુ ભૂમિપરનું ગોકુલ છે અને અલૌકિક શ્રીગોકુલનું અધિષ્ઠાન છે એમ માનીએ, અથવા સાધારણ લોકો જે શ્રીગોકુલનું દર્શન કરે છે તે જ અલૌકિક ગોકુલ છે પરન્તુ લોકોના પોતાના જ દર્શન કરવાના સાધન દોષવાળા હોવાથી તેમને યથાર્થ દર્શન થતું નથી એમ માનીએ, તો પણ ત્યાં રહેલા લોકોમાં દુ:ખ કામ, ક્રોધ વિગેરે જોવામાં આવે છે તેની ઉપપત્તિ થતી નથી. ઉપર કહ્યા તે બે પક્ષમાંથી ગમે તે પક્ષ સ્વીકારીએ તો પણ ત્યાં રહેનારાઓના દુ:ખ કામ ક્રોધ વિગેરેની ઉપપત્તિ થતી નથી, કારણ કે શ્રીગોકુલ પરમાનન્દરૂપ છે અને ગુણાતીત છે. તેથી શ્રીગોકુલમાં દુ:ખ સમ્ભવે નહિ અને કામ-ક્રોધ વિગેરે પણ

સમ્ભવે નહિ. આપણા જેવા લોકો પોતાના દર્શનના સાધન દોષવાળા હોવાથી જ ત્યાં દુ:ખ કામ ક્રોધ વિગેરે જુએ છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે પરમાનન્દરૂપ ગુણાતીત શ્રીગોકુલમાં દર્શનના સાધનના દોષ પણ સમ્ભવતા નથી. વળી ત્યાંના જ લોકો પરસ્પર એક-બીજા દુ:ખી છે એમ જાણે છે. તેથી દર્શનના સાધનો દોષવાળા હોવાથી આપણે દુ:ખ વિગેરે જોઈએ છીએ એમ કહી શકાય નહિ. તેથી ત્યાં દુ:ખ કામ ક્રોધ વિગેરે જોવામાં આવે છે તેની ઉપપત્તિ થતી નથી. આવી શંકાનું સમાધાન કરવા શ્રુતિ "આતતં ચક્ષુ: ઇવ" તેમ તૃતીય દૃષ્ટાન્ત કહે છે. આતત ચક્ષુની પેઠે. જેમ દેવદત્તનું ચક્ષુ:-ઇન્દ્રિય વિષ્ણુમિત્રના શરીરમાં સર્વ બાજુએ વ્યાપી રહે છે અને તૈજસ છે, તો પણ તેનું રૂપ અને સ્પર્શ ઉદ્ભૂત નથી તેથી અતિશય અન્ધકાર હોય ત્યાં વિષ્ણુમિત્રનો પ્રકાશ કરતું નથી તેમજ તેને દહતું નથી, તે જ પ્રમાણે શ્રીગોકુલનો અનુભાવ અથવા પ્રભાવ ભગવાન્ની ઇચ્છાથી પ્રકટ નથી, તેથી હાલના સમયના શ્રીગોકુલના લોકોમાં દોષનું દર્શન થાય તે ઉપપન્ન જ છે. ઉપર શ્રીગોકુલ વિષે બે પક્ષ કહ્યા તેમાંથી ગમે તે પક્ષ સ્વીકારીએ તો પણ ભગવાન્ની ઇચ્છાથી શ્રીગોકુલનો અનુભાવ પ્રકટ નથી એ લક્ષમાં રાખવાથી હાલના ત્યાંના લોકોમાં દુ:ખ-કામ-ક્રોધ વિગેરેનું દર્શન થાય તેમાં કાંઈ અનુપપત્તિ નથી એ સ્પષ્ટ થાય છે. સર્વ જીવોને મોક્ષની પ્રાપ્તિ ન થાય અને આસુરી જીવોને વ્યામોહ થાય તે માટે ભગવાન્ની ઇચ્છા શ્રીગોકુલનો અનુભાવ પ્રકટ કરવાની નથી. શ્રીગોકુલનો અનુભાવ પ્રકટ થાય તો સર્વને પ્રકટ અનુભાવવાળા શ્રીગોકુલના દર્શન થવાથી સર્વ મુક્ત થાય અને લીલા સમ્ભવે નહિ. તેથી જેમ ચક્ષુ-ઇન્દ્રિય માત્ર યોગીઓને જ પ્રત્યક્ષ છે તેમ પ્રકટ અનુભાવવાળું શ્રીગોકુલ માત્ર ભક્તોને જ પ્રત્યક્ષ થાય એવી ભગવાન્ની ઇચ્છા છે. આ પણ પ્રથમ કહી ચુક્યા છીએ

47. ભગવાનના કર્મો પણ નિત્ય, તેમજ ભૂતકાળવાચી પદપ્રયોગનો ખુલાસો :

હવે "વિષ્ણો: કર્માણિ" એ મન્ત્રનું વ્યાખ્યાન કરીએ છીએ. પૂર્વના મન્ત્રમાં ગોકુલનું જ નિરૂપણ કરેલું હોવાથી ત્યાં કરેલાં જ, યશોદાસ્તનપાન, પૂતનાસૂપય:પાન, રિંગણ વિગેરે કર્મો અહીં 'કર્મ'પદથી કહેલાં છે એમ સમજાય છે. તેથી જ "યત: વ્રતાનિ" એમ કહ્યું. 'યત:' હેતુભૂત કર્મોને લીધે, કાત્યાયનીનું અર્ચન વિગેરે વ્રતોનો સાન્નિધ્યને લીધે વિષ્ણુએ જ સ્પર્શ કર્યો (પસ્પશે). તેના ફલ તરીકે તે કરનારીઓમાં આવિર્ભાવ પામી તેમની સાથે સર્વ લીલા કરી એવો અર્થ છે. બાધન અને સ્પર્શન માં 'સ્પશ્' એ ધાતુનું આ લિટિરૂપ છે. ઉભય અર્થમાં આ પ્રયોગ છે. તેથી વ્રતો (અર્થાત્) લોક મર્યાદાના વ્રતો પાતિવ્રત્ય વિગેરેનો બાધ કર્યો એવો અર્થ છે. વેદમર્યાદાનો ત્યાગ કરનાર કર્મો સદોષ છે એવી શંકાનો પરિહાર કરવા અવ્યયનો પ્રયોગ છે. તેથી તે અવિકૃત છે એમ કહેલું છે. નિયમરૂપ પોતાના વ્રત સ્પર્શન આત્મારામત્વ પૂર્ણકામત્વ વિગેરેનો પણ બાધ કર્યો. આ અર્થમાં પ્રશ્લેષમાં નગ્ છે. અવ્રતનો સ્પર્શ કર્યો એવો અર્થ થાય છે. ગોપીઓ સાથે રમણરૂપ તે કર્મો જુઓ એવો ઉપદેશ છે. કર્મદર્શન ફલ

હોવાથી સ્વકૃતિથી સાધ્ય નથી તો પણ આવું કથન મોક્ષરસથી પણ અધિક રસવાળા સ્વત:પુરુષાર્થરૂપ અતિહૃદય (કર્મના) સ્મરણથી શ્રુતિનું તેપર પારવશ્ય અને ઔત્સુક્ય પ્રકટ કરે છે. તેથી તેમના સાધનના ઉપદેશમાં પર્યવસાન થાય છે. આથી કર્મનું નિત્યત્વ જાણવું. નહિ તો આ ઉપદેશ સમ્ભવે નહિ. ઇન્દ્રના યુજ્ય-યોગ્ય અનુકૂલ સખા. નીચે પ્રમાણે અર્થ છે :

ભગવાને ઇન્દ્રના યાગનો ભંગ કર્યો ત્યારે મેઘની વૃષ્ટિ વિગેરેથી ઇન્દ્રે દ્રોહ કર્યો તો પણ, સર્વસમર્થ હોવા છતાં ભગવાને તેનો દ્રોહના કારણભૂત મદ જ દૂર કર્યો, પરન્તુ ઇન્દ્ર અથવા તેના અધિકારને દૂર કર્યો નહિ. તેથી તેનો દોષ હરવાથી તેને અનુકૂલ. ત્યારપછી ઇન્દ્રાભિષેક 'ગોવિન્દ' નામધારણ વિગેરે તેના સમાન ધર્મોથી તેના સખા (છે). આથી અપ્રપન્નને પણ માટે, પ્રત્યુત અપકાર કરનારને પણ માટે, પોતે ઉદ્યમ કરી તેના દોષ નિવારણ કરનાર અને તેના ધર્મોનો અંગીકાર કરનાર અન્ય કોઈ નથી એમ પરમકૃપાલુત્વ દર્શાવ્યું છે. તેથી ભજનને યોગ્યરૂપ કહેલું છે.

અથવા " 'યત:' કર્મને માટે ઇન્દ્રના યાગ વિગેરે વ્રતોનો બાધ કર્યો (પસ્પશે) તે જુઓ" એમ અન્વય છે. તે કર્મો માત્ર આત્મસાત્ કરણરૂપ છે. આ જેમ છે તેમ દશમસ્કધધ વિવરણમાં પિતાએ વર્ણવેલું છે તેથી અહીં કહેતા નથી. તેથી પોતે સાધનરહિત હોવા છતાં, વિપરીત સાધન કરવા છતાં, પોતે જ આત્મસાત્ કર્યો એ અસાધારણ ધર્મ જણાવ્યો છે. તેથી આને જ ભજનીય કહેલા છે. અન્ય સ્વભક્તોને સાધન-સમ્પત્તિ થાય ત્યારે ફલ આપે છે, અન્યથા નહિ, એવો ભાવ છે. 'યુજ્ય' અર્થાત્ યોગ્ય. ગોપિકાઓ તડિત્રૂપ હોવાથી અને ભગવાન્ નીલમેઘના જેવા શ્યામ હોવાથી તેઓના યોગને લાયક સખા, (અર્થાત્) સમાનશીલ વ્યસનવાળા એવો અર્થ છે. 'યુજ્'ને બાહુલકને લીધે ક્યપ્ છે. (કિત્વને લીધે ગુણ થયો નથી.)

આ બે મન્ત્ર પછી જ ઋગ્વેદમાં "તદ્વિપ્રાસો વિપન્યવો જાગૃવાંસ: સમિન્ધતે. વિષ્ણોર્યત્ પરમં પદમ્" 1।।) મન્ત્ર છે. આનો અર્થ નીચે પ્રમાણે છે.

વિષ્ણુનું પૂર્વે વર્ણવેલું જે પરમપદ છે તે પદનો 'વિપ્રાસ:' અર્થાત્ મેધાવી, વળી કેવા? વિપન્યવ: (અર્થાત્) વિશેષ સ્તુતિ કરનાર, વળી કેવા? 'જાગૃવાંસ:' અર્થાત્ શબ્દ અને અર્થ માં પ્રમાદ વિના જાગ્રત, 'સમિન્ધતે' અર્થાત્ સારો પ્રકાશ કરે છે. મેધાવી હોવાથી ઉપર વર્ણવ્યા પ્રમાણે ભગવાન્, તેમની લીલા સ્વરૂપ વિગેરેના અનુસન્ધાનવાળા, શબ્દ અને અર્થ માં પ્રમાદરહિત હોવાથી વાચ્ય અને વાચક ભગવદ્રૂપ અને નામના નિત્યત્વમાં કુતર્ક વિગેરેથી અનુપહત મતિવાળા, નિરન્તર કીર્તનરૂપ સ્તોત્ર વિગેરે સાધનોથી પ્રકટ કરે છે એવો અર્થ છે. એવા પ્રકારના સાધનની સમ્પત્તિ થાય ત્યારે તેના દર્શનનું સામર્થ્ય થાય, ત્યારે દર્શન કરે છે એવો અર્થ છે. તેથી જ શ્રીમદ્ભાગવતમાં પણ "માણસો તમારા ઇચ્છેલાનું શ્રવણ કરે છે, ગાન કરે છે, વારંવાર સ્તુતિ કરે છે, સ્મરણ કરે છે આનન્દ પામે છે. તેઓ જ અલ્પ સમયમાં દર્શન કરે છે" ઇત્યાદિ કહેલું છે. તેથી સ્થિત જ પરમપદનું સમિન્ધન કહેલું છે. તેથી કાનન, પશુ, પક્ષી, મનુજ વિગેરે અને તેના(ગોકુલના) સમ્બન્ધ-વાળી લીલા પણ નિત્ય જ છે.

47. ભગવાનના કર્મો પણ નિત્ય, તેમજ ભૂતકાળવાચી પદપ્રયોગનો ખુલાસો

આ પ્રમાણે ભગવાન્ની લીલાના સર્વ પદાર્થો પણ નિત્ય છે એમ સિદ્ધ થાય છે. "વિષ્ણો: કર્માણિ" મન્ત્ર ઉપર યોજેલો છે તેનું વ્યાખ્યાન કરીએ છીએ.

પૂર્વના મન્ત્રમાં શ્રીગોકુલનું નિરૂપણ કરેલું છે. તેથી આ મન્ત્રમાં ભગવાને શ્રીગોકુલમાં જ કરેલા કર્મોનું વર્ણન કરેલું છે. શ્રીગોકુલમાં ભગવાને કરેલા યશોદાના સ્તનનું પાન, પૂતનાના અસુરરૂપી પયનું પાન, રિંગણ વિગેરે કર્મોને આ મન્ત્રમાં 'કર્માણિ' કહેલા છે એમ જણાય છે, કારણ કે પૂર્વના મન્ત્રમાં શ્રીગોકુલનું જ નિરૂપણ કરેલું છે. તેથી જ "યતો વ્રતાનિ પસ્પશે" એમ પણ કહેલું છે. 'યત:' એટલે કર્મોને લીધે, કારણભૂત કર્મોને લીધે. 'વ્રતાનિ' કાત્યાયની અર્ચન વિગેરે વ્રતોની સન્નિધિમાં હોવાથી ભગવાન્ વિષ્ણુએ જ સ્પર્શ કર્યો, અર્થાત્ તે વ્રતોના ફલ તરીકે વ્રત કરનારી ગોપિકાઓમાં આવિર્ભાવ પામી સર્વ લીલા કરી એવો અર્થ થાય છે. 'સ્પશ્' ધાતુના બે અર્થ થાય છે. 1.બાધ કરવો અને 2.સ્પર્શ કરવો. 'સ્પશ્' ધાતુનું લિટિરૂપ 'પસ્પશે' છે. બીજા અર્થ પ્રમાણે ઉપર અર્થ કર્યો. પ્રથમ અર્થ પ્રમાણે 'યત:' કર્મોને લીધે 'વ્રતાનિ' લોક મર્યાદાના વ્રતો અને પાતિવ્રત્ય વિગેરે વ્રતોનો ભગવાન્ વિષ્ણુએ બાધ કર્યો એવો અર્થ થાય છે. અહીં ઉભય અર્થમાં આ ધાતુ યોજેલો છે. વેદની મર્યાદાનો ત્યાગ કરનારાં કર્મ દોષયુક્ત જ છે એવી શંકા થાય તે દૂર કરવા કર્મોને માટે 'યત:' અવ્યય યોજેલો છે. તેથી ભગવાન્ના કર્મ અવિકારી છે, ભગવાન્ના કર્મમાં કાંઈ પણ દોષ નથી એમ સ્પષ્ટ થાય છે. વળી પોતાના વ્રતો જેવાં કે આત્મારામ-પણું, પૂર્ણકામપણું વિગેરેનો પણ બાધ કર્યો. આત્મારામ રહેવું, પૂર્ણકામ હોવું એ ભગવાન્ના નિયમરૂપ વ્રત છે, તેમનો પણ ભગવાને ગોપિકાઓ સાથે લીલા કરી બાધ કર્યો. આ અર્થમાં પણ 'સ્પશ્' ધાતુની સ્પર્શ-અર્થમાં યોજના થએલી છે. આ અર્થ કરતાં "યતો વ્રતાનિ પસ્પશે" પાદની સન્ધિ "યત: અવ્રતાનિ પસ્પશે" એમ છૂટી પાડવી. તેથી અવ્રતનો સ્પર્શ કર્યો અથવા અવ્રતનું ગ્રહણ કર્યું એવો અર્થ થાય છે. આત્મારામપણું, પૂર્ણકામપણું વિગેરે પોતાના વ્રતોનો બાધ કરી અવ્રતનું ભગવાને ગ્રહણ કર્યું. "ગોપિકાઓ સાથે રમણ વિગેરે ભગવાન્ના આ કર્મો જુઓ" એવો ઉપદેશ છે. તેથી વેદ પણ માત્ર ઉપદેશ રીતિએ જ ભગવાન્ના કર્મોનું નિરૂપણ કરે છે, પરન્તુ ભગવાન્ની સમ્પૂર્ણ લીલાનું નિરૂપણ કરવાનું તેનામાં સામર્થ્ય નથી એમ સૂચવાય છે. ભગવાન્ના કર્મનું દર્શન કરવું એ પણ પુષ્ટિમાર્ગીય ફલ છે તેથી તે આપણી કૃતિથી પ્રાપ્ત કરી શકાય તેવું નથી પણ માત્ર ભગવાન્ના અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે. તો પણ વેદ તે કર્મોના દર્શન કરવાનો ઉપદેશ કરે છે, તેથી મોક્ષથી પણ અધિક રસવાળાં સ્વત: પુરુષાર્થરૂપ અતિશય આનન્દકારી ભગવાન્ના કર્મોનું માત્ર સ્મરણ થવાથી શ્રુતિ તેમને પરવશ થાય છે અને કર્મદર્શનમાટે અતિશય ઉત્સુક થાય છે એમ જણાય છે. તેથી શ્રુતિનું તાત્પર્ય ભગવાન્ના

કર્મોના દર્શન પ્રાપ્ત કરવા સાધન કરો એવો ઉપદેશ કરવાનું છે. તેથી ભગવાન્ના કર્મો પણ નિત્ય જ સિદ્ધ થાય છે, કારણ કે કર્મો નિત્ય ન હોય તો આવો ઉપદેશ સમ્ભવતો નથી.

પછી શ્રુતિ ભગવાન્ કેવા છે તે કહે છે. "ઇન્દ્રસ્ય યુજ્ય: સખા" અથવા ઇન્દ્રના 'યુજ્ય:' અર્થાત્ યોગ્ય અથવા અનુકૂલ 'સખા' એટલે મિત્ર. ભગવાન્ ઇન્દ્રના અનુકૂલ મિત્ર છે. આનો અર્થ નીચે પ્રમાણે છે.

શ્રીગોકુલના લોકો ઇન્દ્રનો યાગ કરતા હતા તેનો ભગવાને ભંગ કર્યો. તેથી કોપ કરી ઇન્દ્રે પ્રલયકાલના બલાહક મેઘની અતિશય વૃષ્ટિ કરી ભગવાન્નો દ્રોહ કર્યો. તો પણ ભગવાને દ્રોહના કારણરૂપ ઇન્દ્રનો મદ જ દૂર કર્યો. ઇન્દ્રે મદથી ભગવાન્નો દ્રોહ કર્યો. મદ ઇન્દ્રનો દોષ હતો. મદથી ભગવાન્નો તેણે દ્રોહ કર્યો તો પણ ભગવાન્ સર્વસમર્થ હોવા છતાં તેમણે ઇન્દ્રને કાંઈ ઇજા કરી નહિ, તેના અધિકારને પણ દૂર કર્યો નહિ, પરન્તુ તેના દોષરૂપ મદનો જ નાશ કર્યો. ઇન્દ્રનો દોષ ભગવાને દૂર કર્યો તેથી ભગવાન્ ઇન્દ્રને અનુકૂલ છે. ત્યાર પછી ભગવાન્ને ઇન્દ્રાભિષેક થયો અને તેમણે 'ગોવિન્દ' નામ ધારણ કર્યું. ભગવાન્ને ઇન્દ્રાભિષેક થવાથી ભગવાન્ ઇન્દ્રના સમાન ધર્મવાળા થયા. તેથી ભગવાન્ ઇન્દ્રના સખા અથવા મિત્ર છે. આ પ્રમાણે ઇન્દ્ર ભગવાન્ની ભક્તિ કરતો ન હતો પરન્તુ ભગવાન્નો દ્રોહ કરી અપકાર કરતો હતો, તો પણ ભગવાને ઉદ્યમ કરી તેનો દોષ દૂર કર્યો અને ઇન્દ્રાભિષેક વિગેરે તેના ધર્મો સ્વીકાર્યા. એવાં કાર્ય ભગવાન્ વિના અન્ય કોઈ કરે નહિ, અને તેથી ભગવાન્ અતિશય કૃપાળુ છે એવી સૂચના થાય છે. તેથી આ મન્ત્રમાં ભજનયોગ્ય ભગવાન્ના રૂપનું નિરૂપણ કરેલું છે. અથવા 'યત:' જે કર્મોથી 'વ્રતાનિ' ઇન્દ્રના વ્રતો, જેવા કે યાગ વિગેરે તેમનો 'પસ્પશે' બાધ કર્યો, તે કર્મો જુઓ એમ અન્વય કરવો. આ કર્મો માત્ર આત્મસાત્ કરનારાં છે. આ સર્વ શ્રીમદ્ભાગવતના દશમસ્કન્ધના વિવરણમાં શ્રીમદાચાર્યચરણે વિસ્તારથી કહેલું છે તેથી અમે અહીં કહેતા નથી. તેથી ઇન્દ્ર સ્વત: ભક્તિ વિગેરે સાધનોથી રહિત હતો, વળી સાધનોથી વિપરીત ભગવાન્નો દ્રોહ કરતો હતો, તો પણ ભગવાને પોતે જ તેના દોષનું નિવારણ કરી તેને પોતાનો કર્યો એ ભગવાને પોતાનો અસાધારણ ધર્મ જણાવ્યો છે. તેથી આ ભગવાન્ જ ભજન કરવા યોગ્ય છે એમ શ્રુતિ કહે છે. કારણ કે અન્ય દેવો તેમના ભક્તો સાધન કરે અથવા સાધનસમ્પત્તિ પ્રાપ્ત કરે તો જ ફલ આપે છે પરન્તુ ભગવાને સાધન ન હોવા છતાં, અરે તેમનો દ્રોહ કરવા છતાં, ઇન્દ્રને ફલનું દાન કર્યું. તેથી તે જ ભજન કરવા યોગ્ય છે એવો ભાવ છે. 'યુજ્ય:' એટલે યોગ્ય. ગોપિકાઓ તડિત્ જેવી છે અને ભગવાન્ નીલમેઘ જેવા શ્યામ છે. તેથી જેમ તડિત્ અને નીલમેઘનો સમ્બન્ધ યોગ્ય છે તેમ ગોપિકાઓનો અને ભગવાન્નો સમ્બન્ધ પણ યોગ્ય છે. 'સખા' શબ્દનો અહીં સમાન શીલ અને વ્યસનવાળા એવો અર્થ કરવો. આ પાદમાં 'યુજ્ય:' શબ્દ છે. 'યુજ્' ધાતુનો બહુ અર્થોમાં પ્રયોગ થાય છે તેથી તેને 'ક્યપ્' લાગે છે. વળી કિત્વને લીધે 'ઉ' નો ગુણ થયો નથી. તેથી 'યુજ્ય:' રૂપ થયું છે.

આ બે મન્ત્ર પછી જ ઋગ્વેદમાં "તદ્વિપ્રાસો વિપણ્યવ:" વિગેરે મન્ત્ર છે. આનો અર્થ નીચે પ્રમાણે થાય છે. વિષ્ણુના પરમ પદનું પ્રથમ નિરૂપણ કર્યું છે. તે વિષ્ણુના પરમ પદને 'વિપ્રાસ:' અથવા બુદ્ધિમાન્ અને તે પણ વળી 'વિપણ્યવ:' અથવા વિશેષ કરી ભગવાન્ની સ્તુતિ કરનારા અને વળી 'જાગૃવાંસ:' અથવા શબ્દ અને અર્થ માં કાંઈ પણ પ્રમાદ કર્યા વિના જાગરૂક રહેનાર લોકો 'સમિન્ધતે' એટલે સારી રીતે દીપાવે છે અથવા પ્રકાશે છે. આ પરમ પદને પ્રકાશનાર લોકો ભગવાન્, તેમની લીલા, તેમનું સ્વરૂપ વિગેરેને જેમ પ્રથમ નિરૂપણ કર્યું તેમ જાણનાર હોવાથી બુદ્ધિમાન્ છે. વળી શબ્દ અને અર્થમાં તે પ્રમાદ કરતા નથી, અર્થાત્ વાચ્ય ભગવાન્ના રૂપો અને તેમના વાચક ભગવાન્ના નામો નિત્ય છે એ વિષયમાં કુતર્ક વિગેરેથી તેમની મતિનો બાધ થયો નથી, તેથી તે 'જાગૃવાંસ:' છે. આવા લોકો નિરન્તર ભગવાન્ની કીર્તિનરૂપ સ્તુતિ કરે છે અને આ સ્તોત્ર વિગેરે સાધનોથી ભગવાન્ના પરમ પદને પ્રકાશે છે અર્થાત્ પરમધામના દર્શનનું સાધન ભગવદનુગ્રહ સ્તોત્ર વિગેરેથી પ્રાપ્ત કરે ત્યારે પરમપદનું દર્શન કરે છે. તેથી જ શ્રીમદ્ભાગવતમાં પણ "માણસો તમારા ઇચ્છેલાનું શ્રવણ કરે છે, ગાન કરે છે, વારંવાર સ્તુતિ કરે છે, સ્મરણ કરે છે અને આનન્દ પામે છે. તેઓ જ અલ્પ સમયમાં દર્શન કરે છે" એમ કહેલું છે. તેથી વ્યાસજીનો પણ આજ મત છે એમ સિદ્ધ થાય છે. તેથી નિત્ય હોવાથી 'દીપાવે' એમ કહ્યું તે સમયે પણ પરમ પદ વર્તમાન છે અને વર્તમાન પરમપદને જ 'દીપાવે છે' એમ વેદ કહે છે. તેથી આ પરમ પદમાં જે કાનન, પશુ, પક્ષી, મનુજ વિગેરેનો સમાવેશ થાય છે તે સર્વ નિત્ય જ છે અને તે સમ્બન્ધી સર્વ લીલા પણ નિત્ય જ છે.

---

48. નિત્યલીલાધામો પણ નિત્ય :

વળી છાન્દોગ્યમાં પણ "અથ આ બ્રહ્મપુરમાં જે આ દહર પુણ્ડરિક વેશ્મ છે. આની અન્દર દહર આકાશ છે. તેની અન્દર જે છે તે શોધવું, અને તે જાણવું" ઉપ.8।1) એમ છે; અને તેની આગળ "ત્યાં શું છે જે શોધવું અને જાણવું?" એવા પ્રશ્નના ઉત્તરમાં : "જેટલું આ આકાશ છે તેટલું હૃદયમાં તે આકાશ છે, આકાશ અને ભૂમિ ઉભય આની અન્દર જ સમાહિત છે" વિગેરેથી અગ્નિ, વાયુ, સૂર્ય, ચન્દ્ર, વિદ્યુત્, નક્ષત્રો કહી "અને જે અહીં છે અને જે નથી તે સર્વ આમાં સમાહિત છે" એમ કહ્યું છે. "બ્રહ્મપુર જીર્ણ થાય અથવા નાશ પામે ત્યારે તેના આશ્રયવાળું શું અવશિષ્ટ રહે છે?" એ પ્રશ્નના ઉત્તરમાં "આની જરાથી એ જીર્ણ થતું નથી, આના વધથી એ હણાતું નથી. આ સત્ય બ્રહ્મપુર છે. આમાં કામો સમાહિત છે. આ આત્મા પાપરહિત" ઇત્યાદિ છે. અહીં 'બ્રહ્મપુર' શબ્દથી બ્રહ્મ ભગવાન્નું પુર લીલાસ્થાન ગોકુલ-મથુરા વિગેરે કહેલું છે. તેનો અર્થ શરીર હોય તો "આ સત્ય બ્રહ્મપુર છે" એ આગળના વાક્યનો વિરોધ થાય. આના નિત્યત્વના કથનમાટે જ તેની જરા વિગેરે હેતુથી તેના આશ્રિતના નાશનો પૂર્વપક્ષ કર્યો. પણ વસ્તુત: ત્યાં જરા-વધ વિગેરેની સમ્ભાવના જ નથી,

કારણ કે "આ સત્ય બ્રહ્મપુર છે" તથાપિ "દુર્જન સન્તોષ પામો" એ ન્યાયથી "આની જરાથી" ઇત્યાદિ જે કહ્યું છે તે તર્કિત છે એમ જાણવું. તેથી જ ભક્તોના સર્વ કામો તેમાં સારી રીતે રહેલા છે એમ કહ્યું. આ આનન્દમય અધિકરણ માં "વિપશ્ચિત્ બ્રહ્મ સાથે તે સર્વ કામો ભોગવે છે" ઉપ.215) શ્રુતિના વ્યાખ્યાનમાં વર્ણવેલું છે. વળી "દહર (બ્રહ્મ), ઉત્તર સૂત્રમાં વર્ણવેલા હેતુને લીધે" (બ્રહ્મસૂ.1। 14)એ અધિકરણથી વ્યાસજીએ 'દહર' શબ્દના વાચ્ય ભગવાન્ છે એવો નિર્ણય કરેલો છે. ભગવાન્નું સ્થાન પણ ભગવાન્ના ધર્મવાળું હોવાથી તેની સ્થિતિને યોગ્ય છે એમ કહેવાને શ્રીગોકુલમાં રહેલા ભક્તના હૃદયકમલને પણ દહર કહ્યું. ત્યાં (ભક્તના હૃદયમાં) વ્યાપીને પ્રકટ થઈને સર્વ વ્યવહારના હેતુ તરીકે રહ્યા તેથી 'આકાશ' કહ્યા, આકાશ વિગેરે દ્યુપ્રભૃતિ સાક્ષાત્ પુરુષોત્તમની લીલાના ઉપયોગી પદાર્થો ભગવદાત્મક જ છે તેથી "જેઓએ મારેમાટે લોકધર્મનો ત્યાગ કર્યો છે તેઓનું હું ભરણ કરું છું" એ વાક્ય અનુસાર તેની અન્દર જ રહેલા છે, પણ કાલને અધીન નથી અથવા તેનો આશ્રય કરી રહેલા નથી. 'જેટલું' ('યાવાન્') એ પરિમાણનું સામ્ય ઉપલક્ષણ વિધિથી કહેલું છે એમ જાણવું. તેથી લીલાસ્થ પદાર્થો સ્વરૂપથી તો અલૌકિકસ્વરૂપ જ છે, તથાપિ "લોક પ્રમાણે કેવલ લીલા છે" 2133) એ ન્યાયે લૌકિકસ્વરૂપ જેવા છે એમ જણાવ્યું છે. આમ હોવાથી નિર્વિઘ્નપણે મહાન ભાગ્યરાશિવાળા મનુષ્યોએ, શ્રુતિવૃન્દોએ ઘણું ગાએલા પુષ્કળ આનન્દકધદવાળા, લીલાના નિત્યત્વની હૃદયમાં ભાવના કરવી.

વળી બૃહદ્વામન પુરાણમાં પણ ગાએલું છે. ઉત્તરસ્થાનમાં અને ખિલમાં ભૃગુ વિગેરે પ્રતિ બ્રહ્માના વાક્યો છે.

"નન્દ, ગોપ અને વ્રજસ્ત્રીઓના પાદની રેણુની પ્રાપ્તિમાટે મેં પહેલાં સાઠ હજાર વર્ષ તપ કર્યું, તથાપિ મને તેમના પાદની રેણુ પ્રાપ્ત થઈ નહિ"

આ બ્રહ્માનું વાક્ય સાંભળીને ભૃગુએ પછી આદરસહિત પૂછ્યું કે

"તમારા જેવા પણ વૈષ્ણવની પાદરજનું ગ્રહણ કરે છે. હે પ્રભો! નારદ વિગેરે પ્રખ્યાત વૈષ્ણવો લોકમાં બહુ છે. તેમની તજી ગોપીની પાદરેણુ તમે પણ ગ્રહણ કરી તેમાં શો હેતુ છે તે મને કહો; મને સંશય છે"

પછી સર્વ શ્રુતિની પુરાતની કથા જે પરમ અદ્ભુત રહસ્ય છે તેનો વિચાર કરી બ્રહ્માએ ભૃગુને કહ્યું.

બ્રહ્મા કહે છે.

"હે પુત્ર! વ્રજસુન્દરીઓ સ્ત્રીઓ નથી, તેઓ ખરે શ્રુતિઓ છે. હું, શિવ, શેષ અને લક્ષ્મી પણ તેઓની સમાન કોઈ સમયે નથી. પ્રથમ જ્યારે પ્રાકૃત પ્રલય થયો, વ્યક્ત અવ્યક્ત થયું, અને કાલ અને માયા થી અતિગ અક્ષર ચિન્માત્ર બ્રહ્મ રહ્યું ત્યારે કેવલ બ્રહ્માનન્દમય નિર્ગુણ અનાદિ અને અનન્ત 'વ્યાપિવૈકુણ્ઠ' નામનો લોક રહ્યો. અક્ષર વેદોનું ઉત્તમ સ્થાન પરમ બ્રહ્મ છે. એ લોકમાં રહેનાર પરથી પણ પરની ત્યાં રહેનાર વેદોએ સ્તુતિ કરી. પછી ઘણી સ્તુતિથી

તુષ્ટ થઈ પરોક્ષ રીતે વાણીવડે તેમને "હે પ્રાજ્ઞા! હું તુષ્ટ થયો છું, મનમાં જે વર ઇચ્છેલો હોય તે કહો" એમ કહ્યું.
શ્રતિઓ કહે છે.
"હે અચ્યુત! અમે નારાયણ વિગેરે રૂપો જાણ્યા. હે સર્વ! તે સગુણ બ્રહ્મ છે અમારી તેમાં વસ્તુબુદ્ધિ નથી. જે નિર્ગુણ પર રૂપને અમે 'બ્રહ્મ' એમ કહીએ છીએ તે વાણી અને મન ને ગોચરથી અતીત હોવાથી જાણતા નથી. જો અમને વર આપવો હોય તો જેને પુરાવિદ્ 'આનન્દમાત્ર' એમ કહે છે એ રૂપનાં અમને દર્શન કરાવો"

આ સાંભળીને, પ્રકૃતિથી પર, માત્ર આનન્દમાં જ કેવલ અનુભવ-વાળા અક્ષર મધ્યે રહેલા પોતાના લોકનું દર્શન કરાવ્યું. ત્યાં ઇચ્છાઓ પુરી પાડનાર વૃક્ષોથી સર્વ ઋતુઓમાં સુખ આપનાર અતિશય મનોરમ નિકુઞ્જવાળું 'વૃન્દાવન' નામનું વન (છે), ત્યાં સારા ઝરા અને ગુફાઓ વાળો રત્ન અને ધાતુ વાળો, સારા પક્ષીગણથી સંકુલ શ્રીમાન્ 'ગોવર્ધન' નામે (પર્વત છે). ત્યાં નિર્ઝરનાં જેવા પાણીવાળી, રત્નથી બાંધેલા ઉભય તટવાળી, હંસ, પદ્મ વિગેરેથી સંકુલ નદીઓમાં ઉત્તમ કાલિન્દી છે. ત્યાં ભિન્ન-ભિન્ન રાસના રસમાં ઉન્મત્ત થએલો ગોપિકાઓનો સમૂહ છે. અને તે સમૂહની મધ્યે રહેલા કિશોર આકૃતિવાળા અચ્યુત છે. આવું દર્શન કરાવી પૂછ્યું કે "તમારું શું પ્રિય કરું તે કહો. આ મારો લોક જોયો તેનાથી વધારે સારું કાંઈ નથી"
શ્રુતિઓ કહે છે.
"તમારા કોટિક્ધદર્પલાવણ્યના દર્શન થવાથી, અમારા મન કામિનીભાવ પામીને સ્મરથી ક્ષુબ્ધ થયાં એમાં સંશય નથી. જેમ તમારા લોકમાં વસનાર ગોપિકાઓ રમણ માનીને કામતત્ત્વથી ભજન કરે છે તેવી અમારી ઇચ્છા થઈ"
શ્રીભગવાન્ કહે છે.
"તમારો સારો મનોરથ દુર્લભ અને દુર્ઘટ છે, અને મારું અનુમોદન પામી સારી રીતે સત્ય થવા લાયક છે. આવતા બ્રહ્મામાં સૃષ્ટિમાટે ઉદ્યમ થાય ત્યારે સારસ્વત કલ્પમાં વ્રજમાં તમે ગોપીઓ થશો. પૃથિવીપુર ભારતક્ષેત્રમાં મારા મથુરાના મણ્ડલમાં વૃન્દાવનમાં રાસમણ્ડલમાં હું તમને પ્રિય થઈશ. તમે સર્વે મારી અંદર જારધર્મથી સુદૃઢ સર્વથી અધિક સ્નેહ પામી કૃતકૃત્ય થશો"
બ્રહ્મા કહે છે.
"આ સાંભળીને તેઓ ભગવાન્ના રૂપનું લાંબા સમય સુધી ધ્યાન કરી, વર્ણવેલો સમય પ્રાપ્ત કરી ગોપીઓ થઈ હરિને પામી"

અહીં શ્રુતિઓએ "સર્વ વેદાન્તપ્રત્યય ગુણાતીત વાણી અને મન ને ગોચરથી અતીત આનન્દૈકરૂપ જે તમારું રૂપ છે તેનું દર્શન કરાવો" એમ પ્રાર્થના કરેલા ભગવાને ગોકુલ, ત્યાં રહેલું પોતાનું સ્વરૂપ, અને ત્યાં થતી લીલાના દર્શન કરાવ્યા એમ કહ્યું છે. જો આ સર્વવેદાન્તપ્રત્યયત્વ વિગેરે ગુણોથી વિશિષ્ટ હોય તો જ આ ઘટે. આમ હોવાથી તેમની

નિત્યતા નિ:શંક સિદ્ધ થાય છે. ત્યાં રહેલું સ્વરૂપ જ નિત્ય છે, પરન્તુ લોક નિત્ય નથી એમ કહેવાય નહિ, કારણ કે લોકપ્રદર્શન અપ્રાર્થિત હોવાથી વ્યર્થ થઈ જાય. તેથી સ્વરૂપના દર્શનમાટે જ પ્રાર્થના કરેલી હોવા છતાં વૃન્દાવન વિગેરેનાં પણ દર્શન કરાવ્યાં તેથી ભગવાન્નું રૂપ સદા વૃન્દાવન વિગેરે વર્ણવેલી સામગ્રીથી વિશિષ્ટ જ છે, કેવલ નથી એમ જણાવ્યું છે. વસ્તુ જ એવા જ પ્રકારની હોવાથી અહીં અલ્પ પણ શંકા નથી. તેથી જ બ્રહ્મધર્મસ્વરૂપના વિચારમાં "તેજ હોવાથી, પ્રકાશાશ્રયની પેઠે" એમ બાદરાયણે સૂત્ર યોજ્યું. આ જેમ છે તેમ પ્રથમ જ કહેલું છે. તેથી જ આ લીલાનું ઋગ્વેદમાં બીજી ઋક્માં નિરૂપણ કરેલું છે.

"જજ્ઞાન એવ વ્યબાધત સ્પૃધ: પ્રાપશ્યદ્ વીરો અભિપૌસ્યં રણમ્.
અવૃશ્ચદ્ અદ્રિમવ સ સ્યદ્ અસૃજદસ્તભ્નાન્નાકં સ્વપસ્યયા પૃથુમ્"

(ઋગ્વેદ10/113/4)

એમ મન્ત્ર છે. "જજ્ઞાન એવ" ગોકુલમાં માત્ર પધારવાથી જ 'સ્પૃધ:' અર્થાત્ પૂતના તૃણાવર્ત વિગેરે શત્રુઓનો, 'વ્યબાધત'=વિવિધ પ્રકારથી અથવા વિશેષે કરીને નાશ કર્યો. પછી 'વીર:'=શૂરવીરે, મથુરા દ્વારકા વિગેરેમાં 'અભિ-પૌંસ્યમ્'=પોતાના પૌરુષને યોગ્ય 'રણમ્'=દૈત્યની સાથેના સઙ્ગ્રામનો, 'પ્રાપશ્યત્'=અનુભવ કર્યો એવો અર્થ છે.

ભૂમિપર રહેલા દૈત્યોનો નાશ વર્ણવી દેવેન્દ્રના મદનો ભંગ કરનાર કહે છે. 'અદ્રિમ્'=ગોવર્ધન પર્વતને, 'અવૃશ્ચત્'=ધારણ કર્યો. 'સ:' તેમણે, 'સ્યત્'=સ્રવણ કરતા ઇન્દ્રે પ્રેરેલા જલનો, અવાસૃજત્=અધિક્ષેપ કર્યો, નિવારણ કર્યું. આ 'સ્વપસ્યયા'=ગોકુલમાં સ્થિતિ કરવા લીલા કરવાની ઇચ્છાથી 'પૃથુમ્'= વિસ્તીર્ણ, 'નાકમ્ અસ્તભ્નાત્'=સ્વર્ગનો પ્રતિબન્ધ કર્યો, ઇન્દ્ર વિગેરે દેવોના મદનો સ્તમ્ભ કર્યો એવો અર્થ છે.

---

48. નિત્યલીલાધામો પણ નિત્ય

વળી છાન્દોગ્ય ઉપનિષદ્માં નીચે પ્રમાણે પાઠ છે "અથ આ બ્રહ્મપુરમાં જે આ દહર પુણ્ડરિક વેશ્મ છે. આની અંદર દહર આકાશ છે. તેથી અંદર જે છે તે શોધવું અને તે જાણવું" પછી નીચે પ્રમાણે પ્રશ્ન અને ઉત્તર છે.

પ્ર.:"ત્યાં શું છે જે શોધવું અને જાણવું?"

ઉ.:"જેટલું આ આકાશ છે તેટલું હૃદયમાં તે આકાશ છે, આકાશ અને ભૂમિ ઉભય આની અંદર જ સમાહિત છે" ત્યાર પછી અગ્નિ, વાયુ, સૂર્ય, ચન્દ્ર અને નક્ષત્રો કહેલાં છે. "અને જે અહિં" છે અને જે નથી તે સર્વ આમાં સમાહિત છે" એમ કહેલું છે. પછી નીચે પ્રમાણે પ્રશ્ન અને ઉત્તર છે.

પ્ર.:"બ્રહ્મપુર જીર્ણ થાય અથવા નાશ પામે ત્યારે તેના આશ્રયવાળું શું અવશિષ્ટ રહે છે?"

ઉ.:"આની જરાથી એ જીર્ણ થતું નથી આના વધથી તે હણાતું નથી. આ સત્ય બ્રહ્મપુર છે. આમાં કામો સમાહિત છે. આત્મા પાપરહિત" વિગેરે.

આ પાઠમાં 'બ્રહ્મપુર' શબ્દ આવે છે. તે ભગવાન્ની લીલાના સ્થાન ગોકુલ, મથુરા વિગેરે માટે યોજેલો છે. 'બ્રહ્મપુર' શબ્દનો અર્થ 'બ્રહ્મ' અર્થાત્ ભગવાન્ નું 'પુર' એટલે લીલાસ્થાન એવો થાય છે. બ્રહ્મપુરનો અર્થ 'શરીર' થાય છે એમ કહેવાય નહિ, કારણ કે તેનો અર્થ 'શરીર' કરીએ તો આગળ "આ સત્ય બ્રહ્મપુર છે" વાક્ય છે તેનો વિરોધ થાય. આ ભગવાન્નું લીલાસ્થાન નિત્ય છે એવો બોધ કરવા, પ્રથમ તેની જરા વિગેરેથી તેનો આશ્રય કરી રહેલા લીલાનાં પદાર્થો, જેવા કે કાનન વિગેરે, નો નાશ થાય છે એવો પૂર્વપક્ષ કર્યો છે. વસ્તુત: શ્રીગોકુલમાં જરા-વધ વિગેરેની સમ્ભાવના પણ નથી, કારણ કે તે "સત્ય બ્રહ્મપુર" છે એમ શ્રુતિ જ કહે છે. પરન્તુ દુરાગ્રહ કરનાર "દુર્જન સન્તોષ પામો" એવા ન્યાયથી "આની જરાથી એ જીર્ણ થતું નથી" વિગેરે ઉત્તર આપેલો છે. તેથી બ્રહ્મપુરની જરા-નાશનો માત્ર તર્ક જ કરેલો છે. વસ્તુત: તેને જરા અને નાશ નથી એમ જાણવું. તેથી જ ભક્તોના સર્વે કામો તેમાં સમાહિત છે એમ પણ શ્રુતિ કહે છે. આ સર્વ "વિપશ્ચિત્ બ્રહ્મ સાથે તે સર્વ કામો ભોગવે છે" શ્રુતિનું વ્યાખ્યાન કરતાં આનન્દમય અધિકરણમાં કહેલું છે. વળી "દહર ઉત્તરેભ્ય:" સૂત્રથી 'દહર' શબ્દ ભગવાન્માટે યોજાએલો છે, એમ વ્યાસજીએ પણ નિરૂપણ કરેલું છે. ભગવાન્નું સ્થાન શ્રીગોકુલ પણ ભગવાન્ના ધર્મોથી યુક્ત છે. તેથી તે પણ તે જ સ્થિતિને યોગ્ય છે અર્થાત્ તે પણ 'દહર' કહેવાય છે. તેથી જ શ્રીગોકુલમાં રહેલાં ભક્તોના હૃદયકમલરૂપી ભગવાન્ના સ્થાનને પણ 'દહર' કહેલું છે. ભગવાન્ આ ભક્તના હૃદયકમલરૂપી સ્વકીય સ્થાનમાં વ્યાપી અર્થાત્ પ્રકટ થઈ સર્વ વ્યવહારના હેતુ થઈ રહ્યા, તેથી તેમને 'આકાશ' કહ્યા. સાક્ષાત્ શ્રીપુરુષોત્તમની લીલામાં આકાશ વિગેરે જે-જે પદાર્થો ઉપયોગી છે તે સર્વ પદાર્થો ભગવદાત્મક જ છે. તેથી તે સર્વ ભગવાન્ની અંદર જ રહેલા છે, પરન્તુ કાલને અધીન નથી, તેમજ કાલનો આશ્રય કરીને રહેલા નથી. વળી ભગવાન્ પણ "જેઓએ મારે માટે લોક ધર્મનો ત્યાગ કર્યો છે તેઓનું હું ભરણ કરું છું" એમ કહે છે. "આ જેટલું આકાશ છે તેટલું આ હૃદયની અંદર આકાશ છે" શ્રુતિમાં ઉભયનાં પરિમાણનું સામ્ય કહેલું છે. તે માત્ર ઉપલક્ષણ વિધિથી જ કહેલું છે. તેથી એમ જણાય છે કે લીલાના સર્વ પદાર્થો સ્વરૂપથી અલૌકિક જ છે. "લોકવત્તુ લીલાકવલ્યમ્" બ્રહ્મસૂત્રના ન્યાયથી લીલાના સર્વ પદાર્થ અલૌકિક જ છે. ભગવાન્ની લીલા લોક જેવી છે એમ આ સૂત્રથી વ્યાસજી કહે છે. તે જ પ્રમાણે લીલાના સર્વ પદાર્થો પણ લોક જેવા અર્થાત્ વસ્તુત: અલૌકિક જ છે. આમ હોવાથી જેઓ અતિશય ભાગ્યશાળી હોય તેવા પુરુષોએ શ્રુતિવૃન્દોએ ઘણું ગાએલા પુષ્કળ આનન્દકધદ ભગવાન્ની લીલાના નિત્યપણાની નિર્વિઘ્નપણે, કાંઈ પણ સંશય વિના ભાવના કરવી.

વળી બૃહદ્વામનપુરાણમાં ઉત્તરસ્થાનમાં અને ખિલ અથવા પરિશિષ્ટમાં ભૃગુ અને બ્રહ્મા ના વાક્યો છે.

ત્યાં શ્રુતિઓની કથા બ્રહ્માએ ભૃગુને કહેલી છે, તેમાં પણ રાસલીલાનું વર્ણન છે, તેથી પણ લીલા તથા તેના સર્વ પદાર્થો નિત્ય જ છે એમ જણાય છે. કારણ કે આ સ્થળે

શ્રુતિઓ ભગવાન્ને એવી પ્રાર્થના કરે છે કે "સર્વવેદાન્તપ્રત્યય ગુણોથી અતીત, વાણી અને મન ને ગોચર પદાર્થથી અતીત, કેવલ આનન્દરૂપ જે આપનું સ્વરૂપ છે તેના દર્શન કરાવો"

શ્રુતિઓએ ભગવાન્ને આવી પ્રાર્થના કરી ત્યારે ભગવાને શ્રીગોકુલ, ત્યાં રહેલું પોતાનું સ્વરૂપ, અને ત્યાં થતી લીલા સર્વનાં દર્શન કરાવ્યાં. શ્રુતિઓની પ્રાર્થના જેવી હતી તેવાં જ ભગવાને દર્શન કરાવ્યાં એમ અવશ્ય માનવું જોઈએ. તેથી સર્વવેદાન્તપ્રત્યય ગુણોથી અતીત એવાં ભગવાન્નાં સ્વરૂપનાં જ દર્શન શ્રુતિઓને થવાં જોઈએ. તેથી શ્રીગોકુલ, ત્યાંની લીલા અને ત્યાંનુ ભગવાન્નું સ્વરૂપ સર્વ ભગવાન્નું સર્વવેદાન્તપ્રત્યય ગુણોથી અતીત સ્વરૂપ છે એમ અવશ્ય માનવું જોઈએ. નહિ તો આવી પ્રાર્થના અને દર્શન સમ્ભવે નહિ. આ પ્રમાણે શ્રીગોકુલ વિશિષ્ટ જ ભગવાન્નું સ્વરૂપ છે, તેથી શ્રીગોકુલ, લીલા, લીલાના પદાર્થો સર્વ નિત્ય જ છે એમાં કાંઈ પણ સન્દેહ રહેતો નથી. ત્યાં રહેલું ભગવાન્નું સ્વરૂપ જ નિત્ય છે, પરન્તુ શ્રીગોકુલ લીલા વિગેરે નિત્ય નથી એમ કહી શકાય નહિ, કારણ કે એમ હોય તો શ્રુતિઓએ માત્ર ભગવાન્ના સ્વરૂપનાં જ દર્શન કરાવવા પ્રાર્થના કરી હતી, ભગવાન્ના લોકનાં દર્શન કરાવવાની પ્રાર્થના કરી ન હતી, તેથી ભગવાને પોતાના લોકનાં દર્શન કરાવ્યાં તે વ્યર્થ થાય. માત્ર સ્વરૂપનાં જ દર્શન કરાવવાની પ્રાર્થના કરેલી હોવા છતાં લોક-લીલા વિગેરે સર્વનાં દર્શન ભવાને કરાવ્યાં, તેથી ભગવાન્નું સ્વરૂપ તેમના લોક-લીલા વિગેરેથી સદા વિશિષ્ટ જ છે એવો ભાવાર્થ છે. ભગવાન્નાં લોક-લીલા વિગેરેનો સ્વરૂપમાં જ સમાવેશ થાય છે. તેથી જેમ વૃક્ષ અને તેનાં ફલ-ફૂલ વિગેરેમાં સ્વગતદ્વૈત છે, તે પ્રમાણે ભગવાન્નું સ્વરૂપ અને ભગવાન્નો લોક વિગેરેમાં સ્વગતદ્વૈત થાય, અર્થાત્ ભગવાન્નું સ્વરૂપ અને તેમનો લોક વિગેરે ભિન્ના-ભિન્ન થાય તેમાં કાંઈ ક્ષતિ નથી. કારણ કે "તસ્માન્ન ભિન્ના એતાસ્તુ આભિર્ભિન્નો ન વૈ પ્રભુ:. ભૂમાવુત્તારિતં સર્વં વૈકુણ્ઠસ્વર્ગવાસિનમ્" આ ભિન્ન નથી અને પ્રભુ આથી ભિન્ન નથી, વૈકુણ્ઠ સ્વર્ગમાં રહેનાર સર્વ ભૂમિપર ઉતારેલું છે' એ શ્રીગોપાલતાપનીય ઉપનિષદ્ શ્રુતિને લીધે તથા "જે પરમ અક્ષરમાં પ્રજા" વિગેરે તૈત્તરીય ઉપનિષદ્ની શ્રુતિને લીધે ભગવાન્નો લોક અને ત્યાં રહેનાર સર્વ ભગવાન્થી અત્યન્ત ભિન્ન નથી, તેમજ અત્યન્ત અભિન્ન પણ નથી, પરન્તુ ભિન્નાભિન્ન જ છે. તેથી વૃક્ષ અને તેના ફલનો જેવો સ્વગતભેદ છે તેવો સ્વીકારવામાં પણ કાંઈ ક્ષતિ નથી. ભગવત્સ્વરૂપ જ એવું છે તેથી કાંઈ શંકા રહેતી નથી. આ પ્રમાણે ભગવત્સ્વરૂપ અને લોક-લીલા વિગેરે ભગવદ્ધર્મો ભગવાન્થી ભિન્નાભિન્ન જ હોવાથી વ્યાસજીએ પણ "પ્રકાશાશ્રયવદ્વા તેજસ્ત્વાત્" સૂત્ર યોજેલું છે. આ સૂત્રનો અર્થ અમે પ્રથમ કરેલો છે ત્યાં પણ આ સર્વનું નિરૂપણ કરેલું છે.

ભગવાન્ની લીલા, લીલાના પદાર્થ વિગેરે નિત્ય જ છે તેથી જ ઋગ્વેદમાં "જજ્ઞાન એવ" વિગેરે બીજી ઋક્માં પણ ભગવાન્ની લીલાનું નિરૂપણ કરેલું છે. આ ઋક્નો અર્થ નીચે પ્રમાણે થાય છે. "જજ્ઞાન એવ" અર્થાત્ શ્રીગોકુલમાં ભગવાન્નો જન્મ થયો એવામાં માત્ર શ્રીગોકુલમાં જન્મીને જ 'સ્પૃધ:' પૂતના-તૃણાવર્ત વિગેરે શત્રુઓને ભગવાને 'વ્યબાધત' વિવિધ પ્રકારથી અથવા વિશેષે કરીને હણ્યા. ત્યાર પછી 'વીર:' વિક્રાન્ત અર્થાત્ શૂરવીર

ભગવાને મથુરા-દ્વારિકા વિગેરે સ્થળોમાં 'અભિપૌંસ્યમ્' પોતાના પૌરુષ અથવા પુરુષાર્થને યોગ્ય 'રણમ્' રણનો 'પ્રાપશ્યત્' અનુભવ કર્યો. અર્થાત્ પછી ભગવાને મથુરા-દ્વારિકા વિગેરે સ્થળોમાં પોતાના પુરુષાર્થને યોગ્ય સઙ્ગ્રામ કર્યા. આ પ્રમાણે ભગવાને ભૂમિપરના દૈત્યોનો સંહાર કર્યો એમ કહ્યું.

પછી ભગવાને દેવ-ઇન્દ્રના મદનો ભંગ કર્યો એમ ઋક્ કહે છે. 'અદ્રિમ્' ગિરિવર શ્રીગોવર્ધનગિરિને 'અવૃશ્ચત્' ધારણ કર્યો. 'સ' ભગવાને 'સ્યત્' સ્રવણ કરતાં અથવા વહેતાં ઇન્દ્રે મોકલેલા જલનો 'અવાસૃજત્' અધિક્ષેપ કર્યો. અર્થાત્ ભગવાને ઇન્દ્રે ક્રોધથી મોકલેલા જલનું નિવારણ કર્યું. આવી 'સ્વપસ્યયા' શ્રીગોકુલમાં સ્થિતિ કરવા લીલા કરવાની ઇચ્છાથી 'પૃથુમ્' વીસ્તીર્ણ 'નાકમ્' સ્વર્ગનો 'અસ્તભ્નાત્' પ્રતિબન્ધ કર્યો, અર્થાત્ ઇન્દ્ર વિગેરે દેવોના મદનો સ્તમ્ભ કર્યો, ઇન્દ્ર વિગેરે દેવોનો મદ દૂર કર્યો. આ ઋક્માં ભગવાને દૈત્યોનો નાશ કર્યો એમ કહેલું છે.

દૈત્યોનો ભગવાને નાશ કર્યો તેથી આધુનિક સમયમાં દૈત્યો વિદ્યમાન નથી અને તેથી ભગવાન્ની લીલાના પદાર્થ દૈત્યો અનિત્ય છે.

એવી શંકા કરવી નહિ. 'અસુરાનીકવીર્ય:' વિગેરે વાક્યથી દૈત્યો ભગવાન્ના વીર્યાત્મક હોવાથી નિત્ય જ છે. વળી 'વ્યબાધત' 'નાશ કર્યો' વિગેરે ભૂતકાલનો પ્રયોગ આ ઋક્માં કરેલો છે, તેથી બાધ અથવા નાશ કરવાની ક્રિયા આધુનિક સમયમાં નથી તેથી તે પણ અનિત્ય છે.

એવી શંકા પણ કરવી નહિ; કારણ કે "હે સૌમ્ય સા પૂર્વે સત્ જ હતું" "નારાયણ એક જ હતા" વિગેરે વાક્યમાં પણ ભૂતકાલનો પ્રયોગ કર્યો છે. ત્યાં એવો અર્થ થાય છે કે સત્ અને નારાયણ તે સમયે પણ હતા. સત્ અને નારાયણ આધુનિક સમયમાં નથી એમ કહેવાનો આ વાક્યોનો આશય નથી પરન્તુ તે સમયે પણ સત્ અને નારાયણ હતા જ એવો બોધ કરવાનો આશય છે. તેજ પ્રમાણે અહીં પણ છે. વળી ભગવાન્ની ઇચ્છા એવા પ્રકારની છે કે દૈત્યોના નાશની ક્રિયા થઈ ગએલી હોય એવો લોકોને અનુભવ થાય. તેથી તિરોભાવ શક્તિથી જ એ ક્રિયા થઈ ગઈ હોય એવો ભગવાન્ અનુભવ કરાવે છે. તેથી ભૂતકાલ યોજેલો છે પરન્તુ એ ક્રિયા આધુનિક સમયમાં નથી એમ કહેવાનો તેનો ભાવાર્થ નથી.

49.લીલાઓ બધી નિત્ય પણ એનો આવિર્ભાવ ક્રમિક. નિત્યલીલાવાદનો ઉપસંહાર :

વળી દશમસ્કધધમાં કાત્યાયન્યર્ચન વ્રત પછી વરદાન કરવા આવેલા ભગવાને "મારી સાથે આ રાત્રિઓ રમણ કરશો" એવું વ્રજવરકુમારી પ્રતિ વરદાનવચન કહેલું છે. અહીં "આ રાત્રિઓ" એમ 'આ' શબ્દથી તેઓને સર્વ રાત્રિઓ સામી રાખી દર્શાવી એમ જણાય છે. નહિ તો 'તે રાત્રિઓ' એમ કહેત. વળી પ્રાત: સમયે કહેલું છે તેથી તેઓ આ રાત્રિની

સજાતીય હોવાથી, આ રાત્રિમાં જ 'આ' એવો પ્રયોગ કર્યો છે એમ કહી શકાય નહિ. વળી બહુવચન અનુપપન્ન થાય. 'આ' શબ્દ ભગવાન્ની બુદ્ધિમાં રહેલી રાત્રિઓનો વાચક હોવાથી સર્વ ઉપપન્ન થશે એમ કહેવાય નહિ, કારણ કે કથન પરની પ્રતિપત્તિમાટે હોવાથી આમ કહેવા છતાં કુમારીઓને તેઓનો બોધ સમ્ભવે નહિ અને તેથી કથન વ્યર્થ થઈ જાય. વળી ભગવાન્ સત્યસંકલ્પ હોવાથી અને સત્યસંકલ્પત્વનો વિષય અબાધિત હોવાથી અહીં તે રાત્રિઓનો તરત જ અભાવ રહે તો પૂર્વે વર્ણવેલું સત્યસંકલ્પત્વ અનુપપન્ન થાય.

"હે સારી ભ્રમરવાળી તારે ઘેર આવીશ" 12) "હું આવીશ એમ દૂતદ્વારા" "તમારા સગાઓને જોવા આવીશુ" વિગેરે સ્થળે ભવિષ્યમાં થનાર ભગવાન્ નું આગમન તે જ સમયે છે એમ કેમ કહી શકાય? એમ હોય તો કથન વ્યર્થ થાય અને અનુભવનો વિરોધ થાય!

એમ નહિ. સર્વ લીલા નિત્ય હોવાથી પૂર્વસિદ્ધ જ લીલાનો ક્રમે આવિર્ભાવ થાય છે એમ પ્રથમ જ કહ્યું છે, તેથી ભગવાન્નું આગમન આ સમયે અહીં અપ્રકટિત હોવાથી, આ સમયે પ્રકટ કરેલી લીલામાં જેનો સમાવેશ હોય તેઓને તેનો અનુભવ થતો નથી તેથી અને ભગવાન્ સર્વજ્ઞ હોવાથી તે લીલા પણ તેમના અનુભવનો વિષય છે તેથી સર્વ ઉપપન્ન છે.

આ સમયે પ્રકટ થએલી લીલામાં જેમનો સમાવેશ છે તેઓ જ ભવિષ્યમાં પ્રકટ કરવાની લીલાના પણ સમ્બન્ધી છે એમ અવશ્ય કહેવું જોઈએ, કારણ કે "મને પૂર્વે 'આવીશ' એમ કહેલું હતું તેથી આવ્યા" એમ એવા જ પ્રકારનો તેમનો અનુભવ છે. નહિ તો અન્ય સ્થળે કહે અને અન્ય સ્થળે જાય એમ સત્યવક્તાપણું અનુપપન્ન થાય, અને જેમને કહ્યું હોય તેઓની ભગવાન્ની આશાથી સ્થિતિ અનુપપન્ન થાય. તેથી નિત્ય જ લીલાનો ક્રમે આવિર્ભાવ થાય છે એમ કેમ સમ્ભવે?

અહીં આમ જણાય છે. લીલાનું નિત્યત્વ કેવલ લૌકિક યુક્તિથી નથી પરન્તુ "જનનિવાસનો જય થાય છે" 10।।) વિગેરે કહેલી સ્મૃતિ અને શ્રુતિ ના પ્રમાણથી સિદ્ધ થાય છે. તેથી અબાધિત પ્રામાણ્યવાળા કહેલાં પ્રમાણોથી સિદ્ધ થયું તો તે વસ્તુમાં કાંઈ અનુપપત્તિ નથી એમ માનવું, કારણ કે તેમજ પ્રમાણથી સિદ્ધ થાય છે. પરન્તુ તેમાં અનુપપત્તિ પોતાની બુદ્ધિથી કલ્પેલી છે. તેનો નીચે પ્રમાણે પરિહાર કરવો. "તે રસ છે" શ્રુતિ અને "સર્વરસ" (છાન્દો.ઉપ.6।14) થી ભગવાન્ સર્વરસરૂપ છે. એ નિર્વિવાદ છે. તેથી જ્યાં જે સમયે જે ભક્તોને "હું આવીશ" એમ કહે છે તે ભક્તોના તે સમયના ભગવદાગમન વિષયની પરમાર્તિરૂપ રસનું પોષણ કરવા ભગવાને એમ કહેલું હોવાથી તે સમયે ભક્તોમાં "મારે ઘેર સર્વથા પ્રિય પધારશે, ત્યાં આવે-આવે પ્રકારે મારા મનોરથ પૂર્ણ થશે" એવા નિશ્ચયથી અમન્દ આનન્દરૂપ અતિવિલક્ષણ અમુક રસભાવ ઉત્પન્ન થાય છે. ભગવાન્ને તેના ભાવના દર્શનથી ઉત્પન્ન થતો તે સમયને અનુરૂપ પરમાનન્દરૂપ અમુક ભાવનો અનુભવ થાય છે. તેથી પૂર્વે કહેલી શ્રુતિથી આ સ્વરૂપાત્મક રસનો જ સદા અનુભવ કરે છે એમ સિદ્ધ થાય છે. પૂર્વે કહેલા ભક્તને ઘેર પધારે ત્યારે પૂર્વના અવધિનો વિચાર કરી તે સમયનું અતિક્રમણ કરી અથવા અતિક્રમણ કર્યા વિના પધારેલા પ્રિયતમમાં જે રસાત્મક અમુક ભાવ હોય તે

આત્મરૂપ (ભાવનો) રસરૂપ થઈ વર્ણવેલા ન્યાય પ્રમાણે અનુભવ કરે છે, અહીં પૂર્વે કહેલા અને આના ભેદની શંકા કરવી નહિ, કારણ કે "પૂર્વે મને આમ કહ્યું હતું" એવા અનુસન્ધાનથી જ એવા પ્રકારના રસની ઉત્પત્તિ થાય છે, અન્ય પ્રકારે નથી. તેથી તે-તે રસ તે-તે પ્રકારનો હોવાથી અને રસ ભગવદ્રૂપ હોવાથી જ્યાં જેવો જે પ્રકારનો જે રસ સ્વશાસ્ત્રથી સિદ્ધ થાય ત્યાં તેવો તે પ્રકારનો તે રસ ભગવાન્ જ છે એમ સિદ્ધ થાય છે. ભગવાન્ એક જ છે. તેથી ત્યાંની સર્વ સામગ્રી એ રસરૂપ જ છે એમ સર્વ અનવદ્ય છે. તેથી રાત્રિનું તે સમયે પ્રદર્શન તે નિત્ય હોય તો જ ઘટે. ભવિષ્યની રમણલીલા પણ નિત્ય હોવાથી આ વ્રતના ફલ તરીકે વરદાન કેમ ઉપપન્ન થાય એ શંકાનો આથી જ નિરાસ થયો જાણવો; કારણ કે ભગવાન્ સર્વરસરૂપ હોવાથી સર્વ ઉપપન્ન છે એમ કહેલું છે.

શ્રીનન્દ અને યશોદા ને એવા પ્રકારની લીલાના આનન્દનો અનુભવ થવામાં કયો હેતુ છે? એમ "હે બ્રહ્મ! નન્દે અને મહાભાગ્યવાળા યશોદા જેમના સ્તનનું હરિએ પાન કર્યું તેમણે મહોદયવાળું જ શું શ્રેય કર્યું?" પુરા.10।46) વિગેરેથી રાજાએ કરેલા પ્રશ્નમાં અને "(પોતાની) સ્ત્રી ધરાસહિત બ્રહ્મનો આદેશ કરનાર વસુઓમાં મુખ્ય દ્રોણે તેમને કહ્યું. "અમે ભૂતલપર જન્મીએ ત્યારે લોકમાં મહાદેવ વિશ્વેશ્વર હરિમાં અમારી પરમ ભક્તિ થાઓ જેથી તરત દુર્ગતિ દૂર થાય" 'તેમ થાઓ' એમ કહેવાએલા તે જ મહાયશસ્વી દ્રોણ અહીં વ્રજમાં 'નન્દ' એમ પ્રસિદ્ધ થયા, અને તે ધરા યશોદા થઈ. હે ભારત! પછી ગોપ અને ગોપીઓ માં દમ્પતી (થઈ રહેલા) તેઓની પુત્ર થએલા ભગવાન્ જનાર્દનમાં ભક્તિ ઘણી જ થઈ"

વિગેરે શ્રીશુકના ઉત્તરમાં પણ આજ ઉપપત્તિ છે. એ જ પ્રમાણે શ્રીદેવકી અને વાસુદેવ માં અને એવા અન્યમાં પણ છે તેથી વિસ્તારથી શું?

ઇતિ શ્રુતિશતૈર્ અતિસ્ફુટતરૈર્ અપાસ્તભ્રમૈ:
વિચારભર-ચાતુરી-સચિવ-સત્પુરાણૈરપિ।
સ્ફુરદ્ વિહૃતિ-નિત્યતા સુનિરણાયિ
ગોપીપતેર્મયા-ડતિનિજયત્નત: ફલતુ તેન સૈવેહ મે॥

આ પ્રમાણે અતિસ્ફુટ ભ્રમરહિત હજારો શ્રુતિઓ અને અતિશય વિચારની ચાતુરીમાં સચિવરૂપી સત્પુરાણોથી મેં મારા ઘણા યત્નથી ગોપીપતિની સ્ફુરતી લીલાની નિત્યતાનો સારી રીતે નિર્ણય કર્યો છે તેથી તે જ અહીં મને ફળો

49. લીલાઓ બધી નિત્ય પણ એનો આવિર્ભાવ ક્રમિક. નિત્યલીલાવાદનો ઉપસંહાર

વળી દશમસ્કધધમાં કાત્યાયનીના અર્ચનના વ્રત પછી ભગવાન્ ગોપિકાઓને વરદાન આપવા પધારે છે. તે સમયે "મારી સાથે આ રાત્રિઓ રમણ કરશો" એવું ભગવાન્ વ્રજની ઉત્તમ કુમારીઓને વરદાન કરે છે. ભગવાન્ "આ રાત્રિઓ" શબ્દો યોજે છે તેથી તે સર્વ

રાત્રિઓને પોતાની સામે રાખી ગોપિકાઓને દર્શાવે છે એવો નિશ્ચય થાય છે, કારણ કે એમ હોય તો જ 'આ' શબ્દ યોજાય. જો ભગવાને તે સમયે તે સર્વ રાત્રિઓને પોતાની સામે રાખી કુમારીઓને દર્શાવી ન હોત તો "તે રાત્રિઓ" શબ્દો જ ભગવાન્ યોજત. વળી આ વાક્ય ભગવાને પ્રાત:કાલમાં યોજેલું છે. જો ભગવાને રાત્રિ સમયે આમ કહ્યું હોત તો તે રાત્રિના જેવી રાત્રિઓમાં રમણ કરીશ એવા ભાવાર્થથી તે રાત્રિ દર્શાવી સાજાત્યને લીધે "આ રાત્રિઓ" એવું વાક્ય યોજે. પરન્તુ ભગવાને રાત્રિએ આ વાક્ય કહેલું નથી પણ પ્રાત:કાલે જ કહેલું છે, તેથી ભગવાને એ વાક્ય કહ્યું તે દિવસની રાત્રિ દર્શાવી, રમણની રાત્રિઓ તેના જેવી જ હોવાથી સાજાત્યને લીધે માત્ર જાતિના અભિપ્રાયથી "આ રાત્રિઓમાં" વાક્ય યોજ્યું છે એમ કહી શકાય નહિ. વળી એવા હેતુથી આ વાક્ય યોજેલું હોય તો "આ રાત્રિઓ" એમ બહુવચન યોજાય નહિ. વળી ભગવાને પોતાની બુદ્ધિમાં રમણની રાત્રિઓ રાખીને "આ રાત્રિઓ" એમ કહ્યું એમ પણ કહેવાય નહિ, કારણ કે વક્તા વાક્ય યોજે તે પોતાને અર્થ સમજવા યોજતા નથી પરન્તુ શ્રોતાઓ અથવા બીજાઓ અર્થ સમજે એવા હેતુથી જ વાક્યો યોજવામાં આવે છે. ભગવાન્ પોતાની બુદ્ધિમાં રમણની રાત્રિઓ રાખીને જ "આ રાત્રિઓ" કહે તો તેથી કુમારીઓને રાત્રિઓનો બોધ થાય નહિ. અને તેથી ભગવાન્નું વચન નિરર્થક અથવા વ્યર્થ થઈ જાય. વળી ભગવાન્ સત્યસંકલ્પ છે. સત્યસંકલ્પનો સંકલ્પ સદા સત્ય જ હોવો જોઈએ. ભગવાને "આ રાત્રિઓ" એવો સંકલ્પ કર્યો. તે સમયે તે રાત્રિઓ ત્યાં ન હોય તો ભગવાન્નો આ સંકલ્પ અસત્ય થઈ જાય. સત્યસંકલ્પનો સંકલ્પ કદાપિ અસત્ય હોઈ શકે જ નહિ. ભગવાન્નો સંકલ્પ અસત્ય થાય તો તેમના સત્યસંકલ્પત્વ ગુણની ક્ષતિ થાય. તેથી ભગવાને "આ રાત્રિઓ" કહ્યું તે સમયે તે રાત્રિઓ ત્યાં અવશ્ય હોવી જ જોઈએ.

પૂર્વપક્ષી:"હે સારી ભ્રમરવાળી, તારે ઘેર આવીશ" "હું આવીશ એમ દૂતદ્વારા" "તમારા સગાઓને જોવા આવીશું" વિગેરે વાક્યો પણ છે. આ વાક્યોમાં ભગવાન્નું આગમન ભવિષ્યમાં થશે એમ સ્પષ્ટ કહેલું છે. આ ભગવાન્નું ભાવિ આગમન પણ આ વાક્ય યોજાયાં તે સમયે પણ હતું એમ કહી શકાય નહિ. તેથી ભગવાન્નું આગમન નિત્ય નથી અને લીલાના નિત્યપણાનો બાધ થાય છે. ભગવાન્નું આગમન આ વાક્ય યોજાયાં તે સમયે પણ હોય તો આ વાક્યો વ્યર્થ થઈ જાય અને અનુભવથી વિરુદ્ધ થાય.

સિદ્ધાન્તી:એવી શંકા કરવી નહિ, કારણ કે ભગવાન્ની સર્વ લીલા નિત્ય જ છે, તેથી પૂર્વસિદ્ધ અથવા પૂર્વે હતી તેવી જ લીલાનો ક્રમથી આવિર્ભાવ જ થાય છે એમ પ્રથમ પણ કહી ચુક્યા છીએ. તેથી આ વાક્યો યોજાયાં ત્યારે પણ ભગવાન્નું આગમન અવશ્ય હતું જ, પરન્તુ તે પ્રકટ ન હતું, તેથી તે સમયે જે પ્રકટ લીલા હતી તે લીલામાં જેમનો સમાવેશ હતો તે સર્વને ભગવાન્નું આગમન અપ્રકટ જ હોવાથી તેનો અનુભવ થતો ન હતો, પરન્તુ ભગવાન્ સર્વજ્ઞ હોવાથી તેમને તે સમયે પણ તેનો અનુભવ હતો જ. તેથી ભગવાન્ના અનુભવ પ્રમાણે

વિચાર કરીએ તો તે ભગવાન્નું આગમન નિત્ય છે. ભક્તના અનુભવ પ્રમાણે વિચાર કરીએ તો આ સર્વ વાક્યો અર્થવાળા જ છે, વ્યર્થ નથી. તેથી આ વાક્યો પણ યોગ્ય જ છે.

પૂર્વપક્ષી:આ વાક્યો યોજાયાં તે સમયે જે લીલા પ્રકટ હતી તેમાં જેઓનો સમાવેશ હતો તે જ લોકોનો ભવિષ્યમાં આગમન સમયે જે લીલા પ્રકટ થવાની હતી તેમાં પણ સમાવેશ થાય છે એમ અવશ્ય કહેવું જોઈએ; કારણ કે અન્ય-અન્ય લોકોનો તે સમયોની લીલામાં સમાવેશ થતો હોય તો ભગવાને એકને "તારે ઘેર આવીશ" કહ્યું અને અન્યને ઘેર ભગવાન્ પધાર્યા એમ કહેવાય. તેથી આ વાક્ય સત્ય કહેવાય નહિ. વળી જેઓને ભગવાને "તારે ઘેર આવીશ" એમ કહ્યું તેઓની ભગવાન્ના આગમનની આશાથી સ્થિતિ રહી એમ કહેલું છે તે પણ વ્યર્થ થાય; કારણ કે ભગવાન્ તો ઉપર કહ્યું તેમ અન્યને ઘેર પધારે છે. તેથી આ સર્વ દોષ ન આવે એવા હેતુથી તે સમયોની લીલામાં તે જ લોકોનો સમાવેશ થાય છે એમ અવશ્ય કહેવું જોઈએ. જો ભગવાન્ની સર્વ લીલા નિત્ય હોય તો ભગવાન્નું આગમન પણ નિત્ય જ હોવું જોઈએ. જેઓને ઘેર ભગવાન્નું આગમન થાય છે તેઓને ઘેર ભગવાન્નું આગમન નિત્ય હોવું જોઈએ. એમ હોય તો તેઓને આગમન ભાવિ લાગવું જોઈએ નહિ. તેથી ભગવાન્ની લીલા નિત્ય સમ્ભવતી નથી.

સિદ્ધાન્તી:અહીં સત્ય નીચે પ્રમાણે છે. ભગવાન્ની લીલાનું નિત્યપણું માત્ર લૌકિક યુક્તિઓથી સિદ્ધ થતું નથી પરન્તુ "જનનિવાસનો જય થાય છે" વિગેરે સ્મૃતિ અને શ્રુતિ ઓથી ઉપર નિરૂપણ કર્યું તેમ સિદ્ધ થાય છે. ઉપર કહ્યાં તે શ્રુતિ-સ્મૃતિઓ અબાધિત પ્રમાણ છે અને તેનાથી લીલાનું નિત્યપણું સિદ્ધ થાય છે, તેથી તેમાં કાંઈ પણ અનુપપત્તિ નથી એમ માનવું જોઈએ; કારણ કે પ્રમાણથી તેમજ સિદ્ધ થાય છે. જે પ્રમાણથી સિદ્ધ થાય તેમાં કાંઈ અનુપપત્તિ સમ્ભવતી નથી. તેથી તેમાં જે અનુપપત્તિ ભાસે છે તે માત્ર આપણી બુદ્ધિથી કલ્પેલી છે એમ જણાય છે. આ આપણી બુદ્ધિથી કલ્પેલી અનુપપત્તિનો નીચે પ્રમાણે પરિહાર કરવો. "તે રસ છે" "સર્વરસ" આ બે શ્રુતિથી ભગવાન્ સર્વરસરૂપ છે. અર્થાત્ ભગવાન્ વિભાવ વિગેરે સર્વરસરૂપ છે એમ નિર્વિવાદ સિદ્ધ થાય છે. તેથી ભગવાન્ જ્યારે જેને "તારે ઘેર આવીશ" એમ કહે છે તે સમયે તે ભક્તને ભગવાન્ના ભાવિ આગમનની પરમ આર્તિ થાય છે. આ આર્તિરૂપ રસનું પોષણ કરવા જ ભગવાન્ "તારે ઘેર આવીશ" એમ કહે છે. આ પ્રમાણે ભગવાન્ કહે છે ત્યારે તે ભક્તને "મારે ઘેર સર્વથા પ્રિય પધારશે, ત્યાં આવે-આવે પ્રકારે મારા મનોરથ પૂર્ણ થશે" એવો નિશ્ચય થાય છે. તેથી અતિશય આનન્દરૂપ અતિવિલક્ષણ રસના અમુક-અમુક ભાવો તે ભક્તમાં તે સમયે ઉત્પન્ન થાય છે અને આ ભક્તના ભાવ જોવાથી ભગવાન્ને પણ તે સમયને અનુરૂપ પરમાનન્દરૂપ અમુક ભાવનો અનુભવ થાય છે. "તે રસ છે" શ્રુતિથી આ સર્વ રસ ભગવાન્ના સ્વરૂપાત્મક જ છે. તેથી સ્વરૂપાત્મક રસનો જ તે સદા અનુભવ કરે છે એમ સિદ્ધ થાય છે. "પ્રથમ તારે ઘેર આવીશ" એમ જે ભક્તને આશ્વાસન આપ્યું તે ભક્તને ઘેર પ્રભુ પછી પધારે છે. તે સમયે પૂર્વના સમયનું તે મનન કરે છે અને તે સમયે કહેલા સમયનું અતિક્રમણ કરી અથવા

અતિક્રમણ કર્યા વિના ભગવાન્ પધારે છે, ત્યારે ભગવાન્માં જે રસાત્મક અમુક ભાવો હોય છે તે પ્રથમ કહ્યું તેમ આત્મરૂપ અથવા ભગવદ્રૂપ રસાત્મક ભાવોનો રસરૂપ થઈ તે અનુભવ કરે છે. તેથી પૂર્વે જેમને કહ્યું હોય તે અને આ ભક્તો ભિન્ન છે એવી શંકા કરવી નહિ, કારણ કે "પૂર્વે મને આમ કહ્યું હતું" એમ તે લક્ષમાં રાખે છે ત્યારે જ તેને ઉપર કહ્યું તેમ રસનો અનુભવ થાય છે. જો આ તેના લક્ષમાં ન હોય તો તેને તેવા રસનો અનુભવ જ થાય નહિ. તેથી ભિન્ન-ભિન્ન સમયે તેને ભિન્ન-ભિન્ન પ્રકારના રસનો અનુભવ થાય છે, પરન્તુ સર્વ પ્રકારનો રસ ભગવદ્રૂપ જ છે. તેથી જ્યાં જે જેવો-જેવા પ્રકારનો રસ શાસ્ત્રથી સિદ્ધ થાય ત્યાં તેવો-તેવા પ્રકારનો તે રસ ભગવાન્ જ છે એમ સિદ્ધ થાય છે, કારણ કે જો ભગવાન્ આ સર્વ રસરૂપ નથી એમ માનીએ તો 'સર્વરસ' શ્રુતિમાં 'સર્વ' પદનો બાધ થાય. ભાવી રસ પણ ભગવદ્રૂપ છે. તેનો પણ ભગવાન્ના સ્વરૂપમાં જ સમાવેશ થાય છે તેથી તે પણ નિત્ય જ છે. તેથી ભગવાન્ની ઇચ્છાથી ભાવી અનુભવ પણ નિત્ય જ છે. તેથી અનુભવ ભાવી હોવાથી તે સમયે સમ્ભવે નહિ એવી શંકા કરવી ઉચિત નથી. ભગવાન્ એક જ છે તેથી લીલામાં રહેલી સર્વ સામગ્રી ભગવદ્રસરૂપ હોવાથી નિત્ય જ છે આ સર્વ "તે રસ છે" "સર્વરસ" વિગેરે શ્રુતિઓથી જ સિદ્ધ થાય છે, તેથી તેમાં અલ્પ પણ દોષ નથી.

વળી ભગવાને કુમારીઓને વરદાન કર્યું તે સમયે રમણ સમયની સર્વ રાત્રિઓ દર્શાવી, તે જો આ રાત્રિઓ નિત્ય હોય તો જ સમ્ભવે. ઉપર 'ભાવી' અને 'નિત્ય'નો વિરોધ નથી એમ સિદ્ધ કર્યું. તેથી વ્રતના ફલ તરીકે ભગવાને ભાવિ રમણનું વરદાન કર્યું તે ભાવિ રમણલીલા નિત્ય સમ્ભવે નહિ એવી શંકાનો પણ નિરાસ થાય છે. કારણ કે ભગવાન્ સર્વ રસરૂપ છે તેથી સર્વ ઉપપન્ન છે એમ પ્રથમ કહી ચુક્યા છીએ.

વળી "હે બ્રહ્મ! નન્દે અને મહાભાગ્યવાળા યશોદા, જેમના સ્તનનું ભગવાને પાન કર્યું તેમણે મહોદયવાળું જ શું શ્રેય કર્યું?" એમ નન્દ અને યશોદા ને ભગવાન્ની લીલાના આનન્દનો અનુભવ થયો તેનું શું કારણ? એવો પ્રશ્ન રાજાએ કરેલો છે.

ત્યાં (પોતાની) સ્ત્રી ધરાસહિત બ્રહ્મનો આદેશ કરનાર વસુઓમાં મુખ્ય દ્રોણે તેમને કહ્યું "અમે ભૂતલપર જન્મીએ ત્યારે લોકમાં મહાદેવ વિશ્વેશ્વર હરિમાં અમારી પરમ ભક્તિ થાઓ જેથી તરત દુર્ગતિ દૂર થાય" 'તેમ થાઓ' એમ કહેવાએલા તે જ મહાયશસ્વી દ્રોણ અહીં વ્રજમાં 'નન્દ' એમ પ્રસિદ્ધ થયા અને તે ધરા 'યશોદા' થઈ. હે ભારત! પછી ગોપ અને ગોપીઓ માં દમ્પતી થઈ રહેલા તેઓના પુત્ર થએલા ભગવાન્ જનાર્દનમાં ભક્તિ ઘણી જ થઈ" એવો શ્રીશુકદેવજીએ તેને ઉત્તર આપેલો છે. આ ઉત્તર પણ ભગવાન્ સર્વરૂપ હોવાથી ભાવી અને નિત્યમાં વિરોધ નથી તેથી જ ઉપપન્ન છે. તેથી ભગવાન્ની આ સર્વ લીલા નિત્ય જ છે. તે જ પ્રમાણે શ્રીદેવકી અને વસુદેવ તથા અન્ય સર્વ ભગવાન્ની લીલાના સમ્બન્ધીઓ વિષે જાણવું. તેથી વિસ્તાર કરવાથી વિશેષ શું?

આ પ્રમાણે અતિસ્ફુટ ભ્રમરહિત હજારો શ્રુતિઓ અને ગાઢ વિચારની ચતુરાઈમાં સચિવ જેવા સારા પુરાણોથી મેં મારા ઘણા યત્નથી ગોપીપતિ શ્રીકૃષ્ણચન્દ્રની સ્ફુરી રહેલી

લીલાના નિત્યપણાનો સારી રીતે નિર્ણય કર્યો છે તેથી તે જ અહીં મને ફળીભૂત થાઓ.

આ પ્રમાણે મહાન પ્રબન્ધથી ભગવાન્ની લીલા તથા તે સમ્બન્ધી સર્વ પદાર્થો નિત્ય છે એમ સિદ્ધ કર્યું. પરન્તુ આધુનિક સમયના સર્વ પુરુષો અનિત્ય છે તેથી તેમનો કદાપિ પણ લીલામાં સમાવેશ થવાનો નહિ. તેથી ભગવાન્ની નિત્ય લીલાથી તેમને કાંઈ આશ્વાસન લેવા જેવું નથી એવી શંકા થાય, તે દૂર કરવા અન્ય વિચારનો હવે પ્રારમ્ભ કરીએ છીએ.

50. આધુનિક ભક્તોનું લીલાન્ત:પાતિત્વ :

હવે આ વિચાર કરીએ છીએ કે "સહસ્ર જન્માન્તરમાં તપ ધ્યાન"
( ) વાક્યથી અનેક જન્મમાં જેણે સુકૃતરાશિનો સંચય કર્યો હોય, જે ભગવાન્ના અતિશય અનુગ્રહનું ભાજન હોય, મહત્તમના ચરણની રજથી અભિષિક્ત હોય એવા અમુક પુરુષને, પૂર્વે વર્ણવેલો ન્યાય પ્રમાણે, નિત્યલીલામાં જેનો સમાવેશ હોય એવા ભક્તના ભાવના જેવો ભાવ ઉત્પન્ન થાય, અને એ ભાવના અનુસારે જ તેની અભિલાષાથી ભજન કરે ત્યારે તે લીલામાં તેનો સમાવેશ થાય કે નહિ? અહીં શું યોગ્ય છે?

ન થાય.

એ કેમ?

કારણ કે આણે પણ એવા પ્રકારની લીલાના રસના અનુભવની કામનાથી ભગવાન્નું ભજન કરેલું હોવાથી તેની સાથે પણ એવી લીલા હરિ કરશે એમ તમારે કહેવું જોઈએ. તેથી તેની સાથે કરેલી લીલા જન્ય હોવાથી નિત્ય કહી શકાય નહિ. તેથી આને માટે જ કોઈ સ્થળે પ્રકટ થઈ આને એવા પ્રકારનું સુખ આપી તેનો પોતામાં પ્રવેશ કરાવે છે તેથી તેનો નિત્ય લીલામાં પ્રવેશ નથી.

અહીં અમે કહીએ છીએ કે જેમ ગૌતમીયના મતમાં ઈશ્વર સર્વજ્ઞ હોવાથી તેને સર્વ વિષયનું જ્ઞાન (છે) એમ અવશ્ય કહેવું જોઈએ તેથી, વિષય જન્ય હોવા છતાં તે વિષયનું ઈશ્વરનું જ્ઞાન ધર્મિગ્રાહક પ્રમાણથી નિત્ય જ સિદ્ધ થએલું હોવાથી જન્ય નથી, તેમ પૂર્વે કહેલા પ્રકારથી લીલા પણ નિત્ય જ સિદ્ધ થઈ છે અને તેનો જ એવો ભક્ત વિષયમાત્ર થાય છે એમ અહીં કહેવાનું હોવાથી, તેની વિષયી લીલા અજન્ય રહેવાથી તમારો હેતુ સિદ્ધ થતો નથી. એવો ભક્ત લીલાનો વિષય થાય છે એમાં પ્રમાણ નથી એમ કહેવાય નહિ કારણ કે તે પ્રથમ જ કહેલું છે. કારણ કે બૃહદ્વામનની કથાના સન્દર્ભમાં પોતાની સ્તુતિથી સન્તુષ્ટ થએલા ભગવાને દર્શાવેલા સ્વરૂપના અવલોકનથી ઉત્પન્ન થએલા મનોરથનું શ્રુતિઓએ 'કધદર્પકોટિલાવણ્ય' વિગેરેથી નિરૂપણ કર્યું ત્યારે "દુર્લભ અને દુર્ઘટ જ છે" વિગેરેથી ભગવાને આપેલા વરદાનનું નિરૂપણ કર્યા પછી "વર્ણવેલો સમય પ્રાપ્ત કરી ગોપીઓ થઈ હરિને પામી" એવું બ્રહ્માનું વાક્ય છે; અને આની આગળ "સ્ત્રીઓ અથવા પુરુષો ભર્તૃભાવથી કેશવને હૃદયમાં ધારણ કરી શ્રુતિની ગતિ પામે છે એમાં સંશય નથી" એવો પાઠ

છે. જો કે નગરની બહાર રહેનાર અતિઅધમ કોઈ પુરુષને મહારાજાના અન્ત:પુરમાં પ્રવેશ કરવાની ઇચ્છા થાય તો પણ તેમાં પ્રવેશ થતો નથી અને ઇચ્છાનું જ્ઞાનમાત્ર થાય ત્યારે ઉલટો દણ્ડ થાય છે. તેમ એવા જ જીવને પૂર્વે કહેલી કામના હોય તો પણ તેમાં પ્રવેશ સમ્ભવતો નથી. અને "અયોગ્ય ઇચ્છનાર પુરુષનો પાત જ થાય છે એમાં સંશય નથી" વાક્યથી ઉલટો પાત જ થાય છે, અને તેથી જ ભગવાને શ્રુતિઓને પણ 'દુર્ઘટ' એમ કહ્યું તો પણ "મારું અનુમોદન પામી સારી રીતે સત્ય થવા લાયક છે" એમ કહેલું હોવાથી એવી રીતે ભગવદંગીકારથી જ એમ થાય છે એમ જણાય છે. જો સર્વાત્મભાવથી એવું ભજન કરે તો ભગવાન્ પણ અંગીકાર કરે છે જ. નહિ તો "જે જેમ મારી પ્રપત્તિ કરે છે" એ મર્યાદા ન હોત.

અથવા પૂર્વોક્ત ભક્ત સમ્બન્ધિની લીલા જેમ વર્તમાન જ હોઈ ક્રમથી આવિર્ભાવ પામે છે તે જ પ્રમાણે આધુનિક સમ્બન્ધિની લીલાનું પણ છે તેથી કાંઈ અનુપપત્તિ નથી. તેથી ઋગ્વેદમાં પણ મન્ત્ર છે :

"વિચક્રમે પૃથિવીમેષ એતાં ક્ષેત્રાય વિષ્ણુર્મનુષે દશસ્યન્.
ધ્રુવાસો અસ્ય કીરયો જનાસ ઉરુક્ષિતિં સુજનિમા ચકાર"

(ઋગ્વેદ વિષ્ણુસૂ.મં.10).

આ 'વિષ્ણુક્ષેત્રાય'=નિવાસને માટે, 'મનુષે'=સ્તુતિ કરતા દેવગણને, 'દૃશસ્યત્'=અસુરો પાસેથી લઈને આપતાં(આપતાં) આ સર્વ પૃથિવી ફર્યા ('વિચક્રમે'). અહીં વિષ્ણુમાહાત્મ્ય વર્ણવેલું છે. ત્યાં મહત્તમનું માહાત્મ્ય આજ નથી, પરન્તુ આથી અધિક પણ છે એવા આશયથી 'ધ્રુવાસ:' એમ કહે છે. આના ('અસ્ય'), 'કીરય:'=સ્તુતિ કરનારા, 'જનાસ:'=ભક્તો, 'ધ્રુવાસ:'=નિત્ય જ (છે). સ્તોત્રથી સન્તુષ્ટ થએલા ભગવાને પૂર્વે વર્ણવેલી લીલામાં તેઓનો પાત કર્યો તેથી નિત્યત્વ (છે) એમ જાણવું. નહિતો જીવ સ્વત: જ નિત્ય હોવાથી "આની સ્તુતિ કરનારા નિત્ય છે" એ અનર્થક થાય. અહીં સર્વસમ્પત્તિ હોવાથી, યાત્રા વિગેરે માટે ગમનના અભાવરૂપ ધ્રુવત્વ કાદાચિત્ક છે એમ પણ કહેવાય નહિ, કારણ કે સંકોચમાં પ્રમાણ નથી અને 'ધ્રુવ' પદની એવા અર્થમાં શક્તિ નથી. તેથી અમે કહેલા અર્થમાં જ શ્રુતિનું તાત્પર્ય છે એમ જાણવું. 'સુજનિમા' (અર્થાત્) સારા નામનું અનુકીર્તન-સ્મરણ વિગેરે રૂપ જનિમો જેનાં છે એવા વિષ્ણુએ 'ઉરુક્ષિતિમ્' (અર્થાત્) વિસ્તીર્ણ નિવાસવાળી કરી.

---

50. આધુનિક ભક્તોનું લીલાન્ત: પાતિત્વ

"સહસ્ર જન્માન્તરમાં તપ ધ્યાન" વિગેરે વાક્ય પ્રમાણે અનેક જન્મો સુધી જેણે સત્કાર્યનો સંચય કર્યો હોય, જે ભગવાન્ના અતિશય અનુગ્રહનું પાત્ર હોય, જે મહામહા પુરુષોના ચરણની રજથી અભિષિક્ત હોય, એવા કોઈ પણ આધુનિક પુરુષને "સહસ્ર જન્માન્તરમાં તપધ્યાન" વિગેરે વાક્ય પ્રથમ કહ્યું તે પ્રમાણે નિત્યલીલામાં જે ભક્તોનો સમાવેશ છે તેઓના જેવો ભાવ ઉત્પન્ન થાય ત્યારે, તે એ ભાવને અનુસરી નિત્યલીલામાં

સમાવેશ પામવાની દૃઢ અભિલાષા રાખે, અને તે માટે ભજન કરે ત્યારે તેનો નિત્યલીલામાં સમાવેશ થાય છે કે તેનો નિત્યલીલામાં સમાવેશ થાય જ નહિ!! એ વિચાર અહીં કરીએ છીએ. તેનો નિત્યલીલામાં સમાવેશ થાય કે ન થાય એ પક્ષમાંથી કયો પક્ષ યોગ્ય છે?

પૂર્વપક્ષી:આધુનિક ભક્તનો નિત્યલીલામાં કદાપિ સમાવેશ થાય જ નહિ, કારણ કે નિત્યલીલાના રસનો અનુભવ કરવાની ઇચ્છાથી આધુનિક ભક્ત ભગવાન્નું ભજન વિગેરે સાધનો કરે ત્યારે ભગવાન્ તેના પર પ્રસન્ન થાય અને પછી તેની સાથે નિત્યલીલા કરે એમ તો તમારે કહેવું જ પડશે. આમ હોવાથી ભજન વિગેરે સાધનો પછી ભગવાને ભક્ત સાથે કરેલી લીલા નિત્ય છે એમ કેમ કહી શકાય? એ લીલા જન્ય હોવાથી અનિત્ય જ છે એમ અવશ્ય કહેવું જ જોઈએ. તેથી આધુનિક ભક્ત ભજન વિગેરે કરે ત્યારે ભગવાન્ તેને માટે કોઈ સ્થલે પ્રકટ થઈ તેને લીલાના સુખનો અનુભવ કરાવી પોતાની અંદર તેનો પ્રવેશ કરાવે છે એમ જ માનવું જોઈએ; પરન્તુ નિત્યલીલામાં તેનો પ્રવેશ થાય છે એમ કહી શકાય નહિ.

સિદ્ધાન્તી:ગૌતમીય મતવાળા ભગવાન્નાં જ્ઞાનને નિત્ય માને છે પરન્તુ તેમના મતમાં ઘણા પદાર્થો અનિત્ય જ છે. ઘણા પદાર્થો અનિત્ય હોવા છતાં ભગવાન્નું તે પદાર્થોનું જ્ઞાન પણ નિત્ય જ છે એમ તેઓ માને છે. અનિત્ય પદાર્થોનું પણ ભગવાન્નું જ્ઞાન તેઓ નિત્ય જ માને છે કારણ કે ધર્મીનું ગ્રહણ કરાવનાર પ્રમાણથી તે નિત્ય જ સિદ્ધ થાય છે. તે જ પ્રમાણે ભગવાન્ની લીલા પણ નિત્ય છે એમ પ્રથમ સ્મૃતિ, શ્રુતિ, પુરાણો વિગેરેથી સિદ્ધ કરેલું છે. આધુનિક ભક્ત સાથે ભગવાન્ ગમે તે સમયે લીલા કરે પરન્તુ ભગવાન્ની લીલા નિત્ય જ છે એમ સિદ્ધ થાય છે. જેમ ગૌતમીય મતમાં પદાર્થ ગમે ત્યારે ઉત્પન્ન થાય પરન્તુ તેથી તે પદાર્થનું ભગવાન્નું જ્ઞાન અનિત્ય થતું નથી પણ નિત્ય જ રહે છે, તે જ પ્રમાણે આધુનિક ભક્તનો લીલામાં ગમે તે સમયે પ્રવેશ થાય પરન્તુ તેથી ભગવાન્ની લીલા અનિત્ય થતી નથી પણ નિત્ય જ રહે છે. આ પ્રમાણે ભગવાન્ની લીલા ભગવાન્ના જ્ઞાન પેઠે અજન્ય અથવા નિત્ય જ રહે છે. તેથી તમારો હેતુ સિદ્ધ થતો નથી.

આધુનિક ભક્તોનો ભગવાન્ની નિત્ય લીલામાં પ્રવેશ થાય એ માટે કાંઈ પ્રમાણ નથી એમ પણ કહી શકાય નહિ, કારણ કે ભક્તોનો ભગવાન્ની નિત્યલીલામાં પ્રવેશ થાય છે એ વિષે અમે પ્રથમ પ્રમાણ આપી ચુક્યા છીએ. બૃહદ્વામન પુરાણમાંથી કથા લખી તેના સમ્બન્ધનો વિચાર કરતાં પ્રથમ શ્રુતિઓ ભગવાન્ને તેમની નિત્યલીલાના સ્વરૂપનું દર્શન કરાવવા સ્તુતિ કરે છે. શ્રુતિઓની સ્તુતિથી સન્તુષ્ટ થઈ ભગવાન્ તેમને સ્વકીય પ્રાર્થિત સ્વરૂપનું દર્શન કરાવે છે. પછી ‘કધદર્પકોટિલાવણ્ય’ વિગેરેથી શ્રુતિઓ ભગવાન્ના દર્શનથી તેમના મનમાં જે મનોરથ ઉત્પન્ન થયા તેમનું નિરૂપણ કરે છે. પછી "તમારો મનોરથ દુર્લભ અને દુર્ઘટ” વિગેરેથી ભગવાન્ શ્રુતિઓને જે વરદાન કરે તે કહેલું છે. ત્યાર પછી બ્રહ્માનું "વર્ણવેલો સમય પ્રાપ્ત કરી, ગોપીઓ થઈ હરિને પામી” એવું વાક્ય છે. ત્યાર પછી સ્ત્રીઓ અથવા પુરુષો ભર્તૃભાવથી કેશવને હૃદયમાં ધારણ કરી શ્રુતિની ગતિ પામે છે એમાં સંશય નથી” એ વાક્ય છે. તેથી આધુનિક સ્ત્રી અને પુરુષો ને પણ ભર્તૃભાવથી ભગવાન્નું ભજન

કરવાથી શ્રુતિની ગતિ પ્રાપ્ત થાય છે અથવા તેમનો પણ નિત્યલીલામાં પ્રવેશશ થાય છે એમાં કાંઈ પણ સંશય નથી. જો કે નગર બહાર રહેનાર કોઈ અધમ પુરુષ કોઈ મહારાજાના અન્ત:પુરમાં પ્રવેશ કરવાની ઇચ્છા કરે, તેથી કાંઈ તેનો અન્ત:પુરમાં પ્રવેશ થતો નથી, પરન્તુ તે દણ્ડને જ પાત્ર થાય છે, અને તેની તે ઇચ્છા જ માત્ર જણાય તો પણ તેને દણ્ડ જ થાય છે, તેમજ ભગવાન્નું ભજન ન કરનાર, ભગવાન્ના અનુગ્રહ રહિત જીવ ભગવાન્ની નિત્યલીલામાં પ્રવેશ કરવાની ઇચ્છા કરે તેથી કાંઈ તેનો નિત્યલીલામાં પ્રવેશ થતો નથી, પરન્તુ અયોગ્ય ઇચ્છનાર પુરુષનો નિ:સંશય પાત જ થાય છે. આવા જ હેતુથી ભગવાને શ્રુતિઓને પણ તેમનો મનોરથ 'દુર્ઘટ' જ છે એમ કહ્યું છે. તો પણ "મારું અનુમોદન પામી સારી રીતે સત્ય થવા લાયક છે" એમ પણ ભગવાને કહ્યું છે તેથી ભજન વિગેરેથી સન્તુષ્ટ થઈ ભગવાન્ આધુનિક ભક્તનો અંગીકાર કરે ત્યારે જ તેનો નિત્યલીલા માં પ્રવેશ થાય છે એમ સ્પષ્ટ જણાય છે. જ્યારે આધુનિક ભક્ત પણ એવી રીતે સર્વાત્મભાવથી ભજવાન્નું ભજન કરે છે ત્યારે ભગવાન્ પણ અવશ્ય તેનો અંગીકાર કરે છે જ. જો આ પ્રમાણે ભજન કરનારનો ભગવાન્ અંગીકાર કરતા ન હોય તો "જે જેમ મારી પ્રપત્તિ કરે છે" વિગેરે શ્રીમદ્ભગવદ્ગીતામાં મર્યાદા કહેલી છે તે પણ સમ્ભવે નહિ. આ પ્રમાણે ગૌતમીયના મત પ્રમાણે વિચાર કરીએ તો પણ આધુનિક ભક્તોનો ભગવાન્ની નિત્યલીલામાં પ્રવેશ થાય છે.

માયાવાદીઓના મત પ્રમાણે વિચાર કરીએ તો પણ ભગવાન્ની નિત્યલીલામાં આધુનિક ભક્તોનો સમાવેશ થાય છે. માયાવાદીઓ સ્વાશ્રયમોક્ષવાદી છે. જેમ કોઈ રાજાનો કુંવર બાલ્યાવસ્થામાં ખોવાઈ જાય, તે ભીલ વિગેરે અધમ લોકોને પ્રાપ્ત થાય અને તે લોકો તેને ઉછેરે, ત્યારે આ કુંવરને "હું ભીલ છું" એવું જ જ્ઞાન થાય પરન્તુ "હું રાજકુંવર છું" એવું જ્ઞાન થાય નહિ. પછી સમય જતાં તે શહેરમાં જાય અને તેના બાલ્યાવસ્થાના ચિન્હ જોઈ તે રાજકુંવર જ છે એમ તેને ઓળખી કોઈ તેને "તું રાજકુંવર છે" એમ કહે ત્યારે તેની એવી પ્રતીતિ થાય છે તે જ પ્રમાણે જીવ બ્રહ્મસ્વરૂપ છે પરન્તુ તે પોતાના સત્ય સ્વરૂપને જાણતો નથી. વસ્તુત: જીવ સર્વદા બ્રહ્મસ્વરૂપ છે પરન્તુ તે પોતાના સત્ય સ્વરૂપને જાણતો નથી. પરન્તુ ગુરુ-શાસ્ત્ર વિગેરેથી અન્તે તે પોતાના સત્ય સ્વરૂપને જાણે છે ત્યારે, "હું બ્રહ્મ છું" એવું જ્ઞાન તેને થાય છે. વસ્તુત: તે સદા બ્રહ્મસ્વરૂપ જ હતો, પરન્તુ તેને આવું જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે જ તે પોતાના સત્યસ્વરૂપને જાણે છે અને મોક્ષ પ્રાપ્ત કરે છે તે સર્વદા બ્રહ્મસ્વરૂપ જ હતો તેથી તેનું બ્રહ્મસ્વરૂપ પૂર્વે પણ હતું જ. તે જ બ્રહ્મસ્વરૂપનું જ્ઞાનના પ્રતિબન્ધ દૂર થવાથી હવે તેને ભાન થાય છે એમ માયાવાદીઓ માને છે તે પ્રમાણે વિચાર કરીએ તો પણ આધુનિક ભક્તોનો નિત્યલીલામાં પ્રવેશ સમ્ભવે છે. જેમ પૂર્વસિદ્ધ જ બ્રહ્મસ્વરૂપનું જીવને જ્ઞાનના પ્રતિબન્ધ દૂર થાય ત્યારે ભાન થાય છે. તે જ પ્રમાણે પૂર્વસિદ્ધ જ નિત્યલીલામાં પ્રતિબન્ધ દૂર થાય ત્યારે આધુનિક ભક્તનો પ્રવેશ થાય છે એમ

પણ કહી શકાય. તેથી માયાવાદીઓના મત પ્રમાણે વિચાર કરીએ તો પણ આધુનિક ભક્તોનો નિત્યલીલામાં પ્રવેશ સમ્ભવે છે.

અથવા પૂર્વે શ્રુતિ સ્મૃતિઓ વિગેરેથી ભગવાન્ની લીલા નિત્ય છે એમ સિદ્ધ કર્યું છે. આ ભગવાન્ની લીલા નિત્ય હોવાથી સર્વ લીલા સર્વદા વિદ્યમાન્ છે તો પણ ભગવાન્ની ઇચ્છાથી ક્રમ પ્રમાણે તેનો આવિર્ભાવ થાય છે, તેમજ આધુનિક ભક્તોના સમ્બન્ધવાળી ભગવાન્ની લીલાનો પણ ક્રમથી આવિર્ભાવ થાય છે, અને તે નિત્ય જ છે એમ માનવાથી કાંઈ અનુપપત્તિ રહેતી નથી. તેથી આધુનિક ભક્તોનો પણ નિત્યલીલામાં પ્રવેશ સમ્ભવે છે.

પૂર્વપક્ષી:(પ્રથમ આવિર્ભાવ-તિરોભાવવાદમાં સર્વ નિત્ય છે એમ તમે સિદ્ધ કરેલું છે. સર્વ નિત્ય હોવાથી ભગવાન્ની લીલા અને લીલાના સર્વ પદાર્થો પણ નિત્ય જ છે. ત્યારે ફરીથી તે નિત્ય છે એમ સિદ્ધ કરવાનું શું પ્રયોજન?)

સિદ્ધાન્તી:પ્રથમ સર્વ પદાર્થ નિત્ય છે એમ સિદ્ધ કર્યું છે. પરન્તુ લીલાનું નિત્યપણું આ સર્વ પદાર્થના નિત્યપણાથી ભિન્ન જ પ્રકારનું છે. "વિચક્રમે પૃથિવીમેષ" વિગેરે ઋગ્વેદના મન્ત્રનો પણ આ જ ભાવાર્થ છે. આ મન્ત્રનો અર્થ નીચે પ્રમાણે છે. "એષ વિષ્ણુ:" આ વિષ્ણુ 'મનુષે' તેની સ્તુતિ કરનાર દેવોના સમૂહને 'દશસ્યન્' અસુરો પાસેથી હરણ કરી આપતાં 'એતાં પૃથિવીમ્' આ સર્વ પૃથ્વી 'વિચક્રમે' કર્યા. "ભગવાન્ વિષ્ણુ અસુરો પાસેથી હરણ કરી પોતાની સ્તુતિ કરનાર દેવોને આપતાં આ સર્વ પૃથ્વી કર્યા" એમ અહીં વિષ્ણુના માહાત્મ્યનું નિરૂપણ કરેલું છે. 'અસ્ય' આના 'કીરય:' સ્તુતિ કરનાર 'જનાસ:' ભક્તો 'ધ્રુવાસ:' નિત્ય જ છે એવો અર્થ છે. અહીં વિષ્ણુની સ્તુતિ કરનાર ભક્તો નિત્ય છે એમ કહેલું છે. પોતાના સ્તોત્રથી આ ભક્તોએ ભગવાન્ને સન્તુષ્ટ કર્યા અને ભગવાને તેમના સ્તોત્રથી સન્તુષ્ટ થઈ, પૂર્વે નિત્યલીલાનું નિરૂપણ કર્યું તેમાં, તેમનો પ્રવેશ કરાવ્યો. નિત્યલીલામાં પ્રવેશ થવાથી આ ભક્તો નિત્ય છે એમ કહ્યું છે. નિત્યલીલામાં પ્રવેશ થવાથી આ નિત્યત્વ તેમને પ્રાપ્ત થાય છે. નિત્યલીલામાં પ્રવેશ થવાથી જ તેમને નિત્ય કહ્યા છે એમ ન માનીએ તો "આના ભક્તો નિત્ય છે" એ મન્ત્રનો પાદ નિરર્થક થાય છે કારણ કે જીવ સ્વત: જ નિત્ય છે, ભક્તો પણ જીવ હોવાથી જ નિત્ય છે, તેથી "આના ભક્તો નિત્ય છે" એમ કહેવાનું કાંઈ પણ પ્રયોજન રહેતું નથી. તથાપિ મન્ત્રમાં આ પાદ હોવાથી લીલામાં તેમનો પ્રવેશ થવાથી જ તેમને નિત્ય કહ્યા છે એમ સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી:અહીં નિત્યત્વ કહેલું છે તે સંકોચરહિત નિત્યત્વ નથી. જેમ કોઈ બ્રાહ્મણને ધનવાન્ હોવાથી યાંચામાટે જવાની આવશ્યક્તા ન હોય ત્યારે 'સર્વસમ્પત્તિ-વાળો' છે એમ કહે છે, પરન્તુ તેની પાસે સર્વસમ્પત્તિ હોતી નથી, પણ માત્ર યાંચામાટે જવાની તેને આવશ્યક્તા નથી એવો જ તેનો અર્થ થાય છે. તે જ પ્રમાણે અહીં 'ધ્રુવાસ:' કહેલું છે. તેથી વધારે સમય તેઓ વિષ્ણુની ભક્તિમાં વ્યતીત કરે છે એવો અર્થ થાય છે, પરન્તુ સર્વદા તેઓ ભક્તિ જ કરે છે અથવા તે ભક્તો નિત્ય જ છે એવો તેનો અર્થ નથી.

સિદ્ધાન્તી:એમ કહી શકાય નહિ, કારણ કે આ શબ્દનો અર્થ સંકુચિત કરવામાં કાંઈ પ્રમાણ નથી. આ શબ્દના અર્થમાં સંકોચ કરવામાં કાંઈ પ્રમાણ નથી એટલું જ નહિ પણ 'ધ્રુવ' શબ્દનો અર્થ પણ એવો થતો નથી. 'ધ્રુવ' શબ્દનો વાચ્ય અર્થ 'નિત્ય' જ છે. તેથી અમે જે અર્થ કર્યો છે તેમાં જ શ્રુતિનું તાત્પર્ય છે એમ જાણવું. 'સુજનિમા' જેના નામનું કીર્તન-સ્મરણ વિગેરે સારા છે એવા વિષ્ણુએ પૃથિવી 'ઉરુક્ષિતિમ્' વિસ્તીર્ણ નિવાસવાળી 'ચકાર' કરી.

51. યુક્તિઓ વડે લીલાની નિત્યતાનું પ્રતિપાદન :

વળી લીલાને અનિત્ય કહેનાર વાદીને પૂછવું કે અનિત્યત્વ એટલે ધ્વંસનું પ્રતિયોગિત્વ, તેનો તેં અહીં ક્યાંથી નિશ્ચય કર્યો?

"જન્યભાવને લીધે" એમ જો તે કહે તો તેને કહેવું કે

પૂર્વસિદ્ધ જ લીલાનો ક્રમે આવિર્ભાવ જ થાય છે એમ પૂર્વે વર્ણવેલી સ્વરૂપાસિદ્ધિનું અનુસન્ધાન નથી રહેતું?

"નથી જોતો" એમ જો કહે તો તારા માનેલા ઈશ્વરમાં પણ તેમજ કહે. ધર્મિગ્રાહકપ્રમાણથી તે એવો જ સિદ્ધ થાય છે એ તો સમાન છે

તુલ્ય નથી; કારણ કે અહીં ધર્મિગ્રાહકપ્રમાણથી પણ પ્રાત:કાલની લીલાનું સાયંકાલે અને બાલ્યનું પૌગણ્ડમાં નિરૂપણ થતું નથી.

સત્ય, કારણ કે અહીં પૂર્વલીલાના સત્ત્વ અસત્ત્વની ઉદાસીનતાથી ઉત્તરકાલમાં લીલાનું નિરૂપણ થાય છે, પરન્તુ પૂર્વલીલાના સત્ત્વ અથવા અસત્ત્વ નું નિરૂપણ થતું નથી. આ પ્રમાણે સન્દેહ હોવાથી, તેનું નિવારણ કરી,

"જનનિવાસનો જય થાય છે"

"બહુ નામો છે" બૃહદ્વામનની કથા,

"તે તમારા ધામો"

"તમારા તે ધામો"

"તે વિષ્ણુનું પરમ પદ"

"તે વિદ્વાનો"

"આના (ભક્તો) નિત્ય" વિષ્ણુસૂ.મં.10)

વિગેરે શ્રુતિ સ્મૃતિઓથી ઉપર વર્ણવેલી રીતે લીલાના નિત્યત્વનો નિશ્ચય થવાથી, સર્વના સમાધાનમાટે "ક્રમથી નિરૂપણ છે" એવો નિર્ણય થવાથી કેમ સમાન નથી! નિત્યત્વનું પદે-પદે નિરૂપણ કરવાની જરૂર નથી, કારણ કે એક સ્થળે કરેલો એવો નિર્ણય જ અન્યત્ર જાણી શકાય છે, કેમકે "એક સ્થળે નિર્ણય કરેલો શાસ્ત્રાર્થ અન્યત્ર પણ તેમજ છે" એવો ન્યાય છે, કારણ કે શબ્દાર્થ અનન્યલભ્ય છે.

લીલા કર્મરૂપ હોવાથી અને કર્મ ત્રણ ક્ષણ સ્થાયિ હોવાનો નિયમ હોવાથી તે નિત્ય કહી શકાય નહિ.

હન્ત, એમ જ્ઞાન પણ ત્રણ ક્ષણ સ્થાયિ હોવાનો નિયમ હોવાથી ઈશ્વરજ્ઞાન પણ નિત્ય કહી શકાય નહિ. ધર્મિગ્રાહક પ્રમાણને લીધે, એ તો તુલ્ય જ છે.

---

51. યુક્તિઓ વડે લીલાની નિત્યતાનું પ્રતિપાદન

ભગવાન્ની લીલા અનિત્ય છે એમ કહેનાર વાદી(નૈયાયિક)ને પૂછવું. ધ્વંસનો પ્રતિયોગી હોય તે અનિત્ય છે એમ તમે માનો છો. લીલાને તમે અનિત્ય કહો છો તેથી લીલા પણ ધ્વંસનો પ્રતિયોગી છે અથવા લીલાનો પણ ધ્વંસ સમ્ભવે છે એવો નિશ્ચય તમે કેવી રીતે કરો છો?

પૂર્વપક્ષી:લીલા જન્ય છે તેથી અમે એવો નિશ્ચય કરીએ છીએ. લીલા અનિત્ય છે, કારણ કે તે જન્ય છે. જે-જે જન્ય છે તે-તે અનિત્ય છે, જેમકે ઘટ વિગેરે. તેથી લીલા જન્ય હોવાથી તે અનિત્ય છે એમ અમે કહીએ છીએ.

સિદ્ધાન્તી:અમે પ્રથમ જ કહ્યું છે કે પૂર્વે વિદ્યમાન હતી તેવી જ લીલાનો ક્રમ પ્રમાણે આવિર્ભાવ થાય છે. લીલાના પણ આવી રીતે આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે, ઉત્પત્તિ અને નાશ થતા નથી. તેથી લીલા જન્ય પણ નથી. લીલા જન્ય નહિ હોવાથી, લીલા અનિત્ય સિદ્ધ કરવા તમે જે હેતુ યોજ્યો છે તે સ્વરૂપાસિદ્ધ છે અર્થાત્ તમે યોજેલો હેતુ લીલામાં છે જ નહિ. લીલાને અનિત્ય કહેતાં તમારો હેતુ સ્વરૂપાસિદ્ધ છે એ પણ ભાન તમને નથી રહેતુ?

પૂર્વપક્ષી:અમુક સમયે થતી લીલા પણ પૂર્વસિદ્ધ જ છે એમ તમારાથી કહી શકાય નહિ. તમે અસત્ની સત્તા સ્વીકારતા નથી, અને પ્રપઞ્ચ સત્ય છે એમ સિદ્ધ કરવા કારણમાંથી તે બહાર નીકળે છે અને કારણમાં પુન: તેનો લય થાય છે એમ માનો છો. પ્રપઞ્ચનું કારણમાંથી બહાર નીકળવું એ તેની ઉત્પત્તિ જ છે અને કારણમાં તેનો લય થાય છે તે તેનો નાશ જ છે. તેથી પ્રપઞ્ચની પેઠે લીલાની ઉત્પત્તિ અને નાશ સમ્ભવે છે, તેથી લીલા જન્ય નથી એમ કહેવાય નહિ. તેથી મારા હેતુમાં સ્વરૂપાસિદ્ધિ હેત્વાભાસ પણ નથી. મારો હેતુ સ્વરૂપાસિદ્ધ નહિ હોવાથી તે સ્વરૂપાસિદ્ધ છે એવું ભાન મને કેમ રહે?

સિદ્ધાન્તી:જો તમે લીલાને જન્ય અને અનિત્ય કહેતા હો તો તમારા મત પ્રમાણે ઈશ્વર પણ અનિત્ય થાય છે. તમે ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરવા કાર્યલિંગક અથવા 'કાર્યત્વ' જેમાં હેતુ છે એવું અનુમાન કરો છો. ક્ષિતિ-અંકુર વિગેરે કર્તાએ સર્જેલાં છે, કારણ કે તે કાર્ય છે. જે-જે કાર્ય છે તે કર્તાએ સર્જેલા છે, જેમકે ઘટ વિગેરે એ પ્રમાણે તમે ઈશ્વર સિદ્ધ કરવા અનુમાન કરો છો. જગત્કર્તા તરીકે ઈશ્વર તમે સિદ્ધ કરો છો, પરન્તુ ઈશ્વર જગત્કર્તા હોવાથી અનિત્ય જ હોવો જોઈએ. "ઈશ્વર અનિત્ય છે, કારણ કે તે કર્તા છે. જે-જે કર્તા છે તે અનિત્ય છે, જેમકે ઘટકર્તા કુમ્ભાર" આ પ્રમાણે કર્તા અનિત્ય અથવા ઉત્પત્તિ

વિનાશવાળો અવશ્ય હોવો જોઈએ. તેથી તમારા મત પ્રમાણે ઈશ્વર પણ અનિત્ય જ સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી:પણ ઈશ્વરનું ગ્રહણ કરાવનાર પ્રમાણોથી ઈશ્વર નિત્ય છે એમ જ સિદ્ધ થાય છે. "સર્ગના આરમ્ભમાં બે પરમાણુઓનો સંયોગ ઉત્પન્ન કરનાર કર્મ જન્ય છે, કારણ કે તે ક્રિયા છે, ઘટક્રિયા પેઠે. આ કર્મ જન્ય હોવાથી તેનો કર્તા પણ હોવો જોઈએ. તેથી તે સમયે પણ ઈશ્વર સિદ્ધ થાય છે" આ ઈશ્વરનું ગ્રહણ કરાવનાર અનુમાન છે. અથવા "કાર્યાયોજનધૃત્યાદે: પદાત્ પ્રત્યયત: શ્રુતે:, વાક્યાત્ સઙ્ખ્યાવિશેષાચ્ચ સાધ્યો વિશ્વવિદવ્યય:" ઉદયનાચાર્યે ઈશ્વર સિદ્ધ કરનાર નવ અનુમાન કહેલાં છે તે ઈશ્વરનું ગ્રહણ કરાવનાર અનુમાન છે. અથવા વેદ પણ ઈશ્વરનું ગ્રહણ કરાવનાર પ્રમાણ છે. આ સર્વથી ઈશ્વર નિત્ય જ સિદ્ધ થાય છે તેથી જ ઈશ્વરને નિત્ય કહીએ છીએ.

સિદ્ધાન્તી:ત્યારે લીલા પણ તેનું ગ્રહણ કરાવનાર શ્રુતિ સ્મૃતિ વિગેરે પ્રમાણોથી નિત્ય જ સિદ્ધ થાય છે તેથી ઈશ્વરની પેઠે તેને પણ નિત્ય જ માનવી જોઈએ.

પૂર્વપક્ષી:લીલા ઈશ્વરપેઠે નિત્ય સિદ્ધ થતી નથી કારણ કે લીલાનું ગ્રહણ કરાવનાર પ્રમાણોમાં પણ પ્રાત:કાલની લીલા સાયંકાલે છે અથવા બાલ્યાવસ્થાની લીલા પૌગણ્ડ વિગેરે અવસ્થાઓમાં છે એવું કાંઈ કહેલું નથી.

સિદ્ધાન્તી:સત્ય, એમ કહ્યું નથી; પરન્તુ તેનું કારણ એ છે કે પછીના સમયમાં પૂર્વના સમયની લીલા છે કે નહિ એ બાબતમાં ઉદાસીન રહી માત્ર લીલાનું જ નિરૂપણ કરેલું છે. તેથી પૂર્વના સમયની લીલા તે સમયે છે કે નહિ એ કાંઈ કહેલું નથી. આમ હોવાથી એવો સન્દેહ રહે છે કે પછીના સમયમાં પૂર્વની લીલા છે કે નહિ અથવા લીલા નિત્ય છે કે નહિ. 1."જનનિવાસનો જય થાય છે" 2."બહુ નામો છો" 3.બૃહદ્વામન પુરાણમાંથી કથા 4."તા વાં વાસ્તૂનિ" ઋક્ 5."તે તે ધામાનિ" ઋક્ 6.તદ્વિષ્ણો: પરમં પદમ્" ઋક્ 7.'તદ્વિપ્રાસ:' ઋક્ 8.'ધ્રુવાસોઽસ્ય' ઋક્ એ પ્રમાણોથી આ સન્દેહનું નિવારણ થાય છે અને લીલા નિત્ય જ છે એમ સિદ્ધ થાય છે. સર્વનું સમાધાન કરવા નિત્યલીલાનો ક્રમ પ્રમાણે આવિર્ભાવ થાય છે, તેથી જેમ આવિર્ભાવ થાય છે તેમજ તેનું નિરૂપણ કરેલું છે એવો નિર્ણય થાય છે. તેથી જેમ ઈશ્વર ગ્રહણ કરાવનાર પ્રમાણોથી નિત્ય સિદ્ધ થાય છે તેમજ લીલા પણ નિત્ય સિદ્ધ થાય છે. પદે-પદે લીલા નિત્ય છે એમ શ્રુતિએ નિરૂપણ કરવાની આવશ્યક્તા નથી, કારણ કે "એક જ સ્થળે લીલા નિત્ય છે એવો નિર્ણય થાય તે જ અન્ય સ્થળે પણ શાસ્ત્રાર્થ જ છે" એ ન્યાયથી એક સ્થળે લીલા નિત્ય છે એવો નિર્ણય કરવાથી સર્વત્ર તેનું અનુસન્ધાન રહે છે. શબ્દ અથવા વેદ, સ્મૃતિ અને પુરાણ થી લીલા નિત્ય છે એવો નિર્ણય થાય છે. શબ્દથી અન્ય પ્રમાણ તેનું ગ્રહણ કરી શક્તું નથી. તેથી લીલા નિત્ય છે એ શબ્દાર્થ જ અહીં પ્રમાણ છે. અન્ય પ્રમાણો તેનાથી વિરુદ્ધ હોઈ તેને નિર્બલ પણ કરી શક્તા નથી.

પૂર્વપક્ષી:લીલા ભગવાન્ની અમુક પ્રકારની ક્રિયા અથવા કર્મ જ છે. કર્મ માત્ર ત્રણ ક્ષણ જ રહે એવો નિયમ છે, તેથી માત્ર ત્રણ જ ક્ષણ રહેનારી ભગવાન્ની લીલા નિત્ય છે

એમ કેમ કહી શકાય?

સિદ્ધાન્તી:હન્ત! જ્ઞાન પણ માત્ર ત્રણ જ ક્ષણ રહે એવા નિયમ છે. તેથી ભગવાન્નું જ્ઞાન પણ માત્ર ત્રણ જ ક્ષણ રહી શકે, અને તે પણ અનિત્ય છે એમ સ્વીકારો! ધર્મીનું ગ્રહણ કરાવનાર પ્રમાણથી જ જ્ઞાન:નિત્ય સિદ્ધ થાય છે તેથી તેને નિત્ય માનો છો, તેમ ધર્મીનું ગ્રહણ કરાવનાર પ્રમાણથી જ લીલા પણ નિત્ય સિદ્ધ થાય છે તેથી તેને પણ અવશ્ય નિત્ય માનવી જોઈએ. તેથી જેમ ત્રણ ક્ષણ જ રહી શકે એવા લૌકિક જ્ઞાનથી ઈશ્વરનું જ્ઞાન વિલક્ષણ છે. તે જ પ્રમાણે માત્ર ત્રણ જ ક્ષણ રહી શકે એવી લૌકિક ક્રિયાથી ઈશ્વરની લીલા પણ વિલક્ષણ જ છે. તેથી ભગવાન્ની લીલા નિત્ય માનવાથી લૌકિક કર્મના સ્વરૂપની મર્યાદાનો ભંગ થતો નથી.

52. સર્વને દૃશ્ય ગોકુલ-મથુરાદિ સ્થાનોનો લીલાસમ્બન્ધ :

લીલા સમ્બન્ધી પદાર્થો સર્વને એક જ સમયે અનુભવ થાય તેવા છે કે તેથી ભિન્ન (પ્રકારના)? પ્રથમ પક્ષમાં તેમનું નિત્યત્વ પ્રત્યક્ષથી બાધિત છે; અને ક્વચિત્ શ્રૂયમાણ વૈલક્ષણ્યનો ઉપલમ્ભ હોવાથી પણ એમ કહી શકાય નહિ. દ્વિતીય પક્ષે, આ પણ ઇતર પદાર્થ સમાન હોવાથી અલૌકિક લીલારસમાં નિમગ્ન ભક્તોને આમાં જ અસાધારણ પ્રેમ ઉત્પન્ન ન થાય; અને તેવા ભક્તોને આના દર્શન વિગેરેથી અલૌકિક રસનો અને અમુક આનન્દનો અનુભવ થાય છે તેથી એમ પણ કહી શકાય નહિ એમ ઉભયત: પાશારજ્જુ છે.

ભિન્ન હોવા છતાં અભિન્ન હોવાના ભ્રમથી પ્રેમ વિગેરે ઉત્પન્ન થાય છે, કારણ કે સ્વપ્નમાં જોએલી પ્રમદાના દર્શન વિગેરેથી પારમાર્થિક સ્ખલન વિગેરે થાય છે.

એમ પણ કહેવાય નહિ, કારણ કે એમ એવો આનન્દ ઉપપન્ન થાય તો પણ સ્થળે-સ્થળે પારમાર્થિક વેણુ કિંકિણી વિગેરેનું શ્રવણ, પ્રસિદ્ધ સૌરભવિશેષનો અનુભવ, અને પ્રદીપ વિગેરેનો અનુભવ ઉપપન્ન થાય નહિ; કારણ કે માત્ર અભિમાનથી ઉપર કહેલાનો અનુભવ સમ્ભવે નહિ. નહિ તો જાગરિતને પણ પ્રમદાસ્પર્શ વિગેરેનો અનુભવ થાય. વળી તેવા ભક્તોને ભ્રમ થાય નહિ

આ વિગેરે શંકાનો નિરાસ તો "દિવીવ ચક્ષુરાતતમ્" (ઋગ્વેદ.વિષ્ણુસૂ. 4। એ શ્રુતિના વ્યાખ્યાનથી જ કરેલો છે, એ દિક્.

---

52. સર્વને દૃશ્ય ગોકુલ-મથુરાદિ સ્થાનોનો લીલાસમ્બન્ધ

પૂર્વપક્ષી:શ્રીગોકુલ વૃન્દાવન વિગેરે સ્થળમાં ગુલ્મ, લતા, તરુ, વન વિગેરે પદાર્થોનો સર્વને અનુભવ થાય છે. ભક્તો અને ભક્ત ન હોય તેવા સામાન્ય પુરુષોને પણ આ સર્વનો અનુભવ એક સાથે જ થાય છે. ભગવાન્ની લીલાના આ જ પદાર્થો હશે કે આથી ભિન્ન માત્ર ભક્તો જ અનુભવ કરી શકે તેવા? ભક્ત અને સામાન્ય લોકો સર્વ જેમનો અનુભવ કરે છે તે જ લીલાના પદાર્થ છે એમ કહી શકાય નહિ, કારણ કે તે પદાર્થો અનિત્ય છે. ત્યાં વૃક્ષનું છેદન વિગેરેનો અનુભવ થાય છે પરન્તુ ભગવાન્ની લીલાના પદાર્થો નિત્ય છે. સર્વ લોક જેમનો અનુભવ કરે છે તે પદાર્થોના નિત્યપણાનો પ્રત્યક્ષથી બાધ થાય છે તેથી તે અનિત્ય જ છે અને અનિત્ય હોવાથી તે ભગવાન્ની લીલાના પદાર્થો છે એમ કહી શકાય નહિ. વળી "રત્નબદ્ધોભયતટી" શ્રીયમુનાજીના ઉભય તટ રત્નથી બાંધેલા છે એમ કહેલું છે પરન્તુ સામાન્ય પુરુષોને જે શ્રીયમુનાજીના દર્શન થાય છે તેમના ઉભય તટ શ્રીગોકુલ પાસે રત્નથી બાંધેલા નથી. તેથી પણ સામાન્ય પુરુષો અને સર્વને જે પદાર્થોનો શ્રીગોકુલ વિગેરે સ્થળે અનુભવ થાય છે તે જ પદાર્થો ભગવાન્ની લીલાના પદાર્થો છે એમ કહી શકાય નહિ. ભગવાન્ની લીલાના પદાર્થો આ પદાર્થોથી ભિન્ન છે અને માત્ર ઉત્કટ ભક્તો જ તેમનું દર્શન કરી શકે છે એમ પણ કહેવાય નહિ, કારણ કે સર્વથી દૃશ્ય આ પદાર્થો ભગવાન્ની લીલાના

પદાર્થોથી ભિન્ન હોય તો અલૌકિક લીલાના રસમાં નિમગ્ન થએલા ભક્તોને આ પદાર્થો પર અસાધારણ પ્રેમ થાય નહિ, કારણ કે આ પદાર્થો પણ ભગવાન્ની લીલાના પદાર્થો નહિ હોવાથી અન્ય લૌકિક પદાર્થો જેવા જ છે. તેથી આવા લૌકિક પદાર્થો પર ભક્તોને પ્રેમ થાય છે, વળી આ પદાર્થોનું દર્શન વિગેરે થાય છે ત્યારે ભક્તોને ભગવદ્રસનો અનુભવ થાય છે અને અતિશય આહ્લાદ થાય છે, તેથી આ પદાર્થો ભગવાન્ની લીલાના પદાર્થોથી ભિન્ન છે એમ પણ કહી શકાય નહિ. આ પ્રમાણે ઉભયત: તમને પાશારજ્જુ છે.

વળી આ પદાર્થો ભગવાન્ની લીલાના પદાર્થોથી ભિન્ન છે, પરન્તુ તે ભગવાન્ની લીલાના જ પદાર્થો છે એવો ભક્તોને ભ્રમ થવાથી તે પદાર્થો પર તેમને પ્રેમ થાય છે, જેમ સ્વપ્નમાં પ્રમદાનું દર્શન વિગેરે ભ્રમથી જ થાય છે તો પણ તેથી વીર્યનું સ્ખલન સત્ય થાય છે, તેવી જ રીતે આ પદાર્થો ભગવાન્ની લીલાના જ પદાર્થો છે એવો ભક્તોને ભ્રમ થાય છે તો પણ તેથી તેમને અલૌકિક રસ વિગેરે ઉત્પન્ન થાય છે એમ પણ તમારાથી કહી શકાય નહિ. કદાપિ સામાન્ય પુરુષોને જે વન-વૃક્ષ વિગેરે પદાર્થોનો અનુભવ થાય છે તે લીલાના પદાર્થોથી ભિન્ન હોવા છતાં, લીલાના જ પદાર્થો છે એવો ભક્તોને ભ્રમ થવાથી તે પર પ્રેમ વિગેરે ઉત્પન્ન થાય પરન્તુ ત્યાં ભિન્ન-ભિન્ન સ્થળે તેમને વેણુ અને કિંકિણીનું શ્રવણ, અમુક સુગન્ધ અને પ્રદીપ વિગેરેનો અનુભવ થાય છે તે સમ્ભવે નહિ, કારણ કે અભિમાનથી આ સામાન્ય લોકોને જેનો અનુભવ થાય છે એ પદાર્થોને તેઓ લીલાના પદાર્થ માને, તેથી આ સર્વનો પારમાર્થિક અનુભવ થાય નહિ. કદાપિ એ પ્રમાણે પારમાર્થિક અનુભવ થતો હોય તો સ્વપ્નમાં નહિ પરન્તુ જાગરિત અવસ્થામાં જ, વસ્તુત: પ્રમદા ન હોય ત્યાં પ્રમદાના સ્પર્શ વિગેરેનો અનુભવ થવો જોઈએ. વળી એવા ઉત્કટ ભક્તોને ભ્રમ થાય એ પણ સમ્ભવતું નથી.

સિદ્ધાન્તી:આ સર્વ શંકાનો નિરાસ પ્રથમ "દિવીવ ચક્ષુરાતતમ્" મન્ત્રનો અર્થ કરતાં કરેલો છે. જેમ સ્વર્ગમાં રહેલા પદાર્થો મહાન્ અને ઉદ્ભૂત રૂપવાળા હોવા છતાં માત્ર ત્યાં રહેનાર લોકોને જ તેમનો અનુભવ થાય છે તેમ લીલાના પદાર્થોનો પણ માત્ર લીલામાં જેમનો સમાવેશ હોય તેમને જ અનુભવ થાય છે. તેથી આ શ્રૌત દૃષ્ટાન્તથી લીલાના પદાર્થો સામાન્ય લોકોને જે પદાર્થોનો અનુભવ થાય છે તેમનાથી ભિન્ન જ છે એમ સિદ્ધ થાય છે, તેથી પ્રત્યક્ષના બાધનો અવસર જ નથી વિગેરે "દિવીવ ચક્ષુરાતતમ્" મન્ત્રનો અર્થ કરતાં આ શંકાનો નિરાસ કરેલો છે.

53. પ્રભાસીય લીલા માયિકી, તેનું પ્રમાણબલથી નિરૂપણ :

પ્રભાસીય કથાની સંગતિ કેમ થાય?

કહીએ છીએ. સર્વલીલાયુત ભગવાન્ સદા પ્રકટ છે. તેથી જેમ ધર્મરક્ષા, સદ્રક્ષા, દેવકાર્યકરણ, ભૂભારહરણ વિગેરે ભગવાન્ની લીલા છે તેજ પ્રમાણે આસુરવ્યામોહન પણ

લીલા જ છે, અને મોહન માયાથી જ છે એ નિશ્ચય છે. આમ હોવાથી આસુરમોહન માટે જે લીલા તે માયિકી છે એમ માનવું. તેનું લૌકિક તરીકે અને સત્ય તરીકે જ્ઞાન હોવાથી ભગવાન્માં પણ લૌકિકત્વ જ્ઞાન અસુરોને જ છે, દેવોને નથી; કારણ કે તેઓનેમાટે જ એ કરેલી છે. તેથી જ ભગવાને પણ

"મારો પર ભાવ નહિ જાણનારા નિષ્ફલ આશા, નિષ્ફલ કર્મ અને નિષ્ફલ જ્ઞાનવાળા, બુદ્ધિહીન મોહ કરનારી રાક્ષસી અને આસુરી જ પ્રકૃતિનો આશ્રય કરેલા મૂઢો માનુષી તનુનો આશ્રય કરેલા ભૂતમહેશ્વરની મારી અવજ્ઞા કરે છે. પરન્તુ હે પાર્થ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ ભૂતાદિ અને અવ્યય જાણીને મને અનન્ય મનથી ભજે છે"

(ભગ.ગીતા.9।)

એમ કહેલું છે. 'મને' અને 'અવ્યય' એ બે પદથી, જે પ્રકટ દેખાય છે તેને જ વિકાર રહિત જાણી ભજે છે એમ જણાય છે.વળી ભગવદ્ગીતામાં જ "જેને વેદવિત્ અક્ષર કહે છે, રાગરહિત યતિઓ જેમાં પ્રવેશ કરે છે, જેની ઇચ્છા રાખી બ્રહ્મચર્ય પાળે છે તે પદ તને ટૂંકમાં કહીશ" 8।) એમ ઉપક્રમ કરી, અક્ષર અને પોતાની પ્રાપ્તિના ઉપાયનું નિરૂપણ કરી, પોતાની પ્રાપ્તિમાં વિશેષ કહી, ફરી ભગવાન્

"અવ્યક્તમાંથી સર્વ વ્યક્તિઓ દિવસના આગમ સમયે ઉત્પન્ન થાય છે, અને રાત્રિના આગમ સમયે 'અવ્યક્ત'સંજ્ઞાવાળા તેમાં જ (તેમનો) લય પામે છે, અને દિવસના આગમ સમયે ઉત્પન્ન થાય છે. તે અવ્યક્તથી પર અન્ય વ્યક્ત સનાતન ભાવ જે છે તે સર્વભૂત નાશ પામે ત્યારે નાશ પામતો નથી"

(ભગ.ગીતા.8।)

વિગેરે કહે છે, અને આના અન્તમાં "હે પાર્થ! તે પર પુરુષ તો અનન્ય ભક્તિથી લભ્ય છે" 8।) એમ કહી, "ભૂતો જેની અંદર રહે છે, અને જેનાથી આ સર્વ વ્યાપેલું છે" એમ પરનું લક્ષણ કહેલું છે. અહીં "જે સર્વભૂત નાશ પામે ત્યારે નાશ પામતો નથી" તેનું જ લક્ષણ "ભૂતો જેની અંદર રહે છે" એ પદ કહેલું છે. મૃત્સ્નાભક્ષણ જૃમ્ભ વિગેરે લીલાના નિરૂપણના પ્રસ્તાવમાં અન્ય પક્ષનો નિરાસ કરી ભગવાન્નું દૃશ્ય સ્વરૂપ જ નૈસર્ગિક ધર્મથી આ લક્ષણવાળું છે એમ દશમસ્કધધમાં નિરૂપણ કરેલું છે. વળી ત્યાં જ દામોદરલીલાના પ્રસ્તાવમાં તે જ ઉદર (દામોદરનું) દોરડાઓથી અનવચ્છેદ્ય છે એમ નિરૂપણ કરેલું છે. તેથી તેનું જ બ્રહ્મ તરીકે નિરૂપણ કરેલું છે. ઉદર અબ્રહ્મ હોય તો, દોરડાઓથી અનવચ્છેદ્ય હોવાથી દેશ-કાલથી અપરિચ્છિન્નત્વ એ બ્રહ્મધર્મનું વ્યધિકરણ થઈ જાય, તેથી "જેની અંદર અને બહાર નથી" 13) ઇત્યાદિથી નિરૂપણ ન કરત. તેથી ધર્મિગ્રાહક પ્રમાણથી વિગ્રહ જ બ્રહ્મ છે એમ નિશ્ચય થવાથી, તેથી વિરુદ્ધ મિથ્યા જ ધર્મોનું પ્રદર્શન અસુરના વ્યામોહમાટે છે એમ નિશ્ચય થાય છે; કારણ કે અન્યથાનુપપત્તિ બલિષ્ઠ છે.વળી,

"વિષ્ણુના ગુણો, આકાર, ચિચ્છરીર મોહ ન થાય તે માટે છે. નિર્દોષત્વ એ મુક્તોનું પણ તારતમ્ય કહેવાય છે. આથી વિરુદ્ધ જે છે તે સર્વ મોહમાટે છે એવો નિશ્ચય છે. અજ્ઞાન,

પારવશ્ય, વિધિ, ભેદ, પ્રાકૃતદેહ, દેહત્યાગ વિગેરે અસુરોના મોહમાટે છે, કારણ કે વિષ્ણુને કોઈ સમયે દોષ નથી”
(બ્રહ્માણ્ડપુરા.)

એમ બ્રહ્માણ્ડપુરાણમાં છે. વળી પદ્મપુરાણમાં પાષણ્ડ પ્રવર્તાવવા વૃષભ-ધ્વજને આજ્ઞા કરતાં ભગવાને "હે શમ્ભો! એ પ્રમાણે તારી આરાધના કરી સદા વર ગ્રહણ કરીશ” એમ કહેલું છે, કારણ કે અન્યની આરાધના જીવનો ધર્મ હોવાથી ભગવાન્માં સમ્ભવે નહિ, જેમ તે મિથ્યા ધર્મનું પોતામાં પ્રદર્શન લોકના વ્યામોહમાટે કરાવ્યું, તેમ તેનું (પ્રભાસીયલીલાનું) પણ કરાવ્યું એમ માનવું.

---

53. પ્રભાસીય લીલા માયિકી, તેનું પ્રમાણબલથી નિરૂપણ

પૂર્વપક્ષી:ભગવાન્ની લીલા નિત્ય છે એમ માનીએ તો પ્રભાસમાં ભગવાને જે લીલા કરી તેની સંગતિ થતી નથી, કારણ કે પ્રભાસક્ષેત્રમાં સર્વ યાદવોનો શાપને લીધે નાશ થએલો છે. ભગવાન્ની લીલા અને તેના સર્વ પદાર્થો નિત્ય જ હોય તો અહીં યાદવોનો નાશ વિગેરે કેમ સમ્ભવે?

સિદ્ધાન્તી:સર્વ લીલા સહિત ભગવાન્ સદા પ્રકટ છે. તેથી ધર્મરક્ષા, સત્પુરુષોની રક્ષા, દેવોનું કાર્ય કરવું તે, ભૂમિના ભારનું હરણ વિગેરે જેમ ભગવાન્ની લીલા છે તેમજ અસુરોનો વ્યામોહ પણ ભગવાન્ની લીલા જ છે. ભગવાન્ અસુરોને મોહ પમાડે છે તે આસુરવ્યામોહ લીલા છે. ભગવાન્ માયાથી જ આ લીલા કરો છે એવો નિશ્ચય થાય છે. આમ હોવાથી અસુરોને મોહ પમાડવા ભગવાન્ જે લીલા કરે છે તે લીલા માયિકી જ છે એમ માનવું. આ ભગવાન્ની લીલા માયિક હોવા છતાં અસુરો તેને લૌકિક અને સત્ય માને છે, તેથી ભગવાન્ને પણ તેઓ લૌકિક પુરુષ જ માને છે. અસુરો જ ભગવાન્ને લૌકિક પુરુષ માને છે પરન્તુ દેવો તેમને લૌકિક પુરુષ માનતા નથી, કારણ કે દેવોને માટે જ ભગવાન્ આ લીલા પણ કરે છે. તેથી જ ભગવાન્ પણ શ્રીમદ્ભગવદ્ગીતામાં "મારો પરભાવ નહિ જાણનારા” વિગેરેથી દૈવી પ્રકૃતિવાળા અને આસુરી પ્રકૃતિવાળાઓનું આ જ પ્રમાણે નિરૂપણ કરે છે ત્યાં ભગવાને ‘મને’ અને ‘અવ્યય’ પદ યોજેલાં છે. તેથી ભગવાન્નું જે પ્રકટ સ્વરૂપ દેખાય છે તે જ વિકારરહિત છે એમ જાણી તે જ સ્વરૂપનું દૈવી પ્રકૃતિવાળા ભજન કરે છે એમ કહેલું છે. વળી શ્રીમદ્ભગવદ્ગીતામાં જ "જેને વેદવિત્ ‘અક્ષર’ કહે છે, રાગરહિત યતિઓ જેમાં પ્રવેશ કરે છે જેની ઇચ્છા રાખી બ્રહ્મચર્ય પાળે છે તે પદ તેને ટૂંકમાં કહીશ” એમ આરમ્ભમાં ભગવાન્ પ્રથમ પોતાના અક્ષરપદનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરે છે. પછી ભગવાન્ અક્ષરપદનું નિરૂપણ કરી, અક્ષરપદ પ્રાપ્ત કરવાના સાધનોનો ઉપદેશ કરે છે. પછી અક્ષરપદની પ્રાપ્તિ અને પોતાની પ્રાપ્તિમાં વિશેષ શું છે તે જણાવે છે. આ સર્વનો ઉપદેશ કર્યા પછી "અવ્યક્તથી પર અન્ય વ્યક્ત સનાતન ભાવ જે છે તે સર્વ ભૂત નાશ પામે ત્યારે નાશ પામતો નથી” એમ કહે છે. પછી તે પરપુરુષ માત્ર અનન્ય ભક્તિથી જ પ્રાપ્ત થાય છે

એવો ઉપદેશ કરી "ભૂતો જેની અંદર રહે છે અને જેનાથી આ સર્વ વ્યાપેલું છે" એમ પરનું લક્ષણ કહે છે "જે સર્વ ભૂતો નાશ પામે ત્યારે નાશ પામતો નથી" એમ પ્રથમ જેના વિષે કહેલું છે તેનું જ અહીં "ભૂતો જેની અંદર રહે છે" એમ લક્ષણ આપેલું છે. ભગવાન્નું જે દૃશ્ય સ્વરૂપ છે તે સ્વરૂપમાં જ આ સર્વ લક્ષણ છે એમ મૃત્સ્નાભક્ષણ, જૃમ્ભ વિગેરે લીલાઓનું નિરૂપણ કરતાં આરમ્ભમાં જ કહેલું છે. તેથી કૃષ્ણચન્દ્રનું દૃશ્ય સ્વરૂપ જ શ્રીમદ્ભગવદ્ગીતામાં વર્ણવેલો અક્ષરથી પર ભાવ છે. વળી શ્રીમદ્ભાગવતના દશમ સ્કધધમાં દામોદરલીલાની પ્રસ્તાવનામાં શ્રીકૃષ્ણચન્દ્રનું જ ઉદર દોરડાઓથી અનવચ્છેદ્ય છે અર્થાત્ દોરડાથી શ્રીકૃષ્ણચન્દ્રના ઉદરનો અવચ્છેદ થતો નથી, ભગવાન્નું ઉદર દોરડાઓથી માપી શકાતું નહિ એમ નિરૂપણ કરેલું છે. તેથી તે ઉદર બ્રહ્મ જ છે એવો અર્થ સ્પષ્ટ થાય છે. ઉદરનો દોરડાઓથી અવચ્છેદ થયો નહિ. અર્થાત્ દેશ અને કાલ થી ઉદરનો પરિચ્છેદ થયો નહિ. દેશ અને કાલ થી અપરિચ્છિન્ન હોવું એ બ્રહ્મનું જ લક્ષણ છે. આ લક્ષણ શ્રીકૃષ્ણચન્દ્રના ઉદરમાં છે એમ "જેની અંદર અને બહાર નથી" વિગેરેથી નિરૂપણ કરેલું છે; તેથી ભગવાન્નું ઉદર બ્રહ્મ જ છે. જો ઉદર બ્રહ્મ ન હોય તો બ્રહ્મના "દેશ અને કાલ થી અપરિચ્છિન્ન" એ અસાધારણ ધર્મનું તેમાં નિરૂપણ કરત નહિ, કારણ કે બ્રહ્મ નથી એવા ઉદરમાં દેશ અને કાલ થી અપરિચ્છિન્નત્વ એ બ્રહ્મધર્મનું નિરૂપણ કરવાથી વ્યધિકરણ થાય. તેથી ઉદર પણ બ્રહ્મ જ છે. આ પ્રમાણે ધર્મિ બ્રહ્મનું ગ્રહણ કરાવનાર પ્રમાણ શાસ્ત્રથી ભગવાન્નો વિગ્રહ જ બ્રહ્મ છે એમ સિદ્ધ થાય છે. વિગ્રહ જ બ્રહ્મ હોવાથી લૌકિક મનુષ્યનું શરીર વિગેરે ધર્મ તેમાં નથી. આ ધર્મ ભગવાન્ના વિગ્રહમાં નથી અને તે જ ધર્મો અસુરોને ભગવાન્ દર્શાવે છે, તેથી એ ધર્મો તેમને મોહ પમાડવા જ દર્શાવે છે એમ નિશ્ચય થાય છે, કારણ કે આ પ્રમાણે માન્યા વિના અન્ય ગતિ નથી. અન્યથાનુપપત્તિ સર્વથી બલવતી છે. વળી બ્રહ્મપુરાણમાં પણ "વિષ્ણુના ગુણો, આકાર, ચિચ્છરીર મોહ ન થાય તે માટે છે ... અજ્ઞાન, પારવશ્ય, વિધિ, ભેદ, પ્રાકૃતદેહ, દેહત્યાગ વિગેરે અસુરોના મોહમાટે છે, કારણ કે વિષ્ણુને કોઈ સમયે દોષ નથી" એમ સ્પષ્ટ કહેલું છે. વળી પદ્મપુરાણમાં ભગવાન્ વૃષભધ્વજને પાષણ્ડ મત પ્રવર્તાવવા આજ્ઞા કરે છે ત્યાં પણ "હે શમ્ભો! એ પ્રમાણે તારી આરાધના કરી સદા વર ગ્રહણ કરીશ" એમ ભગવાન્ કહે છે. આરાધન જીવનો ધર્મ છે, ભગવાન્નો ધર્મ નથી. તેથી ભગવાન્માં આરાધન સમ્ભવતું નથી. આમ હોવા છતાં, ભગવાન્માં આરાધન નથી તો પણ, પોતામાં આરાધન છે. અર્થાત્ પોતે પણ અન્યનું આરાધન કરે છે એમ ભગવાન્ અસુરોને દર્શાવે છે. અહીં જેમ પોતામાં જે ધર્મ નથી તે ધર્મ પોતામાં છે એવું ભગવાન્ અસુરોને મોહ ઉત્પન્ન કરવા દર્શાવે છે તે જ પ્રમાણે પ્રભાસીય લીલા પણ અસુરોને મોહ ઉત્પન્ન કરવા જ ભગવાન્ દર્શાવે છે એમ માનવું.

---

54. પ્રભાસીય લીલા માયિકી તેનું યુક્તિબલથી નિરૂપણ :

(54)વળી જેમ ઇન્દ્રજાલવિદ્યામાં નટ સ્વર્ગમાં જાય છે, ત્યાં યુદ્ધ કરે છે, તેમાં તે મરણ પામે છે, મરણ પામી તેનો અહીં પાત થાય છે, અને તેની સ્ત્રી સહગમન કરે છે વિગેરે જેનો પૂર્વે અનુભવ થાય છે, તે પછીના સમયના પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ તેના આગમનથી માયિક હતું એમ નિશ્ચય થાય છે, તેમ "જનનિવાસનો જય થાઓ" (ભાગ.પુરા.10।।) વિગેરે વર્ણવેલી શ્રુતિ-સ્મૃતિઓથી પૂર્વ-પૂર્વ લીલા નિત્ય સિદ્ધ થાય છે તેથી અગતિથી જ આ લીલા માત્ર પ્રદર્શનમાટે જ છે એમ નિશ્ચય કરવો. આના અનુરોધથી પૂર્વલીલા જ એવી (માયિક) છે એમ કહી શકાય નહિ, કારણ કે તે કહેલાં પ્રમાણોથી નિત્ય જ સિદ્ધ થાય છે. ઉક્ત દૃષ્ટાન્ત ન્યાયથી પ્રથમ એમ સિદ્ધ થઈ તેનો પછી બાધ થાય છે એમ કહેવાય નહિ, કારણ કે ત્યાં લૌકિક પ્રમાણ હોવાથી દોષનો પણ સમ્ભવ જ છે, પરન્તુ પ્રકૃતમાં દોષનો સમ્ભવ નથી. અહીં પૂર્વે વર્ણવેલા ન્યાયથી લીલાઓમાં અન્યોન્ય બાધ્ય-બાધક ભાવ ન હોવાથી એમ કહેવાનો અવસર નથી, તેથી વિસ્તારથી શું?

54. પ્રભાસીય લીલા માયિકી તેનું યુક્તિબલથી નિરૂપણ

વળી લોકમાં પણ ઇન્દ્રજાલ વિદ્યાથી નટ સ્વર્ગમાં જાય છે, ત્યાં યુદ્ધ થાય છે, તેમાં તે મરણ પામે છે, મરણ પામી તે પૃથ્વીપર પડે છે, અને તેની સ્ત્રી તેની સાથે બળી સતી થાય છે એવો પ્રથમ અનુભવ થાય છે. પરન્તુ ત્યાર પછી નટ પાછો આવે છે તે પ્રત્યક્ષથી સિદ્ધ થાય છે ત્યારે પૂર્વે જેનો અનુભવ થયો હતો તે સર્વ માયિક જ હતું એવો આપણો નિશ્ચય થાય છે. તે જ પ્રમાણે લીલાનો વિચાર કરીએ તો પણ "જનનિવાસનો જય થાઓ" વિગેરે પ્રમાણોથી પૂર્વની લીલા નિત્ય જ સિદ્ધ થાય છે તેથી અન્ય કાંઈ ગતિ નહિ હોવાથી જ આ પ્રભાસીય લીલા માત્ર અસુરોને દર્શાવવા જ છે એવો નિશ્ચય થાય છે. પ્રભાસીય લીલાને સત્ય માની તે સત્ય હોવાથી પૂર્વની લીલા જ માયિક છે એમ કહી શકાય નહિ, કારણ કે "જનનિવાસનો જય થાઓ" વિગેરે સ્મૃતિ શ્રુતિઓથી પૂર્વની લીલાઓ નિત્ય જ છે એમ સિદ્ધ થાય છે. વળી નટના લૌકિક દૃષ્ટાન્ત પ્રમાણે પૂર્વની લીલા નિત્ય હોય એવો અનુભવ પ્રથમ થાય છે, પરન્તુ પછી પ્રભાસીય લીલાથી એ અનુભવનો બાધ થાય છે એમ પણ કહેવાય નહિ, કારણ કે નટના દૃષ્ટાન્તમાં નટનું સ્વર્ગગમન વિગેરેનો અનુભવ કરનાર ચક્ષુ: લૌકિક પ્રમાણ હોવાથી તેમાં દોષ પણ સમ્ભવે છે પરન્તુ "જનનિવાસનો જય થાઓ" વિગેરે સ્મૃતિ અને શ્રુતિઓ લૌકિક પ્રમાણ નહિ હોવાથી અર્થાત્ અલૌકિક પ્રમાણ હોવાથી તેમાં દોષ સમ્ભવતો પણ નથી. વળી નટના દૃષ્ટાન્તમાં નટનું મરણ, તેની સ્ત્રીનું સહગમન વિગેરે અનુભવ થાય છે. ત્યાર પછી નટના આગમનનો અનુભવ થાય છે. આ અનુભવો પરસ્પર વિરુદ્ધ છે, એક બીજાના બાધક છે. પરન્તુ ભગવાન્ની લીલાઓ એકબીજાની બાધક નથી.

લીલાઓમાં પરસ્પર બાધ્યબાધકભાવ નથી તેથી પૂર્વની નિત્ય લીલાઓ માયિક છે એમ કહી શકાય નહિ. તેથી વિસ્તારથી શું?

55. પ્રભાસીયપ્રસંગમાં પ્રયોજાયેલા સન્દિગ્ધ વાક્યોનો તાત્પર્યાર્થ :

આથી, "આ જે મન, વાણી, ચક્ષુઓ, શ્રવણ વિગેરેથી નશ્વર ગૃહ્ય-માણ છે તે માયા મનોમય છે" એ ભગવાન્નું વાક્ય લીલામાં સમાવેશવાળા અન્તરંગ ભક્તને કહેલું હોવાથી કોઈ પણ અર્થ વાસ્તવ છે એમ કહી શકાય નહિ, એ કુત્સિત્ શંકાનો નિરાસ થયો જાણવો; કારણ કે "આ જે" વિગેરેથી અસુરોના વ્યામોહમાટે પ્રદર્શ્યમાન અર્થ જ કહેલા છે. નહિ તો 'ગૃહ્યમાણ' એટલાથી જ સર્વની પ્રાપ્તિ થવાથી 'નશ્વર' એમ ન કહેત. આમ હોવાથી દ્વિજના શાપથી નશ્વર એમ ગૃહ્યમાણ એવા પ્રકારનું છે એવો અર્થ નીકળે છે. તેથી જ
"આ જેનું મન, વાણી અને અન્ય ઇન્દ્રિયોથી પણ ગ્રહણ થાય છે તે હું જ છું. મારાથી અન્ય નથી એમ સહેલાઈથી સમજો"
(ભાગ.પુરા.11।।)

એવું ભગવાન્ હંસનું પણ વચન છે.

---

55. પ્રભાસીયપ્રસંગમાં પ્રયોજાયેલા સન્દિગ્ધ વાક્યોનો તાત્પર્યાર્થ

"આ જે મન, વાણી, ચક્ષુઓ, શ્રવણ વિગેરેથી નશ્વર ગૃહ્યમાણ છે તે માયા- મનોમય છે" વાક્ય ભગવાને લીલાના અન્તરંગ ભક્ત ઉદ્ધવને કહેલું છે તેથી સર્વ પદાર્થ મિથ્યા છે કાંઈ વાસ્તવિક નથી, એવી કુત્સિત શંકાનો પણ પ્રભાસીય લીલા મિથ્યા છે એમ સિદ્ધ કરવાથી નિરાસ થાય છે એમ જાણવું; કારણ કે ભગવાને એ વાક્યમાં 'આ જે' શબ્દોથી ઉપર કહ્યું તે પ્રમાણે અસુરોને મોહ કરવા દર્શાવવામાં આવે તે પદાર્થોનો જ ઉલ્લેખ કરેલો છે. જો ભગવાને અસુરોને મોહ કરવા જે પદાર્થો દર્શાવવામાં આવે છે તે માટે જ આ વાક્ય યોજ્યું ન હોત, પરન્તુ સર્વ પ્રપઞ્ચને માટે યોજ્યું હોત તો 'નશ્વર' શબ્દ યોજત નહિ, કારણ કે 'નશ્વર' શબ્દ વિના જ "મન, વાણી, ચક્ષુઓ, શ્રવણ વિગેરેથી ગૃહ્યમાણ" એમ જ કહેવાથી સર્વ પ્રપઞ્ચનો સમાવેશ થાય છે. પરન્તુ ભગવાન્ 'આ જે' શબ્દોથી અસુરોને મોહ કરવા દર્શાવવામાં આવનાર પદાર્થોનો ઉલ્લેખ કરે છે અને વળી 'નશ્વર' શબ્દ યોજે છે તેથી દ્વિજના શાપથી જે નશ્વર તરીકે ગૃહ્યમાણ છે તે જ માયા-મનોમય છે. પરન્તુ સર્વ પ્રપઞ્ચ માયામનોમય નથી એવો અર્થ થાય છે. તેથી જ "આ જેનું મન, વાણી અને અન્ય ઇન્દ્રિયોથી પણ ગ્રહણ થાય છે તે હું જ છું, મારાથી અન્ય નથી એમ સહેલાઈથી સમજો" એવું ભગવાન્ હંસનું પણ વચન છે.

56. પ્રભાસીયલીલા સંબંધી યાદવો અને નિત્યલીલામધ્યપાતિ યાદવો ભિન્ન :

અહીં વિદ્વાનોએ આ પ્રમાણે સમજવું. આરમ્ભમાં નિગૂઢ આશયવાળા શ્રીશુકદેવે "ભૂભારરાજપૃતના" (ભાગ.પુરા.11।3) એમ ઉપક્રમ કરી, "સંજહ્રે સ્વકુલં વિભુ:" સુધી મોહિકા લીલા સામાન્ય રીતે કહી. અહીં 'અસ્વકુલમ્' એવો નિગૂઢ પદચ્છેદ જાણવો. વાસ્તવી નૈસર્ગિકી લીલા ભૂતલપર પ્રકટ હોવા છતાં એમ કેમ સમ્ભવે? એ શંકાનો નિરાસ કરવા, "સ્વમૂર્તિથી" એ બે શ્લોકથી આગળ ભૂતલપર લીલા પ્રાકટ્યનું પ્રયોજન રહ્યું નથી એમ જણાવવા, લીલા પ્રાકટ્યનું પ્રયોજન સમ્પૂર્ણ થયું એમ પ્રથમ કહી, સર્વથી અદૃશ્યત્વ લક્ષણ-વાળા 'પદમાં ગયા' એમ કહ્યું. લૌકિક ભૂમિનો માત્ર અધિષ્ઠાન તરીકે જ ઉપયોગ હોવાથી અસ્વાભાવિક છે તેથી તેનાથી ભિન્ન પદ એમ જણાવવાને 'પોતાનું' એમ કહ્યું. આગળ "બ્રહ્મણ્ય ઉદાર નિત્ય વૃદ્ધની સેવા કરનાર, શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખનાર વૃષ્ણિઓને શાપ કેમ થયો?" એ રાજાના પ્રશ્નવાક્યના વ્યાજથી, નિત્યલીલામાં સમાવેશવાળા યાદવના સ્વરૂપના નિરૂપણથી શાપ પામેલા યાદવો તેઓથી ભિન્ન છે એમ વ્યાસજીએ જણાવ્યું છે.
"આપ્તકામ (ભગવાન્) સકલ સુન્દર સન્નિવેશવાળું શરીર ધારણ કરતાં, ભૂતલપર સુમંગલ કર્મ આચરતાં, ધામમાં પહોંચી રમણ કરતાં સ્થિતકૃત્યશેષ ઉદાર કીર્તિએ કુલનો સંહાર કરવાની ઇચ્છા કરી"
(ભાગ.પુરા.11।10)

એ ઉત્તરમાં તો ભૂતલપર સ્વરૂપ અને લીલા પ્રકટ કરતાં ભગવાન્, પ્રયોજન સમ્પૂર્ણ થયું એમ જાણી, ધામ (અર્થાત્) સહજ નિત્ય જે લીલાસ્થાન ત્યાં પહોંચી, સ્થિતકૃત્યશેષ અર્થાત્ સ્થિત રહ્યું છે ભાવિ અસુરવ્યામોહરૂપી કૃત્યશેષ (બાકીનું કામ) જેનું એવાએ કુલનો સંહાર કરવાની ઇચ્છા કરી એમ એક શ્લોકમાં શ્રીશુકે કહ્યું છે. તેથી આ કુલ માયિક સમ્ભવે છે, કારણ કે કૃત્યસિદ્ધિ પણ એમ જ થાય છે. 'ભૂતલપર' એમ પૂર્વે કહેલું જ હોવાથી, ધામ તેનાથી ભિન્ન જ કહેવું જોઈએ, તેથી જ અમે "આગળ પણ કાલાત્મા (ભગવાને જ) મુનિઓને આજ્ઞા આપી" એમ કહ્યું છે, પરન્તુ "પૂર્વ લીલા કરનારે" એમ કહ્યું નથી.

શ્રુત્યુક્તવૈપરીત્યેન યન્મોહાય હરિ: સ્વયમ્।
પ્રદર્શયતિ તન્મોહ-ગમનાય ન મદ્વચ:॥

જેઓના મોહનેમાટે હરિ પોતાને શ્રુતિએ કહ્યાથી વિપરીતતાથી દર્શાવે છે તેમનો મોહ દૂર કરવા મારી વાણી નથી.

ક્ષિપામ્યજસ્રમ્ ઇત્યુક્તે: યતસ્તન્મોહનિત્યતા।
અતોઽનંગીકૃતિસ્તેષાં યુક્તા તામસિનાં નૃણામ્॥

કારણ કે "વારંવાર તેમને (આસુરી યોનિમાં) નાખું છું" એમ કહેલું હોવાથી તેઓનો મોહ નિત્ય છે, તેથી તે તામસી લોકોની અંગીકૃતિ નથી.

તત્સંગાદ્ અન્યથાભૂત-હૃદયા: સાત્ત્વિકા અપિ।
મા ભવન્ત્વિત્યયં યત્ન: તેન તુષ્ટોઽસ્તુ મે હરિ:॥

તેઓના સંગથી સાત્ત્વિકો પણ અન્યથા થએલા હૃદયવાળા ન થાય તે માટે આ યત્ન છે, તેથી હરિ મારાપર તુષ્ટ હો.

કાઞ્ચનીકરણે શક્તો મણિર્ધાતુગણસ્ય ય:।
તસ્યાશ્મનાં તથાભાવાકરણેઽપિ ન હિ ક્ષતિ:॥

કારણ કે જે મણિ ધાતુગણને કાઞ્ચન કરવાને શક્તિમાન્ છે તે પથ્થરને તેવા ન કરે તોપણ તેને ક્ષતિ નથી.

---

56. પ્રભાસીયલીલા સંબંધી યાદવો અને નિત્યલીલામધ્યપાતિ યાદવો ભિન્ન

અહીં વિદ્વાનોએ નીચે પ્રમાણે સંગતિ કરવી. પ્રથમ નિગૂઢ આશયવાળા શ્રીશુકદેવજી "ભૂભારરાજપૃતના" થી આરમ્ભી "સઞ્જહ્રે સ્વકુલં વિભુ:" સુધી ત્રણ શ્લોકથી મોહ કરનારી લીલાનું સામાન્ય વર્ણન કરે છે. અહીં "સઞ્જહ્રે સ્વકુલં વિભુ:" નો પદચ્છેદ "સઞ્જહ્રે અસ્વકુલં વિભુ:" એમ કરવો. આ શ્રીશુકદેવનો નિગૂઢ આશય છે. વળી વાસ્તવિક નૈસર્ગિક લીલા ભૂતલપર પ્રકટ થાય છે ત્યારે ભગવાન્ યાદવકુલનો સંહાર કેમ કરે એવી શંકા થાય તે દૂર કરવા "સ્વમૂર્ત્યા" થી આરમ્ભી "સ્વં પદમીશ્વર:" પર્યન્ત બે શ્લોક યોજેલો છે. આગળ હવે ભૂતલપર લીલા કરવાનું પ્રયોજન રહ્યું નથી એમ જણાવવા પ્રથમ લીલાના સર્વ પ્રયોજન સમ્પૂર્ણ થયા છે અને તેથી ભગવાન્ સર્વથી અદૃશ્ય "પોતાના પદમાં ગયા" એમ આ બે શ્લોકથી શ્રીશુકદેવ જણાવે છે. લીલામાં લૌકિક ભૂમિ સ્વાભાવિક નથી પરન્તુ તેનો માત્ર અધિષ્ઠાન તરીકે જ ઉપયોગ થયો હતો. તેવી લૌકિક ભૂમિથી વિલક્ષણ પદમાં ભગવાન્ પધાર્યા એમ જણાવવા 'પોતાના' પદમાં ભગવાન્ પધાર્યા એમ કહ્યું છે. તેથી દ્વારિકામાં જે યાદવો રહ્યા તે સ્વકીય કુલ છે અને પ્રભાસમાં જે યાદવો ગયા તે અસ્વકુલ છે એવો ભાવાર્થ નીકળે છે. વળી આગળ "બ્રહ્મણ્ય, ઉદાર, નિત્ય વૃદ્ધની સેવા કરનાર, શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખનાર વૃષ્ણિઓને શાપ કેમ થયો?" એમ રાજા પ્રશ્ન કરે છે. નિત્યલીલામાં જેઓનો સમાવેશ થએલો છે તે યાદવોના સ્વરૂપનું નિરૂપણ કરી જે યાદવોને શાપ થયો તે આ નિત્યલીલાના યાદવોથી વસ્તુત: ભિન્ન છે એમ આ પ્રશ્નના મિષથી વ્યાસજી જણાવે છે. "આપ્તકામ (ભગવાન્) સકલ સુન્દર સન્નિવેશવાળું શરીર ધારણ કરતાં, ભૂતલપર સુમંગલ કર્મ આચરતાં, ધામમાં પહોંચી રમણ કરતાં સ્થિતકૃત્યશેષ ઉદાર કીર્તિએ કુલનો સંહાર કરવાની ઇચ્છા કરી" એમ આ પ્રશ્નનો શ્રીશુકદેવજી ઉત્તર આપે છે. ભગવાન્ને પોતાનું સ્વરૂપ અને લીલા ભૂતલપર પ્રકટ કરતાં, સ્વરૂપ અને લીલા ભૂતલપર પ્રકટ કરવાનું પ્રયોજન સમ્પૂર્ણ થયું એમ જણાયું ત્યારે પોતાના ધામમાં અર્થાત્ પોતાનું સહજ અને નિત્ય

લીલાસ્થાનમાં જ પહોંચી ભગવાન્ સ્થિતકૃત્યશેષ થયા. 'સ્થિત' અર્થાત્ રહ્યું છે 'કૃત્યશેષ' એટલે બાકીનું કામ જેનું તે સ્થિતકૃત્યશેષ. જેનું અસુરને વ્યામોહ કરવાનું કામ બાકી રહ્યું છે તે સ્થિતકૃત્યશેષ ભગવાન્ પોતાના સહજ નિત્ય લીલાસ્થાનમાં પહોંચ્યા ત્યારે તેમનું માત્ર અસુરોને વ્યામોહ કરવાનું કામ બાકી રહ્યું. એવા સ્થિતકૃત્યશેષ ભગવાને કુલનો સંહાર કરવાની ઇચ્છા કરી. કુલનો સંહાર કરવાની ભગવાને જ્યારે ઇચ્છા કરી ત્યારે ભગવાન્ પોતાના સહજ નિત્યલીલાસ્થાનમાં પહોંચ્યા હતા. તેથી જે કુલનો સંહાર કરવાની ઇચ્છા કરી તે કુલ માયિક જ સિદ્ધ થાય છે કારણ કે માયિક કુલનો જ સંહાર કરવાથી ભગવાન્નું સર્વ કાર્ય સિદ્ધ થાય. આ શ્રીશુકદેવજીના ઉત્તરમાં 'ભૂતલપર' એમ પ્રથમ જ કહેલું છે તેથી 'ધામ' ભૂતલથી ભિન્ન ભગવાન્નું સહજ નિત્યલીલાસ્થાન જ છે. તેથી જ ત્યારપછીના શ્લોકમાં (શ્રીમદ્ભાગવત સ્કધધ 11 અધ્યાય 1 શ્લોક 11) ટીપ્પણીમાં અમે પણ "કાલાત્મા ભગવાને મુનિઓને આજ્ઞા આપી" એમ કહ્યું છે, પરન્તુ પૂર્વે જે લીલાઓ કરતા હતા તે ભગવાને આજ્ઞા આપી એમ કહ્યું નથી.

પૂર્વપક્ષી:(જે કુલનો સંહાર થયો તે યાદવકુલ માયિક છે એવો અર્થ અન્ય લોકોને કેમ જણાતો નથી?)

સિદ્ધાન્તી:શ્રુતિઓ ભગવાન્ના જે સ્વરૂપનું નિરૂપણ કરે છે તેથી વિપરીત સ્વરૂપ ભગવાન્ અસુરોને મોહ ઉત્પન્ન કરવા દર્શાવે છે. તેથી તેઓનો મોહ દૂર કરવા આ મારો ગ્રન્થ નથી, કારણ કે "વારંવાર તેમને (આસુરી યોનિમાં) નાખું છું" એમ ભગવાન્ સ્વત: શ્રીમદ્ભગવદ્ગીતામાં કહે છે. તેથી તેઓનો મોહ નિત્ય જ છે, કારણ કે એ તામસી લોકોનો ભગવાન્ અંગીકાર કરે જ નહિ. તેઓનો અનંગીકાર જ યોગ્ય છે. આવા અનંગીકૃત તામસી લોકોનો મોહ નિત્ય હોવાથી તે મોહ દૂર કરવા આ ગ્રન્થ નથી જ. પરન્તુ તેઓના સંગથી સાત્ત્વિક લોકોના હૃદય પણ દુષ્ટ થાય નહિ, તેઓના સંગથી સાત્ત્વિક લોકો પણ તેઓના જેવા થાય નહિ, એવા હેતુથી આ ગ્રન્થ રચવાનો યત્ન કરેલો છે. તેથી આ યત્નથી મારા પર હરિ પ્રસન્ન હો. આ ગ્રન્થ અસુરોનો મોહ દૂર કરવા સમર્થ નથી તેથી કાંઈ ક્ષતિ નથી કારણ કે સર્વ ધાતુઓને કાઞ્ચન કરવાને મણિ સમર્થ છે, પરન્તુ પથ્થરને કાઞ્ચન કરી શક્તો નથી. સર્વ ધાતુને કાઞ્ચન કરવા સમર્થ મણિ પથ્થરને કાઞ્ચન કરી શકે નહિ તો પણ તેથી કાંઈ ક્ષતિ નથી, તે જ પ્રમાણે સાત્ત્વિકોને સન્માર્ગે પ્રવર્તાવી ભગવદનુગ્રહ પ્રાપ્ત કરવા સમર્થ કરનાર આ ગ્રન્થ અસુરોનો મોહ દૂર ન કરી શકે તો પણ તેથી તેને કાંઈ ક્ષતિ નથી.

57. પ્રપઞ્ચાતીત લીલાની જેમ પ્રપઞ્ચ પણ સર્ગલીલામધ્યપાતિ હોવાથી નિત્ય જ:

લીલા પ્રપઞ્ચાતીત હોવાથી તેનું સત્યત્વ (ભલે) હો, કારણ કે તે પ્રમાણ સિદ્ધ છે. પરન્તુ પ્રપઞ્ચનું તો નહિ, કારણ કે તે પ્રમાણોથી માયિક સિદ્ધ થાય છે.

એમ નહિ, કારણ કે તેનો પણ સર્ગ વિગેરે લીલામાં સમાવેશ છે એમ શ્રીભાગવત વિગેરેમાં નિરૂપણ કરેલું છે. "જગતની અપ્રતીતિ થાય" વિગેરે નિરૂપણથી જ પ્રપઞ્ચના સત્યત્વનું પણ નિરૂપણ કરેલું છે તેથી પુન: લખવાથી શું? આ અર્થનું પિતાએ તત્ત્વસૂત્રભાષ્ય, શ્રીભાગવતવિવરણ વિગેરેમાં નિરૂપણ કરેલું છે તેથી અહીં અધિક લખતા નથી.

વળી મહોપનિષત્માં

"કારણ કે આ જ શૂન્ય છે, આ જ તુચ્છ છે, આ જ અભાવ છે આ જ અવ્યક્ત, અદૃશ્ય, અચિન્ત્ય અને નિર્ગુણ છે" પાઠ છે.

મહાકૌર્મ્યમાં પણ

"પોતે પણ અદૃશ્ય રહી, વિષ્ણુ સુખ (શમ્) ઓછું (ઉનમ્) કરે છે તેથી 'શૂન્ય' એમ કહેવાય છે. તોદન (દુ:ખ) ને લીધે તુચ્છ કહેવાય છે. આ પુરુષોત્તમ કોઈથી ભાવના કરવાને યોગ્ય નથી તેથી તેને 'અભાવ' કહે છે, નાશ્ય (અભક્ષ્ય) હોવાથી 'નાશ' એમ પણ (કહે છે). સર્વ તેને અધીન હોવાથી અન્યમાં તે-તે શબ્દોની અભિધેયતા વ્યવહારમાટે વ્યવહાર કરનારાઓએ ઇચ્છેલી છે" એમ છે.

તેથી બ્રહ્મ ભાવરૂપ હોવાથી, અને પ્રપઞ્ચ ભાવાભાવરૂપ હોવાથી તે બ્રહ્માત્મક કેમ કહી શકાય એ કુત્સિત શંકાનો નિરાસ થયો. જેઓ જગતને અસત્ માને છે તેઓ પણ જગતમાં રહેલી ભગવાન્ની મૂર્તિ તેમનું ભજન વિગેરે સહન કરી શક્તા નથી તેથી જ (એમ માને છે). તેઓ આવા કલિમાં ભગવાન્ની એવી ઇચ્છાથી જ છે એમ કહેલું છે.

---

57. પ્રપઞ્ચાતીત લીલાની જેમ પ્રપઞ્ચ પણ સર્ગલીલામધ્યપાતિ હોવાથી નિત્ય જ

જગતને મિથ્યા માનનાર પુન: શંકા કરે છે.

પૂર્વપક્ષી:ભગવાન્ની લીલા પ્રપઞ્ચાતીત હોવાથી, અને શ્રુતિ-સ્મૃતિ વિગેરે પ્રમાણોથી સિદ્ધ થાય છે તેથી તે સત્ય ભલે હો પરન્તુ પ્રપઞ્ચ સત્ય સિદ્ધ થતો નથી, પણ અસત્ય જ સિદ્ધ થાય છે. ઉદ્ધવજી પ્રતિ ભગવાને પણ "નશ્વર ગૃહ્યમાણ" કહ્યું તેથી પણ પ્રપઞ્ચ અથવા જગત્ અસત્ય સિદ્ધ થાય છે. પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ પ્રમાણોથી જગત્ અસત્ય જ સિદ્ધ થાય છે, તેથી જગત્ અસત્ય અથવા માયિક જ છે.

સિદ્ધાન્તી:એમ નથી, જગત્ પણ સત્ય જ છે. જગતનો ભગવાન્ની સર્ગલીલા માં શ્રીમદ્ભાગવત વિગેરે શાસ્ત્રોમાં સમાવેશ કરેલો છે. ભગવાન્ની લીલા અને લીલાના પદાર્થો ભગવાન્થી ભિન્નાભિન્ન હોવાથી સત્ય જ છે. જગતનો પણ ભગવાન્ની સર્ગલીલામાં સમાવેશ થાય છે તેથી જગત્ પણ ભગવાન્થી ભિન્નાભિન્ન છે. જગત્ અથવા પ્રપઞ્ચ નો ભગવાન્ની

સર્ગ વિગેરે લીલામાં સમાવેશ થાય છે તેથી તે પણ સત્ય જ છે. આ પ્રમાણે પ્રપઞ્ચ બ્રહ્માત્મક છે એમ સિદ્ધ થાય છે, તેથી તેના સર્વ ભાવવિકારની પ્રતીતિનું પણ આવિર્ભાવ અને તિરોભાવથી જ સમર્થન થાય છે. 1.'જાયતે'=ઉત્પન્ન થાય છે, 2.'અસ્તિ'=છે, 3.'વિપરિણમતે'=પરિણામ પામે છે, 4.'વર્ધતે'=વૃદ્ધિ પામે છે, 5.'ક્ષીયતે'=ક્ષય પામે છે અને 6.'નશ્યતિ'=નાશ પામે છે એ છ ભાવવિકાર છે. આ છ વિકારોની જગતમાં પ્રતીતિ થાય છે તેનું પણ આવિર્ભાવ અને તિરોભાવથી જ સમર્થન થાય છે.

1.જાયતે=ઉત્પન્ન થાય છે. આ પ્રતીતિ શુદ્ધ પ્રાદુર્ભાવ અથવા આવિર્ભાવથી થાય છે. જગતનો આવિર્ભાવ થાય ત્યારે તે ઉત્પન્ન થયું એવી આપણને પ્રતીતિ થાય છે. પ્રથમ સત્કાર્યવાદ સિદ્ધ કરનાર યુક્તિઓ કહી તે જ યુક્તિઓથી આ પ્રતીતિનું શુદ્ધ આવિર્ભાવથી જ સમર્થન થાય છે.

2.અસ્તિ=છે. આ પ્રતીતિ પણ પ્રાદુર્ભાવથી જ યોજાએલી છે. આવિર્ભાવથી જ આ પ્રતીતિ પણ છે. જગતનો આવિર્ભાવ હોય ત્યારે જગત્ 'છે' એમ આપણે કહીએ છીએ,

3.વિપરિણમતે=પરિણામ પામે છે. 4.વર્ધતે=વૃદ્ધિ પામે છે. 5.ક્ષીયતે=ક્ષય પામે છે.

પૂર્વરૂપનો તિરોભાવ થાય અને અન્ય રૂપનો આવિર્ભાવ થાય ત્યારે આ પૂર્વરૂપના તિરોભાવ અને અન્ય રૂપના આવિર્ભાવના અવિવેકથી આ ત્રણ પ્રતીતિ થાય છે. વૃદ્ધિ, ક્ષય અને પરિણામ નો વિચાર કરીએ તો તે પૂર્વ રૂપનો તિરોભાવ અને અન્ય રૂપનો આવિર્ભાવ જ છે.

6.'નશ્યતિ'=નાશ પામે છે. આ પ્રતીતિ માત્ર તિરોભાવથી જ થાય છે. પદાર્થનો તિરોભાવ થાય ત્યારે તેનો નાશ થયો એવી પ્રતીતિ થાય છે.

આ પ્રમાણે પ્રપઞ્ચ આવિર્ભાવ અને તિરોભાવથી યુક્ત બ્રહ્મનું સ્વરૂપ જ છે. આવા પ્રપઞ્ચમાં જ્યારે ભગવાન્ હોય તેની પ્રતીતિ કરાવતા નથી અને ન હોય તેની પ્રતીતિ કરાવે છે ત્યારે જીવને ભ્રમ અને સંસાર થાય છે. તેથી સંસાર જ મિથ્યા છે, પરન્તુ જગત્ અથવા પ્રપઞ્ચ સત્ય જ છે.

વળી જગત્ અસત્ય હોય તો તેની પ્રતીતિ થાય નહિ વિગેરે હેતુઓથી જગત્ સત્ય જ છે એમ પ્રથમ પણ નિરૂપણ કરેલું છે. તેથી પુન: લખવાથી શું? તત્ત્વસૂત્રપર અણુભાષ્યમાં અને શ્રીમદ્ભાગવતવિવરણમાં આ અર્થનું શ્રીમદાચાર્યચરણે નિરૂપણ કરેલું છે. તેથી અહીં અધિક લખતા નથી.

પૂર્વપક્ષી:(પ્રપઞ્ચ ભગવાન્થી ભિન્નાભિન્ન ભલે હોય પરન્તુ તે સત્ય છે એમ કહી શકાય નહિ, કારણ કે "સ્વપ્રકાશ આનન્દઘન શૂન્ય થયું" એમ નૃસિંહોત્તરતાપનીયના છઠ્ઠા ખંડમાં કહેલું છે. ગૌડાચાર્યે 'વિશેષશૂન્ય' એવો અર્થ કર્યો છે. તેથી બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ માનવું જોઈએ. બ્રહ્મ નિર્વિશેષ હોવાથી તેને લીલા પણ નથી. વળી આગળ નવમા ખણ્ડમાં "માયા અનુભૂતિથી તમોરૂપ છે" એમ માયાનું સ્વરૂપ કહી જગતને પણ તુચ્છ કહેલું છે તેથી જગત્ સત્ય નથી.)

સિદ્ધાન્તી:એમ નથી. મહોપનિષત્માં પણ "કારણ કે આજ શૂન્ય છે, આજ તુચ્છ છે, આજ અભાવ છે, અવ્યક્ત, અદૃશ્ય, અચિન્ત્ય, અને નિર્ગુણ છે" એવો પાઠ છે પરન્તુ અત્ર 'શૂન્ય', 'તુચ્છ' વિગેરે શબ્દોના અર્થ મહાકૌર્મ્ય પુરાણમાં કહ્યા પ્રમાણે કરવાના છે. મહાકૌર્મ્યમાં પણ "પોતે પર અદૃશ્ય રહી વિષ્ણુ સુખ (શમ્) ઓછું (ઉનમ્) કરે છે તેથી 'શૂન્ય' એમ કહેવાય છે. દુ:ખને (તોદન) લીધે 'તુચ્છ' કહેવાય છે. આ પુરુષોત્તમ કોઈથી ભાવના (ઉત્પત્તિ) કરવાને યોગ્ય નથી તેથી તેને 'અભાવ' કહે છે. નાશ્ય (અભક્ષ્ય) હોવાથી 'નાશ' એમ પણ કહે છે. સર્વ તેને અધીન હોવાથી અન્યમાં તે-તે શબ્દોની અભિધેયતા વ્યવહારમાટે વ્યવહાર કરનારાઓએ ઇચ્છેલી છે" એવો પાઠ છે.

આમ હોવાથી બ્રહ્મ ભાવરૂપ છે અને પ્રપઞ્ચ ભાવાભાવરૂપ છે, તેથી પ્રપઞ્ચ બ્રહ્માત્મક હોઈ શકે નહિ, એવી શંકાનો પણ નિરાસ થાય છે; કારણ કે બ્રહ્મ ઉપર કહ્યું તેમ, અભાવરૂપ પણ છે. તેથી ભાવાભાવરૂપ પ્રપઞ્ચ બ્રહ્માત્મક સમ્ભવે છે. આ સર્વ પ્રમાણથી જ સિદ્ધ થાય છે. જેઓ જગતને અસત્ય માને છે તેઓ જગતમાં રહેલી ભગવાન્ની મૂર્તિ, ભગવાન્નું ભજન વિગેરે સહેન કરી શક્તા નથી તેથી જ જગત્ અસત્ય માને છે. ભગવાન્ની ઇચ્છા જ એવી છે કે કલિયુગમાં આ લોકો ભગવાન્નું ભજન વિગેરેનો બાધ કરે. તેથી જ આ કલિયુગમાં તેઓ જગત્ અસત્ય છે એમ સમજાવી ભજનનો બાધ કરે છે એમ પણ અમે કહેલું જ છે.

58. ઉપસંહાર

તસ્માદ્ અસ્માભિરેવોક્ત-પદ્ધત્યા શ્રુતિસિદ્ધયા।
જ્ઞાત્વા બ્રહ્મસ્વરૂપં તત્પ્રાપ્ત્યૈ તદ્ભજતાખિલા:॥

તેથી અમે જ કહેલી, શ્રુતિસિદ્ધ પદ્ધતિથી બ્રહ્મસ્વરૂપ જાણી તેની પ્રાપ્તિમાટે સર્વે તેનું ભજન કરો.

યેષાં લૌકિકમેવ માનમ્ અધિકં વેદાદિતોઽલૌકિકાત્
તત્પાદાનુગતસ્તદર્થ ઇતિ ચ પ્રચ્છન્નબૌદ્ધાસ્તુ તે।
યેષાં તદ્વિપરીતતૈવ વિદુષાં કેષાંચિદન્તર્ગતા
તેષામેવ મુદેઽસ્તુ મત્કૃતિરિયં ગોપીશસંસેવિનામ્॥

આ અલૌકિક વેદથી જેઓને લૌકિક જ પ્રમાણ અધિક છે તેઓને અનુગત તે અર્થ છે તેથી તે પ્રચ્છન્નબૌદ્ધ જ છે. જે કોઈ વિદ્વાનોને તેથી વિપરીતતા જ અંદર રહેલી છે, ગોપીશની સેવા કરનાર તેઓના જ આનન્દમાટે આ મારી કૃતિ હો.

વરીવર્તિ શ્રદ્ધા શ્રુતિષુ યદિ વા વ્યાસવચને
તદા વિદ્વાંસોઽસ્મદ્વિરચિતમ્ ઇદં મણ્ડનવરમ્॥
યથોક્તં કણ્ઠે વા શુકવદ્ અથવાઽર્થં ચ હૃદયે

મુદા કૃત્વાડડયત્તં ધુનુત રિપુપક્ષાભિધતમ:॥

શ્રુતિમાં અથવા વ્યાસવચનમાં જો શ્રદ્ધા સારી હોય તો વિદ્વાનો મારું રચેલું આ સુન્દર મણ્ડન જેમ કહ્યું છે તેમ શુક પેઠે કણ્ઠમાં અથવા અર્થને હૃદયમાં આનન્દથી ધારણ કરી, રિપુપક્ષ નામનું તમ: દૂર કરો.

યદાગતં હૃદિ શ્રીમદ્રોપીશ-રતિલક્ષણમ્।
શોભાં તનોતિ તદિદં મણ્ડનં શ્રીહરે: પ્રિયમ્॥

જે શ્રીમદ્રોપીશરતિ લક્ષણ(મણ્ડન) હૃદયમાં રહી શોભા વધારે છે તે હરિને પ્રિય મણ્ડન આ છે.

અખણ્ડ-વર-પણ્ડિત-પ્રસૃત-ચણ્ડપાષણ્ડ-વાગ્-
વિખણ્ડન-સુચણ્મિધરણિ-મણ્ડલાખણ્ડલ:॥
નમન્નૃપતિ-મણ્ડલી-મુકુટ-તાણ્ડવૈર્મણ્ડિત:
સપાદ-નખ-મણ્ડલ: પિતુરિહાસ્તુ મે મણ્ડનમ્॥

સર્વ સારા પણ્ડિતોએ પ્રસારેલી ચણ્ડપાષણ્ડની વાણીના ખણ્ડનમાં સુચણ્ડિમારૂપી ધરણીના મણ્ડલનો આખણ્ડલ, નમતા નૃપતિઓના મણ્ડલના મુકુટોના તાણ્ડવથી ભૂષિત, પિતાના પાદનો પ્રસિદ્ધ નખમણ્ડલ અહીં મારું મણ્ડન હો.

પુનરપિ નમામિ ગોપી-પતિ-રતિ-માર્ગ-પ્રવર્તકાચાર્યાન્।
શ્રીવલ્લભાભિધાનાન્ પિતૃચરણાન્ વાડ્-મન:-કાયૈ:॥

શ્રીવલ્લભ નામના ગોપિપતિરતિમાર્ગના પ્રવર્તક આચાર્ય પિતાને પુન: પણ વાણી, મન અને કાયા થી નમુ છું.

એતેનાસ્મત્કુલપતિ: શ્રીગોપીજનવલ્લભ:।
પ્રીતોડસ્ત્વસ્માસુ તેનૈવ પૂર્ણતા કિમિહાપરૈ:॥

આથી અમારા કુલપતિ શ્રીગોપીજનવલ્લભ અમારા પર પ્રસન્ન હો. તેથી જ પૂર્ણતા છે. અન્યથી અહીં શું?

ઇતિ શ્રીમન્નિજકટાક્ષ-પાત-તરણિ-વિઘટિત માયાવાદિ-પ્રભૃતિ-વાદિ-તમ:પુઞ્જ વિકાસિત-શ્રીગોકુલાધીશ-રતિ-સરસિજ-શ્રીમદ્વલ્લભ-દીક્ષિતાત્મજ-
શ્રીગોકુલનાથ-ચરણૈકતાન-શ્રીવિઠ્ઠલવિરચિતં વિદ્વન્મણ્ડનમ્.

58. ઉપસંહાર

તેથી અમે શ્રુતિસિદ્ધ પદ્ધતિથી બ્રહ્મસ્વરૂપ વિગેરેનું નિરૂપણ કરેલું છે. એ અમારી કહેલી પદ્ધતિથી બ્રહ્મસ્વરૂપ વિગેરે જાણી ભગવાન્ની પ્રાપ્તિ થાય એવી ઇચ્છાથી સર્વ ભગવાન્નું ભજન કરો.

આ અલૌકિક વેદ વિગેરે પ્રમાણથી લૌકિક પ્રત્યક્ષ વિગેરે પ્રમાણને કેટલાક અધિક માને છે અને તેથી જગત્ માયિક અસત્ય છે વિગેરે સિદ્ધાન્ત તેમને ઇષ્ટ છે. તેથી તેઓ પ્રચ્છન્ન બૌદ્ધ જ છે. પરન્તુ જે વિદ્વાનોને તેથી વિપરીતતા જ અંદર રહેલી છે, અર્થાત્ લૌકિક પ્રત્યક્ષ વિગેરે પ્રમાણથી અલૌકિક વેદ વિગેરે પ્રમાણો જે વિદ્વાનોને ઇષ્ટ છે, તેઓને માટે જ આ મારી કૃતિ છે.

ગોપીપતિની સેવા કરનાર તેવા વિદ્વાનોને માટે જ આ ગ્રન્થ મેં રચેલો છે. હે વિદ્વાનો, શ્રુતિમાં અથવા વ્યાસજીના વચનમાં જો તમને દૃઢ શ્રદ્ધા હોય તો મેં રચેલું આ સુન્દર મણ્ડન અથવા ભૂષણ જેમ કહ્યું છે તે જ પ્રમાણે શુકની પેઠે કણ્ઠમાં ધારણ કરો અથવા તમારા હૃદયમાં તેના અર્થને ધારણ કરો અને તેનાથી રિપુપક્ષ નામનું તમ: દૂર કરો. જે મણ્ડન હૃદયમાં રહી શ્રીગોપીશરતિરૂપી શોભા વધારે છે તે હરિને પ્રિય મણ્ડન આ છે.

સર્વ સારા પણ્ડિતોએ પ્રસારેલી ચણ્ડપાષણ્ડની વાણીના ખણ્ડનમાં સુચણ્ડિમારૂપી ધરણિના મણ્ડલના આખણ્ડલ, નમતા નૃપતિઓના મણ્ડલના મુકુટોના તાણ્ડવથી ભૂષિત, પિતાના પાદનો પ્રસિદ્ધ નખમણ્ડલ અહીં મારું મણ્ડન હો.

'શ્રીવલ્લભ' નામના ગોપીપતિરતિમાર્ગના અર્થાત્ પુષ્ટિમાર્ગના પ્રવર્તક આચાર્ય પિતાને પુન: પણ વાણી, મન અને કાયાથી નમુ છું. આથી અમારા કુલપતિ શ્રીગોપીજનવલ્લભ અમારા પર પ્રસન્ન હો. તેથી જ પૂર્ણતા છે. અન્યથી અહીં શું?

ઇતિ શ્રીવિઠ્ઠલે રચેલ વિદ્વન્મણ્ડન ની શ્રીપુરુષોત્તમચરણ તથા શ્રીગિરિધરજી વિરચિત 'સુવર્ણસૂત્ર' તથા 'હરિતોષિણી' ટીકાનો ભાવાનુવાદ સમાપ્ત.

ઇતિ શ્રીવિઠ્ઠલે રચેલ વિદ્વન્મણ્ડન ની શ્રીપુરુષોત્તમચરણ તથા શ્રીગિરિધરજી વિરચિત 'સુવર્ણસૂત્ર' તથા 'હરિતોષિણી' ટીકાનો ભાવાનુવાદ સમાપ્ત.